
# સમ્યગ્દર્શન

પ્રવક્તા

**પરમ પૂજ્ય ગુરૂજી મુનિશ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબ**

સર્વમંગલમ્ આશ્રમ, સાગોડિયા



# સમ્યગ્દર્શન

| | | | |
|---|---|---|---|
| શ્રવણના પ્રયોગથી | : | **MP 3 C.D.** દ્વારા | વિભાગ-૧ |
| વાંચનના પ્રયોગથી | : | લખાણ દ્વારા | વિભાગ-૨ |
| નિદિધ્યાસનના પ્રયોગથી | : | પ્રશ્નોત્તર દ્વારા | વિભાગ-૩ |
| પારિભાષિક શબ્દો | : | સંદર્ભ સહ | વિભાગ-૪ |


પ્રવચનકાર

**પૂજ્ય મુનિશ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબ**


અધિષ્ઠાતા

**સર્વમંગલમ્ આશ્રમ-સાગોડિયા**
**સ્થાપના : ૧૯૬૬**

**સર્વમંગલમ્ પરિવાર આશ્રમ-પાટણ**
**સ્થાપના : ૧૯૯૮**

પ્રેરિકા

**સાધ્વી પ્રિયદર્શનાશ્રીજી મહારાજ**


સંકલનકર્તા

**હર્ષવદન શાહ**

**'સમ્યગ્દર્શન'** પ.પૂ. ગુરુજી મુનિશ્રી ભાનુવિજયજી મહારાજનાં પ્રવચનો
**સંકલન કર્તા :** હર્ષવદન શાહ

❖ **પ્રકાશક :**
સત્શ્રુત અભ્યાસ વર્તુળ
સર્વમંગલમ્ આશ્રમ - સાગોડિયા
તા. સરસ્વતી, જિ. પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫
ફોન : (૦૨૭૬૬) ૨૭૭૫૯૪

❖ **પ્રથમ આવૃત્તિ :**
૬ જુલાઇ ૨૦૧૫ સોમવાર (પૂ. ગુરુજીનો ૮૫મો જન્મદિન)
વિ. સં. ૨૦૭૧, પ્ર. અષાઢ વદ-૫

❖ **પ્રત :** ૨૦૦૦

❖ **મૂલ્ય :** ૨૨૫/-

❖ **મુદ્રક :**
હર્ષદભાઇ પી. ખમાર
વિનોદ પ્રિન્ટરી (ઓફસેટ)
'મહાગુજરાત', ત્રણ દરવાજા પાસે, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫
ફોન : (૦૨૭૬૬) ૨૩૦૧૧૧/૧૨, મો. ૯૮૨૫૩ ૯૭૭૭૪/૯૮૯૮૫૭૬૦૧૧

❖ **પ્રાપ્તિ સ્થાન :**

**(૧) સર્વમંગલમ્ આશ્રમ - સાગોડિયા**
તા. સરસ્વતી, જિ. પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫. ફોન : (૦૨૭૬૬) ૨૭૭૫૯૪

**(૨) સર્વમંગલમ્ પરિવાર આશ્રમ - પાટણ**
વેરાઇ ચકલા, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫. ફોન : (૦૨૭૬૬) ૨૨૦૨૩૭

**(૩) જગદીશભાઇ વોરા**
૯૦૧, તપોવન, જે. કે. મહેતા માર્ગ, શાંતાક્રુઝ વેસ્ટ,
મુંબઇ - ૪૦૦૦૫૪. ફોન : ૯૮૨૧૧૩૦૩૦૭

**(૪) હર્ષવદન શાહ**
બી-૩૦૩, પુષ્પવન એપાર્ટમેન્ટ, આઇ.ઓ.સી. પેટ્રોલ પમ્પની બાજુમાં,
ગ્રાન્ડ ભગવતી હોટલ વાળી ગલી, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
મો. ૯૯૨૪૪ ૪૯૯૫૮

# સમર્પણ

સહજ નિર્દોષ હાસ્યથી સભર,
વિશ્વ વત્સલ, જ્ઞાનયોગી, પરમતારક,
કરુણામૂર્તિ જે યોગી પુરુષની
મૈત્રી અને પ્રેમથી સભર
હૃદય ગંગોત્રીમાંથી
સમ્યગ્દર્શનની
જ્ઞાનગંગા વહી
તે પરાર્થરસિક
પરમ પૂજ્ય ગુરુદેવ
મુનિશ્રી ભાનુવિજયજી
મહારાજના પરમ પાવન
કરકમળમાં સાદર સમર્પણ....

**તરલિકા એચ. શાહ**
**હર્ષવદન શાહ**
**સપરિવાર**

# ઋણ સ્વીકાર

(૧) વીતરાગ પરમાત્મા **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ** જે પરમ તારકની અમી દષ્ટિ તથા પવિત્ર છત્રછાયામાં (સર્વમંગલમ્ આશ્રમ-સાગોડિયામાં) આ ગ્રંથરત્ન તૈયાર થયો.

(૨) **પૂ. મુનિશ્રી (ગુરુજી) ભાનુવિજયજી મહારાજ સાહેબ** જેઓની જ્ઞાનગંગા, કૃપાદષ્ટિ તથા અનુજ્ઞાથી આ ગ્રંથરત્નનો પ્રારંભ ને પૂર્ણતારૂપ મંગલકાર્ય થયું.

(૩) **પૂ. સા. પ્રિયદર્શનાશ્રીજી મહારાજ** તથા **સ્વ. સા. ગુણધર્માશ્રીજી મહારાજ** જેઓએ આ ગ્રંથરત્નના સંકલન માટે પ્રેરણા કરી તથા પુરોવચન લખી આપ્યું.

(૪) **પૂ. સા. પ્રિયદર્શનાશ્રીજી મહારાજ** તથા **સા. દિવ્યદર્શિતાશ્રીજી મહારાજે** આ ગ્રંથરત્નને સાંગોપાંગ - પ્રારંભથી માંડી અંત સુધી તૈયાર કરી આપ્યો.

(૫) શ્રી હર્ષવદનભાઇએ પૂ. ગુરુજીના પ્રવચનો ઉપરથી આ ગ્રંથરત્નનું સંકલન કર્યું.

(૬) અનેક રીતે ગ્રંથ પ્રકાશનમાં સહકાર આપનાર
(૧) મધુભાઇ સોની (૨) પ્રદીપભાઇ વોરા (૩) મંજુલભાઇ સોની
(૪) કૌશિકભાઇ દવે (૫) નવીનભાઇ શાહ (૬) રણછોડભાઇ પટેલ
(૭) મુ. ડૉ. મહેન્દ્રભાઇ શાહ (૮) મુ. ડૉ. એસ. ટી. કોટક

(૭) મુદ્રક : હર્ષદભાઇ પી. ખમાર
વિનોદ પ્રિન્ટરી (ઓફસેટ)
'મહાગુજરાત' ત્રણ દરવાજા પાસે, પાટણ (ઉ.ગુ.)

# અનુક્રમણિકા


| | વિષય | પાના નં. | |
|---|---|---|---|
| | સમર્પણ | III | |
| | ઋણ સ્વીકાર | IV | |
| | અનુક્રમણિકા | V | |
| | અંતરની ઊર્મિ | VI | |
| | પ્રાક્કથન | VIII | |
| | પ.પૂ. ગુરુજી ભાનુવિજયજી મહારાજ | X | |
| **પ્રવચન નંબર** | | **વિભાગ-૨ વાંચન પાના નં.** | **વિભાગ-૩ પ્રશ્નોત્તરી પાના નં.** |
| ૧ | અભ્યંતર પરિણામ અવલોકન પર્વ | ૧ | ૨૦૯ |
| ૨ | સમ્યગ્દર્શનનું માહાત્મ્ય | ૨૦ | ૨૧૫ |
| ૩ | સમ્યગ્દષ્ટિની અવસ્થા | ૩૩ | ૨૨૨ |
| ૪ | સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી અંતર પરિવર્તન | ૪૮ | ૨૨૭ |
| ૫ | સમ્યગ્દષ્ટિની ક્રિયા કેવી હોય? | ૬૦ | ૨૩૪ |
| ૬ | સંસારના અનુબંધની જડ | ૭૦ | ૨૩૯ |
| ૭ | પરમાર્થજ્ઞાનનું બીજ | ૮૩ | ૨૪૭ |
| ૮ | સાધકની પૂર્વભૂમિકા | ૯૪ | ૨૫૩ |
| ૯ | ત્રણ શુદ્ધિ | ૧૦૮ | ૨૬૩ |
| ૧૦ | સમ્યગ્દર્શન કોને થાય? | ૧૨૦ | ૨૬૬ |
| ૧૧ | ક્ષયોપશમ લબ્ધિ | ૧૩૫ | ૨૭૩ |
| ૧૨ | વિશુદ્ધિ લબ્ધિ અને દેશના લબ્ધિ | ૧૫૦ | ૨૮૦ |
| ૧૩ | પ્રાયોગ્ય લબ્ધિ - વ્યાખ્યા અને લક્ષણો | ૧૬૬ | ૨૮૮ |
| ૧૪ | સમ્યગ્દર્શન - વ્યાખ્યા અને લક્ષણો | ૧૮૭ | ૨૯૯ |
| | | **વિભાગ-૪ -પાના નં.** | |
| | પારિભાષિક શબ્દો-સંદર્ભ સહ : A-B-C મુજબ | ૩૦૭ | |
| | ચર્ચિત વિષયોની આંકડાલક્ષી યાદી | ૩૨૦ | |
| | પરિશિષ્ટ | ૩૨૧ | |

# અંતરની ઊર્મિ

સમ્યગ્દર્શનની ઘટના એટલે ઘણા પ્રયોગોનો સરવાળો છે એમ ગુરુજી સમજાવે છે. તે પ્રયોગોમાં શ્રવણ-વાંચન-નિદિધ્યાસન મુખ્ય ત્રણ પ્રયોગો છે.

ગુરુજીની વિરાટ પ્રતિભા અને તેમણે બતાવેલા આ સમ્યગ્દર્શનના પ્રયોગો વિશે હું શું લખી શકું? મારે તો શબ્દોના ફાંફાં અને જ્ઞાનના યે ફાંફાં.

ગીતાંજલિની છ હજાર રચનાઓ બદલ નોબલ પારિતોષિક મળ્યા પછી ટાગોરજીને પૂછવામાં આવ્યું કે ''તમારે જે કહેવું છે એ હવે તો કહી રહ્યાં ને?'' ત્યારે ગીતાંજલિના વિષયની વિરાટતા બતાવવા ટાગોરજી કહે છે કે ''આ તો હજી શરૂઆત થઇ હોય એમ લાગે છે. મૂળ વિષયો તો હજી બાકી છે.'' જો મૂળ વિષયની વિરાટતાને આલેખવું શબ્દોના જાદૂગર એવા ટાગોરજીને દુષ્કર લાગતું હોય તો અહીં તો ગીતાંજલિ કરતા ગુરુજીનો બતાવેલ આ પ્રયોગ કેટલો વિરાટ અને ટાગોરજી કરતાં હું કેટલો વામણો? આવી સરખામણી લક્ષમાં લીધા પછી હું વિચારું છું કે ગુરુજીની આ વિરાટ પ્રતિભા અને સમ્યગ્દર્શનના પ્રયોગ વિશે મારા જેવો શબ્દગરીબ શું લખી શકે?

ગુરુજીએ પ્રવચનમાં વાપરેલા શબ્દોની કિંમત સમજવી જોઇએ. ઘણી વખત તો તેમણે વાપરેલ કોઇ એક શબ્દ યાદ આવે પણ તે કયા સંદર્ભમાં અને કઇ જગ્યાએ વાપર્યો છે તેની શોધ તેમના પ્રવચન કે સીડીમાં ગોતવા પાછળ બે ત્રણ દિવસ વપરાઇ જાય. પણ આમ થયા પછી જયારે એ સંદર્ભની માહિતી મળી જાય ત્યારે જે ''હાશ!'' થાય એ અવર્ણની  ય છે. આ ''હાશ!'' એવો અનુભવ કરાવે છે કે ચાલો, આ જિંદગી સાવ એળે નથી ગઇ! કોઇક એવી નવી શરૂઆત થઇ છે – કોઇક એવું નવું લક્ષ બંધાયું છે કે હવે આગળ કલ્યાણ જરૂર થવાનું છે. જો કે ઘણું કામ કરવાનું બાકી છે, તેનો અજંપો ભલે થયા કરે પણ સાથે સાથે સાચું માર્ગદર્શન મળી ગયું છે એવો સંતોષ પણ પ્રગટાવે છે. આ માર્ગદર્શનથી જાણે મૃત્યુ અને મૃત્યુ પછીની પરિસ્થિતિની વાસ્તવિકતા સમજાય છે અને તેનો ડર ઓછો થવા લાગ્યો છે. આવી ''હાશ!'' તમને પણ પ્રાપ્ત થાય તેવી ફક્ત એક જ ઇચ્છાથી સમ્યગ્દર્શનના પ્રવચનોનું આ સંકલન રજૂ કર્યું છે. જયારે જયારે હું આ વિષય

(ટૉપીક)નું નિદિધ્યાસન/મનન કરું છું ત્યારે ત્યારે નવું તત્ત્વ-નવો દૃષ્ટિકોણ અવશ્ય મળે છે. અને આમ જ્યારે થાય છે ત્યારે જે કક્ષાના પરિપૂર્ણતાના ભાવથી પહેલી વખત સમજણ મળી હોય તેમાં હજુ એક વધારે પરિપૂર્ણતા ઉમેરાય છે. આમ દર વખતે આગળ અનુભવેલી પરિપૂર્ણતાની કક્ષામાં/દશામાં બીજી પરિપૂર્ણતા હજી ઉમેરાય છે અને હું મુંઝાઇ જાવ છું કે આ તો ગુરુજીનો કેવો ખેલ છે! અને ત્યારે નીચેનો શ્લોક સ્મૃતિમાં આવે છે....

**ओं पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते।**
**पूर्णस्य पूर्णमादाय पूर्णमेवाशिष्यते॥**

આ શ્લોક લખનારે જે અનુભવ્યું હશે તેવું કાંઇક અહીં ગુરુજીના સૂચવેલા પ્રયોગો કરતી વખતે થતું હોય એમ લાગે છે. પહેલી વખતે જે અનુભવ થયો તે જાણે પરિપૂર્ણ લાગ્યો હતો તેમાં હવે ફરી વખતના નિદિધ્યાસનથી જે રહસ્ય ઉમેરાયું તે પૂર્ણમાં પૂર્ણ ઉમેરાયું છે તેમ લાગે છે.

આ વિરાટ ગુરુજીની નજરમાં જે શ્રેષ્ઠ છે તે બધું જ આવે છે - એમાં પછી – નરસિંહ મહેતા ય હોય, મીરા ય હોય, દાસ જીવણે ય હોય, તુકારામે ય હોય અને કબીરે ય હોય. આ વિરાટ ગુરુજીની નજરમાં આવવું હોય - આ વિરાટ ગુરુજીનો અંતરથી જોગ કરવો હોય તેને વિશિષ્ટ મહેનત કરીને શ્રેષ્ઠ સાધક બનવું પડશે.

તત્ત્વજ્ઞાન સરળ રીતે સમજી શકાય માટે કોઠામાં મૂકવાની પણ કોશિશ કરી છે, જેથી વાચક ટૂંક સમયમાં તેને સમજી પુનરાવૃત્તિ કરી શકે.

પરમ કૃપાળુ પરમાત્માની કૃપા અને પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી તથા પૂજ્ય સાધ્વીજી પ્રિયદર્શનાશ્રીજી મહારાજ, પૂજ્ય સાધ્વીજી દિવ્યદર્શિતાશ્રીજી મહારાજના પૂર્ણ સહયોગથી આ સંકલનનું કાર્ય થઇ શક્યું છે. તો તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક ઉપકાર વ્યક્ત કરી સર્વેને વંદના કરું છું.

વાચક વર્ગ આ બધા પ્રયોગો કરી સમ્યગ્દર્શન પામી અનંત આત્મિક સુખને પામવા સમર્થ બને એ જ અભ્યર્થના.

લિ.
સંકલનકાર

# પ્રાક્કથન

**નાણં ચ દંસણં ચૈવ, ચરિતં ચ તવો તહા ।**
**વીરિઅં ઉવઓગો ય, એયં જીવસ્સ લક્ખણં ॥**

આપણે અસંખ્ય પ્રદેશી આત્મદ્રવ્ય છીએ. તેનો પ્રત્યેક પ્રદેશે જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, અનંત વીર્ય, આનંદ સુખ આદિ અનંત ગુણો છે. આવું વિરાટ આત્મ તત્ત્વ અને એની અનંત ગુણ સંપત્તિ હોવા છતાં આજે આપણો આત્મા કર્મની પરતંત્રતાથી ચારે ગતિમાં એક દીન ભીખારીની જેમ જડ જગત પાસે સુખની ભીખ માંગતો પરિભ્રમણ કરી રહ્યો છે. એને કર્મની પરતંત્રતાથી મુક્ત કઇ રીતે કરી શકાય?

**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ।**

જ્ઞાની પુરુષો કહે છે કે એને મુક્ત કરવાનું સામર્થ્ય શ્રદ્ધા ગુણની સમ્યગ્ દર્શનની પર્યાયમાં છે. જો એકવાર આ સમ્યગ્દર્શન ગુણનું પ્રાગટ્ય થઇ જાય તો પછી જીવ જ્ઞાન દર્શન ચારિત્રરૂપ-રત્નત્રયીની આરાધના કરી બે ઘડીમાં કે બહુમાં બહુ અર્ધ પુદ્ગલ પરાવર્ત કાળમાં સકળ કર્મની શૃંખલા તોડી અજ અવિનાશી પરમાનંદ રૂપ નિજ અનંત ગુણનો સ્વામી બની પરમાત્મપદને પ્રાપ્ત કરી શકે છે. માટે શાસ્ત્રોએ સમ્યગ્દર્શનનું માહાત્મ્ય ગાયું છે.

**દંસણભટ્ઠો ભટ્ઠો, દંસણભટ્ઠસ્સ નત્થિ નિવ્વાણં ।**
**સિજ્ઝંતિ ચરણરહિઆ, દંસણરહિઆ ન સિજ્ઝંતિ ॥**

બાહ્ય ચારિત્ર વિના મરુદેવી માતા અને ભરત ચક્રવર્તી જેવા આત્માઓ મુક્ત બની શક્યા છે. પણ સમ્યગ દર્શનથી રહિત જીવ ક્યારે પણ મુક્ત થઇ શકતો નથી. આ મહાન સમ્યગ્ દર્શન ગુણને જાણવો, પ્રગટ કરવો, અનુભવવો, માણવો એ જીવનું મહાન સદ્ભાગ્ય છે.

અનેક જ્ઞાની પુરુષોએ સમ્યગ્દર્શન વિષે ઘણું કહ્યું છે. પૂ. ગુરુજીએ ઇ.સ. ૧૯૯૭માં રાજકોટના પર્યુષણ પર્વમાં આ સમ્યગ્દર્શન ઉપર ચૌદ પ્રવચનો આપ્યા. શ્રી હર્ષવદનભાઇએ એની સીડી. સાંભળીને પોતાના હિત માટે તેનું લખાણ કર્યું. તેના ઉપરથી આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.

બધા મુમુક્ષુ જીવોને એ ઉપકારી બને માટે શ્રી હર્ષવદનભાઇના આ સમ્યક્ પ્રયત્નને ધન્યવાદ આપીએ છીએ.

પૂજ્ય સાધ્વી દિવ્યદર્શિતાશ્રીજી મહારાજ તથા શ્રી મધુસૂદનભાઇ, ભારતીબેન આદિએ પૂજ્ય ગુરુજીના પ્રવચનોનું સંકલન કરી પૂજ્ય ગુરુજીની વહેતી જ્ઞાનગંગાને પુસ્તકરૂપે જગત સમક્ષ મૂકી જ્ઞાન પિપાસુ જીવની પિપાસાને તૃપ્ત કરી છે. તેમ શ્રી હર્ષવદનભાઇ તથા બીજા પણ આના અભ્યાસી જીવો જો આવા પુસ્તકોનું સંકલન કરી મુમુક્ષુ વર્ગ આગળ મૂકે તો પૂ. ગુરુજી પ્રત્યેની યથાર્થ સ્વરૂપે ભક્તિ ફલિત થશે. છેલ્લે હર્ષવદનભાઇને પુસ્તક પ્રકાશન તથા તે માટેના યોગદાન બદલ ધન્યવાદ તથા વાચક વર્ગ પણ આ પુસ્તકનો પુનઃ પુનઃ અભ્યાસ કરી સમ્યગ્દર્શન ગુણને પ્રગટ કરી પરમાનંદ રૂપ પરમપદનો ભોકતા બને એજ મંગલ કામના.

વીર સંવત ૨૫૪૧
વિ.સં. ૨૦૭૧
ચૈત્ર સુદ તેરસ, ગુરુવાર
તા. ૨-૪-૨૦૧૫
**ભગવાન મહાવીર સ્વામીનો**
જન્મ કલ્યાણક દિન

યોગનિષ્ઠ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય
**કેશરસૂરીશ્વરજી મહારાજની**
આજ્ઞાવર્તિની પરમયોગિની પૂજ્ય
**સાધ્વીશ્રી જ્ઞાનશ્રીજી મહારાજના**
શિષ્યા પરમ વિદૂષી પૂજ્ય
**સાધ્વીજી વિનયશ્રીજી મહારાજની** ચરણોપાસિકા
**સાધ્વી પ્રિયદર્શનાશ્રીજી**

का दिक्? संतो दिक् - કઇ દિશા? સંત એ જ દિશા - *મહાભારત*

# પ.પૂ. ગુરુજી મુનિશ્રી ભાનુવિજયજી મહારાજ

પ.પૂ. મુનિશ્રી ભાનુવિજયજી મહારાજ 'समत्वं योग उच्यते' સાધનાપથ સમજાવતા સર્વમંગલમ્ આશ્રમ સાગોડીયા અને 'तमसो मा ज्योतिर्गमय' - અંધકારમાંથી અસ્તિત્વનો પ્રકાશ પામવા સર્વમંગલમ્ પરિવાર આશ્રમ પાટણના અધિષ્ઠાતા છે.

૬ જુલાઇ ૧૯૩૧ પૂનામાં અવતરણ, જૈન કુળમાં જન્મ, ૧૨ વર્ષની નાની વયે પોતાના માતા-પિતા સાથે દીક્ષા ગ્રહણ, ૧૭ વર્ષની ઉંમરે મુંબઇમાં જાહેર ધાર્મિક મનનીય પ્રવચનો દ્વારા અધ્યાત્મ ગગનમાં બાલમુનિ તરીકે ઊંચી ઉડાન, સર્વ ધર્મો અને સત્શાસ્ત્રોના અભ્યાસ અને આરાધના થકી સાધકને સાંકડા કૂંડાળામાંથી બહાર આણી, સઘળે વિલસી રહેલ એક પરમ તત્ત્વની અર્થાત્ સત્યની ઝાંખી કરાવવા જ માર્ગદર્શન અને સાધના માટે મુનિશ્રી કાર્યરત છે.

જૈન આદર્શને અનુરૂપ જીવતાં અને માનવસેવાને જ માધવસેવા માની ''સર્વનું મંગલ થાઓ, સર્વ સ્વસ્થ રહો, સર્વ સુખી થાઓ'', એવી શુભ કરુણાસભર ભાવનાને સાકાર કરવા લોકહિતાર્થે જનકલ્યાણની વિવિધ સદ્પ્રવૃત્તિઓ પૂ. મુનિશ્રીની નિશ્રામાં સાગોડીયા અને પાટણ આશ્રમોમાં ચાલે છે. તેમની જ્ઞાનગરિમા, ભાષાધિકાર અને અધ્યાત્મની સત્યશોધક નવનીત પીરસતી અમૃત વાણીથી પ્રભાવિત ધર્મપ્રેમી જનતાએ શ્રદ્ધા, આદર અને પ્રેમથી મુનિશ્રીને 'ગુરુજી' તરીકે હૃદયમાં પ્રસ્થાપિત કરેલ છે. પૂ. ગુરુજીની અમૃત વાણીમાં વેદોની વાણી, ઉપનિષદોનો ઉદ્‌ઘોષ અને ઓમ્કારનો નાદ છે. આગમોનું અમૃત, વીતરાગ પરમાત્માના વચનામૃતો, સંયમનો સાર અને જીવનની ચેતના છે.

ઋષિતુલ્ય, સૌમ્ય સર્વતોમુખી જ્ઞાનમૂર્તિ પૂ. ગુરુજીએ પોતાને પ્રાપ્ત જ્ઞાન અને સ્વાનુભવને સમાજના એક વર્ગ પૂરતો મર્યાદિત ન રાખતા સર્વના આત્મકલ્યાણ અર્થે સર્વ ધર્મ સમભાવ અને સદ્‌ભાવના પાયા ઉપર ઇ.સ. ૧૯૬૬માં સર્વમંગલમ્ આશ્રમ સાગોડીયાની સ્થાપના કરી. એમની ઉદ્‌ઘોષણા છે : 'ધર્મ એક છે. ધર્મ સનાતન છે. ધર્મ એ પરબ્રહ્મ પ્રાપ્તિનો એક માર્ગ છે. રસ્તા અનેક હોય પણ છેવટનું વિશ્રામ સ્થાન તો એક જ છે, માટે ધર્મને સંપ્રદાયના વાડામાં કેદ ન કરો. ધર્મને નામે કદી પણ ઝઘડો ન કરો. જ્યાં ઝઘડો છે ત્યાં ધર્મ નથી જ.'

પૂ. ગુરુજીની પ્રેરણાથી અથાક પરિશ્રમ અને અખૂટ ધીરજપૂર્વક સાગોડીયાની ખારીપાટ ૬૮ એકર જમીન ઉપર વિવિધ વૈજ્ઞાનિક પ્રયોગો દ્વારા જમીન સુધારણા થઇ, સર્વમંગલમ્ આશ્રમ, સાગોડીયાને નયનરમ્ય ચિત્તઆકર્ષક નૈસર્ગિક સુંદરવનમાં રૂપાંતરિત કરેલ છે. મનના કોલાહલને શાંત કરી, ભીતરના આંદોલનને ઝંકૃત કરી, આત્મખોજ અર્થે સાધક અહીં પ્રગાઢ શાંતિ અને અલૌકિક આનંદનો અનુભવ કરે છે.

ચમત્કાર અને દુન્યવી લાલચથી પોતાની પાસે આવવાનું અનુમોદન ન આપતાં પૂ. ગુરુજી હંમેશા આગંતુકને સમજાવતાં હોય છે કે એક ખૂણે બેઠા બેઠા માણસના જીવનમાંથી રાગ, દ્વેષ, કષાયને ઓછા કરવાનો અમારો પ્રયત્ન છે. અમારે માણસને નરમાંથી નારાયણ  કરવો છે. આ અમારું ધ્યેય છે અને એ માટે અમારા પ્રયત્નો છે.

પ.પૂ. ગુરુજી મુનિશ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબની નિશ્રામાં અહીં આશ્રમમાં શિક્ષણ, સેવા તથા આત્મઆરાધનાની પ્રવૃત્તિઓ સુંદર રીતે ચાલી રહી છે.

સદાચાર, ચારિત્ર્ય ઘડતર માટે જીવન જ્યોતિ જ્ઞાનમંદિર (બુનિયાદી માધ્યમિક શાળા) અને જીવન જાગૃતિ સંસ્કાર મંદિર (ગુરુકુળ-છાત્રાલય)માં વિદ્યાર્થીઓનો સર્વાંગી અને સંતુલિત વિકાસ થઇ રહ્યો છે. કોમ્પ્યૂટર સેન્ટર, પુસ્તકાલયની સગવડો સાથે શાળામાં સંસ્કાર સિંચન સહ સાચી કેળવણી માટે પૂ. ગુરુજી પ્રયત્નશીલ રહે છે.

આશ્રમમાં અનેક સેવાકીય પ્રવૃત્તિઓ પૂ. ગુરુજીના વડપણ હેઠળ સંતોષજનક ચાલે છે. આરોગ્ય સેવા માટે શ્રી એમ. વસા પરિવાર મોબાઇલ મેડીકલ વાન અને સ્થાનિક મેડીકલ ડીસ્પેન્સરી, મધ્યમ વર્ગ અને નિરાધારોને સહાય  કરવા હરિઓમ્ સહાય યોજના, મંદબુદ્ધિ અપંગ સહાય યોજના, તેજસ્વી વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિઓ, વિધવાઓ માટે સહાય યોજનાઓ, દુષ્કાળ-અતિવૃષ્ટિ-ભૂકંપ વખતે વિવિધ રાહતકાર્યો પૂ. ગુરુજીની રાહબરી હેઠળ નિયમિત ચાલતા હોય છે.

અહિંસા પ્રેમી પૂ. ગુરુજીએ જીવમાત્રનું કલ્યાણ થાય એવી ભાવકરુણાને મૂતિમંત કરવા કુમુદ ગૌશાળામાં ગાયોની સેવા શુશ્રૂષા અર્થે સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું છે. સૌંદર્યસભર નૈસર્ગિક કુમુદ ગૌશાળા મધ્યે બંસરીવાદક ભગવાન કૃષ્ણની પ્રતિમા અને સમગ્ર ગૌશાળા સંકુલ મન અને ચિત્તને શાંતિ તથા આનંદ આપે છે.

પુષ્પને કહેવું નથી પડતું કે મારામાં સુગંધ છે, તેમ સેવા, સ્વાધ્યાય, સુમિરનથી સ્વરૂપ સ્થિરતાની સાધનાની અધ્યાત્મ પ્રવૃત્તિઓ અને આત્મબોધદાયક પૂ. ગુરુજીની અમૃતવાણીની સૌરભ ડીસા, પાલનપુર, મહેસાણા, ખેરવા, અમદાવાદ, કોબા, મોરબી, રાજકોટ, વવાણીયા સુધી સીમિત ન રહેતાં મુંબઇ, મધ્યપ્રદેશ, બેંગ્લોર અને અમેરિકા સુધી પ્રસરી છે.

પૂ. ગુરુજીના સાંનિધ્યમાં અધ્યાત્મ જીવનનું સર્વોત્તમ શિખર સ્વરૂપરમણતા સિદ્ધ કરવા સર્વમંગલમ્ આશ્રમ, સાગોડીયા આદર્શ આધ્યાત્મિક સંકુલ અને દિવ્ય તીર્થધામ છે. પ્રભુભક્તિ, સ્વાધ્યાય, ધ્યાન વગેરે સાધના દ્વારા જીવનની શાંતિ અને પરમાર્થનો માર્ગ પામવા વાનપ્રસ્થો માટે સુવિધાજનક  વાનપ્રસ્થ આરાધના કેન્દ્ર છે. આત્માર્થી સાધકો માટે સાધક કુટિર, કેશર ધ્યાન કક્ષ - પાંચ કુટિરો, ભગવાન પાર્શ્વનાથનું મંદિર છે. અતિથિઓ માટે આધુનિક સગવડો ધરાવતું અતિથિગૃહ છે. અધ્યયન માટે લાયબ્રેરી, ઓડિયો-વિઝ્યુઅલ માટે ઓડીટોરિયમ અને સુંદર ભોજનાલયની સગવડ આ પવિત્ર પરિસરમાં આવેલી છે.

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક ધ્યાન કેન્દ્રમાં પૂ. ગુરુજી આત્મબોધ આપી વીતરાગતાને વરવા જ્ઞાન, ધ્યાન અને વૈરાગ્યનું અમૃત પીરસે છે. પ.પૂ.  ગુરુજીને સાંભળવા એ સ્વયં એક મધુરતમ ધ્યાન છે. દર રવિવારે અને સમયાંતરે નિયમિત આયોજાતી ધ્યાન શિબિરોમાં એમની નિશ્રામાં ધ્યાનની ભૂમિ ઉપર પ્રેમના પુષ્પો પાંગરી જીવન ઉત્સવ બને છે. જીવનમાં જ્ઞાન પ્રકાશના અજવાળા પાથરી સાધક પૂ. ગુરુજીના સાંનિધ્યમાં પરમતત્ત્વની ઓળખાણ દ્વારા પરમ સમીપે જવા ધ્યાન સાધના કરે છે.

પૂ. ગુરુજીની પ્રેરણાથી આશ્રમની પવિત્ર ચેતનવંતી ભૂમિમાં એકાંત, અસંગ, મૌનસ્થ દશામાં સ્વાધ્યાય, શાસ્ત્ર અધ્યયન, ભક્તિ, ધ્યાન સાધના અર્થે સાધુ-સંતો અને આત્માર્થી મુમુક્ષુ જીવો આત્મોન્નતિ કરી શકે તે હેતુથી સગવડો આપતા આદર્શ 'આત્મ આરાધના કેન્દ્ર'ની શરૂઆત અધ્યાત્મ જગતની નોંધપાત્ર ઘટના છે.

દરેક તત્ત્વજ્ઞાની અંતે તો એક 'સત્' તત્ત્વની જ  ખોજ કરે છે. સર્વદર્શન સદ્ભાવ અને અન્ય મત પ્રત્યે ઉદાર, અનેકાંતદષ્ટિ ધરાવનાર પૂ. ગુરુજીએ આત્માર્થી જીવ ભારતીય તત્ત્વજ્ઞાનની ષડ્દર્શન વિચારધારાને જાણી અને સમજી શકે એ ઉદ્દેશથી આશ્રમમાં વીતરાગ

વિજ્ઞાન કેન્દ્રની સ્થાપના કરેલ છે. જેમાં વીતરાગ દર્શનની દૃષ્ટિએ ધર્મ, કર્મ, તત્ત્વદર્શન, મોક્ષમાર્ગ, જીવના ક્રમિક વિકાસના ૧૪ ગુણસ્થાન, અનેકાંતવાદ, બાર અનુપ્રેક્ષા, યોગ, ધ્યાન, વીતરાગ વિજ્ઞાનની માહિતીસભર સંક્ષિપ્ત પ્લેટોને પ્રથમ ખંડમાં દર્શાવવામાં આવી છે. બીજાખંડમાં સત્‌સાધના દ્વારા આત્માર્થી સાધક આત્મજ્ઞાન અને આત્મશાંતિ પામે એ હેતુસર પરમતત્ત્વવેતા, અધ્યાત્મયોગી, જ્ઞાનાવતાર શ્રીમદ્‌ રાજચંદ્રજીના જીવન દર્શનને આલેખેલ છે. અને ત્રીજા ખંડમાં વેદ ઉપર આધારિત ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ, પૂર્વ મિમાંસા-ઉત્તર મિમાંસા (વેદાંત) દર્શનો અને વેદ ઉપર આધારિત ન હોય તેવા ચાર્વાક, જૈન અને બૌદ્ધ દર્શનો ઉપરની વિચારણા તથા ભારતના મહાન સંતો દાર્શનિકોના જીવનચરિત્ર વિષે સંક્ષિપ્તમાં માહિતી આપવામાં આવેલ છે.

પ.પૂ. ગુરુજી દ્વારા ૧૯૬૮માં સ્થપાયેલ સર્વમંગલમ્‌ પરિવાર આશ્રમ-પાટણમાં પૂ. ગુરુજીના આધ્યાત્મિક પ્રવચનો, ચાતુર્માસ દરમ્યાન જ્ઞાન યજ્ઞો, સંતો-વિદ્વાનોના પ્રવચનોનું આયોજન થાય છે. અને સાધકને આત્મકલ્યાણ અર્થે પ્રેરણા, માર્ગદર્શન અને આત્મબોધ મળે છે. ૩૪ ચાતુર્માસ પ્રવચનમાળાઓ થઇ. ૩૬ પુસ્તકોનું પ્રકાશન અને દર ત્રણ મહિને આશ્રમનું મુખપત્ર 'પરમતત્ત્વ'નું પ્રકાશન ધર્મપ્રેમી જનતાને અધ્યાત્મના પીયૂષ પીવડાવે છે. પૂ. ગુરુજીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ સમ્યગ્‌ જ્ઞાન પ્રસારણ યોજના, સત્‌શ્રુત અભ્યાસ વર્તુળ અને શ્રી ગુરુવાણી, આધ્યાત્મિક પુસ્તકોનું પ્રકાશન અને ઓડિયો-વિડીયો સી.ડી. તૈયાર કરે છે.

પૂ. ગુરુજીમાં સાધુની સાધુતા ને સંતનું સંતત્વ છે. તેઓ સમાધિના સુંદરેશ્વર છે, મૌનના મુનિ, યોગના યોગેશ્વર, પ્રેમનું પૂર્ણ સ્વરૂપ અને સત્યનું સત્ત્વ છે. તેઓ કૃપાના સાગર, જ્ઞાનની સરસ્વતી, ભક્તિની યમુના અને અધ્યાત્મની ગંગા છે. પ.પૂ. ગુરુજીની દિવ્યસાધનાથી પવિત્ર બનેલી આ તપોભૂમિ સાધકોની શ્રદ્ધાનું કેન્દ્ર તથા માનવીય ગરિમાનું ક્ષેત્ર છે. અધ્યાત્મનું અરણ્ય અને અમૃતનું સરોવર છે.

આત્મજ્ઞાનરૂપ દિવ્ય જ્યોતિના ઝળહળતા પ્રકાશથી સનાતન મોક્ષમાર્ગ અને વીતરાગતાને ઉદ્યોત કરનાર પૂ. ગુરુજી મુનિશ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબ માનવતાના મસીહા છે, એવા પ્રેમસ્વરૂપ, કરુણામૂર્તિ પ.પૂ. ગુરુજીને કોટિ કોટિ પ્રણામ.

ડૉ. એસ. ટી. કોટક (ડીસા)

# વિભાગ – ૧

## શ્રવણના પ્રયોગથી : ડી.વી.ડી. (MP 3) દ્વારા

સમ્યગ્દર્શનની ઘટનામાં શ્રવણ-વાંચન-ચિંતન-મનન-નિદિધ્યાસન-ધારણા અને સમાધિની પ્રક્રિયાઓ સમાયેલી હોવાથી તેના પ્રયોગોમાં ઢળવું પડે એમ ગુરૂજીએ સમજાવ્યું છે. આ બધી પ્રક્રિયાઓ જેમ શ્રવણથી શરૂ થાય છે તેમ અહિં પણ શરૂઆત શ્રવણની પ્રક્રિયાથી થાય તે માટે આ પહેલા વિભાગ તરીકે ડી.વી.ડી. (MP3) આપવામાં આવી છે.

ઘણી વખતે જે તે વાત ગુરૂમુખેથી સાંભળીએ ત્યારે તેમાં કયા શબ્દ ઉપર કેટલું વજન મુક્યું છે કે કેવા ભાવથી રજૂઆત થઇ છે તે ફરી વખત સાંભળવામાં આવે તો શંકા તો દૂર થાય છે પણ તે ઉપરાંત વિષયની સ્પષ્ટતા પણ વધે છે.

સમ્યગ્દર્શન એ ચોથા ગુણસ્થાનકની ઘટના છે અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી કર્મો ખપવાની અને સંવર ધર્મ કરવાની શરૂઆત થાય છે એમ જૈનધર્મનું તત્ત્વજ્ઞાન કહે છે.

તેથી સંપૂર્ણ મોક્ષમાર્ગના મધ્યખંડમાં સૌથી મહત્ત્વના ''સમ્યગ્દર્શન''ને રાખીને તેને કુલ ત્રણ ખંડમાં વહેંચી દીધો છે. જે મધ્યખંડનો વિસ્તાર આ ડી.વી.ડી.માં ''સમ્યગ્દર્શન''ના શિર્ષક હેઠળના ૧૪ પ્રવચનોમાં આપ્યો છે.

જ્યારે પ્રથમ ખંડનો વિસ્તાર એટલે કે સમ્યગ્દર્શન સુધી પહોંચવાની યાત્રાનું વર્ણન તથા સમજણ પુ.ગુરુજીના ''આત્મસિધ્ધિ શાસ્ત્ર''ની વ્યાખ્યાનમાળાના પ્રવચન ક્રમાંક ૩૫ તથા ૩૬ (ગાથા ૩૮થી ગાથા ૪૨)માં કરેલ છે.

અને છેલ્લા ખંડનો વિસ્તાર એટલે કે સમ્યગ્દર્શન મેળવી લીધા પછી કેવળજ્ઞાન સુધીની યાત્રાનું વર્ણન તથા સમજણ પુ. ગુરુજીના ''આત્મસિધ્ધિ શાસ્ત્ર''ની વ્યાખ્યાનમાળાના પ્રવચન ક્રમાંક ૩૭થી ૧૧૪ (ગાથા ૪૩થી ગાથા ૧૪૨)માં કરેલ છે.

આમ હોવાથી અહિં ''આત્મસિધ્ધિ શાસ્ત્ર''ની વ્યાખ્યાન માળાના આ બધા પ્રવચનોનો સમાવેશ આ ડી.વી.ડી.માં કરવામાં આવ્યો છે.

# વિભાગ – ૨

## વાંચનના પ્રયોગથી : પુસ્તક દ્વારા

સમ્યગ્દર્શનની ઘટનામાં શ્રવણ-વાંચન-ચિંતન-મનન-નિદિધ્યાસન-ધારણા અને સમાધિની પ્રક્રિયાઓ સમાયેલી હોવાથી તેના પ્રયોગોમાં ઢળવું પડે એમ ગુરુજીએ સમજાવ્યું છે. આ બધી પ્રક્રિયાઓ શ્રવણથી શરૂ થાય છે અને પછી વાંચનના પ્રયોગથી વિષયને પરિપૂર્ણ રીતે સમજી શકાય છે તે નિયમ મુજબ આ વિષયનો પ્રયોગ વિભાગ-૧માં આપેલી સી.ડી. દ્વારા કર્યા પછી વાંચનના પ્રયોગ માટે આ બીજો વિભાગ આપવામાં આવ્યો છે.

# વિભાગ - ૨
# અનુક્રમણિકા


| પ્રકરણ નંબર | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | અભ્યંતર પરિણામ અવલોકન પર્વ | ૧ |
| ૨. | સમ્યગ્દર્શનનું માહાત્મ્ય | ૨૦ |
| ૩. | સમ્યગ્દષ્ટિની અવસ્થા | ૩૩ |
| ૪. | સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી અંતર પરિવર્તન | ૪૮ |
| ૫. | સમ્યગ્દષ્ટિની ક્રિયા કેવી હોય? | ૬૦ |
| ૬. | સંસારના અનુબંધની જડ | ૭૦ |
| ૭. | પરમાર્થજ્ઞાનનું બીજ | ૮૩ |
| ૮. | સાધકની પૂર્વભૂમિકા | ૯૪ |
| ૯. | ત્રણ શુદ્ધિ | ૧૦૮ |
| ૧૦. | સમ્યગ્દર્શન કોને થાય? | ૧૨૦ |
| ૧૧. | ક્ષયોપશમ લબ્ધિ | ૧૩૫ |
| ૧૨. | વિશુદ્ધિ લબ્ધિ અને દેશના લબ્ધિ | ૧૫૦ |
| ૧૩. | પ્રાયોગ્ય લબ્ધિ - વ્યાખ્યા અને લક્ષણો | ૧૬૬ |
| ૧૪. | સમ્યગ્દર્શન - વ્યાખ્યા અને લક્ષણો | ૧૮૭ |

## પ્રવચન : ૧

# અભ્યંતર પરિણામ અવલોકન પર્વ

પર્વાધિરાજ પર્યુષણ પર્વનો આજથી પ્રારંભ થયો છે, આખા વર્ષના આધ્યાત્મિક દષ્ટિએ શ્રેષ્ઠતમ દિવસો-એ આ આઠ દિવસો છે. એ આઠે આઠ દિવસનું મહત્ત્વ આપણા અંતરમાં છે અને એટલા માટે આપણે તેનો પ્રારંભ કરીએ છીએ. આ પર્યુષણ પર્વ દરમિયાન આરાધક જીવે જે કરવાનું છે તેનું સ્પષ્ટ ચિત્ર જો તેના મનમાં આવી જાય તો અતિ ઉત્તમ.

કરવું મહત્ત્વનું નથી - સમજીને કરવું મહત્ત્વનું છે.

કરવું મહત્ત્વનું નથી - જ્ઞાનીપુરુષની આજ્ઞા પ્રાપ્ત કરીને કરવું મહત્ત્વનું છે.

કરવું મહત્ત્વનું નથી - પોતાની કલ્પનાએ ન કરવું અને વીતરાગ પુરુષની આજ્ઞા પ્રમાણે કરવું મહત્ત્વનું છે.

સમગ્ર સાધનામાં સૌથી મોટો અંતરાય કોઇપણ જો હોય,
સમગ્ર સાધનામાં સૌથી મોટું અવરોધક પરિબળ કોઇ પણ જો હોય,
અને અનંત જન્મોમાં આટલી બધી સાધના કરવા છતાં જીવ માટે યથાર્થ પરિણામ ન આવ્યું હોય તો તેનું એક જ કારણ કે આત્માએ જે કાંઇ કર્યું છે તે નિજ મતિ કલ્પનાએ કર્યું છે. આ નિજમતિ કલ્પના માટે પરમ કૃપાળુ દેવે જે અદ્‌ભુત શબ્દ આપ્યો છે તે શબ્દ છે સ્વચ્છંદ. સ્વચ્છંદ એટલે પોતાની મતિ કલ્પના, પોતાની નિજ કલ્પના. મહાપુરુષોએ કહ્યું છે કે,

જ્ઞાનની કક્ષા ગમે તેટલી ઉત્તમ હોય,
શાસ્ત્ર જ્ઞાનની કક્ષા ગમે તેટલી ઉત્તમ હોય,
અનુષ્ઠાનોની કક્ષા ગમે તેટલી ઉત્તમ હોય,
તપની કક્ષા ગમે તેટલી ઉત્તમ હોય,
બાહ્યવ્રતોની કક્ષા ગમે તેટલી ઉત્તમ હોય,

પણ જો એ બધાની પાછળ આત્મજ્ઞાની સત્પુરુષની આજ્ઞાનું બળ ન હોય તો એ સાધનો સાર્થક બની શકતા નથી પણ... **'' રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ''**

No Doubt. મોક્ષ મળશે કે નહીં તે શંકા કરવાની જરૂર નથી. મોક્ષ છે-મોક્ષનો ઉપાય પણ છે- મોક્ષ પ્રાપ્ત થઇ પણ શકે છે.

ગમે તેવો કાળ હોય,
ગમે તેવા સંજોગો હોય,
ગમે તેટલા ઢગલાબંધ કર્મો હોય,

ગમે તેવી બળવાન વૃતિ હોય,

પણ તે બધાનું નિરાકરણ કરીને મોક્ષ પ્રાપ્ત થઇ શકે છે. પણ એ મોક્ષ પ્રાપ્ત કરવાની પાછળ મોટામાં મોટું બળ જો કોઇ પણ હોય તો **''રોકે જીવ સ્વચ્છંદ તો''** - આત્મા પોતાનો સ્વચ્છંદ રોકે તો...

જીવને જાણવું ગમે છે.
જીવને વાત કરવી ગમે છે.
જીવને કામ કરવું ગમે છે.
જીવને વ્રતો કરવા ગમે છે.
જીવને અનુષ્ઠાનો કરવા ગમે છે.

પણ પોતાના છંદને રોકવો જીવને બહુ કાઠો પડે છે, છંદ રોકી શકાતો નથી.

એ એટલા માટે રોકી શકાતો નથી કે

પોતાની મતિ કલ્પનાએ પોતે જે નિશ્ચિત કર્યું છે,
પોતાની મતિ કલ્પનાએ પોતે જે જાણ્યું છે,
પોતાની મતિ કલ્પનાએ પોતે જે વિચાર્યું છે,

**એ ખંડ જ્ઞાન હોવા છતાં એ અખંડજ્ઞાન છે એવું માનવું એ જીવની મોટામાં મોટી ભ્રમણા છે. ખંડ જ્ઞાન એ અખંડ જ્ઞાન ન બની શકે. તત્ત્વ તો અખંડ છે, ખંડથી અખંડ પ્રાપ્ત ન થઇ શકે. અખંડ તત્ત્વને પ્રાપ્ત કરવા માટે જ્ઞાન પણ અખંડ જોઇએ. અખંડ જ્ઞાન ન હોય તો અખંડ જ્ઞાનીનું શરણ જોઇશે.**

અખંડ જ્ઞાનીનું શરણ એનો અર્થ એ થાય કે જીવ પોતે શ્વાસોચ્છ્વાસ લે એ પણ જ્ઞાનીની આજ્ઞા વગર ન લે. જો કે એ ઘણી કઠિન વાત થઇ જાય. શ્વાસોચ્છ્વાસ લેતી વખતે શું દર વખતે પૂછવા જઇશું કે ગુરુમહારાજ શ્વાસ લઇએ? ના. પણ સાધુ ભગવંતો સવારે શ્વાસ વગેરે જે ક્રિયાઓ બહુવાર થતી હોય તેવી ક્રિયાઓ માટે 'બહુવેલ સંદિસાહું', 'બહુવેલ કરશુંજી' આ આદેશ-આજ્ઞા મેળવી લે છે.

સમગ્રપણે જેની ચેતના પરમ તત્ત્વનો સ્વીકાર કરીને અને પરમગુરુનો સ્વીકાર કરીને તેના ચરણોમાં પોતાનો અહંકાર ગાળીને એનું જે કાંઇ સંમત કરેલું છે, તે પરમ સંમત છે એવા સ્વીકારની સાથે જે માણસ જીવે છે તેણે પોતાની મતિ કલ્પના છોડી તેમ કહેવાય.

પદાર્થો છોડવા સહેલા છે,
વસ્તુઓ છોડવી સહેલી છે, (જો કે એટલી સહેલી નથી.)
સંપત્તિ છોડવી સહેલી છે.
પણ પોતાનો મત છોડવો એ બહુ મુશ્કેલ છે.

પોતાની માન્યતા છોડવી એ ઘણી મુશ્કેલ છે. પોતાની મતિ કલ્પનાએ જે પોતે નિશ્ચય કર્યો છે તે વાસ્તવિક નથી અને યથાર્થ નથી એ સ્વીકાર કરવો ઘણો મુશ્કેલ છે, માટે મહાપુરુષોએ કહ્યું - આ તો અનંતવાર છોડયું છતાં પોતાની મતિ કલ્પના છોડી નથી, પોતાનો મત નથી છોડયો.

સત અને મત પાસે પાસે છે, સત અને મત દૂર નથી. સત દૂર નથી અને મત પણ દૂર નથી. પણ સત પાછળ છે અને મત આગળ છે. મતને ખસેડો તો સતનું દર્શન થાય છે.

**हिरण्यमयेन पात्रेण सत्यस्य पिहितं मुखम्।**

સત્યનું મોઢું સુવર્ણમય ચળકતા પાત્રથી ઢંકાયેલું છે- સત્યનું મોઢું ઢંકાયેલું છે પોતાના મતથી -પોતાની કલ્પનાથી-પોતાની માન્યતાથી-પોતાના ખંડ જ્ઞાનથી- પોતાની સ્વીકૃતિથી, પોતાના અધૂરા જ્ઞાનથી-પોતાની અધૂરી કલ્પનાથી. એ ઢાંકણું ઊઘાડવું છે. ઘરમાં પીપ ઉપરનું ઢાંકણું ફીટ થઇ જાય અને બે ત્રણ વર્ષો પસાર થઇ જાય પછી એ ઢાંકણું ઉઘાડતા નાકે દમ આવી જાય છે તો અનંત જન્મોથી મતના ઢાંકણા મજબૂત થયા છે એ ઉઘાડવા જીવને કાઠા પડશે. પણ ગમે તેટલું કાઠું પડશે તોયે એ મતના ઢાંકણા ઉઘાડયા વગર સતની પ્રાપ્તિ નહીં થાય.

સત્ કલ્પના નથી,
સત્ વિચાર નથી,
સત્ અવસ્થા છે.
સત્ તત્ત્વ છે.
સત્નું અસ્તિત્વ છે.
સત્નું હોવાપણું છે.

અને સતને હોવાપણામાં કશાની અપેક્ષા નથી. એ કોઇના આધારે રહેતું નથી.

સત્ મતના આધારે નથી.
સત્ માન્યતાના આધારે નથી.
સત્ શાસ્ત્રના આધારે નથી.
સત્ વ્યક્તિના આધારે નથી.
સત્ પરંપરાના આધારે નથી.
સત્ વિચારના આધારે નથી.
સત્ પૂર્વકૃત માન્યતાના આધારે નથી.
સત્ વાદના આધારે નથી.
સત્ તર્કના આધારે નથી.
સત્ ચર્ચાના આધારે નથી.

સત્ તો પોતાના આધારે છે.

સતને કોઇનો આધાર જોઇતો નથી. સત એવું લુલું નથી કે સત એવું નબળું નથી કે કોઇના આધારથી સત ટકે, સતને તો બહુમતિની પણ જરૂર નથી. સ્વયંભૂ એવું સત -સ્વયંભૂ એવું existance, સ્વયંભૂ એવું હોવાપણું, એ પ્રાપ્ત કરવામાં જીવને નડે છે શું ? કેમ જીવ તેને પ્રાપ્ત કરી શકતો નથી ? એમ જોતાં જોતાં અનંતકાળ ગયો. આ જિંદગીના વર્ષો ગણતા નહીં, બહુ ઓછા વર્ષો છે આ જિંદગીના કહો બહુ ઓછા ૭૦-૮૦ વર્ષ છે. એ બહુ મોટો કાળ નથી. ગણતાં ગણતાં અનંતકાળ ગયો. અને અનંતકાળ ગયો ત્યારે પણ સત જગતમાં હોવા છતાં- આ સતની અનુભૂતિ જીવ કરી શકયો નથી. વાંક કોનો ? વાંક સતનો કે વાંક કોકનો? વાંક સતનો નથી. સત તો છે. ત્રણે કાળ સત છે. જગતમાં ત્રણે કાળ જેનું હોવાપણું તેને કહેવાય છે સત. આવું સત વિદ્યમાન હોવા છતાં અને બહુ મહત્ત્વની વાત કે **''तद् अंतिके तद् दूरे''** નિકટમાં નિકટ કાંઇ પણ જો હોય તો તે સત છે. અને ન સમજાય તો દૂરમાં દૂર જો કાંઇ હોય તો એ સત છે. સતના સમજવામાં જીવને કોઇ પણ અવરોધ હોય તો પોતાના અહંકારે ઊભો કરેલો સ્વછંદ છે- સ્વકલ્પના છે.

આપણો સ્વ બરાબર નથી, સ્વ right નથી- સ્વ શુદ્ધ નથી. સ્વની સાથે ત્રણ પરિબળો ભળેલા છે- એ ત્રણ પરિબળો ભળેલા હોવાને કારણે એ સ્વની જે મતિ છે અને એ મતિથી જે કલ્પના થાય છે તે મિથ્યા થાય છે. (Time - 14:34)

ત્રણે શબ્દો જુદા પાડીએ. સ્વ-મતિ-અને કલ્પના. સ્વ એટલે પોતે, આજે પોતે ચોખ્ખો નથી, તેમાં કાંઇક ધારાઓ-પ્રવાહો ભળેલા છે, એના કારણે એ સ્વ જેવો હોવો જોઇએ તેવો નથી પણ ડહોળાયેલો-મેલો થયેલો છે. એમાં કાંઇક પ્રવાહો ભળેલા છે એવો આ સ્વ છે. અને એ સ્વનો મત એટલે પોતાનો મત નહીં-પણ સ્વનો મત એટલે સ્વ સાથે જે જોડાયેલું છે તેનો મત. અને એ મતિમાંથી જે કલ્પના કરી છે તેને કહેવાય છે સ્વમતિ કલ્પના. જ્યાં સુધી આ સ્વમતિ કલ્પનાનો આગ્રહ જીવ નહીં છોડે ત્યાં સુધી તેણે અનંતવાર દીક્ષા ગ્રહણ કરી હશે તો પણ જીવનું કદાપિ કલ્યાણ નહીં થાય. **સ્વમાં જે તત્ત્વો ભળ્યા છે તે...**

**૧. અહંકાર**

**૨. કામવાસના**

**૩. ભોગ અને પરિગ્રહની પ્રબળ તૃષ્ણા**

આ બધું સ્વ સાથે ભળી ગયું છે અને સ્વમાંથી આ ત્રણેય બાદ થયા સિવાય સ્વ સ્વતંત્ર નથી.

અહંકારથી પલોટાયેલો, કામવાસનાથી ભરેલો અને ભોગ અને પરિગ્રહની મૂર્છાથી અટવાયેલો એવો જે સ્વ છે, તેની જે મતિ છે તે તત્ત્વને આકલન કરવા માટે સમર્થ મતિ બની શકતી નથી. High I.Q. હોવા છતાં સતને ઝીલી શકતી નથી. સત ઝીલવા માટે અહંકાર

ઓગળી જવો જોઇએ- કામવાસના બાદ થઇ જવી જોઇએ અને ભોગ અને પરિગ્રહની તૃષ્ણા શાંત બનવી જોઇએ.

**जहा य अंडप्पभवा बलागा, अंडं बलागप्पभवं जहा य ।**
**अेमेव मोहाययणं खु तण्हा, मोहं च तण्हाययणं वयन्ति।।**
**જેમ ઇંડામાંથી મરઘી થાય છે અને મરઘીમાંથી ઇંડું આવે છે,**
**એમ મોહમાંથી તૃષ્ણા આવે છે અને તૃષ્ણામાંથી મોહ આવે છે.**

મોહ ગયો કે નથી ગયો,
મોહ શાંત થયો કે શાંત નથી થયો,
મોહનો પરાજય થયો કે નથી થયો,
મોહનો ક્ષય થયો કે નથી થયો,

એનું જો Analysis કરવું હોય તો તે વ્યક્તિ પોતાની અંતર ચેતનામાં ઝાંકીને જુએ કે અંદર કાંઇ તૃષ્ણા છે? અને જો અંશ પણ તૃષ્ણા અંદર હોય તો સમજવું કે મોહની હાજરી છે. (Time - 17:47) મોહ તો એમ કહે છે કે ''મને અલ્પમતિ કે બહુમતિની જરૂર નથી, તે મહત્ત્વની નથી. એક અંશ પણ જો જગ્યા મને મળી જતી હોય તો આખી ફોજ બોલાવી લેવામાં મને વાર નથી લાગતી.''

**સાંભળજો મુનિ સંયમ રાગે, ઉપશમ શ્રેણી ચડિયા રે.**

૧૧મા ગુણસ્થાને બિરાજેલા મુનિ-સર્વ સંગ પરિત્યાગ કરીને, એકાંતમાં રહીને, મૌનમાં રહીને-જેમણે પોતાની ચેતનાની ધારા તૈયાર કરી છે એવા ૧૧મા ગુણસ્થાનકે બિરાજેલા મુનિરાજના કાને શબ્દો આવે છે-મુનિરાજ ! ચેતતા રહેજો. તમને મોહ દેખાતો નથી- તમને મોહ શાંત થયો હોય તેમ લાગે છે- તમારામાં મોહની કાંઇ અભિવ્યક્તિ નથી તેમ લાગે છે-મોહનું કોઇ લક્ષણ નથી તેમ લાગે છે- મોહનું કોઇ ચિન્હ નથી તેમ લાગે છે પણ મુનિરાજ ! તમારો પ્રમાદ છે, તમે આંતરદષ્ટિથી જોઇ શકતા નથી પણ અંદર મોહ (કાંઇ પણ જાતનું કામ ન કરે તેવો એટલે કે no working systemમાં ઊભો હોય-એટલે કે only passive સ્થિતિમાં હોય છે તેવો મોહ) પડયો છે. એ જે ક્ષણે બેઠો થશે ત્યારે ૧૧મે ગુણસ્થાનેથી પહેલે ગુણસ્થાને લઇ આવીને મૂકતા મોહને વાર નહીં લાગે. વિચારો ! આ જ્ઞાનીપુરુષના વચનો વિચારો ! આ જ્ઞાનીપુરુષો ભય બતાવતા નથી- પણ જાગૃતિની વાત કરે છે. આવી સતત જાગૃતિ વિના આધ્યાત્મિક સાધના થઇ શકતી નથી.

**અપ્રમત જે નિત રહે, નવિ હરખે નવિ શોચે રે,**
**સાધુ સુધા તે આતમા, શું મુંડે શું લોચે રે.**

સાધક કહે છે મને એક એવું સાધન આપો કે જે સાધન લઇ મારા અધ્યાત્મ જીવનની પરિપૂર્ણ યાત્રા કરી શકું.

સાધક કહે છે મને બહુ શબ્દો જોઇતા નથી.
સાધક કહે છે મને બહુ જ્ઞાન જોઇતું નથી.
સાધક કહે છે મને બહુ લાંબી પરિભાષા જોઇતી નથી.
સાધક કહે છે મને બહુ શબ્દોના ઝુમખા જોઇતા નથી.
સાધક કહે છે મને શાસ્ત્રોના ભંડાર જોઇતા નથી.
સાધક કહે છે મને બહુ ગ્રંથોનો સંગ્રહ જોઇતો નથી.
સાધક કહે છે મને બહુ શબ્દકોષ જોઇતા નથી.

પણ ગુરુદેવ મને એક જ શબ્દ એવો આપો કે જે શબ્દ લઇને હું મારી અધ્યાત્મિક યાત્રાનો પ્રારંભ કરી શકું અને છેક સુધી-ચરમસીમા સુધી પહોંચી શકું ત્યારે શાસ્ત્રો ઘોષ કરીને કહે છે કે (Time - 20:40) **''અપ્રમત જે નિત રહે''** આ એક જ શબ્દ બસ છે. **સમગ્ર જૈન શાસ્ત્રોનો સાર એક શબ્દમાં છે અને એ શબ્દ છે ''અપ્રમત''.**

પરમ કૃપાળુ દેવે વારંવાર-આંતર અવલોકન કરીને- મુમુક્ષુ જીવો માટે હૃદયની કરુણાપૂર્વક કહ્યું છે કે જાગતા રહેજો- અપ્રમત ભાવ અને અપ્રમત દશા પ્રાપ્ત થયા સિવાય અખંડ સાધના થઇ શકતી નથી. **અપ્રમત જે નિત રહે- નિરંતર અપ્રમત જે રહે-એવી અપ્રમાદ અવસ્થા-એવી અપ્રમત અવસ્થા જ્યારે જીવ પ્રાપ્ત કરે છે ત્યારે ખરા અર્થમાં સાધનાનો પ્રારંભ થઇ શકે છે.**

શાસ્ત્રોનું તો એમ કહેવું છે કે જીવ ખરેખર વિચાર કરે-પોતાની જાતને તટસ્થપણે અવલોકન કરીને-જેવી છે તેવી પોતાની જાતનો સ્વીકાર કરે. માટે જ પરમકૃપાળુ દેવે કહ્યું છે કે

**અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હું,**
**એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શું?**

કોઇ પણ સાધન તેના યથાર્થ સ્વરૂપમાં અંદરમાં કામ કયારે કરશે ?
કોઇ પણ સાધન તેના અસલ સ્વરૂપમાં અંદરમાં કામ કયારે કરશે ?
કોઇ પણ સાધન તેની અસરકારક રીતે અંદરમાં કામ કયારે કરશે ?

તમે જ્ઞાનનું સાધન લ્યો.
તમે ધ્યાનનું સાધન લ્યો.
તમે તપનું સાધન લ્યો.
તમે સ્વાધ્યાયનું સાધન લ્યો.
તમે પ્રતિક્રમણનું સાધન લ્યો.
તમે સામાયિકનું સાધન લ્યો.
તમે અનુષ્ઠાનનું સાધન લ્યો.
તમે વ્રતનું સાધન લ્યો.

તમે માળાનું સાધન લ્યો.

કોઇ પણ સાધન તમે તમારા જીવનમાં લ્યો ત્યારે પહેલા વિચાર એ કરજો કે સાધન અસરકારક રીતે ભાગ કયારે ભજવી શકશે? જીવને એક નિશ્ચય કરવો પડશે. એ નિશ્ચય નહીં થાય ત્યાં સુધી કોઇ પણ સાધન અસરકારક રીતે ભાગ નહીં ભજવી શકે. માટે એમ કહ્યું કે,

**અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હું.**

પોતાની જાતનો આવો સ્વીકાર - Not inferiority complex - આ લઘુતાગ્રંથી નથી, આ નિરાશા નથી, આ હતાશા નથી. આ માણસને નિરાશ કરવા માટેના શબ્દો નથી. આ depression નથી, માણસ મનોવૈજ્ઞાનિક રીતે નબળો થાય એ માટે આ વાત કરી નથી. આ વાત તો એટલા માટે કરી છે કે,

superiority complex પણ નહીં - inferiority complex પણ નહીં,
નિરાશા પણ નહીં- હતાશા પણ નહીં
માનસિક શિથિલતા પણ નહીં,
પણ પોતાની વર્તમાન ક્ષણની જે અવસ્થા છે તેનો સંપૂર્ણ સ્વીકાર છે.

**આ સ્વીકાર કરવામાં અહંકાર ઓગળે છે.**
**આ સ્વીકાર કરવામાં સમજણ દઢ થાય છે.**
**આ સ્વીકાર કરવામાં પોતાની જાત વિશેનો પોતે બાંધેલો ઊંચો અભિપ્રાય બદલાઇ જાય છે.**
**આ સ્વીકારથી બીજાઓ આપણા વિશે ગમે તેવો અભિપ્રાય આપતા હોય તો આપણે ચેતી જઇએ છીએ.**

બીજાઓ તો કહી શકે છે ''તમે તો સાક્ષાત પરમાત્મા છો.'' ત્યારે આપણે ચેતી જઇએ એવી જાગૃતિ જીવનમાં આવવી જોઇએ અને એ જાગૃતિ નિશ્ચય કર્યા વિના નહિ આવે.

કબીરજી બહુ સીધી વાત કરે છે કે;

**बुरा देखन में चला, बुरा न मिलीया कोइ,**
**आंतर खोज के देखीया तो मुझसे बुरा न कोई.**

કયો માણસ ખરાબ છે, કયો માણસ અધમ છે, એવું જોવા માટે હું જગતમાં ચાલ્યો તો જોતા જોતા મને જગતમાં કોઇ ખરાબ માણસ ન મળ્યો-પણ આંતર અવલોકન કરતાં મને પ્રતીતિ થઇ કે **''मुझसे बूरा न कोई''**. જે ક્ષણે આપણો આત્મા સ્વીકાર કરશે કે **''मुझसे बूरा न कोई''** પછી ભલે એ શ્રાવક હોય- પછી ભલે એ આચાર્ય હોય- પછી ભલે એ સાધુ હોય- પછી ભલે તપ કરતો હોય- પછી ભલે વ્રત કરતો હોય- પછી ભલે અનુષ્ઠાન કરતો હોય- પછી ભલે એ પ્રવચન આપતો હોય- પણ જ્યાં સુધી **'मुझसे बूरा न कोई'** એમ થતું નથી ત્યાં સુધી નકામું છે. **કામ બીજાની ચેતના પર કરવાનું નથી પણ કામ પોતાની ચેતના પર કરવાનું છે.** પોતાની ચેતના

વર્તમાન અવસ્થામાં કેવી છે એનું અન્વેષણ કરવાનો અવસર એ પર્યુષણ પર્વ છે. પર્યુષણ પર્વ માત્ર કર્મકાંડ નથી- પર્યુષણ પર્વ એ આંતર અવલોકન માટે છે. આના માટે અદ્‌ભુત-બહુ સરસ શબ્દ પરમ કૃપાળુ દેવે આપ્યો કે **''અભ્યંતર પરિણામ અવલોકન''**. બહારની ચેષ્ટા ગમે તેવી હોય-બહારની ક્રિયા ગમે તેવી હોય-બહારનો આચાર ગમે તેવો હોય-ભીતર મેં કયા હૈ?

ભીતરમાં પોતાના પરિણામ કેવા છે ?
ભીતરમાં પોતાની ધારા કેવી છે ?
ભીતરમાં ચેતનાની ધારા કેવી છે ?
અંદરમાં ઘણી ધારાઓ છે.
ચેતનાની એક ધારા છે.
કર્મ ઉદયની એક ધારા છે.
મનમાં વિચારની ધારા છે.
વાણીમાં શબ્દોની ધારા છે.
શરીરમાં ક્રિયાની ધારા છે.

આમ અનેક ધારાઓ અંદર વહી રહી છે. એ પ્રત્યેક ધારાઓને સાધકે બારીકાઇથી જોવી પડે છે. પર્યુષણ પર્વ એ આંતરિક અવલોકન કરવાનું પર્વ છે. આ માટે શાંતિથી બેસજો-એકાંતમાં બેસજો- એકલા બેસજો અને અંદરમાં જોજો કે પોતાની આંતરિક વર્તમાન અવસ્થા કેવી છે. Where are you? તું કયાં ઊભો છો ?- જેમ વેપારી સરવૈયું કાઢે કે વેપાર કેટલો થયો? મૂડી રોકાણ કેટલું થયું ? વ્યાજ કેટલું થયું ? આવક કે નફો કેટલો થયો ? આટલા શબ્દો મને યાદ છે, વધારે યાદ નથી. **જેમ વેપારી આ બધું અવલોકન કરે છે તેમ સાધક પણ પોતાની જાતનું પૂરેપૂરૂં અવલોકન કરે છે. આ અન્વેષણ જ્યારે થશે ત્યારે પોતાની ધારા અંદર પોતાને દેખાશે. આ અભ્યંતર પરિણામનું અવલોકન કરવું એ પર્યુષણ પર્વની અત્યંત મહત્ત્વની સાધના છે. આઠ દિવસ નિરંતર એકાંતમાં બેસીને પોતાની જાતને જુઓ. બીજાઓ કેવા છે એ બહુ જોયું. ''અમને બધી ખબર છે, અમને પૂછોને એ કેવો છે ?'' આપણે એવું કહેવા તરત તૈયાર થઇએ છીએ.**

દેવચંદ્ર મહારાજ-જેમના માટે કહેવાય છે લગભગ એક પૂર્વનું જ્ઞાન હતું અને જે ૩૦૦ વર્ષ પૂર્વે થયા. તેમણે કહ્યું,

**દાસ અવગુણ ભર્યો, જાણી પોતા તણો, દયાનિધિ દીન પર દયા કીજે,**
**તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી, જગતમાં એટલું સુજશ લીજે.**

ત્રણ કટકા છે- ''દાસ અવગુણ ભરેલો છે''- હું અવગુણોથી ભરેલો છું પણ પ્રભુ હું અવગુણોથી ભરેલો છું, તેને હું સારું નથી કહેતો પણ ''જાણી પોતાતણો''-તમે એમ કહો ને કે આ મારો છે-તમે એમ સ્વીકારો કે આ મારો છે''

અરે ! બાળક ગમે તેવું ગંદુ હોય તો પણ મા સ્વીકારે છે કે આ મારું બાળક છે. એ વિષ્ટામાં પડયું હોય તો મા ફેંકી નથી દેતી. એ ગંદામાં પડયું હોય તો મા તેનો તિરસ્કાર કરતી નથી. આ તો બાળક છે-ભલે ગંદામાં છે પણ એ તો બાળક છે. મા પ્રેમથી ઉપાડે છે- વાત્સલ્યથી ઉપાડે છે- તેને સ્વચ્છ કરે છે, તેને નવડાવે છે, તેને ઠપકો નથી આપતી, તેને કહેતી નથી, આંખો કાઢતી નથી, મારતી યે નથી. એ બાળક છે એમ કહે છે. દાસ અવગુણ ભર્યો જાણી પોતા તણો.બસ તમે એમ જાણો ને કે આ મારો છે.

વીતરાગ સ્તોત્રની રચના કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય ભગવાને કરી છે. તેના ૨૦ પ્રકાશો છે. તેમણે પોતાના જીવનમાં સાડા ત્રણ કરોડ સંસ્કૃત શ્લોકની રચના કરી છે. અને આ ધરતી પરનું કોઇ ક્ષેત્ર એવું બાકી નથી કે જેના વિષે એમણે શાસ્ત્રની રચના ન કરી હોય. અધ્યાત્મ-યોગ-જ્ઞાન-ધ્યાન-મુનિ જીવન-ગૃહસ્થ જીવન-વ્યાકરણ-કાવ્ય-કોષ-અલંકાર-દર્શન-ઇતિહાસ-પુરાણ-છંદ-નિઘંટુ-જ્યોતિષ આવા અસંખ્ય શાસ્ત્રોની જેમણે રચના કરી, **એવા કલિકાલ સર્વજ્ઞ ધ્રુસકે ધ્રુસકે રડયા હતા. આ રડવું એ વેવલાપણું નથી- આ રડવું એ ઘેલછા નથી. ભક્તિ માર્ગ તો એમ કહે છે કે પરમાત્માના વિરહની વેદનાથી આંખો આંસુથી છલકાય છે એ આંસુ એ ભકતની મોટી મૂડી છે - મિલકત છે. એ આંસુના એક ટીપામાં એવી તાકાત છે કે હિમાલય જેવડા પાપોને પણ ઓગાળી દેશે-પણ જો અંદરમાંથી વેદના થાય તો.**

**રોઇ રોઇ અખિયા રાતી-નયના પ્રભુદર્શન કી પ્યાસી.**

રડી રડી આંખ લાલ થઇ છે. ધ્રુસકે ધ્રુસકે રડતાં રડતાં- કલિકાલ સર્વજ્ઞ ભગવાન મહાવીરના ચરણોમાં નિવેદન કરે છે કે;

**પ્રભુ ! મારો મોક્ષ કયારે થશે, એ મારે પૂછવું નથી.**
**મારે કેટલા જન્મ કરવા પડશે, એ મારે પૂછવું નથી.**
**કયા જન્મમાં મારું કલ્યાણ થશે, એ મારે પૂછવું નથી.**
**મારામાં કયા દોષો છે, એ મારે પૂછવું નથી.**
**હું શું કરું તો મારું કલ્યાણ થાય, એ મારે પૂછવું નથી.**
**મારે કયા શાસ્ત્રો વાંચવા, એ મારે પૂછવું નથી.**
**મારે કયું સાધન કરવું, એ મારે પૂછવું નથી.**

મારે તો માત્ર એક જ વાત કરવી છે અને એ વાત એ છે કે ''હે પ્રભુ! એક વખત-એક વખત-તમે તમારા મોઢેથી એટલું જ કહો કે હેમચંદ્ર! તું મારો છે. મારે કાંઇ બીજું સાંભળવું નથી''

અરે ! મોક્ષ તો મળશે-એની મેળે મળશે- મોક્ષ કયાં જશે ?-કોણ માગે છે મોક્ષ ?-કોને મોક્ષની પડી છે ?-જુઓ આ સંતોની મસ્તી ! આ વીતરાગ પુરુષ-પરમાત્મા જેવા વીતરાગ પુરુષ, તેઓ એમ ને એમ કહેતા નથી-પણ એમાં વાસ્તવિકતા હશે-એમાં તથ્ય હશે. એ એમ કહે

છે કે **''દાસ અવગુણ ભર્યો- જાણી પોતાતણો''** હું તમારો ! એક ભકતે પણ ગાયુ કે **''નાથ હું જેવો તેવો પણ તારો''** હું ગમે તેવો છું- એમાં મને ગૌરવ નથી-ભૂલ છે મારી. હું ગમે તેવો હતો અને ગમે તેવો છું પણ છું તો તમારો. એવી અવસ્થાનો સ્વીકાર કરી જે સાધક પોતાની યાત્રાનો પ્રારંભ કરે છે તેની શું વાત કરવી ? આ છે પોતાની જાતનું અવલોકન !

ખેડૂત ચોમાસાની રાહ જોવે છે કે વરસાદ કયારે આવશે ? પણ વરસાદ આવતાં પહેલા ખેડૂત ખેતરને તૈયાર કરી રાખે છે, એ એવું નથી વિચારતો કે વરસાદ વરસશે-પછી ખેતરમાં જઇશું અને પછી ખેતર તૈયાર કરીશું. એ વરસાદ પડયા પછી ખેતરમાં જતો નથી. વરસાદ આવવાનો છે- ચોક્કસ આવવાનો છે એવું જાણીને ખેડૂત તૈયારી કરે છે. એમ કહેવાય છે કે વરસાદ આવતાં પહેલાં ખેતરને તૈયાર કરે-ખેતર ખેડી રાખે-વાડ કાંટો કરી રાખે-કચરો કાઢી નાખે- અને જેવો વરસાદ આવે કે તરત તૈયાર થયેલા ખેતરમાં બીજની એ વાવણી કરે છે, પછી તો બીજ ઊગે છે. ખેડૂતની જેમ વેપારી મોસમની રાહ જોવે છે અને તૈયારી કરી રાખે છે એમ આરાધક જીવો પર્યુષણ પર્વની રાહ જોતા હોય છે. તમે રાહ તો જોઇ જ હશે ! અને તૈયારી પણ કરી હશે. ખેતરો બધા ખેડીને-આ બહારના ખેતરો નહીં, આ અંદરના ખેતરો! આ હૈયાના ખેતરો ! આ મનના ખેતરો ! ખેડીને તૈયાર કરી રાખ્યા હશે-અંદરથી કચરો કાંટો કાઢી નાખ્યા હશે- વાડકાંટો કરી રાખ્યા હશે. અને હવે રાહ જોતા હશો કે શ્રાવણ વદ-૧૨ અને પહેલો દિવસ પર્યુષણનો-અને આ વર્ષા કયારે વરસશે ? અને જે સાંભળ્યું છે- જે વાંચ્યું છે તેને જીવનમાં મૂર્તિમંત કરવાનો અવસર તેને કહેવાય છે પર્યુષણ પર્વ. શું કરવાનું છે આ સાધનામાં! થોડીક મૌલિક વાતો સમજી લઇએ.

સાધનામાં તિરોભાવનો આવિર્ભાવ કરવાનો છે-અંદરમાં સમગ્ર ચૈતન્ય ભર્યું પડયું છે-આ જ્ઞાનીઓનું દર્શન તો જુઓ ! જ્ઞાની એમ કહે છે કે ;

**સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય.**

અંદરમાં અખંડ દ્રવ્ય ભરેલું પડયું છે- અનંત ગુણોથી યુકત-અનંત પર્યાયોથી યુકત-અસંખ્યાત પ્રદેશોના વિસ્તારમાં ફેલાયેલું, આ ચેતન દ્રવ્ય અંદરમાં કમ્પલીટ પૂરેપૂરું તૈયાર છે- Not Incomplete - એ તો નિગોદમાં યે Complete જ છે. અને સિદ્ધ અવસ્થામાં યે Complete છે. અંદરમાં તો Complete જ છે પણ એ તિરોભૂત (છુપાયેલું) છે. દૂધમાં ઘી છે એમાં ના નહીં. પણ દૂધમાં ઘી છે એમ માનીને કોઇ બેન રોટલી પર દૂધ ચોપડે તો! દૂધેય બગડે- અને રોટલીયે બગડે. No doubt દૂધમાં ઘી છે. પણ દૂધમાં રહેલા ઘીને પ્રક્રિયા દ્વારા બહાર કાઢવું પડે છે. દૂધને એક System માંથી-એક પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. કેરીમાં રસ તો ભર્યો છે પણ એમને એમ નહીં મળે- એને ઘોળવી પડશે. અંદરમાં સમગ્ર ચેતન તત્ત્વ હાજર છે. એ અંદરમાં રહેલા ચેતન તત્ત્વને પ્રગટ કરવું એને કહેવાય છે આવિર્ભાવ. પર્યુષણ પર્વ એ

તિરોભૂતને આવિર્ભૂત કરવાનો અપૂર્વ અવસર છે. અપ્રગટને પ્રગટ કરવું છે- અજ્ઞાતને જ્ઞાત કરવું છે. આખા જગતને જાણ્યું તે જ્ઞાત અને જેને જાણવા જેવું છે તે જાણવાનું બાકી રહી ગયું છે, તેને કહેવાય છે અજ્ઞાત.

સંતો તો એમ કહે છે કે

**''પુણ્યનું પોષણ, પાપનું શોષણ, પર્વ પર્યુષણ આવ્યા જી રે,''** બહુ સીધી વાત છે- ''ધર્મનું પોષણ-અને પાપનું શોષણ.'' અથવા જૈનદર્શને એક શબ્દ આપ્યો છે કે- ગમે ત્યાંથી સાધના કરો. પણ સમગ્ર સાધનાની પાછળ હેતુ તો માત્ર એક જ છે અને તે મોહમાંથી સંપૂર્ણ મુક્તિ.

બે દિવસ પહેલા ૧૫ ઓગષ્ટ ગઇ-સ્વતંત્રતાનો દિવસ ઊગ્યો ગણાયો. જગતને ખબર નથી કે સ્વતંત્રતા શું ચીજ છે. અને પચાસ વર્ષ પછી પણ પરતંત્રતાની પીડાઓ કાંઇ ઓછી થઇ નથી. સ્વતંત્રતાનો આભાસ છે પણ પરતંત્રતાની પીડાઓ આજે એટલી જ છે. પણ ખરેખરી સ્વતંત્રતા એ ક્ષણે પ્રગટ થશે કે જે વખતે આત્મા ઉપરથી મોહનું શાસન ઊઠી જશે.

**गतमोहाधिकाराणामात्मानमधिकृत्य या।**
**प्रवर्तते क्रिया शुद्धा तदध्यात्मं जगुर्जिनाः॥**

(ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ)

આત્મા પર મોહના અધિકાર વિશે આ લખ્યું છે. **મોહ પોતાનો અધિકાર ઉઠાવી લે એવી ચેતનાની અવસ્થા એને કહેવાય છે ધર્મ- એને કહેવાય છે અધ્યાત્મ ! આવા ધર્મનું પોષણ કરવા માટે આ પર્યુષણ પર્વ છે.**

**જૈન દર્શનનું એમ કહેવું છે કે એવો એક નિર્ણય, એવો એક સંકલ્પ જીવનમાં કરી લેવા જેવો છે.**

**आश्रवः सर्वथा हेय, उपादेयश्च संवरः।**

તમામ શાસ્ત્રોને નિચોવીને જો એક વાકયમાં મુકવા હોય તો આ આશ્રવો સર્વથા હેય છે. હેય એટલે છોડવા લાયક. એમાં કોઇ ચર્ચાની જરૂર નથી. જ્ઞાની પુરુષોના સમગ્ર ચિંતનના પરિણામે આ જ્ઞાની પુરુષોએ કહ્યું છે કે ચૌદે ચૌદ પૂર્વને-દ્વાદશાંગી અને ૪૫ આગમોને અમે આ એક નાનકડા વાકયમાં સમાવી દીધા છે. તમને એમ થાય કે વીતરાગ પુરુષોની આજ્ઞા શું છે ? તો વીતરાગ પુરુષોની આજ્ઞા એક લીટીમાં છે કે;

**आश्रवः सर्वथा हेय, उपादेयश्च संवरः ।**

**આશ્રવના ઘણા પ્રકારો છે- જેવા કે હિંસા-અસત્ય-ચોરી-દુરાચાર-પરિગ્રહ-ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ-કલહ-અભ્યાખ્યાન-પૈશુન્ય-રતિ-અરતિ-પરપરિવાદ-માયામૃષાવાદ મિથ્યાત્વ-અવિરતિ-કષાય-પ્રમાદ. આ બધા સર્વથા હેય છે. હર હાલતમાં** છોડવા લાયક છે. અને **''उपादेयश्च संवरः''** એટલે ઉપાદેય (પ્રાપ્ત કરવા લાયક) જો કાંઇ હોય તો સંવર છે- તો આશ્રવ છોડવા લાયક અને ઉપાદેય માત્ર સંવર છે. **આખા જગતનાં દર્શન શાસ્ત્રોની પરિભાષામાં માત્ર**

**જૈનદર્શનમાં આ સંવર અને નિર્જરા શબ્દ છે. જગતના બીજા દર્શનો આશ્રવ સુધી પહોંચ્યા છે- સંવર સુધી પહોંચ્યા નથી. આ પક્ષપાત નથી- વાસ્તવિકતાનું વર્ણન છે.**

જગતના બીજા દર્શનો ''અશુભનો ત્યાગ કરો અને શુભનો સ્વીકાર કરો'' અહીં સુધી પહોંચ્યા છે. એટલે કે પાપનો ત્યાગ કરો અને પુણ્યનો સ્વીકાર કરો અહીં સુધી પહોંચ્યા છે. પણ **પુણ્ય અને પાપ બંને છોડીને એક ત્રીજી અવસ્થા પ્રાપ્ત કરવી છે એ ઉદ્‍ઘોષણા માત્ર જૈનદર્શને કરી છે. જૈન દર્શન એને સંવર કહે છે. અશુભ પણ હેય અને શુભ પણ હેય-પાપ હેય અને પુણ્ય પણ હેય. પાપ પણ બેડી અને પુણ્ય પણ બેડી-કાંઇ પણ કરવું** totally action-**એમાંથી મુક્ત અવસ્થા પ્રાપ્ત થઇ જાય, એને આશ્રવ નિરોધ કહેવાય છે, અને આને કહેવાય છે સંવર. નવા કર્મોની (પાપની કે પુણ્યની) આવક અંદરમાં બંધ કરવી. (એને કહેવાય છે સંવર.)**

અંદરમાં બહુ મોટું-જબરદસ્ત કારખાનું ચાલે છે. અને તે પાછું અનંત જન્મોથી ચાલે છે. આ કારખાનું કયારેય બંધ પડતું નથી. એમાં રવિવાર આવતો નથી- હડતાલ કયારેય પડતી નથી. Production જ છે. ઢગલાબંધ Production છે. સમયે સમયે અનંત-અનંત કાર્મણની વર્ગણા જીવ ગ્રહણ કર્યે જ જાય છે-કર્યે જ જાય છે-કર્યે જ જાય છે. વ્યવસ્થા એવી છે કે કાર્મણની વર્ગણા લેવા માટે રાજકોટથી કયાંય (જામનગર) જવું પડે એમ નથી. અરે ! આ જ્ઞાન મંદિરમાંથી ઘરે પણ લેવા જવું પડે તમે નથી. અહીંયા બેઠા બેઠા મળે છે. જે કાચો માલ છે- તે શોધવા માટે કયાંય જવું પડે તેમ નથી. આકાશના પ્રદેશોમાં- જ્યાં બેઠા છીએ ત્યાં- અનંત અનંત કાર્મણની વર્ગણા ઠાંસી ઠાંસીને ભરી છે. જીવને જેટલું ખરીદવું હોય તેટલું અહીંથી જ ખરીદી શકે છે. અને આપણે સાત અથવા આઠ કર્મો ખરીદ્યા જ કરીએ છીએ. જ્યારે આયુષ્ય કર્મ બંધાય ત્યારે આઠ કર્મો બંધાય છે. આયુષ્ય કર્મ ભવમાં એક જ વખત બંધાય છે. વારંવાર બંધાતું નથી પણ તેના સિવાયના બાકીના સાત કર્મો- (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) વેદનીય (૪) મોહનીય (૫) નામ (૬) ગોત્ર (૭) અંતરાય સતત બંધાય છે.

તે તે વખતની અંદરમાં ચાલતી કષાયની ધારા વગેરેને અનુરૂપ-તેના ગણિત પ્રમાણે જથ્થાબંધ કર્મોની આવક આ જીવ વારંવાર ગ્રહણ કરે છે. એ જે કર્મો આવે છે.

(૧) તેની સ્થિતિ નક્કી થાય
(૨) તેનો રસ નક્કી થાય.
(૩) તેના પ્રદેશ નક્કી થાય
(૪) તેની પ્રકૃતિ નક્કી થાય.
(૫) તેની સત્તા નક્કી થાય
(૬) તેનો ઉદય નક્કી થાય.
(૭) તેનો બંધ નક્કી થાય
(૮) તેની ઉદીરણા નક્કી થાય.
(૯) તેનો પ્રદેશ ઉદય નક્કી થાય
(૧૦) તેનો વિપાક ઉદય નક્કી થાય.
(૧૧) તેનું પ્રારબ્ધ નક્કી થાય
(૧૨) તેનું સંચિત નક્કી થાય.
(૧૩) ક્રિયમાણ નક્કી થાય

અને તે સમયે થાય. કમ્પ્યૂટરને વાર થાય પણ આ તો તે જ ક્ષણે નક્કી થાય છે- તેને વાર થતી નથી. સમજી લો આ સમય અને સમયની વાતને. આ સમય શબ્દ જ્યારે બોલીએ- વાપરીએ છીએ ત્યારે ક્ષણ શબ્દ ન વાપરશો. ક્ષણના અસંખ્યાત પાર્ટ તેમાંથી એક પાર્ટ તે સમય. અને એ સમયમાં સાતે સાત કર્મોના અનંત કાર્મણના પરમાણુઓ જીવ ગ્રહણ કરે છે અને ગ્રહણ કરવા માટે જીવની પોતાની જે રીત છે- પોતાનો જે વેપાર છે તે તો મુખ્ય બે પરિબળનો છે.

(૧) રાગની ધારા અને (૨) દ્વેષની ધારા.

ભગવાન મહાવીરે કહ્યું છે કે

**रागो य दोसो वि य कम्मबीयं, कम्मं च मोहप्पभवं वयंति ।**

**कम्मं च जाईमरणस्स मूलं, दुःक्खं च जाई मरणं वयंति॥**

ઉત્તરાધ્યયન સૂત્ર ૩૨/૭)

આ કર્મોને આવવાના માટે તમારી પાસે બે જ પરિબળો. આ કર્મોને કોલ કરવો હોય- ટેલિફોન કરવો હોય- તમારે બોલાવવા હોય તો તમારે કયાંય જવું પડતું નથી - STDની જરૂર પડતી નથી. **બસ ! અંદર રાગનો અંશ ઊભો થયો કે કર્મોની આવક ચાલુ થઇ. દ્વેષનો ભાવ ઊભો થયો કે કર્મોની આવક ચાલુ થઇ. સમયે સમયે રાગની અને દ્વેષની ધારા જેટલા જેટલા અંશમાં અને જેટલા જેટલા પ્રમાણમાં અંદર ચાલુ રહેતી હશે, એને અનુકૂળ કાર્મણની જથ્થાબંધ વર્ગણા આત્મા પાસે આવે છે- અને તેનું પરિણામ નક્કી થઇ જાય છે. આ કર્મોની પરંપરા link તોડવી આને કહેવાય છે સંવર.**

કોન્સ્ટન્ટ આ પ્રવાહ જે ચાલે છે તેને તોડવો છે અને સત્તામાં રહેલા કર્મોને ખાલી કરવા માટે એક ત્રીજું તત્ત્વ છે નિર્જરા. નવા કર્મોને રોકયા પણ આપણી પાસે જથ્થાબંધ માલ પડયો છે. આપણે ખાલી નથી. આપણે બહુ સમૃદ્ધ છીએ અને બધો માલ મૃત્યુ પછી સાથે લાવીએ છીએ-આવો કોઇ વેપાર નથી કે પોતાના જીવનમાં જે માલ પ્રાપ્ત કર્યો હોય તે મર્યા પછી પણ સાથે લઇ જવાય. એવી કોઇ arrangment નથી-માત્ર કર્મતંત્ર સિવાય. અહીં આવ્યા ત્યારે કર્મો લઇને આવ્યા-જયાં હતા ત્યાંથી બધા total કર્મો લઇને આવ્યા. તે જન્મમાં પણ છોકરા તો હશે- અને ભાગ માંગ્યો હશે કે ''બાપા, અમારો ભાગ આપી દો.'' અને ભાગ આપી પણ દીધો હશે. પણ કર્મોનો ભાગ તો છોકરાએ માંગ્યો પણ નહીં હોય. અને માંગ્યો હોય તો આપી પણ નહીં શકાય. **એ આખું ને આખું કર્મનું તંત્ર આપણે લઇને અહીં આવ્યા છીએ. એ આખોને આખો જથ્થો લઇને આવ્યા છીએ. એ જથ્થો ખાલી કરવાનો છે અને આ જથ્થાને ખાલી કરવો એને કહેવાય નિર્જરા.**

આ અદ્‌ભુત શબ્દો છે. આ સામાન્ય શબ્દો નથી. **આ ત્રણ શબ્દો ઉપર જૈન દર્શન ઊભું છે. આશ્રવ હેય છે. સંવર ઉપાદેય છે અને નિર્જરા પ્રાચીન કર્મોને ખાલી કરવાની અદ્‌ભુત રીત**

(method) છે.

એટલા માટે તપનું મહત્ત્વ છે. પર્યુષણ પર્વની ઉજવણી

(૧) તપથી થાય (૨) અહિંસાથી થાય (૩) સદાચારથી થાય.

પર્યુષણ પર્વના અલંકારો છે અને તેનાથી પર્યુષણ પર્વ શોભશે. પાંચ અલંકારો જ્ઞાની પુરુષોએ વર્ણવ્યા છે. આજે બધા તૈયાર થઇને આવ્યા હશો. પુરુષો ઘરેણા પહેરતા નથી એટલું સારું છે. બહેનો તો તૈયાર થઇને આવી હશે. કિંમતી ઘરેણાની વાત છે. પર્યુષણ પર્વના આ પાંચ અલંકારોની વાત કરીને મૂળ વિષયની વાત ચાલુ કરીએ.

**(૧) ઘરેણું- અમારી પ્રવર્તન (પ્રવૃત્તિ).** શબ્દ છે અમારી પ્રવર્તન (પ્રવૃત્તિ). ભગવાન મહાવીરનું એમ કહેવું છે કે,

**सव्वे जीवा वि इच्छन्ति जीविउं न मरिज्जिउं।**

આ ધરતી ઉપર દેહ ધારણ કરેલા પ્રાણધારક જીવો બધા જ જીવવાને ઇચ્છે છે. કોઇ મરવાને ઇચ્છતું નથી. બધા જ જીવવાને ઇચ્છે છે. પ્રબળ તૃષ્ણા જો કાંઇ પણ હોય તો જીવવાની તૃષ્ણા છે. જીવન વહાલું છે- જીવન પ્રિય છે- એ જીવન તમે આપી શકતા નથી.

જીવન આપવાની હેસિયત તમારામાં નથી તેથી એ જીવન જેને પ્રાપ્ત થયું છે તે **કોઇનું પણ જીવન, મારા સ્વાર્થ માટે- મારા સુખ માટે- મારા દ્વેષ માટે- મારાં વેર માટે-મારા અંગત હેતુ માટે- ઝૂંટવી લેવું નથી- એ પ્રકારનો અંદરનો જે સંકલ્પ એને કહેવાય છે અમારી.** માત્ર કોઇને મારવા નહીં એવી વાત નથી પણ સમગ્ર જીવનનો આ સંકલ્પ છે કે જગતમાં સૌ કોઇ જીવે- મારે કોઇના જીવનમાં અવરોધ ઉત્પન્ન કરવો નથી.

**सव्वे जीवा वि इच्छन्ति, जीविउं न मरिज्जिउं।**

યશોવિજયજી મહારાજે કહ્યું છે,

**મર કહેતા પણ દુ:ખ હુએ રે મારે કેમ નવિ હોય ?**<br>**હિંસા ભગિની અતિ બૂરી રે, વૈશ્વાનરની જોય રે**<br>**પ્રાણી! જિનવાણી ધરો ચિત્ત.**

કોઇને મર એમ કહેતા પણ  દુ:ખ થાય છે.તો માર્યા પછી કેમ ન થાય ? ભગવાન મહાવીરની ઉદ્દઘોષણા છે. તમે પણ જીવો-જગતમાં સર્વને જીવવા દો- તમે આનંદથી જીવો અને બીજાને સુખેથી જીવવા દો. માત્ર પર્યુષણ પર્વમાં આવો નિર્ણય નહીં પણ પર્યુષણ પર્વમાં એવો નિર્ણય કરી આખું વર્ષ એ રીતે પસાર કરો. જીવવું છે પણ કોઇના જીવનમાં મારે અવરોધ ઊભો કરવો નથી. મનથી-વચનથી-શરીરથી કોઇ પણ ક્રિયાથી મારે કોઇને પીડા આપવી નથી. જીવવું તો છે પણ પીડા આપ્યા સિવાય જીવવું છે.

''પ્રભુ ભજો-નીતિ સજો-પરઠો પર ઉપકાર.''

પુષ્પ પાંખડી જ્યાં દુભાય, જિનવરની આણા નહીં ત્યાંય''  અરે ફુલની પાંખડી પણ મારે દુભવવી નથી એવી અવસ્થા મારે પ્રાપ્ત કરવી છે.

મહાપુરુષોએ કહ્યું છે કે હિંસા એ તમામ દુ:ખોની જડ છે. આ એક ભાઇ-બેન એવા છે કે જે સાથે રહે છે-ભાઇ અને બહેન સાથે જ રહે છે કયારેય પણ જુદા પડતા નથી. અને હોય છે ત્યાં બન્ને સાથે જ હોય છે. આમ તો દીકરી મોટી થાય ત્યારે પરણીને સાસરે જાય. આ દીકરી એવી છે કે પરણીને સાસરે જતી નથી અને ભાઇનો કેડો મૂકતી નથી. એકનું નામ છે હિંસા-એ દીકરી છે અને બીજાનું નામ છે ક્રોધ-અને એ હિંસાનો ભાઇ છે. ક્રોધ વગર હિંસા ન થાય. પહેલાં આવે છે ક્રોધ અને પછી થાય છે હિંસા. હિંસા સીધી થતી નથી. હિંસાને રોકવાના ગમે તેટલા પ્રયત્ન કરશો, હિંસા નહીં રોકાય. અંદર ક્રોધ જો  ઊઠશે તો બધી મર્યાદા ભેદીને હિંસા પ્રગટ થશે. મજબૂત બંધ બાંધ્યો હશે પણ નદીના પૂર જો આવશે તો જેમ બંધ તૂટી જશે તેમ ક્રોધની ધારા જેટલા જોરથી વહેશે તેટલા જોરથી હિંસા અંદરમાંથી પ્રગટ થઇ જશે. જ્યાં જ્યાં ક્રોધ છે ત્યાં ત્યાં હિંસા છે. આ હિંસા નામની બેન-ક્રોધ નામના પોતાના ભાઇને મૂકીને એક ક્ષણ પણ દૂર થતી નથી. જ્યાં જ્યાં હિંસા છે ત્યાં ત્યાં સમજી લેજો કે ત્યાં ત્યાં ક્રોધ કામ કરતો હશે. ક્રોધ જો હશે તો હિંસા થયા વગર રહેવાની નથી. આ ક્રોધ અને હિંસા બધાને પોતાના જીવનમાંથી સંપૂર્ણપણે દૂર કરવા છે એવો સંકલ્પ કરવાનો અવસર એને કહેવાય છે. પર્યુષણ પર્વ. આ પર્વમાં પોતે ''અમારી''નું પાલન કરવાનું ને બીજા પાસે ''અમારી''નું પ્રવર્તન કરાવવાનું, એ પહેલું ઘરેણું છે. ભગવાન મહાવીરે કહ્યું.

**सव्वे जीवा सव्वे पाणा सव्वे भूआ सव्वे सत्ता, न हंतव्वा ।**

સર્વ પ્રાણો-સર્વ જીવોને હણશો નહીં- હણાવશો નહીં- અને હણતાંનું અનુમોદન કરશો નહીં-આ પહેલો અલંકાર -પહેલું ઘરેણું

**(૨) ઘરેણું- પરસ્પર ક્ષમાપના.**

કોઇના પ્રત્યે વેર-ઝેર-દ્વેષ-અણગમો-તિરસ્કાર-કંટાળો-નફરત-ઘૃણા-ઇર્ષ્યા થયા હશે-આખા વર્ષ દરમ્યાન જરૂર થયા હશે-અને કોઇને દુભવ્યા પણ હશે-વેરની ગાંઠો વાળી પણ હશે-દ્વેષની ગાંઠો વાળી પણ હશે. અને આ નાનકડા હૃદયમાં વેરની જવાળાઓ ભભૂકી ઊઠી હશે એ તમામ વેરની જવાળાઓને અને દ્વેષના હુતાશનને ઠારવાનો અવસર એને કહેવાય છે પર્યુષણ પર્વ.

ભગવાન મહાવીરે કહ્યું છે કે ક્ષમા આપો અને ક્ષમા માંગો-

યશોવિજયજી મહારાજે કહ્યું છે કે ''**ખેમા કરતાં ખર્ચ ન લાગે-ભાંગે કરોડ કલેશ**'' જુઓ આ સસ્તામાં સસ્તો ધંધો. મૂડી રોકાણ બિલકુલ નહીં. મૂડી રોકાણ કર્યા વગર આ કામ થાય તેવું છે. દાન આપવું હોય તો પૈસા આપવા પડે, પણ ક્ષમા આપવામાં પૈસા આપવાના નથી. ખેમા

કરતાં ખર્ચ ન લાગે-ખેમા એટલે ક્ષમા. ક્ષમા આપતા ખર્ચ લાગતું નથી પણ ફાયદો કેટલો મોટો? **''ભાંગે કરોડ કલેશ''**. એક કરોડ કલેશ ક્ષમા આપવાથી શાંત થાય છે. ગમે તેટલા કલેશ થયા હશે-હાથ જોડીને ક્ષમા માંગશો તો બધા કલેશ શાંત થઇ જશે. આજના પહેલા દિવસે હૃદયમાં જે જે કલેશો હશે- જે વેર હશે- જે દ્વેષો હશે- જે અણગમાઓ હશે- જે ઘૃણાઓ હશે-જે નફરતો હશે તે આજે શાંત કરી દેજો. વેરની આગ ઓલવી નાખજો-ક્રોધની જવાળા ઓલવી નાખજો-દ્વેષની આગ ઓલવી નાખજો-ઘૃણાને દૂર કરજો-અણગમાને દૂર કરજો અને એનું મૂર્તિમંત સ્વરૂપ ક્ષમા છે. અને...

ક્ષમા જ્યાં હોય છે ત્યાં વાત્સલ્ય હોય છે.
ક્ષમા જયાં હોય છે ત્યાં પ્રેમ હોય છે.
ક્ષમા જ્યાં હોય છે ત્યાં અહિંસાનું અમૃત હોય છે.

એવા અમૃતથી આજે જ-આજે શ્રાવણ વદ-૧૨ના દિવસે એ અમૃતથી હૃદયને ભરી દેજો.

જયાં આગ સળગી છે- જે ખેતરમાં આગ લાગી છે. એવા ખેતરમાં ગમે તેટલું ઊંચામાં ઊંચું બીજ વાવશો તો પણ બીજ ઊગી શકશે નહીં. મહાપુરુષોએ કહ્યું છે કે, જેના હૃદયમાં વેરની આગ સળગી રહી છે એના હૃદયમાં ધર્મનું બીજ કયારેય પણ વાવી શકાશે નહીં અને ધર્મનું બીજ ઊગી શકશે નહીં. આજથી બીજ વાવવાનું છે.

તપ કરશો-સ્વાધ્યાય કરશો-ધ્યાન કરશો-પ્રભુની ભક્તિ કરશો-સત્સંગ કરશો-સ્વાધ્યાય કરશો- તીર્થયાત્રા કરશો-મહાપુરુષોને યાદ કરશો-આ બધા બીજ છે. પણ બીજ વાવતા પહેલાં દ્વેષની અગ્નિને ઓલવી નાખજો. બીજ વાવતા પહેલાં વેરની જવાળાને શાંત કરજો.

કોઇએ એમ પૂછયું છે કે જેને આત્મ અનુભવ થયો છે તેનું કોઇ લક્ષણ અમને આપશો ? આમ તો ખબર પડે તેમ નથી કે આત્મ અનુભવ થયો છે, તે કેવી રીતે ખબર પડે ? રેવાશંકર જગજીવનદાસની પેઢી ઉપર કરોડો રૂપિયાનો વેપાર કરનારો પુરુષ આત્મજ્ઞાની પુરુષ છે તેની ખબર કેવી રીતે પડે ? મુંબઇમાં પાયધુની ઉપર અને ઝવેરીની પેઢીમાં લાખો રૂપિયાનો વેપાર ચાલતો હોય અને તે વખતે જો કોઇ માણસ જાય અને કોઇ એમ કહે કે આ આત્મજ્ઞાની સત્પુરુષ છે તે ખબર કેમ પડે ? બહુ મુશ્કેલ છે પણ એક લક્ષણ-જેને આત્મ અનુભવ થયો છે **''તતો ન વિજુગુપ્સતે''**- એ જગતમાં-જીવનમાં -કોઇની પણ ઘૃણા અથવા કોઇનો પણ તિરસ્કાર નથી કરતો. આ ઘૃણા ગઇ- તિરસ્કાર ગયો-નફરત ગઇ. આપણે તો બહુ ડાહ્યા છીએ. બોલવું નહીં- ચાલવું નહીં- અને સામે જોવું પણ નહીં. અને સામેથી આવતો હોય તો રસ્તો બદલી નાખવો એટલે માથાકુટ જ નહીં.

આ ઘૃણા છે, રસ્તો બદલાવવાની જરૂર નથી.
ઘૃણાને કાઢવાની જરૂર છે. ડાઇવર્ઝનની જરૂર નથી.

વેરને શાંત કરવાની જરૂર છે, છુપાઇ જવાની જરૂર નથી.
દ્વેષને ઓલવી નાખવાની જરૂર છે, ભાગી જવાની જરૂર નથી.
ક્રોધને શાંત કરવાની જરૂર છે.

આ પર્યુષણ પર્વમાં પરસ્પર ક્ષમા માગજો-નમ્રતાપૂર્વક માગજો. અહંકાર દૂર કરીને માગજો. અને ખાસ કરીને જેની સાથે મન દુઃખ થયું હોય ત્યાં પહેલા સામેથી જઇને પહોંચજો- ને કહેજો કે ''હું આવ્યો છું''- એ બારણાં બંધ કરે તો ઊભા રહેજો ને કહેજો- 'તું બહાર આવીશ ત્યાર પછી હું જઇશ-ભાઇ ! હું લડવા નથી આવ્યો, હું ભૂલનો એકરાર કરવા આવ્યો છું- મેં તને દુભવ્યો છે-મારે પર્યુષણ પર્વની આરાધના કરવી છે.

મારે બીજડા વાવવા છે.
મારે ધરતીને શાંત કરવી છે.
મારે દ્વેષને ઓલવી નાખવો છે.

તમને અદ્‌ભુત આનંદ આવશે.

જેવો આનંદ પ્રેમમાં છે,
જેવો આનંદ શાંતિમાં છે,
જેવો આનંદ ક્ષમામાં છે,
જેવો આનંદ નિર્વેરભાવમાં છે,

એવો આનંદ જગતના બીજા કશાયમાં નથી. ભગવદ્દ ગીતામાં અર્જુન કૃષ્ણને પૂછે છે કે તમે કોને મળશો? ભગવાન કૃષ્ણે કહ્યું અર્જુન મારી પાસે મળવા આવવાની જરૂર નથી- હું એને સામેથી મળવા જાવ છું. પણ કોને? ત્યારે મહર્ષિ વ્યાસે અદ્‌ભુત શબ્દો મૂકયા છે.

**निर्वैरः सर्वभूतेषु स मामेति पाण्डव।**

યુદ્ધના મેદાનમાં-કુરુક્ષેત્રમાં -કૃષ્ણ અર્જુનને કહી રહ્યા છે કે,

જેના અંતરમાં સર્વ પ્રાણીઓ પ્રત્યે નિર્વેરભાવ છે - એને હું સામેથી જઇને મળું છું. એને મારી પાસે બોલાવતો નથી- હું સામેથી જાઉં છું. ભગવાન આટલા સરળ છે પણ વેરને છોડવું ઘણું મુશ્કેલ છે. ભગવાનને મેળવવા મુશ્કેલ નથી. વેરની ગાંઠ ઓગાળવી મુશ્કેલ છે.

કેન્સરની ગાંઠ ઓગાળાશે,

ટી.બી.ની ગાંઠ ઓગાળાશે.

વાની ગાંઠ ઓગાળાશે. પણ મનની ગાંઠ ઓગાળવી મુશ્કેલ છે.

અત્યારે તો જેટલા બેઠા છો તે બધા સંકલ્પ કરજો કે મનની ગાંઠો બધી ઓગાળી નાખવી છે. એક પણ ગાંઠ અંદરમાં જોઇતી નથી. પરસ્પર ક્ષમાપનાની વાત અહીં પૂરી થાય છે.

**(૩) ઘરેણું : સાધર્મિક વાત્સલ્ય (ભક્તિ)**

જે સાથે સ્વાધ્યાય-ધ્યાન-તપ-અનુષ્ઠાન કરે છે એને કહેવાય છે સાધર્મિક-એના પ્રત્યે વાત્સલ્ય રાખવું.

**(૪) ઘરેણું : જિનેશ્વરની ભક્તિ/ચૈત્ય પરિપાટી-**

અનન્ય ભાવે જિનેશ્વરની ભક્તિ.

**(૫) ઘરેણું : અટ્ઠમ તપ.**

આ પાંચ અલંકાર છે પર્યુષણ પર્વના-

૧. અમારી પ્રવર્તન ૨. પરસ્પર ક્ષમાપના ૩. સાધર્મિક વાત્સલ્ય ૪. જિનેશ્વરની ભક્તિ-જેને પ્રાચીન પરંપરામાં ચૈત્ય પરિપાટી કહે છે. (બધા જિનાલયમાં વાજતે ગાજતે દર્શન કરવા જવું.) ૫. અટ્ઠમ તપ-અર્થાત્ ત્રણ ઉપવાસનો તપ.

આ પાંચે પાંચ અલંકારને આજના દિવસથી જીવનમાં ધારણ કરજો. અહીંયા આપણે ચર્ચા કરવાના છીએ- આઠ દિવસ સાથે બેસીને-એક કલાક સવારે અને એક કલાક સાંજે. થોડી ગળાની તકલીફ છે- બોલવાની તકલીફ છે - પણ પરમાત્માની કૃપાથી-પરમ કૃપાળુ દેવની કૃપાથી બોલી શકાશે એટલું જ બોલાશે પણ જે ચર્ચા કરવી છે તે બહુ અલૌકિક છે. આમ તો

જ્ઞાન-આત્મજ્ઞાનની પ્રાપ્તિ કેવી રીતે થાય ?

તે થયા પછી કેવી રીતે વધે ?

અને જીવનમાં કેવી રીતે પ્રગટે ?

આ સૂત્રોની ચર્ચા કરવી છે પણ આ તમામ સૂત્રો એક શબ્દમાં સમાય છે અને એ શબ્દ છે-સમ્યગ્ દર્શન.

જૈન દર્શનની આધારશિલા સમ્યગ્ દર્શન.

જૈન દર્શનનો પાયો સમ્યગ્ દર્શન.

માટે એમ કહ્યું છે સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ નથી થતી ત્યાં સુધી તમારી કોઇ પણ સાધના recognise નહીં થાય- એટલે કે જ્ઞાનીપુરુષ માન્ય નહીં કરે.

એ સમ્યગ્ દર્શનની ચર્ચા દસ ભાગમાં કરવી છે. હું માત્ર સૂત્રો બોલું છું એનું વિવેચન ક્રમે ક્રમે થાશે.

૧. સૂત્ર - સમ્યગ્દર્શનનું માહાત્મ્ય.

૨. સૂત્ર - સમ્યગ્દર્શન થતાં ચેતનામાં કેવી અવસ્થા પ્રગટે છે ?

૩. સૂત્ર - સમ્યગ્ દષ્ટિની અંતરંગ તથા બહિરંગ અવસ્થા કેવી હોય છે ?

૪. સૂત્ર - સમ્યગ્ દષ્ટિ શું કરે છે ?

૫. સૂત્ર - સમ્યગ્દર્શન એટલે શું? તેની જુદી જુદી વ્યાખ્યાઓ.

૬. સૂત્ર - સમ્યગ્દર્શન થતાં પહેલા જીવ પોતાની કેવી અવસ્થા તૈયાર કરે તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય.

૭. સૂત્ર - સમ્યગ્દર્શનની પ્રક્રિયા એ ઘટના છે-આંતરિક ઘટના છે. આ ક્રિયાની ઘટના નથી આ ભાવની ઘટના છે. આ દેખાય તેવી ઘટના નથી. આ શરીરમાં દેખાય તેવી ઘટના નથી.- ઉપવાસ કરશો તો દેખાશે-પ્રતિક્રમણ કરશો તો દેખાશે- પ્રવચન સાંભળશો તો દેખાશે. પણ સમ્યક્દર્શનની ઘટના Inner coreમાં-અંદરમાં થાય છે. જે દેખાતી નથી-એ કેવી રીતે થાય છે?

૮. સૂત્ર - સમક્તિના ૬૭ બોલ.

૯. સૂત્ર - સમ્યગ્દર્શનના પ્રકારો.

૧૦. સૂત્ર - સમ્યગ્દર્શન પછી સમ્યગ્ દૃષ્ટિ આત્માને પણ સાધના કરવાની જે બાકી રહી છે તે સમ્યગ્ દૃષ્ટિ આત્મા કેવી રીતે કરે છે ?

# પ્રવચન : ૨

## સમ્યગ્દર્શનનું માહાત્મ્ય

સમ્યગ્દર્શનનું માહાત્મ્ય જીવને જ્યાં સુધી ન સમજાય ત્યાં સુધી તે સમ્યગ્દર્શન માટેના પ્રચંડ પુરુષાર્થનો પ્રારંભ જીવ કરી નહીં શકે. અને જેનું માહાત્મ્ય સમજાય છે અને જે હૈયે વસી જાય છે- તે માટે મરણની કિંમત ચૂકવીને એને પ્રાપ્ત કરવા મથે છે.

**ધનનું માહાત્મ્ય સમજાયું છે તો ધનની પાછળ દોડયો છે.**
**સત્તાનું માહાત્મ્ય સમજાયું છે તો સત્તાની પાછળ દોડયો છે.**
**પ્રતિષ્ઠાનું માહાત્મ્ય સમજાયું છે તો પ્રતિષ્ઠાની પાછળ દોડયો છે.**
**રૂપનું માહાત્મ્ય સમજાયું છે તો રૂપની પાછળ દોડયો છે.**

જરાક ફેરફાર જો થાય- થોડીક સમજણ જો આવે અને એના હૈયે જો ધર્મ વસી જાય તો, બાહ્ય ધર્મનું માહાત્મ્ય એના અંતરમાં જો આવે તો, બાહ્ય ધર્મ માટે પણ પોતે દોડધામ કરે છે. શાસ્ત્રોને એમ કહેવું છે કે આ માહાત્મ્ય આવ્યું છે માટે એનો પ્રચંડ પુરુષાર્થ કરે છે. એક વખત સમજણપૂર્વક જો સમ્યગ્દર્શનનું માહાત્મ્ય પ્રાપ્ત થાય તો જીવ સમ્યગ્દર્શન માટે પ્રચંડ પુરુષાર્થ કરી શકે છે.

જેનું માહાત્મ્ય સમજાય છે તેની પાછળ જીવ દોડે છે. માહાત્મ્ય આવ્યું છે માટે પ્રચંડ પુરુષાર્થ કરે છે. એક વખત સમ્યગ્દર્શનનું માહાત્મ્ય આવે તો જીવ સમ્યગ્દર્શન માટે પ્રચંડ પુરુષાર્થ કરશે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પ્રચંડ પુરુષાર્થથી થાય છે પણ સાથે તેમાં સત્પુરુષની પરમકૃપા પ્રધાન નિમિત કારણ છે. માટે થોડીક પાયાની વાતો સમજીએ.

**પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ,**
**સમજું મોક્ષ ઉપાય તો ઉદય ઉદય સદ્ભાગ્ય.**

અંદરમાં એક પ્રચંડ ઉલ્લાસની ધારા પ્રગટી છે- અને આ ધારા પ્રગટ્યા પછી શિષ્ય ગુરુને નિવેદન કરે છે કે, ૧. આત્મા છે. ૨. આત્મા નિત્ય છે. ૩. આત્મા કર્મોનો કર્તા છે. ૪. આત્મા કર્મોનો ભોકતા છે. ૫. આત્માનો મોક્ષ છે. ૬. મોક્ષનો ઉપાય છે. હવે કોઇ વિચાર બાકી રહ્યો નથી. અને ચારે બાજુથી ચિત્તનું સમાધાન થયું છે તર્કથી- વિચારથી -સમજણથી-બુદ્ધિથી-શાસ્ત્રોથી. તમામ પાસાથી ચિત્તનું સમાધાન થયું છે. સમાધાન એટલે ચિત્તની સંવાદિતા. મનનું સમાધાન એટલે મનનો લય. મનનો ઉલ્લાસ સમાધાનથી પ્રાપ્ત થાય છે.

વેદાંતની પ્રક્રિયામાં સાધન ચતુષ્ટયની વાત કરી છે. ત્યાં શમદમાદિ ષટ્સંપત્તિ સાધન તરીકે વર્ણવી છે - શમ-દમ-તિતિક્ષા-શ્રદ્ધા-ઉપરતિ અને સમાધાન એ છ સંપત્તિ છે. ચિતમાં

કોઇ પણ જાતનો કલેશ ન રહે- ચિતમાં કોઇ પણ જાતનો સંદેહનો શંકાનો કાંટો ન રહે અને છતાં તીવ્ર બુદ્ધિથી તમામ પાસાઓથી તથ્ય (સત્ય) સમજાય છે ત્યારે મનમાં આહ્લાદ આવે છે. પણ શિષ્ય કહે છે કે ''**સમજું મોક્ષ ઉપાય તો.**'' મોક્ષનો ઉપાય જો સમજું તો ઉદય ઉદય બે વખત સદ્ભાગ્ય થાય. મોક્ષનો ઉપાય ન સમજું ત્યાં સુધી આ પાંચ સમજયા તે પૂરેપૂરા કામમાં નહીં આવે. છઠ્ઠો-એટલે કે મોક્ષનો ઉપાય જો હાથમાં ન આવે તો સદ્ભાગ્યનો ઉદય નહીં થાય. ગુરુદેવે કહ્યું કે જો આ પાંચે ઉત્તરથી આત્મા વિશે પ્રતીતિ થઇ છે ત્યારે ''હે શિષ્ય ! હવે ધીરજ ન ખોવી, તો સહજ રીતે આ છઠ્ઠી બાબત વિશે પણ પ્રતીતિ પ્રાપ્ત થશે.'' પણ માર્મિક વાત હવે કરવી છે કે;

**સ્થાનક પાંચે વિચારીને, છઠ્ઠે વર્તે જે,**
**પામે સ્થાનક પાંચમું, એમાં નહીં સંદેહ.**

જો પાંચ સ્થાનક વિચારીને એ જ વિચારમાં અટકી જાય- જો ઊભો રહી જાય-જો આગળ ડગલું ન માંડે તો એના હાથમાં વસ્તુ તત્ત્વ નહીં આવે. પાંચેય બાબતોનું મંથન કરવાનું છે પણ જીવનમાં જે જીવવાનું છે તે છઠ્ઠી બાબત છે.

છઠ્ઠામાં જે વર્તે છે તે પ્રચંડ પુરુષાર્થ કરે છે- આચરણ કરે છે- હવે તેની તમામ તાકાત મોક્ષ પદ પ્રાપ્ત કરવામાં વાપરવાની છે માટે બે ભાગ પડયા. ઉપરની પાંચ બાબતો વિચારવાની અને છઠ્ઠી બાબતમાં વર્તવાનું. એક જ્ઞાન અને એક આચરણ, એક જ્ઞાન અને એક બોધ, એક જ્ઞાન અને એક પુરુષાર્થ, એક જ્ઞાન અને એક જીવનનું આચરણ, પાંચેયને પૂરેપૂરા સમજીએ ''**છઠ્ઠે વર્તે જેહ**''. છઠ્ઠામાં જે વર્તે છે, જીવવાનું છે મોક્ષના ઉપાયમાં. પાંચે પાંચ બાબતોને સમજીને, મોક્ષના ઉપાયમાં જીવવાનું છે. મોક્ષ ન મળે ત્યાં સુધી અંતિમ ક્ષણ સુધી સતત જાગૃત રહીને એને મોક્ષ માટે પ્રચંડ પુરુષાર્થ કરવાનો છે. તો શું થાય?

જો આમ કરે તો ''પામે સ્થાનક પાંચમું (મોક્ષ) એમાં નહીં સંદેહ'' આ મોક્ષ પ્રાપ્ત કરવાની પ્રક્રિયા છે.

તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં **कृत्स्नकर्मक्षयो मोक्ष** : સર્વ કર્મોનો ક્ષય થાય ત્યારે મોક્ષ થાય.

યોગશાસ્ત્રમાં કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીએ એક લીન્ક આપી:

**''मोक्षः कर्मक्षयादेव, तच्चात्मज्ञानतो भवेत्''**

પરમ કૃપાળુ દેવે સરળતાથી કહ્યું

**જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ,**
**તે કારણ છેદક દશા-મોક્ષ પંથ ભવ અંત.**

બંધના જે જે કારણો છે એ જીવ બરાબર સમજે, અને બંધના કારણોને બરાબર સમજીને એ બંધના કારણોને છેદતો જાય- છેદતો જ જાય. જયાં સુધી બંધના કારણો રહે છે ત્યાં સુધી

છેદતો જાય. શાસ્ત્રોને એમ કહેવું છે કે જગતમાં અનંત પ્રકારના ભાવ છે માટે અનંત પ્રકારના કર્મ છે. ભાવની સૃષ્ટિ વિરાટ છે અને તે બધા ભાવોનું વર્ણન વાણીમાં આવી શકે તેમ નથી. અને મનથી સમજાય તેમ પણ નથી. અધ્યવસાય સ્થાનકો અસંખ્યાત છે અને ભાવોના પ્રકાર અનંત છે. ઇન્ડીવીજયુઅલ પ્રત્યેક ભાવ સ્વતંત્ર છે. પ્રત્યેક ભાવ ભિન્ન ભિન્ન છે- પ્રત્યેક ભાવ જુદો છે. પ્રત્યેક ભાવથી જે કર્મનો બંધ થાય છે તે પ્રકાર પણ ભિન્ન છે, જુદો છે. અને પ્રત્યેક ભાવથી જે કર્મનો બંધ થાય છે તેને ભોગવવાનો પ્રકાર પણ જુદો છે. અને જેટલા પ્રકારથી ભોગવી શકાય છે તેટલા પ્રકારથી ભોગવવા માટે દ્રવ્ય-ક્ષેત્ર (સ્થળ) કાળ-ભાવની રચના પણ થાય છે. કારણ કે ભાવના પ્રકારો અનંત છે. જ્યારે અંદર જોશું તો ખબર પડશે કે બે ચાર ભાવો નથી પણ અનંત ભાવો અંદર રહેલા છે-પરિણામે અનંત પ્રકારના કર્મોનો બંધ થાય છે. તે બધા યાદ રાખી શકાય નહીં માટે જ્ઞાનીઓએ તેને આઠ પ્રકારમાં વહેંચી દીધા છે. ૧. જ્ઞાનાવરણીય ૨. દર્શનાવરણીય ૩. વેદનીય ૪. મોહનીય ૫. આયુષ્ય ૬. નામ ૭. ગોત્ર ૮. અંતરાય. **આની પેટા પ્રકૃતિઓ ૧૫૮ છે. જેને મોક્ષ પ્રાપ્ત કરવો છે તેને આ ૧૫૮ પ્રકૃતિઓનો ક્ષય કરવો પડશે.**

**જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય આ ત્રણ ઘાતિકર્મની અમુક પ્રકૃતિઓનો ક્ષયોપશમ છે. પણ ક્ષય થયો નથી.** જેને મોક્ષ પ્રાપ્ત કરવો હોય તેણે આ આઠ કર્મોની બધી પ્રકૃતિનો નાશ કરવો પડશે.

ભાવોના પ્રકારો પાંચ છે. ૧. ઔદયિકભાવ ૨. ઉપશમભાવ ૩. ક્ષયોપશમભાવ ૪. પારિણામિકભાવ ૫. ક્ષાયિકભાવ.

તેમાં પારિણામિકભાવ સ્વાભાવિક છે અને તે પ્રાપ્ત કરવાનો નથી. એ સિદ્ધ છે, સહજ છે, સ્વાભાવિક છે, ત્રિકાળ છે, નૈસર્ગિક છે. ઔદયિક ભાવમાંથી પ્રત્યેક ક્ષણે જીવ પસાર થઇ રહ્યો છે-એક પણ ક્ષણ એવી નથી કે જે ક્ષણમાં કર્મનો ઉદય વર્તતો ન હોય કે કર્મ સક્રિય ન હોય. ક્ષણે ક્ષણે કર્મનો ઉદય છે, ક્ષણે ક્ષણે કર્મનું ફળ ભોગવવાનું છે- ક્ષણે ક્ષણે કર્મના ઉદયના નિમિત્તે રચાતી ફળની વ્યવસ્થામાં અજ્ઞાનપૂર્વક આત્મા જોડાય છે અને જોડાવવાના પરિણામે ફરી વખત નવા કર્મોનો બંધ કરે છે. આવી link અનાદિકાળથી ચાલી આવે છે. મહાપુરુષોએ કહ્યું છે કર્મનો ઉદયકાળ જે વખતે વર્તતો હોય તે વખતે જ્ઞાનનું બળ જો હાજર હોય તો કર્મને ભોગવવાની કળા જીવને પ્રાપ્ત થાય. સત્પુરુષના ચરણનો જો આશ્રય હોય તો કર્મને ભોગવવાની કળા જીવને પ્રાપ્ત થાય. પણ જ્ઞાનનું બળ તથા સત્પુરુષનો આશ્રય ન હોય અને કર્મનો ઉદય ભોગવતા ન આવડે તો નવીન કર્મનો બંધ પડયા વગર રહેતો નથી. આનંદઘનજી મહારાજે ગાયું કે;

**મૂલડો થોડો રે ભાઇ, વ્યાજડો ઘણો છે, કેમ કરીને દીધો રે જાય ?**

વ્યાજ બહુ વધારે છે- જે મૂળ કર્મ ઉદયમાં આવે છે તે પ્રમાણમાં થોડા હોય છે પણ કર્મના ઉદયના કાળમાં આ જીવ તરફથી અજ્ઞાન અવસ્થાને કારણે જે અશુભ-શુભ-અશુદ્ધ ભાવો

થાય છે, તે થવાને કારણે મૂળ મૂડી કરતા વ્યાજ વધી જાય છે. અનંત કાળથી આ પરંપરા ચાલે છે.

ઔદયિકભાવ પ્રાપ્ત થયો છે. પારિણામિક ભાવ તો સહજ વિદ્યમાન છે. એટલે આત્મા-આત્માના અનંત ગુણો-આત્માની અવસ્થાઓ-આત્માનું ભવ્યત્વ-આત્માનું જીવત્વ-આત્માનું અભવ્યત્વ-આત્માનું તથાભવ્યત્વ (એમાં કોઇ પુરુષાર્થ કરવાનો નથી.) ઔદયિકભાવ એ જીવે પોતે કરેલી કમાણી છે અને ક્ષણે ક્ષણે તે કમાણી ભોગવવાની છે.

ક્ષયોપશમભાવ અજ્ઞાન દશામાં પણ થાય છે.બે ભાવ મહત્ત્વના છે. ૧. ઉપશમ ૨. ક્ષાયિક. પહેલો ઉપશમ ભાવ એટલા માટે મહત્ત્વનો છે કે ક્ષાયિક ભાવનો પ્રારંભ ઉપમશભાવ વગર થઇ શકતો નથી. અનાદિ મિથ્યાદષ્ટિ સૌથી પ્રથમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે ત્યારે તે સમ્યગ્દર્શન ક્ષાયિકભાવનું નથી હોતું, પણ તે સમ્યગ્દર્શન ઉપશમભાવનું હોય છે. ઉપશમભાવમાં પ્રારંભ - ક્ષાયિકભાવમાં પૂર્ણતા છે.

**પ્રથમ સૂત્ર** : મોહનીય કર્મનો જ ઉપશમ થાય છે બીજા કોઇ પણ કર્મનો કયારેય ઉપશમ થતો નથી એટલે કે જ્ઞાનાવરણીય કર્મનો-દર્શનાવરણીય કર્મનો- અંતરાય કર્મનો-નામ કર્મનો-ગોત્ર કર્મનો -વેદનીય કર્મનો- આયુકર્મનો ઉપશમ ન થાય. ઉપશમની પ્રક્રિયા એક જ કર્મમાં થાય અને તે માત્ર મોહનીય કર્મમાં જ થાય છે. તથા ક્ષયની પ્રક્રિયા જ્ઞાનાવરણીય કર્મમાં-દર્શનાવરણીય કર્મમાં-અંતરાય કર્મમાં તથા મોહનીય કર્મમાં પણ થાય છે. પણ મોહનીય કર્મનો ક્ષય થયા વગર ક્ષયની ઇફેકટ જ્ઞાનાવરણીય કર્મ-દર્શનાવરણીય કર્મ કે અંતરાય કર્મમાં લાગતી નથી-તે ઇફેકટ જો મોહનીય કર્મનો ક્ષય થયો હોય તો જ લાગે.

**મોહ સ્વયંભૂ રમણ સમુદ્ર તરી કરી, સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો,**
**અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઇ, પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો.**
**અપૂર્વ અવસર એવો ક્યારેય આવશે...?**

ટૂંકમાં મોહનીય કર્મનો ક્ષય કરતાં તો કદાચ વર્ષો લાગે પણ મોહનીય કર્મનો ક્ષય થયા પછી જ્ઞાનાવરણીય કર્મ-દર્શનાવરણીય કર્મ-અંતરાય કર્મનો ક્ષય કરતાં માત્ર અંતર્મુહૂર્ત થશે તેવું સામર્થ્ય મોહનીય કર્મના ક્ષયમાં રહેલું છે. વાત એ કરવી છે કે ગમે તેટલું પુણ્ય કરવામાં આવે-ગમે તેટલા શુભ કર્મો કરવામાં આવે- ગમે તેટલા શુભભાવો કરવામાં આવે તેથી એક પણ મૂળ પ્રકૃતિનો કે ઉત્તર પ્રકૃતિનો મૂળમાંથી ક્ષય થઇ શકતો નથી, કારણ કે એ ક્ષય થવાની પ્રક્રિયા પુણ્ય નથી. ક્ષય થવાનું સાધન શુભભાવ નથી. એ ક્ષય થવાનો ઉપાય શુભ કર્મ નથી- કર્મની પ્રકૃતિનો જે ક્ષય થાય છે તે માટે બે દશા સમજવી પડશે.

**૧. બંધક દશા ૨. અબંધક દશા. બન્ને દશા જુદી છે.**

**૧. બંધના પરિણામ જુદા છે અને અબંધના પરિણામ જુદા છે.**

**૨. બંધની પ્રક્રિયા જુદી છે અને અબંધની પ્રક્રિયા જુદી છે.**

બંધ પરિણામની પ્રક્રિયા : અશુભભાવ/શુભભાવ/અશુભ કર્મ/ શુભ કર્મ/પાપ /પુણ્ય એ બંધની પ્રક્રિયા છે.

અબંધ પરિણામની પ્રક્રિયા : માત્ર શુદ્ધભાવ-માત્ર વીતરાગ દશા એ અબંધક પરિણામની પ્રક્રિયા છે.

**જેને બંધાવું નથી- જેને કર્મથી છૂટવું છે- જેને સર્વ કર્મનો ક્ષય કરવો છે, એને અબંધ દશા પ્રાપ્ત કરવા માટે શુદ્ધભાવમાં ઢળવું પડશે- વીતરાગ દશામાં જવું પડશે અને તેનો પ્રારંભ માત્ર સમ્યગ્દર્શનથી જ થાય છે. આ સમ્યગ્દર્શનનું માહાત્મ્ય છે. સમ્યગ્દર્શન વગર એ પ્રક્રિયાનો પ્રારંભ થઇ શકતો નથી.**

મોક્ષ એ ગીફ્ટ નથી- મોક્ષ કોઇના આપવાથી મળતો નથી-કોઇએ આપેલો મોક્ષ તે પાછો માંગી પણ શકે છે ! **જે કર્મો છે તેનો ક્ષય થયા પછી મોક્ષ મળે છે- તે કામ પોતાને કરવું પડે છે. કારણ કે કર્મો પોતે કર્યા છે. બાકી બધા આ પ્રક્રિયામાં કો-ઓપરેટીવ ફેકટર છે- પરિબળો છે. શુભ નિમિત્તો સહાયક પરિબળો છે પણ કર્મના ક્ષયનું કામ અને તેનો પ્રચંડ પુરુષાર્થ પોતાને જ કરવો પડે છે અને તેનો પ્રારંભ માત્ર સમ્યગ્દર્શનથી જ થાય છે.**તો વાત એ આવી કે કર્મ પ્રકૃતિ ૧૫૮ પ્રકારની છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા વગર તેમાંથી કોઇપણ પ્રકૃતિ સમૂળગી ક્ષય થાય નહીં.

**અનાદિકાળથી જીવ અકામ નિર્જરા કરે છે. તમે કાંઇ પણ નહીં કરો- તમે કાંઇ પણ પ્રયત્ન નહીં કરો તો પણ જે કર્મો બાંધ્યા છે તે કર્મો એના યોગ્ય કાળે ઉદયમાં આવશે -એ કર્મો ફળ આપશે- અને એ કર્મો ખરી પડશે, આ છે અકામ નિર્જરા. પણ એનાથી કોઇ વિશેષ ફાયદો નહીં થાય. જેમાં જીવની જાગૃતિ ભળી નથી-જેમાં જીવનો પુરુષાર્થ ભળ્યો નથી-જેમાં જીવની સમજણ-ભળી નથી એ અવસ્થામાં ગમે તેટલા કર્મો ખરી પડે તો એમાં આત્માની શુદ્ધિ થતી નથી.**

**તપથી નિર્જરા થાય છે પણ એ તપ સમ્યગ્દર્શન સહિત હોય તો કર્મ નિર્જરા થાય. સમ્યગ્દર્શનનો યોગ થયા સિવાય એ તપ મોક્ષ મેળવવાના કામમાં આવી શકતો નથી.**

આના ઉદાહરણ માટે તામલી નામના તાપસનું વર્ણન ભગવાન મહાવીર સ્વામીએ ભગવતી સૂત્રમાં કર્યું છે. તે છઠના પારણે છઠ તપ કરે છે. છઠના પારણે જે ભિક્ષા મળે તેને ૨૧ વખત પાણીમાં ઝબોળે પછી પારણું કરે. આવું તપ સાઇઠ હજાર વર્ષ સુધી કર્યું. આ સાઇઠ હજાર વર્ષના પરિણામે પુણ્યનો બંધ થયો અને તેને દેવલોક પ્રાપ્ત થયો તે વિશે ભગવાન મહાવીરે કહ્યું કે આટલું તપ જો સમ્યગ્દષ્ટિ આત્માએ કર્યું હોત તો ગણિત પ્રમાણે ૮ આત્મા મોક્ષ પામી જાય તેટલી તાકાત એ તપમાં હતી. પણ સમ્યગ્દર્શન ન હોવાના કારણે દેવલોક મળ્યો- મોક્ષ તો ન જ મળ્યો. અહીં તપના નિષેધની વાત નથી, શુભ કર્મનો-શુભભાવનો નિષેધ નથી. એકલો સારામાં સારો લોટ અને એકલું સારામાં સારું ઘી હોય પણ જો ગોળ ન હોય તો લાડવો ન થાય. **ગોળ પોતે ગળ્યો છે તે લોટને તથા ઘીને ગળ્યું બનાવે છે. સમ્યગ્દર્શન પોતે સુંદર છે એટલે જ તે**

**જ્ઞાનને, એટલે જ તે ચારિત્રને, એટલે જ તે તપને- એટલે જ તે ધ્યાનને, એટલે જ તે સદ્ગુણને, એટલે જ તે ભક્તિને સુંદર બનાવે છે.** આમ આ ગોળ જેવી કોમન આઇટમ-જેના વગર ચાલે જ નહીં- અને જેના વગર આગળની ઘટના થઇ શકે તેમ નથી તેવી એક સમ્યગ્દર્શનની અવસ્થા છે.

માટે જ્ઞાનીપુરુષોએ કહ્યું કે અનાદિથી જીવ અકામ નિર્જરા કરે છે પણ તેમાં જીવનો ભાવ અંદર ભળ્યો નથી, અંદર પોતે ભળ્યો નથી અને ન ભળેલો હોવાના કારણે આ થવા છતાં જીવમાં કોઇ શુદ્ધિનો અંશ ખુલ્લો થયો નથી-એટલે એ કર્મ નિર્જરા થવા છતાં જીવમાં કોઇ શુદ્ધિનો અંશ ખુલ્લો થતો નથી અને મૂળમાંથી એક પણ પ્રકૃતિ ક્ષય થતી નથી. **સમ્યક્ત્વમાં એવું સામર્થ્ય છે કે તેની પ્રાપ્તિ પછી મૂળમાંથી પ્રકૃતિનો ક્ષય કરી શકે છે. આ ઘટના અલૌકિક છે. પ્રકૃતિઓનો ક્ષય જ થવો જોઇએ.** દર્શનમોહની ત્રણ અને અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા અને અનંતાનુબંધી લોભ આ ચાર એમ કુલ સાત પ્રકૃતિઓનો ક્ષય થયા પછી ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

દર્શન પંચક-એટલે (૧) મિથ્યાત્વ મોહનીય અને (૨) અનંતાનુબંધી ક્રોધ, (૩) અનંતાનુબંધી માન, (૪) અનંતાનુબંધી માયા અને (૫) અનંતાનુબંધી લોભ.

આ જે પાંચ પ્રકૃતિ છે તેમાં મિથ્યાત્વ મોહનીયનો ઉપશમ અને બીજા ચાર કષાયનો અનુદય થાય તો જીવને ઉપશમ સમકિતની પ્રાપ્તિ થાય છે. તે પછી જીવ જો બળિયો થાય તો ધીમે ધીમે મોહનીય કર્મની સર્વ પ્રકૃતિઓને શમાવે છે-ખપાવે છે. **સમ્યક્ત્વ વગર જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મની અમુક પ્રકૃતિઓનો ક્ષયોપશમ થાય પણ સમૂળગો ક્ષય થઇ શકતો નથી. આ સમ્યક્ત્વનું માહાત્મ્ય છે.**

*બીજું સૂત્ર* : પાપ-પુણ્ય-આસ્રવ અનાદિથી છે તેનાથી (એટલે કે શુભ ભાવથી, શુભ ક્રિયાથી) શ્રેષ્ઠ કોટિનું પુણ્ય બંધાય છે પણ પુણ્ય બંધાયા પછી એ પુણ્ય ભોગવતી વખતે જો સમ્યગ્દર્શનની હાજરી ન હોય તો પુણ્ય દ્વારા મળતા સુખના સાધનોમાં આસક્તિ ઊભી થાય છે. પુણ્ય એના કાળે ખલાસ થાય છે પણ આસક્તિના કારણે નવા બંધાયેલ કર્મોની પરંપરામાં જીવને ફરીથી-નવેસરથી જવું પડે છે.

**માટે ગ્રંથિભેદ થયા પછી આ દર્શન પંચક ઉપશમ પામે છે અને અનાદિકાળમાં પહેલી વખત અંતર્મુહૂર્ત માટે દર્શન મોહનો ઉપશમ જ્યારે થાય ત્યારે પહેલી વખતે તેને આત્મ સ્વરૂપનું સંવેદન થાય છે.**

**૧. આત્મા વિશેની વાત સાંભળવી એક વાત છે.**
**૨. આત્મા વિશે જાણવું બીજી વાત છે.**
**૩. આત્મા વિશે ચર્ચા કરવી ત્રીજી વાત છે.**
**૪. આત્મા છે તેમ સ્વીકારવું એ ચોથી વાત છે.**

પણ એ આત્માનું સ્વસંવેદન થવું એક મહત્ત્વની વાત છે.

**નિશ્ચય સ્વ-લક્ષણ અવલંબી, પ્રજ્ઞા છૈણી નિહારો,**
**તસ છૈની મધ્યપાતી દુવિધા, કરે જડ ચેતન ફાડો,**
**ચેતન ઐસા જ્ઞાન વિચારો.**

પહેલા તો આત્માની વાત કરનાર જ્ઞાની પુરુષો પ્રાપ્ત થવા દુર્લભ છે. જ્ઞાનીપુરુષ મળ્યા પછી જગતના જીવોનો મોટો ભાગ તો એવો છે કે જે આત્માની વાત સાંભળતો નથી, કોઇ કોઇ જીવો એવા છે કે જે આત્માની વાત આશ્ચર્યપૂર્વક સાંભળે છે. **આમ આત્માની વાત આશ્ચર્યપૂર્વક સાંભળવા છતાં જો સ્વસંવેદન થતું નથી તો અંદરની જે ઘટના ઘટવી જોઇએ તે ઘટતી નથી.** ગમે તેટલું મોટું વૃક્ષ હોય તેનું મૂળ કપાય તો વૃક્ષ જેમ સુકાઇ જાય છે તેમ મૂળ પ્રકૃતિ જો કપાય તો કર્મનું વૃક્ષ સુકાઇ જાય છે. સમ્યક્ત્વ જેને થાય છે તેને અદ્ભુત દશા વર્તે છે. જે બહારમાં નહીં દેખાય. પરમ કૃપાળુ દેવે પણ કહ્યું કે સમ્યક્ત્વ જેને થાય છે તેની અદ્ભુત દશા વર્તે છે. જે બહારમાં નહીં દેખાય- જે સ્થૂળ શરીરમાં નહીં દેખાય- જે એના વેશમાં નહીં દેખાય- જે એના શરીરમાં નહીં દેખાય. એ અદ્ભુત દશા જે દેખાય છે તે અંદરની અવસ્થા છે. તે અંદરની અનન્ય અવસ્થા છે. ત્યાંથી પાંચમે-છઠ્ઠે-સાતમે -આઠમે ગુણસ્થાને જઇ બે ઘડીમાં તેનો મોક્ષ થઇ શકે છે. માટે એક સમ્યક્ત્વ પામવાથી કેવું અદ્ભુત કાર્ય બને છે ! આથી સમ્યક્ત્વની ચમત્કૃતિ, સમ્યક્ત્વનું માહાત્મ્ય કાંઇક અંશે સમજી શકાય તેવું છે, અને આવું માહાત્મ્ય આ જીવ સમજયો નથી. એક બીજું કારણ એ છે કે આજ સુધી અસ્તિત્વ ભાસ્યું નથી. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ સાહેબ કહે છે **''ઇતને દિન તૂં નાહી પીછાન્યો મેરો જન્મ ગયો અજાનમેં''**. આનો અર્થ એમ નથી કે જગતનું અસ્તિત્વ નથી અને તમને જ્યારે ભાસે ત્યારે જ અસ્તિત્વ આવે છે- ઉદ્ભવે છે એવું પણ નથી.

**તમને ભાસે કે ન ભાસે- જગતનું અસ્તિત્વ છે.**
**તમને ભાસે કે ન ભાસે-પરબ્રહ્મ પરમાત્મા છે.**
**તમને ભાસે કે ન ભાસે-ચૈતન્યઘન-સતચિત આનંદ સ્વરૂપ આત્મા છે.**
**તમને ભાસે કે ન ભાસે- સત્પુરુષ છે,**
**પણ જીવને ભાસતું નથી.**
**ભાસવું એટલે જ્ઞાનમાં આવવું.**
**ભાસવું એટલે સ્વીકૃતિમાં આવવું.**
**ભાસવું એટલે શ્રદ્ધામાં આવવું.**
**ભાસવું એટલે યથાર્થ જ્ઞાનમાં આવવું.**

સતનો અર્થ : જે ભૂતકાળમાં હતું- જે વર્તમાનમાં છે- જે ભવિષ્યકાળમાં હશે- જેના

માટે કોઇની જરૂર નથી.

સમ્યક્ત્વ થવાથી અસ્તિત્વનો ભાસ થાય છે. જ્ઞાન તો તે વખતે પણ હતું પણ મિથ્યાત્વનો અંધાપો હોવાને કારણે અસ્તિત્વ ભાસ્યું નથી. એટલે તો કહ્યું.

**જો હોય પૂર્વ ભણેલ નવ પણ, જીવને જાણ્યો નહીં.**

થોડાક શ્લોકો-થોડાક ભજનો થોડાક દુહાઓ કંઠસ્થ થઇ જાય ત્યાં તો જીવ ઊંચો નીચો થઇ જવા લાગે છે કે મેં બહુ જાણ્યું-મેં બહું વાંચ્યું -મેં કેટલું બધુ કંઠસ્થ કર્યું અને બીજાને ન કહે ત્યાં સુધી આફરો બેસે નહીં. મૂંઝવણ થાય કે મેં બહુ જાણ્યું છે. અરે ! નવ પૂર્વ જેણે જાણ્યા છે- છતાં તેને અસ્તિત્વ ભાસ્યું નથી; શાસ્ત્રો વાંચ્યા છતાં અસ્તિત્વ ભાસ્યું નહીં-જ્ઞાન વધ્યું છતાં અસ્તિત્વ ભાસ્યું નહીં-બુદ્ધિનો પ્રકર્ષ થયો છતાં અસ્તિત્વ ભાસ્યું નહીં-તેનું કારણ ?

જ્ઞાન બહોળું હતું પણ મિથ્યાત્વનો અંધાપો હતો. બહોળું જ્ઞાન હોવા છતાં મિથ્યાત્વના અંધાપાને કાણે અસ્તિત્વ ભાસતું નથી- સમ્યક્ત્વ થવાથી અસ્તિત્વનો ભાસ થાય છે.

કોઇ કવિએ કહ્યું : **''નયણાની આળસે રે મેં હરિને નિરખ્યા નહીં જો.''** હરિ તો પાસે ઊભા છે. પરબ્રહ્મ-પરમાત્મા તો પાસે જ ઊભા છે પણ નયણાની આળસ છે, એમ સમ્યક્ત્વ ન હોવાના કારણે અસ્તિત્વ ભાસ્યું નથી. જો અસ્તિત્વ એક જ વખત ભાસે તો તે દૃષ્ટિની માફક નજરાઇ જાય છે. ગમે તેટલું સમજાવો પણ તેની દૃષ્ટિ ત્યાંથી ખસતી નથી. આ નજરાયા પછીથી આત્મા ત્યાંથી ખસી શકતો નથી. અસ્તિત્વ ભાસ્યા પછી આત્માની દૃષ્ટિ આત્મા ઉપરથી ઊઠતી નથી. આપણને બધાને પરમાત્માનું સ્મરણ રહેતું નથી અને મીરાને ''પરમાત્માનું વિસ્મરણ ઘડીભર થતું નથી.''

**નહીં રે વિસારું હરિ અંતરમાંથી, નહીં રે વિસારું હરિ.**

અંતરમાંથી એક ક્ષણ પણ હું પરમાત્માને વિસારી શકતી નથી. કારણ કે હું બંધાણી છું- કારણ કે મેં અસ્તિત્વને જોયું છે- કારણ કે મેં પરમાત્માને જોયા છે. અંતરમાંથી એક ક્ષણ પણ પરમાત્મા વિસારી શકાતો નથી. કારણ કે અસ્તિત્વને જોયું છે. **સમ્યક્ત્વની એક કળા છે કે એક વખત અસ્તિત્વ નજરમાં આવી જાય પછી જીવ આત્માને મૂકીને બીજે જતો નથી.** વિચાર તો કરો કે લાંબા સિનેમામાં પણ કંટાળો આવે છે- મીઠાઇ ખાવા બેસો છો તોયે કંટાળો આવે છે-ટીવી જોવામાં પણ લાંબા સમયે કંટાળો આવે છે તો વનમાં-એકાંતમાં -વૃક્ષ નીચે-એકાંત અવસ્થામાં-મુનિ વર્ષો સુધી ધ્યાનમાં ઊભા રહેતા હશે તેમને કંટાળો નહીં આવતો હોય ? પણ તેમને કંટાળો છે જ નહીં. કારણ? કારણ કે અસ્તિત્વમાં એમણે ડૂબકી મારી છે.

પ્રવચન ચાલતું હોય તો એક કલાક બરાબર-સવા કલાક ચલાવી લેવાય-પણ દોઢ કલાક થાય તો તરત કહેશો ''આવજો મહારાજ''-કારણ કે કંટાળો આવે છે. વર્ષો સુધી એક ધારી ચૈતન્યમાં જેમણે ડૂબકી મારી છે તેમને મન બહેલાવવા કોઇ સાધન નથી-થાક ઉતારવા કોઇ

સાધન નથી-કંટાળો દૂર કરવા કોઇપણ સાધન નથી. તમે તો કંટાળો તો બગીચામાં જાવ પણ જેમણે એક વખત અસ્તિત્વને જાણ્યું છે-જેમણે એક વખત અસ્તિત્વને અનુભવ્યું છે તેના જીવનમાં ક્યારેય કંટાળો આવતો નથી.

કારણ કે અસ્તિત્વના સાગરમાં પરમ આનંદ અનુભવાય છે. એવા અસ્તિત્વના સાગરમાંથી કદાચ પ્રમાદના જોરથી કોઇ વખત જો જડ તરફ જાય તો એના પગ પાછા પડે છે કારણ કે પ્રકૃતિ જોર આપતી નથી. આ બહુ મોટી ઘટના છે.

અત્યારે તો આપણા જીવનમાં પ્રકૃતિનું જોર છે. તમે ગમે તેમ માનતા હો કે બહુ સમર્થ છો- બહુ ભણેલ છો-ભલે આ બધું છે પણ જોર કોનું ચાલે છે ? એક ભાઇ પ્રવચનમાં જવા માટે ઊઠયા પણ ઘરવાળીએ પૂછયું ''કયા જાવ છો? પહેલા બજારમાં જઇ શાક લઇ આવો''. તો સમજો કે આ જીવ પર જોર કોનું ચાલે છે ? સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી પ્રકૃતિ જોર આપતી નથી. અંદર વમળો ઊભા થાય ખરા પણ એનું જોર ચાલતું નથી, અને પ્રકૃતિનું જોર ન ચાલે તેવી તાકાત સમ્યક્ત્વ સિવાય કદી પણ પ્રાપ્ત થઇ શકતી નથી.

**હજારો શાસ્ત્રો વાંચ્યા પછીયે પ્રકૃતિનું જોર ચાલે છે.**
**સંસાર છોડયા પછીયે પ્રકૃતિનું જોર ચાલે છે.**
**સાધુ જીવન સ્વીકાર્યા પછીયે પ્રકૃતિનું જોર ચાલે છે.**
**વિશેષ પ્રકારની સાધના કર્યા પછીયે પ્રકૃતિનું જોર ચાલે છે.**

**આ પ્રકૃતિનું જોર તો જ નહીં ચાલે કે જો એક વખત સમ્યગ્દર્શનની અનુભૂતિ થઇ જાય. આવું સમ્યગ્દર્શનનું મહત્ત્વ છે.** શાસ્ત્રોમાં કહ્યું;

**सम्मत-नाण-चरण मोक्खतवपदो, वण्णिओ जिणिंदेहिं।**

જિનેશ્વર ભગવંતોએ સમ્યક્ત્વ જ્ઞાન-ચારિત્ર-તપ એ મોક્ષના પદો છે એમ કહ્યું છે. પણ સાથે સાથે એમ પણ કહ્યું છે કે, સમ્યક્દર્શનથી આ જ્ઞાન-આ ચારિત્ર-આ તપ સફળ થાય છે.ઉત્તરાધ્યયન સૂત્રનો શ્લોક છે.

**नादंसणिस्स नाणं, नाणेन विणा न हुंति चरणगुणा।**
**अगुणिस्स णत्थि मुक्खो नत्थि अमोक्खस्स निवाणं॥**

**સમ્યગ્દર્શન નથી તો જ્ઞાન નથી. જ્ઞાન નથી તો ચારિત્રગુણો નથી. (ચારિત્ર એટલે વ્રતો અને ગુણો એટલે પિંડ વિશુદ્ધિ વગેરે) ચારિત્રગુણ વિના વીતરાગતા નથી. વીતરાગતા વિના સર્વ કર્મના ક્ષયરૂપ મોક્ષ નથી. જે કર્મથી મુક્ત નથી તેને નિર્વાણપદની પ્રાપ્તિ નથી.**

link સમજો અને માટે જ શાસ્ત્રોએ એમ કહ્યું કે સમ્યગ્દર્શન જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે તેને આત્મા નિ:શંકપણે ભાસે છે- તેને અસ્તિત્વ ભાસે છે. અને જ્યારે અસ્તિત્વ ભાસે છે ત્યારે જીવની અંદરથી દશા બદલાઇ જાય છે. પરમ કૃપાળુ દેવનું એક અદ્ભુત વચન છે. વિવેકથી

સમજવા જેવું છે અને ધ્યાનથી વિચારવા જેવું છે.

''તે પવિત્ર દર્શન થયા પછી ગમે તે વર્તન હોય પરંતુ તેને તીવ્ર બંધ નથી.''

આ વાકય કાચો પારો છે, જો ન સમજાય તો. આમાંથી સ્વચ્છંદ ઊભો થશે. આમાંથી ગેરસમજણ ઊભી થશે, આમાંથી માઠું પરિણામ આવશે. સમ્યગ્દર્શનમાં અસ્તિત્વનું દર્શન કર્યા (થયા) પછી ગમે તે વર્તન હો તો તેને તીવ્ર બંધન નથી. ગમે તે વર્તન એટલે શું ?

**શું તે સ્વછંદમાં રહે છે ?**
**શું તે અનાચારમાં રહે છે ?**
**શું તે દુરાચારમાં રહે છે ?**
**શું તે અનીતિમાં રહે છે ?**
**શું તે હિંસામાં રહે છે ?**
**શું તે વ્યસનોમાં રહે છે ?**
**શું તે અન્યાયમાં રહે છે ?**
**શું તે હિંસાદિ પાપોમાં રહે છે ?**

અરે, એ તો હોય જ નહીં. કારણ દર્શન પંચક ઉપશમ થયા પછી (દર્શન મોહનીય તથા ચાર અનંતાનુબંધી કષાય ઉપશમ થયા પછી) કેટલીક પ્રકૃતિઓ બંધમાંથી ઊડી જાય છે. અને તથા પ્રકારનો તેવો બંધ થતો નથી. **જેમ કે સમ્યગ્દર્શન થયા પછી... નરકગતિનો બંધ-પશુ ગતિનો બંધ-સ્ત્રી વેદનો બંધ-નપુસંક વેદનો બંધ-ન થાય.** એના બંધમાંથી આવી પ્રકૃતિ ઊડી જાય છે. જો આ પ્રકૃતિઓ બંધમાં નથી તો એ બંધાય તે પ્રકારના ભાવો પણ ત્યાં નથી. અને જો એ ભાવો નથી તો એ પ્રકારની ક્રિયા પણ ત્યાં નથી. તીવ્ર અશાતા વેદનીય કર્મ પણ તેને બંધાય નહીં. તો ત્યાં હોય શું? જો આટલી પ્રકૃતિઓ બંધમાંથી ચાલી ગઇ તો હવે એ બંધ જે નિમિત્તે થાય છે તેવા ભાવો સમ્યગ્દષ્ટિમાં હોય નહીં. જો તેવા ભાવો સમ્યગ્દષ્ટિમાં હોય નહીં તો એવી ક્રિયા પણ સમ્યગ્દષ્ટિમાં હોય નહીં. એ સમજીને કહેવામાં આવ્યું છે કે ગમે તે વર્તન હો તો પણ તેને તીવ્ર બંધન નથી. કારણ એ સંબંધી ભાવ પણ ન હોય-એટલે એ સંબંધી ક્રિયા પણ ન હોય. વર્તમાનમાં પુરુષાર્થની મંદતા અને પૂર્વ બળવત્તર સંસ્કારના જોરમાં અવિરતિ નિમિત્તક વર્તન હોય તો હોય. પણ એનાથી તીવ્ર બંધન થઇ શકતું નથી. ઘટના શું બની ?

**सम्मदिट्ठी जीवो जइ वि हु पावं समायरे किंचि।**
**अप्पोसि होइ बंधो जेण न निद्धंधसं कुणइ॥**

જ્ઞાની પુરુષો દાખલો આપે છે. જમવા બેઠા છો- સુંદર રસોઇ થઇ છે-જાત જાતની વાનગીઓ છે-સ્ત્રી પ્રેમથી પીરસી રહી છે- પાસે મધુર મધુર સંગીત ગુંજી રહ્યું છે- સુગંધી અગરબત્તીની સુગંધ આવી રહી છે- પાસે બાળક રમી રહ્યું છે. આવું ભોજન થઇ રહ્યું છે ત્યારે કેવો

આસ્વાદ આવે તેની કલ્પના કરો. બરાબર ત્યારે જ ટેલિફોન રણકે અને ખબર પડે કે ''પેઢીમાં પચાસ લાખનું નુકસાન થયું છે '' પછી એ મિઠાઇ ખાશો તો ખરા... કદાચ ન પણ ખાવ પણ કદાચ ખાવ તો તેમાં પહેલાં જેવો રસ રહે ખરો ? એવી મઝા - Interest- રહે ખરી ? થયું શું?

**ક્રિયા તો રહી પણ રસ ઊડી ગયો. સમ્યગ્દર્શનમાં ક્રિયા તો રહે છે પણ રસ ઊડી ગયો છે. તીવ્ર બંધન થાય તેવી ભાવની ધારા અંદરમાં ઊભી થતી નથી. એટલે કે ક્રિયા છે પણ અંદરમાં રસ નથી. અને શાસ્ત્રોનો નિર્ણય છે કે બંધ જે થાય છે તે માત્ર ક્રિયાથી થતો નથી. અંદરમાં રસ વગર તીવ્ર બંધ (નિકાચિત બંધ) થઇ શકતો નથી.**

**તો બીજું સૂત્ર** એ કહ્યું કે તે પવિત્ર દર્શન થયા પછી તેનું ગમે તે વર્તન હો પરંતુ તેને તીવ્ર બંધ નથી. અનંત સંસાર નથી. જરાક ઊંડાણમાં જઇએ તો ખબર પડશે કે જગતમાં કોઇ કર્મ એવું નથી કે જેનો બંધ અનંતકાળ માટે થતો હોય. કર્મના બંધની મર્યાદા છે. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સ્થિતિ મોહનીય કર્મની છે અને તે ૭૦ કોડા કોડી સાગરોપમનો બંધ થાય- વધુ ન થાય. અને જ્ઞાનીપુરુષોની અપેક્ષાએ આ ૭૦ કોડા કોડી સાગરોપમનો કાળ-દરિયા સામે ટીપાં જેટલો કાળ છે. જેમ ટીપું નાનું છે તેમ અનંતકાળની સામે ૭૦ કોડા કોડી સાગરોપમનો કાળ એ નાનો કાળ છે. અને સૌથી લાંબો કાળ મિથ્યાત્વ મોહનીયની કર્મની સ્થિતિ છે (૭૦ કોડા કોડી સાગરોપમનો). એથી કોઇ લાંબી સ્થિતિ નથી.

આમ છતાં સંસાર તો અનંતકાળથી ઊભો છે એટલે કે અનંતકાળ સુધી સંસાર ટકાવી રાખનાર પરિબળ એ મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયમાં છે. તો જ્યાં સુધી મિથ્યાત્વ છે- જ્યાં સુધી અનંતાનુબંધી કષાય છે ત્યાં સુધી અનંત સંસાર છે. સમ્યગ્દર્શન થતાંની સાથે જ મિથ્યાત્વ રહી શકતું નથી. સમ્યગ્દર્શન થતાંની સાથે જ અનંતાનુબંધી કષાયનો અનુદય હોય છે માટે તેને અનંત સંસાર નથી.

સમ્યગ્દર્શન તો એમ કહે છે કે જો એક વખત મારો ભેટો થઇ જાય અને જો મારું ચાલે તો એ જીવને મારે બે ઘડીમાં મોક્ષમાં મૂકી દેવાનો છે, નવ કલાક નહીં-નવ વર્ષ નહીં, જો કદાચ એ જીવ એટલો તૈયાર ન હોય તો એક ભવમાં ફેસલો થઇ જાય. જો એક ભવમાં ફેસલો નહીં થાય તો ત્રણ ભવમાં ફેસલો થાય. જો ત્રણ ભવમાં ફેસલો નહીં થાય તો પંદર ભવમાં ફેસલો થાય. એ ન થાય તો વધુમાં વધુ અર્ધપુદ્‌ગલ પરાવર્તમાં ફેસલો થાય. આ સમ્યગ્દર્શનનું માહાત્મ્ય છે.

સમ્યગ્દર્શનમાં અભ્યંતર દુ:ખો નથી. સમ્યગ્દષ્ટિ મહાત્માની સામે દુનિયાભરના દુ:ખો તૂટી પડતા દેખાતા હોય પણ સમ્યગ્દષ્ટિ આત્મા અંદરથી દુ:ખી થતો નથી. દુ:ખો હોવા કે દુ:ખો ન હોવા એ આપણા હાથની વાત નથી. પણ દુ:ખોની હાજરીમાં દુ:ખી થવું કે ન થવું એ આપણા હાથની વાત છે. તમને ઘણી વખત એમ થતું હશે કે આ પરિસ્થિતિ બરાબર નથી પણ એ તમારા હાથની વાત નથી. આ દુ:ખો તૂટી પડયા એ તમારા હાથની વાત નથી. પણ એ દુ:ખો

વચ્ચે દુ:ખી થવું કે ન થવું એ તમારા હાથની વાત છે. દુ:ખના ડુંગર તૂટી પડતા હોય અને જે દુ:ખોને જોતાં એમ થાય છે કે અરે રે ! આવા દુ:ખો ! **એવા દુ:ખોના ડુંગર તૂટી પડતા હોય તો પણ સમ્યગ્દષ્ટિ મહાત્મા અંદરથી દુ:ખી થતો નથી.** એક એવી અવસ્થા આવી છે કે આખા જગતમાં સમ્યગ્દષ્ટિને કોઇ દુ:ખી કરનાર નથી. અને આપણને તો હાલતા ચાલતા સાયકલવાળો...બસનો કંડકટર... અરે! શાકવાળી વાઘરણ પણ આપણને દુ:ખી કરી શકે છે. આપણે દુ:ખી થઇએ છીએ. અને કોઇના ઘરે ગયા હોઇએ અને ''આવો'' એમ ન કહે તોયે દુ:ખી થઇએ. પોતાના ઘરે ગયા હોય અને ઘરવાળી પાણીનો ગ્લાસ ન આપે તોયે દુ:ખી થઇ જઇએ છીએ. અરે ભાઇ ઘરવાળીએ ન આપ્યું તો કાંઇ નહીં, તને લકવો પડયો છે? હાથે લઇ લો ને. પણ ના, આ છે દુ:ખ!

આ દુ:ખ જે ભોગવવું પડે છે તે દુ:ખ હોવા છતાં-કહો કે દુ:ખના ડુંગર તૂટી પડયા હોવા છતાં- અભ્યંતર દુ:ખ નથી. અંદરમાંથી તમને દુ:ખી ન થવા દે તેવી તાકાત તમારી સમજણમાં નથી-તેવી તાકાત શાસ્ત્રોમાં નથી- અરે, તેવી તાકાત જ્ઞાનમાં નથી-એવી તાકાત સમ્યગ્દર્શનમાં છે. સમ્યગ્દર્શન એમ કહે છે કે;

**જીવ નરકમાં હશે તો પણ દુ:ખી નહીં થાય.**
**જીવ પશુગતિમાં હશે તો પણ દુ:ખી નહીં થાય.**
**જીવ ચક્રવર્તીની સંપત્તિ ખોઇ બેઠો હશે તો પણ દુ:ખી નહીં થાય.**
**જીવને શરીરમાં ભયંકર વ્યાધિ થયો હશે તો પણ દુ:ખી નહીં થાય.**
**જીવના સ્વજનો મૂકીને ગયા હશે તો પણ દુ:ખી નહીં થાય.**

દુ:ખ કરનારા-દુખ આપનારા પરિબળો હાજર હોવા છતાં અંદરથી દુ:ખી ન થાવ એ તાકાત સમ્યગ્દર્શન વગર પ્રાપ્ત થઇ શકતી નથી.

ભગવદ્ ગીતામાં એક નાનું વાકય છે.

**दुखेषु अनुद्विग्नमनाः, सुखेषु विगतस्पृहः।**

ગમે તેટલું દુ:ખ હોય તોયે મનમાં ઉદ્વેગ ન થાય.

ગમે તેટલી સુખની છોળો ઊછળતી હોય તોયે સુખમાં આસક્તિ ન થાય.

આસક્તિમાંથી બચાવનાર તે સમ્યગ્દર્શન.

દુ:ખમાંથી બચાવનાર તે પણ સમ્યગ્દર્શન.

**સુખના સાધનોમાં સમ્યગ્દર્શન આસકત બનવા ન દે.**

**દુ:ખના સંજોગોમાં સમ્યગદર્શન દુ:ખી બનવા ન દે.**

**એવી તાકાત સમ્યગદર્શનમાં છે.** પરમ કૃપાળુ દેવને એમ કહેવું છે કે આ સમ્યગ્દર્શનનું માહાત્મ્ય છે. આવું માહાત્મ્ય જેના હૈયે આવ્યું- એની અંદરની અવસ્થા બદલાઇ જાય છે.

એક વખત જેને સમ્યગ્દર્શન થાય છે એ સમ્યગ્દષ્ટિ મહાત્માની સમગ્ર જીવનની શૈલી બદલાઇ જાય છે. સમ્યગ્દર્શન થતાં જ ચેતનામાં અંતરંગ અને બહિરંગ કેવી અવસ્થાઓ પ્રગટે છે એ સૂત્રની ચર્ચા આવતી કાલથી થશે.

પહેલું સૂત્ર - જોયું - સમ્યગ્દર્શનનું માહાત્મ્ય.

બીજું સૂત્ર - જોયું - સમ્યગ્દર્શન થતાં ચેતનામાં-આત્મામાં-અંદરમાં-અંતરાત્મામાં કેવી અવસ્થા થાય છે.

ત્રીજું સૂત્ર હવે જોઇશું કે સમ્યગ્દર્શન થતાં ચેતનાના બહિરંગમાં કેવી અવસ્થા હોય છે ? બહારમાં વિભાવની ધારા કેવી હોય ? બહારમાં સાધનાની ધારા કેવી હોય ?

આ બહારની ત્રણ ધારા (૧) કર્મની ધારા (૨) વિભાવની ધારા (૩) સાધનાની ધારા અને અંદરમાં ભાવની ધારા કેવી હોય ? આ બધી ધારા વચ્ચે આ સમ્યગ્દષ્ટિ મહાત્મા કેવી રીતે પસાર થાય છે?

આ વાત એટલા માટે કરીએ છીએ કે સમ્યગ્દર્શન શું છે?, અને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે ત્યારે અંદરમાં કેવું ટ્રાન્સફર્મેશન થાય છે? ત્યારે અંદરમાં કેવું આમૂલાગ્ર પરિવર્તન થાય છે ? એ મૂળમાંથી કેવો બદલાઇ જાય છે ? તેની ખબર પડે.

શરીર એનું એ-તમે એના એ-પણ અંદરથી બિલકુલ બદલાયેલા.

નખશિખમાંથી રૂપાંતર કરવાનું સામર્થ્ય સમ્યગ્દર્શનમાં છે.

અને એ ચર્ચા કર્યા પછી સમ્યગ્દર્શન એટલે શું ? એની ચર્ચા થશે.

અને ત્યારબાદ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની પ્રક્રિયા કેવી છે ? એની ચર્ચા થશે. બહુ ધીરજથી-બહુ શાંતિથી-બહુ પ્રેમથી આ વાત સમજજો-આ વાત વિચારજો.

**વાંચ્યું હોય તો ફરી વાંચજો. સમજયા ન હોય તો ફરીથી પુરુષાર્થ કરજો.**

કારણ ? જ્યાં સુધી સમ્યગ્દર્શનની પ્રગટ અનુભૂતિ નથી થતી ત્યાં સુધી પુનઃ પુનઃ વારંવાર-જાગૃતિપૂર્વક-આ તત્ત્વ/સત્ત્વને જીવે અંદર ભાવન કરવું પડશે.

# પ્રવચન : ૩

## સમ્યગ્દ્દષ્ટિની અવસ્થા

સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં અંદરની અવસ્થા બદલાઇ જાય છે. આ પાયાની વાત છે. બહુ શાંતિથી -બહુ ધીરજથી-બહુ તન્મ્યતાથી-બહુ એકાગ્રતાથી આ વાતને લક્ષમાં લેજો. કોઇ ઠેકાણે વાંચ્યું હશે-કોઇ ઠેકાણે સાંભળ્યું હશે-અને ''અમને ખબર છે એવો પણ ભાવ ઊઠતો હશે.'' પણ સમજવામાં અંતરાયભૂત કાંઇ પણ જો હોય તો આ વૃત્તિ છે. ''અમે જાણીએ છીએ''- ''કહેનાર સાચું કહે છે ''- કેમ ? ''અમે એવું જ માનીએ છીએ.'' અમે માનીએ છીએ માટે કહેનાર સાચું કહે છે. કહેનાર સાચો છે, માટે સાચું છે એમ નહીં. અનંતકાળથી અનંત જન્મોમાં સમ્યક્ સમજણ પ્રાપ્ત કરવામાં જીવને આ જ નડયું છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં અંદરની અવસ્થા બદલાઇ જાય છે. પારસમણિ લોઢાને અડે તો કદી પણ લોઢું-લોઢું રહી ન શકે. પારસમણિ અડે અને લોઢું સોનું ન બને તો એ પારસમણિ નહીં. દૂધમાં સહેજ ખટાશ ભળે તો દૂધ નહીં રહી શકે-દૂધ ફાટી જશે-દહીં બની જશે. એક સંતે કહ્યું;

**અમૃત પીધું ને અમર થયો નહીં, પીવાની રીત નહીં જાણી,**
**કાં તો તે ઘટમાં જ ગયું નહીં, કાં પીધામાં પાણી રે,**
**સંતો સાચો ધર્મ લ્યો જાણી.**

પુરાણમાં એમ કહેવાય છે કે અમૃતનો કુંભ દેવો પાસે છે અને જે અમૃત પીવે તે અમર થઇ જાય છે. આ વાત ખોટી છે. હા કલ્પના સાચી છે પણ વાત ખોટી. કોઇ અમૃત એવું નથી કે જેનું પાન કરવાથી માણસ અમર થાય. વાત ખોટી છે. એનો અર્થ એ થાય છે કે અમૃત પીવાથી માણસ અમર થાય છે. એ વાતને લઇને આ સંત એમ કહે છે કે ''અમૃત પીધું અને અમર ન થયો.'' આ કેવી વાત ? અમૃત પીધું અને અમર ન થયો ? અને મર્યો ? તો મને કહેવા દો કે પીવાની રીત ન જાણી. એ પીવાની જે રીત છે- જે પદ્ધતિ છે- જે કળા છે- જે method છે તેને જાણી નથી. પણ સામી વ્યક્તિ દાવો કરે છે કે અમને પીતા આવડયું છે અને પીવાની રીતે અમે પીધું છે. તો હવે મને કહેવા દો કે ''કાં તો તે ઘટમાં જ ગયું નહીં.'' પીધું હશે પણ ઘટમાં નહીં ગયું હોય. અંદર નહીં ઊતર્યું હોય. ફરી વખત દાવો કરે છે કે ''અમે પીધું છે- અમને પીતા આવડયું છે અને ઘટમાં જરૂર ગયું છે'' તો ભઇ સાંભળી લ્યો કે ''કાં તો ઘટમાં જ ગયું નહીં અને કાં-પીધામાં પાણી'' જરૂર-૧૦૦% પાણી પીધું હશે. અમૃત પીધા પછી અમર ન થાય એ બની શકે નહીં.

સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી જીવનમાં ટ્રાન્સફોર્મેશન ન થાય એ બની શકે નહીં. કદી પણ

વ્યક્તિ એવી ને એવી નહીં રહી શકે. સમ્યગ્દર્શનનો સ્પર્શ વ્યક્તિની ચેતનામાં આમૂલાગ્ર પરિવર્તન લાવે છે- માટે સમ્યગ્દર્શન માત્ર વિચાર નથી. એ ક્રિયા તો નથી જ. એ માત્ર વિચાર નથી, એ વિધેયાત્મક ભાવ છે. અને વિધેયાત્મક ભાવ હોવાને કારણે એ જીવનમાં સમૂળગું પરિવર્તન લાવનાર પરિબળ છે.

**એ વ્યક્તિ બદલાઇ જાય છે.**
**એની વિચારની રીત બદલાઇ જાય છે.**
**એની ભાવની રીત બદલાઇ જાય છે.**
**એની રહેવાની રીત બદલાઇ જાય છે.**
**એની જીવવાની રીત બદલાઇ જાય છે.**
**એનો અભિગમ બદલાઇ જાય છે.**
**એની રીલેશનશીપ બદલાઇ જાય છે.**
**એની જગત પ્રત્યે જોવાની દૃષ્ટિ બદલાઇ જાય છે.**
**એનો પદાર્થો પ્રત્યેનો ખ્યાલ બદલાઇ જાય છે.**

અને અંદરમાં રહેલું જે પરમ ચૈતન્ય એના પર એની નજર હવે ઠરી છે. વ્યક્તિ ભલેને એની એ જ છે. એની એ વ્યક્તિ હોવા છતાં જેમ ગરીબ માણસ અમીર થાય-અચાનક અમીર બની જાય તો એના જીવનમાં-એના અભિગમમાં-એની વાણીમાં એના વ્યવહારમાં ફરક પડી જાય છે. જેમ સાવ રાંક માણસ જો રાજા બની જાય તો શું થાય ? રાજકોટમાં જો કોઇ ઝાડુ વાળનારો ચૂંટણીમાં ઊભો રહે અને ચૂંટાઇ જાય પછી ગાંધીનગર જાય અને ત્યાં બહુમતિ મળી જાય અને ગુજરાતનો પંત પ્રધાન બની જાય. પછી જુઓ...

**પછી એની ચાલ કેવી બદલાય છે ?**
**પછી એનો વ્યવહાર કેવો બદલાય છે ?**
**પછી એનો અભિગમ કેવો બદલાય છે ?**
**પછી એની મસ્તી કેવી આવે છે ?**
**પછી એને ગર્વ કેવો આવે છે ?**
**પછી એને અભિમાન કેવું આવે છે ?**

એ પોતાને કેવો ય માને છે. કારણ ?- કારણ કે એ હવે ઝાડુ વાળવાવાળો નથી રહ્યો, એ ગુજરાતનો પંત પ્રધાન બની ગયો છે !

કૃત્રિમ હોવા છતાં-અવાસ્તવિકતા હોવા છતાં-તથ્ય ન હોવા છતાં -સત્ય ન હોવા છતાં-માત્ર આરોપના કારણે એની અંદરમાં કેવી અવસ્થા આવે છે ?

રસ્તામાં છાણા વીણતી હોય અને કોઇ મહારાજા આવીને પરણે અને મહારાણી બની

જાય-જુઓ પછી તેનો ઠાઠ ! હવે જ્યારે એ પાછી આવે તો એ છાણા વીણનાર તરીકે ન આવે. શું થયું ? એ બદલાઇ ગઇ. હવે એ મહારાણી બની છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાંની સાથે જીવ આખોને આખો બદલાઇ જાય છે.

**ઇતને દિન તું નાહિ પિછાન્યો, મેરો જનમ ગમાયો અજાનમેં.**
**અબ તો અધિકારી હોઇ બેઠે, પ્રભુ ગુણ અખય ખજાનમેં.**
**ગઇ દીનતા સબ હી હમારી, પ્રભુ ! તુજ સમકિત દાનમેં**
**પ્રભુ ગુણ અનુભવકે રસ આગે, આવત નહિ કોઉ માનમેં.**
**બિસર ગઇ દુવિધા તન મનકી, અચિરાસુત ગુણગાનમેં.**
**હમ મગન ભયે પ્રભુ ધ્યાનમે.**

શબ્દ છે- **''અબ તો.''** બહુ મહત્ત્વનો શબ્દ છે. ઘટના ઘટી ને ? પરિણામ આવ્યું ને ? અંદરમાં એક પરિવર્તન આવ્યું ને ?

પહેલું પરિણામ-જીવનમાં હવે કોઇ લાચારી નથી-દીનતા નથી-પદાર્થ હોય કે ન હોય-બાહ્ય સંજોગો અનુકૂળ હોય કે નહોય-શરીર સ્વસ્થ હોય કે ન હોય- ધનસંપત્તિનો યોગ હોય કે ન હોય-બહારની પરિસ્થિતિ ગમે તેવી હોય પણ અમારા જીવનમાં હવે દીનતા રહી નથી- એટલું જ નહીં પણ અધ્યાત્મિક ક્ષેત્રમાં પણ હવે અમારા જીવનમાં દીનતા રહી નથી. કારણ ?- '' પ્રભુ તુજ સમકિત દાનમેં''- તમે અમને સમકિતનું દાન દીધું છે.

''આ મારી પેદાશ છે.'' આમ કહેવું હોય તો જરૂર કહી શકાય- આમ દ્રવ્યાનુયોગ કહેશે. એ કહેશે કે આ મારી પેદાશ છે- આ મારો પુરુષાર્થ છે - આ મારું અર્જન છે- આ મારી મથામણ છે. આ દ્રવ્યાનુયોગની પરિભાષા છે. જ્યારે ભક્તિ યોગની પરિભાષા એ છે કે પ્રભુ ! સમકિતનું દાન તમે આપ્યું છે. અહંકારથી જો બચવું હોય- ભ્રમણાથી જો બચવું હોય-દ્વન્દ્વથી જો બચવું હોય- અને પોતાના વ્યક્તિત્વને મોહરું જો પહેરાવવું ન હોય- અને મોહરાથી જો બચવું હોય તો હંમેશા ભક્તિમાર્ગમાં સ્વીકારજો કે

**અહો ! અહો! શ્રી સદ્‌ગુરુ-કરુણાસિંધુ અપાર,**
**આ પામર પર પ્રભુ કર્યો, અહો અહો ઉપકાર.**

આ તમે આપ્યું છે પ્રભુ ! મારામાં કયાં બળ છે ? મારામાં કયાં સામર્થ્ય છે ? હું હતો જ ને! ગઇકાલે પણ હું હતો. અનંત જન્મોમાં હું હતો પ્રભુ ! પણ તમે કૃપા કરી. **''પ્રભુ તુજ સમકિત દાનમેં''** અને જેવું તમે સમકિતનું દાન દીધું કે પ્રભુ ! **''અબ તો અધિકારી હોઇ બૈઠે.''**

એક બેબી સ્કુલેથી આવી. બહારથી અવાજ કરે ''મમ્મી બારણું ઉઘાડ-ઉઘાડ !'' મમ્મી કામમાં હશે તેથી તરત બારણું ન ઉઘાડયું. અને સાંભળ્યા પછી બારણું ઉઘાડયું. ત્યારે બેબી કહે છે ''હું આવી છું તને ખબર નથી મમ્મી ? શું કરતી હતી ?- મારા કરતાં બીજું કામ તને વધારે

વહાલું લાગે છે?'' પણ એ મમ્મીને બેબી કહી શકે. તમે ન કહી શકો. તમે જો કહેવા જાવ તો કહે ''હેંડતા થાવ-કોઇ બારણું ખોલવા નવરું નથી.'' મમ્મીને કહેવાનો અધિકાર એ બેબીને પ્રાપ્ત થયો છે (તેમ) સમકિત પ્રાપ્ત થયા પછી જીવને અધિકાર મળે છે. ''અબ તો અધિકારી હોઇ બૈઠે.'' કારણ? અક્ષય સુખનો ખજાનો હવે અમારે કયાંયથી ખોજવાનો નથી. હવે કયાંયથી મેળવવાનો નથી.

સમ્યગ્દર્શન થતાં જ ચેતનામાં કેવી અવસ્થા પ્રગટે છે ?

**૧. અવસ્થા : સમ્યગ્દષ્ટિ જીવ કદી પણ સંસારમાં રસપૂર્વક ડૂબતો નથી.**

પહેલું સૂત્ર : આચાર્યશ્રી હરિભદ્રસૂરી મહારાજ-લગભગ હજાર વર્ષ પહેલા થયાં. એમણે જીવનમાં ૧૪૪૪ ગ્રંથોની રચના કરી. આ રચના કર્યા પછી અંતિમ વયમાં-વૃદ્ધાવસ્થામાં-કેટલાંક સૂત્રો આપ્યા તેમાં એક પહેલું સૂત્ર : જ્યારે આ જીવને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે, અર્થાત્ કે બોધની પ્રાપ્તિ થાય છે, અર્થાત્ આત્મ સંવેદન થાય છે, અર્થાત્ આત્માનો નિર્વિકલ્પ અનુભવ થાય છે ત્યારે શું થાય છે ? **''संप्राप्तबोधयो जीवाः''**. જે જીવને-જે આત્માને આવા બોધની પ્રાપ્તિ થઇ છે તેનું પહેલું પરિણામ તે **''न रज्यन्ते भवे कवचित्''**.એ કદી પણ સંસારમાં રસપૂર્વક ડૂબતો નથી- પછી એ ગરીબ હોય તોય ભલે-ધનવાન હોય તોય ભલે-સતાધીશ હોય તોય ભલે-મોટો રાજા હોય તોયે ભલે- છ ખંડનો માલિક હોય તોયે ભલે-એક ફાટ પડી જાય છે.

**એ સંસારમાં કદાચ રહેતો હશે પણ રમતો નથી.**
**એ સંસારમાં કદાચ રહેતો હશે પણ રાચતો નથી.**
**એ સંસારમાં કદાચ રહેતો હશે પણ ડૂબતો નથી.**

નાવ ભલે નદી ઉપર રહે પણ નાવની ખૂબી એ છે કે તે નદીમાં ડૂબતી નથી.

સમ્યગ્દષ્ટિ ભલે સંસારમાં રહ્યો પણ તેની ખૂબી એ છે કે તે સંસારમાં ડૂબતો નથી.

અકબંધ નાવ હોય તો નાવ નદીમાં ડૂબતી નથી એમ સમ્યગ્દષ્ટિ મહાત્મા સંસારના સાગરમાં ડૂબે નહીં.

પછી ગરીબ હોય તોયે ભલે- ધનવાન હોય તોયે ભલે,
પછી સ્ત્રી હોય તોયે ભલે- પુરુષ હોય તોયે ભલે,
પછી રાજા હોય તોયે ભલે- ભિખારી હોય તોયે ભલે
કે છ ખંડનો માલિક હોય તોયે ભલે.

કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાને માટે- વનમાં જવું પડે છે.

કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાને માટે- ગુફામાં જવું પડે છે.

કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાને માટે- વૃક્ષ નીચે નગ્ન અવસ્થામાં ધ્યાન કરવું પડે છે.

આમ છતાંયે કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી. પણ અલંકાર પહેરતાં પહેરતાં- ઘરેણાં પહેરતાં પહેરતાં-અરિસાભવનમાં કેવળજ્ઞાન થાય આથી વધુ આશ્ચર્યકારક ઘટના કઇ હોઇ શકે ?

એ ધ્યાન કરવા ગયા નથી-એ સ્વાધ્યાય સાંભળવા ગયા નથી-એ સત્સંગ કરવા ગયા નથી-એ કોઇ મુનિના ચરણોમાં બેસવા ગયા નથી- પણ એ તો છ ખંડના માલિક તરીકે શણગાર સજવાને માટે ગયા હતા. અને શણગાર સજવાનો બાકી રહી જાય ને કેવળજ્ઞાનનો ખજાનો મેળવી જાય- આ તાકાત સમ્યગ્દર્શનમાં છે. આ સમ્યગ્દર્શન છે માટે એ સંસારમાં રહે પણ રમે નહીં.

કમળ ઉપર પાણી પડતું દેખાય-બારેય મેઘ ખાંગા થઇને પાણી વર્ષે છે. આ બાજુ પાણી પડવાનું બંધ થાય અને તરત કમળ ઉપર પાણીની છાંટ રહે નહીં. કમળની ખૂબી એવી છે કે તે પાણીનો સંગ્રહ કરતું નથી. સમ્યગ્દષ્ટિ મહાત્મા સંસારમાં રહે છે પણ જળ કમળ વત્-નિર્લેપ રહે છે. ઘણા લોકો કહેતા હોય છે કે અમારે આસક્તિ વગેરે છે નહીં. અમે તો કમળ જેમ નિર્લેપ રહીએ છીએ. પછી એમ કહે કે સવારે નાસ્તામાં ગાંઠીયા ન હોય તો પિતો ફાટી જાય ! સંસારમાં નિર્લેપ રહે છે અને ગાંઠીયા વગર તને ચાલતું નથી ? આ બન્ને વાતને મેળ કયાં પડશે ? એવી નિર્લેપ અવસ્થા માટે ચિદાનંદજીએ ગાયું છે.

**પંકજ નામ ધરાય પંકશું, રહત કમલ જીમ ન્યારા**
**ચિદાનંદ ઇસ્યા જન ઉત્તમ વો સાહેબ કુ પ્યારા.**
**અવધુ નિષ્પક્ષ વિરલા કોઇ, દેખ્યા જગ સૌ જોઇ.**

સંસ્કૃતમાં - ''**पंके जायते इति पंकजः।**'' પંક એટલે કાદવ-કાદવમાં પેદા થાય તેને કહેવાય છે પંકજ. પેદા થાય કાદવમાં અને વધે છે પાણીથી. ઉત્પન્ન કરનાર કાદવ અને પોષણ આપનાર પાણી.

કમળની ખૂબી એ છે કે પાણીથી પણ ન્યારું અને કાદવથી પણ ન્યારું. હાથમાં ખોબો ભરીને કાદવ કોઇને ભેટ દેવા જશો-દેનાર તથા લેનારને આનંદ આવશે ખરો? પણ જો કમળ આપવા જશો તો હાથમાં લેશે. જે કમળ કાદવમાંથી પેદા થયું એ કાદવનો એક પણ ગુણ કમળમાં આવ્યો નહીં. જેમ કમળ પાણીથી વૃદ્ધિ પામ્યું છે પણ પાણીથી અલગ રહે છે તેમ સંસારના તમામ ભોગોથી અને પરિગ્રહોથી અલગ. વળી આ ભોગો વચ્ચે, પરિગ્રહો વચ્ચે ન છૂટકે રહેવા છતાં જે અલગ રહે છે તેને કહેવાય છે સમ્યગ્દષ્ટિ મહાત્મા.

''ભગવાન હું માતા-પિતાની આજ્ઞા લઇને આવું છું''- એમ જંબુસ્વામી સોળ વર્ષની ઉંમરે કહે છે.

સુધર્માસ્વામી કહે છે- ''**पमाओ मा कायव्वो।** ''અર્થાત્ પ્રમાદ કરીશ નહીં. મૃત્યુનો ભરોસો નથી. અહીંથી ઘરે જતાં અકસ્માત (accident) થવાની શકયતા છે. ઘરે ન પણ પહોંચો એવી શકયતા છે. ભૃગુ પુરોહિતના પુત્રો તેના પિતાને ઉત્તરાધ્યયન સૂત્રના ૧૪માં અધ્યાયમાં કહે છે.

**जस्सत्थि मच्चुणा सक्खं, जस्स वत्थि पलायणं।**
**जो जाणे न मरिस्सामि सो हुं कंखे सुएसिआ॥**

આ જગતમાં સુખેથી તે જ સૂઇ શકે છે કે જેને મૃત્યુ સાથે મિત્રતા છે. મિત્ર ઉઘરાણી

કરવા આવ્યો હોય તો તેને કહી શકાય કે ''દોસ્ત આવતા રવિવારે આવજે,આજે જોગવાઇ નથી.'' અને ખરો મિત્ર જો હોય તો આવતા રવિવારે આવશે. મૃત્યુ સાથે મિત્રતા હોય તો કહેજો કે ''દોસ્ત ! હજુ વાર છે પછી આવજે ને !'' આ જગતમાં કોઇ કાળા માથાનો માનવી એવું કહેનારો જન્મ્યો નથી કે જે મૃત્યુને એમ કહી શકતો હોય કે ''રોકાઇ જા.''

**જન જાણીએ-મન માણીએ-નવિ કાળ મૂકે કોઇને.**

કાળ કોઇને મૂકતો નથી. અને આવે છે ત્યારે નિશ્ચિત થઇને આવે છે. અને જ્યારે આવે છે ત્યારે લીધા વગર જતો નથી. નાનું બાળક કિલકિલાટ કરી રહ્યું છે-નવોઢા નારી પાસે છે, એના પ્રેમાળ માતા-પિતા પથારીને ઘેરીને બેઠા છે એના વચ્ચે જો કાળ પધારે છે ત્યારે જેમ બાજ શિકારને ખેંચી જાય છે તેમ કાળ, કર્મ અને મોહ આ જીવને લઇ જાય છે. કોઇ બચાવી શકતું નથી. જેને એવો ભરોસો હોય કે વોરન્ટ આવશે ત્યારે છુપાઇ જશું, પણ બધાના વોરન્ટથી છુપાઇ શકશો, મૃત્યુનું વોરન્ટ જ્યારે છૂટે છે ત્યારે તમારી જાતને છુપાવી નહીં શકો. પાતાળમાં જશો તો ત્યાંથી ખોદી કાઢશે અને આકાશમાં ઊડશો તો ત્યાંથી પકડી લેશે. તો હવે શેનું સુખેથી સૂઇ શકાય ?

જંબુકુમાર પ્રભુને તથા સુધર્માસ્વામીને કહે છે કે ''આવું છું- હાલ આવું છું'' અને માને કહે છે કે;

**મા! મેં તો વીર પ્રભુની વાણી સાંભળી,**
**મેં તો જાણ્યો અથિર સંસાર, માડી મોરી રે,**
**હું તો નહીં રે રહું આ સંસારમાં**

હવે નહીં રહેવાય, મા, આ સંસારમાં નહીં રહેવાય-મેં સુધર્માસ્વામીની તથા વીરપ્રભુની વાણી સાંભળી છે અને મને પ્રતીતિ થઇ છે, મને શ્રદ્ધા થઇ છે, મને અનુભૂતિ થઇ છે, મને સ્વીકાર થયો છે કે આ સંસાર ખરેખર અસાર છે. મારી સુખની કલ્પના ભાંગી ગઇ-સુખની ભ્રમણા ભાંગી ગઇ છે- સુખ છે એ કલ્પનાથી. હું તેની પાછળ દોડતો હતો પણ મનમાં હવે કોઇ શંકા રહી નથી- એમાં સુખ નથી- સુખનું કેન્દ્ર બીજે છે અને ભ્રમણામાં હું બીજી તરફ ગયો છું.''

પરમ કૃપાળુ દેવ આપણને કહે છે.''તને હિત કહું છું તું ભ્રમા મા તને હિત કહું છું તું ભ્રમા મા- સુખ અંતરમાં છે. સુખ બહારમાં નથી, **સુખ બહારમાં નથી.** તને હિત કહું છું'' હું તને તારા હિતની વાત કરું છું. આ વાત તને તારી મા-બાપ-પતિ-પત્ની નહીં કરે. એ બધા સુખની વાત કરશે-હિતની વાત કોઇ નહીં કરે. અમે તને તારા હિતની વાત કરીએ છીએ, ''ભ્રમા મા.''

સમ્યગ્દર્શન જ્યારે થાય છે ત્યારે સ્પષ્ટ ચિત્ર દેખાય છે. તે થયું ન હતું ત્યાં સુધી ભ્રમણા હતી. સંસાર અસાર છે એમ ઘણી વખત બોલીએ છે. એમ કહેવાય છે કે માણસ જ્યારે સ્મશાનમાં જાય છે ત્યારે વૈરાગ્યનો સ્પર્શ થઇ જાય છે પણ ઘરે આવીને જ્યાં નહાય છે ત્યાં

હતો એવો ને એવો થઇ જાય છે. હિન્દુ પરંપરામાં કહેવાય છે ગંગામાં સ્નાન કરે ત્યારે પાપો બધા બળી જાય છે. રાજકોટથી કોઇ હરદ્વાર જાય અને ગંગામાં સ્નાન કરે અને પાછો જયારે આવે ત્યારે પાપ વગરનો થઇને આવે, પણ એવું તો થતું નથી. તો પાપોને કોઇએ પૂછયું કે ''આ શું થાય છે ?'' ત્યારે પાપોએ ખુલાસો કર્યો કે અમે ત્યાં જઇને કિનારે ઊભા રહીએ છીએ, જેવો પેલો બહાર આવે છે કે ફરી અમે એને વળગીએ છીએ. સ્વાધ્યાય મંદિરમાં બધા પાપો બહાર, પણ જેવા મંદિરની બહાર નીકળો કે તરત વળગશે. શાસ્ત્રો એમ કહે છે કે જીવને આ ભ્રમણા તૂટતી કેમ નથી?

જંબુકુમાર કહે છે ''મા હવે નહીં રોકાઉં'' ત્યારે પિતા ઋષભદાસ શ્રેષ્ઠિ અને માતા એમ કહે છે કે ''બેટા, આઠ કન્યા સાથે તારા સગપણ થયા છે, એક એક કન્યા એક એક કરોડનો દાયજો લાવવાની છે. તું સોળ વર્ષનો છે- અમારો એકનો એક પુત્ર છો-આંખનો તારો છો-હૃદયનો કટકો છે- એટલે તારા વગર અમે જીવી નહીં શકીએ.'' ત્યારે જંબુકુમાર કહે છે કે ''તમારી વાત સાચી પણ એ મોહમાંથી આવેલો ભાવ છે. તમે કાંઇ પહેલી વખત મા નથી બન્યા -હું પહેલી વખત પુત્ર નથી બન્યો. તમે અનંત વાર મા બન્યા છો- હું અનંતવાર દીકરો બન્યો છું. કયાં કોઇના સંબંધો રહ્યા છે? પણ હવે તો એવો સંબંધ જોડવો છે કે જે સંબંધ કયારેય તૂટે નહીં. મા! માટે તું મને આજ્ઞા આપ.''

આવી પરિસ્થિતિ આપણે આવવા જ ન દઇએ. સમ્યગ્દર્શન શું કામ કરે છે તે સમજીએ. અહીં ઋષભદાસ શેઠ એમ કહે છે. ''એક વખત અમારી નજરે તને પરણેલો જોઇએ પછી તું જઇ શકે છે.'' જંબુકુમાર કહે છે કે ''પિતાજી, આનો અર્થ શું ? હું પરણું અને તમે રાજી થાવ. અને તમારા રાજીપા માટે મારે આ વ્યવહારો ઊભા કરવાં પડે. એ કેવી રીતે બને? છતાં તમારી ઇચ્છા હોય તો આઠે આઠ કન્યાને કહેવડાવી દો કે જંબુકુમાર લગ્ન કરવા તૈયાર નથી. અગર લગ્ન કરવા જ હોય તો લગ્નની રાત પૂરી થયા પછી સવારે જંબુકુમાર ઘર- સંસારમાં નહીં રહે. પાછળથી ન કહેશો કે ખુલાસો તો કરવો હતો.'' બધી કન્યાઓને કહેવડાવી દીધું. અને કન્યાઓને વિશ્વાસ હતો કે ''આનું ગજું શું?- જંબુકુમારનું ગજું શું?''- જેવા લગ્ન થશે અને સોળે શણગાર પહેરેલી-રૂપ રૂપના અંબાર જેવી અમને જોશે ત્યારે ભલભલા ડગી જાય તો આ જંબુકુમારનું ગજું શું ? પણ એવી અવસ્થામાં જંબુકુમારને ટકાવી રાખનાર પરિબળ જો કોઇ હોય તો તે સમ્યગ્દર્શન છે. જમવા બેઠા હોઇએ અને મીઠાઇ પીરસતાં થોડી વાર લાગે ત્યાં તો ''લાવને ઝટ-લાવને ઝટ''-અરે ! ભાઇ લાવવાનું જ છે. પણ એટલુંયે જે ખાળી શકતો નથી એ એમ કહે કે **'ब्रह्म सत्यं जगन्मिथ्या'** આ વાતનો મેળ કયાંથી પડશે ? આ વાતનો મેળ નહીં પડે.

અહીં જંબુકુમારને આઠે આઠ કન્યાઓ કહે છે કે '' પરણશું તો તેને જ પરણશું'' લગ્ન થયા છે-પહેલી રાત છે. આઠે આઠ કન્યાઓ સોળે શણગાર સજીને બેઠી છે. આઠે આઠ કન્યાઓ આઠ

કરોડનો દાયજો લઇને આવી છે, આઠ કરોડ સોનામહોરો ! અને તેય રોકડા, થોડા બેંકમાં-થોડા શેરમાં-થોડા યુનિટમાં-એમ નહીં. જંબુકુમાર બેઠા છે અને આઠે આઠ પત્નીઓ બેઠી છે. એ વખતે જંબુકુમારના રૂંવાટે વિકાર ન થાય-રૂંવાટે આસક્તિ ન થાય-રૂંવાટે મોહ બેસી ન શકે એવી અકબંધ રાખવાની તાકાત જો કોઇનામાં હોય તો એ સમ્યગ્દર્શનમાં છે. આઠે આઠ સ્ત્રીઓ તૈયાર થઇને આવે છે. સ્ત્રીઓ તૈયાર ન થઇ હોય અને એમ જ નજર પડે તો પણ મનમાં કામ-વાસના જાગે છે તો જેને કોઇ પણ રીતે આધીન બનાવવા જે સ્ત્રીઓ આવી છે- અને તે ય એક-કે બે નહીં પણ આઠ આઠ સ્ત્રીઓ આવી છે, આ આઠે આઠ સ્ત્રીઓ વચ્ચે-નિર્વિકાર રહેવું એ રેંજી પેંજીનું કામ નથી. એ સામાન્ય માણસનું કામ નથી. યુદ્ધના મેદાનમાં લાખોની સામે લડી શકાય પણ અંદરમાં રહેલી કામવાસના સામે લડવું એ દુર્ધષ વાત છે અને એ બળ જેનાથી મળે છે તેને કહેવાય છે સમ્યગ્દર્શન.

**जो सहस्सं सहस्साणं, संगामे दुज्जओ जिणे।**
**ओगं जिणिज्ज अप्पाणं ओस से परमो जओ।।**

(ઉત્તરાધ્યયન સૂત્ર ૯/૩૪)

યુદ્ધના મેદાનમાં હજારો સૈનિકો સામે એકલા લડનારને વિજેતા કહેવાય-એ પરમ વિજેતા ન કહેવાય. પણ અંદરમાં ઊઠતી વૃત્તિઓને મચક ન આપનાર-અણનમ રહીને વૃત્તિથી ઉપર જે ઊઠે છે તેને કહેવાય છે પરમ વિજેતા. કયાંથી આ બળ લાવશો?

**શબ્દોથી આ બળ નહીં આવે.**
**વાંચવાથી આ બળ નહીં આવે.**
**શાસ્ત્રજ્ઞાનથી આ બળ નહીં આવે.**
**તત્ત્વચર્ચાથી આ બળ નહીં આવે.**
**થોડાંક કર્મકાંડ કરવાથી આ બળ નહીં આવે.**
**આ બળ તો સમ્યગ્દર્શનથી જ આવશે.**

સૌથી મઝાની વાત તો એ છે કે રાત્રે પ્રભવ નામનો ચોર ચોરી કરવા આવ્યો હતો. એ ચોરી કરવા આવ્યો છે- ધર્મ કરવા કે શીખવા આવ્યો નથી. તે છુપાઇને ઊભો છે. જંબુકુમાર બેઠા છે- આઠે આઠ દેવાંગના જેવી કન્યાઓ વાત કરી રહી છે,

**એક પછી એક કામના બાણ છૂટે છે.**
**એક પછી એક વાસનાના બાણ છૂટે છે.**
**એક પછી એક વચનના બાણ છૂટે છે.**
**એક પછી એક સ્નેહના બાણ છૂટે છે.**

અને જાણે મહાન યોદ્ધો હોય અને સમ્યગ્દર્શનનું બખ્તર પહેરીને બેઠો હોય તેમ જંબુકુમાર

બેઠા છે-એકેય બાણ અસર કરતા નથી. પાંચસોયે પાંચસો ચોર સ્તંભિત થઇને સાંભળે છે. અને એને (પ્રભવને) એમ થયું કે અમે તો ચોરી કરવા નીકળ્યા છીએ પણ જેને ચોરી કરવાની જરૂર નથી એવા ધનના ઢગલા જેની પાસે છે એ પણ તણખલા માફક છોડવા તૈયાર છે એના ચરણોના દાસ બની રહેવું એમાં જીવનની ધન્યતા છે.

કાત્યાયની અને મૈત્રેયી યાજ્ઞવલ્કયની પત્નીઓ છે. યાજ્ઞવલ્કયને વિરક્તિ થઇ છે. હવે યાજ્ઞવલ્કય પોતાની બન્ને પત્નીઓને ધન સંપત્તિ આપે છે ને કહે છે કે '' લ્યો હવે તમે સંભાળો.'' આ વાત જાણીને આમ તો ખુશી થાય, કારણ ? હવે કોઇ વચ્ચે કાંટો નહીં. મૈત્રેયી પૂછે કે ''આ તમે અમને જે સંપત્તિ આપી રહ્યા છો તે અમને કેમ આપી રહ્યા છો ? અને તમે કેમ મૂકીને જાવ છો?'' તે વખતે યાજ્ઞવલ્કય એમ જવાબ આપે છે કે, ''દેવી! અમે એટલા માટે છોડીને જઇ રહ્યા છીએ કે તે અનિત્ય છે, તે ક્ષણભંગુર છે, તે નાશવંત છે. તેમાં સુખ નથી, તેની પાછળ ઘણો કલેશ છે, તે કદી પણ શાંતિ આપી શકે તેમ નથી, તે અશાંતિનું કારણ છે.'' ત્યારે મૈત્રેયીએ જવાબ આપ્યો કે મને તો એમ હતું કે પતિનો મારા પ્રત્યે અનન્ય પ્રેમ છે પણ આજે ખબર પડી કે પતિ પણ મારી સાથે રમત રમી રહ્યા છે. અરે મારા સ્વામી ! જે અનિત્ય છે, નાશવંત છે, જે સુખ આપી શકતું નથી એવું મને વળગાડીને તમે સુખી થવા જઇ રહ્યા છો! એ તમારી વાતમાં ફસાય તે આ મૈત્રેયી નહીં. મૈત્રેયીને સમ્યગ્દર્શન થયું કે નહીં તે વાત નિશ્ચિત અમે કહી શકતા નથી, અમને ખબર નથી, જ્ઞાની જાણે પણ આ મૈત્રેયીનો જવાબ અદ્ભુત હતો.

**આ ઝઘડા બધા અનિત્ય માટે,**
**આ વિવાદ બધા અનિત્ય માટે,**
**આ મન દુઃખ બધા અનિત્ય માટે.**

એક સારી સાડી જો કોઇને આપી અને નબળી સાડી જો પોતાને મળે તો જુઓ ઘરમાં કેવી મઝા ? અને ઘરમાં કેવું વાતાવરણ થાય છે ? અરે, બધું અનિત્ય છે તો તારી સાડી અનિત્ય નહીં? બધું મિથ્યા છે તો તારી સાડી મિથ્યા નહીં ?

અનિત્ય છે એમ કહીએ છીએ પણ સમ્યગ્દર્શન વગર અનિત્યની પ્રતીતિ થતી નથી. અનિત્ય છે એમ કહેવું એ એક વાત છે અને અનિત્યની પ્રતીતિ પછી તેના પ્રત્યે રંજ માત્ર પણ આકર્ષણ ન થાય-આસક્તિ ન થાય-એ તો અંદરની અવસ્થા છે અને તેવી અવસ્થા જેનાથી પ્રાપ્ત થાય છે તેને કહેવાય છે સમ્યગ્દર્શન.

સવારમાં રાજગૃહીની પ્રજાએ સાંભળ્યું કે ગઇ કાલે પરણનાર જંબૂકુમાર, તેમની આઠ પત્નીઓ, જંબૂકુમાર તથા આઠ પત્નીઓના માતા-પિતા તથા પ્રભવ આદિ ૫૦૦ ચોરો એમ કુલ ૫૨૭ જણા ભગવાન સુધર્મા સ્વામીજીના ચરણોમાં ગયા છે, એ દશ્ય ધન્ય હશે-એ દિવસ પણ ધન્ય હશે-દેવો પણ નીચે જોવા આવ્યા હશે કે જેની પાસે કરોડો રૂપિયાની સંપત્તિ છે તે કોઇને

ભલામણ કરવા રહ્યા નથી કે આ સાચવજો-આ સંભાળજો-તાળું મારવા રહ્યા નથી. ઘરને કડી લગાડવા રહ્યા નથી. જેમ સાપ કાંચળીને છોડે છે અને પાછો વળીને જોતો નથી તેમ પાછો વાળીને જોતા નથી. આપણે તો અહીં આવીએ ત્યારે ઘરે વહુને ભલામણ કરીએ કે દૂધ સાચવજે-ફ્રીઝ બંધ રાખજે. દુકાને ભલામણ કરીએ છીએ કે જોજે સાચવજે ! ગમે તેવો ઘરાક આવે અને કાંઇક ઊંધુ-ચત્તુ ન કરી બેસતો. એક કલાક ધ્યાન રાખજે. દસ વાગે તો હું પાછો હાજર. આટલો સમય ગાળો પણ જે આસક્તિ વગર પસાર કરી શકતો નથી તે

**આ સંસાર મિથ્યા છે એ કયા મોઢે કહેતો હશે?**
**આ સંસાર નાશવંત છે એ કયા મોઢે કહેતો હશે ?**
**આ સંસાર અનિત્ય છે એ કયા મોઢે કહેતો હશે ?**
**આ સંસાર ક્ષણભંગુર છે એ કયા મોઢે કહેતો હશે ?**

પાછો નહીં વળે. પાછો નહીં વળે. વાત ખોટી છે એમ નહીં પણ પાછો નહીં વળે, નહીં વળે - નહીં વળે. એ વળશે તો ત્યારે કે જ્યારે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થશે.

**૨ અવસ્થા : સંસારનો-મોહનો અને વૃત્તિઓનો થઇને એ રહેતો નથી.**

આજ સુધી તે વાસનાનો થઇને રહ્યો- આજ સુધી વૃત્તિઓનો થઇને રહ્યો.

**અંદર વૃત્તિ ઊઠી નથી કે વૃત્તિ પૂરી કરી નથી,**
**અંદર વિકારો ઊઠયા નથી કે તૃપ્ત કરવા દોડયો નથી,**
**અંદર વાસના ઊઠી નથી કે પરિતૃપ્ત કરવા દોડયો નથી.**

હવે એ બદલાયો-હવે અવસ્થા બદલાઇ-હવે એ મોહનો વેઠિયો નથી રહ્યો- હવે એ મોહનો ગુલામ નથી રહ્યો. ગુલામને સ્વતંત્ર વિચાર કરવાનો અધિકાર નથી- ગુલામને ના પાડવાનો અધિકાર નથી-મિથ્યાત્વ અને મોહનો ગુલામ એ વૃત્તિઓને ના પાડી શકતો નથી. જ્યારે સમ્યગ્દષ્ટિ મહાત્માને અધિકાર પ્રાપ્ત થયો છે-હવે તે વૃત્તિઓને કહી શકે કે હવે તમે ઊભા રહો-હવે તમારું જોર ચાલી શકે એમ નથી. વિકારોને કહી શકે કે હવે તમે ઊભા રહો, હવે તમારું જોર ચાલી શકે એમ નથી. વિચારોને કહી શકે કે હવે તમે ઊભા રહો, હવે તમારું જોર ચાલી શકે એમ નથી. એવી આંતરિક તાકાત જેનાથી પ્રાપ્ત થઇ છે એને કહેવાય સમ્યગ્દર્શન.

**૩ અવસ્થા : સંસારમાં રહેવા છતાં સંસારનો રસ તૂટી ગયો છે.**

આ રસ શબ્દ બહુ મઝાનો છે. સોપારી ખવાતી નથી. કેમ ? બત્રીસેય દાંત પડી ગયા છે. ચાવી શકાય તેમ નથી- ઉંમર થઇ ગઇ છે. તો શું કરો છો? ખાંડીને ફાકો છો. સોપારી ખાઇ શકાય તેવી નથી-દાંત રહ્યા નથી-પણ સોપારીનો રસ તૂટયો નથી. એક ભાઇ ભાવનગરના- કહેતા હતા કે ગાંઠિયા તો ખવાતા નથી- પણ થોડા ખાંડીને ખાઇએ-રસ ગયો નથી. **સંસાર છોડો તો ભલે છોડો. પણ રસ નહીં તૂટે ત્યાં સુધી સંસાર ઊભો રહેશે.**

અષાઢાભૂતિ મુનિ ગોચરી વહોરવા ગયા છે. ઘટના જુઓ ! અને જેના ઘરે ગયા છે તેના ઘરે મોદક-લાડુ તૈયાર છે અને મુનિને એક લાડુ વહોરાવ્યો. વર્ષો સુધી સાધના કરી છે- વર્ષો સુધી તપ કર્યું છે- વર્ષો સુધી મુનિજીવન જીવ્યા છે પણ કોણ જાણે કેમ ? અંદર વૃત્તિ ઊઠી-આ લાડવામાં વૃત્તિ ગઇ અને એક વિચાર આવ્યો કે આ એક છે તે તો ગુરુ મહારાજને આપવો પડશે. ગોચરી ઉપર શિષ્યનો અધિકાર નથી. ગોચરી વહોરવા ભલે શિષ્ય જાય પણ અધિકાર તેનો નહીં. તેણે તો ગુરુ મહારાજના ચરણે ધરી દેવું પડે. સવારના દસથી બાર સુધી આહાર વહોરવા ગયો હોય તો પણ એમ ન કહે કે ''મહારાજા મે ટાંટિયા ઘસ્યા છે.'' આ તો ગુરુ મહારાજને ધરી દેવું પડે. અને બનવા કાળ કે વર્ષો સુધી તપ કરવાને પરિણામે એમને લબ્ધિઓ પ્રાપ્ત થઇ હતી... સમાધિમાં લબ્ધિઓ ઉત્થાન કરનારી છે અને ૧૧ ગુણસ્થાનેથી પડવાનું આ પ્રબળ કારણ છે. ત્યાં ધન નથી-ત્યાં સત્તા નથી-ત્યાં સંપત્તિ નથી-ત્યાં ભોગના સાધનો નથી-ત્યાં ભોગની સામગ્રી નથી-ત્યાં કામ વાસનાની વાત નથી-પણ તપ કરવાના કારણે જે લબ્ધિઓ પ્રાપ્ત થઇ છે- પ્રગટ થઇ છે તે લબ્ધિઓ પ્રત્યેના મોહના કારણે મુનિ પ્રમાદમાં ઢળી જાય છે અને મુનિ અગિયારમે ગુણસ્થાનકેથી પહેલે ગુણસ્થાનકે પડે છે. આ લબ્ધિઓ તથા સિદ્ધિઓ પાડનારી છે. અહીં તેમને લબ્ધિ પ્રાપ્ત થઇ છે તે દ્વારા રૂપપરિવર્તની વિદ્યા દ્વારા રૂપ બદલાવ્યું અને બીજો લાડવો વહોર્યો. ત્યાં એમ થયું કે મુનિઓને આપવો પડશે. એટલે ત્રીજો પ્રયત્ન કર્યો અને ત્રીજો લાડવો વહોર્યો. આમ કરવામાં મોડું થઇ ગયું એટલે ગુરુએ પૂછ્યું. ''આટલો વિલંબ કેમ થયો ?''

**ગુરુ કહે એવડી વેળા રે ચેલા કેમ થઇ ?**
**ત્રાટકી બોલ્યો તામ, ભાષા સમિતિ ગઇ.**

ગુસ્સે થઇને બોલ્યો એટલે ગુરુ મહારાજને થયું કે આ ઝપટમાં આવી ગયો લાગે છે. બની શકે નહીં તેવું બન્યું, અષાઢાભૂતિ એક મુનિ હોવા છતાં આહારનો રસ તૂટયો નથી. ભગવદ્ ગીતામાં કહ્યું છે કે;

**विषया विनिवर्तन्ते, निराहारस्य देहिनः ।**
**रसवर्जं रसोऽप्यस्य, परं दृष्ट्वा निवर्तते ।।**

દેહાભિમાની એવો તપસ્વી-નિરાહાર રહીને- આહારનો ત્યાગ કરીને-ઘોર તપ કરે છે એટલે કે બાહ્ય વિષયોથી તો નિવૃત્ત થયો છે પણ રસ અંદરમાં રહ્યો છે.

યશોવિજયજી મહારાજે એક અદ્‌ભુત ઉપમા આપી છે.

**विषयैः किं परित्यक्तैर्जागर्ति ममता यदि।**
**त्यागात् कञ्चुकमात्रस्य, भुजङ्गो न हि निर्विषः।।**

(અધ્યાત્મ સાર, મમત્વ ત્યાગાધિકાર શ્લોક નં.૨)

આ મુનિઓને-સાધુઓને કહેવામાં આવ્યું છે. ચેતો, જાગો- નહીં તો જશો. જુઓ.

**विषया विनिवर्तन्ते, निराहारस्य देहिनः** આ છે ગીતા દર્શન અને **विषयैः किं परित्यक्तैर्जागर्ति ममता यदि** આ છે જૈન દર્શન. જુઓ અને તાળો મેળવો. બન્નેના સૂત્રો જુઓ, કેવા મળતા આવે છે! અરે મુનિ ! વિષયોનો ત્યાગ કર્યો તેમાં અભિમાન શું કરે છે ? કહે છે કેમ? સાપ કાંચળીનો ત્યાગ કરતો હોય પછી એ પાછું વળીને જોતો નથી કે કાંચળી કયાં પડી છે ? સાપને પણ એટલું જ્ઞાન તો છે કે જે કાંચળી છોડી તેની સામે જોવાની જરૂર નથી પણ આપણને વધુ જ્ઞાન છે એટલે જે છોડયું છે તે જિંદગીભર ભૂલી શકતા નથી. કાંચળીનો ત્યાગ કર્યો પછી તે સાપ નીકળી જાય છે પણ કાંચળીનો ત્યાગ કર્યો છે માટે સાપ નિર્વિષ છે એમ ભ્રમણામાં ન રહેશો. સાપનું ઝેર તેની કાંચળીમાં નથી પણ તેના મોઢામાં રહેલી ઝેરની કોથળીમાં છે. આમે ય સાપ શું કરવાનો હતો? સાપ કશું ન કરે. હડકાયું કૂતરું કરડે તો હડકવો લાગે. વીંછી કરડે તો ડીસ્કો ડાંસ કરવો પડે. વાઘ આવે તો ફાડી ખાશે પણ સાપ કશું કરી શકતો નથી. સાપે ખાધો તેમ કહેવાય પણ તેના મોઢામાં કાંઇ આવતું નથી. પણ સાપના મોઢામાં ઝેરની કોથળી છે અને જ્યારે ડંખ આપે છે ત્યારે એ ઝેરની કોથળીમાંથી ઝેર ઓકે છે ત્યારે તેનાથી માણસ મરે છે. નાગપંચમીને દિવસે ૮-૧૦ વર્ષનો ટેણિયો છોકરો ગળામાં મોટો ભોરીંગ નાગ લઇને ફરતો હોય છે દૂધ માટે, પૈસા માંગવા માટે. અને આપણને એમ થાય છે કે આની હિંમત તો જુઓ! પણ એને ખબર છે. કહેવાય છે કે

**સાપનું જોર તેની દાઢમાં છે.**
**વિંછીનું જોર તેના કાટામાં છે.**
**ક્ષત્રિયનું જોર તેની તલવારમાં છે.**
**વાણિયાનું જોર તેની કલમમાં છે.**
**બ્રાહ્મણનું જોર તેના શ્રાપમાં છે.**

ઝેરની કોથળી લઇ લો તો સાપ કાંઇ કરી નહિ શકે.

**સાપે કાંચળી છોડી છે પણ અંદરમાં ઝેર રહ્યું છે.**
**મુનિએ વિષયો છોડયા છે પણ અંદરમાં રસ રહ્યો છે.**

એ રસને તોડવાનું કામ માત્ર સમ્યગ્દર્શન કરી શકે છે.

અનંતવાર વૈરાગ્યને ધારણ કર્યો તો પણ અંદરથી રસ ગયો નથી. રસ એટલે પ્રબળ આસક્તિ. વાસણ ખાલી કરવું હોય તો તરત થઇ જાય છે. પણ જો ચિકાશ ચોંટી હોય તો જરાક જોશથી ઘસવું પડે. જો રખ્યાથી કામ ન થાય તો નાળિયેરના છોતા લેવા પડે. હજુ પણ ચિકાશ ન જાય તો આંબલી-લીંબુને લેવા પડે. જો થોડાંક કલાકોની ચિકાશ વાસણમાં પેસી ગઇ હોય તો તેને કાઢવામાં આટલી મથામણ કરવી પડે છે. તો અનેક જન્મોમાં રસપૂર્વક પોષેલી આસક્તિ માત્ર વિચારથી દૂર થશે એમ?- જરાયે ભ્રમણામાં રહેશો નહીં. આ મિથ્યાત્વનું જોર છે. સમ્યગ્દષ્ટિ મહાત્મા સમજે છે કે રસવર્જં-આ રસ અંદર રહે છે. આ રસ દૂર કેમ થાય ? ભગવદ્ ગીતામાં ઉપાય આપ્યો છે.

**विषया विनिवर्तन्ते, निराहारस्य देहिन ः।**
**रसवर्जं रसोऽप्यस्य, परं दृष्टवा निवर्तते।।**

હે દેહાભિમાની તપસ્વી, નિરાહાર અવસ્થા પ્રાપ્ત કરીને તે વિષયોનો ત્યાગ તો તેં કર્યો છે પણ રસ રહ્યો છે- ત્યારે પૂછ્યું કે રસ કેમ તૂટે?

જવાબ : **'परं दृष्ट्वा निवर्तते'** ''એટલે કે પરમનું દર્શન નહીં થાય-સત્ચિત આનંદ સ્વરૂપ ભગવાન આત્માનું દર્શન નહીં થાય-પરબ્રહ્મ **પરમાત્માનો સાક્ષાત્કાર નહીં થાય ત્યાં સુધી રસ તૂટે એમ નથી. આ પરબ્રહ્મ-પરમાત્માનો સાક્ષાત્કાર એને કહેવાય છે સમ્યગ્દર્શન.** ''તે પવિત્ર દર્શન થયા પછી અનંત સંસાર નથી-પછી અંતરંગ મોહિની નથી.'' પરમ કૃપાળુ દેવને યાદ કરો. ''એ પવિત્ર દર્શન થયા પછી અંતરંગ મોહિની નથી.''-એટલે કે મોહ લાચાર થઇને ઊભો છે. અરે! મારા હાથનો શિકાર છટકી ગયો છે. અત્યાર સુધી તો હું જેમ કહું તેમ કરતો હતો. અત્યાર સુધી તો હું જેમ નચાવું તેમ નાચતો હતો. અત્યાર સુધી તો જેમ પાઠ ભણાવું તેમ ભણતો હતો. હવે આ છટકી ગયો. મોહના હાથમાંથી છટકી ગયો અને પરમાત્માના હાથમાં મૂકાઇ ગયો તેને કહેવાય છે સમ્યગ્દષ્ટિ મહાત્મા.

**ઇતને દિન તૂં નાહિ પિછાન્યો, મેરો જન્મ ગયો અજાનમેં,**
**અબ તો અધિકારી હોઇ બેઠે, પ્રભુ ગુણ અખય ખજાનમેં.**
**ગઇ દીનતા સબ હી હમારી, પ્રભુ તુજ સમકિત દાનમેં,**
**પ્રભુ ગુણ અનુભવ કે રસ આગે, આવત નહિ કોઉ માનમેં.**
**હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં....**

**૪ અવસ્થા : આવી આંતરિક તાકાત-ઠંડી તાકાત હોવા છતાં સમ્યગ્દષ્ટિમાં અહંકાર હોતો નથી.**

''અમે કેવા વિષયોને જીત્યા?'' આવો અહંકાર સમ્યગ્દષ્ટિમાં હોતો નથી. એક ઉપવાસ કર્યો હોય તો દસ જણાને કહેવાનું મન થાય- ''આજે ઉપવાસ છે''- ધન્યવાદ ! ઉપવાસ જે કર્યો છે તેને નમસ્કાર-પણ કહેવાની જરૂર નથી. અને ઓલો પૂછે કે ''કેટલા ઉપવાસ કર્યા ?'' ''એક'' પેલો કહે ''મેં બે કર્યા છે''. એક ઉપવાસવાળો હાર્યો. કેન્સલ. બેવાળાને ત્રણ વાળો મળે- એટલે બેવાળો કેન્સલ. પણ શું કામ ઉપાધિ વહોરો છો ? ઉપવાસ કરો ધન્યવાદ, છઠ્ઠ કરો તો ધન્યવાદ, અઠ્ઠમ કરો તો ધન્યવાદ. આટલું નાનકડું પણ કામ કર્યા પછી કહ્યા વગર રહી શકતો નથી. પૂરેપૂરો મોહના હાથમાંથી છૂટી જાય તો પણ સમ્યગ્દષ્ટિ મહાત્માને અભિમાન નથી હોતું. પરમાત્માની કૃપા છે એમ કહેશે એની કૃપા વગર જીવી નહીં શકાય-રક્ષણ તો એનું જ છે.

**''ધિંગો ધણી માથે કિયો, કુણ ગંજે નરખેટ''**-ધિંગો એ કાઠિયાવાડનો શબ્દ છે. એક બેન પાણી ભરવા આવતી હતી-મ્યુનિસીપાલીટીના નળ ઉપર ૨૫ બહેનો ભેગી થઇ હતી-પણ બધાયે રસ્તો કરી આપ્યો અને કહે ''એને પહેલા ભરવા દ્યો''. કોઇ અજાણ્યા માણસે પૂછ્યું. ''કેમ એમ? એ તો હમણાં આવી છે અને તમે તો કલાક થયા ઊભા છો ને ?''- જવાબ મળ્યો ''એનો ધણી

બહુ જબરો છે.''જેનો જબરો ધણી એનું જોર વધારે. જેનો ધણી જબરો-એની ઘરવાળી ડબલ જબરી હોય. એનું જોર વધારે. પૂ.આનંદઘનજી મહારાજ કહે છે કે **''ધિંગો ધણી માથે કિયો રે''.** ચૌદ બ્રહ્માંડનો માલિક મારે માથે છે. જો એને માથે કર્યો હોય તો જ બોલજો. કોઇ બહેને કોર્ટમાં ભરણ પોષણનો કેઇસ કર્યો કે- મને ભરણ પોષણ મળવું જોઇએ. ન્યાયાધીશ સાહેબે પૂછયું ''તમારા લગ્ન કઇ તારીખે થયા ?'' ''સાહેબ! પરણી જ નથી ને'' ''બેન, જો પરણ્યા નથી તો દાવો શેનો માંડો છો?'' ભગવાનને માથે જેણે કર્યા છે, પરમાત્માને માથે જેણે રાખ્યા છે. **''ધિંગો ધણી જેણે માથે કર્યો છે, તેણે કુણ ગંજે નર ખેટ.''** અહીં બીજાનું જોર નહીં ચાલે. આ બળ સમ્યગ્દર્શનમાં છે.

રસ તૂટયો છે, એના ચાર-પાંચ બાહ્ય લક્ષણો છે.

**૧. બાહ્ય લક્ષણ :** સંસારનું બહુમાન કરે નહીં. કોઇના ઘરેણા જોઇને ''વાહ વાહ'' થાય છે. શેનું વાહ વાહ થઇ જાય છે ? એ નશ્વર નથી ?- નાશવંત નથી ?

**રજકણ કે ઋદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો.**

એક રજકણ-એક માટીનું ઢેફુ અને વૈમાનિક દેવની રિદ્ધિ સરખી ઇકવલ છે. ક્યા બાત હૈ ? ઠેકાણે છે કે નહીં ?''

મિથ્યાદષ્ટિને પૂછો કે આ શું ? તો કહેશે માટીનું ઢેફુ અને આ વૈમાનિક દેવની રિદ્ધિ, આ હીરામાણેક-મોતી-જે જોવામાં નથી આવ્યા- સાંભળવામાં નથી આવ્યા-પહેરવામાં નથી આવ્યા-જોઇને બહુ આનંદ થાય છે એમ મિથ્યાદષ્ટિ બોલે છે.

અને જો એક સમ્યગ્દષ્ટિ ઊભો હોય અને એને પૂછો કે દોસ્ત આ શું છે ? જવાબ- આપશે **''સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો''** એ તો એમ કહે છે આ બધું તો પુદ્ગલ. આ માટીનું ઢેફુ પણ પુદ્ગલ અને એલિઝાબેથના માથા પરનો રહેલો કોહિનુર પણ પુદ્ગલ. આ બાસુંદી પણ પુદ્ગલ અને વોમિટ કર્યા પછી નીકળતો કચરો એ પણ પુદ્ગલ. **''સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો.''**

**સમ્યગ્દષ્ટિ આત્મા ભેદ પાડીને જોતો નથી.**
**સમ્યગ્દષ્ટિ આત્મા વ્હેંચીને જોતો નથી.**
**સમ્યગ્દષ્ટિ આત્મા આકારને જોતો નથી.**
**સમ્યગ્દષ્ટિ આત્મા પ્રકારને જોતો નથી.**
**સમ્યગ્દષ્ટિ આત્મા વર્તમાન અવસ્થાને જોતો નથી.**

સમ્યગ્દષ્ટિ આત્મા અખંડ દ્રવ્યને જુએ છે. આ તો પુદ્ગલ છે. તમે રૂપિયા ગણતા હો ત્યારે કેવી એકાગ્રતા ? બીજું કાંઇ ધ્યાનમાં આવતું નથી. જો એક રૂપિયો ખોવાઇ જાય તો રૂપિયો ખોવાઇ ગયાની માળા ફેરવશે. અરે ભાઇ ! તું તો ખોવાયો નથી ને? **'સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો.'** તેને બધું પુદ્ગલ દેખાય છે. આ માત્ર શબ્દો નથી, આ માત્ર ભાષા નથી- આ માત્ર વાણી વિલાસ નથી.

**મુખથી જ્ઞાન કથે અને, અંતર છૂટયો ન મોહ,**
**તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ.**

પરમ કૃપાળુ દેવે આ સ્પષ્ટતા કરી છે.

૨. બાહ્ય લક્ષણ : ભોગ-પરિગ્રહ અસુંદર લાગે.

૩. બાહ્ય લક્ષણ : જગતમાં-સંસારમાં-માનવજીવનમાં શ્રેષ્ઠતમ ઋદ્ધિ કોઇ પાસે હોય તો એ ચક્રવર્તી પાસે છે. તેનું લિસ્ટ જો કહેવામાં આવે તો તમને માન્યામાં નહીં આવે. ૮૪ લાખ હાથી, ૮૪ લાખ ઘોડા, ૮૪ લાખ રથ, ૯૬ ક્રોડ પાયદળ, ૬૪ હજાર સ્ત્રીઓ, ૯ નિધાન, ૧૪ રત્નો, આવી ઢગલાબંધ સંપત્તિ ચક્રવર્તીને હોય છે. તેમાં પણ અનાસકત હોય છે. આ છે રસ તૂટયાનું ત્રીજું લક્ષણ. કોઇ પણ વસ્તુ ન હોય અને અનાસકત બને તેમાં કાંઇ નવાઇની વાત નથી.''**સાંઇ! કયું ફકીર બને?''** ''**એસે ખાને કો નહીં મિલતા થા તો ફકીર બન ગયે?''**

**મુંડ મુંડાવત તિન ગુણ, મિટે સીસકી ખાજ,**
**ખાને કો લડુ મીલે, ઓર લોક કહે મહારાજ.**

ધંધો જુઓ ! કેટલો સસ્તો ? પણ આમ મહારાજ બનવાથી રસ ન તૂટે.

રસ તો તૂટે પરમના દર્શનથી. જો ચક્રવર્તી હોય તો પણ અનાસકત હોય.

૪. બાહ્ય લક્ષણ : સ્વરૂપનો શોધક બને. એટલે સ્વરૂપની શોધમાં રસ આડો આવતો હતો. એ રસ ગયો.

૫. બાહ્ય લક્ષણ : તે સદ્દેવ, સદ્ગુરુ અને સદ્ધર્મનો પરમ સેવક બને.

ઉપરના બધાયે ચિહ્નો જેનામાં દેખાય ત્યારે સમજવું કે અંદરમાંથી રસ તૂટયો છે અને આ ચિહ્નો ન દેખાય ત્યારે સમજવું કે ''પ્રગાઢ રસ રહ્યો છે અને આ પ્રગાઢ રસને તોડવાનું કામ એક માત્ર સમ્યગ્દર્શન કરે છે.'' તો સમ્યગ્દર્શન જેને પ્રાપ્ત થયું હોય તેની અંતરની અવસ્થા આવી હોય છે.

બાકીના સૂત્રો હવે સાંજના વિચારશું.

એ સૂત્રો તાત્ત્વિક છે. અને ઉપર કહ્યા તે સૂત્રો વ્યાવહારિક છે.

આટલી બધી ગંભીર વાત કરી તે છતાં જ્ઞાની પુરુષો તેને વ્યાવહારિક વાત કહે છે. ફરી વખત, જાગતા સાંભળજો-આ જે કંઇ વાત કરી- આ રસની-આ વૈરાગ્યની-આ ત્યાગની આ બધી વાતો વ્યાવહારિક વાત છે. આ બહારની પરિધિ છે. અંદરની પરિધિ આના કરતી જુદી છે. હવે સૂત્રો આવશે.

**सति चास्मिन्नसौ धन्यः सम्यग्दर्शनसंयुतः।**
**तत्त्वश्रद्धानपूतात्मा, न रमन्ते भवोदधौ ॥**

આવો છે સમ્યગ્દષ્ટિ મહાત્મા ! અને તેની અંદરની પરિધિ કેવી હોય?

હવે પછી સૂત્ર ૧ આવવાનું છે કે

''ત્રિકાળી-અખંડ-દ્રવ્યદષ્ટિમાં તે ઠરે છે.''

# પ્રવચન : ૪

## સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી અંતરપરિવર્તન

પરમકૃપાળુ દેવે તમામ શાસ્ત્ર તથા જ્ઞાનીઓના બોધને બે ભાગમાં વહેચ્યો છે.

(૧) સિદ્ધાંત બોધ (૨) ઉપદેશ બોધ

(૧) સિદ્ધાંત બોધ : આ બોધ ઉપદેશ બોધ વગર પરિણમતો નથી. જ્યાં સુધી બળવાન પણે વૈરાગ્ય અને ઉપશમની ઉપાસના ન થાય ત્યાં સુધી વિપરીત બુદ્ધિ ટળતી નથી. આ વિપર્યાસ બુદ્ધિ સિદ્ધાંતને સમજવામાં તથા પરિણમવામાં અંતરાયભૂત બને છે. **સિદ્ધાંત બોધનો અર્થ પરિપૂર્ણ જ્ઞાનીપુરુષોએ પોતાના જ્ઞાનમાં સત્‌ને-તત્ત્વને-જેવું જોયું અને તેમાં કોઇ મતિકલ્પના-કોઇ બુદ્ધિ કલ્પના કર્યા વગર પરમ સત્ય જેવું છે તેવું પ્રગટપણે અનુભવ્યું છે- જાણ્યું છે-અને જોયું છે. અને જેવું જાણ્યું અને જોયું છે તે પ્રમાણે કહી શકાય તેટલું કહ્યું છે તેને સિદ્ધાંત કહેવાય છે. તે ત્રણ કાળમાં એક જ હોય છે.**

**એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.**

સિદ્ધાંત બદલાતા નથી. પરિસ્થિતિ બદલાય છે. વ્યવહારની ભૂમિકા બદલાય છે. બહારની પ્રક્રિયા બદલાય છે. ત્રણે કાળમાં સિદ્ધાંત એક જ છે અને એવા સિદ્ધાંત વિશેનો જે બોધ તેને સિદ્ધાંત બોધ કહેવાય છે. કેટલાક જીવને સિદ્ધાંત બોધનું અધ્યયન કરવું અત્યંત પ્રિય થઇ પડે છે કારણ કે જ્ઞાની તરીકેનો અહંકાર પોષવામાં તેમાં સુગમતા છે. **એટલા માટે એમ કહ્યું કે સિદ્ધાંત બોધ પ્રાપ્ત કર્યો હોય પણ જો એ ન પરિણમે તો કાર્યકારી ન થાય. કેવી રીતે પરિણમશે ? શેનાથી પરિણમશે ?**

**તો વિપર્યાસ બુદ્ધિ દૂર થશે ત્યારે પરિણમશે.**<br>
વિપર્યાસ બુદ્ધિ કયારે દૂર થશે ?<br>
દઢપણે વૈરાગ્ય-ઉપશમ પ્રાપ્ત થશે ત્યારે.<br>
**દઢપણે વૈરાગ્ય-ઉપશમ કયારે પ્રાપ્ત થશે ?**<br>
ઉપદેશ બોધમાં જીવ સ્થિર થશે ત્યારે.

જ્ઞાન યાત્રાનો ક્રમ આ છે. ઉપદેશ બોધથી વૈરાગ્ય ઉપશમ બળવાન થાય.

વૈરાગ્ય ઉપશમ બળવાન થવાથી વિપર્યાસ બુદ્ધિ ટળી જાય.

વિપર્યાસ બુદ્ધિ ટળવાથી સિદ્ધાંત બોધ સમજી શકાય અને ખાસ કરીને તે પરિણમી શકે.

જગતના પદાર્થો અનિત્ય છે એમ કહેવું અને માનવું એ માત્ર વૈરાગ્ય નથી. પણ તેના સંબંધમાંથી-એના સંયોગમાંથી-સુખ પ્રાપ્ત થાય છે એવી ભ્રમણા દૂર થવી તેને વૈરાગ્ય કહેવાય.

વૈરાગ્ય એ આવેશ-અકળામણ - emotion - ઉત્તેજિતતા-ઊભરો નથી.

**બાહ્ય પદાર્થના સંજોગોમાં અનુકૂળતાનો આરોપ કરીને જીવ (જેમ કૂતરું હાડકાને તોડતી વખતે આવેલા પોતાના લોહીના સ્વાદને હાડકામાંથી આવેલો સ્વાદ ખોટી રીતે સમજે છે તેમ) જે સુખની કલ્પના કરે છે એ સુખની કલ્પના સદંતર મટી જાય અને એ અવસ્થામાંથી અંદરની ભાવની જે ધારા પ્રગટ થાય છે તેને વૈરાગ્ય કહેવાય.**

મીરાએ સરળ ભાષામાં કહ્યું કે; **''સાકર શેલડીનો સ્વાદ તજીને કડવો લીંબડો ઘોળમાં- રાધાકૃષ્ણ વિના બીજુ બોલમા''**

સમાધિમાંથી - સ્વભાવમાંથી-ધ્યાનમાંથી-ચૈતન્ય તત્ત્વમાંથી-સુખ મળે છે. પોતે આનંદનો સાગર છે. એવા સાગરને છોડીને જેમાં સુખ નથી પણ સુખની કલ્પના છે-સુખની ભ્રમણા છે- સુખનો આરોપ છે- સુખનો વિપર્યાસ છે- સુખ બુદ્ધિ છે તેવી બુદ્ધિને આધીન થઇને તું શું કરવા અટકે છે ? એવી સમજણ પ્રાપ્ત થતાં આપોઆપ જગતના-પદાર્થો-વ્યક્તિઓ- સંજોગો પ્રત્યે ઉદાસીનભાવ આવે તેને કહેવાય છે વૈરાગ્ય.

આવો વૈરાગ્ય જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં, અનુકૂળતા-પ્રતિકૂળતામાં, ઇષ્ટમાં અને અનિષ્ટમાં, ગમા કે અણગમાનો ભાવ ઉત્પન્ન ન થાય. અને **પ્રતિકૂળ હોય કે અનુકૂળ હોય એના વચ્ચે વિષમભાવ ઉત્પન્ન ન થાય આને કહેવાય છે ઉપશમ ભાવ.**

વિષમબુદ્ધિ જેની ટળી ગઇ છે આને કહેવાય છે ઉપશમભાવ. આ વૈરાગ્ય અને ઉપશમની મૂડી લઇને સાધક આધ્યાત્મિક યાત્રા પર નીકળે છે. બહાર જવું હોય, ૧૫ દિવસની મુસાફરી કરવાની હોય તો જેમ વિવિધ પ્રકારનું ભાતુ લઇ નીકળે તેમ અધ્યાત્મની યાત્રામાં વૈરાગ્ય અને ઉપશમ મોટા પરિબળો છે. એ વૈરાગ્ય અને ઉપશમ દ્વારા ઉપદેશ બોધ પ્રાપ્ત કરીને વૈરાગ્ય અને ઉપશમ દ્વારા સિદ્ધાંત બોધ પરિણત થાય એવી ભૂમિકા સાધકને પ્રાપ્ત કરવાની છે.

અત્યારે સિદ્ધાંત બોધ ફલિત કેવી રીતે થાય તેની ચર્ચા કરીએ છીએ. સવારે જે વાત કરી હતી તે ઉપદેશ બોધની અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિની કેવી અવસ્થા હોય અને સમ્યગ્દર્શન કેવું આંતરિક પરિવર્તન લાવે છે તેની વાત હતી.

અત્યારે સિદ્ધાંત બોધની અપેક્ષાએ સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં અંતરમાં કેવું transformation થાય તેની વાત છે. **सति चास्मिन्नसौ धन्यः सम्यग्दर्शन संयुतः।** બહુ અદ્દ્ભુત સૂત્ર છે.

૧. જેના હોવાથી, જે પ્રાપ્ત થવાથી જીવન ધન્ય બને છે, શું પ્રાપ્ત થવાથી ? સમ્યગ્દર્શન. એક બાજુ છ ખંડનો માલિક ચક્રવર્તી પણ સમ્યગ્દર્શન વગરનો છે અને બીજી બાજુ જેની પાસે ભિક્ષા માગવા માટે તૂટેલી-ફૂટેલી હાંડલી પણ નથી એવો ભિખારી ઊભો છે પણ તે સમ્યગ્દર્શન સહિત છે. જ્ઞાની પુરુષને પૂછશો કે આમાં ધન્યતા કોની છે ? તો જ્ઞાની પુરુષ કહેશે કે જેની પાસે ભીખ માગવાની હાંડલી પણ નથી તે ભિખારીને ધન્ય છે કારણ કે તેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઇ છે.

કુમારપાળ મહારાજ ૮૪ વર્ષે પાટણથી શંત્રુજય સંઘ લઇને જાય છે મંત્રીઓ કહે છે 'પાલખીમાં બેસો, થાકી જશો' ત્યારે કુમારપાળ મહારાજ જવાબ એમ આપે છે કે ''આ સંસારમાં અનંતકાળથી રખડતા મને થાક નથી લાગ્યો તો શંત્રુજય ઉપર ભગવાનને ભેટતાં શેનો થાક લાગશે ?'' આ જવાબ એનો છે કે જેના અંતરમાં અજવાળા થયા છે. સુરદાસજી ભગવાનના ચરણમાં રોતા રોતા કહે છે...

**અબ મેં નાચ્યો બહોત ગોપાલા.**

હે ભગવાન ! હું બહું નાચ્યો. આ ચોરાસીના ચૌટામાં, આ સંસારની રંગભૂમિ ઉપર હું બહુ નાચ્યો. હવે મારે નાચવું નથી.

**અનંતકાળથી આથડયો, વિના ભાન ભગવાન,**
**સેવ્યા નહીં ગુરુ સંતને, મૂકયું નહીં અભિમાન.**

આપણે બોલીએ ત્યારે જાણે third party માટે બોલતા હોય તેમ જણાય છે. જ્યારે જ્યારે કહીએ છીએ **''અહંભાવથી રહિત નહીં- સ્વધર્મ સંચય નાહીં''** ત્યારે સાંભળનારો બાજુમાં બેઠેલને જુએ છે. એ એમ કહે છે કે આ બાજુમાં બેઠેલ અહંકારથી રહિત નથી. હું અહંકારથી રહિત છું. આ ભ્રમણાને કારણે સમજણ પ્રાપ્ત થઇ નથી, ઉપદેશ પરિણમ્યો નથી. આ વાત થર્ડ પાર્ટી માટે નથી. આ વાત : Only for you છે. માત્ર આપણા માટે છે. વ્યક્તિ માટે છે, પોતા માટે છે, પોતાને સમજવા માટે છે, પોતાની ક્રાંતિ માટે છે, પોતાના પરિવર્તન માટે છે. માટે આ વાત Only for you છે. પોતાની સામે જોઇને સાંભળીએ.

કુમારપાળ શંત્રુજય ઉપર પહોંચ્યા ત્યારે પગથિયાની કે બીજી કોઇ વ્યવસ્થા ન હતી. અને હવે લોકો માંગે છે ભગવાનના ગભારામાં સીધુ હેલિકોપ્ટર ઉતરે. મુંબઇ નાસ્તો કરીને નીકળો-બપોરે પૂજા કરીએ-બે વાગ્યે મુંબઇમાં ભોજન-સાંજે ચોપાટી પર ચેવડો ! આને મોક્ષ લેવો છે! કુમારપાળ ઉપર પહોંચ્યા છે-પૂજા ધ્યાન કરે છે. પછી પ્રાર્થના કરે છે કે હે પ્રભુ! મોક્ષ કયારે મળશે એ નક્કી નથી. જન્મ લેવો તો નથી પણ જો જન્મ લેવો પડે એમ જ હોય તો વિનંતી છે કે;

**जिनधर्मविनिर्मुक्तो माभूवं चक्रवर्त्यहम्।**
**स्यां चेटो दरिद्रोडपि, जिनधर्माधिवासितः॥**

હે પ્રભુ ! વીતરાગ પરમાત્માના ધર્મથી રહિત-જયાં વીતરાગની ભકિત નથી, જયાં વીતરાગનો મૂર્તિમંત નિર્દોષ-નિષ્કલંક ધર્મ પ્રાપ્ત થતો ન હોય એવી અવસ્થામાં ચક્રવર્તીના ઘરે જન્મ મળતો હોય તો પણ લેવો નથી. મારી પસંદગી શું ? ભલે હું નોકર બનું પણ વીતરાગ પરમાત્માના ધર્મથી વાસિત મારી બુદ્ધિ હોય ! આ ભાવના જેના અંતરમાં છે તેને કહેવાય સમ્યગ્દષ્ટિ મહાત્મા.

૭૦૦ શિષ્યોના ગુરુ-''અંબડ'' પરિવ્રાજક-ભગવાન મહાવીરના ઉપદેશ માટે ચંપાનગરીમાં

ગયા છે. પોતાના આગ્રહો, પોતાની માન્યતા અને પોતાના મતો છોડી દીધા છે. ભગવાન મહાવીરનું શિષ્યત્વ સ્વીકાર્યું છે પણ મુનિ અવસ્થા લઇ શકતા નથી.

એ ઉપાસક ચંપાનગરીથી રાજગૃહી નગરી જઇ રહ્યા છે. પ્રભુના ૧૪ ચાતુર્માસ રાજગૃહી નગરીમાં થયા છે ત્યાં તેમના ભક્તો-શ્રેણિક મહારાજ-ધન્નો-શાલિભદ્ર-અભયકુમાર-જંબુકુમાર-સુલસાજી છે. તે ભગવાન મહાવીરજીને પૂછે છે કે ''કાંઇ આજ્ઞા?''. ત્યારે ભગવાન મહાવીરજી કહે છે ત્યાં સુલસા શ્રાવિકાને કહેજો કે ભગવાન મહાવીરે ધર્મલાભ કહેવડાવ્યા છે. સુલસા સારથિના પત્ની છે. એટલે અંબડને આશ્ચર્ય થાય છે.

**રાજા રાણીને નહિ-શેઠ શ્રીમંતને નહિ-સુલસાને કીધા ધર્મલાભ.**

કથા એવી છે કે અંબડે પહેલા બ્રહ્માજીનું રૂપ લીધું પછી વિષ્ણુજીનું સ્વરૂપ લીધું. આખી રાજગૃહી નગરીની પ્રજા દર્શનાર્થે જાય છે પણ શ્રાવિકા સુલસા જતાં નથી. છેવટે અંબડે ભગવાન મહાવીરનું સ્વરૂપ ધારણ કર્યું છતાં શ્રાવિકા સુલસા જતાં નથી. બધી માયા સમેટીને અંબડ શ્રાવિકા સુલસા પાસે ગયા. અને કહ્યું કે 'ભગવાન મહાવીરે ધર્મલાભ કહ્યો છે'. સાંભળતાની સાથે તેની બંગડીઓ તૂટી જાય છે, રોમે રોમમાં ઉલ્લાસ થાય છે. આંખ અશ્રુઓથી ભરાઇ જાય છે. ભગવાન મહાવીરજી-૧૪ ભુવનનો ધણી જેને ''ધર્મલાભ'' કહે એવી અવસ્થા જેનાથી પ્રાપ્ત થાય તેને કહેવાય છે સમ્યગ્દર્શન. એટલે સમ્યગ્દર્શન સહિતની અવસ્થા શ્રાવિકા સુલસાને પ્રાપ્ત થઇ હતી અને તે ધન્ય અવસ્થા છે. ભગવાન મહાવીરજી કહેતા શ્રેણિક નરકમાં જનારા છે છતાં દુઃખી નહીં થાય અને આનંદ અને કામદેવ વૈમાનિક દેવલોકમાં જવાના છે છતાં સ્વરૂપનું વિસ્મરણ નહીં થાય. કારણ ? કારણ કે સમ્યગ્દર્શન તેમની સાથે છે. આવું સમ્યગ્દર્શન જેને થયું છે તેવો આત્મા અંતરમાં એક વિશેષ અવસ્થા અનુભવે છે.

(૧) જયારે સમ્યગ્દર્શનની અવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે તેની દૃષ્ટિ-પર્યાયમાંથી આકારમાંથી-વિકારમાંથી-પ્રકારમાંથી ખસીને અખંડ દ્રવ્યમાં સ્થિર થાય છે.

| દ્રવ્ય=વસ્તુ | પર્યાય= વસ્તુની વર્તમાન હાલત | ગુણ=વસ્તુમાં રહેલી શક્તિ |
|---|---|---|
| માટી | ઘડો | કાળાશ |
| ગોળ | ગાંગડાના સ્વરૂપે | ગળપણ |

દ્રવ્યમાં ગુણ અને પર્યાય બન્ને છે. ગુણોના **અને પર્યાયના આધારને કહેવાય દ્રવ્ય. પર્યાય સમય પૂરતી છે, કાયમ નથી. સમ્યગ્દર્શન થતાની સાથે જ એની દૃષ્ટિ પર્યાય પરથી ઊઠીને દ્રવ્ય પર ઠરે છે. સમ્યગ્દર્શનથી દૃષ્ટિ બદલાય છે.** જેની દૃષ્ટિ બદલાય છે તેની સૃષ્ટિ પણ બદલાય છે. સૃષ્ટિ બદલાવવાની જરૂર નથી-દૃષ્ટિ જો બદલાશે તો સૃષ્ટિ આપોઆપ બદલાય છે.

દ્રવ્યાનુયોગની દેશના જ્ઞાની પુરુષોએ આપી છે. જો પર્યાય પર દૃષ્ટિ હશે તો પર્યાયને કોઇને

કોઇ આકાર હશે- પ્રકાર હશે-અને એ પ્રકાર હશે ત્યાં સુધી કોઇને કોઇ વિકાર હશે-અને વિકાર હશે ત્યાં સુધી વિકલ્પ હશે અને જ્યાં વિકલ્પ હશે ત્યાં સુધી ધ્યાનની ધારા અતૂટ સાંધી શકાશે નહીં. ધ્યાનની ધારાને તોડનાર વિકલ્પ છે. એના પરથી (પર્યાય પરથી) દૃષ્ટિ ઊઠીને દ્રવ્ય પર ઠરી જાય તો વિકલ્પો ન ઊઠે. કારણ કે દ્રવ્યમાં ભેદ-પ્રકાર નથી. એ અખંડ છે. તે સામાન્ય મહાસત્તા છે. વિશેષ નથી.

અરે! સમ્યગ્દર્શન તો શ્રદ્ધાગુણની પર્યાય છે પણ તેની તાકાત એવી છે કે આખા દ્રવ્યના સાગરને પી જાય છે-આનંદઘનજી કહે છે.

**ભારે પીળો ચીકણો, કનક અનેક તરંગ રે,**
**પર્યાયદષ્ટિ ન દીજીએ, એક જ કનક અભંગ રે.**
**ધરમ પરમ અરનાથનો.**

સોના સામે જોવાની એવી પણ દૃષ્ટિ છે કે સોનું પીળું છે- સોનું ચીકણું છે-સોનું ભારે છે- સોનું વજનદાર છે- આ ઘાટ છે- આ ઘડામણ છે. જો આ બધું જોવામાં આવશે તો વિકલ્પની પરંપરા ઊભી થશે પણ આ બધું ગૌણ કરીને માત્ર સોનાને જોવામાં આવે તો વિકલ્પની ધારા તૂટશે. નરસિંહ મહેતાએ કહ્યું કે **''ઘાટ ઘડયા પછી નામ રૂપ જુજવા, અંતે તો હેમનું હેમ હોયે.''** નામ અને રૂપ ઘાટ ઘડયા પછી થાય છે. જેટલા નામ અને રૂપ જુદા એટલા વિકલ્પો વધારે.. જેટલા વિકલ્પો વધારે એટલી ધ્યાનની ધારા તૂટશે. ધ્યાનની ધારાને તોડનાર પરિબળ માત્ર વિકલ્પ છે. શુદ્ધ દ્રવ્યની સાથે શુદ્ધ દ્રવ્યમાં જેની ચેતના ઠરી છે, **પર્યાય ઉપરથી જેની દૃષ્ટિ ઊઠી ગઇ એવી દ્રવ્ય દૃષ્ટિ જેનાથી થાય તેને કહેવાય છે સમ્યગ્દર્શન.** આ દૃષ્ટિના કેટલાક પરિણામો નીચે દર્શાવ્યા છે.

પરિણામ - ૧. અહમ્ અને મમનો લય થાય છે- નાશ નથી થયા-હજુ અંદર છે પણ તોફાન શમી ગયું છે કારણ-દેહાભિમાન નથી અને તેનું મમત્વ પણ નથી. જેટલું દેહાભિમાન દઢ તેટલું મમત્વ દઢ, જેટલું મમત્વ દઢ તેટલું દેહાભિમાન દઢ. જેટલા પ્રમાણમાં દેહાભિમાન હશે તેટલા પ્રમાણમાં મમત્વનો વિસ્તાર હશે.

પરિણામ - ૨. એ કર્તા ભોકતા મટે છે.

પરિણામ - ૩. એ જ્ઞાતા દ્રષ્ટા બને છે.

પરિણામ - ૪. સ્વામીભાવ જાય છે અને સાક્ષીભાવ પ્રાપ્ત થાય છે.

આ સમ્યગ્દર્શનથી અંદરમાં આવતું સમૂળગું પરિણામ છે. આટલી વસ્તુ સમ્યગ્દૃષ્ટિમાં જોવા નહિ મળે. આપણે સાક્ષી ભાવની વાત ગમે તેટલી કરીએ પણ અહં ટાળી શકાતો નથી, મમત્વ દૂર કરી શકાતું નથી, કર્તા બુદ્ધિ ટળતી નથી, ભોકતા બુદ્ધિ ટળતી નથી. જ્ઞાતા-દ્રષ્ટા ભાવ

આવતો નથી, સ્વામીભાવ છૂટતો નથી અને સાક્ષી ભાવ પ્રાપ્ત થઇ શકતો નથી.

**છૂટે દેહાધ્યાસ તો, નહીં કર્તા તું કર્મ**
**નહીં ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ''**

આ કહેવા છતાં કર્તાભાવ છૂટવો બહુ મુશ્કેલ છે. અખા ભગતે કહ્યું કે;

**કર્તા મટે તો મીટે કર્મ, એ છે મહા ભજનનો મર્મ.**

અકર્તા ભાવની વાત-વેદાંતે-સાંખ્ય દર્શને-ભક્તિ માર્ગે પણ કરી છે- પણ method કલીઅર નથી, પ્રક્રિયા અસરકારક નથી, પ્રક્રિયા યથાર્થ નથી. માટે નરસિંહ મહેતાએ ગાયું કે,

**હું કરું હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે.**

આપણે સમજીએ કે ન સમજીએ પણ નરસિંહ મહેતાનું ગાયેલું ગાઇએ છીએ. આ લીટી તમે વારે વારે ગાતા હો અને તે વખતે જરા જોડેવાળાનો ધક્કો લાગી જાય તો લીટી પડી રહે અને અંદરમાં બીજો ભાવ ઉત્પન્ન થાય છે. તું ગાતો હતો ને ! એ ભુલાઇ ગયું ? હા, એ ભૂલાઇ જાય છે. અંદરમાં કષાયનું જોર આવ્યું.

ત્રણે માર્ગોમાં અકર્તા ભાવની વાત સિદ્ધ થતી નથી માટે

**હું કરું હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે.**

દ્રવ્યો છ છે-૧. જીવ, ૨. પુદ્‌ગલ, ૩. ધર્માસ્તિકાય, ૪. અધર્માસ્તિકાય, ૫. આકાશસ્તિકાય, ૬. કાળ. છયે દ્રવ્યો સ્વયં પરિપૂર્ણ છે, સ્વયં નિરપેક્ષ છે. પ્રત્યેક દ્રવ્યમાં અનંત ગુણો છે તથા અનંત શક્તિ ભરી છે આ પ્રત્યેક દ્રવ્ય સ્વયં પરિણામી છે અને તેને પરિણમવા માટે બીજા કોઇ દ્રવ્યની દયા પર જીવવું પડતું નથી. મજાની વાત તો એ છે કે છેલ્લા ચાર દ્રવ્યો તો વચ્ચે આડા આવતા જ નથી.

આકાશાસ્તિકાય તમને જગ્યા આપે છે જો લેવી હોય તો,

ધર્માસ્તિકાય તમને ગતિ કરવી હોય તો સહાય કરે છે પણ ધક્કો મારતું નથી

અધર્માસ્તિકાય તમને સ્થિતિ કરવી હોય તો સહાય કરે છે, પરાણે પગ પકડીને સ્થિતિ નથી કરાવતું.

કાળ-નવું અને જૂનું કરે. એ ચારે દ્રવ્યો અરૂપી છે- અમૂર્ત છે અને અક્રિય છે.માત્ર સહકારી પ્રવૃત્તિ કરે છે અને જીવને તથા પુદ્‌ગલને સહકાર આપે છે.

આ ચારે ચાર દ્રવ્ય રમતમાંથી બહાર નીકળી ગયા છે. રહ્યું છે માત્ર પુદ્‌ગલ દ્રવ્ય. જે નજરે દેખાય છે, તેને આકાર છે, પ્રકાર છે. જો કે આ પુદ્‌ગલ દ્રવ્ય પણ આ જીવને જીવન જીવવામાં પોતે સહાય કરે છે. દેહ, ઇન્દ્રિયો, મન, આહાર, દ્રવ્યપ્રાણ, મકાન આ બધા એમાંથી આવે છે. જગતના પદાર્થો એમાંથી આવ્યા. એ ઘટકો એમાંથી તૈયાર થયા અને તમને પ્રાપ્ત થયા છે. તમને પ્રાપ્ત થાય છે પણ એ રાગદ્વેષ કરતા નથી અને રાગદ્વેષ કરાવતા પણ નથી. જો વાત ન

બેસે તો યે ચિંતા ન કરશો, ગૂંચવાડો ન કરશો પણ વાત-સત્ય-તથ્ય તો આમ જ છે. ને વાત આમ જ બેસશે. એ રાગદ્વેષ કરતા નથી અને કરાવતા પણ નથી. કારણ કે પુદ્ગલ દ્રવ્યમાં જ્ઞાન નથી તો રાગદ્વેષ કયાંથી કરે ? અને રાગદ્વેષ એટલે નથી કરાવતા કારણ કે પુદ્ગલ દ્રવ્યનો હેતુ નથી. એ સત્ છે, એ એમના કારણે હાજર છે. તમે ઇચ્છો કે ન ઇચ્છો માટે હાજર છે એવું નથી. તમે ન ઇચ્છો તો ગેરહાજર થઇ જાય અને તમે ઇચ્છો તો હાજર થઇ જાય એવું તમારા કહ્યામાં રહે તેવું પુદ્ગલ દ્રવ્ય નથી. એ પોતે સ્વતંત્ર છે પણ જીવ-પોતાની અજ્ઞાનતાના-પોતાના મિથ્યાત્વના-પોતાના મોહના કારણે પોતાના રાગદ્વેષમાં તેને નિમિત્ત બનાવે છે. અને એ નિમિત્ત બનાવીને પોતે બંધાય છે.

ઉપા. યશોવિજયજી મહારાજે કહ્યું કે;

**આપ હી બાંધે આપ હી છોડે, નિજ મતિ શક્તિ વિકાસી,**
**ચેતન ! જો તું જ્ઞાન અભ્યાસી.**
**જો તું આપ સ્વભાવે ખેલે, આશા છોડ ઉદાસી,**
**સુર નર કિન્નર નાયક સંપતિ, તુજ ચરણોકી દાસી,**
**ચેતન ! જો તું જ્ઞાન અભ્યાસી.**

પુદ્ગલ દ્રવ્ય તું રાગદ્વેષ કર એમ કહેતું નથી પણ જો જીવ કરે તો નિમિત્ત બની જાય છે. **પુદ્ગલ હાજર હોવામાં, રહેવામાં સ્વતંત્ર અને તે હાજર હોય ત્યારે રાગદ્વેષ કરવા કે ન કરવા તેમાં તમે સ્વતંત્ર.**

પુદ્ગલ દ્રવ્યને હું કરું છું, એ અહંકાર ભાવ છે.

પુદ્ગલ દ્રવ્યમાં હું ફેરફાર કરું છું, એ કર્તાભાવ છે.

પુદ્ગલ દ્રવ્યને હું ભોગવું છું, એ ભોકતાભાવ છે.

પુદ્ગલ દ્રવ્યનો હું સ્વામી છું, એ મમત્વભાવ છે.

આ ચારેય દીકરાનો બાપ મિથ્યાત્વભાવ છે.

આ ચાર ભાવ થયા, અહંભાવ, કર્તાભાવ, ભોકતાભાવ અને મમત્વભાવ.

જ્ઞાની પુરુષો કહે છે જો એક વખત આ ચારેય ભાવ મટી જાય તો મોક્ષ તારી હથેળીમાં છે. પણ મટાડવા કેવી રીતે ?

એ ચારે ચારને એક ક્ષણમાં દૂર કરવાની તાકાત જેનામાં છે તેને ''**સમ્યગ્દર્શન**'' કહે છે.

આ ચારે કશાથી નહીં મટે.

એ કોઇ ક્રિયાથી નહીં મટે.

એ કોઇ કર્મથી નહીં મટે.

એ વાંચવાથી નહીં મટે. એટલે વાંચશો નહીં એમ નથી કહેતા.

એ મટશે તો માત્ર મિથ્યાત્વ જવાથી અને મિથ્યાત્વ તો જ જાય જો '**સમ્યગ્દર્શન**' આવે તો. સમ્યગ્દર્શન આવે તો મિથ્યાત્વ જાય.

**મિથ્યાત્વ હાજર છે તેને દૂર કરવાનું છે.**

**જેમ ખાટલાના ચાર પાયા છે તેમ અહમ્-કર્તા-ભોકતા-મમત્વ ભાવ સંસારના આ ચાર પાયા છે. પ્રથમ ત્રણેય ભાવોને મજબૂત કરનાર તે માત્ર મમત્વ ભાવ છે.**

પુદ્‌ગલ દ્રવ્ય કહે છે હું છું પણ એ નથી કહેતું કે તું મને અપનાવ. ઘરેણાં પહેરીને તમે રાજી થાવ છો પણ ઘરેણા તમને જોઇને રાજી થશે ? પિન્ટુ વાવા પહેરે પછી ઘરમાં ન રહી શકે. બધાને બતાવવા પડે કે મારા ''વાવા'' જુઓ. તમે કોના માટે કપડાં પહેરો છો ? તમે તમારા માટે કપડાં પહેરતા નથી. ઘરમાં હો ત્યારે કેવું પહેરો છો તે ખબર છે. બહાર નીકળો ત્યારે અપટુડેટ જોઇએ. કિંમતી સાડી પહેર્યા પછી-શણગાર કર્યા-પછી એ બહેન ઘરમાં ને ઘરમાં રહી હોય ! ના રહે. આ પદાર્થો કહે છે કે તમે અમને પહેરો છો અને રાજી થાવ છો. અમે તો નારાજ-કે-રાજી થતાં નથી. મીઠાઇ જોઇ તમને પાણી છૂટે, પણ મીઠાઇ પોતે ભીની થઇ જતી જોઇ છે ખરી ? અહીં બેઠાં બેઠાં જો તિજોરી બંધ કરી કે નહીં તે યાદ આવે તો ફડકો બેસી જાય. પણ તિજોરીને ફડકો બેસે છે કે માલિક સ્વાધ્યાય મંદિરમાં જઇને બેઠો છે ! પુદ્‌ગલને તમારી સાથે શું લેવા દેવા છે. પુદ્‌ગલ રાગ પણ નથી કરાવતું અને દ્વેષ પણ નથી કરાવતું. દોષ પુદ્‌ગલનો નહીં પણ દોષ તારો છે. જીવ પણ સ્વતંત્ર છે અને પુદ્‌ગલ પણ સ્વતંત્ર છે માટે આ દોષ પુદ્‌ગલનો નહીં પણ તારો. અને આ ભૂલ પણ તારી, એ ભૂલને જ જ્ઞાની પુરુષો મિથ્યાત્વ કહે છે.

એ ભૂલને જ મોહ કહે છે.
એ ભૂલને જ અજ્ઞાન કહે છે
એ ભૂલને જ માયા કહે છે
એ ભૂલને જ વિપરીત બુદ્ધિ કહે છે
એ ભૂલને જ ભ્રમણા બુદ્ધિ કહે છે
એ ભૂલને જ વિભાવ બુદ્ધિ કહે છે
એ ભૂલને અવિદ્યા બુદ્ધિ કહે છે
એ ભૂલને જ ભ્રમણા કહે છે
સંસારના આ પાયા છે.

સમ્યગ્દર્શન થતાં આ પાયાની ભૂલ સુધરી જાય છે માટે સમ્યગ્દર્શન થતાં જ નીચેની ક્રિયાઓ થાય છે.

(૧) અહમ્-મમનો લય થઇ જાય અને સાક્ષીભાવ આવે.

(૨) કર્તા-ભોકતા ભાવ મટી જાય અને સાક્ષીભાવ આવે.

(૩) જ્ઞાતા- દ્રષ્ટા બની જાય અને સાક્ષીભાવ આવે.

(૪) સ્વામિત્વ ભાવ ચાલ્યો જાય અને સાક્ષીભાવ આવે.

અને સાક્ષી ભાવ આવે એટલે

(૧) ન રતિ કે ન અરતિ થાય. તો હવે રાગ-દ્વેષને રહેવાની જગ્યા કયાં રહે ?

(૨) ન હર્ષ કે ન શોક થાય તો હવે રાગ-દ્વેષને રહેવાની જગ્યા કયાં રહે ?

(૩) ન પસંદગી કે ન નાપસંદગી રહે તો હવે રાગ-દ્વેષને રહેવાની જગ્યા કયાં રહે ?

(૪) ન મારું કે ન તારું થાય. તો હવે રાગ-દ્વેષને રહેવાની જગ્યા કયાં રહે ?

રાગ દ્વેષનું બળ તૂટી જાય છે.

આ સમ્યગ્દર્શન અમૃતનો કુંભ છે. આ અમૃતનો કુંભ મળતાં બધા ઊધામા શમી જાય અને અંદર પરમ નિરાકુળતા આવી જાય. સુખ તો નિરાકુળતામાં છે. કોઇ પણ જાતની આકુળતા-વ્યાકુળતા ન હોય. જ્યાં આકુળતા છે- ત્યાં અશાંતિ-ત્યાં ટેન્સન-ત્યાં ડીપ્રેશન-ત્યાં અનિદ્રા છે. સમ્યગ્‌દર્શનથી વ્યાવહારિક ફાયદા થાય છે. આધ્યાત્મિક ફાયદા તો ઘણા છે.

શાંતિ માટે મંત્ર-તંત્ર-દોરા ધાગા-માદળિયાની જરૂર નથી. માત્ર સમ્યગ્દર્શનની જરૂર છે. જોધપુરના મહારાણી આનંદઘનજી પાસે આવ્યા. પતિ-પત્નીને બનતું નથી. રાજા-રાણીને મેળ ન હતો. રાણીએ સાંભળ્યું કે આ ઓલીયો ફકીર છે. મસ્ત યોગી છે. જો આ આશીર્વાદ આપે તો રાજા સાથે મેળ પડે. સાધુ-સંતોની પાસે મોટા ભાગે જવાનું કારણ લગભગ આ જ છે. આજે દેવ દેવીઓ રોજ વધતા જાય છે. રોજ એક નવો દેવ અને એક દેવી ઊભી થાય છે. આ ઢગલા બંધ દેવ-દેવીઓનો ધંધો એટલા માટે ચાલે છે કે ભીખારીઓ ઘણા ભેગા થયા છે. બસ જોઇએ, જોઇએ. લોકો એમ કહે છે કે પહેલા ભોયણી તીર્થનું બહું માહાત્મ્ય હતું. હવે શંખેશ્વર તીર્થનું માહાત્મ્ય બહું વધ્યું. એમ કેમ થયું ? જે માનતા રાખો, જે બાધા રાખો એ ફળી જાય. આ ભગવાન તમારું કામ કરે તો ભગવાન તમારા કામના અને આ ભગવાન તમારું કામ ન કરે તો ભગવાન તમારા કામના નહિ. આપણી અંદર અપેક્ષાઓ કેટલી બધી પડી છે ?

આનંદઘનજીને મહારાણી કહે છે કે રાજા સાથે મેળ નથી. આનંદઘનજી કહે કે હમ કયા કરે? મહારાણી કહે કે, ના, ના ! મહારાજ કોઇ તાવિજ આપો. કાગળ ઉપર કાંઇ લખીને આપ્યું અને માદળિયામાં રાખ્યું. પછી મેળ થઇ ગયો. રાજાને ખબર પડી ત્યારે રાજા ગુસ્સો કરતો આવે છે અને ત્યારે આનંદઘનજીએ રાણીને બોલાવી અને માદળિયું ખોલ્યું. લખ્યું હતું કે, **''राजा को राणी मिले/ न मिले उसमें आनन्दघनजी को कया ?''** આ કયો મંત્ર અને કયું તાવીજ- માદળીયું !

શાસ્ત્રો કહે છે કે સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં પરમ શાંત અવસ્થા પ્રાપ્ત થાય છે.

નમિરાજની ઇન્દ્ર મહારાજા પરીક્ષા કરે છે કે મહેલો બળી રહ્યા છે ત્યારે નમિરાજ જવાબ આપે છે કે, **मिहिलाअे डज्झमाणीअे, न मे डज्झइ किंचन ।** ''જે બળે એ મારું નહીં અને મારું હોય

તે બળે નહીં.'' આ નઘરોળ કે હૈયા સૂના કે સંવેદનશીલતા વગરના માણસો નથી. આ શુષ્ક નથી. એમનું હૃદય તો સંવેદનાથી ભરેલું છે પણ સમ્યગ્દર્શનની અવસ્થાના કારણે એમનામાં વ્યાકુળતા-વ્યગ્રતા-વલોપાત-અસ્વસ્થતા નથી. સમ્યગ્દર્શનથી આવી આંતરિક દશા બદલાય છે.

દ્રવ્યને સમગ્રતામાં જોવું અને પર્યાયને દષ્ટિમાં ગૌણ કરવી એ અવસ્થા સમ્યગ્દર્શનથી જ પ્રાપ્ત થાય છે. ફરી સમજો કે દ્રવ્ય પણ છે, પર્યાય પણ છે. દ્રવ્ય વગર પર્યાય નથી અને પર્યાય વગર દ્રવ્ય નથી. બન્ને સાથે છે, એક જ સમયમાં છે પણ મિથ્યાદષ્ટિ મિથ્યાત્વને કારણે દ્રવ્યને જોતો નથી અને માત્ર પર્યાયને જ જોવે છે માટે રાગદ્વેષના વમળો ઉત્પન્ન થાય છે.

**સમ્યગ્દષ્ટિ દ્રવ્યને પણ જોવે છે અને પર્યાયને પણ જોવે છે-દ્રવ્યને પણ જાણે છે અને પર્યાયને પણ જાણે છે પણ પર્યાયને ગૌણ કરીને એની દષ્ટિ દ્રવ્યની ઉપર ઠરેલી છે.**

દ્રવ્યને અખિલાઇમાં જોવું- સમગ્રતામાં જોવું. Totalityમાં જોવું-અખંડતામાં જોવું એવી કળા સમ્યગ્દર્શનથી પ્રાપ્ત થાય છે.સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં એ વ્યક્તિ બદલાઇ જાય છે પુદ્ગલને પણ સમગ્રતાથી જોવું. કબીરે કહ્યું,

**હાડ જલે જૈસે લકડે કી મૌલિ, બાલ જલે જૈસે ઘાસકી પૌલી.**

એ વાળને પણ જુઓ અને એ જ્યારે ભડકે બળી જાય છે અને રાખ થાય છે તે પણ જુઓ. બન્નેને જુઓ. હાડકા (શરીર)ને પણ જુઓ અને સ્મશાનમાં બળેલા હાડકાને પણ જુઓ. આ બન્ને જો જોશો તો વાળ તરફ આકર્ષણ નહીં થાય અને અણગમો પણ નહીં થાય-વાત સમજી લેજો.

**જે ઘર નોબત વાજતી, થાતા છત્રીસ રાગ,**
**ખંડેર થઇ ખાલી પડયા બેઠણ લાગા છે કાગ.**

આમાં નિરાશાનો સ્વર નથી. ગમગીની-બેચેનીની વાત નથી આ fact વાત છે. સૌરાષ્ટ્રના રાજાના મહેલો ૫૦ વર્ષ પહેલા જેને જોયા છે તે અને આજે જુઓ-બન્ને વચ્ચે ફરક છે. બન્ને જેને જોતા આવડે છે-વર્તમાનની અવસ્થા અને ત્રિકાળી અવસ્થા જેને જોતા આવડે છે તેની રાગદ્વેષની ધારા તૂટે છે. સુંદર સ્ત્રીને જુઓ-સાથે વૃદ્ધાવસ્થાને પણ જુઓ અને બળીને ખાખ થાય છે તે રાખ પણ જુઓ-કે આમાં સુંદર સ્ત્રી છે. તો વર્તમાન અવસ્થામાં જે અંદર આકર્ષણ થાય છે અને પછી જે અણગમો થાય છે તે નહીં થાય. આ સમ્યગ્દષ્ટિની અદ્ભુત કળા છે. આ દષ્ટિ જેની બદલાઇ જાય તેની સમગ્ર અવસ્થા બદલાઇ જાય છે અને તેના પરિણામે વિકલ્પની ધારા તૂટે છે અને એને નિર્વિકલ્પ અવસ્થાની પ્રાપ્તિ થાય છે.

**અખંડ ચૈતન્યની ધારા જેને સિદ્ધ કરવી છે તેણે નિર્વિકલ્પ અવસ્થા સુધી પહોંચવું પડશે. અને નિર્વિકલ્પ દશાની સાચી સાધના સમ્યગ્દર્શન વગર થતી નથી.**

સમયસાર-નિયમસાર-પંચાસ્તિકાય-આગમસાર-વચનામૃતજી કંઠસ્થ. આ બધું કરવા છતાં જો અંદરમાં રાગદ્વેષના વમળો ન તૂટયા તો વાંચેલું બહાર રહે છે.

''એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ-જ્ઞાનીના વચન વડે દૂર થઇ જાય છે.'' એકરૂપ-એકરૂપ નથી. એકરૂપ છે નહીં. તમે માનો તો એકરૂપ નથી અને તમે ન માનો તો પણ એકરૂપ નથી. **''એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ જ્ઞાનીના વચન વડે દૂર થઇ જાય છે'' શેનાથી દૂર થશે ? બાકી સાધનો કરી જુઓ મિથ્યાત્વભાવ દૂર નહીં થાય-જ્ઞાનીના વચન વગર આ ભાવ દૂર થતો નથી ''ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન''**બંનેનો સ્વભાવ ભિન્ન છે પણ તે સમ્યગ્દર્શનમાં ભાસે છે અને સમ્યગ્દર્શન નથી હોતું તો ભિન્ન સ્વભાવ ભાસતો નથી. ''બન્ને દ્રવ્ય નિજનિજ રૂપે સ્થિત છે.'' શાસ્ત્રો એમ કહે છે કે તું માને કે ન માને-આ જડ ચેતન બન્ને જુદા છે. તું સ્વીકારે કે ન સ્વીકારે જડ-ચેતન બન્ને જુદા છે. અજ્ઞાન અવસ્થામાં જે વખતે એક છે એમ માનતો હતો તે વખતે પણ બન્નેનો સ્વભાવ જુદો હતો. અને જ્ઞાન અવસ્થા પ્રાપ્ત થતાં તું જ્યારે એમ માને છે કે બન્નેનો સ્વભાવ ભિન્ન છે તે વખતે કાંઇ આ સ્વભાવ ભિન્ન થયો નથી. તેં જાણ્યું માટે બન્ને જુદા પડયા કે તારા જ્ઞાનના આધારે જુદા પડયા નથી-એ જુદા જ હતાં -તું જાણતો નો' તો. તેં એટલું જ કામ કર્યું કે તેં જાણ્યું. જાણવાથી જુદા પડયા નથી-જુદા હતા. બન્ને જુદા જ છે. તું માન ત્યારે પણ જુદા છે અને તું ન માન ત્યારે પણ જુદા છે. મિથ્યાત્વ માનવા દેતું નથી, એના કારણે એકતા બુદ્ધિ થાય છે. અજ્ઞાન દશામાં જડ-ચેતન જુદા હોવા છતાં મિથ્યાત્વના કારણે એ સ્વીકારતો નથી, એના કારણે એને એકતાનો અનુભવ થાય છે-એવી એકતા સમ્યગ્દર્શન થતાંની સાથે તૂટે છે અને બન્ને દ્રવ્યો સ્વતંત્ર છે એવી અનુભૂતિ થાય છે એ અનુભૂતિ થતાંની સાથે જ......

**અહમ્-મમનો લય થાય છે.**
**કર્તા ભોકતા ભાવ મટી જાય છે**
**જ્ઞાતા-દ્રષ્ટા ભાવ પ્રાપ્ત થાય છે.**
**સ્વામિત્વભાવ ચાલ્યો જાય છે.**
**સાક્ષીભાવ પ્રગટ થાય છે.**

અને જીવ અકર્તાભાવમાં નિરાકુલપણે- સમગ્ર સાધનાની પોતે યાત્રા કરે છે.

**વિકલ્પ એ ધ્યાનની ધારા તોડે છે- માટે એમ કહ્યું કે મોહમાંથી ઊઠતો એક જ વિકલ્પ પણ આખા સંસારને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય ધરાવે છે.**

મોહનીય કર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ ૭૦ કોડાકોડી સાગરોપમનો છે. એવી સ્થિતિએ મિથ્યાત્વ મોહનીય કર્મ બંધાય તેના માટે જે અધ્યવસાય આત્મામાં થાય છે તે અધ્યવસાય કરવા માટે કેટલા કોડાકોડી સાગરોપમનો કાળ જોઇતો હશે? શાસ્ત્રો કહે છે અલ્પ સમય માત્ર વિકલ્પ ઉત્પન્ન જો થાય તો ૭૦ કોડાકોડી કર્મની સ્થિતિ બંધાય. આવી તારા વિકલ્પની તાકાત છે અને એ વિકલ્પ મિથ્યાત્વને કારણે દઢ થાય છે. એ વિકલ્પ સમ્યગ્દર્શન સિવાય તૂટી શકતો

નથી. પર્યાયદષ્ટિ જ્યાં સુધી છે ત્યાં સુધી વિકલ્પ છે. અશુદ્ધ-અશુભ-શુભ વિકલ્પ છે. જ્યાં સુધી વિકલ્પ છે ત્યાં સુધી સંસાર છે. સમ્યગ્દર્શનના પ્રભાવથી દષ્ટિ પર્યાય પરથી ઊઠીને દ્રવ્ય ઉપર ઠરે છે, એ ક્ષણે વિકલ્પ તૂટે છે. પછી મંદ વિકલ્પો કદાચ હોય છે. ''સમ્યગ્દર્શન'' થયા પછી વિકલ્પો છે પણ વિકલ્પનું સ્વામિત્વ નથી-વિકલ્પની સાથે એકતા બુદ્ધિ નથી-વિકલ્પની કર્તા બુદ્ધિ નથી અને એ વિકલ્પમાં જોર નથી કારણ એ વિકલ્પ ચારિત્ર્ય મોહનીય નિમિત્તક છે. મિથ્યાત્વ મોહનીય નિમિતક નથી. મોટું ખાતું બંધ થયું. branch ચાલુ છે. મિથ્યાત્વ એ મોટું ખાતું છે એ બંધ થયું છે. એના કારણે વિકલ્પનું કર્તૃત્વ નથી. ચારિત્ર્ય મોહનીય સંબંધી જે વિકલ્પો ઊઠે છે તે વિકલ્પો એવા નથી કે જે વિકલ્પો ધ્યાનની ધારામાં બાધા ઉત્પન્ન કરે. આને પરમકૃપાળુ દેવ એમ કહે છે કે આ સહજ સમાધિ છે. અહીંયા અંદરથી વિકલ્પો તૂટે છે. એક અપેક્ષાએ સમ્યગ્દષ્ટિ નિર્વિકલ્પ છે.

યોગથી-ધ્યાનથી-પ્રાણાયમથી-હઠયોગથી જે નિર્વિકલ્પ દશા-નિર્વિકલ્પ અવસ્થા લાવવા માંગે છે તેને એવી અવસ્થા આવતી નથી કારણ કે અંદર વિકલ્પનું કારણ એવું મિથ્યાત્વ જીવતું બેઠું છે. એ મિથ્યાત્વ જે ક્ષણે નહીં હોય ત્યારે વિકલ્પોનું કારણ ગયું. અનંત વિકલ્પોને જન્મ આપનાર મિથ્યાત્વ જ છે. સમ્યગ્દષ્ટિને વિકલ્પનું કારણ નથી, એવું તાકાત વગરનું- બળ વગરનું ચારિત્ર્ય મોહનીય કર્મ જોર કરી શકતું નથી માટે એને સ્વભાવમાં ઠરવામાં કોઇ વિક્ષેપ થતો નથી. આવી અંતરંગ અવસ્થા સમ્યગ્દર્શનના પ્રભાવથી પ્રાપ્ત થાય છે. આ સૂત્ર પૂરું થાય છે.

**સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી એ શું કરે છે ?**

**સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી એની સાધના કેવી હોય છે ?**

**સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી એના જીવનની પ્રક્રિયા કેવી હોય છે?**

તે આવતી કાલે શરૂ થશે.

સમ્યગ્દર્શનની જુદી જુદી વ્યાખ્યા લઇશું. સેંકડો વ્યાખ્યાઓ છે. પ્રયત્ન કરજો. કોઇ પણ વ્યાખ્યા સમ્યગ્દર્શનને પોષક છે. એ વ્યાખ્યાઓને સમજવા પ્રયત્ન કરજો. આપણે સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શન વારેવારે જે શબ્દ ઘૂંટીએ છીએ તો એ સમ્યગ્દર્શન છે શું ? તે સૂત્રની ચર્ચા લઇશું. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી સમ્યગ્દષ્ટિ મહાત્મા પોતાના જીવનમાં નિરંતર એક પ્રક્રિયા કરે છે કે પોતાનો ઉપયોગ વારેવારે બહાર જતો હતો એ ઉપયોગને વાળી વાળીને પોતાના સ્વરૂપમાં ઠેરવવા માટે રાત ને દિવસ નિરંતર મથામણ કરે છે. આ સમ્યગ્દષ્ટિ મહાત્માની અનાયાસ સાધના છે. એમાં એને જોર કરવું પડતું નથી, મહેનત કરવી પડતી નથી કારણ એનું વલણ બદલાઇ ગયું છે, એના અવરોધો દૂર થયા છે. **વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત.** વૃત્તિ એવી બની ગઇ છે કે તે પોતાના ભાવમાં ચાલી જાય છે. હવે નવી વાત એને શિખવાની નથી.

# પ્રવચન : ૫

## સમ્યગ્દૃષ્ટિની ક્રિયા કેવી હોય?

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી આંતરિક ચેતનામાં સમગ્રપણે-સમૂળગું રૂપાંતર થાય છે. એ મૂળમાંથી બદલાઇ જાય છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછીની અવસ્થાનું વર્ણન પરમકૃપાળુ દેવે ''વચનામૃત''માં ઠેર ઠેર કર્યું છે પણ તે સીક્રેટ છે. એનું રહસ્ય છે. રસોડામાં ડબ્બા ઉપર લખ્યું હોય મીઠું પણ નીકળે જીરું. ખોલનારે ખોળવું પડે કે મીઠું કયાં અને જીરું કયાં છે? એમ વચનામૃતમાંથી મુમુક્ષુએ ખોળવું પડશે કે આવા અણમોલ વચનો કયાં છે? એની શોધ કરવી પડે, સમજવું પડે અને વિચારવું પડે. નહીં તો નહીં સમજાય. સમ્યગ્દર્શન પછીની જે અવસ્થા પ્રાપ્ત થાય છે તેનું અદ્‌ભુત વર્ણન વારંવાર કર્યું છે. વર્ષ ૨૬ પાના નં. ૩૭૭ પત્ર નં. ૪૫૯ સૌભાગ્યચંદભાઇને આ પત્ર લખ્યો છે.

'અંદરમાં સત્ સત્ એવી રટણા થઇ રહી છે. પણ સત્‌નું સાધન એવા તમે અમારાથી દૂર છો.' સૌભાગ્યચંદભાઇને ઓળખવા માટે બીજા શબ્દોની જરૂર નથી. જે સૌભાગ્યચંદભાઇને સત્‌નું સાધન કહીને સંબોધ્યા છે, એમની ક્ષમતા વિચારજો. પરમકૃપાળુ દેવ જેમના પર અતિ પ્રસન્ન છે અને જે એમ કહે છે કે અમારા માટે સત્‌ના સાધન તમે છો. સત્‌ની ઉપલબ્ધિ-સત્‌ની અનુભૂતિ-સત્‌નું દર્શન-સતનો સાક્ષાત્કાર જેને થયો છે તેવા પરમકૃપાળુ દેવ સૌભાગ્યચંદભાઇને એમ કહે છે તો એની અલૌકિકતાને સમજી લેવી જોઇએ. ખબર નથી કે સૌભાગ્યચંદભાઇએ શું લખ્યું હશે? એના જવાબમાં પરમકૃપાળુ દેવે આ પત્ર લખ્યો છે ભૂતકાળમાં આ વાત સાંભળી હોય તો ફેર ફ્રેશ થઇને સાંભળજો. જુના વિચારોને વચમાં આવવા દેશો નહીં, તો જ એનું હાર્દ પકડવાનો આનંદ પ્રાપ્ત થશે.

સમ્યગ્દર્શનના પ્રકારો ત્રણ છે.

૧. ક્ષાયિક સમ્યગ્દર્શન ૨. ઉપશમ સમ્યગ્દર્શન ૩. ક્ષયોપશમ સમ્યગ્દર્શન. બીજા પ્રકારો પણ છે તેની ચર્ચા પછી કરશું.

ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું છે એવા કૃષ્ણ મહારાજની વાત જુઓ. ભાગવતે ભગવાન કૃષ્ણને ગાયા છે, ૨૭ હજાર શ્લોકમાં ગાયા છે. પણ એમનામાં રહેલી એક અલૌકિક વાતનો ઉલ્લેખ નથી થયો, રહી ગયો છે. ભગવાન કૃષ્ણને શુક દેવજી-વ્યાસજીએ પણ ગાયા છે છતાં એક અલૌકિક ઘટનાની નોંધ નથી લેવાઇ. કૃષ્ણના માટે જૈન દર્શને એક શબ્દ જે વાપર્યો છે તે અદ્‌ભુત છે-જેનો સ્પષ્ટ-ખ્યાલ ભાગ્યે જ બીજાને આવ્યો છે તે શબ્દ છે 'ક્ષાયિક સમ્યગ્દષ્ટિ'. એમની લીલા-જીવનની વાત પછી કરીશું. આ પુરુષ જે જીવ્યા તે માટેનું તેમનું આંતરિક બળ

''ક્ષાયિક સમ્યગ્દર્શનનું'' હતું. બીજો ઉલ્લેખ શ્રેણિક મહારાજાનો છે. તેઓ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ હતા. ભગવાન મહાવીરજી મુનિઓને કહેતા હતા કે તમે તો મુનિ છો- વ્રતધારી છો- સંસારથી વિરક્ત બન્યા છો. તમને પણ જરૂર ''સમ્યગ્દર્શન''ની અનુભૂતિ થઇ છે. શ્રેણિક મહારાજાને ક્ષાયિક સમ્યગ્દર્શનની અનુભૂતિ થઇ છે એવી અનુભૂતિ થયા વગર તમારું મુનિપણું સફળ થાય તેમ નથી. **'ક્ષાયિક સમ્યગ્દર્શન' હોય કે 'ઉપશમ સમ્યગ્દર્શન' હોય કે 'ક્ષયોપશમ સમ્યગ્દર્શન' હોય- અનુભૂતિમાં ફરક પડતો નથી.** અનુભૂતિ સરખી પણ કાળનો ફરક પડે છે. થોડીક બાધાઓનો ફેર પડે છે.

'ક્ષયોપશમ સમ્યગ્દર્શન'માં અનુભૂતિ છે પણ સમ્યક્ત્વ મોહનીયનો વિક્ષેપ છે. જેના લીધે ચલ-મલ-અગાધ નામના દોષો ઉત્પન્ન થાય છે.

'ઉપશમ સમ્યગ્દર્શન''માં નિર્વિકલ્પ અનુભૂતિ છે પણ ટાઇમ being છે. વધારેમાં વધારે એક અંતઃર્મુહૂર્ત (૪૮ મિનિટથી અંદરનો કાળ) રહે છે.

'ક્ષાયિક સમ્યગ્દર્શન'ની અનુભૂતિ, જે ક્ષણે થઇ તે ક્ષણથી અનંતકાળ સુધી એ અનુભૂતિ કાયમ ટકે છે. એ જતી નથી કારણ કે તે ખોવું પડે તેવી મોહનીય કર્મની પ્રકૃતિઓ મૂળમાંથી નષ્ટ થઇ ગઇ છે.

મોહનીય કર્મના ભેદો અને તેની પ્રકૃતિઓ નીચે મુજબ હોય છે.

| **મોહનીય મુખ્ય ભેદો** | **પ્રકૃતિઓ** |
|---|---|
| ૧. દર્શન મોહનીય | ૧. મિથ્યાત્વ મોહનીય<br>૨. મિશ્ર મોહનીય<br>૩. સમ્યક્ત્વ મોહનીય |
| ૨. ચારિત્ર્ય મોહનીય | ૪. અનંતાનુબંધિ ક્રોધ<br>૫. અનંતાનુબંધિ માન<br>૬. અનંતાનુબંધિ માયા<br>૭. અનંતાનુબંધિ લોભ |

આ સાતેય પ્રકૃતિઓનો મૂળમાંથી ક્ષય થયા પછી જે અનુભવ થાય તે ક્ષાયિક સમ્યગ્દર્શનનો અનુભવ છે-એ સાદિ અનંત છે.આદિ છે પણ અંત નથી આવતો. એ અનુભૂતિ, ખોવાતી નથી. આવી અનુભૂતિ જેણે કરી હોય એ ગૃહસ્થ જીવનમાં હોય કે મુનિજીવનમાં હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય-કે પશુ, દેવ કે નારકીમાં હોય, ગમે તે કક્ષામાં હોય તેની અનુભૂતિ શ્રેષ્ઠ છે. જેને એક વખત ક્ષાયિક સમકિતની અનુભૂતિ કરી છે તે કેવી હોય છે તે જણાવતા યશોવિજયજી મહારાજ કહે છે :

**તાંબું જે રસ વેધિયું સાહેલડીયા, તે હોય જાચું હેમ રે, ગુણવેલડીયા,**
**ફરી ત્રાંબુ તે નવિ હોવે સાહેલડીયા, એવો જગતગુરુ પ્રેમ રે, ગુણવેલડીયા.**

એવી રસસિદ્ધિ થાય છે કે તેનું એક ટીંપું ત્રાંબાં પર નાખો તો સોનું બની જાય છે. મજાની વાત તો એ છે કે આવી રસસિદ્ધિથી સોનું બનેલું ત્રાંબું, હવે ફરી ત્રાંબું ન થઇ શકે.

**એક વખત એને ''ક્ષાયિક સમ્યગ્દર્શન''નો સ્પર્શ થઇ જાય છે પછી આત્મા બદલાઇ જાય છે અને પછી જેવો હતો તેવો થઇ શકતો નથી. આવું છે ''ક્ષાયિક સમ્યગ્દર્શન''** આવું ક્ષાયિક સમ્યગ્દર્શન જેને હોય...

તેની ક્રિયા-કેવી હોય?
તેનું કર્મ- કેવું હોય?
તેનો વ્યવહાર-કેવો હોય?
તેની સાધના-કેવી હોય?
તેની જીવન શૈલી- કેવી હોય?

બે ધારા અહીંથી પ્રગટ થાય છે. આ સમ્યગ્દર્શન થયા પછી જો કોઇ બળિયો જીવ હોય તો (૧) સર્વસંગ પરિત્યાગ કરીને સર્વ વિરતિનો સ્વીકાર કરે છે. એની વાત ન્યારી છે. પણ ''ક્ષાયિક સમ્યગ્દર્શન'' પ્રાપ્ત થયા પછી એવી સર્વવિરતિની ધારામાં જે ઝંપલાવી શકતો નથી અને ગૃહસ્થ જીવનમાં હોય તો તે ગૃહસ્થનું-જીવન કેવું? તે ગૃહસ્થની શૈલી કેવી? તે ગૃહસ્થની ક્રિયા કેવી? તે ગૃહસ્થના કર્મ કેવા? તે ગૃહસ્થનું આચરણ કેવું? તે ગૃહસ્થના જીવનનો અભિગમ કેવો? તે ગૃહસ્થનો એપ્રોચ કેવો? તે ગૃહસ્થના ભાવની ધારા કેવી ? તે ગૃહસ્થની જગત તરફ જોવાની દૃષ્ટિ કેવી હશે?

એક રાત્રે રામકૃષ્ણ પરમ હંસના ચરણોમાં શારદામણિ દેવી ચરણ સેવા કરી રહ્યા હતા ત્યારે તેમણે પૂછયું ''તમે મને ઓળખો છો?'' રામકૃષ્ણ બેઠા થયા ''જે બ્રહ્મ છે તે તું છે અને તું છે તે બ્રહ્મ છે''. પછી ઉમેર્યું ''જે કાલી છે તે તું છે, તું છે તે કાલી છે, કાલી છે તે બ્રહ્મ છે,બ્રહ્મ છે તે કાલી છે તું છે તે હું છું અને હું છું તે સર્વત્ર છે''

આ શબ્દોની રમઝટ નથી. આ વાસ્તવિકતા છે.

**પહેલા પ્યાલા પીયા કબીરને-દૂસરા પીઆ રોહિદાસ,**
**પીબત કબીરા છક ગયા, ઔર પીવન કી આશ.**
**હરિ રસ ઐસો હૈ રે ભાઇ, જો પીએ સો અમર હો જાઇ.**

ક્ષાયિક સમ્યગ્દર્શન એ હરિ રસ છે. હરિ રસના કુંડા છે-સાગર છે એવું ક્ષાયિક સમ્યગ્દર્શન જેને થયું છે તેની અંદરની અવસ્થા કેવી હોય છે?

વચનામૃત ૪૫૯- 'શ્રી કૃષ્ણ આદિકની ક્રિયા ઉદાસીન જેવી હતી. જે જીવને સમ્યક્ત્વ

થાય તેને સર્વ પ્રકારની સાંસારિક ક્રિયા તે જ સમયે ન હોય તેવો કોઇ નિયમ નથી.'

તરત તમે કહેશો કે પરમકૃપાળુ દેવે જ કહ્યું કે સંસારમાં રહેવું પડે. અને ''અમે રહ્યા'' વચનામૃતથી જાતને અલગ રાખીને પછી વચનામૃતને સમજજો.

વચનામૃત ઓઠાં નથી, બચાવના સાધનો નથી, તટસ્થપણે પોતાની જાતનું નિરીક્ષણ કરજો. ચારે બાજુથી ઇન્કવાયરી કરવાની છે. જાતનો બચાવ કરવો બહુ ગમે છે. આપણી જાત બીજા કરતા સારી છે, અમારામાં દોષો છે પણ xyz કરતા ઠીક છું.'' આ જાત પ્રત્યેનો પક્ષપાત છે. નિષ્પક્ષપાતપણે પોતાની જાતને જોજો. મહારાજા શ્રેણિક, મગધના સમ્રાટ છે, મહારાજા કૃષ્ણ ત્રણ ખંડના માલિક છે, જેનો બહોળો સંસારનો વિસ્તાર છે તેમનું ઉદાહરણ લીધું છે. રાજ્યનો વૈભવ-સંચાલન-હજારો પ્રકારના પ્રશ્નો સામે આવે તે વખતે તે સબંધી તે પ્રકારની ક્રિયા કરવાની હોવા છતાં તેમની તમામ ક્રિયા ઉદાસીન જેવી હતી. ''સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી...'' સર્વેભાવથી-જગતના તમામ ભાવથી વૃત્તિ ઉદાસીન થઇ જાય-અશુભભાવ-શુભભાવ-અશુદ્ધ ભાવ પ્રત્યે અંતરથી વૃત્તિ ઉદાસીન થઇ જાય છે, ત્યાં ચંચળતા નથી, ત્યાં વિકલ્પ નથી આવતો, નદી ઉપર પવન અડે તો નદીમાં તરંગ ઊઠે પણ અહીં બહારમાંથી પ્રસંગો જો આવે તો એમાંથી તરંગો ઊઠતા નથી. એવી ઉદાસીનતાની ખૂબી છે.ઉદાસીનતા એટલે seriousness - ગંભીરતા નહીં, ઉદાસીનતા એટલે ભારેખમપણું નહીં, ઉદાસીનતા એટલે કંટાળો નહીં, ઉદાસીનતા એટલે ગમગીની નહીં, ઉદાસીનતા એટલે ચડેલું મોઢું નહીં, ઉદાસીનતા એટલે પડેલું મોઢું નહીં. હું બધાને Jokeમાં કહું છું કે તમારુ મોઢું જોઇને કોઇનું મોઢું પડી જાય તેમાં નિમિત્ત ન બનતાં. સાધક-મુમુક્ષુ ગુલાબનું ફૂલ છે. ગુલાબ કહે છે અમે કેટલા કોમળ ! ને અમારી પાંખડી કેટલી કોમળ ! અમારા પર સૂરજ ખાંગો થઇને વર્ષે છે તો યે અમે ગુલાબી રંગ ખોઇને કાળા બનતા નથી અને અમારા પાડોશીઓ તો જુઓ, એના કાંટા વાગતા હોવા છતાં અમે માધુર્ય ખોયું નથી. જગતના સર્વે તરફ મૈત્રીભાવ-કાંટા હોય કે સૂરજ હોય.

સંસારીને તો રોવાનાં પ્રસંગો વારેવારે આવે છે. સમ્યગ્દર્શન થયા પછી એ જીવનમાં કયારેય શોક નથી કરતો. પંડિત એને કહીએ કે જે આવે છે તેનો હર્ષ કરતો નથી અને આવેલું જાય તો શોક કરતો નથી. ઉદાસીનતા એને કહે કે જેનો કોઇપણ Negative approach નથી. No..."no mood" અને સદાય જે પ્રસન્ન છે. હજુ અધૂરું છે. ''કૃષ્ણાદિકની ક્રિયા ઉદાસીન જેવી હતી તેના ૪ લક્ષણો નીચે બતાવ્યા છે.

(૧) ક્રિયામાં કે કર્મ કરવામાં આસક્તિ નથી. જો આસક્તિ ન હોય તો પછી કર્મ કરે શું કરવા? ક્રિયા કરે શું કરવા? ક્રિયા કરે કેવી રીતે? આ ખૂબી સમ્યગ્દર્શનની છે.

(૨) આસક્તિ નહીં, સાથે અણગમો પણ નહીં, કંટાળીને બબડતા બબડતાં કરવામાં આવે તેમ પણ નહીં. આસક્તિ અને અણગમો નહીં એ બે બહારની વાતો થઇ.

(૩) હવે બીજા બે અંદરના લક્ષણની વાતો, કર્તાભાવ પણ નહીં. હું કરું છું, હું કરીશ, કર્યા વગર નહીં રહું, કરીને બતાવીશ, નહીં જ કરું, કરવા પણ નહીં દઉં-એવો વિકલ્પ ઊઠે નહીં.

(૪) જે કાંઇ કર્મ થાય તેનું ફળ હું જ ભોગવું એવી કર્મફળની આકાંક્ષા નહીં. રાંધનારીને ધુમાડો! કોઇ નવરું નથી. જમવામાં જગલો અને કુટવામાં ભગલો ! હું કરું તો હું જ ફળ ભોગવું અને કોઇને ભોગવવા ન દઉં, આવો ભોકતાભાવ ન હોય. આ ચારેય લક્ષણો ઉદાસીન ભાવના છે. ટાળવાની વાત નહીં અને કર્મનો ભાર નહીં. આમ કોઇ પણ કર્મને ટાળવાની વાત નહીં અને કરવાનો ભાર નહીં.

છેલ્લી વાત સદા અખંડ પ્રસન્નતા જેનામાં રહે છે એવી અવસ્થામાં જે કર્મ જે ક્રિયા થાય છે તેને ઉદાસીન ક્રિયા કહેવાય છે, જે સમ્યગ્દર્શન વગર શકય નથી. જગતમાં કામ તો બધા કરે છે, કહે છે કે મરવાની ફૂરસદ કોને છે?

૧૦૦ વર્ષ જીવવાનું થાય તો કર્મ કરતા કરતા જીવીશું પણ **કર્મ કરતા કરતા જીવવા છતાં કર્મનો લેપ ન થાય એ પ્રકારે કર્મ કરવાની કળા સિદ્ધ કરીને જીવીશું. એ કળા 'સમ્યગ્દર્શન'વગર કયારે પણ સિદ્ધ નથી થઇ શકતી.**

ઉદાસીનતાનો બીજો અર્થ નિર્લેપ. ભગવાન મહાવીરે ઉત્તરાધ્યયન સૂત્રના ૨૫માં અધ્યયનમાં બે ગાથા કહી છે.

**उल्लो सुक्को अ दो छूढा, गोलया मट्टीआमया।**
**दो वि आवडिया कुड्डे, जो उल्लो सोऽत्थ लग्गइ ॥ ४१ ॥**
**अेवं लग्गंति दुम्मेहा, जे नरा कामलालसा।**
**विरत्ता उ न लग्गंति, जहा सुक्के उ गोलअे ॥ ४२॥**

માટીના બે ગોળા લઇને ઊભો હોય-એક પાણીવાળો અને બીજો સુક્કો ભઠ. બન્નેને ભીંત ઉપર નાખે, કયો ગોળો ભીંતે ચોંટશે?

લેપ-આસક્તિ-મૂર્છા-મમત્વ-મારાપણાનો ભાવ-તૃષ્ણા-ઇચ્છા-લાલસા-પ્રલોભન વગરના જીવો પણ સંસારની દીવાલ પર અથડાય છે. બીજા પ્રલોભનથી ભરેલા એવા જીવો પણ સંસારની દીવાલ પર અથડાય છે. આસક્તિવાળો ચોંટશે. **સંસારમાં ચોંટાડવાની તાકાત સંસારની ભીંતમાં નથી પણ અંદરમાં રહેલી આસક્તિમાં છે.** પરમકૃપાળુ દેવે કહ્યું છે કે, **''સુખ કી સહેલી હૈ ઉદાસીનતા''**. આ ઉદાસીનતા સુખની સહેલી છે. સખી પાસે દિલ ખોલી શકાય. પરમકૃપાળુ દેવ કહે છે-સુખકી સહેલી હૈ ઉદાસીનતા. સુખ તો પછી આવશે-સુખ આવતાં પહેલા ઉદાસીનતા આવશે. જયાં ઉદાસીનતા આવે છે ત્યાં સુખ અવશ્ય આવે છે. સુખ ભોગવવાની ખરી કળા જે ઉદાસીન બન્યો છે તેને આવડે છે. તમારી સમજણ વિપરીત છે કે ઉદાસીન એટલે તો બિચારો. ઉદાસીનતા તો અંદરની ખુમારી-ઉદાસીનતા તો અંદરનો આહ્લાદ- ઉદાસીનતા તો અંદરની

મસ્તી છે, માટે એમ કહ્યું. ''**અધ્યાત્મની જનની તે ઉદાસીનતા**'' ઉદાસીનતા એ મા છે અને અધ્યાત્મને જન્મ આપે છે. પરમકૃપાળુ દેવ કહે છે કે, જ્યાં ઉદાસીન વૃત્તિ છે.........

**ત્યાં ક્રિયા છે પણ આસક્તિ નથી.**
**ત્યાં ક્રિયા થાય છે પણ અણગમો નથી.**
**ત્યાં ક્રિયા થાય છે પણ કર્તાભાવ નથી.**
**ત્યાં ક્રિયા થાય છે પણ ફળની આકાંક્ષા નથી.**
**ત્યાં ક્રિયા થાય છે પણ ટાળવાની વૃત્તિ નથી.**
**ત્યાં ક્રિયા થાય છે પણ કરવાનો બોજ નથી.**

શ્રી કૃષ્ણ આદિકની ક્રિયા ઉદાસીન જેવી છે. ક્રિયા કરવા સાથે વાંધો નથી. અનિવાર્યપણે ઉદાસીનતા જોઇએ અને આવી ઉદાસીનતા ''સમ્યગ્દર્શન'' વગર કોઇ પણ રીતે પ્રાપ્ત નથી થતી.''સમ્યગ્દર્શન'' પહેલાં જે ઉદાસીનતા આવે છે તે ''દ્રવ્ય ઉદાસીનતા'' છે અને પછી જે ઉદાસીનતા આવે છે તે ''ભાવ ઉદાસીનતા''છે. નાના બાળકો રાજકોટથી મુંબઇ ઊતરે ત્યારે હસતા હસતા ઊતરે છે પણ તમે ઊતરો ત્યારે ભારે. કારણ? આપણા ઉપર ટેન્સન. ઉદાસીનતા જેનામાં છે તેને નો ટેન્સન. જે જીવને સમ્યકત્વ પ્રાપ્ત થાય તેને સર્વ પ્રકારની સાંસારિક ક્રિયા તે જ સમયે ન હોય તેવો કોઇ એકાંત નિયમ નથી'' આ વાકયનો ઉપયોગ પોતા માટે કરશો નહીં. શું કરીએ? પરમકૃપાળુ દેવે કહ્યું છે તે નિયમમાં અમે આવીએ છીએ. પરમકૃપાળુ દેવે આની સાથે એમ પણ કહ્યું કે '**અપૂર્વ અવસર એવો કયારે આવશે**'-સર્વ સંબંધના બંધનો તીક્ષ્ણપણે છેદીને '**કયારે થઇશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો**'. તે પણ ધૂનમાં આવીને ગાજો. તમને જે ગમે તે તમે લો એ શાસ્ત્ર વાંચવાની શૈલી કે રીત નથી. શાસ્ત્રમાં અનેક વાતો અનેક પડખેથી આવે. શાસ્ત્રોમાં નય, નિક્ષેપ, પ્રમાણ, સપ્તભંગી, તર્ક, વિરોધના પક્ષથી, અનેક દર્શનોથી વાત આવે. એ વાત જુદી જુદી રીતે એટલે આવે છે કે તેની સામે જુદી જુદી વૃત્તિના-જુદી જુદી પ્રકૃતિના- જુદા જુદા કર્મવાળા માણસો છે અને દરેકને માર્ગ બતાવવો છે, કોઇને બાકાત રાખવા નથી. તે તે ભૂમિકા પ્રમાણે, તે તે અવસ્થા પ્રમાણે, તે તે યોગ્યતા પ્રમાણે, તે તે ભવિતવ્યતા પ્રમાણે, પ્રત્યેક જીવ માટે જ્ઞાની પુરુષોએ ભિન્ન ભિન્ન માર્ગ બતાવ્યો છે, પણ મૂળભૂત માર્ગ તો એક જ છે. આવી સમજણ આવે ત્યારે જીવમાં એક અદ્દ્ભુત અવસ્થા પ્રાપ્ત થાય છે.

સમ્યક્ત્વ ઉત્પન્ન થયા પછી સંસારી ક્રિયા રસ રહિતપણે થવી સંભવે છે. ''સમ્યગ્દર્શન''ની પ્રાપ્તિ થયા પછી સંસારી પ્રવૃત્તિ કે ક્રિયાનો વ્યવહાર તે કરશે ખરો પણ રસરહિતપણે કરશે. રસરહિતપણે એટલે કંટાળાથી નહીં, જેમ તેમ કરવું તેમ નહીં, કૌશલ્ય ન વાપરવું એમ નહીં, કૌશલ્ય પૂરેપૂરું વાપરીને તથા કાળજી રાખવા છતાં એના અંદરમાં ક્રિયા સાથે રાગ ભળતો નથી. રસ એટલે રાગ-અહંકાર-મહત્ત્વાકાંક્ષા-તૃષ્ણા-ઇચ્છા-ચડસ-લાલસા. આ

કાંઇ પણ નથી હોતું માટે એની ક્રિયા રસરહિતપણે છે, પણ તે ક્રિયા જેમ તેમ કરે છે તેવો અર્થ ન કરશો. એ ક્રિયા જેમ થવી જોઇએ તેમ જ કરશે, પૂરેપૂરી શક્તિથી કરશે પણ અંદરમાં એની પોતાની આસક્તિ-રાગ-રસ-ઇચ્છા-તૃષ્ણા ભળશે નહીં.

**ક્રિયા થાય ખરી પણ રાગ થાય નહીં.**
**કર્મ થાય ખરા પણ કર્તા ભાવ નહીં.**
**કર્મ થાય ખરા પણ આસક્તિભાવ નહીં.**
**કર્મ થાય ખરા પણ અહંકાર થાય નહીં.**
**કર્મ થાય ખરા પણ ટાળવાની વૃત્તિ નહીં.**
**કર્મ થાય ખરા પણ ચડસની વૃત્તિ નહીં.**

અને આવા કર્મથી ઉત્કૃષ્ટ-નિબિડ-ચીકણો બંધ થતો નથી માટે પરમકૃપાળુ દેવે કહ્યું ''ક્રિયાએ કર્મ.'' (કર્મ) બંધ ક્રિયા ઉપર થતો નથી. પરિણામે બંધ-બંધનું નિયમન- પરિણામ ભાવ ઉપર છે. ભગવતી સૂત્રમાં કહ્યું છે કે કોઇ પારધિએ બાણ હરણનો વધ કરવા માટે છોડયું છે પણ હરણ બચી ગયું છે. હિંસાની ઘટના ઘટી નથી. હવે પારધિ હિંસક કે અહિંસક ? ભગવાન **મહાવીર કહે હરણ એ એના પોતાના કારણે બચી ગયું. પણ જેણે બાણ મારતાં પહેલાં જ મારવાનો સંકલ્પ કર્યો તે જ હિંસા છે, સંકલ્પ એ જ હિંસા છે.**

**મર કહેતા પણ દુઃખ ઘણું રે મારે કેમ નવી થાય?**
**હિંસા ભગિની અતી બૂરી રે વૈશ્વાનરની જોય રે,**
**પ્રાણી જિનવાણી ધરો ચિત.**

**ક્રિયા થાય કે ન થાય પણ ક્રિયા કરવાનો ભાવ અંદર ઉત્પન્ન થાય-સંકલ્પ ઉત્પન્ન થાય તો કર્મનો બંધ થવાની ૧૦૦% શકયતા છે. ક્રિયા થયા પછી કર્મ બંધ થવાની ૧૦૦% શકયતા નથી. પણ જો ભાવ થયો હશે તો બચવાની કોઇ શકયતા નથી. કારણ ''ભાવ વિના દાનાદિકા રે જાણે અલૂણું ધાન''**

**ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન**
**ભાવે જિનવર પૂજીએ, ભાવે કેવળજ્ઞાન.**

**જૈનદર્શન ભાવ ઉપર ઊભું છે.** ક્રિયાનો નિષેધ નથી. જૈનદર્શનનું હૃદય ભાવ છે, જૈનદર્શનનો પ્રાણ ભાવ છે. જો લાડવામાં ઘી ઓછું હોય તો સ્વાદ ન આવે. લચપચતું ઘી હોય તો વાહ લાડવો સરસ! એ લચપચતું ઘી એ રસ. કોઇ પણ ક્રિયા પાછળ કરવાનો જેવો રસ હોય તેવા પ્રકારની કર્મની પરંપરા ચાલશે. સમ્યક્ત્વ ઉત્પન્ન થયા પછી સાંસારિક ક્રિયા રસરહિતપણે થવી સંભવે છે. ક્રિયા હોય પણ રસરહિતપણે હોય-કર્મ હોય પણ રસરહિતપણે હોય. જે રસ અંદર ભળતો નથી તે રોકનાર સમ્યગ્દર્શન ઊભું છે. અને ક્રિયા જે થાય છે તેની પાછળ પ્રારબ્ધ

ઊભું છે. બન્ને ખાતાં જુદાં. જે ક્રિયા-જે કર્મ થાય છે તેની પાછળ પ્રારબ્ધ ઊભું છે. અને કર્મ કરવા છતાં રસ નથી એની પાછળ ''સમ્યગ્દર્શન'' ઊભું છે. તો ક્રિયા કેમ થાય છે? પ્રારબ્ધના કારણે થાય છે.

પ્રારબ્ધ શબ્દનો ઉપયોગ જ્યાં ત્યાં કરશો નહીં. એ સોમલ જેટલો ભયંકર છે. એ કાચો પારો છે. ઉદાહરણ તરીકે એક દાંત વગરના ભાઇ-પણ સોપારી કાપ્યા જ કરે. કોઇકે કહ્યું આટલું બધું જાણો છો-વાંચો છો અને સોપારી કેમ છોડી શકતા નથી? ''ભાઇ સોપારી તો છોડવી છે પણ આ પ્રારબ્ધ ! '' સોપારી જેવી ચીજ છોડી શકતો નથી તો પ્રગાઢ આસક્તિ કયાંથી છોડશે?

**કામવાસના-ક્રોધ-અહંકાર-ઇર્ષ્યા-અભિમાન-હિંસા-અનીતિ-અન્યાય-આસક્તિ-અપ્રામાણિક્તા-વિશ્વાસઘાત-ક્યાંથી છોડશો ? માટે પ્રારબ્ધને વચ્ચે ન લાવશો. ઊઠેલી વૃત્તિને ટાળવાના માટે હજારો ઉપાયો શાસ્ત્રોમાં વર્ણવ્યા છે એ બધા ઉપાયો જ્ઞાનીની આજ્ઞા મુજબ પૂરેપૂરા કર્યા બાદ જો વૃત્તિ કેડો ન મૂકે તો હવે પ્રારબ્ધ છે એમ કહેજો, ત્યાં સુધી પ્રારબ્ધ શબ્દનો ઉપયોગ કરશો નહીં.**

આ પ્રારબ્ધ શબ્દ તમારી ડીક્ષનરીમાંથી કાઢી નાખજો. આપણું કામ નથી. આપણી ગાડી બીજા પાટે ચડી જશે. અંદર વૃત્તિ પોષવી છે. ટોડરમલજી કહે છે કે ભીતરમાં વૃત્તિ બેઠી છે, વૃત્તિનું પોષણ કરવું છે અને પોતાને શાહુકાર માનવા છે? આ કોની સાથે છેતરપિંડી કરો છો ? તીર્થંકરો કે જ્ઞાની પુરુષો સાથે છેતરપિંડી કરશો નહીં. આ અંદરની વેદના છે.

ક્રિયા થઇ પ્રારબ્ધના બળથી અને રસ ઉત્પન્ન ન થયો એ ''સમ્યગ્દર્શન''ના બળથી. આ બન્ને પ્રક્રિયા-બન્ને પાટા (એક પ્રારબ્ધનો પાટો-એક સમ્યગ્દર્શનનો પાટો) પર રેલગાડી ચાલે છે. ''સમ્યગ્દર્શન'' વગર રસરહિતતા નહીં આવે પણ એ ક્રિયા ગમે તેવા પ્રકારની કરતો હોય ત્યાં એક સ્પષ્ટ લાલબત્તી છે. ગમે તે ક્રિયાનો બચાવ નહીં થઇ શકે અને એ જુદું પાડવાને માટે-પરમકૃપાળુ દેવે કહ્યું કે '' ઘણું કરીને એવી કોઇ પણ ક્રિયા તે જીવને હોતી નથી કે જેથી પરમાર્થને વિશે ભ્રાંતિ ઉત્પન્ન થાય''. વીતરાગનો-જ્ઞાનીપુરુષોનો-સત્પુરુષનો-અલૌકિક માર્ગ એ પરમાર્થનો માર્ગ છે. રાગદ્વેષથી મુક્ત થવાનો માર્ગ એ પરમાર્થનો માર્ગ છે. કોઇએ બ્રહ્મ ભાવ-કોઇએ સાક્ષીભાવ-કોઇએ કરુણાભાવ-કોઇએ ભક્તિભાવ ગાયો છે પણ જગતના જીવોએ અહમ્ભાવ ગાયો છે.ભગવાન મહાવીર સ્વામીએ વીતરાગભાવ ગયો છે. તેમનું ધ્રુવ સંગીત વીતરાગતા છે. ક્ષણે ક્ષણે વીતરાગતા ગાઇ છે-જેથી આવી વીતરાગતા પ્રાપ્ત થાય, એવો જે માર્ગ તેને પરમાર્થ માર્ગ કહે છે. પરમાર્થ માર્ગને વિશે ભ્રાંતિ/ભ્રમણા થાય તેવા અસત્ પુરુષનો યોગ-અસત્ ગ્રંથોનું વાંચન-અસત્ ક્રિયાનો રસ-અસત્ ક્રિયાની રુચિ આ બધા પરમાર્થ માર્ગમાં ભ્રાંતિ ઉત્પન્ન કરાવનાર પરિબળો છે.

''ઘણું કરીને એવી કોઇ પણ ક્રિયા તે જીવની હોતી નથી, કે પરમાર્થ વિશે ભ્રાંતિ થાય', વાસ્તવિકપણે જ્યાં સુધી જે ક્રિયાથી સમ્યક્ત્વને બાધ થાય નહીં એ જ ક્રિયાનો જ્ઞાનીપુરુષોએ

સ્વીકાર કર્યો છે. પરમાર્થને બાધ થાય તેવી કોઇ ક્રિયાનો જ્ઞાની પુરુષોએ સ્વીકાર કર્યો નથી. ફેર વાકય જોઇએ. 'ઘણું કરીને એવી કોઇ પણ ક્રિયા તે જીવની હોતી નથી કે જેથી પરમાર્થને વિશે ભ્રાંતિ થાય'' અને જયાં સુધી પરમાર્થને વિશે ભ્રાંતિ થાય નહીં ત્યાં સુધી બીજી ક્રિયાથી સમ્યક્ત્વને બાધ થાય નહીં. પરમાર્થને ભ્રાંતિ થાય એવી કોઇ પણ ક્રિયાનો સંપૂર્ણપણે સ્વીકાર ન કર્યો અને સમ્યક્ત્વને બાધા પહોંચે એવી કોઇ પણ ક્રિયા સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી એ જીવ દ્વારા થતી નથી. ઉદાહરણ સર્પને આ જગતના લોકો પૂજે છે તે વાસ્તવિકપણે પૂજ્ય બુદ્ધિથી પૂજતા નથી. જે લોકો દૂધ પાય છે તે પણ જો સાપ ઘરમાં આવે તો કહે 'કાઢો'. ઘરમાં કોઇ સાપ આવ્યો હોય તો તેને દૂધનો વાટકો ધરતા નથી. એટલે કે પૂજય બુદ્ધિથી પૂજતા નથી પણ ભયથી પૂજે છે. ભાવથી નથી પૂજતા અને ઇષ્ટદેવને લોકો અત્યંત ભાવથી પૂજે છે. પરમાત્માની પૂજા ભાવથી થાય, તેમ સમ્યગ્દષ્ટિ જીવ તે સંસારને ભજતો દેખાય છે, સંસારમાં કર્મ કરતો દેખાય છે, સંસારની પ્રવૃત્તિ કરતો દેખાય છે પણ ભાવથી નહીં (બારીકાઇથી નિરીક્ષણ કરવું). ભોગ ભોગવવા છે-ભોગ ભોગવવા છે તેવું ભજન આ સમ્યગ્દષ્ટિ જીવ કરતો નથી. સંસાર કરવો છે, સંસાર કરવો છે, સંસાર કરવો છે, તેવું ભજન આ સમ્યગ્દષ્ટિ જીવ કરતો નથી. પણ સંસાર કરે છે તે પૂર્વ નિબંધન કરેલા એવા પ્રારબ્ધ કર્મથી દેખાય છે. ટાળવા માટેની તમામ કોશિશ કરી પણ ન ટળ્યાં.

કેટલાંક પ્રસંગો કેટલીક ક્રિયાઓ એવી છે કે જે ટાળી શકાતી નથી તો પૂર્વે કરેલા એવા પ્રારબ્ધ કર્મથી એ કર્મ કરતો દેખાય છે, વર્તમાનમાં કોઇ આસક્તિ-ઇચ્છા-લાલસા-તૃષ્ણા-વાસના નથી. માત્ર પ્રારબ્ધ કર્મ. ''ભઇ, ચા નથી પીવી, બહુ ના પાડી, પરાણે પાઇ !'' આમ બચાવ કરે છે, પણ તને ઊંધો પાડીને તો નો'તી પાઇને ! ''ખાવું નો'તું ઘણી ના પાડી, પણ વેવાઇ એવો જબરો મળી ગયો કે ખાવું પડયું !'' પણ ના. રસ હતો. ગુલાબજાંબુ જોયા ને ! એનો રસ હતો કે લાવને બે ચાખી લઇએ. આ રસ છે.

**પ્રારબ્ધ કર્મ જુદી વસ્તુ છે અને અંદર પડેલો મિથ્યાત્વનો રસ એ બહુ જુદી વસ્તુ છે. તે બન્નેને જુદા પાડવા બહુ મુશ્કેલ છે.** પૃથક્કરણ કરવું બહુ કઠિન છે. પોતાની જાત પ્રત્યે જે પૂરેપૂરો પ્રામાણિક બની શકશે **તો જ બન્નેની ફાડ જુદી જુદી કરી શકાશે. આને કહેવાય છે ભેદવિજ્ઞાનની સાધના.**

સંત તુકારામે કહ્યું કે : રાજાઓને તો લડાઇ કયારેક કરવી પડે છે. રાજકારણીઓને પણ ચૂંટણી લડવાનો પ્રસંગ કયારેક પડે છે, પણ 'અમારા રાત દિવસ યુદ્ધાચા પ્રસંગ'. ઘનઘોર લડાઇ-તુમુલ સંગ્રામ અંદર ચાલી રહ્યો છે. એક બાજુ કોઇ પણ પ્રારબ્ધની ધારા અને બીજી બાજુ મોહની ધારા. આ મોહની ધારા કયાંય પણ ભળી ન જાય અને પ્રારબ્ધની ધારા અલગ રહે તે જાળવી રાખવા અમારે રાત દિવસ યુદ્ધનો પ્રસંગ છે.

સમ્યગ્દષ્ટિ જીવન જીવે છે-without tension.વાસ્તવિકપણે તે સંસારમાં પણ ભાવથી તેનો પ્રતિબંધ ઘટે નહીં. ભાવથી એટલે કે અંદરથી ભળીને રસથી. લગ્ન વખતે બેનો ગાય છે. 'આજે મારે સોના તણો સૂરજ ઊગ્યો'. છ મહિના રાહ જુઓ. પછી ખબર પડે કે કેવો સૂરજ ઊગ્યો ! શ્રેણિક મહારાજાએ સભામાં ભગવાનને પૂછ્યું કે આ ૧૪ હજાર મુનિમાં એવો કોણ મુનિ છે કે જેના શુદ્ધ પરિણામની ધારા નિરંતર ચડતી જ હોય, ચડતી જ હોય, ચડતી જ હોય? દરિયામાં ભરતી આવે તો પૂનમ સુધી પછી ઓટ. સૂર્ય સવારે ઊગે બાર વાગ્યા સુધી ઊંચો હોય પછી ઝાંખો. શરદ પૂર્ણિમાનો ચંદ્ર ઊગતી વખતે જુદો અને સવાર પડે ત્યાં ફિકકો ફસ. એવો કોણ મુનિ છે કે જેની પરિણામની ધારા ચડતી છે, ચડતી છે, ચડતી જ છે? ત્યારે ભગવાન મહાવીર સ્વામી કહે છે કે ''ધન્ય-ધન્નો અણગાર''-આ ધન્નો અણગાર એક મુનિ છે જે છઠના પારણે છઠ તપ કરે છે. અને છઠના પારણે આયંબિલ કરે છે. એના પરિણામની ધારા હંમેશા ચડતી છે, ચડતી છે, અને ચડતી જ છે. વીતરાગ પુરુષ જેના વખાણ કરે એની જિંદગી ધન્ય બની જાય છે નિરંતર ચડતા પરિણામ આને કહેવાય છે ભાવની ધારા.

વાસ્તવ્યથી -ભાવથી તે સંસારમાં પ્રતિબંધ ઘટે નહીં. વાસ્તવિક પરિસ્થિતિ એવી છે કે ભાવથી તેને સંસારમાં પ્રતિબંધ ઘટે નહીં. એના તરફથી એ બંધાતો નથી- પ્રતિબંધ એટલે અવરોધ.

પૂર્વકર્મના ઉદયરૂપ ભયથી ઘટે છે. પૂર્વ કર્મનો ઉદય થાય છે. જ્ઞાનીપુરુષ પુરુષાર્થ નથી કરતા તેમ માનશો નહીં. પૂર્વકર્મનો ઉદય થાય છે અને ઉદયને અંગે જે અંદરમાં ભાવો ઊઠેછે તેને જ્ઞાનીપુરુષ નોંધમાં લે છે, તેને જાણે છે, તેને સમજે છે અને ભેદવિજ્ઞાનના બળથી પૂર્વ કર્મના ઉદયરૂપ જે ભાવો ઊઠે છે તેને જ્ઞાનીપુરુષો પારખે છે અને ટાળી શકાતા હોય તો તેને ટાળવાનો પૂરી તાકાતથી પ્રયત્ન કરે છે-પણ જો ન ટાળી શકાતા હોય તો પૂર્વ કર્મના ઉદયરૂપ ભયથી ઘટે છે. છેલ્લે જેટલે અંશે ભાવ પ્રતિબંધ ન હોય - જેટલે અંશે ભાવથી નથી જોડાતા - જેટલા અંશે રસથી નથી જોડાતા - જેટલે અંશે અંદર આસકત નથી બનતા- જેટલા અંશે અંદર બંધાતા નથી તેટલે અંશે સમ્યગ્દષ્ટિપણું તે જીવને હોય છે. ભાવથી-રસથી નથી જોડાતા એટલા અંશમાં સમ્યગ્દષ્ટિપણું. જેટલી ભાવની ધારા તેનું ગણિત-જેમ જેમ ભાવની ધારા-તે પ્રમાણે સમ્યગ્દર્શનની ધારા. જેટલો પ્રતિબંધ ઓછો તેટલા પ્રમાણમાં ''સમ્યગ્દર્શન''ની ધારા.

**જે જે અંશે રે નિરુપાધિકપણું, તે તે જાણો રે ધર્મ,**
**સમ્યગ્દષ્ટિ ગુણઠાણા થકી, જાવ લહે શિવ શર્મ.**
**એમ ઢુંઢતાં રે ધર્મ સોહામણો-મિલિયો સદ્દ્ગુરુ એક,**
**તેણે સાચો મારગ દાખિયો, આણી હૃદય વિવેક.**
**-ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ**

જેટલા જેટલા અંશમાં પ્રતિબંધ તૂટે છે તેટલા તેટલા અંશમાં મોહની ધારા તૂટે છે.

# પ્રવચન : ૬

## સંસારના અનુબંધની જડ

અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ ગયા સિવાય સમ્યક્ત્વ સંભવે નહીં, એમ જે કહેવાય છે તે યથાર્થ છે. બન્ને ઘટનાઓ સાથે ઘટે છે, આને સમ-સામયિક ઘટના કહે છે. સમ્યગ્દર્શન થાય તો અનંતાનુબંધીના ૪ કષાયો જાય અથવા અનંતાનુબંધીના ચાર કષાયોનો ક્ષયોપશમ થાય તો સમ્યગ્દર્શનની અનુભૂતિ થાય. આમાં કાળભેદ નથી. સૂર્ય ઊગ્યો એટલે અંધકાર દૂર થયો. અનંતાનુબંધીના કષાયો ગયા અને અંદરમાં ઉપશમ સમ્યક્ત્વમાં સ્વરૂપની અનુભૂતિ થઇ અને એવી અનુભૂતિ થાય છે ત્યારે કષાયો રહી શકતા નથી. કષાયો હોય તો અનુભૂતિ થઇ શકતી નથી અને અનુભૂતિ થાય તો કષાયો રહી શકતા નથી. કારણ, અનુભૂતિની જે ઘટના અને આ ઘટનાનો ક્રમ જે છે તે એવો છે કે અનુભૂતિનું બળ એ કષાયના અનુદયનો અવસર અને કષાયના અનુદયનો અવસર એ અનુભૂતિનું બળ.

'' અનુબંધ'' એટલે પરંપરા-અનુબંધ એટલે સાતત્ય-અનુબંધ એટલે પ્રવાહ-અનુબંધ એટલે કન્ટીન્યુટી-અનુબંધ એટલે સંતતિ-અનુબંધ એટલે શૃંખલા.

આપણે નદીના પ્રવાહ સામે ઊભા છીએ અને નદીને વહેતી જોઇએ. તે નદી વહી જાય છે પણ સવારે જે પાણી જોયું તે જ પાણી દસ વાગ્યે નથી. પણ નદી કન્ટીન્યુ છે. **પાણી બદલાય છે પણ નદી બદલાતી નથી. અનુબંધ એને કહેવાય કે કર્મો બદલાય છે પણ કર્મોનો પ્રવાહ બદલાતો નથી.** જે કર્મો બાંધ્યા તે ઉદયમાં આવ્યા અને ભોગવ્યા, અથવા આ આત્મા દ્વારા પ્રચંડ પુરુષાર્થ કરવામાં આવે અને તેની ઇફેક્ટ થયા પછી કર્મો પરિણામ આપ્યા સિવાય ખરી પડે. ખરી પડ્યા હોય તોયે ભલે અને ભોગવ્યા હોય તોય ભલે. બધા કર્મો ગયા નથી - કર્મો ભોગવ્યા પછી પણ કર્મો પ્રવાહમાં રહે છે અને આવો જે પ્રવાહ રહે છે તેને સંતતિ કહે છે. ભગવાન બુદ્ધે સંતતિ શબ્દ વાપર્યો છે.

**જે વિભાવ તે પણ નૈમિત્તિક સંતતિ ભાવ અનાદિ,**
**પરનિમિત્ત તે વિષય સંગાદિક તે સંયોગે સાદિ.**

અંદરમાં જે વિભાવ થાય છે- વિકૃતભાવ-વિકારીભાવ-પરભાવ-કષાયના ભાવ-મોહના ભાવ-રાગદ્વેષના ભાવ- અજ્ઞાનના ભાવ-અહમ્‌ભાવ-કર્તાભાવ-મમત્વભાવ-ભોક્તાભાવ-વગેરે ભાવ થાય છે તેને વિભાવ કહે છે. **સ્વભાવને લક્ષમાં રાખીને સ્વભાવમાં જે ન હોય તે સમગ્ર વિભાવ.** તેવો વિભાવ આત્મામાં દેખાય છે પણ તે આત્માનો સ્વભાવ નથી. કારણ કે સ્વભાવ હોય તે ત્રણ કાળ હોય, સ્વભાવ હોય તે સહજ હોય, સ્વભાવ હોય તે ખોવાનો ન હોય,

સ્વભાવ હોય તે નવો મેળવવાનો ન હોય. સ્વભાવ કયારેય જતો નથી અને સ્વભાવ કયારેય મેળવવો પણ પડતો નથી. ગોળ કયારથી ગળ્યો? ૧૯૫૮માં ગળ્યો-૨૦૦૦માં કડવો? જ્યારથી છે ત્યારથી જ ગળ્યો. સ્વભાવ ત્રણેય કાળ છે. તેમ આત્માનો સ્વભાવ ત્રણેય કાળ છે. અને છતાં પણ તે સ્વભાવ હોવા છતાં વિભાવરૂપે પરિણમવાની યોગ્યતા પણ ચૈતન્યમાં છે. વિભાવરૂપે પરિણમવાની યોગ્યતા હોવાના કારણે આત્મામાં વિભાવ દેખાય છે **પણ વિભાવ એ સ્વભાવ ન હોવાના કારણે એ સ્વભાવની જેમ કાયમ રહી શકતો નથી. વિભાવ-વિકાર તમને રાખવો હશે ત્યાં સુધી રહેશે.** જે દિવસે નિર્ણય કરશો કે વિભાવ ન જોઇએ તો વિભાવનું કોઇ ગજુ નથી કે તમારામાં ટકે. આ તો મહેમાન છે. જો સમજીને જાય તો સારું. સંસ્કૃતમાં કહ્યું છે કે,

**श्वसुरगृहनिवासः स्वर्गतुल्यो नराणाम् ।**
**यदि वसति विवेकी पञ्च वा षड् दिनानि ॥**

શ્વસુરગૃહ જમાઇ માટે સ્વર્ગરૂપ હોય પણ તે પાંચ કે છ દિવસ પૂરતું.

વિભાવ ત્રણે કાળ રહી શકે નહિ. તેની ક્ષમતા નથી. વિભાવ એ સ્વભાવ નથી, એ નૈમિત્તિક છે. નિમિત્ત તરફ ઢળવાના પરિણામે અંદરમાં ઊઠતી સંવેદનાઓને કહેવાય છે નૈમિત્તિક અને એવો નૈમિત્તિક ભાવ સંતતિથી અનાદિ છે. પણ જીવ જો જાગૃત થાય તો એ અનાદિના ભાવને ટાળતા વાર લાગે તેમ નથી. કર્મોનો પ્રવાહ અનાદિથી છે પણ તેનું તે જ કર્મ અનાદિથી ચાલ્યું આવે છે તેમ નથી. કર્મ બદલાય છે. કર્મ બંધાય છે, કર્મ ભોગવાય છે, ભોગવાયેલા કર્મો જાય છે પણ પ્રવાહ અનાદિનો છે. અનાદિનો પ્રવાહ એટલા માટે છે કે જે જે કર્મો ભોગવ્યા તે ભોગવતાં ભોગવતાં નવા નવા કર્મોને ગ્રહણ કરીએ છીએ **અને એ નવાં કર્મો જે ગ્રહણ કરીએ છીએ તેથી જે પરંપરા ચાલે છે તેને કહેવાય અનંત-અનુબંધ.**

અનંત અનુબંધ મળીને શબ્દ બન્યો અનંતાનુબંધ. અને અનંતાનુબંધ શબ્દને જોડયો કષાયની સાથે ત્યારે શબ્દ બન્યો ''અનંતાનુબંધી કષાય''. કર્મગ્રંથમાં અનંતાનુબંધી કષાયની સ્થિતિ ૪૦ કોડાકોડી સાગરોપમથી વધારે નથી એમ કહ્યું છે. ૪૦ કોડાકોડી સાગરોપમ કાળ-સમય તો પસાર થઇ ગયો. **આવું હોવા છતાં એ કષાયની પરંપરા કેમ ચાલે છે? કારણ કે અનંતાનુબંધ છે. અનંતાનુબંધ જે થાય છે તેનું મૂળ અનંતાનુબંધી કષાય નથી પણ તેનું મૂળ મિથ્યાત્વ છે. તો મિથ્યાત્વ સહિતનો જે કષાય- મિથ્યાત્વથી યુકત જે કષાય, મિથ્યાત્વ સાથે મળેલો જે કષાય, મિથ્યાત્વનો સાહચર્ય કરનારો જે કષાય-મિથ્યાત્વ સાથે સખ્ય ધરાવનાર જે કષાય, મિથ્યાત્વ સાથે તન્મય બનનાર જે કષાય છે તેને કહેવાય છે અનંતાનુબંધી કષાય.**એક મોટો વડલો-હજારો ડાળીઓ-દરેક ડાળે હજારો ટેટા-તેમાંનો એક ટેટો-તેમાં પાછા હજારો બીજ છે અને તેમાંથી એક બીજને હથેળીમાં મૂકો અને વૈજ્ઞાનિકને પૂછો કે આ બીજમાં કેટલા વડલા છે? વૈજ્ઞાનિક આંખો મીચીને કહેશે કે આમાં અનંતા વડલા છે. આ નાનકડું બીજ ગજવાના ખૂણામાં

પડયું રહેશે-પણ એ જ્યારે વડલો બનશે ત્યારે તેની એક ડાળ માથે ઉપાડીને પણ લઇ જઇ શકાતી નથી. જેમ બીજમાં અનંતા વૃક્ષો રહેલા છે તેમ મિથ્યાત્વમાં અનંત સંસાર સર્જન કરવાની તાકાત રહેલી છે. **જેમ બીજમાંથી અનંત વૃક્ષો થાય છે તેમ મિથ્યાત્વ સંસારનું બીજ છે અને તેનો અનંતાનુબંધ છે. મિથ્યાત્વને સાથ-સહકાર આપનાર પરિબળને કહે છે 'અનંતાનુબંધી કષાય'. મિથ્યાત્વ+ ૪ અનંતાનુબંધી= આમ એકંદરે પાંચ.**

હવે આ અનંતાનુબંધી કષાયની થોડી વ્યાખ્યા સમજીએ. વ્યવહારમાં એમ કહેવાય છે સમ્યગ્દર્શન પ્રાપ્ત ન થવા દે તેને કહેવાય છે અનંતાનુબંધી કષાય. **એમ પણ કહેવાય છે કે જે દ્વેષ-જે વૈર-જે તિરસ્કાર-જે અનાદર-જે ઘૃણાનો ભાવ એક વર્ષ વટાવી જાય-દ્વેષ શાંત ન થાય અને ક્ષમાયાચના ન થાય તો એ કષાય અનંતાનુબંધીમાં દાખલ થઇ જાય છે.** અને જેવો અનંતાનુબંધીમાં દાખલ થઇ ગયો પછી તે આરાધક નહીં પણ એ વિરાધક. અનંતાનુબંધી કષાય જ્યારે આવી ગયો ત્યારે સમકિત નહિ, દેશ વિરતિ નહિ, સર્વવિરતિ નહિ, અપ્રમત્ત અવસ્થા નહિ, સમકિત એટલા માટે ખોવું પડયું કે એનો કષાય બાર મહિના વટાવીને ચાલ્યો ગયો. આ વ્યવહારિક વાત છે પણ બહુ મહત્ત્વની છે એટલે કહ્યું કે

જેની સમય મર્યાદા વધુમાં વધુ ૧૫ દિવસની હોય તે સંજ્વલન કષાય,
જેની સમય મર્યાદા વધુમાં વધુ ૪ મહિનાની હોય તે અપ્રત્યાખ્યાની કષાય,
જેની સમય મર્યાદા વધુમાં વધુ ૧૨ મહિનાની હોય તે પ્રત્યાખ્યાની કષાય અને
જેની સમય મર્યાદા ૧૨ મહિના વટાવી જાય તો તે અનંતાનુબંધી કષાય. માટે
સવારે પ્રતિક્રમણ કરો ત્યારે પણ 'ખામેમિ સવ્વજીવે' કહો.
સાંજે પ્રતિક્રમણ કરો ત્યારે પણ 'ખામેમિ સવ્વજીવે' કહો.
પાક્ષિક- પ્રતિક્રમણ કરો ત્યારે પણ 'ખામેમિ સવ્વજીવે' કહો.
ચાતુર્માસિક અષાડ સુદ ૧૪ના પ્રતિક્રમણ કરો ત્યારે 'ખામેમિ સવ્વજીવે' કહો.
ચાતુર્માસિક ફાગણ સુદ ૧૪ના પ્રતિક્રમણ કરો ત્યારે પણ 'ખામેમિ સવ્વજીવે' કહો.
ચાતુર્માસિક કારતક સુદ ૧૪ના પ્રતિક્રમણ કરો ત્યારે પણ 'ખામેમિ સવ્વજીવે' કહો.
ને સંવત્સરી પ્રતિક્રમણ કરો ત્યારે પણ 'ખામેમિ સવ્વજીવે' કહો.

દેવસી, રાઇ, પાક્ષિક, ચોમાસી અને સંવત્સરી આમ પાંચ પાંચ પ્રતિક્રમણમાં નિયમબદ્ધ બોલવાની જો કોઇ ગાથા હોય તો તે.

**खामेमि सव्वजीवे, सव्वे जीवा खमन्तु मे ।**
**मित्ती मे सव्वभूएसु, वेरं मज्झ ण केणइ ॥**

આ સૂત્ર અનુસ્યૂત છે. બદલાતું નથી. એ એટલા માટે બદલાતું નથી કે **વૈરભાવ રહે તે નહીં ચાલે. ધર્મ ટકી શકશે નહીં. મૈત્રીનું, સમતાનું, પ્રેમનું, અમૃત અંદરમાં રહી શકશે નહીં.** બળ વાપરીને

જાગૃતિપૂર્વક ભાદરવા સુદ ૪ના ખમત ખામણા અનિવાર્યપણે થવા જોઇએ. જો પાંચમ થઇ અને દ્વેષભાવ રહ્યો તો એ કષાય અનંતાનુબંધી કષાયમાં પરિણમે છે.

કર્મગ્રંથના નિયમ પ્રમાણે ચારિત્ર્ય મોહનીય કષાયની પ્રકૃતિના ખાતાનો અનંતાનુબંધી કષાય છે એ દર્શન મોહનીયના ખાતાનો નથી.

મોહનીય કર્મના મુખ્ય બે ભેદ છે. (૧) દર્શન મોહનીય. તેના પેટા ભેદ ત્રણ છે. (૨) ચારિત્ર મોહનીય. ચારિત્ર મોહનીયના બે ભેદ છે. (૧) કષાય મોહનીય. (૨) નોકષાય મોહનીય. કષાય મોહનીયના ૧૬ ભેદ અને નોકષાય મોહનીયના ૯ ભેદ એમ ચારિત્ર મોહનીયના ૨૫ ભેદ છે. મોહનીય કર્મના કુલ ૨૮ ભેદ છે.

કર્મગ્રંથની ખાતાવહી પ્રમાણે અનંતાનુબંધી કષાયનો સમાવેશ ચારિત્ર્ય મોહનીય કર્મમાં

**મોહનીય કર્મના મુખ્ય બે ભેદ છે.**

| (A) દર્શન મોહનીય | (B) ચારિત્ર્ય મોહનીય. | |
|---|---|---|
| દર્શન મોહનીય કર્મના ત્રણ પેટા ભેદ છે. | ચારિત્ર્ય મોહનીય કર્મના પણ બે પેટા ભેદ છે. | |
| પેટા ભેદ (૧) સમ્યક્ત્વ મોહનીય | (૧) કષાય મોહનીય કર્મ | (૨)નો કષાય મોહનીય કર્મ. |
| પેટા ભેદ (૨) મિથ્યાત્વ મોહનીય | (૪ થી ૭) અનંતાનુબંધી ક્રોધ, માન-માયા-લોભ | (૨૦) હાસ્ય |
| પેટા ભેદ (૩) મિશ્ર મોહનીય | (૮ થી ૧૧) અપ્રત્યાખાની ક્રોધ, માન-માયા-લોભ | (૨૧) રતિ |
| | (૧૨ થી ૧૫) પ્રત્યાખાની ક્રોધ, માન- માયા-લોભ | (૨૨) અરતિ |
| | (૧૬ થી ૧૯) સંજવલન ક્રોધ, માન-માયા-લોભ | (૨૩) શોક |
| | | (૨૪) ભય |
| | | (૨૫) જુગુપ્સા |
| | | (૨૬) પુરુષ વેદ |
| | | (૨૭) સ્ત્રી વેદ |
| | | (૨૮) નપુંસક વેદ |

થાય છે પણ એમાં સમાવેશ થતો હોવા છતાં મિથ્યાત્વનું સાહચર્ય હોવાના કારણે અને આત્મ અનુભૂતિમાં અંતરાયભૂત હોવાને કારણે એને દર્શન પંચકમાં ગણવામાં આવે છે.

તો મિથ્યાત્વ સાથે જેનું સાહચર્ય છે અને મિથ્યાત્વની સાથે જેની હાજરી છે એવી અવસ્થાના કારણે મિથ્યાત્વનું અમલીકરણ (execute) કરવાનું કામ અનંતાનુબંધી કષાય કરે છે. એટલે કે મિથ્યાત્વની પ્રયોગશાળા ૪ કષાય-પ્રેકટીકલ કરવાનું કામ ૪ કષાય. **અનંતાનુબંધી ક્રોધ,અનંતાનુબંધી અહંકાર, અનંતાનુબંધી માયા અને અનંતાનુબંધિ લોભ. આ બધા મિથ્યાત્વનું પ્રેકટીકલ કરવાનું સાધન છે.** છેવટે અનંતાનુબંધી છે શું? પરમકૃપાળુ દેવની-એક નાનકડી લીટીમાં

હજારો સમસ્યાનું નિરાકરણ થાય તેમ છે,**'સંસારી પદાર્થોને વિશે જીવને તીવ્ર સ્નેહ વિના એવા ક્રોધ-માન-માયા અને લોભ હોય નહીં.'**

અનંતાનુબંધીનો આકાર-સ્ટ્રકચર-સ્વરૂપ શું છે? એ સ્વરૂપ સ્પષ્ટ થવાની જરૂર છે અને સ્વરૂપ એ છે કે સંસારી પદાર્થોને વિશે જીવને તીવ્રતમ સ્નેહ હોય. (આવા સ્નેહની છ કેટેગરી છે- lower degreeના મંદ-મંદતર-મંદતમ-અને higher degeree ના તીવ્ર-તીવ્રતર-તીવ્રતમ છે) સ્નેહ છે એટલે રાગ-આસક્તિ-તૃષ્ણા-મમત્વ છે. તે મમત્વ છે પણ કેવું? તીવ્રતમ કોટીનું મમત્વ જેનામાં છે તે અનંતાનુબંધીનું સ્વરૂપ છે. સંસારી પદાર્થો વિશે **જીવને તીવ્રતમ સ્નેહ વિના એવા ક્રોધ-માન-માય-લોભ હોય નહીં.** તેને કારણે અનંત સંસારનો અનુબંધ થાય છે. બહુ ધીરજથી ખ્યાલમાં લેજો. અનંત સંસારના અનુબંધની જડ શેમાં છે? **સંસારના પદાર્થને વિશે જીવમાં રહેલો તીવ્રતમ સ્નેહ એ અનંત અનુબંધી કષાયની જડ છે અને તે જડ મિથ્યાત્વને લીધે છે. મિથ્યાત્વના કારણે ભોગમાં જ સુખ છે, એવી વિપરીત બુદ્ધિ થઇ છે તથા ભોગની અનંત પ્રકારની વાસના એ મિથ્યાત્વનું મૂળભૂત તત્ત્વ છે.** એ મિથ્યાત્વનું હાર્દ છે.

અંદર બારીકાઇથી નિરીક્ષણ કરો કે ભોગની પ્રગાઢ વાસના-અનંત પ્રકારની વાસના અંદરમાં દેખાતી હોય, અંદરમાં કામ કરતી હોય તો સમજવું કે હજુ **મિથ્યાત્વની હાજરી અંદરમાં પૂરેપૂરી છે અને એ હાજરી હોવાના કારણે જ્યારે ભોગ/વાસના પ્રબળ હોય છે ત્યારે શરીર, ઇન્દ્રિયો, મન જોઇએ. વધુમાં એ માટે પદાર્થો-વસ્તુઓ-વ્યક્તિઓ-સંયોગો જોઇએ, માટે પદાર્થ-વસ્તુ-વ્યક્તિ અને સંયોગમાં તીવ્રતમ સ્નેહ, એને કહેવાય છે,અનંતાનુબંધી કષાય.** કઇ રીતે સમજશો? જ્યાં ભોગની તીવ્ર વાસના છે ત્યાં ચારેબાજુથી પરિગ્રહની વૃત્તિ જોર કરે છે. આ જીવને સંગ્રહ કરવાની વૃત્તિ આટલી બધી પ્રબળ કેમ છે? દલપતરામે ગાયું **''માખીઓએ મધ કીધું, ન ખાધું, ન ખાવા દીધું, લૂંટનારે લૂટી લીધું ઓ જીવ જો ને''**. જો કે તમારી પાસે સુપર વ્યવસ્થા છે. તેમ માખીઓ પાસે પણ વ્યવસ્થા છે. મધપુડાને આંગળી અડાડો તો આખું સૈન્ય તૂટી પડે છે. અનંત જન્મોથી આ જીવમાં પ્રબળ સંગ્રહ વૃત્તિ છે જેટલા પ્રમાણમાં ભોગની વાસના તીવ્ર એટલા પ્રમાણમાં સંગ્રહ વૃત્તિનો વિસ્તાર પણ તીવ્ર. બન્ને સાથે ચાલે છે.

ભગવાન મહાવીરજીએ કહ્યું **मुच्छा परिग्गहो वुत्तो, नायपुत्तेण तायिणा। વસ્તુનો સંગ્રહ એ માત્ર પરિગ્રહ નથી પણ સંગ્રહ કરવાની અંદરની જે પ્રબળ મૂર્ચ્છા એનું નામ છે પરિગ્રહ.** આપણે તો કહીએ કે 'સંઘર્યો સાપ પણ કામનો' અને જ્યાં સંગ્રહ વૃત્તિ/પરિગ્રહ વૃત્તિ પ્રબળ છે ત્યાં આરંભ પરિગ્રહનો વિસ્તાર પ્રબળ. અને જ્યાં આરંભ પરિગ્રહનો વિસ્તાર પ્રબળ છે ત્યાં પાપનો વ્યાપાર પ્રબળ છે.

ધર્મ શાસ્ત્રો કહે છે **તમામ પાપોનું મૂળ-જડ તો માત્ર 'મિથ્યાત્વ' છે.**

૧. પ્રાણાતિપાત ૨. મૃષાવાદ ૩. અદત્તાદાન ૪. મૈથુન ૫. પરિગ્રહ ૬. ક્રોધ ૭. માન ૮.

માયા ૯. લોભ ૧૦. રાગ ૧૧. દ્વેષ ૧૨. કલહ ૧૩. અભ્યાખ્યાન ૧૪. પૈશુન્ય ૧૫. રતિ અરતિ ૧૬. પરપરિવાદ ૧૭. માયા-મૃષાવાદ અને છેલ્લે ૧૮. મિથ્યાત્વ છે. આ સત્તરે સત્તર જેમાંથી આવે છે તેનો બાપ આ અઢારમું મિથ્યાત્વ છે. આ અઢારમાં મિથ્યાત્વમાંથી સત્તર આવે છે. પોલિસ ચોકીઓ ઘણી પણ હુકમ તો એક ડી.એસ.પી.નો ચાલે. ડી.એસ.પી.નો ઓર્ડર જેમ એક જ જગ્યાએથી આવે છે તેમ જગતમાં પાપ કરવાના સ્થળ ઘણાં પણ કેન્દ્ર તો એક જ, તે માત્ર મિથ્યાત્વ.

ત્રણ પ્રકારના કર્મો છે :

પ્રકાર ૧. સુખ આપનાર કર્મ તેને શાતા વેદનીય કર્મ કહેવાય.

પ્રકાર ૨. દુઃખ આપનાર કર્મ તેને અશાતા વેદનીય કર્મ કહેવાય.

પ્રકાર ૩. પાપ કરાવનાર કર્મ, તેનું નામ મિથ્યાત્વ.

શાતા વેદનીય અને અશાતા વેદનીય કર્મ જો એકલા હોય તો બહુ સમસ્યા નથી. પણ શાતા વેદનીયમાં જ્યારે મોહ ભળે છે ત્યારે મોટો પ્રશ્ન થાય છે. અને અશાતા વેદનીયમાં જ્યારે મોહ ભળે છે ત્યારે આર્તધ્યાન થાય છે.

જગતને હજુ ખ્યાલ નથી આવ્યો કે ધર્મ કોને કહેવાય અને પાપ કોને કહેવાય.

**જગતના ધર્મોને પણ ખ્યાલ નથી આવ્યો કે ધર્મ કોને કહેવાય અને પાપ કોને કહેવાય.**

**જગત તો એટલું જાણે છે કે હિંસા એ પાપ છે અને અહિંસા એ ધર્મ છે.**

**પણ અહિંસા અને હિંસા બન્ને પેદા કરનાર પરિબળો જુદા છે. જૈન ધર્મે કહ્યું કે મિથ્યાત્વ એક જ પાપ છે અને એ તમામ પાપોનું મૂળ છે.**

**હિંસા દૂર થઇ શકશે પણ જો મિથ્યાત્વ હશે તો હિંસા પાછી આવશે.**

**અસત્ય દૂર થઇ શકશે પણ જો મિથ્યાત્વ હશે તો અસત્ય પાછું આવશે.**

**અનીતિ દૂર થઇ શકશે પણ જો મિથ્યાત્વ હશે તો અનીતિ પાછી આવશે.**

**તમામ પાપોનું મૂળ મિથ્યાત્વ છે અને તમામ ધર્મોનું મૂળ '' સમ્યગ્દર્શન'' છે. જૈન દર્શન કહે છે મિથ્યાત્વ એ જ પાપ અને સમ્યગ્દર્શન એ ધર્મ છે.**

જેમ ગુલાબનું ફૂલ છોડ પર ખીલે છે તેમ અહિંસા-સત્ય-બ્રહ્મચર્ય-અપરિગ્રહના ફૂલો ''સમ્યગ્દર્શન''ના બગીચામાં ખીલે છે. 'સમ્યગ્દર્શન' થાય તો પૂર્ણ ધર્મ પ્રગટ થાય.

**જો પાપમાંથી મુક્ત થવું હોય તો મિથ્યાત્વમાંથી મુક્ત થવું પડે.**

**જો મિથ્યાત્વમાંથી મુક્ત થવું હોય તો સંસારી પદાર્થ વિશે તીવ્ર સ્નેહ છે તેમાંથી મુક્ત થવું પડશે.**

**જો સંસારી પદાર્થ વિશેના તીવ્ર સ્નેહમાંથી મુક્ત થવું હોય તો સંસાર સુખની-ભોગ સુખની ભ્રાંતિમાંથી મુક્ત થવું જોઇએ.**

આ ક્રમથી ગયા સિવાય આ જીવનો છૂટકારો કોઇ કાળે પણ થશે નહીં માટે પરમકૃપાળુ દેવે કહ્યું કે અનંતાનુબંધીનું સત્વ-અનંતાનુબંધીનું બંધારણ એક જ છે કે સંસારી પદાર્થોને વિશે જીવને તીવ્ર સ્નેહ વિના એવા ક્રોધ-માન-માયા-લોભ હોય નહીં કે જે કારણે તેને અનંત સંસારનો અનુબંધ થાય. જે જીવને સંસારી પદાર્થો વિશે તીવ્ર સ્નેહ વર્તતો હોય તેને કોઇ પ્રસંગે પણ અનંતાનુબંધી ચતુષ્ટયમાંથી કોઇ ઉદય થવા સંભવે છે. ભલે આ ઉદય દેખાતો ન હોય. **બહારમાં કષાય દેખાતા ન હોય પણ સંસારી પદાર્થો વિશે જો તીવ્ર સ્નેહ વર્તતો હોય તો અચાનક, ગમે ત્યારે, ખબર ન પડે તેમ, કોઇ પ્રસંગે અનંતાનુબંધી ચારમાંથી (ક્રોધ-માન-માયા-લોભ) કોઇ પણ કષાય ઉદય થવા સંભવે છે. બહુ સંપત્તિ મળે તો અહંકાર આવે. પોતાની ઇચ્છા અને પોતાની તૃષ્ણા તૃપ્તિ કરવા નીકળ્યો અને વચમાં કોઇ આડો આવે તો ક્રોધ આવે. સરળતાથી મળતું નથી તો છેતરીને કેમ લેવું તો માયા આવે. જે કાંઇ મળ્યું છે તે ઓછું પડે છે તો લોભ આવીને ઊભો રહેશે.** કયારેક ક્રોધ-કયારેક માન-કયારેક માયા-કયારેક લોભ આવશે. સવારે ક્રોધ-બાર વાગ્યે માન-ત્રણ વાગ્યે માયા-સાંજે ૮ વાગ્યે લોભ આવે.

ખબર નથી કે આ ચારે ચાર કષાયો અંદરમાં કયારે જોર કરશે અને કયારે ઊભા થશે પણ સંભવે છે અને જ્યાં સુધી તીવ્ર સ્નેહ તે પદાર્થોમાં હોય ત્યાં સુધી અવશ્ય વાચ્યું હોય ગમે તેટલું, સાંભળ્યું હોય ગમે તેટલું, કહ્યું હોય ગમે તેટલું અને જાણ્યું હોય ગમે તેટલું, બોલ્યા હોય ગમે તેટલું પણ **પરમકૃપાળુ દેવને એમ કહેવું છે કે જયાં સુધી તીવ્ર સ્નેહ તે પદાર્થોમાં હોય ત્યાં સુધી અવશ્ય પરમાર્થ માર્ગવાળો તે જીવ નથી.** આપણને એમ લાગે છે કે આપણે ઠીક માર્ગે ચડયા છીએ અને પરમાર્થ માર્ગમાં બરાબર ગયા છીએ. પણ યાદ રાખજો પરમકૃપાળુ દેવની ચેતવણી ! અંદર જોયા કરજો કે સંસારના પદાર્થો પ્રત્યે તીવ્ર સ્નેહ છે ખરો? એ તમને પોતાને ખબર પડશે અને જો તીવ્ર સ્નેહ હોય તો પરમાર્થ માર્ગવાળો જીવ તે ન હોય.

પરમાર્થ માર્ગનું લક્ષણ એ છે કે અપરમાર્થને ભજતા જીવ બધા પ્રકારે કાયર થયો છે. કાયર એટલે થાકેલો નહીં, કાયર એટલે નિરાશ નહીં, કાયર એટલે કંટાળેલો નહીં. જે માણસ માંદો પડયો હોય અને ઊભો થઇ શકતો ન હોય અને કોઇ સંજોગોમાં ચાલવું પડે ત્યારે દસ ડગલા ભરે પછી હાથ જોડીને કહે છે કે 'હવે ચાલી શકાય તેમ નથી'.ચાલ્યો ખરો પણ હવે ચાલી શકાય તેમ નથી, એવો અનુભવ જે કરે છે તેને કહેવાય છે કાયર અથવા દુઃખી.

કાયર એટલો થાકેલો એમ નહીં. સ્પષ્ટતા આગળ થાય છે. પણ કાયર શબ્દ બહુ મહત્ત્વનો છે, એમાં અપવાદ છે. આમાં દુઃખમાં કાયરપણું કદાપિ તો બીજા જીવોનું પણ સંભવે છે. બીજા જીવોમાં દુઃખમાં કાયરપણું આવેલું હોય એવું સમજાયું છે, એવું સાંભળ્યું છે. કબીરજીને બાવળિયાનો પાણી પીને તૈયાર થયેલો કાંટો પગમાં લાગ્યો. જેવો પગમાં કાંટો લાગ્યો તેની સાથે જ 'હે રામ' સંભળાયું- કબીરજીએ ધ્વનિ સાંભળ્યો. જુઓ આ જાગૃત પુરુષની વાત. આ ધ્વનિ

તો દૂટીમાંથી આવ્યો એમ લાગ્યું. પછી પ્રાર્થના કરી કે જો આ કાંટો લાગવાથી આટલા બધા પ્રેમથી જો આ શબ્દ આવતો હોય તો ડગલે પગલે કાંટો લાગે તો સારું, રામ તો યાદ આવે ! જગતમાં ઘણી પ્રાર્થનાઓ છે. પણ એ બધી પ્રાર્થના સુખ-શાંતિ-સમાધાન-મોક્ષ માટે છે પણ એક કુંતામાતાએ પ્રાર્થના કરી કે પ્રભુ! હંમેશા દુઃખ આપજો, સુખ ન આપજો કારણ કે દુઃખમાં તમે જેવા યાદ આવે છો તેવા સુખમાં યાદ આવતા નથી.

**સુખના સમયે રંગ રાગમાં રહીએ રે મસ્તાન,**
**દુઃખના ડુંગર તૂટી પડે ત્યારે ભજીએ રે ભગવાન,**
**અમે તો ભજીએ રે ભગવાન.**

જ્ઞાની પુરુષો કહે છે કાંઇ વાંધો નહીં- દુઃખમાં તો યાદ આવ્યા ને ! કુંતામાતા કહે છે પ્રભુ! દુઃખ આપજો કારણ કે સુખમાં તમે ભુલાઇ જાવ છો. દુઃખમાં કાયરપણું- દુઃખ નથી જોઇતું- દુઃખ નથી ગમતું-દુઃખનો કંટાળો આવે છે. દુઃખમાં કાળ લાંબો થઇ પડે છે, માંદો હોય ત્યારે રાત કાઢવી મુશ્કેલ પણ બે પ્રેમીઓ મળે તો આખી રાત કયાં ચાલી ગઇ? તેની ખબર ન પડે. આઇન્સ્ટાઇનને કોઇએ પૂછયું relativity-સાપેક્ષવાદ એટલે શું છે? મને સમજાય તેમ સમજાવો. કેમ સમજાવવું? ત્યારે સાદું ઉદાહરણ આપ્યું. ધગધગતી લોઢાની ભઠ્ઠી હોય-વૈશાખ મહિનો હોય અને પાંચ મિનિટ ત્યાં બેસવું પડે તો કેવી લાગે? 'પાંચ મિનિટ-પાંચ કલાક જેવી લાગે' અને બે પ્રેમી ભેગા થયા હોય અને વાત કરતા હોય તો 'પાંચ કલાક કેવી લાગે?' જવાબ 'પાંચ મિનિટ જેવી લાગે'- ''બસ આનું નામ relativity''

દુઃખમાં કાયર બની જવાય છે. આખી દુનિયા દુઃખ નથી જોઇતું એમ કહે છે. દુઃખ કોઇને નથી જોઇતું. જો આશીર્વાદ આપીએ તો સુખી થવાનો આપવો પડે. સંતો પણ જો એમ કહે કે,'સારી રીતે દુઃખી થજો' તો કહેશે કે 'તો મહારાજ ફરી વખત નહીં આવીએ'. દુઃખી થવાના આશીર્વાદ કોઇ માગતું નથી અને દુઃખનો સ્વીકાર કોઇ કરતું નથી. અને સુખ વગર જીવને ચેન પડતું નથી.

**મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય એને કહેવાય કે જેને દુઃખમાં અણગમો અને સંસાર સુખમાં પ્રગાઢ રસ છે,** માટે જગતને દુઃખનો અણગમો છે. ''પ્રશમરતિ''માં ઉમાસ્વાતિ ભગવાને નાનકડી કડી કહી **दुःखद्विट्सुखलिप्सुर्मोहान्धत्वाददृष्टगुणदोषः** 'મોહથી લપેટાયેલો આ જીવ નિરંતર દુઃખનો દ્વેષ કર્યા કરે છે અને સુખની લાલસા રાખ્યા કરે છે.

દુઃખનો અણગમો છે તેથી દુઃખ દૂર કરે એવા ભગવાન-દુઃખ દૂર કરે તેવા ગુરુ, દુઃખ દૂર કરે તેવો ધર્મ જોઇએ છે પણ દુઃખ ટાળી શકાતું નથી.

**જગતને ખબર નથી કે દુઃખ ટાળવું છે પણ એ સુખના રાગમાંથી આવે છે, એ જગતને સમજાતું નથી. મિથ્યાત્વ એ સમજવા દેતું નથી.** સંસાર સુખના રાગમાંથી બહાર આવ્યા સિવાય

કદાપિ દુઃખ ટળી શકે તેમ નથી. **જ્યાં સુધી સંસાર સુખનો રાગ છે ત્યાં સુધી દુઃખ આવ્યા વગર કદી પણ રહી શકશે નહીં. સંસાર સુખની પ્રાપ્તિમાં પણ કાયરપણું- એટલે કે તે સુખનું અણગમવાપણું- તે સુખનું નિરસપણું પરમાર્થ માર્ગી પુરુષને હોય છે.'** જેને પરમાર્થ માર્ગે ચાલવું હોય તેને સંસાર સુખમાં અણગમવાપણું-સંસાર સુખમાં નિરસપણું હોય છે. શેરડીનો રસ કાઢી લીધા પછીના કુચાને કોણ લે ? કારણ કે નિરસ થયા છે. **એમ સંસારનું ગમે તેવું સુખ હોય, એ સુખ જેને નિરસ લાગે છે, કુચામાં નિરસપણું જેમ લાગે છે તેવું નિરસપણું જીવને કાં તો-**

**(૧) પરમાર્થ જ્ઞાને અને કાં તો**

**(૨) પરમાર્થ જ્ઞાની પુરુષના નિશ્ચયે થવું સંભવે છે. બીજા કોઇ પ્રકારે થવું સંભવતું નથી.** આ વાતનો કહેવાનો હેતુ શું હશે?

સંસાર સુખનો પ્રગાઢ રસ હોતે છતે સુખમાં નિરસપણું જીવને કોઇ પણ રીતે પ્રાપ્ત થતું નથી.વિવિધ પ્રકારના ધર્મના અનુષ્ઠાનો-ધર્મની સાધનાઓ કરવા છતાં સુખ વિશે નિરસપણું જીવને પ્રાપ્ત થતું નથી. આજે પણ જોજો, સુખમાં એક રસ પડેલો છે. રસ પડેલો હોવાને લીધે એનું વલણ સંસારના સુખો-ભોગો તરફ છે અને એ નિરસપણું-એ સુખમાં નિરસપણું એ જીવને બે કારણથી જ પ્રાપ્ત થાય, કાં તો

(૧) પરમાર્થ જ્ઞાનથી પ્રાપ્ત થાય.એ માત્ર વાચા જ્ઞાન-એ માત્ર શાસ્ત્ર જ્ઞાન-એ માત્ર શ્રુત જ્ઞાનથી પ્રાપ્ત ન થાય. અથવા

(૨) પરમાર્થ જ્ઞાની પુરુષના નિશ્ચયે થવું સંભવે છે.

**પરમાર્થ તત્ત્વ જેવું છે તેવું સમ્યક્ પ્રકારે જેમણે સ્વયં અનુભવ્યું છે અને મોહનીય કર્મ ખસી જતા અંદરમાં જેમને જ્ઞાનનો ઉઘાડ થયો છે તેને કહેવાય છે પરમાર્થ જ્ઞાની,** જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થવાના કારણે તીવ્ર I.Q. level પ્રાપ્ત થાય-અને હજારો શાસ્ત્રો કંઠસ્થ થાય પણ પરમ કૃપાળુ દેવે સ્પષ્ટપણે કહ્યું;

**જો હોય પૂર્વ ભણેલ નવ પણ, જીવને જાણ્યો નહીં,**
**તો સર્વ તે અજ્ઞાન ભાખ્યું, સાક્ષી છે આગમ મહીં.**

નવપૂર્વનો અભ્યાસ પણ ગણતરીમાં નથી લેતા ? ધરાર ના પાડે છે કે તે પરમાર્થ જ્ઞાન નથી. હા, આ જ્ઞાન શ્રુત જ્ઞાન-વાચા જ્ઞાન-વાણી જ્ઞાન જરૂર, પણ અંદરમાં સંસાર સુખનું નિરસપણું જીવને આવ્યું નથી.

ચિત્ર અને સંભૂતિ બન્ને મુનિ છે. ઉત્તરાધ્યયન સૂત્રનાં તેરમા અધ્યાયમાં તેમનું જીવન ચરિત્ર છે. બન્ને મુનિ બન્યા પછી વર્ષો સુધી તપ કર્યું છે અને ચારેય આહારનો ત્યાગ કર્યો છે. અનશન- કર્યું છે. હજારો માણસો દર્શન કરવા આવ્યા છે. હસ્તિનાપુરના ચક્રવર્તી સનતકુમાર- પટરાણી સુનંદા સાથે દર્શન-વંદન કરવા આવ્યા છે. બન્ને હાથ જોડીને હસ્તિનાપુરના ચક્રવર્તી

સનતકુમાર મુનિના ચરણમાં મનથી-વચનથી-કાયાથી વંદન કરે છે. ત્યારે ચિત્ર મુનિ ધ્યાનની ધારામાં સ્થિર છે. પણ સંભૂતિમુનિની આંખો જરાક ખુલી-અને ચક્રવર્તીની સમૃદ્ધિ તથા પટરાણી સામે જોયું અને સુષુપ્ત મનમાં એક વિકલ્પ બેઠો થાય છે કે જીવનમાં કષ્ટો-દુઃખો સહન કર્યા અને તપશ્ચર્યા તો ઘણી કરી પણ આવું સુખ આ જીવે હજુ કયારેય અનુભવ્યું નથી.

કોઇ જ્ઞાની પુરુષ જ્યારે મળે અને હાથ પકડીને સુખના કિચડમાંથી ખેંચીને બહાર કાઢવા તૈયાર થાય ત્યારે તેના હાથમાં હાથ સોંપજો. તો તમને બહાર કાઢી શકશે. પણ આ જીવ હાથ સોંપવા તૈયાર નથી. ઊલટો જ્ઞાનીને ખેંચે તેવો છે. કહે છે કે તમે પણ ભેગા આવો. આ સુખના કિચડમાં જ લપટાવવા જેવું છે. સંભૂતિમુનિની દશા બદલાઇ ગઇ છે. ચિત્ર મુનિને જ્ઞાન થયું છે અને ખબર પડી કે સંભૂતિ મુનિ આ વિચારધારામાં વર્ષોની સાધના ખોઇ બેસશે. આને કહેવાય છે ભાવ દયા ! બન્ને ભાઇઓ છે. જ્ઞાન ધરાવતા ચિત્ર મુનિ કહે છે '' આ તમે કઇ ધારામાં પહોંચ્યા છો?''

**કયાં રે જવું હતું ને કયાં રે જઇ ચડયા?**
**ભવનાં મુસાફર ભૂલા રે પડયા !**

મુનિરાજ પાછા વળો. તત્ત્વાર્થ સૂત્રમાં નાનકડું સૂત્ર **'નિઃશલ્યો વ્રતી'** આપીને ઉમાસ્વાતિ ભગવાને પરમ કૃપા કરી છે, કોને કહેવાય વ્રતી-કોને કહેવાય વ્રતધારી? કોનું વ્રત માન્ય રાખી શકાય, કોનું વ્રત જ્ઞાની સ્વીકારશે? તો કહે છે જેનામાં ત્રણ શલ્યો નથી તેનું વ્રત જ્ઞાની સ્વીકારશે. ત્રણ પ્રકારના શલ્યો રહિત હોય તેને વ્રતધારી કહેવાય. શલ્ય એટલે કાંટો. છાતીમાં બાણ વાગ્યું હોય તેને નિરાંત કેવી હોય ! પગમાં કાંટો લાગ્યો હોય અને ચાલશે કેમ કરીને?

**ત્રણ પ્રકારના શલ્ય છે,માયા શલ્ય,મિથ્યાત્વ શલ્ય અને નિયાણ શલ્ય. આ ત્રણે એકમેકના પોષક છે. મિથ્યાત્વ શલ્ય હોય તો નિયાણ શલ્ય હોય, અને નિયાણ શલ્ય હોય તો માયા શલ્ય હોય.** નિયાણ એટલે જીવનમાં જે કાંઇ તપ-જપ-વ્રત ધ્યાનની સાધના કરી છે એના બદલામાં સાંસારિક સુખો મને પ્રાપ્ત થાય-કાં તો આ જન્મમાં અને જો આ જન્મમાં ઠેકાણું ન પડયું હોય તો આવતા જન્મમાં દેવલોકમાં ઇન્દ્ર-વૈમાનિક દેવની પદવી પ્રાપ્ત થાય.ચક્રવર્તી વાસુદેવની પદવી મને પ્રાપ્ત થાય એવો સંકલ્પ કરીને પોતાની તમામ ધર્મ સાધના તેના માટે અર્પણ કરવી તેને કહેવાય છે નિયાણ.સાદી ભાષામાં કહીએ તો 'હાજરમાં કમાણો અને વાયદામાં ખોઇ બેઠો.' હાજરમાં કમાવું સહેલું નથી- વર્ષો લાગે છે કમાણી કરવામાં અને જુગારમાં મિનિટોમાં ખોઇ બેસશો. ચિત્ર મુનિ કહે છે મુનિરાજ પાછા વળો-ભાવ મલિન થઇ રહ્યા છે. આપણે મોક્ષની નિકટ પહોંચવું છે.

સંસાર સુખમાં જો નિરસપણું હોત તો સંભૂતિ મુનિ આવો સંકલ્પ ન કરત. સંસારના સુખનો પ્રગાઢ રાગ છે. સંભૂતિ મુનિ માનવા તૈયાર નથી. આ જીવનમાં, આ સંસારના પરિભ્રમણમાં

આત્મજ્ઞાની સત્પુરુષ મળ્યા નથી એમ નથી પણ આત્મજ્ઞાની સત્પુરુષ મળ્યા હોવા છતાં સુખમાં નિરસપણું થયેલું ન હોવાના કારણે સત્પુરુષની આજ્ઞાનો સ્વીકાર કર્યો નથી, એમની આધીનતા સ્વીકારી નથી.

**સંસાર સુખની પ્રાપ્તિમાં પણ કાયરપણું- તે સુખનું અણગમવાપણું (એ સુખનું નિરસપણું.) પરમાર્થ માર્ગી પુરુષને આ હોય. આ સુખનું નિરસપણું એનું નામ સમ્યગ્દર્શન-અને દુઃખનો સ્વીકાર એનું નામ સમ્યગ્દર્શન-**ચિત્ર મુનિએ વારંવાર ના પાડવા છતાં નિયાણું કર્યું જ કે આવી ચક્રવર્તીની સમૃદ્ધિ પ્રાપ્ત થજો. દેહ છૂટયો છે. એક ભવ કરી પુરિમતાલનગરમાં બ્રહ્મદત ચક્રવર્તી તરીકે જન્મ લીધો.

ચિત્ર મુનિએ પણ એક ભવ કરી પછીના જન્મમાં મુનિપણું સ્વીકાર્યા પછી પોતાના ગત જન્મના ભાઇને સમજાવવા આવ્યા છે. ત્યારે બ્રહ્મદત્ત ચક્રવર્તીએ જણાવ્યું કે હું તમને ઓળખતો નથી. પછી ચિત્ર મુનિ ઓળખાણ આપે છે. અને બ્રહ્મદત્ત કહે છે  જુઓ, આ તપ વગેરેનું ફળ અમને તો મળ્યું પણ તમે કેમ ખાલી રહ્યા? આ અદ્‌ભુત ગાથા ઉત્તરાધ્યયન સૂત્રના ૧૪માં અધ્યયનમાં આપી છે. હે સંભૂતિ !

**क्षणमित्तसुक्खा, बहुकालदुकखा, पगामदुक्खा, अनिगामसुक्खा।**
**संसारमोक्खस्स, विपक्रवभूआ, खाणी अणत्थाण हु काममोगा ॥**

આ સુખ કહેવાય છે પણ તે માત્ર ભ્રમણા છે, વાસ્તવિક સુખ નથી- એ ક્ષણિક છે અને એ ક્ષણિક સુખની પાછળ, આત્માને ખોવો પડે છે, એ ક્ષણિક સુખની પાછળ પરમાત્માને ખોવા પડે છે, એ ક્ષણિક સુખની પાછળ પરમાર્થને ખોવો પડે છે. **संसारमोक्खस्स विपक्खभूआ,** સંસાર એ મોક્ષનો વિપક્ષી છે અને સર્વ અનર્થોની ખાણ એવા કામ ભોગો છે. પણ એક વખત સંસાર સુખના રસમાં ડૂબેલો માણસ વારંવાર સંસાર સુખના રસમાં ડૂબતો જાય છે. અનંતકાળથી આપણે આ કર્યું છે-દુઃખથી કંટાળ્યા છીએ અને સુખના રસમાં ડૂબેલા છીએ, ગળાડૂબ ડૂબ્યા છીએ. આજે પણ સંસાર સુખના રસમાં ડૂબેલા રહીએ છીએ. સંસાર સુખમાં પ્રગાઢ રસ અને દુઃખમાં કાયર એને કહેવાય છે મિથ્યાત્વ. દુઃખમાં અણગમો નહીં પણ સંસાર સુખમાં અણગમો (એટલે નિરસપણું) એને કહેવાય સમ્યગ્દષ્ટિ મહાત્મા.

અનંતાનુબંધી કષાયનો રસ જ્યારે તૂટે છે ત્યારે સંસારના સુખમાં નિરસપણું પ્રાપ્ત થાય છે. 'તેવું નિરસપણું જીવને પરમાર્થ જ્ઞાને જે મૂડી લઇને આવ્યો હોય-સાધના કરતો કરતો આવ્યો હોય અને મોહનીય કર્મના ક્ષયોપશમથી જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અંદર ઉઘાડ થયો હોય અને અંતરજ્ઞાન અંદરથી પ્રાપ્ત થયું હોય તેને હોય છે. તેને બહારના કોઇ સાધનની જરૂર નથી. આગળ ચર્ચા આવશે કે સમ્યગ્દર્શન બે પ્રકારથી થાય છે.**तन्निसर्गादधिगमाद्वा**.વર્તમાનમાં કોઇ જ્ઞાની સત્ પુરુષનો યોગ ન હોય છતાં પણ સમ્યગ્દર્શન થાય એનો અર્થ એમ નથી કે જ્ઞાની સત્પુરુષના યોગ વગર સમ્યગ્દર્શન થઇ શકે છે.

વર્તમાન કાળમાં તેને સત્પુરુષનો યોગ નથી પણ ભૂતકાળમાં પહેલા યોગ કરીને, સાધના કરીને, મૂડી લઇને, તૈયાર થઇને, આવ્યો છે. જેમ કે મીરાબાઇએ ગાયું.**'પ્રીતિ પૂર્વ જન્મની, ભક્તિ આ ભવની, તેને મળે ભગવાન.'** જીવ પૂર્વમાં સાધના કરતો કરતો આવ્યો હોય માટે જ્ઞાની પુરુષો એક અપેક્ષાએ એમ કહે છે કે ''સમ્યક્ સમજણપૂર્વક કરેલી સાધના કદી પણ નિષ્ફળ જતી નથી.'' ભગવત્ ગીતામાં એક પ્રશ્ન પૂછાયો છે-સાધના કરતાં કરતાં વચમાં દેહ છૂટી જાય તો સાધનાનું શું થાય? ત્યાં શબ્દ વાપર્યો છે. **શૂચીનાં શ્રીમતાં ગેહે, યોગભ્રષ્ટોઽપિ જાયતે ।** યોગભ્રષ્ટનું ભાષાંતર એમ કરે કે 'યોગ સાધના કરતો કરતો યોગથી ભ્રષ્ટ થયેલો' તો એ ખોટું છે. સાધના કરતાં કરતાં સાધના પૂરી ન થઇ અને પૂર્ણ અનુભૂતિ ન થઇ અને વચમાં દેહ છૂટી ગયો, તેમાં ઉપાય નથી અને એ આપણા હાથની વાત નથી. એ કાળના હાથની વાત છે. ત્યારે કૃષ્ણ ભગવાનનો જવાબ,સાધનાનો તાંતણો જોડાશે.**'અને સાધના કરવાની અનુકૂળ સામગ્રી આવતા જન્મમાં એને પ્રાપ્ત થશે', સમ્યક્ સમજણપૂર્વક કર્યું હોય તો એળે નહીં જાય. અહીંઆ જ્ઞાનીપુરુષો કહે છે કે એળે નહીં જાય એમ સંતોષ માનીને પરમાર્થ જ્ઞાનની ઉપેક્ષા જો કરશો તો બધું એળે ગયા સિવાય રહેશે નહીં. આ બે વાત સાથે લક્ષમાં લેજો. એળે નહીં જાય એ વાત બરાબર. પણ એળે નહીં જાય તેમ માનીને પરમાર્થ જ્ઞાનની ઉપેક્ષા જો થશે તો બધું એળે જવાનો પ્રસંગ ઊભો થશે. પરમાર્થ જ્ઞાન એટલે અંદરથી પ્રાપ્ત થયેલું જ્ઞાન. અને તે પરમાર્થ જ્ઞાનીના નિશ્ચયે થવું સંભવે છે.** આ જીવ બીજું કાંઇ પણ ન કરે પણ પહેલાં એક કામ તો અવશ્ય કરે. તે કામ એ કે પરમાર્થ જ્ઞાનીનો નિશ્ચય કરે- આ પુરુષ પરમાર્થ જ્ઞાની છે- આ પુરુષ વીતરાગ છે- આ પુરુષ આપ્ત છે- આ પુરુષ આત્મજ્ઞાની છે. આ પુરુષે આત્માનો સાક્ષાત્કાર કર્યો છે તેવા વિવેકથી, તેવી સમજણથી, તેવા વિચારથી, આવો નિશ્ચય જીવ કરે. અને એ નિશ્ચય કર્યા પછી કહે કે; 'હે પ્રભુ આપ જે કહો છો તે પરમ સત્ય છે.' વિશેષ જ્ઞાન ન હોય તો ભલે ન હોય પણ એક વખત પુરુષનો નિશ્ચય થયેલો જોઇએ.

શાસ્ત્રોમાં કહ્યું છે કે 'વચન વિશ્વાસે પુરુષ વિશ્વાસ' કે પછી 'પુરુષ વિશ્વાસે વચન વિશ્વાસ?' સારા વચનો કહે છે માટે આ પુરુષ શ્રેષ્ઠ-આવો વિશ્વાસ કરવો? કે પછી પુરુષ આપ્ત છે માટે તેમના વચનનો વિશ્વાસ કરવો?

**તે પ્રાપ્ત કરવા વચન કોનું, સત્ય કેવળ માનવું?**
**નિર્દોષ નરનું કથન માનો, તેહ જેણે અનુભવ્યું ?**

વિચાર કરવો ન પડે, મંથન કરવું ન પડે, એક જ માત્ર નિર્ણય કરવો પડે કે આ નિર્દોષ પુરુષ છે? આપ્ત પુરુષ છે? નિર્દોષ એટલે રાગ રહિત-નિર્દોષ એટલે દ્વેષ રહિત-નિર્દોષ એટલે મોહ રહિત. આ નિશ્ચય પરમાર્થ જ્ઞાનીના નિશ્ચયે જેણે એક વખત કર્યો છે તેને સંસારના સુખનું નિરસપણું સંભવે. 'બીજા પ્રકારે થવું સંભવતું નથી.' સંસારના સુખનું નિરસપણું એમને એમ સહેલાઇથી પ્રાપ્ત થવું સંભવતું નથી.

આ સંસારના સુખનું નિરસપણું પ્રાપ્ત થતું નથી અને આ સંસારનો રસ પ્રગાઢ થતો જાય છે, તે ચાલુ રાખવાનું કામ અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વ સાથે મળીને કરે છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય એમ કહે છે કે;

**તપ કરજો- મંજુર છે.**

**વ્રત કરજો-મંજુર છે.**

**સ્વાધ્યાય કરજો-મંજુર છે.**

**મંદિરમાં જાવ-મંજુર છે.**

**શાસ્ત્ર વાંચજો-મંજુર છે.**

**તીર્થ યાત્રા કરજો-મંજુર છે.**

પણ અમારી હાજરીમાં સંસારના સુખનું કાયરપણું- નિરસપણું પ્રાપ્ત નહીં થાય.

# પ્રવચન : ૭

## પરમાર્થ જ્ઞાનનું બીજ

સમ્યગ્દર્શનથી ચેતનામાં રૂપાંતર થાય છે. સમગ્ર ચેતના આમૂલાગ્ર પલટાઇ જાય છે અને એ બિંદુથી સાધનાની શરૂઆત થાય છે. પછી સંપૂર્ણપણે મોહજય કરીને અનંત જ્ઞાન-અનંત દર્શન- અનંત ચારિત્ર્ય-અનંત વીર્ય એ ચૈતન્યનો-આત્માનો પોતાનો અમૂલ્ય ખજાનો છે તે મેળવે છે. એ પ્રાપ્ત થયા પછી દુ:ખ નથી, જરા નથી, જન્મ નથી, મૃત્યુ નથી.

**सिवमयलमरुयमणंतमक्खयमव्वाबाहमपुणराविति सिद्धिगइनामधेयं ठाणं संपत्ताणं।**

| | | |
|---|---|---|
| **सिवं** | - | ઉપદ્રવ રહિત, |
| **अयलं** | - | અચલ |
| **अरुयं** | - | રોગ રહિત |
| **अणंतं** | - | મરણ રહિત |
| **अक्खयं** | - | ક્ષય રહિત |
| **अव्वाबाहं** | - | બાધા-પીડા રહિત |
| **अपुणराविति** | - | જયાંથી ફરી નથી અવતરવું એવા |
| **सिद्धिगइनामधेयं** | - | સિદ્ધિગતિ નામવાળા |
| **ठाणं संपत्ताणं** | - | સ્થાનને પામેલા. |

આવું એક અલૌકિક પદ એ આત્માને પ્રાપ્ત થાય છે. એ પોતામાં જ હતું અને પ્રગટ થયું છે એ વાતનું સમાપન અત્રે થાય છે. ત્યાર બાદ સમકિતની પ્રાપ્તિ કેવી રીતે થાય છે એ ચર્ચાનો પ્રારંભ થશે.

પરમાર્થ જ્ઞાને અપરમાર્થરૂપ એવો આ સંસાર ચાલ્યો જાય છે. પછી તે પ્રત્યે તીવ્ર એવા ક્રોધ-માન-માયા કે લોભ કોણ કરે? બહુ વ્યથા છે આ શબ્દમાં. અગર પરમાર્થ જ્ઞાન-સ્વજ્ઞાન-અનુભવજ્ઞાન- સ્વરૂપજ્ઞાન પ્રાપ્ત થયું છે તો તેનાથી જીવનમાં કોઇ ઘટના ઘટે છે કે નહીં? કસોટી છે કે નહીં? એટલા માટે અમૃતચંદ્રાચાર્યજીએ કહ્યું જ્ઞાન નિષ્ક્રિય નથી, જ્ઞાન સક્રિય છે. જ્ઞાન નિર્બળ નથી. જ્ઞાનમાં સામર્થ્ય છે, જ્ઞાન શક્તિ હીન નથી, જ્ઞાન શક્તિથી ભરેલું છે. જે જ્ઞાન જીવનમાં પરિવર્તન નથી લાવતું તે જ્ઞાન-શુષ્કજ્ઞાન-વાચા જ્ઞાન-વાણી જ્ઞાન-શબ્દ જ્ઞાન હોઇ શકે. પણ પરબ્રહ્મની પ્રાપ્તિ જેના દ્વારા ન થાય તે જ્ઞાન નિરર્થક છે. આટલું ભારે વચન એટલે મૂકયું છે કે જેવું અંદરમાં જ્ઞાન એટલે કે પરમાર્થ જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે એક અલૌકિક ઘટના ઘટે છે. જ્ઞાન અને વૈરાગ્યનું પ્રચંડ સામર્થ્ય છે. જ્ઞાન એક કામ કરે છે, વૈરાગ્ય બીજું કામ કરે છે,

જ્ઞાન સમગ્ર જ્ઞેયો તરફથી, આત્માથી ભિન્ન સમગ્ર વિષયોથી, સમગ્ર દ્રવ્યો તરફથી,સમગ્ર વિભાવભાવથી, વિભાવના કાર્યથી,સમગ્ર વિભાવની પરિણતિથી,સમગ્ર જગતના દ્વન્દ્વો તરફથી, ઉપયોગને વાળીને સ્વરૂપ તરફ તાણી જાય છે તે તેનું અંદરનું કામ છે અને વૈરાગ્યનું કામ બહારનું છે કે એ સંસાર તરફ જવા દેતું નથી. બંને ઘટના સાથે ઘટે છે.

વૈરાગ્ય બહાર જવા દે નહીં અને આ જ્ઞાન સ્વરૂપ તરફ લઇ જાય છે-જ્ઞાન સ્વરૂપમાં ઠારે છે. તે કહે છે કે, ઠર ભાઇ, ઠર.

પરપરચે ધામધૂમ સદાઇ,નિજ પરચે સુખ પાવો,
નિજ ઘરમેં હૈ પ્રભુતા તેરી, પરસંગ નીચ કહાવો,
પ્રત્યક્ષ રીત લખી તુમ ઐસી ગહીએ આપ સુહાવો.
ચેતન શુદ્ધાત્મકુ ધ્યાવો.

ધ્યાનનો વિષય અશુદ્ધ આત્મા નહીં, માર્ગણા, ગુણસ્થાનક, કર્મથી બદ્ધ અશુદ્ધ આત્મા નહિ પણ શુદ્ધ આત્મા ધ્યાનનો વિષય. જ્ઞાન સમગ્ર જગતમાંથી,સમગ્ર પદાર્થમાંથી,સમગ્ર વિભાવમાંથી,સમગ્ર વિકલ્પોમાંથી,સમગ્ર વિચારોમાંથી,સમગ્ર વિભાવના કાર્યોથી ઊંચકીને જાણે સ્વરૂપમાં સ્થિર કરે છે.આ જ્ઞાનનું સામર્થ્ય છે.

બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણીમાંહી;
વર્તે મોહાવેશમાં, શુષ્ક જ્ઞાની તે આંહી.
મુખથી જ્ઞાન કથે અને, અંતર છૂટયો ન મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ.
મોહભાવ ક્ષય હોય જયાં, અથવા હોય પ્રશાંત;
તે કહીએ જ્ઞાની દશા, બાકી કહીએ ભ્રાંત.
સકલ જગત તે એઠવત્, અથવા સ્વપ્ન સમાન;
તે કહીએ જ્ઞાનીદશા. બાકી વાચાજ્ઞાન.
શુદ્ધ બુદ્ધ ચૈતન્ય ઘન, સ્વયંજયોતિ સુખધામ;
બીજું કહીએ કેટલું ! કર વિચાર તો પામ.
કોટી વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય;
તેમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય.

જ્ઞાન જીવનમાં આવીને આ કામ કરે છે. આ કામ જો જ્ઞાન ન કરે તો એ બોજો છે. ઉપદેશમાળામાં પૂ.ધર્મદાસગણિએ કહ્યું કે,

**जहा खरो चंदनभारवाही, भारस्स भागी न हु चंदनस्स।**

મહારાજાઓને ત્યાં બાવના ચંદનના વિલેપન કરતા હતા અને તેથી રોમેરોમ પરમ

શીતલતા થઇ જાય,મૈસુરના જંગલમાંથી સુખડીઆઓ બાવના ચંદન કાપીને ગધેડા ઉપર નાખીને મહેલમાં પહોંચાડે. ગધેડો ચાલીને પહોંચે. તે વખતે ગધેડાને પૂછવામાં આવ્યું કે ''દોસ્ત તને સુગંધ આવી?- શીતલતા મળી? ઠંડક વળી?'' ''સાહેબ અમે તો ભારને વહન કરનારા, સુગંધની અમને ખબર નથી.'' જેમ ગધેડો ફકત ભારનો વહન કરનારો છે, તે સુગંધનો ભાગીદાર બનતો નથી. એ જેમ ભારનો ભાગીદાર છે એમ અનેક શાસ્ત્રોને કંઠસ્થ કર્યા છે પણ સ્વાનુભવ નથી થતો તે ફકત શાસ્ત્રનો ભાર વહન કરનારો છે. જ્ઞાન ભાર વહન કરવા માટે-જ્ઞાન સંગ્રહ કરવા માટે-જ્ઞાન બીજાને બતાવવાના માટે-જ્ઞાન પાંડિત્ય માટે- જ્ઞાન ઉપદેશ માટે-જ્ઞાન અમે કેવા જ્ઞાની છીએ તે બતાવવા માટે નથી.

વૃત્તિ પરદ્રવ્યથી પાછી વળતી નથી માટે આનંદઘનજીએ કહ્યું :

**વારો રે કોઇ પરઘર રમવાનો ઢાલ, પર ઘર રમતા થઇ જુઠા બોલી,**
**દેછે ધણીજીને આલ વારો રે કોઇ.**

અરે સંતો, અરે સત્પુરુષો, અરે જ્ઞાની પુરુષો, અરે તીર્થંકર દેવો, મારી મદદમાં આવો અને વૃત્તિઓને પરદ્રવ્ય તરફ ઢળવાનું ટાળો. ઢાળ હોય તો સાયકલને પેડલ ન મારવું પડે. ડુંગર પર ચડવું હોય તો મહેનત કરવી પડે છે પણ નીચે ઊતરવું હોય તો કુદરત તમને નીચે તાણી લાવે છે. વૃત્તિને પરદ્રવ્ય તરફ લઇ જવામાં-સંસારમાં લઇ જવામાં મહેનત કરવી નથી પડતી પણ ત્યાંથી વૃત્તિને ઉઠાવીને સ્વરૂપ તરફ લઇ જવી હોય તો પ્રચંડ પુરુષાર્થ કરવો પડે છે. જ્ઞાની પુરુષો રાત-દિવસ આ પુરુષાર્થ કરે છે. ગાડીને વાળવી હોય તો મહેનત કરવી પડે-એમ આ વૃત્તિ પર તરફ જઇ રહી છે ત્યાંથી વાળીને સ્વભાવમાં ઠેરવવી. ૨૪ કલાક-નિરંતર-સતત શું કરવા જેવું છે? **મુમુક્ષુએ શું કરવા જેવું છે? બરાબર પોતાની વૃત્તિને જાણીને, બહાર જતી હોય તેને ત્યાંથી પાછી વાળીને વૃત્તિને સ્વરૂપમાં ઠેરવવા જેવી છે.**

**शनैः शनैरुपरमेद् बुद्धया धृतिगृहितया।**
**आत्मसंस्थं मनः कृत्वा, न किञ्चिदपि विचिन्तयेत् ।।**

**ધીરે ધીરે જ્ઞાનનું સામર્થ્ય, ચારિત્ર્યનું સામર્થ્ય, તપનું સામર્થ્ય, ધ્યાનનું સામર્થ્ય, સત્સંગનું સામર્થ્ય, મુમુક્ષુના પરિચયનું સામર્થ્ય, વૈરાગ્યનું સામર્થ્ય પ્રાપ્ત કરીને, પોતાની વૃત્તિને તીક્ષ્ણ બુદ્ધિ દ્વારા, પ્રજ્ઞા દ્વારા બહાર જતી વાળીને आत्मसंस्थं मनः कृत्वा : પોતાના સ્વરૂપમાં ઠેરવવી. અને જો એક વખત ઠરી જાય તો નિર્વિકલ્પ સમાધિ છે તો આ કોઇ ચિંતન કરવાની જરૂર નથી. આ કામ જ્ઞાન કરશે. આને કહેવાય છે પરમાર્થ જ્ઞાન.**

આત્માને, છ દ્રવ્યોને, નવતત્ત્વને, દ્રવ્યને, ગુણને, પર્યાયને, ક્રમબદ્ધ પર્યાયને, સ્વભાવને, વિભાવને, સ્વને, પરને જાણ્યું-જાણ્યું અને જાણ્યું. પણ વૃત્તિ કયાં છે? બિલાડી ધ્યાનમાં બેસે છે, અડધી, પોણી કલાક સ્થિર બેસે છે પણ પૂછો કે 'શેનું ધ્યાન ચાલે છે?' 'ઉંદર મામાનું.'

બકીંગહામ પેલેસમાં એક લોર્ડ બિલાડીને લઇને ગયો. ત્યાંના અધિકારીઓએ બે કલાક સુધી મહેલ બતાવ્યો. ઘરે આવીને લોર્ડે બિલાડીને પૂછયું કે મેં તો આખો મહેલ જોયો પણ તે શું જોયું? ''મેં તો કાંઇ જોયું નથી, એક ઉંદરના ધ્યાન સિવાય બીજું કશું જોયું નથી.'' આ જીવ-મોહથી ઘેરાયેલો જીવ શું કરે છે? એની વૃત્તિ કયાં જાય છે? 'વારો રે કોઇ પર ઘર રમવાનો ઢાળ.'

**લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;**
**ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન.**

કોને ભક્તિ કહેવાય? કોને વ્રત કહેવાય? એનું સ્વરૂપ જાણ્યું નહીં. જ્ઞાની પુરુષો કોઇ પણ બાજુથી વ્રતનો-તપનો -ધ્યાનનો-સ્વાધ્યાયનો એકાંતે નિષેધ કરતા નથી. જીવ કરશે શું?

જ્ઞાની પુરુષોનું એમ કહેવું છે, **જ્ઞાન સ્વરૂપ તરફ ખેંચી જાય છે અને વૈરાગ્ય પરથી પાછા વાળી સ્વરૂપમાં ઠેરવે છે. આ બે પ્રક્રિયા થઇ. જીવનમાં આ બે જ પ્રક્રિયા કરવા જેવી છે જ્ઞાન બહાર જતી વૃત્તિને- બહાર જતા ઉપયોગને-બહાર જતી ચેતનાને અંદર વાળીને, જયાંથી આ ચેતના ઊઠે છે-જયાંથી જ્ઞાનની ધારા ઊઠે છે એવો જે જ્ઞાતા, તે જ્ઞાતામાં ઠેરવવાનું કામ જ્ઞાન કરે છે.**

**એક પડખું તૈયાર થયું. અને બીજું પડખું વૈરાગ્ય સંસાર તરફ જવા દેતો નથી.** એ અનિત્ય છે, એ અશરણ છે,એ નાશવંત છે, એ અન્ય છે,એ તારું નથી, એ અશુચિથી ભરેલું છે, એ તારું નથી, એકલો આવ્યો હતો ને એકલા જવાનું છે, મૂકીને જવાનું છે, સાથે આવવાનું નથી, તું એનો સ્વામી નથી. આ બધી માત્ર વાતો નથી, આ બધી વાતો એટલા માટે થાય છે કે કોઇ પણ રીતે આ જીવ પોતાની વૃત્તિ સાથે બહાર ન જાય.બહાર જવાના કામને વૈરાગ્ય રોકે છે. એક કામ બહારથી થયું, એક અંદરથી થયું.

**''જ્ઞાન કળા ઘટ ભાસી જાકુ, જ્ઞાન કળા ઘટ ભાસી.''** (ચિદાનંદજીમ.) આ કળા ખીલી છે, હજુ ફૂલ નથી આવ્યું. ફળ નથી બેઠું. છોડ પર પહેલા કળી, પછી ફૂલ,પછી ફળ આવે છે. જ્ઞાનની કળા અંદર ખીલી ગઇ છે જરૂર હવે સમાધિનું-ધ્યાનનું, વીતરાગતાનું ફૂલ ખીલવાનું છે અને મોક્ષનું ફળ અવશ્ય આવવાનું છે.

જ્ઞાન એ વાયડું-વાતોડિયું-બોલનારું નથી. એ તો સઘન આંતરિક પરિવર્તન લાવનારું છે. સાપ કરડે અને ઝેર ચડે, વીંછીનો ડંખ લાગે અને નાચવા લાગે. જુઓ, વીંછીનો ડંખ કામ કરે સાપનું ઝેર કામ કરે અને જ્ઞાન કામ ન કરે ? કરે જ કરે. જ્ઞાન જુદા પાડી દે છે, જડ અને ચેતનને બન્નેને જુદા પાડીને, જડ તરફથી સમગ્ર ઉપયોગને વાળીને ચેતન તરફ લઇ જવાનું સામર્થ્ય જ્ઞાનમાં છે.

**''જ્ઞાન કળા ઘટ ભાસી જાકુ, જ્ઞાન કળા ઘટ ભાસી''**

શું થયું? **તન ધન સ્નેહ રહ્યો નહીં વાકુ.**

શરીર,ધન,બાહ્ય વસ્તુ સાથે સંયોગથી પ્રાપ્ત થયેલા પદાર્થો સાથે અમારી આસક્તિ તૂટતી

ન હતી, અમારો સ્નેહ તૂટતો ન હતો, અમારી મમતા તૂટતી ન હતી. હે જ્ઞાન ! તારી પરમ કૃપા થઇ, આવતાની સાથે એક જ ઘાએ તે આસક્તિ તોડી નાખી.

**''છિન મેં ભયો રે ઉદાસી.''** આ ક્ષણની વાત છે, વર્ષોની વાત નથી. લોકો એમ કહે છે ધીરે ધીરે થશે, ધીરે ધીરે થશે. મરતા પહેલાં થશે. જો એમ નહીં થાય તો નવા જનમમાં થશે, ઉતાવળ કરવાની જરૂર નથી. કેવા ડાહ્યા છો? કેવું મનને સમજાવો છો? પાદરી પ્રાર્થના કરતો હતો કે ઓહ ગોડ આવ પણ ધીરે ધીરે આવજે, એકદમ ન કૂદી પડતો. જ્ઞાન અધૂરું નથી, જ્ઞાન ઉતાવળિયું નથી, જ્ઞાન ચંચળ નથી. તે પરમ ગંભીર છે પણ પૂરી તાકાતથી કામ કરે છે. મોક્ષની ઉતાવળ પણ નહીં અને મોક્ષના પુરુષાર્થમાં આળસ પણ નહીં. જ્યારે જ્યારે મનમાં એમ થાય કે હું બહુ જાણું છું ત્યારે થર્મોમીટર લગાડજો કે કેટલો ઉપયોગ પાછો વળ્યો? **'' તન ધન સ્નેહ રહ્યો નહીં વાકુ-ક્ષીણ મેં ભયો રે ઉદાસી''**

**હું અનિવાશી ભાવ જગત કે, નિશ્ચે સકલ વિનાસી,**
**ઐસી ધાર ધારણા ગુરુગમ, અનુભવ મારગ પાસી.**
**જાકુ જ્ઞાનકલા ઘટ ભાસી.**
**મેં મેરા યે મોહજનિત જસ, ઐસી બુદ્ધિ પ્રકાશી,**
**તે નિસંગ પર મોહ સીસ દે, નિશ્ચે શિવપુર જાસી.**

આવા જ્ઞાની મોહના માથા પર પગ મૂકે છે. આજે તો આપણા માથા પર મોહ ચડી બેઠો છે અને તેને આપણે પ્રેમથી સાચવીએ છીએ, 'ભલે બિરાજમાન થાવ.'પણ જ્ઞાન થતાંની સાથે તે મોહના મસ્તક ઉપર પગ મૂકીને એ મોહનો ક્ષય કરે છે, આ જ્ઞાનની કળા છે. દેવચંદ્રજી મહારાજે કહ્યું,

**શુદ્ધ સ્વરૂપ સનાતનો, નિર્મલ જે નિઃસંગ હો મિત્ત,**
**આતમવિભૂતિ પરિણમ્યો, ન કરે તે પરસંગ હો મિત્ત**
**કયું જાણું કયું બની આવશે.**

પરમાર્થ જ્ઞાને-અપરમાર્થરૂપ સંસાર જાણી પછી શું?

પહેલા જાણ્યું પણ પછી શું? શાસ્ત્રો વાંચ્યાં, જ્ઞાન મેળવ્યું, હવે પછી શું? હવે પછી તે પ્રત્યે એટલે કે જગતના-સંસારના પદાર્થો પ્રત્યે એને તીવ્ર સ્નેહ રહેતો નથી અને ન રહેવાના કારણે તીવ્ર એવો ક્રોધ નથી રહેતો. થોડો ક્રોધ સમ્યગ્દષ્ટિ આત્માને છે. થોડાક ક્રોધની સત્તા શ્રાવક પાસે છે. અને થોડા મંદ ક્રોધની સત્તા મુનિ પાસે છે. આનો અર્થ પરમિશન નથી. એવું ન કહેશો કે શાસ્ત્રમાં લખ્યું છે કે છઠ્ઠા ગુણસ્થાનકે ક્રોધ થાય છે માટે અમે કરીએ છીએ. આ તો પુરુષાર્થની નબળાઇ છે એટલે ક્રોધનો તરંગ ઊઠે છે. જાગ્રત હોય તો તરંગ ન ઊઠે. જીવનમાં આ પ્રાપ્ત થયું. જ્ઞાન પ્રગટ ન થાય તો મુનિ શેનો? ઇચ્છાનો નિરોધ ન થાય તો તપસ્વી શેનો?

પછીનું વાકય બહુ ભારે છે કે કયાંથી થાય? પરમાર્થ જ્ઞાન હાજર છે તો આવું થાય કયાંથી? પોલિસ હાજર છે, આઘું પાછું થાય કયાંથી? તેમ પરમાર્થ જ્ઞાન હાજર હોય તો કયાંથી ક્રોધ-અહંકાર-માયા-લોભ થાય? એમ ન કહેશો અમારા કર્મ એવા છે. એવા તો કેવા કર્મ કે ક્રોધ કર્યા કરો? માન કર્યા કરો? કર્મની વાત નથી, જાગૃતિ નથી એની વાત છે. 'જે વસ્તુનું માહાત્મ્ય'-અદ્‌ભુત શબ્દ છે - 'દૃષ્ટિમાંથી ગયું', ચક્રવર્તીને જુઓ, તેનો વૈભવ, સત્તાને જુઓ ત્યારે મનમાં થઇ જાય ખરું કે આપણે આવા થઇ જઇએ તો? જો આમ થઇ જાય તો તે મોહનો ચાળો. બીજું ઉદાહરણ : અનુસુંદર ચક્રવર્તી છ ખંડની સંપત્તિ સાથે જઇ રહ્યો છે અને ગુરુદેવને શિષ્ય પૂછે છે. 'આ કોણ જઇ રહ્યું છે? ' ત્યારે ગુરુદેવ કહે છે 'જગતનો સૌથી મોટો કેદી જઇ રહ્યો છે.'

નાનો પીન્ટુ વાવા પહેર્યા કે ઘરની બહાર! અને બીજા બાબલાને ન બતાવે ત્યાં સુધી ચેન ન પડે. એમ આ મોટો પીન્ટો પણ એવો જ છે. જીવને મોહ છે અને બીજાથી પોતે હજી મહાન છે તેવું માને છે. પોતાની પત્નીને કિંમતી ઘરેણાં પહેરાવતા હશો. તે પત્ની માટે નહીં, પણ કહેવા માટે કે ''આ અમારા ઘરેથી છે'' આ પ્રદર્શનમાં બતાવવા માટેનો નમૂનો. એનાથી અહંકાર મજબૂત થાય છે. જે વસ્તુનું માહાત્મ્ય દૃષ્ટિમાંથી ગયું તો બસ ! નથી કહેતા કે નજરમાંથી ઊતરી ગયું.

એક દિવસ એવો હતો કે સાથે ખાતા પીતા હતા. એકમેકને મળ્યા વગર ચેન પડતું નોતું, હવે? હવે નજરમાંથી ઊતરી ગયું. પરમાર્થ જ્ઞાન થયા પછી વસ્તુનું માહાત્મ્ય દૃષ્ટિમાંથી ગયું. પરમાર્થ જ્ઞાન બીજું કામ એ કરશે કે બહારનું માહાત્મ્ય દૃષ્ટિમાંથી કાઢી નાખશે. અને તે વસ્તુને અંગે અત્યંત કલેશ થતો નથી.

''મૂંઝવણ થાય છે ને તમને? મારી પાસે દસ્તાવેજ છે. અને બજારના ભાવ વધી ગયા છે અને પૈસા પૂરા પાડી શકો તેમ નથી. મૂંઝાશો નહીં. લ્યો આ દસ્તાવેજ''-દસ્તાવેજ ફાડીને કટકા કરી નાખ્યા. ''રાયચંદ પાણી પીવે છે પણ કોઇનું લોહી પીતો નથી.'' આ પરમકૃપાળુ દેવની ઘટના છે. કોણિક મહારાજા ભોજન લઇ રહ્યા છે અને પ્રભાવતીના મોઢા ઉપર ગમગીની છે. પ્રભાવતીના મોં પર ઉદાસી જોઇ છે. 'શું થયું. કોઇએ અપમાનું કર્યું? ' 'કોઇ પરેશાની નથી પણ મનમાં બહુ દુઃખ થાય છે કે રાજગૃહી મગધના સમ્રાટ તમે છો કે પછી બીજા કોઇ?' આ સ્ત્રીઓની કળા ! 'કેમ એમ કહેવું પડે છે?' 'એટલા માટે કે મહારાજ ! રાજ્યમાં જે કિંમતીમાં કિંમતી રત્ન હોય તેનો ઉપયોગ ખુદ મહારાજા કે પટરાણી કરે.' 'તમારે કહેવું શું છે?' હલ્લ-વિહલ્લ તમારા ભાઇઓ, હાર અને કુંડલ પહેરીને હાથી ઉપર બેસીને રાજગૃહીના રસ્તા પર પસાર થાય છે ત્યારે કેવા અલૌકિક લાગે છે. એ હાથી ઉપર તો મારે બેસવાનું હોય. આ કુંડલ-હાર તો મારે પહેરવાના હોય' અને કોણિક મહારાજા ઊભા થાય છે. હલ્લ વિહલ્લને કહેવડાવે છે કે હાર-

કુંડલ-હાથી પાછા આપો. ત્યારે હલ્લ-વિહલ્લ જવાબ આપે છે કે શ્રેણિક મહારાજે રાજ્ય તમને આપ્યું છે પણ હાર-હાથી-કુંડલ અમને આપ્યા છે, તેથી હક અમારો છે. કથા એવી છે કે યુદ્ધ થયું અને એક કરોડને એંશી લાખ માણસો મર્યા. હાર, હાથીને કુંડલને માટે. મિથ્યાત્વ હોય ત્યાં બહારના પદાર્થોનું માહાત્મ્ય હોય છે. જ્ઞાનીઓ જતુ કરે છે, આમેય જવાનું જ હતું ને ! ભલે પહેલાં ગયું.

ભૃતહરિએ કહ્યું કે જગતના પદાર્થો તમને પૂછયા વગર, તમારી સંમતિ લીધા વગર ચાલ્યા જાય તો અંદરમાં દાવાનળ સળગે છે. પણ જો એ પદાર્થોને મિથ્યા-અનિત્ય-અસાર જાણીને ત્યાગ કરો છો તો અંદરમાં સમતા રસનો પરમ આનંદ થાય છે. શું કરવું છે? રોવું છે કે સમતારસનો આનંદ માણવો છે? -પદાર્થો તો જશે જ જશે.

**સાવ સોનાના રે સાંકળા, પહેરણ નવા નવા વાઘા રે,**
**ધોળું વસ્ત્ર એના કર્મનું, તે તો શોધવા લાગ્યા.**
**એક રે દિવસ એવો આવશે.**
**વહાલા રે વહાલા શું કરો? વહાલા વળાવીને વળશે,**
**વહાલા તે વનનાં લાકડાં, તે તો સાથે જ બળશે.**
**એક રે દિવસ એવો આવશે.**

ચિતા સળગતી હોય અને પુત્ર હાથમાં વાંસડો લઇને ઊભો હોય અને જે હાડકાં બહાર નીકળે તેને પાછા નાખતો હોય એવામાં લાકડાનો સળગતો કટકો પગ ઉપર પડશે તો શું પગે લાગશે કે પિતાજીની ચિતાનું લાકડું છે ! આ નિરાશા કે ગમગીની નથી પણ આ તથ્ય છે-આ fact છે. આ ઘટના ઘટે તે પહેલા પદાર્થોનું માહાત્મ્ય નીકળી જવું જોઇએ. સંસારને વિશે ભ્રાંતિપણે જાણેલું સુખ છે. અદ્‌ભુત શબ્દોનું સંયોજન છે. સંસારમાં સુખ તો નથી પણ સુખની ભ્રાંતિ છે. ભોગાવો-ભાલ તળનો કાંઠો, બપોરના ૧૨ વાગ્યા હોય, વૈશાખ મહિનો હોય, અંદરમાં તરસ લાગી હોય તો દૂર દૂર નજર નાખો તો નદી દેખાય છે. જેમ જેમ નજીક જતા જાવ તેમ નદી દેખાતી નથી, નદી છે નહીં પણ દેખાય છે તેને કહેવાય છે ભ્રાંતિ. સુખ છે નહીં પણ સુખ મનાય છે ખરું.તમે તો સુખ માનીને બેઠા છો.તમારું બધું સુખ શેમાં છે? સમાધિમાં? ધ્યાનમાં ? વીતરાગતામાં ? પ્રભુભક્તિમાં ? ત્યાગમાં ? વૈરાગ્યમાં? વિરક્તિમાં? સર્વસંગ ત્યાગમાં? એકાંતમાં? મૌનમાં? શેમાં છે સુખ? પણ જેમાં સુખ માનીને બેઠા છો તે ભ્રાંતિ છે,ભ્રમણા છે, સુખ નથી.

**આરોપિત સુખ ભ્રમ ટળ્યો રે, ભાસ્યો અવ્યાબાધ,**
**સમર્યું અભિલાષીપણું રે, કર્તા સાધનસાધ્ય.**
**(દેવચંદ્રજી મહારાજ)**

પ્રભુ ! તમને જોયા, પ્રતિમા જોઇ, કેવી પરમ શાંતિ ! પરમ આહલાદ, પરમ સુખ, પરમ

પ્રસન્નતા ! છતાં જગતના એક પણ પરમાણુ સાથે તમને સંબંધ નથી. છતાં અનંત આનંદના સાગરમાં આપ લીન બની ગયા છો. પ્રભુ ! તમને જોતાં અમારી ભ્રમણા ભાંગી. સુખ માટે, પૈસાની જરૂર નથી, કામવાસનાની જરૂર નથી, વસ્તુની જરૂર નથી, સુખ માટે અંદરમાં શાંતિની જરૂર છે અને તેના માટે આત્મજ્ઞાનની જરૂર છે. 'સંસારને વિશે ભ્રાંતિપણે જાણેલું સુખ છે.' આ ભ્રાંતિ જ છે. લાંબો ટાઇમ ચાલે છે. અંધારામાં ટાયરનો સ્પર્શ થયો,બૂમ પાડી, દોડો, કોઇ લાકડીઓ લઇ આવ્યા. એક ડાહ્યા માણસે કહ્યું કે લાકડી પછી વાપરજો, પહેલા જુઓ તો ખરા કે શું છે? ટોચ સળગાવી અને જોયું કે સાયકલનું ટાયર. બધો જુસ્સો શાંત.

**અનાદિકાળની ભ્રમણા જે ક્ષણે ભાંગશે તે ક્ષણે મોહનો આવેશ શાંત થઇ જશે. અને મોહનો આવેગ શાંત ન થતો હોય તો માનજો કે જ્ઞાન અંદર કામ કરતું નથી. કયાંક ખામી છે. તે પરમાર્થ જ્ઞાને ભ્રાંતિ જ ભાસે છે. સુખ ભ્રાંતિગત છે પણ મોહના કારણે સમજાતું નથી.** પરમાર્થ જ્ઞાન થયું ત્યારે ભ્રાંતિ જ ભાસે છે અને જેને ભ્રાંતિ ભાસી છે તેને પછી તેનું માહાત્મ્ય શું લાગશે? ઝવેરી પાસે ગયા અને સાચવી રાખેલો ચાંદીનો ટૂકડો કાઢીને બતાવ્યો. ઝવેરી કહે છે અરે ! આ તો છીપલું છે. પછી તેને હાથ જોડવા પડે કે આ છોડો, આ છીપલું છોડો. તમને આટલા સમજાવવા કેમ પડે છે કે છોડો છોડો ! એવી માહાત્મ્ય દૃષ્ટિ કે જગતના કોઇ પદાર્થનું માહાત્મ્ય રહ્યું નથી- માત્ર શુદ્ધ બુદ્ધ ચૈતન્ય ઘન આત્માનું માહાત્મ્ય રહ્યું છે. પરમાર્થ જ્ઞાની પુરુષના નિશ્ચયવાળા જીવને આ માહાત્મ્ય હોય છે. અને એ માહાત્મ્ય દૃષ્ટિ પ્રાપ્ત થાય છે તેનું કારણ પણ એ જ છે.

**તમે પરમાર્થજ્ઞાની પુરુષનો નિશ્ચય-સ્વીકાર કર્યો તેની કસોટી શું? કેમ જાણવું કે- પરમકૃપાળુ દેવ કે મહાવીરજી કે સંતો-પ્રત્યે તમને માહાત્મ્ય થયું એની કસોટી શું? એની કસોટી એ કે જગતના પદાર્થોનું માહાત્મ્ય ન રહે.''** કોઇ જ્ઞાનના આવરણને કારણે જીવને વ્યવચ્છેદક જ્ઞાન-જૂદું પાડનારું-સૂક્ષ્મ જ્ઞાન કદાચ ન થાય તો પણ સામાન્ય એવું જ્ઞાન-(કયું?) જ્ઞાની પુરુષની શ્રદ્ધા (not belief, not only fate-માન્યતા નહીં- શ્રદ્ધા એટલે રુચિ)જ્ઞાની પુરુષને સંમત તે અમને સંમત. તમારે માથે બોજો ન લેવો. ફકત જ્ઞાની પુરુષનો જ નિર્ણય ગણવો-અને પછી તાળો મેળવવો કે જે જ્ઞાની પુરુષને ન ગમે તે મને પણ ન ગમે. જો ઘરનો મોભી પુરુષ કહે કે આજે મોળું ખાવું છે- ખંજવાળ બહુ થઇ છે. અને skin specialist એ મોળું ખાવાનું કહ્યું છે. રસોઇ મોળી ખાવાની છે. સ્ત્રી જો સુશીલ હોય તો એમ કહે જો તમે મોળું ખાશો તો અમે પણ મોળું ખાઇશું. તમે જે સંમત કરો છો તે અમે સંમત કરીશું- તમે મોળું ખાશો તો અમે પણ મોળું ખાશું.

એક વખત જ્ઞાની પુરુષને કહો કે તમે જે સંમત કરો તે અમારે સંમત છે. હા, ભલે શાસ્ત્રો જરૂરી છે પણ ખીચડીમાં પાણી કેટલું નાખવાનું? ખીચડી પાકે એટલું. ૫૦૦ ગ્રામ ખીચડી હોય તો મોટી કડાઇ ભરીને પાણી મૂકો તો શું થાય? જ્ઞાનની જરૂર છે પણ અંદરથી આત્મા પરિપકવ

થાય તેટલું જ્ઞાન જરૂરી છે. જે જ્ઞાન પરિપકવ નથી કરતું તે જ્ઞાનને કરશો શું? **વડના બીજની પેઠે પરમાર્થના વડનું એ બીજ છે- કયું? જ્ઞાની પુરુષની શ્રદ્ધા. જેમ બીજમાંથી આખો વડલો આવે છે. બીજમાં કાંઇ નથી દેખાતું-પત્તા-થડ-દેખાતું નથી પણ બીજના પેટમાં બધું છુપાયેલું છે.એમ જ્ઞાની પુરુષની શ્રદ્ધા એ બીજ છે અને તેમાં આખો મોક્ષ છુપાયેલો છે. જ્ઞાની પુરુષની શ્રદ્ધા એ પરમાર્થનું બીજ છે અને એ પરમાર્થનું બીજ હોવાના કારણે સમગ્ર મોક્ષની પ્રક્રિયા જ્ઞાની પુરુષના સ્વીકારમાં છે.** તેનામાં તીવ્ર ભાવે -મરું કે મારું-એવા પરિણામ ન હોય.

વંદિત્તા સૂત્રમાં એક ગાથા છે.

**सम्मदिट्ठि जीवो, जइ वि हु पावं समायरे किंचि।**
**अप्पो सि होइ बंधो, जेणं न निद्धंघसं कुणइ।।**

સમ્યગ્દષ્ટિ મહાત્મા પાપ કરતો નથી કે અશુભ પ્રવૃત્તિ કરતો નથી. કદાચ કરતો દેખાય તો કદી પણ નિર્ધ્વંસ પરિણામથી કરતો નથી. ઉપમા આપી છે. तप्तलोहपदन्यासवत्- તપેલા લોઢા ઉપર પગ મૂકવા જેવી તેની પ્રવૃત્તિ હોય છે. કોઇ રાજાએ મૃત્યુ દંડની સજા કરી હતી કે શુળી પર ચડાવી દો-પણ તેના પિતાએ વિનંતી કરી કે એ મારો એકનો એક પુત્ર છે તો alternative આપો તો બીજી શિક્ષામાં ''લોઢાના ધગધગતા ગોળા પર આને પગ મૂકવો પડશે. મંજૂર છે?'' ''હા મંજુર છે.'' જ્ઞાની પૂછે છે કે ધગધગતા ગોળા પર પગ કેવી રીતે મૂકશે? આરામથી મૂકશે? at easeથી મૂકશે? શાંતિથી મૂકશે? તન્મયતાથી મૂકશે? ના, એ તો પગ અડયો ન અડયો... પગ અડયો, ન અડયો ઉઠાવી લેશે. તેમ સમ્યગ્દષ્ટિ મહાત્મા પાપ કરતો નથી પણ જો કરે તો કર્યું ન કર્યું એ રીતે કરે છે. નિર્ધ્વંસ પરિણામ એને કદી પણ થતાં નથી. ક્રોધ તો આવે છે. પણ મરું કે મારું તેવો નહીં. અહંકાર પણ થાય છે પણ વાળ્યો ન વળે તેવો નહીં, પણ વળી શકે તેવો બની ગયો હોય છે.

એક બીજી વાત.'' ભવ ભય રહિત પણે''-કોઇ ભય નથી સમ્યગ્દષ્ટિને.એ આત્માને એક ભય છે ભવનો-જન્મ લેવાનો. ગજસુકુમાલ કહે છે ''મા હવે જન્મ લેવો નથી.'' ભગવાન નેમિનાથના સમવસરણમાં જઇ આવ્યો છું.- એમની વાણી મેં સાંભળી છે. એટલે હવે જન્મ લેવો નથી. કોઇ જ્યોતિષી મળે તો પૂછીએ કે આયુષ્ય કેટલું? પણ કોઇએ પૂછયું કે , '' મારે જન્મ લેવો પડશે?'' **જગત મરણની ચિંતા કરે, જ્ઞાની જન્મની ચિંતા કરે છે. નથી જન્મવું !** બહુ જન્મ્યા-અનંત વાર જન્મ્યા. બસ ! હવે જીવ બસ ! હવે થોભી જા. કેટલી વખત જન્મ મરણ કરવા છે?

ગજસુકુમાલ કહે છે કે;

''મા-મને જન્મવું નથી,ભગવાન નેમિનાથના સમવસરણમાં જઇ આવ્યો છું.''ફરી કહે છે.

**ના રે સકારા હું ગયો રે માતા, કાને આયો રાગ,**
**મુનિવરની વાણી સુણી રે માતા, યે સંસાર અસાર હો.**

**જનની હું લેવું સંયમ ભાર.**

એક જ વાત કે ''ભગવાન નેમિનાથના ચરણોમાં જવું છે મા !''

સગપણ થયા છે- કૃષ્ણ મહારાજાનો ભાઇ છે- માનો લાડકવાયો છે- એકનો એક દીકરો છે- આંખની કીકી છે- કલેજાનો કટકો છે- રૂપાળો છે- સુંદર છે. દેખાવડો છે- મીઠી મીઠી ભાષા બોલે છે. મોટી ઉંમર પણ નથી. અને વૈરાગ્ય થયો છે. મા સમજાવે છે. પણ ગજસુકુમાલ કહે છે '' હવે પાછા નહીં ફરાય- હવે પાછા નહીં વળાય.'' મા ખોળામાં લે છે. માથા ઉપર હાથ ફેરવે છે- બરડા ઉપર વાત્સલ્યથી હાથ ફેરવે છે. અને હાથ ફેરવતાં ફેરવતાં મા ગજસુકુમાલને કહે છે કે ''બેટા-જા. હું તને રજા આપું છું. દિલ તો ના પાડે છે- પણ રજા આપું છું. કારણ? કારણ કે તું જે કરવા જઇ રહ્યો છે તે મંગલ છે-તે કર્તવ્ય છે-કરવા જેવું છે. અને બેટા હું આશીર્વાદ આપું છું.

આ જન્મની તારી મા તરીકે હું હતી -હું તો રોઇ, પણ નેમિનાથના ચરણમાં જઇને એવી સાધના કરજે કે હવે કોઇ માને તારે રોવરાવી ન પડે. એટલે કે જન્મ લેવો ન પડે. સવારે દીક્ષા- સાંજે કેવળ-જ્ઞાન અને મોક્ષ !

**ગજસુકુમાલ સંતાપીયાજી, બાંધી માટીની પાળ,**
**ખેર અંગારા શિરે ધર્યાજી, મુકતે ગયા તત્કાળ.**

ભવ ભય રહિતપણે જ્ઞાની પુરુષ કે સમ્યગ્દષ્ટિ જીવને ક્રોધ-માન-માયા કે લોભ હોય નહીં.

છેલ્લી વાત, જે સંસારાર્થે અનુબંધ કરે છે-અને કષાયો કરે છે-કર્મો કરે છે-પ્રવૃત્તિ કરે છે ત્યાં એક પ્રવૃત્તિની વિશેષ નોંધ લીધી છે આ અધિકારે. કારણ કે અનંતાનુબંધિની સ્પષ્ટતા કરવી છે માટે. પરમાર્થને નામે-ભ્રાંતિગત પરિણામે એટલે કે નામ પરમાર્થનું પણ ભ્રાંતિ-પરમાર્થના સ્વરૂપને સમજવામાં ભ્રાંતિ,-એવા એ ભ્રાંતિગત પરિણામે અસદ્ગુરુ-અસદ્દેવ-અસદ્ધર્મને જે ભજે છે તે જીવને ઘણું કરીને અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ થાય છે. આ ઢાંચો જુઓ- આ સ્ટ્રકચર જુઓ ! આ અનંતાનુબંધિનું અલૌકિક સ્ટ્રકચર છે. પરમાર્થને નામે ભ્રાંતિગત પરિણામે અસદ્ગુરુ-અસદ્દેવ-અસદ્ધર્મ એને જે ભજે છે તેને પ્રાયે કરીને અનંતાનુબંધિ ક્રોધ- અનંતાનુબંધિ માન-અનંતાનુબંધિ માયા અને અનંતાનુબંધી લોભ થાય છે. કારણ કે બીજી સંસારની ક્રિયાઓ-ઘણું કરી અનંતા અનુબંધ કરવાવાળી નથી. એક માત્ર પરમાર્થની ભ્રાંતિના કારણે અપરમાર્થને પરમાર્થ જાણી એના આગ્રહે જીવ ભજ્યા કરે તેને અમે અનંતાનુબંધિ કષાય કહીએ છીએ. તે રોકનાર છે. અને તેને પોષણ આપનાર મિથ્યાત્વ છે. પરમાર્થ જ્ઞાની એવા પુરુષ પ્રત્યે-એવા દેવ પ્રત્યે-એવા ધર્મ પ્રત્યે નિરાદર છે. એટલે કે એને આદર નથી, એને બહુમાન નથી, એને સન્માન નથી. સન્માન જેનું છે તેનું સન્માન થાય- બહુમાન જેનું કરવાનું છે તેનું બહુમાન થાય એમ કહેવામાં ઘણું કરીને યથાર્થ છે તે સદ્ગુરુદેવ ધર્મ પ્રત્યે અસદ્ગુરુ-

આદિકના આગ્રહથી..

અખાએ કહ્યું- સોનાના ઘાટ કરતાં કરતાં તે બોલ્યો,

**ગુરુ કર્યા મેં ગોકળનાથ ઘરડા બળદને નાખી નાથ**
**ધન હરે પણ ધોખો ન હરે, અખા એવા ગુરુને શું કરે?**

૩૦૦ વર્ષ પહેલા યશોવિજયજી મહારાજે પોતાનો કેઇસ સુપ્રિમ કોર્ટમાં નોંધાવ્યો. સુપ્રિમ કોર્ટમાં એટલે મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામીની પાસે. ભરતમાં કોઇ સાંભળનાર નો'તું. તે વખતે ૩૦૦ વર્ષ પહેલા યશોવિજયજી મહારાજનો પોકાર-ભરતમાં કોઇ સાંભળનાર નો'તું.

**સ્વામી સીમંધરા વિનંતિ, સાંભળો માહરી દેવ રે.**

મારી વિનંતી સાંભળો હે પ્રભુ ! આ ભરત વર્ષની આવી હાલત થઇ ગઇ છે જ્યાં જુઓ ત્યાં પ્રમાદ-જ્યાં જુઓ ત્યાં પ્રમાદ-

**''કુગુરુની વાસની પાસમાં, હરિણ પરે જે પડયા લોક રે''** એવા કાળમાં અમારે જીવવાનું થયું છે પ્રભુ ! **તે માઠા સંગથી તેની સંસારની વાસના પરિચ્છેદ નહીં થતી હોવા છતાં પરિચ્છેદ માની-પરમાર્થ પ્રત્યે ઉપેક્ષક રહે છે તે જ અનંતાનુબંધિ ક્રોધ-માન-માયા-લોભનો આકાર છે.**

**સમકિત એ આધ્યાત્મિક ઘટના છે.**
**સમકિત એ આંતરિક ઘટના છે.**
**સમકિત એ અતીન્દ્રિય ઘટના છે.**
**સમકિત એ દેહની ક્રિયા નથી.**
**સમકિત એ સ્થૂલ કર્મકાંડ નથી.**
**સમકિત એ વિચારની સાધના છે.**
**સમકિત એ ભાવની સાધના છે.**
**સમકિત એ ઉપયોગની સાધના છે.**
**સમકિત એ શુદ્ધોપયોગની સાધના છે.**
**સમકિત એ શ્રદ્ધાની સાધના છે.**
**સમકિત એ સ્વાનુભવની સાધના છે.**

મન જોઇશે, હૃદય જોઇશે, બુદ્ધિ જોઇશે અને સાથે સાથે સજીવન આત્મજ્ઞાની સત્પુરુષની હાજરી પણ જોઇશે. સત્પુરુષની હાજરી એ મુખ્ય આધાર છે. અને એવી અવસ્થામાં આ સમકિતની અલૌકિક ઘટના બને છે.

# પ્રવચન : ૮

## સાધકની પૂર્વ ભૂમિકા

હવેની ચર્ચા પાંચ મુદ્દામાં થશે.

મુદ્દા નં. ૧. સમકિતની પ્રાપ્તિ કઇ રીતે થાય છે એના અનુસંધાનમાં એ સાધકની પૂર્વ ભૂમિકા અને એ સાધના કરવા જતાં પાંચ લબ્ધિઓની સાધના.

મુદ્દા નં. ૨. સમ્યક્ત્વની જુદી જુદી વ્યાખ્યા. તેનું અલગ અલગ સ્વરૂપ.

મુદ્દા નં. ૩. સમકિતના ૬૭ બોલ. સમકિતને સ્પષ્ટપણે સમજવા આ જરૂર છે.

મુદ્દા નં. ૪. સમકિત સંબંધી વિશેષ જરૂરી ચર્ચા.

મુદ્દા નં. ૫. સમ્યગ્દર્શન પ્રાપ્ત થઇ ગયા પછી સમ્યગ્દષ્ટિ આત્મા કૈવલ્યદશાને પ્રાપ્ત થાય ત્યાં સુધી જે સાધના કરે છે તેનું વર્ણન.

આનાથી સંપૂર્ણ ચિત્ર પ્રગટ થઇ જાય છે. મકાન બનાવતા પહેલા આર્કિટેકટ આખા મકાનનું પ્લાનીંગ આપી દે છે. મકાનની શરૂઆત કરતા પહેલા પ્લાનીંગને સમજીને જે કોઇ ઘટતો ફેરફાર કરવો હોય તો કરી શકાય-પણ નિશ્ચિત થયા પછી પ્લાનીંગ પ્રમાણે કામ કરવું પડે. સમ્યગ્દર્શનની સાધના જેને કરવી છે તેને તમામ પાસાઓથી આ સાધનાને સમજી લેવી પડશે. આવા અપૂર્વ-અલૌકિક સમ્યગ્દર્શનની સાધના કેવી રીતે થાય-એની શું પ્રક્રિયા હશે?

**હજુ પણ આપણે knowingની ભાષા જાણી શકતા નથી પણ doingની ભાષા જાણી શકીએ છીએ. કરવાની વાત કરો તો ખ્યાલ આવે પણ જાણવાની વાત કરીએ તો આપણને ખ્યાલ ઓછો આવે છે. કરવું એ સહેલું છે. કરતાં કરતાં ધીમે ધીમે ટેવ બની જાય. રૂટિન મુજબ થાય. બીજી બધી ટેવો કરતા આ ટેવ સારી. પણ just habit. તેમાંથી બહાર આવવું પડશે. એના શું શું ઉપાયો છે? એના કયા કયા સાધનો છે? શાસ્ત્રોને તે સ્પષ્ટ કરવું છે કે આત્માની પ્રાપ્તિ-આત્મા વડે- આત્માથી જ થાય છે.**

ભગવાન મહાવીર સ્વામીએ ઉત્તરાધ્યયન સૂત્રના પહેલા અધ્યયનમાં કહ્યું કે,

**अप्पा चेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दमो।**
**अप्पा दंतो सुही होई, अस्सिं लोए परत्थ य ॥१५॥**

મૂળ આત્મ દ્રવ્ય છે. અને તેના અનંતગુણોમાં તેનો શ્રદ્ધા નામનો સ્વકીય ગુણ છે.**એ શ્રદ્ધા નામના આત્માના ગુણની સમ્યગ્દર્શન નામની પર્યાય છે.**

દ્રવ્ય પ્રત્યેક સમયે પરિણમનશીલ છે. ગુણ અક્રમથી રહ્યા છે, પર્યાય ક્રમથી આવે છે, પણ પ્રત્યેક ગુણની પોતપોતાની પર્યાય સ્વતંત્ર અને અલગ અલગ હોય છે. ભલે એક સમયની

પર્યાય-ક્ષમતા એકી સાથે-પણ પર્યાયને પ્રગટવાનો ક્રમ ક્રમથી છે, ક્ષમતા સાથે હોવી અને પ્રાગટ્ય ક્રમે ક્રમે થવું તે દ્રવ્યની લીલા છે, તે દ્રવ્યની ખૂબી છે. શ્રદ્ધા ગુણ એ આત્માનો સ્વાભાવિક ગુણ છે અને સમ્યગ્દર્શન આત્માની શુદ્ધ પર્યાય છે. **જ્યાં સુધી સમ્યગ્દર્શનની પર્યાય (એટલે કે શુદ્ધ પર્યાય) પ્રગટ થતી નથી ત્યાં સુધી આત્માના અનંત ગુણનું પરિણમન થતું હોવા છતાં તેની પરિણમવાની ચાલ વિભાવ રૂપે હોય છે. સમ્યગ્દર્શન થતાંની સાથે જ એની પરિણમનની ચાલ સ્વભાવરૂપ થઇ જાય છે.** આવું મોટું પરિવર્તન સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થતાની સાથે જ દ્રવ્યમાં થાય છે. એટલા માટે એમ કહ્યું કે સમ્યગ્દર્શન જ્યારે થાય છે ત્યારે માત્ર શ્રદ્ધાગુણ નિર્મળ થાય છે એમ નહીં પણ અંશતઃ આત્માના અનંતગુણો નિર્મળ થાય છે. બહુ મોટી ઘટના છે.

**આ સમ્યગ્દર્શન કામ શું કરે છે?**

જ્ઞાન ગુણ શુદ્ધ થાય.
ચારિત્ર્ય ગુણ શુદ્ધ થાય.
વીર્યગુણ શુદ્ધ થાય.
અગુરુલઘુગુણ શુદ્ધ થાય.
અક્રિયગુણ શુદ્ધ થાય.

એના તમામ ગુણો શુદ્ધ થાય છે. એ કામ સમ્યગ્દર્શન કરે છે. પણ આ સમ્યગ્દર્શન આત્માની પોતાની શ્રદ્ધા ગુણની પર્યાય છે. અનુભવીઓનું કથન તો એવું છે કે સિદ્ધ અવસ્થા સુધીમાં ચૈતન્ય તત્ત્વમાં જે કાંઇ આવિર્ભાવ થાય છે તે સમગ્ર આવિર્ભાવ ચૈતન્ય તત્ત્વમાં છુપાઇને પડેલો છે તેનો આવિર્ભાવ થાય છે. બહારથી કાંઇ લાવવાનું નથી. બહારથી કાંઇ પણ મેળવવાનું નથી, બહારથી કાંઇ પ્રાપ્ત કરવાનું પણ નથી અને બહારથી લઇ આવેલું કાંઇ આ દ્રવ્યને કામમાં આવે તેમ પણ નથી. આત્મદ્રવ્યને પુદ્‌ગલ દ્રવ્યનું કશું કામમાં ન આવે અને બાકીના ચાર દ્રવ્યો-આકાશાસ્તિકાય, ધર્માસ્તિકાય,અધર્માસ્તિકાય,કાળનું કાંઇ પણ કામમાં ન આવી શકે. આત્મદ્રવ્ય સ્વયં સંપૂર્ણ છે. તેના અંતરંગ સાધનો અને બહિરંગ સાધનો શું હોઇ શકે?

શાસ્ત્રીય પરિભાષામાં ઉપાદાન કારણતા અને નિમિત્ત કારણતા શું કરવાથી પ્રગટ થાય? મુમુક્ષુએ શું કરવાનું? મુમુક્ષુ શું કરે કે જેથી સમ્યગ્દર્શનની અનુભૂતિ થાય?

સમકિત એ ભાવની સાધના છે.
સમકિત એ શુદ્ધ ઉપયોગની સાધના છે.
સમકિત એ શુદ્ધ શ્રદ્ધાની સાધના છે.
સમકિત એ ધ્યાનની સાધના છે.
સમકિત એ ક્રિયાની સાધના નથી.

પ્રાસંગિક ક્રિયા વચનમાં આવતી હોય તો ભલે પણ મૂળભૂત સાધના ક્રિયાની નથી.

સમકિત એ મૂળભૂત સાધના ધ્યાનની છે.
સમકિત એ મૂળભૂત સાધના શુદ્ધ શ્રદ્ધાનની છે.
સમકિત એ મૂળભૂત સાધના શુદ્ધ ઉપયોગની છે.

ઉપયોગ આત્માનું લક્ષણ છે. તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં એક નાનકડી લીટી મૂકી કે-**उपयोगो लक्षणं** આત્માનું લક્ષણ શું છે? તો કહે ઉપયોગ. જ્ઞાન અને દર્શન. જોવું અને જાણવું. આ બન્ને પ્રક્રિયા આત્મામાં થાય છે. આત્મા શું કરે?

આત્માની Working System શું છે? એ શું કાર્ય કરે? બહારમાં કાંઇ કરે? પદાર્થમાં કાંઇ કરે? શરીરમાં કાંઇ કરે? **આત્મા તો બે જ કામ કરે. જોવું અને જાણવું. જોવું એટલે દર્શન અને વિશેષ પ્રકારે જાણવું એટલે જ્ઞાન.** આત્માની મુખ્ય ધારા એ જ્ઞાનની ધારા છે. માટે આત્મા જ્ઞાતા છે જ્ઞાન એનો સ્વભાવ છે અને જ્ઞાતામાંથી જે ધારા ઊઠે છે તેને કહેવાય છે જ્ઞાન (નોલેજ નહીં.) તમામ દ્રવ્યથી આત્માને જુદો પાડવો હોય અને એ લક્ષણ બીજા કોઇમાં ન હોય તેવું કોઇ પણ લક્ષણ કહેવું હોય તો તે લક્ષણ છે જ્ઞાન. પુદ્ગલ દ્રવ્યથી જુદું કેમ? જ્ઞાન પુદ્ગલ દ્રવ્યમાં નથી. આકાશાસ્તિકાયથી જુદું કેમ? જ્ઞાન આકાશાસ્તિકાયમાં નથી. જ્ઞાન એ માત્ર આત્માનો ગુણ છે,

જ્ઞાન એ આત્માની શક્તિ છે, જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે અને આ જ્ઞાન અનંત છે. સૂક્ષ્મ એકેન્દ્રિય અપર્યાપ્તો નિગોદીયો જીવ હોય તેની પાસે પણ એ અનંત જ્ઞાન છે. જેટલું જ્ઞાન કેળવજ્ઞાનીને સિદ્ધ અવસ્થામાં પ્રગટ થયું છે તેટલું જ જ્ઞાન અપર્યાપ્ત નિગોદીયા જીવમાં છે. કર્મગ્રંથની પરિભાષામાં નીચલામાં નીચલી કક્ષા લબ્ધિ અપર્યાપ્તા નિગોદીયા જીવની. અને ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ કક્ષા સિદ્ધ અવસ્થાની. પણ સિદ્ધ અવસ્થામાં જે જ્ઞાન પ્રગટ થયેલું છે એ જ્ઞાન લબ્ધિ અપર્યાપ્તા નિગોદીયા જીવની પાસે તે વખતે પણ પડેલું છે-પણ તિરોભૂત છે. અંદર પડેલું છે પણ ઢંકાયેલું છે. જ્ઞાન બહારથી આવતું નથી. ૧૦૦૦ ફૂટ ડ્રીલીંગ કરે છે અને છેલ્લી શિલા તૂટે છે ત્યારે અંદરથી પાણીનો ફ્લો આવે છે. પાણીનો ફ્લો બોરિંગ મશીનમાંથી આવ્યો? પાણીનો ફ્લો ડ્રીલીંગ કરનાર પાસેથી આવ્યો? ના. ભંડાર તો અંદરમાં ભરેલો પડ્યો છે. વચમાં જે અવરોધ હતો તે દૂર કરવાનો છે. કર્મનું કામ આવરણ કરવાનું છે. કર્મ તમારું કાંઇ લઇ લેતું નથી. આકાશમાં સૂર્ય ઊગ્યો છે પણ વાદળા આડે ઢંકાઇ ગયો છે. વાદળા જેમ આવરણ કરે છે તેમ કર્મો આવરણ કરે છે. **કર્મો જે આવરણ કરે છે તે કર્મોના કારણે કરતા નથી પણ જીવની પોતાની ભૂલને કારણે થાય છે. કર્મો એમ ને એમ આવીને વળગી પડતા નથી.**

**જ્યાં સમ્યગ્દષ્ટિ છે............. ત્યાં કાર્મણ વર્ગણા છે.**
**જ્યાં અપ્રમત અવસ્થામાં મુનિ છે ત્યાં કાર્મણ વર્ગણા છે.**
**જ્યાં આઠમ ગુણસ્થાનવાળા છે.... ત્યાં કાર્મણ વર્ગણા છે.**
**જ્યાં બારમા ગુણસ્થાનવાળા છે.....ત્યાં કાર્મણ વર્ગણા છે.**

**જયાં સિદ્ધ ભગવંતો છે........... ત્યાં કાર્મણ વર્ગણા છે.**

**પણ એ કાર્મણની વર્ગણા દરેકની પાસે સરખી રીતે આવતી નથી. એને અંદરમાં ખેચવાની જે પ્રક્રિયા છે-જે દોરી છે એ તમારા હાથમાં છે.**

**જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ.**

માટે એમ કહ્યું કે, **ભાવ કર્મ નિજ કલ્પના-માટે ચેતન રૂપ.**

અંદર ભાવ થાય છે, **આપ હી બાંધે-આપ હી છોડે.''**

જેમ સાપ કુંડાળું વાળી બેસી જાય છે, પછી એનો એ સાપ ચાલવા લાગે ત્યારે સીધો થઇ જાય છે. સાપને બે શકિતઓ છે. એ ગોળ કુંડળ મારીને બેસી શકે છે અને સીધે સીધો સડસડાટ ચાલી પણ શકે છે. **તેમ આત્માની બે શક્તિઓ છે- કર્મને બાંધી પણ શકે છે અને કર્મને તોડી પણ શકે છે.**મરજી તમારી-યોર ચોઇસ. કર્મને બાંધવા હોય તો ય ભલે-બાંધેલા કર્મને તોડવા હોય તોયે ભલે અને કર્મને ફરી ન બાંધવા હોય તોય ભલે-અને ફરી રમતમાં દાખલ થવું હોય તો યે ભલે-જે તમને ગમે તે કરો-એઝ યુ લાઇક.

**આપ હી બાંધે, આપ હી છોડે, નિજમતિ શક્તિ વિકાસી. ચેતન જો તું જ્ઞાન અભ્યાસી.**

**જૈન દર્શનની સમગ્ર સાધના એ શુદ્ધ ઉપયોગની સાધના છે-ફિલ્ટર કરવાની સાધના છે-પાણીમાં જે બીજું ભળ્યું છે તે દૂર કરવાનું કામ કરવાનું છે, પાણી નવું નથી લાવવાનું. ચૈતન્યમાં જે બીજું ભળ્યું છે તે શુદ્ધ કરવાની સાધના છે, શુદ્ધોપયોગની સાધના છે. ઉપયોગ એટલે જ્ઞાન, ઉપયોગ એટલે જ્ઞાનની ધારા. આ જ્ઞાનની ધારામાં જે બીજું બધું ભળે છે તેને ભળવા ન દેવું અને જે ભળી ગયું છે તે દૂર કરવું. આ આધ્યાત્મિક ઘટના છે - આ આંતરિક ઘટના છે-આ અતીન્દ્રિય ઘટના છે. સમ્યગ્દર્શન તે આ ઘટના છે.** સૌથી પ્રથમ અનાદિ મિથ્યાદષ્ટિને જે સમ્યગ્દર્શન થાય તે ઉપશમ સમ્યગ્દર્શન જ થાય. એમાં કોઇ મતભેદ નથી અને તેનો maximum કાળ અંત ર્મુહૂર્ત હોય છે.

સમ્યગ્દર્શનની ઘટના કરણ લબ્ધિમાં જયારે ઘટે છે એમાં ત્રણ કરણો. ૧. ચરમ યથાપ્રવૃત્તિ કરણ ૨. અપૂર્વકરણ ૩. અનિવૃત્તિ કરણ. અને તેનાં વચ્ચે થતું ''**અંતઃકરણ**''-તે દરેકનો ઇન્ડીવીજયુઅલ કાળ પણ અંતર્મુહૂર્ત હોય છે. મુહૂર્ત એટલે બે ઘડી=૪૮ મિનિટ. અંતર્મુહૂર્ત એટલે મુહૂર્તમાં કંઇક ન્યૂન કાળ. અંતર્મુહૂર્તના થોડાંક પ્રકારો નીચે મુજબના છે. બેથી નવ સમયના કાળને જઘન્ય અંતર્મુહૂર્ત કહેવાય. **દશ સમયથી માંડીને ૪૮ મિનિટમાં બે સમય ઓછા કાળને મધ્યમ અંતર્મુહૂર્ત કહેવાય. અડતાલીસ મિનિટમાં એક સમય ઓછા કાળને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કહેવાય.**

વધુમાં વધુ લાંબો અનુભવ '' ઉપશમ સમ્યક્ત્વ''ના કાળમાં એ સમ્યગ્દષ્ટિને જે થાય છે તે વધુમાં વધુ અંતર્મુહૂર્તનો અનુભવ હોય છે. પણ એ અનુભવ કરતો હશે ત્યારે પાસે બેઠેલો માણસ પણ જાણી નહીં શકે કે એને કાંઇ થઇ રહ્યું છે કારણ કે તે અતીન્દ્રિય ઘટના છે.તે દેહની

**ક્રિયા નથી. શરીર પ્રધાન ક્રિયા નથી. એ સમગ્ર આરાધના (એટલે કે સમ્યગ્દર્શનની આરાધના) વિચારની સાધના છે- ભાવની સાધના છે. આ જગતના સાધનોમાં મન બુદ્ધિ અને હૃદય તેના જરૂરી સાધનો છે. પણ શાસ્ત્રોનું કહેવું છે કે સમ્યગ્દર્શનની સમગ્ર પ્રક્રિયામાં ખરેખરું આંતરિક સાધન તો એક જ હોય અને તે માત્ર ભેદવિજ્ઞાન- અથવા પ્રજ્ઞા છે. બીજું કોઇ સાધન ન હોઇ શકે.**

**નિશ્ચય સ્વલક્ષણ અવલંબી, પ્રજ્ઞા છૈની નિહાળો,**
**તસ છૈની મધ્યપાતી દુવિધા, કરે જડચેતન ફાડો,**
**તસ છૈની કર ગ્રહીએ જો ધન, સો તુમ સોહં ધારો,**
**સોહં જાણી દટો તુમ મોહં, વૈ હે સમ કો વારો.**
**ચેતન ઐસા જ્ઞાન વિચારો.**

પ્રજ્ઞા માત્ર અંતરંગ સાધન છે. નિશ્ચયની અપેક્ષાએ અંદરનું સાધન-અંતરંગ સાધન-થ્રુ આઉટ પહેલેથી છેલ્લા સુધીનું સાધન-એ માત્ર પ્રજ્ઞા છીણી છે. એ સાધન છે, પ્રજ્ઞા જુદા પાડી આપે છે કે આ તારું-અને આ તારું નહીં. આ ચૈતન્ય અને આ પુદ્ગલ નક્કી થાય છે. ભાગ પાડી આપે છે- આ ચૈતન્ય છે-આ આત્મદ્રવ્ય છે અને આ પુદ્ગલ છે. સૂર્યોદય પહેલા અરુણોદય થાય છે. એને સૌરાષ્ટ્રમાં પ્રાગડવાસી કહે છે. સમ્યગ્દર્શન થવું એ સૂર્યોદય છે. આના પહેલા અરુણોદય થાય છે. અરુણોદયને પારખવો પડે. ફૂલ ખીલતા પહેલા કળી, વરસાદ પહેલા મેઘગર્જના,મોરના ટહુકાર થાય છે, એમ અરૂણોદય થાય છે ત્યારે સુરજ નીકળવાનો છે. સમ્યગ્દર્શનની સાધના એ બીજની વૃક્ષ બનવાની પ્રક્રિયા છે. આ બીજ દરેકની પાસે છે. જેમ લગ્નની તૈયારી છ મહિના પહેલા કરવી પડે. તેમ મુમુક્ષુ સાધકને સમ્યગ્દર્શન થતાં પહેલા થોડીક પ્રાથમિક તૈયારી પણ કરવી પડે. જેમ લગ્ન છ મહિના પછી આવવાનું છે પણ તૈયારી છ મહિના પહેલાથી ચાલુ થાય છે. એમાંયે દિકરીના લગ્ન-એમાંય એકની એક દિકરીના લગ્ન-એમાંયે જમાઇ અમેરિકાથી આવવાનો છે. પછી શું વાત કરવાની? તેમ સમ્યગ્દર્શન થતા પૂર્વ તૈયારીમાં શું કરવું પડે.

૧. <u>સાધકની પૂર્વભૂમિકાનું પહેલું સૂત્ર</u> : સમ્યગ્દર્શન તત્ત્વ વિશે પ્રેમપૂર્વક-ભક્તિપૂર્વક-એકાગ્રતાપૂર્વક શ્રવણ કરે. આ સમ્યગ્દર્શનની ભક્તિ છે. શ્રવણ કરતાં કરતાં માહાત્મ્ય આવે. અને માહાત્મ્ય આવ્યા પછી વિચારદશામાં ચાલ્યો જાય. વિચારદશામાં ગયા પછી તેના અંતઃસ્થલમાં પ્રવેશ થાય છે. સમ્યગ્દર્શન વિશે કશું જાણતો જ ન હોય તો કરશે શું? સમ્યગ્દર્શન ભલે નથી થયું પણ સમ્યગ્દર્શન તત્ત્વ શું છે-સમ્યગ્દર્શન અવસ્થા શું છે તેનું આત્મજ્ઞાની સત્પુરુષ અથવા શાસ્ત્ર દ્વારા એના તત્ત્વ વિશે પ્રેમપૂર્વક-ભક્તિપૂર્વક-એકાગ્રતાપૂર્વક શ્રવણ કરે. લગભગ એની બુદ્ધિમાં એનું પિકચર કલીયર થાય કે આવું આવું સમ્યગ્દર્શન હોય છે.

૨.<u>સાધકની પૂર્વ ભૂમિકાનું બીજું સૂત્ર</u> : પિકચર કલીયર થયા પછી એના મનમાં અભિપ્સા

જાગે. જેમ કોઇ મોટું ગહેરું વન હોય-જેમાં હજારો વૃક્ષો હોય, એ વનમાં આગ લાગે છે. એને કહેવાય છે દાવાનળ. જેમ દાવાનળ ઓલવાતો નથી અને એક પછી એક વૃક્ષ સળગતું જાય છે અને જ્યાં સુધી તમામ વૃક્ષ સળગી ન જાય ત્યાં સુધી એ દાવાનળ શમતો નથી તેમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની એવી ઝંખના જાગે કે પ્રાપ્ત કર્યા સિવાય એ ઊભો રહી શકતો નથી એને કહેવાય છે અભિપ્સા- એને કહેવાય છે ઝંખના-એને કહેવાય છે તાલાવેલી- એને કહેવાય છે ઘટના- એને કહેવાય છે ધૂન, એને કહેવાય છે અસહ્ય ચળવળ. એ બેચેન બની જાય છે. પરમાત્માને પ્રાપ્ત કરવા માટે ભક્તના હૃદયમાં જે વેદના છે-બ્રહ્મની અનુભૂતિ કરવાને માટે જ્ઞાન માર્ગે જનારાના હૃદયમાં જે વેદના છે- અને આ કદાચ ન સમજાય તો ધન મેળવવા માટે લોભીને જે વેદના છે કે કામ વાસનામાં ગળાડૂબ ડૂબેલા માણસને કામપાત્ર મેળવવા માટે જે વેદના છે એના કરતાં અનંતગણી અસહ્ય વેદના અંદરમાં જાગે છે તેને કહેવાય છે ઝંખના. હજુ સમ્યગ્દર્શન થયું નથી પણ તેને પ્રાપ્ત કરવાની એને ઝંખના-વેદના-તાલાવેલી જાગી છે. કોઇ પણ રીતે એ અનુભૂતિ કરવી જ છે- કરવી જ છે. જે કિંમત ચૂકવવી પડે તે કિંમત ચૂકવવી છે પણ અનુભૂતિ કરવી જ છે. એવી તાલાવેલી-એવી અભિપ્સા અંદરમાં જાગવી તે સમકિત પહેલાનો અરુણોદય છે.

૩. <u>સાધકની પૂર્વ ભૂમિકાનું ત્રીજું સૂત્ર</u> : આ સાધનામાં અંતઃકરણ શુદ્ધ જોઇશે. અંતઃકરણ સાંખ્ય/વેદાંત પરંપરાનો શબ્દ છે અને જૈન પરંપરામાં અને ''મન'' કહે છે. એનો કોમન ઉપયોગ થાય છે. સ્પર્શનેન્દ્રિય-રસનેન્દ્રિય-ઘ્રાણેન્દ્રિય ચક્ષુરિન્દ્રિય, શ્રોત્રેન્દ્રિય આ પાંચ ઇન્દ્રિયો છે એ જ્ઞાનેન્દ્રિયો છે. જે જગતના સ્પર્શ-રસ-ગંધ-રૂપ-શબ્દ આ પાંચ વિષયોને જાણે છે તેને બાહ્યકરણ કહે છે. **અંદરનું કરણ છે જેને કહેવાય છે અંતઃકરણ-તે** just like manager **એ સંકલન કરે છે. આંખે જોયું, મન પાસે પહોંચ્યું-કાને સાંભળ્યું, મન પાસે પહોંચ્યું. આ ઓફિસમાં બધા સંદેશા પહોંચે છે. તે બધાનું સંકલન કરવાનું કામ અંતઃકરણ કરે છે.** એક હદ સુધી અંતઃકરણ સાધક માટે જરૂરી છે.

**मन अेव मनुष्याणां. कारणं बन्धमोक्षयोः।**

આમાં જૈનદર્શન એમ કહે છે. ઐવ શબ્દ કાઢી નાખો. એ શબ્દ ખોટો છે. મન એ જ બંધનું કારણ છે. અને મન એ જ મોક્ષનું કારણ છે, એમાં **''अेव''** શબ્દ ખોટો છે.Mind is not last authority. Mind is not supreme authority.અંતિમ સત્તા ''મન'' નથી. સુપ્રિમ સત્તા ''મન'' નથી. આપણી પાસે ત્રણ અંગો છે. શરીર છે જે દેખાય છે-અંદર વિચાર કરવાનું સાધન મન છે એ પણ જણાય છે-ઇન્દ્રિયો છે એ પણ દેખાય છે. **પણ શરીર-ઇન્દ્રિય- અને મન એના પર એક અંતિમ સત્તા છે, તે આત્માની સત્તા છે-તે ચેતનની સત્તા છે. ખરેખર તો બંધનું કારણ અને મોક્ષનું કારણ આત્મા છે, આત્મા જ બંધાય છે અને આત્મા જ મુક્ત બને છે. શરીર જેમ સાધન છે-વાણી જેમ સાધન છે- તેમ મન પણ સાધન છે. એ થયું દ્રવ્ય મન. દ્રવ્ય મન**

**પછી એક બીજો શબ્દ છે એને કહે છે ભાવમન. ભાવમન એ આત્માનું-જ્ઞાનનું સ્પંદન છે. ભાવમન એ મનોવર્ગણામાંથી બનેલું ઇન્સ્ટ્રુમેન્ટ નથી. ભાવમન એ આત્મામાં થતા સંવેદનો છે.** પણ એમ કહેવું છે કે શરીર-વાણી અને મન એ ત્રણેને યોગ કહેવાય છે અને બંધના કારણમાં તે ત્રણે ત્રણ સાધનો-અમુક હદ સુધી ઉપયોગી થઇ શકે છે પણ ખરેખરો આધાર તમારા પોતા પર છે. તો અંતઃકરણ અર્થાત્ કે મન એ પણ શુદ્ધ જોઇએ.

કિંમતી ભસ્મો લેતા પહેલા આંતરડાને સ્વચ્છ કરવા પડે છે. ભીંત ઉપર કલર કરતાં પહેલાં કાચ પેપર ઘસીને ભીંતને સ્વચ્છ કરવી પડે છે, જમતાં પહેલા થાળીને સાફ કરવી પડે છે, લીંપણ કરતાં પહેલાં તાવેથાથી પોપડા ઉખેડવા પડે છે. છાર પર લીંપણ ન થાય.

**શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કહી,**
**છાર પર લિપણું તેહ જાણો**
**ધાર તરવારની સોહીલી દોહીલી**
**ચૌદમા જિન તણી ચરણ સેવા.**
પૂ. આનંદઘનજી મહારાજ

છાર પર લીંપણ ન થાય, તેમ અંતઃકરણ-ચિત-મન શુદ્ધ જોઇશે. ડૉક્ટરને ઓપરેશન કરતા પહેલા Infection ન થાય માટે સાધનોને ઉકાળવા પડે છે. એમ અંતઃકરણને-મનને-ચિતને-શુદ્ધ કરવું પડે છે. તત્ત્વ વિચાર દ્વારા અંતઃકરણની શુદ્ધિ થઇ શકે છે. અંતઃકરણની શુદ્ધિનું સર્વશ્રેષ્ઠ સાધન-પ્રધાન સાધન-નિરંતર તત્ત્વ વિચાર છે.

**એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,**
**તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા.**

વિચાર જ્યારે કરશો ત્યારે સાધન જોઇશે. મન વિચાર કરવાનું સાધન છે. જેમ આંખ જોતી નથી પણ જોવાનું સાધન છે તેમ મન વિચાર કરતું નથી પણ એ વિચાર કરવાનું સાધન છે. સમજી લ્યો વિચારની પ્રક્રિયા અંદરમાં થાય છે, પણ વિચારની પ્રક્રિયા વખતે જે સાધનનો ઉપયોગ થાય છે તેને મન કહેવાય છે. જોનાર તો ચૈતન્ય છે પણ ચૈતન્ય જોતી વખતે સ્થૂળ સ્વરૂપમાં જેના દ્વારા જોવે છે તેને કહેવાય છે આંખ. આંખ જોતી નથી. પણ એની પાર જોનારો કોઇ બેઠો છે. જોનારો જે પાછળ બેઠો છે. તે આંખ દ્વારા જુએ છે, તે આત્મા છે.

**જે દ્રષ્ટા છે દષ્ટિનો, જે જાણે છે રૂપ,**
**અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ.**

એની પાછળ દ્રષ્ટા ઊભો છે, તે via media આંખ દ્વારા જાણે છે. વિચાર કરતી વખતે અંતઃકરણ મનનો ઉપયોગ કરે છે પણ તે અંતઃકરણ શુદ્ધ હોવું જોઇએ.

**અંતઃકરણની શુદ્ધિ તત્ત્વ વિચાર દ્વારા થાય છે.**

**અંતઃકરણની શુદ્ધિ ક્ષયોપશમ લબ્ધિમાં થાય છે.**
**અંતઃકરણની શુદ્ધિ વિશુદ્ધિ લબ્ધિમાં થાય છે.**
**અંતઃકરણની શુદ્ધિ દેશના લબ્ધિમાં થાય છે.**

કેટલા અંશે અંતઃકરણની શુદ્ધિ એ પ્રક્રિયામાં થાય છે તેની તે વખતે ચર્ચા કરીશું.

૪. સાધકની પૂર્વ ભૂમિકાનું ચોથું સૂત્ર : સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતાં પહેલા એનો ઉપયોગ શુદ્ધ થવો જોઇએ. એટલે અશુદ્ધ ઉપયોગ મંદ થવો જોઇએ તથા અશુભ ઉપયોગ મંદ થવો જોઇએ. રૌદ્ર ધ્યાન એ અશુદ્ધ ઉપયોગ છે. આર્ત ધ્યાન એ અશુભ ઉપયોગ છે.

**હિંસા-અસત્ય-ચોરી-સંરક્ષણ એના તીવ્રતમ વિચારો એને અશુદ્ધ ઉપયોગ કહે છે.** જેને બે કેરી ખાવી છે પણ આખું ઝાડ પાડી નાખનારો એ કૃષ્ણ લેશ્યાવાળો હોય છે. ડાહ્યો માણસ કહેશે, ભલા ! આખું ઝાડ પાડવાની શું જરૂર છે? મોટું ડાળું પાડોને ! તે નીલ લેશ્યાવાળો. અશુદ્ધ ઉપયોગ તેને કહેવાય છે કે જ્યાં રાગદ્વેષની પ્રગાઢ તીવ્રતા છે. મધ્યમ કોટિના રાગદ્વેષને કહેવાય છે ''અશુભ ઉપયોગ''. વેરનો બદલો લીધા વગર પાછો ન વળે એ અશુદ્ધ ઉપયોગ. વેરનો બદલો લેવા જાય પણ વેરનો બદલો ન લે અને પાછો વળે એ અશુભ ઉપયોગ. એટલો કુણો પડયો. અને હવે વેરનો બદલો ન લે એ શુભ ઉપયોગ. મૈત્રીભાવ-કરુણાભાવ-પ્રમોદભાવ-સ્વાધ્યાય-તત્ત્વ શ્રવણ-ભકિત-મંત્રજપ-પૂજાપાઠ બધા શુભ ઉપયોગ છે. (જો તન્મયતાપૂર્વક કરતાં હોય તો)

**માળા બનાયી કાષ્ટ કી ઓર બીચ મેં ડાલા સૂત,**
**માળા બિચારી કયા કરે ગિનનેવાલા કપૂત.**
**- કબીરજી**

માળા ગણતી વખતે એનું ધ્યાન કયાં છે-ચિત્ત કયાં છે-લક્ષ કયાં છે- સુરતા કયાં છે? ચિતમાં જો તન્મયતા આવી જાય તો ઉપયોગ શુભ બની જાય. શુભના પણ અસંખ્ય પ્રકારો છે જેમ માલ જુદા જુદા ભાવવાળો છે, જેમ - ૧૦૦ વાળો-૫૦ વાળો-અને મફતમાં લટકામાં અપાય તેવો. તેમ શુભ ઉપયોગના પણ અસંખ્ય પ્રકારો છે. જે શુભ ઉપયોગમાં-શુભ કર્મ કરતી વખતે તેમાં એકાગ્રતા હોય. આનંદઘનજીએ કહ્યું ;

**મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી,**
**એમ કહે સાધ્યું તે નવિ માનું, એ કહી વાત છે મોટી,**
**હો કુંથુ જિન મનડું કિમ હિ ન બાઝે.**
**જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અળગું ભાજે,**
**હો કુંથુ જિન મનડું કિમ હિ ન બાઝે.**

ઉપયોગને શુદ્ધ કરવા માટે ચાર સાધનો છે.

**जत्थ य विसयविरागो, कसायचाओ गुणेसु अणुरागो।**
**किरियासु अप्पमाओ, सो धम्मो सिवसुहोवाओ ।।**

શેના દ્વારા ઉપયોગ શુભ બનશે? શુદ્ધ ઉપયોગની વાત નહીં-શુભ ઉપયોગની વાત કરીએ છીએ.અશુદ્ધ ઉપયોગ શેનાથી બને તે જોયું. તેમ અશુભ ઉપયોગ શેનાથી બને તે પણ જોયું. ઉપયોગને શુદ્ધ બનાવવો હોય તો ઉપાયો ખરા? આ ઉપાયો નીચે બતાવ્યા છે.

૧. વિષયનો વૈરાગ્ય

૨. કષાયનો ત્યાગ (મંદ કષાય)

૩. ગુણાનુરાગ

૪. જ્ઞાની પુરુષોએ કહેલી શુભ પ્રવૃત્તિઓમાં અપ્રમાદ. આ ચાર ઉપાયો યોજવાથી ઉપયોગ શુદ્ધ થાય છે.

<u>ઉપયોગને શુદ્ધ બનાવવાનો પહેલો ઉપાય</u> : **जत्थ य विसयविरागो** - ઇન્દ્રિયોના જે વિષયો છે- રૂપ-રસ-ગંધ-સ્પર્શ-શબ્દ અને એમાં જે અનુકૂળ અને પ્રતિકૂળ-ઇષ્ટ અને અનિષ્ટ એ બન્ને દ્વંદ્વો ઉત્પન્ન કરીને અનુકૂળને પ્રાપ્ત કરવા માટે અંદરમાં જે ધગશ રહેવી અને પ્રતિકૂળ ખસેડવાને માટે અંદરમાં મથામણ કરવી-એ ધગશ અને મથામણમાંથી જેનું મન વિરામ પામ્યું છે એને કહેવાય છે વિષયોનો વિરાગ-એ વિષયથી પાછો ફર્યો છે.

**बिभेषि यदि संसारान्मोक्षप्राप्तिं च काङ्क्षसि ।**
**तदेन्द्रियजयं कर्तुं, स्फोरय स्फारपौरुषम् ।।**
**(ज्ञानसार ७/१)**

જ્ઞાની પુરુષોને એમ કહેવું છે કે જયાં સુધી ઇન્દ્રિયો વિષયોથી પાછી ફરતી નથી ત્યાં સુધી શુદ્ધ ઉપયોગ થતો નથી.

<u>ઉપયોગને શુદ્ધ બનાવવા બીજો ઉપાય</u> : ઇન્દ્રિય-વિષયો-અને મન ત્રણનો સંબંધ છે. ઇન્દ્રિય વિષયો પાસે કે વિષયો ઇન્દ્રિયો પાસે જાય છે. એ ઇન્દ્રિયો વિષયોને જાણીને મન પાસે લઇ જાય છે અને એ મનમાં પ્રક્રિયાની શરૂઆત થાય છે કે

સારું છે - નરસું છે
ગમતું છે-અણગમતું છે
પ્રિય છે-અપ્રિય છે,
મળવું જોઇએ-નહીં મળવું જોઇએ,
આટલું જોઇએ-આટલું ન જોઇએ.

**આમ મનનું કામ ચાલુ થઇ ગયું. અને એ મનનું કામ જો ચાલુ રહે તો એ મન શુભચિંતનના કામમાં આવી શકતું નથી. મનને નવરાશ તો મળવી જોઇએ ને! અને એટલે કહ્યું કે ઇન્દ્રિયોના**

**વિષયો તરફ જે પ્રબળ ખેંચાણ છે, જે પ્રબળ આકર્ષણ છે, તે મંદ થયા વગર ઉપયોગ ''શુભ'' થઇ શકતો નથી.**

કોઇ કવિએ ઠીક કહ્યું છે.

''ઓલ્યુ પતંગિયું નહીં માને'' તમે કહેશો તોયે પતંગિયુ નહીં માને-પતંગિયાને રૂપ-પ્રકાશનું એટલું પ્રગાઢ આકર્ષણ છે કે પાગલ થઇ જાય છે. હજારો જીવડા લાઇટ કરીએ ને મરી જાય છે.

**ઓલ્યું પતંગિયું નહીં માને, અગર માને તો કહી દેજો,**
**દિપમાં ઝંપલાવ્યાથી મઝા છે દૂર રહેવામાં.**

તેમ જ્ઞાની પુરુષો કહે છે કે જગતના જીવોને કહી દેજો કે વિષયો તરફ ન જશો. પતંગિયાની વાત સમજાણી. હવે આપણી વાત આવી. જ્ઞાની પુરુષો કહે છે કે ઇંદ્રિયોને વિષયો તરફ ન જવા દેશો-ન જવા દેશો.

**એક એક કે કારણ ચેતન, નાનાવિધ દુઃખ પાવે રે,**
**પંચ પ્રબળ વર્તે નીત જાકુ, તાકુ તો કયાં કહીએ રે.**

કવિ કાલિદાસે 'રઘુવંશ'માં અદ્ભુત ઉપમા આપી છે કે ભ્રમરની પાસે એક અદ્ભુત સાધન હોય છે-મુછના તાંતણા જેવું-જે ગમે તેવાં લાકડાને કોરી શકે છે. એ કમળ ઉપર બેસે છે અને તેની સુગંધમાં બરોબર લીન થઇ જાય છે- તન્મય થઇ જાય છે-એકાકાર બની જાય છે- બધું ભાન ભુલી જાય છે. અને સૂર્યવિકાસી કમળ બિડાઇ જાય છે. જેવો સૂર્ય ગયો- તેવું કમળ બિડાઇ જાય છે તેવો તે ભ્રમર પણ બિડાઇ જાય છે. કાલિદાસ કહે છે ભલે ભ્રમર બિડાઇ ગયો પણ તેની પાસે સાધન તો છે. લાકડાને જે કોરી શકે તે મુલાયમ કમળને ન કોરી શકે? પણ સુગંધની આસક્તિના કારણે એ સાધનનો ઉપયોગ કરી શકતો નથી. સવારે હાથી બગીચામાં આવે છે અને કમળ મોઢામાં લે છે ત્યારે કમળ સાથે ભ્રમરનો પણ નાશ થાય છે. ભ્રમર એટલા માટે ખતમ થયો કે સામર્થ્ય હોવા છતાં સુગંધની આસક્તિમાં નષ્ટ થયો. વિષયો તરફનું આકર્ષણ નહીં ઘટે ત્યાં સુધી શુભોપયોગ પ્રાપ્ત થવો મુશ્કેલ છે. આપણે રૂપની પાછળ દોડીએ છીએ, રસની પાછળ દોડીએ છીએ, ગંધની પાછળ દોડીએ છીએ, શબ્દની પાછળ દોડીએ છીએ, સ્પર્શની પાછળ દોડીએ છીએ, અને આ પાંચે પાંચ ઇન્દ્રિયમાં સૌથી બળવાન ઇન્દ્રિય એ સ્પર્શનેન્દ્રિય છે. ક્રમ પ્રમાણે સ્પર્શનેન્દ્રિય અનાદિકાળથી છે. એક પણ સમય એવો નો'તો કે જ્યારે જીવને સ્પર્શનેન્દ્રિય ન હોય. વધારેમાં વધારે ૧૦ પ્રાણ અને ઓછામાં ઓછો ૪ પ્રાણ અને ૪ પ્રાણમાં (૧) સ્પર્શનેન્દ્રિય (૨) આયુષ્ય (૩) કાયબળ (૪) શ્વાસોચ્છ્વાસ હોય. ઓછામાં ઓછા ૪ પ્રાણમાં પણ એક સ્પર્શનેન્દ્રિય તો હોય જ છે. સ્પર્શનેન્દ્રિયનો સંસ્કાર અનેક જન્મોનો પ્રગાઢ સંસ્કાર છે માટે માણસને Sex less થવામાં અત્યંત મુશ્કેલી છે. મનોવૈજ્ઞાનિકો કહે છે ત્રણ

બળવાન વૃત્તિ છે. (૧) અંહકાર (ego) (૨) કામવાસના (Sex) (૩) ભય.

પરમકૃપાળુ દેવે કહ્યું કે ''માન ન હોય તો અહીં મોક્ષ હોય.''

**વિષય તણા અંકુરથી ટળે જ્ઞાન ને ધ્યાન, લેસ મદિરાપાનથી છકે જેમ અજ્ઞાન.**
**એક વિષયને જીતતા જીત્યો સકલ સંસાર, નૃપતિ જીતતા જીતીયો પુર દળ ને અધિકાર.**

પરમ કૃપાળુ દેવે બહુ ઉપકાર કર્યો છે. તેમણે અદ્દ્ભુત વાત કરી છે. ''વિષય તણા અંકુરથી ટળે જ્ઞાન અને ધ્યાન''-મોટું વડલા જેવું ઝાડ નહીં પણ માત્ર અંકુરથી-આ વિષયનો અંકુર જો ફૂટે તો જ્ઞાનેય ટળે અને ધ્યાનેય ટળે. બન્ને ખોઇ બેસવાનો વારો આવે. જ્ઞાનની મૂડી પણ ખોવાઇ જશે અને ધ્યાનની મૂડી પણ ખોવાઇ જશે. તમે એમ ન માનશો કે અમને વાંધો નહીં આવે. વિશ્વામિત્રને સાઠ હજાર વર્ષ પછી વાંધો આવ્યો છે. સ્પર્શનેન્દ્રિયની સૌથી બળવાન વૃત્તિ છે. સ્પર્શનેન્દ્રિય પછી જીહ્વા મળે પછી નાક મળે-પછી આંખ મળે-પછી કાન મળે છે. અમે શા માટે આ વાત કરીએ છીએ? એમ કહેવા માટે કે તમે જ કહ્યું ને સ્પર્શનેન્દ્રિયનો પ્રગાઢ સંસ્કાર છે તો અમે કામવાસના જીતી શકતા નથી. અમે શું કરીએ? એટલા માટે જ્ઞાની પુરુષો આ વાત કરતા નથી પણ એટલે કહે છે દર્દ બહુ ભયંકર છે તો treatment બહુ શ્રેષ્ઠ થવી જોઇએ. રસ્તો બહુ વિકટ છે તો સાધનો વધારે વાપરવા પડશે. સ્પર્શનેન્દ્રિય જીતવી બહુ મુશ્કેલ છે. તમામ તાકાત વાપરવી પડશે.

**વિષય બીજું કામ કરે છે. વિષયની ઇચ્છા જેવી પ્રગટ થાય છે અને તે ઇચ્છા જો પૂરી ન થઇ તો અંદરમાં કષાયનો અગ્નિ પ્રજ્વલિત થશે. કષાયનો અગ્નિ પ્રજવલિત કરનાર વિષય છે. વિષય લાકડા કે ગેસનો બાટલો છે તેમાંથી કષાય પ્રગટ થશે. કષાય વિષય વગર પ્રગટ થતાં નથી.** ભગવદ્ ગીતામાં ૨ ગાથા છે.

**ध्यायतो विषयान्पुंसः सङ्गस्तेषूपजायते ।**
**सङ्गात्सञ्जायते कामः कामात्क्रोधोडभिजायते ।। (२/६२)**
**क्रोधाद्भवति सम्मोहः सम्मोहात्स्मृतिविभ्रमः।**
**स्मृतिभ्रंशाद् बुद्धिनाशो, बुद्धिनाशात्प्रणश्यति ।। (२/६३)**

આખી સીડી, ચડવા ને ઊતરવા -બે પક્ષે કામમાં આવે. ચડવા માટે પણ કામ આવે અને ઊતરવા માટે પણ કામમાં આવે. શરૂઆત કરી **ध्यायतो** અંતે **प्रणश्यति**. વિષયોનું ધ્યાન જે કરે છે એને સંગ (એટલે આસકિત) ઉત્પન્ન થાય છે. સંગ જેને ઉત્પન્ન થાય તેને અંદરમાં કામ (એટલે સંકલ્પ) ઉત્પન્ન થાય છે કે મારે વિષય મેળવવો છે. અને સંકલ્પ જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે વચમાં કોઇ અવરોધ આવે છે, એમાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધ એમને એમ ઉત્પન્ન થતો નથી. ''ચામાં ખાંડ ઓછી કેમ?'' ઘરવાળી કહે ''કોઇ વાર ઓછી હોય પણ ખરી! '' ''ન ચાલે. ઓછી કેમ હોય? શું કરતા હતા ? ડાફોળિયાં મારતા હતા ?'' ઓલી ઘરવાળી કહે ''ડાફોળિયાં

નો'તા મારતા. પણ તમારું આ ઠેકાણે નથી.'' અને એ ચાનો કપ બાજુમાં અને બન્ને પછી ઝઘડે. પાંચ માણસો ભેગા થાય. હાથ જોડીને કહેવું પડે ''ચાના કપ માટે હોળી ન સળગાવો'' પણ હોળી કોણે સળગાવી? પેલા ક્રોધે. **''कामात्क्रोधोऽभिजायते.''** કામમાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે. અને **''क्रोधाद्भवति सम्मोहः''** અને ક્રોધ ઉત્પન્ન થાય ત્યારે સંમોહ થાય છે. (અવિવેક-કર્તવ્ય-અકર્તવ્યની ભેદ રેખા ભુસાઇ જાય છે) અને તે વખતે સ્મૃતિનો ભ્રંશ થાય છે અને હું ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા છું તેનું વિસ્મરણ થાય છે અને બુદ્ધિનો નાશ થાય છે.

શરૂઆત ક્યાંથી થઇ? વિષયોથી. માટે મહાપુરુષો કહે છે કે વિષયનો ઉપરામ-ત્યાગ નહીં થાય ત્યાં સુધી ઉપયોગ શુભ નહીં થાય. શુભ ઉપયોગ કરવાની આ પ્રક્રિયા છે કે વિષય તરફનું આકર્ષણ છે તે ટાળો.શંકરાચાર્યજીએ કહ્યું. **''वयसि गते कः कामविकारः।''** વય વીતી ગયા પછી કામવિકાર કેમ હોય? અને જો વય વીતી ગયા પછી પણ જો કામવિકાર હોય તો ઢાંકણીમાં પાણી લઇને ડૂબી મરવા જેવું છે. હોય શેનો કામ વિકાર? પણ એમ નથી. આ વિષયોની વાસના છેક સુધી માણસ છોડી શકતો નથી. અકબરે તાનસેનને પૂછ્યું ''માણસની વાસના ક્યારે ખતમ થઇ જાય છે? '' તાનસેન કહે '' વિચાર કરવો પડશે.'' ૨૪ કલાક પછી રોટલાના ટુકડા અને એક પોટલીમાં રાખ બન્નેને લઇને આવ્યો. તેણે કહ્યું કે જ્યાં સુધી માણસના દેહની રાખ થાય નહીં ત્યાં સુધી વાસના બળે એવી નથી એવી જબરી વાસના છે.''

વિષયોનો ઉપરામ-ત્યાગ શુભ ઉપયોગથી થશે અને વિષયનો ઉપરામ-ત્યાગ જો થશે તો કષાય મંદ પડશે.

**કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,**
**ભવે ખેદ પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ,**
**આત્મ સિદ્ધિ શાસ્ત્ર (ગાથા ૧૦૮.)**
**મંદ વિષયને સરળતા, સહ આજ્ઞા સુવિચાર,**
**કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર.**
**ઇચ્છે છે જે જોગીજન (શ્રીમદ્ રાજચંદ્ર)**

વિષયો જેટલા મંદ તેટલા કષાયો મંદ. વિષયો નાના છોકરા જેવા છે, આખી શેરીમાં હોબાળો કરવો હોય તો નાના છોકરાઓ કરે. એમ કષાયો પ્રજ્વલિત જે થાય છે તે વિષયોના કારણે થાય છે. વિષય જેનો મંદ થયો તેના કષાય મંદ થાય છે અને મંદ કષાયમાં જે ઉપયોગ કામ કરે છે તેને કહેવાય છે શુભ ઉપયોગ. **સમ્યગ્દર્શન થતાં પહેલા-આ ઉપયોગ ઉપર કામ કરવું પડશે-સમ્યગ્દર્શન થતાં પહેલાં ઉપયોગની પ્રક્રિયા પર કામ કરવું પડશે-સમ્યગ્દર્શન થતાં પહેલા ઉપયોગમાંથી વિષય અને કષાયને દૂર કરવા પડશે. અને આ બે પ્રક્રિયા પછી ત્રીજી પ્રક્રિયા આવે છે- ગુણાનુરાગ.**

<u>ઉપયોગને શુદ્ધ બનાવવાનો ત્રીજો ઉપાય</u> : જ્યાં જ્યાં સદ્ગુણ જુઓ ત્યાં ત્યાં એના પ્રત્યે સન્માન-આદર-બહુમાન-ભક્તિ થાય. બીજાના ગુણ જોવા બહુ કઠિન છે. દોષ જોતા આવડે છે. એક ઢોરના ડૉકટરને બળદનું ચાદુ દેખાયું જ નહીં- એક કાગડો બેઠો હતો તે કહે ''મને કામ સોંપો હું ચાંદુ શોધી આપુ. ગમે તેવું ચાંદુ શોધવામાં હું first number છું.'' જેમ કાગડો ચાંદુ શોધવામાં પહેલો નંબર છે તેમ બીજાના દોષ જોવામાં આપણો નંબર પહેલો આવે છે.

**કાશીએ જાયે તો કાગડા કાળા, કે ઉજળા બને નહીં રે લોલ,**
**જેના જેવા ઢળ્યા હોય ઢાળા તે કોઇ દી બદલે નહીં રે લોલ.**

આ નિરાશાની વાત નથી. આ તથ્યની વાત છે, જાગવાની જરૂર છે. કોઇમાં ગુણ-સદ્ગુણ દેખાય તે જોવો. **બીજામાં રાઇના દાણા જેટલો પણ ગુણ દેખાય તો પણ જોવો-ગુણવાન છે એમ વિચાર કરવાથી-એમ ભાવ કરવાથી જગતના બીજા જીવ પ્રત્યે અણગમો ઓછો થશે. આ master key. છે. જગતના બીજા જીવનો અણગમો કરવાથી આપણું મન મેલું થાય છે.**

<u>ઉપયોગને શુદ્ધ બનાવવાનો ચોથો ઉપાય</u> : જ્ઞાની પુરુષે કહેલી જે શુભ પ્રવૃત્તિ છે અને શુભ ક્રિયા છે તેમાં જાગૃતિ પૂર્વક નિરંતર પ્રયત્ન કરવો.

**(૧) વિષય વૈરાગ્ય, (૨) કષાયનો ત્યાગ (૩) ગુણાનુરાગ. અને (૪) જ્ઞાની પુરુષોએ કહેલી શુભ કર્મોની પ્રવૃત્તિમાં પ્રમાદ ન કરવો. આ ચાર સાધનોથી ઉપયોગ શુદ્ધ થાય છે.**

સમ્યગ્દર્શન પછી શું થાય અને કેવી અવસ્થા થાય તે સાંભળવામાં તકલીફ નથી થતી. પણ આ સાંભળવામાં તકલીફ પડશે - સાંભળવાથી વળ્યું શું? વિષય વિરાગ કેળવવો પડશે. મંદ કષાય કરવા પડશે- ગુણાનુરાગ પ્રાપ્ત કરવો પડશે-**જ્ઞાની પુરુષોએ કહેલા શુભ કર્મોમાં-શુભ પ્રવૃત્તિમાં પ્રમાદ વગર જોડાવું પડશે. અહીં action છે. માત્ર વિચાર નથી. માત્ર વિચારવાથી-માત્ર જાણવાથી પ્રાપ્તિ ન થાય. એનું જીવનમાં action લેવું પડશે. માટે એમ કહ્યું કે જાણો-અને જાણ્યા પછી કરો. જાણો અને જાણેલું જ રાખો અને કાંઇ કરો નહીં તો અનુભવ પ્રાપ્ત નહીં થાય-આ શુભ ઉપયોગ છે.**

આ બધું કર્યા પછી જીવને પાત્રતા પ્રાપ્ત કરવી પડે છે.

**પાત્ર વિના વસ્તુ ન ટકે, પાત્રે આત્મિક જ્ઞાન,**
**પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.''**

બ્રહ્મચર્ય શબ્દમાં અનેક વાતોનો સમાવેશ થયો છે. એક જ વાતને સમાવી નથી.

પાત્રતા જીવને સિદ્ધ કરવી પડશે. ''સિંહણ કેરા દૂધડા રહેશે સોના કેરે પાત્ર'' એમ સમ્યગ્દર્શન એ અમૃત છે અને તેને રાખવા માટે જીવે પાત્રતા કેળવવી પડશે.

પાત્રતાના ૧૪ સૂત્રો છે.

૧.નીતિ ૨.સંતોષ ૩.શીલ ૪.પાપભીરૂતા ૫.ઇન્દ્રિયજય ૬.સરળતા ૭.ગ્રહણ શીલતા ૮.સંવેદનશીલતા ૯.તત્ત્વ જીજ્ઞાસા ૧૦.વિનયભાવ ૧૧.સુખે સમજાવાપણું ૧૨.અંદરમાંથી

બળવાનપણે ઊઠતા કામ-ક્રોધ-લોભ આદિના વેગોને આધીન થયા વગર સહવા ૧૩.સત્સંગરુચિ ૧૪.તત્ત્વ શ્રવણની તીવ્ર ઇચ્છા-શુશ્રૂષા.

આ ચૌદ બાબતોથી જીવમાં પાત્રતા પ્રાપ્ત થાય છે. અઘઘ ન કહેશો. કરવું જ છે-અભિપ્સા છે-માર્ગે જવું છે અને પ્રાપ્ત કરવું છે. અને એટલા જ માટે પરમકૃપાળુ દેવનો ચૈત્ર વદ ૧૪, શુક્રવાર ૧૯૫૦ના રોજ લખેલ પત્ર ક્રમાંક ૪૯૬ જુઓ. સાદો પત્ર છે. સરળ પત્ર છે. પણ પાત્રતા માટે પાયાનો પત્ર છે. જે કાલે લેશું. પણ મૂળ વાત પાત્રતાની છે.

ભગવાન મહાવીર સ્વામીનો પહેલો જન્મ નયસાર તરીકેનો હતો, જે નયસારના જીવનમાં તેમને સૌ પ્રથમ સમક્તિની પ્રાપ્તિ થઇ. ગુણરત્નસૂરીજીએ મહાવીર ચરિયંની રચના કરી છે તેમાં નયસાર કેવા હતા તેનું વર્ણન કર્યું છે.

**નયસાર પરસ્ત્રી માટે નપુંસક હતા.**
**નયસાર પારકું ધન લેવા માટે પાંગળા હતા.**
**નયસાર બીજાને પીડા આપવામાં લુલા હતા.**
**નયસાર પારકા દોષ શ્રવણ કરવામાં બહેરા હતા.**
**નયસાર પારકા દોષ જોવા માટે આંધળા હતા.**
**નયસાર અકાર્ય કરવામાં આળસુ હતા.**

એમને કોઇનો ભય લાગતો ન હતો પણ ભય પાપનો લાગતો હતો. એ કહેતા હતા ભૂખે મરવું પાલવશે પણ અન્યાયથી મેળવીને પેટ ભરવું નહીં પાલવે. સમ્યગ્દર્શન થતાં પહેલા આવી અવસ્થા જીવને પ્રાપ્ત કરવી પડશે. અને આવી પાત્રતા જ્યારે પ્રાપ્ત થશે પછી, ક્ષયોપશમ લબ્ધિ-વિશુદ્ધિ લબ્ધિ-દેશના લબ્ધિ-પ્રાયોગ્ય લબ્ધિ અને કરણ લબ્ધિ પ્રાપ્ત કરવી પડે. શાસ્ત્રકારોએ આશ્ચર્યકારક વાત કરી કે આ પાંચ લબ્ધિમાંથી ચાર લબ્ધિ તો અભવ્યને પણ પ્રાપ્ત થાય છે પણ પાંચમી લબ્ધિ-કરણ લબ્ધિ-અભવ્યને થતી નથી. પાંચમી લબ્ધિ-કરણ લબ્ધિમાં જે ઝંપલાવે છે એ સમ્યગ્દર્શનનું રત્ન લઇને બહાર આવે છે.

# પ્રવચન : ૯

## ત્રણ શુદ્ધિ

ઇમારત જેટલી ઊંચી લેવી હોય તેટલી લઇ શકાય છે. પણ તેનો પાયો જો મજબૂત ન હોય તો તેની સલામતી ન હોય. પાયો મજબૂત છે કે નહીં? તે જોવું પડે. કારણ કે તેના પર ઇમારત ઊભી રહેવાની છે, તેથી પાયામાં કચાશ ન ચાલે. સમ્યગ્દર્શનનો મહેલ જે પાયા પર ઊભો કરવો છે તે પાયો મજબૂત જોઇશે. જો આ મહેલને જાળવવો હોય તો મજબૂત પાયો જોઇશે. અને મજબૂત પાયા માટે જ્ઞાની પુરુષોએ ત્રણ શબ્દો આપ્યા છે.

૧. વ્યવહારશુદ્ધિ ૨. જીવનશુદ્ધિ ૩. અંતઃકરણશુદ્ધિ.

આ ત્રણે શુદ્ધિ જોઇશે.

**૧. વ્યવહાર શુદ્ધિ :**

જેને સમ્યગ્દર્શનની સાધના કરવી છે, તેવા સાધક મુમુક્ષુ જીવને વ્યવહારશુદ્ધિ હોય, આંખો મીંચીને તેના ખોળામાં માથુ મૂકી શકાય, કોઇ પણ દસ્તાવેજ વગર, કોઇ પણ ડોકયુમેન્ટ વગર કરોડો રૂપિયા એના હાથમાં સોંપી શકાય. કદી પણ દગો અથવા વિશ્વાસઘાત નહીં કરે એવી પ્રતીતિ તેના તરફથી હોય-એવો ઉત્તમ પ્રકારનો વ્યવહાર હોય. તેના ૩૫ ગુણો છે.

**૨. જીવન શુદ્ધિ-આચાર શુદ્ધિ :**

જીવન પાંચ બાબતોથી અશુદ્ધ બને છે, જૈન પરિભાષામાં તેને પ્રાણાતિપાત-મૃષાવાદ-અદત્તાદાન-મૈથુન-પરિગ્રહ કહે છે. આ હિંસા-અસત્ય-ચોરી-દુરાચાર અને સંગ્રહ કરવાની વૃત્તિથી જીવન અશુદ્ધ બને છે. કપડાં ધૂળથી અશુદ્ધ બને છે. વાસણ ચિકાસથી અશુદ્ધ બને છે. શરીર માટીથી અશુદ્ધ બને છે. આપણું જીવન આ પાંચ પાપોથી અશુદ્ધ બને છે. કપડા ધોવા માટે નીરમા સાબુ છે. વાસણ ચોખ્ખા કરવા માટે રાખ અને લીંબુ છે. જીવન શુદ્ધ કરવા માટે નીરમા સાબુ કામમાં આવતો નથી. જીવન શુદ્ધ કરવા બીજી પ્રક્રિયા છે. જે દર્પણમાં તમારે મોઢું જોવું છે તે દર્પણ સ્વચ્છ જોઇશે, તો પ્રતિબિંબ બરાબર પડશે. સમગ્ર જીવન જેનું શુદ્ધ છે તેના જીવનમાં પ્રતિબિંબ પડશે. સમ્યગ્દર્શન થશે અંદર, પ્રતિબિંબ પડશે જીવનમાં. જેને સમ્યગ્દર્શન થયું છે તેને પણ અનુભવ થાય છે અને વિચક્ષણ પુરુષ જો હોય તો સમ્યગ્દર્શન જેને થયું છે તેના જીવન વ્યવહાર ઉપરથી અનુમાન કરી શકે કે આમનામાં કાંઇક ઘટના ઘટી છે, કાંઇક બીના બની છે.

પરદેશી રાજાને બે ઉપવાસ છે, તેનું પારણું છે.  ગૃહસ્થ અવસ્થામાં છે અને સૂર્યકાન્તાને પોતાના પતિ ગમતા નથી. સંસાર ઘણો વિચિત્ર છે. સૂર્યકાન્તા પોતાના પુત્રને કહે છે કે ''દીકરા,

હું તારી મા છું અને તારું ભલુ ઇચ્છું છું. આ તારો બાપ ખોટા ફંદમાં ફસાણો છે.'' જ્યારે આત્મા સત્પુરુષના સંગમાં જઇને ધર્મ આચરણ કરે છે ત્યારે અજ્ઞાની લોકો માને છે કે આ ખોટા ફંદમાં ફસાણો છે. ''તારો બાપ તારી સંપત્તિ વેડફી રહ્યો છે માટે લે આ તલવાર અને તેમનું મસ્તક છેદી નાખ !'' પુત્ર કહે છે કે ''મા એ મારા પિતા છે. આ રાજયનો ભંડાર એમની માલિકીનો છે. એનો જે ઉપયોગ કરવો હોય તે કરી શકે. વળી તે દુરાચાર-મદિરા માટે તેનો ઉપયોગ કરતા નથી પણ દાન માટે, સત્કાર્યો માટે કરે છે તો ધન્યવાદ આપવા જોઇએ.'' સૂર્યકાન્તા વિચક્ષણ છે, સમજી ગઇ કે બાજી મારા હાથમાં નથી. ઊભી થઇ અને દીકરાને છાતી સરસો ચાંપે છે. અને કહે છે કે ''બેટા મને આનંદ થયો. તારી પિતૃભક્તિની કસોટી આજે થઇ. તું ખાનદાન દીકરો છે.''

સ્ત્રી બહુ સરળ છે, ભોળી છે. નિષ્કપટી છે, પણ વાયરો વાઇ જાય તો શું કરે તે કહેવાય નહીં. આ સ્ત્રી જાતિની નિંદા નથી. આ વાસ્તવિકતા છે અને **એટલા માટે કહ્યું કે જે બહુ માયા-કપટ કરે છે તેને માટે બે રસ્તા ખુલ્લા-એક સ્ત્રી અવસ્થામાં અને એક પશુ ગતિમાં. જે આજે બહુ માયા-કપટ કરે છે તેને આવતા જન્મમાં પશુ અથવા સ્ત્રી તરીકે થવાનું છે તેની નોંધણી કરાવી રહ્યો છે. શાસ્ત્રો બહુ નાની વાત કરે છે. બહુ લડ લડ કર્યા કરે તેને કર્મ સત્તા આવતા જન્મમાં બહુ સરસ વ્યવસ્થા કરી આપે છે, લડયા જ કરે છે તેને કૂતરાનો જન્મ મળે છે.** સૂર્યકાન્તાની આંખમાં આંસુ આવે છે અને કહે છે'' દીકરા ધન્ય છે''- પણ મનમાં નિર્ણય કરી લે છે કે આ પરદેશી રાજાનો અંત આ દીકરો નહીં લાવી શકે-મારે જ લાવવો પડશે. અને પારણામાં એક વિશેષ વાનગીમાં તાળકૂટ ઝેર ભેળવે છે. પરદેશી રાજાને ખબર પડે છે કે આ ઝેર છે અને તેને પાછું વાળી શકાય તેવું નથી-ઉપાય નથી. રગેરગમાં ઝેર ફેલાઇ રહ્યું છે, નશે નશ તૂટી રહી છે, અસહ્ય પીડા-અસહ્ય વેદના-અસહ્ય ત્રાસ થઇ રહ્યો છે. અને આ સામે પોતાની પત્ની છે એણે ઝેર આપ્યું છે-જેની સાથે વર્ષો પસાર કર્યા, જેની સાથે સંસાર માણ્યો, જેની સાથે સંસારનો રથ ચલાવ્યો-જેને અર્ધાંગના બનાવી, જેને નવાજી, જેની સાથે દામ્પત્ય મધુર બનાવવા કોશિષ કરી, જેને માત્ર સ્નેહથી સિંચી છે, આવી સૂર્યકાન્તા બેવફા બની છે, નશેનશ તૂટી રહી છે- મૂર્છા આવતી જાય છે- મગજ શૂન્ય બનતું જાય છે-જયાં સુધી ઉપયોગ તીક્ષ્ણ છે ત્યાં સુધી જાગૃતિ રાખવા કોશિષ કરે છે.

ઝેર આપ્યું છે એવી ખબર પડી છે છતાં સૂર્યકાન્તા પ્રત્યે કોઇ રૂંવાટે વૈરનો ભાવ નથી. એનું પણ મંગળ થજો. આ બહારમાં દેખાતી ઘટના સાથે સાથે અંદર કાંઇક બન્યું છે. આ સાધુ મુનિ નથી-આ ગૃહસ્થ છે. ગૃહસ્થ અવસ્થામાં છે, છતાં અંતઃકરણપૂર્વક અરિહંત પરમાત્માને યાદ કરે છે. **''અરિહંતે શરણં પવજ્જામિ''** નશેનશ તૂટતી હોય ત્યારે આ કરવું કેટલું કઠિન છે ! માથે પંખા ફરતા હોય ત્યારે આ બોલવું સહેલું છે. વૃત્તિ કયાંય જતી નથી, રાજ્ય યાદ આવતું નથી, પુત્ર યાદ આવતો નથી. સિદ્ધોની સાક્ષીએ કહું છું કે મને કોઇ પ્રત્યે વૈર નથી, એટલું જ નહીં

પણ સૂર્યકાન્તા પ્રત્યે પણ નથી. **આ ટ્રાન્સફરમેશન-આ સમૂળગુ પરિવર્તન-આવી જીવનની શૈલી, એ અંદરમાં કાંઇ ઘટના બન્યા વગર નથી બનતી. એ અંદરની ઘટનાને સમ્યગ્દર્શન કહે છે.**

દેહ છૂટે છે અને પરદેશી રાજા મૃત્યુ પામી સૂર્યાભ નામના દેવ થાય છે અને મહાવીર ભગવાનના સમવસરણમાં આવે છે અને કહે છે કે ''મને તમારી પાસે નાચવા રજા આપો''

જ્યારે સમ્યગ્દર્શન થાય છે ત્યારે જીવનમાં પ્રતિબિંબ પડે છે. લોકો એમ કહે છે કે કોને ખબર સમ્યગ્દર્શન થયું કે નહિ? અરે, તને પણ ખબર પડશે અને વિચક્ષણ બુદ્ધિમાન જોનારો હશે તો તેને પણ ખબર પડશે. **લાખો રૂપિયા ગયા તો પણ અંતરમાં ચિંતા નથી-ધક્કો લાગતો નથી, સત્તા હારી ગયો છતાં અંદર મૂંઝવણ થતી નથી. કોઇએ અપમાન કર્યું અને પૂરેપૂરો બદલો લઇ શકે તેવો હોવા છતાં પણ એ જરાયે દ્વેષ કરતો નથી? આ શું કારીગરી-આ શું કૌશલ્ય થયું? આ શું પરિવર્તન થયું? એ ઘટના અંદર થઇ છે એને જીવન શુદ્ધિ કહે છે.**

**૩. અંતઃકરણ શુદ્ધિ :**

આ ત્રણેય મળીને પૂર્વ ભૂમિકા તૈયાર થાય છે. આ સમ્યગ્દર્શન નથી. સમ્યગ્દર્શન થયા પહેલાની વાત છે. સમ્યગ્દર્શન તો હવે થવાનું છે એ સમ્યગ્દર્શન પહેલા આ ત્રણેય પ્રકારની શુદ્ધિ-વ્યવહાર શુદ્ધિ-જીવન શુદ્ધિ તથા અંતઃકરણ શુદ્ધિ કરવી પડશે. સૌથી વધારે મહેનત આ વાસણ ઘસવામાં છે. અંતઃકરણ ઘસવું પડશે-જીવન ઘસવું પડશે-ચિત્ત ઘસવું પડશે. મહેનત તો એના માટે કરવી પડશે. પાત્રને સુંદર રીતે તૈયાર કરવું પડશે.

જેટલો પાયો મજબૂત એટલી ઇમારતની સલામતી વધુ. પૂર્વ ભૂમિકા જેટલી મજબૂત સમ્યગ્દર્શનની પ્રાપ્તિની તક એટલી વહેલી. સમ્યગ્દર્શન જેને તીવ્રતાથી પ્રાપ્ત કરવું હોય એણે તમામ મહેનત કરીને પોતાના જીવનને શુદ્ધ કરવા માટે પ્રચંડ પુરુષાર્થ કરવો પડશે.

પાત્રતા માટે ચૌદ સૂત્રો કહ્યા હતા તે સંક્ષિપ્તમાં સમજી લઇએ.

(૧) નીતિ (૨) સંતોષ

**(૧) નીતિ** : કોઇનો હક્ક મારે છીનવવો નથી. કોઇનો હક્ક, અધિકાર છીનવી લેવો તેને કહેવાય અનીતિ. અણહકનું મળતું હોય તો લેવું અને ન મળતું હોય તો પડાવીને લેવું એનું નામ અનીતિ. કોઇની પરિસ્થિતિ-નબળાઇનો લાભ લેવો, એનું નામ અનીતિ. કોઇની અલ્પબુદ્ધિ હોય અને તેને શીશામાં ઉતારવો એનું નામ અનીતિ. કોઇનું બળજબરીથી કે બુદ્ધિના બળથી પડાવી લેવું એનું નામ અનીતિ. જેટલા જેલના સળિયા પાછળ છે તે જ ગુનેગાર છે તેમ નથી. વિશ્વાસઘાત, દ્રોહ, પ્રપંચ, ઠગાઇ, પરવંચના, ભેળસેળ, ખોટા તોલમાપ કરવા એ અનીતિ. અસંખ્ય પ્રકારની અનીતિ છે. ભરતજી એમ કહે છે પિતાશ્રી, આ રાજગાદી પર હું નહિ બેસું-હક મારો નથી. મારી માએ ભલે માગ્યું-પિતાજી આપ પણ ભલે આપો-વાત્સલ્યના સાગર જેવા મોટાભાઇ રામચંદ્રજી ભલે મને કહે પણ મારાથી ગાદી ન લેવાય-એ મારા હક્કની નથી. હક્ક જતો

કરવો એમાં ધર્મ છે. હકથી પડાવી લેવું એ અધર્મ છે. રામચંદ્રજી કહે છે કે ભરત ! આ રાજગાદી તારી- કારણ કે પિતાને વચન આપ્યું છે. ઝઘડા તો થાય છે તે લેવા માટે થાય છે. પણ અહીં આપવા માટે આજીજી થાય છે.આપણે છોડવા તૈયાર નથી. ત્રણ ભાઇઓ વચ્ચે વહેંચણી થતાં થતાં છેલ્લે એક ઓશિકું રહ્યું- ત્રણ કટકા કરો '' પણ ત્રણ કટકા કરશો તો કોઇના માથા નીચે મૂકવા કામ નહીં આવે.'' ''નહિ, નિયમ એટલે નિયમ-વહેચણી એ વહેચણી''આને મોક્ષની વાત કરવાનો અધિકાર નથી.

કાશીનગરના મહારાજા-કૌશલનગરના મહારાજા પર ચડાઇ લઇને ગયા છે. મંત્રીઓને પૂછયું કે આનું કારણ શું છે? કાંઇ પ્રસંગ નથી-ખબર નથી-સમાચાર નથી. આ કેમ અચાનક ચડાઇ લઇને આવે છે? -કાશી નરેશે કહ્યું કે કાંઇ કારણ નથી-રાજ્ય પડાવી લેવું છે. કૌશલ નરેશ સામે ચાલીને ગયા. આના માટે તમારા-મારા સૈનિકોનો ખાત્મો બોલી જશે. તમે મને કહેવડાવ્યું હોત તો રાજય સામે ચાલીને આપી દેત. રાજ્ય જાય તો ભલે જાય પણ લોહીની નદી નથી વહેવડાવવી. તમે તરત કહેશો કે "Non Sense."

**નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે;**
**એ દિવ્ય શક્તિમાન જેથી, જંજીરેથી નીકળે.**

તમને આનંદ મેળવવાની છૂટ છે, સ્વતંત્રતા છે. પણ તમારા આનંદ માટે કોઇની હાય ન હોય, કોઇના આંસુ ન હોય. આ પ્રકારની ચિત્તની અવસ્થા સમજણ વગર પ્રાપ્ત થતી નથી.

સંતોષ વગર નીતિ ટકશે નહીં. અંદરમાં અસંતોષની જવાળા ભભૂકશે તો નીતિની બધી મર્યાદાઓ તૂટી જશે. અનીતિને આવવાનો રસ્તો અસંતોષ છે. નીતિને પ્રાપ્ત કરવાનો રસ્તો સંતોષ છે. અસંતોષના વાટે અનીતિ અને સંતોષ દ્વારા નીતિ આવે છે. **સંતોષનો અર્થ જે મળ્યું તેમાં માત્ર રાજી એમ નહીં. અનુકુળતાનો અતિ આગ્રહ નહીં અને પ્રતિકૂળતાનો બહુ વિરોધ નહીં. એ પ્રકારની મનની અવસ્થા એને કહેવાય છે સંતોષ.** ''ભઇ જે મળ્યું તેમાં રાજી થાવ.'' - પરાણે રાજી થશો એમાં શું ભલીવાર ! મેળવવું તો ઘણુંયે છે પણ કરે શું? અનુકૂળતાનો અતિઆગ્રહ એ અસંતોષ છે. અમારા જોડેનો બંગલો કેવો ! આ અનુકૂળતાનો આગ્રહ હશે તો રસ્તા બદલવા પડશે. અને પ્રતિકૂળતાનો બહુ વિરોધ નહીં- પ્રતિકૂળતાને સ્વીકારી લેતા શીખજો અને અનુકૂળતાને છોડતા શીખજો-આનું નામ સંતોષ. જીવનમાં બહુ આનંદ આવશે. સોક્રેટિસને એથેન્સમાં તેના મિત્રો ફરવા લઇ ગયા છે. મોટા મોટા સ્ટોર્સ છે, તેમાં ઘરેણા,કિંમતી વસ્તુ છે, ચાંદીના વાસણો છે. મિત્રોએ પૂછયું ''જોયું?'' '' હા જોયું '' ''ગમ્યું?'' ''હા ગમ્યું '' ''તો ખરીદી કેમ કરતા નથી?'' ''મારી પાસે પૈસા કયાં છે ?'' ''તમે ખરીદી કરો પૈસા અમે આપીશું'' ''ધન્યવાદ! પણ મારે જરૂર નથી તો ખરીદી શું કામ કરવી?''આ સોક્રેટિસ કહી શકે. ''જરૂર શું છે મારે? જોઇતું જ નથી''

**ચાહ ગઇ ચિંતા ગઇ-મનવા બે પરવાહ**
**જાકુ કછુ ન ચાહિયે-વો શાહન કો શાહ.**

અલમસ્ત ફકીર છે, પહેરવા ફકત કફની છે પણ મસ્તી કોઇ ઔર.

**મનસા પ્યાલા, પ્રેમ મસાલા, બ્રહ્મ અગ્નિ પરજાળી;**
**તન ભાઠી અવટાઇ પીએ કસ, જાગે અનુભવ લાલી,**
**આશા ઓર ન કી કયા કીજે?**

પરમકૃપાળુ દેવ બોલે ''ખોવત સબે.'' ઇચ્છા ન હતી ત્યાં સુધી કેટલો સુખી હતો? ઇચ્છા આવ્યા પછી કેટલો દુ:ખી થયો? તમારે દુ:ખ જોઇતું નથી, પણ ઇચ્છાને બોલાવવી છે. ઇચ્છા આવશે સાથે દુ:ખનું ટોળું લઇને આવશે. ભગવાન મહાવીર સ્વામીએ ઉત્તરાધ્યયન સૂત્રમાં ૮મા અધ્યાયમાં કહ્યું છે.

**जहा लाहो तहा लोहो लाहा लोहो पवड्ढइ,**
**दो मासकयं कज्जं, कोडीअे वि न निट्ठिअं.**
**(ઉત્તરાધ્યયન સૂત્ર ૮/૧૭).**

**सुवण्णरुप्पस्स उ पव्वया भवे, सिआ हु केलाससमा असंखया।**
**नरस्स लुद्धस्स न तेहि किंचि, इच्छा हु आगाससमा अणंतिआ॥**
**(ઉત્તરાધ્યયન સૂત્ર ૯/૪૮).**

તમે આકાશને માપવા નીકળો છો ફૂટપટ્ટીને લઇને. આકાશ કેટલું છે? આકાશ અનંત છે. આ અનંત આકાશ કરતા પણ ઇચ્છા અનંત છે. આકાશને હજુ માપી શકાશે પણ ઇચ્છાને માપી શકાશે નહીં. ભગવદ્ ગીતામાં કહ્યું. **यदृच्छालाभसंतुष्टो, द्वन्द्वातीतो विमत्सरः** સમ્યગ્દર્શનની નજીક જે પહોંચ્યા છે તેમના ઉદ્દગારો છે. ''નિયમથી જે પ્રાપ્ત થાય છે તેમાં સંતોષ.''

**(૩) શીલ :** બગીચામાં સેંકડો ફૂલો ખીલ્યા છે. કોઇ દેખાવમાં ઘણાં સારા છે, રૂપાળા છે. એ ફૂલને નાક પાસે લઇ જાઓ અને જો સુગંધ નહીં આવે તો ફૂલને તમે નાખી દેશો. સુંદર ફૂલ ગમતું નથી. પણ જો ફૂલ સુંદર ન હોય પણ સુગંધ હોય તો જરૂર ગમે. આચાર્ય પુરુષો કહે છે કે તમારા જીવનમાં સત્તા હોય-તમારા જીવનમાં સંપત્તિ હોય-તમારા જીવનમાં સૌંદર્ય હોય પણ શીલની સુગંધ ન હોય તો સુગંધ વગરના ફૂલ જેવું છે. કોને કહેવાય છે શીલ?

મહર્ષિ વ્યાસે ૧૮ પુરાણો રચ્યા-મહાભારતમાં એક લાખ શ્લોકો-ભાગવતમાં ૨૭ હજાર શ્લોકો રચ્યા પછી કોઇએ મહર્ષિને પૂછયું કે તમે તો લખે જ જાવો છો-લખે જ જાવ છો અમે વાંચીએ કયારે? લોકો અમને પણ કહે છે કે આટલું લાંબું લાંબું કહેવા કરતાં ટૂંકું ને ટચ કહો ને ! કેવી રીતે ટૂંકું ને ટચ કહેવું ! ટૂંકું કહેવું હોય તો કહીએ કે ''વીતરાગ થાવ'' પણ તેમાં ખબર શું પડશે કે વીતરાગ કેમ થવાય? ત્યારે મહર્ષિજી કહે છે;

**श्रूयतां धर्मसर्वस्वं, श्रुत्वा चैवावधार्यताम् ।**

**(અધ્યાય ૪/શ્લોક ૨૨).**

ધર્મના સારને સાંભળો. હું જાણું છું કે તમે સાંભળશો પણ અવધારણ નહીં કરો, પણ સાંભળીને ધારણ કરો.

**आत्मनः प्रतिकूलानि, परेषां नैवसमाचरेत ।**

જે વ્યવહારથી જે વર્તનથી જે શબ્દથી - જે ભાષાથી - જે actionથી તમને દુઃખ થાય તેવો વ્યવહાર બીજા પ્રત્યે ન કરો તેને ''શીલ'' કહેવાય. શીલથી જગત નંદનવન બની જાય. તમારું કુટુંબ સ્વર્ગ બની જાય પછી કલબમાં જવાની જરૂર ન પડે. શીલ શબ્દમાં ''વ્યસન મુક્તિ'' એ પણ શીલનું અંગ છે.પરમકૃપાળુ દેવે કહ્યું કે ''છીંકણી સૂંઘવા જેટલું વ્યસન પણ મુમુક્ષુને હોય નહીં.''

**૪. પાપભીરૂતા** : ઝેર મળે તો ચાલશે પણ પાપ થાય તે નહિ ચાલે. વાત ઊંધી છે પાપનો ભય નથી લાગતો પણ ઝેરનો-સાપનો ભય લાગે છે. મહા મહિનાની કડકડતી ઠંડી હોય, બેડ રૂમમાં પલંગ ઉપર સૂતા હો, મચ્છરદાની લગાડી હોય, કાશ્મીરી શાલ ઓઢી હોય, સ્વેટર પહેર્યું હોય, ઘસઘસાટ ઉંઘતા હો ત્યારે ખડખડાટ થાય. જાગી જાવ અને ખબર પડે કે સાપ નીકળ્યો છે તો શું થાય? મહા મહિનામાં રેબઝેબ થઇ જશો. સાપનો ભય લાગે એના કરતાં અનંતગણો પાપનો ભય લાગે.

૧. સાપ કરડે જ એવું નક્કી નહીં.

૨. કરડયા પછી ઝેર ઊતરે જ નહીં એવું પણ નક્કી નહીં.

૩. કદાચ મોત આવે તો આ જન્મ પૂરતું- પણ પાપ તો જન્મોજન્મ મોત આપે છે. કોઇ જન્મમાં કરેલું પાપ કયા ભવમાં ઉદયમાં આવશે તે નક્કી કહી શકાય તેમ નથી. માટે **न कर्तव्यमतः पापम्.**

ગમે તેમ થાય તો પણ પાપ તો કરીશ જ નહીં એવો નિર્ણય એણે કર્યો છે. જો જો સમ્યગ્દર્શન હજી થયું નથી. આ પૂર્વભૂમિકાની તૈયારી થઇ રહી છે. એને પાપનો ભય લાગે છે કારણ કે તે જાણે છે કે આ દુઃખ કોઇ આપતું નથી તો કયાંથી આવે છે? દુઃખ તો પાપ આપે છે. જ્યાં જ્યાં દુઃખ છે ત્યાં ત્યાં પાપ છે. જે ભોગવે છે તેની ભૂલ છે. જે કરે તે ભોગવે. આ બીજાને કહેવા માટે નથી. ઊંધી વાત ન સમજશો. કોઇ દુઃખી માણસ હોય એને તરત કહો કે ''તમે કહ્યું હતું ને કે જે કરે તે ભોગવે'' આ વિચારણા અધર્મ થશે. જે કરે તે ભોગવે એ બીજાને કહેવાની વાત નથી. આ તમારા માટે વાત છે. ભૂખ્યા રહેવું પડે તે ચાલશે, ફૂટપાથ પર રહેવું પડશે તે ચાલશે પણ પાપ કરીને મહેલમાં તો અમારે રહેવું નથી એવો નિર્ણય જેણે કર્યો છે તે સમ્યગ્દર્શનને યોગ્ય છે.

**बिभेषि यदि संसारा-न्मोक्षप्राप्तिं च काङ्क्षसि।**
**तदेन्द्रियजयं कर्तुं, स्फोरय-स्फारपौरुषम् ॥**

**(૫) ઇન્દ્રિયોનો જય :** હે મુમુક્ષુ ! તારી બુદ્ધિનું-તારી સમજણનું-તારા શરીરનું અને ઇન્દ્રિયોનું સામર્થ્ય જો હોય તો તમામ તાકાત વાપરીને ઇન્દ્રિયો વિષય તરફ ન જાય એવો ઇન્દ્રિયો પર વિજય મેળવવાને માટે પુરુષાર્થ કરજે. તેમાં તારી યુવાની શોભશે. ઘરડા થયા પછી ઇન્દ્રિયો ઝૂકે એમાં નવાઇ શું? એનું મૂલ્ય શું ? પણ ભર જુવાની હોય, મૂછનો દોરો ન ફૂટયો હોય, થનગનતું યૌવન હોય, સંપત્તિ હોય, સત્તા હોય, અધિકાર હોય, ધનના ઢગલાં હોય, આવડત હોય, બુદ્ધિ હોય, કુશળતા હોય, છતાં ઇન્દ્રિયો પર કાબૂ હોય, તો ધન્યવાદ! યુવાનવયમાં ઇન્દ્રિયો પરનો કાબૂ એ જગતનું આશ્ચર્ય છે.

**(૬) નિષ્કપટ ભાવ-સરળતા ભાવ :** કોઇ આપણને છેતરે તો ભલે છેતરતો પણ હું પોતે કોઇને નહીં છેતરું. આ તો એમ કહે છે કે હું તો નહીં છેતરાઉ પણ બીજાને છેતરીશ તો આ ઓપરેશન કેવું થયું એ તેને પણ ખબર નહીં પડે. આ ઓપરેશન છોડો, નથી કોઇને છેતરવા, કેટલો કાળ અહીં કાઢવો છે?

**કાળ ઓચિંતો આવશે રે માતા કોઇ નવિ રાખણ હાર,**
**કરણી તો જૈસી આપકી રે માતા કોણ બેટા-કોણ બાપ.**

ઓચિંતો કાળ આવશે. કયા ભવ માટે આ બધું કરવાનું ?

**(૭) ગ્રહણશીલતા :** જગતમાં ઘણું સારું છે, તે સારું ગ્રહણ કરતાં શીખો. હંસની પાસે પાણીવાળું દૂધ મૂકો. હંસ દૂધ પી જશે અને પાણી છોડી દેશે. કાગડા પાસે મીઠાઇ તથા ગટરનું પાણી મૂકો. તે મીઠાઇ છોડીને ગટરનું પાણી પીશે. સારું ગ્રહણ કરજો. જગતમાં ઘણું સારું છે, શીખવું હોય તો વૃક્ષની પાસે પણ શીખી શકાય. અજાણ્યું વૃક્ષ છે. પોતાની મેળે ઊભું થયું છે. વૈશાખમાં બળબળતા તાપમાં આવા વૃક્ષની નીચે જાવ તો શીતલ છાંયડો આપે છે.

**સરોવર તરુવર સંતજન, ચોથા વરસત મેહ,**
**પરમારથને કારણે, ચારોને ધરિયા દેહ.**

તે ક્યારે પૂછે છે કે ''એય તે પાણી પાયું હતું?'' અને તમે કલાક વિશ્રામ કરીને thank you કહ્યા વગર ચાલ્યા જાવ છો. કોઇ દિવસે વૃક્ષને thank you કહો છો ? તોયે વડલો કહે છે ''ધન્યવાદ! બીજી વાર આવશો તોયે છાંયડો મળશે!''. વૃક્ષો પાસેથી પણ શીખવા મળે છે.

**(૮) સંવેદનશીલ હૃદય :**

હૃદયને સંવેદનશીલ રાખજો. બુઠ્ઠું ન રાખતા. બુઠ્ઠું ચપ્પુ શાક સમારવાના કામમાં નથી આવતું. તત્ત્વને સમજવા માટે સંવેદનશીલ હૃદય જોઇએ. તત્ત્વને સમજવા માટે લાગણીશીલ હૃદય જોઇએ. લાગણી વશ નહીં-લાગણીવશતા મનોવિકૃતિ છે. લાગણીશીલતા તો જીવતા

હૃદયનો ધબકાર છે, લાગણીવશતા એ ઘેલછા છે, લાગણીશીલતા એ માનવનો વિકાસ છે. કોઇને દુ:ખી જુઓ અને તમારા હૃદયમાં હલબલાટ ન થાય તો સમજજો કે બુઠ્ઠું હૃદય છે.

અખાને કોણ જાણે શું થયું ? હાથમાં ધોકો રાખીને બોલ્યો.

**કથા સુણી સુણી ફૂટ્યા કાન અને તોયે ન આવ્યું અખા બ્રહ્મ જ્ઞાન.**

એને સોફ્ટ ભાષા બોલતા આવડી જ નહીં. ઘણા સંતોને તમારા જેટલી મુલાયમ ભાષા બોલતા આવડતી નથી. આટલી બધી કથાઓ સાંભળી તોયે હૃદય કૂણું ન પડ્યું? જેની પાસે કૂણું, જેની પાસે મુલાયમ, જેની પાસે સંવેદનશીલ, જેની પાસે મૃદુ, જેની પાસે કરુણાથી છલકતું, દયાર્દ્ર, પ્રેમથી રેલાતું-હૈયું નથી એ સમ્યગ્દર્શન પ્રાપ્ત નહીં કરી શકે. એ કેન્સલ થઇ જશે, હૃદયમાં સંવેદનશીલતા જોઇએ.

**(૯) તત્ત્વ જિજ્ઞાસા :**

શંકરાચાર્યજીને પ્રશ્ન કર્યો કે,

**अहर्निशं किं परिचिन्तनीयम्?**

અમારે રાત-દિવસ શેનો વિચાર કરવો? તેમણે કહ્યું -

બ્રહ્મ અને માયા બન્ને જુદા છે.

જડ અને ચેતન બન્ને જુદા છે.

આત્મા અને ખોળિયું બન્ને જુદા છે.

જેમ પિંજરું અને પોપટ બન્ને જુદા છે.

જેમ વસ્ત્ર અને શરીર બન્ને જુદા છે.

તેમ આત્મા અને દેહ બન્ને જુદા છે.

આ ''**निरंतरं परिचिंतनीयम्**''-આ સમ્યગ્દર્શન પહેલાની વાત છે. સમ્યગ્દર્શન હજુ થયું નથી. આત્મા હજુ કયાં જોયો છે? પણ છે તેવો સ્વીકાર થયો છે, માન્યો નથી પણ સ્વીકાર થયો છે, તેથી તત્ત્વ જિજ્ઞાસા છે - તત્ત્વને જાણવાની ઇચ્છા છે. દસમા ધોરણના રીઝલ્ટ વખતે છોકરો પૂછે ''પપ્પા કાંઇ આવ્યું'' પણ શું આવ્યું? રીઝલ્ટ-જેમ એને રીઝલ્ટ જાણવાની આતુરતા રહે છે તેમ તત્ત્વને જાણવાની એને અંદરમાં જિજ્ઞાસા રહેતી હોય છે. તત્ત્વને જાણવા માટે - હિમાલય પર જવું પડે તો ભલે, લુખો ખોરાક ખાવો પડે તો ભલે, કષ્ટો સહન કરવા પડે તો ભલે.

તમે તો ઘણાં ભાગ્યશાળી છો. આવા મહેલ જેવા આ મંદિરમાં સામેથી ચાલીને કહીએ છીએ કે ભાઇ અમને સાંભળો-સાંભળો-arrangement થઇ છે. તત્ત્વ જીજ્ઞાસુ તત્ત્વને શોધવા માટે કયાંય ચાલ્યો જાય છે. કોઇ જ્ઞાની મળે, કોઇ મુનિ મળે, કોઇ તપસ્વી મળે, કોઇ આત્મજ્ઞાની પુરુષ મળે,એ શોધવા નીકળે છે, એ ઢુંઢવા જાય છે-''માર્ગ જાતાં મુનિવર મળ્યા''- મીરાએ

ગાયું. માર્ગમાં જતાં જતાં અમને સાધુ મળ્યા, એમના ચરણે અર્પિત થયા. એમણે અમને બ્રહ્મજ્ઞાન આપ્યું. બ્રહ્મ બહુ રાષ્ટ્રીય કંપની પાસે નથી, તે તો કોઇ આત્મજ્ઞાની પુરુષ પાસેથી મળશે.

**(૧૦) વિનયભાવ :**

**એવો માર્ગ વિનય તણો ભાખ્યો શ્રી ભગવાન.**

જે ગુરુના ઉપદેશથી કેવળજ્ઞાન પામ્યો તે કહેતો નથી કે હું કેવળજ્ઞાની થયો છું. જે ગુરુના ઉપદેશથી કેવળજ્ઞાન પામ્યો અને પછી ગુરુ કહે છે કે ''આહાર લઇ આવો.'' એ શું એમ કહેશે કે ''મહારાજ! મને ના ઓળખ્યો? મને કેવળજ્ઞાન થયું છે.''

**જે ગુરુના ઉપદેશથી પામ્યો કેવળજ્ઞાન,**
**ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન.**

આવો વિનય! ટોચે ટોચની વાત થઇ ગઇ. આ હિમાલયમાં ટોચનું શિખર! નમ્રતામાંથી, હાથ જોડવામાંથી ન જશો, વંદન કરવામાંથી ન જશો. નરસિંહ મહેતા પણ કહે છે :

**સકળ લોકમાં સૌને વંદે-નિંદા ન કરે કેની રે,**
**વાચ કાચ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે.**
**વૈષ્ણવ જન તો તેને રે કહીએ રે.**

આ જુનાગઢનો નાગર-બ્રાહ્મણ એવો જબરો-એવો ચોક્કસ - એવો ડાહ્યો કે એણે એમ ન કહ્યું કે ગળામાં તુલસીની માળા પહેરે તે વૈષ્ણવ, કપાળ ભરાય તેટલા ચાંદલા કરે તે વૈષ્ણવ, રોજ ડાકોર જાય તે વૈષ્ણવ. આણે એવું કાંઇ નથી કહ્યું. ''વૈષ્ણવ જન તો તેને કહીએ'' પછી આગળ કાંઇ બોલ્યા જ નહીં. બીજી લીટી બોલ્યા જ નહીં. જો તેણે એવું કહ્યું હોત કે કપાળમાં ચાંદલો કરે તે વૈષ્ણવ - તો ખટારાના ખટારા ભરાય તેટલા વૈષ્ણવ થાય. વૈષ્ણવ જડે છે ક્યાં? મૂળ જોઇએ ને! આ તો બહારનો દેખાવ છે. મૂળ નથી. મીરાએ કહ્યું કે ''જો નદીમાં નાહવાથી મોક્ષ મળતો હોય તો માછલા પહેલા મોક્ષે પહોંચ્યા હોત.'' સૌને વંદન, વિનયભાવ રાખો.

**(૧૧) સુખે સમજાવવાપણું :**

કોઇ જ્ઞાની પુરુષ મળે કે, જોગ પ્રાપ્ત થાય તો તમને સુખેથી સમજાવી શકે તેવી અવસ્થામાં રહેજો. બહુ દલિલ-બહુ ચર્ચા કે જ્ઞાનનું ડહાપણ ડહોળશો તો ગાડી ચૂકી જશો.

તમે જાણ્યું હશે - ના નહીં,

તમારું IQ લેવલ ઊંચું હશે - ના નહીં.

તમે શાસ્ત્રો વાંચ્યા હશે - ના નહીં.

ઘણા લોકો સ્વાધ્યાય સાંભળવા બેસે સુપરવાઇઝર જેમ. એ જોવા માટે કે એ કેવું બોલે છે - એ ક્યાં ભૂલ ખાય છે - એ ક્યાં ગોથું ખાય છે? - આ મુમુક્ષુ નથી. નમ્ર બનીને રહેશો તો સુખેથી સમજાવી શકાય.

(૧૨) ''અંદરમાંથી બળવાનપણે કામ-ક્રોધના ઊઠતા વેગોને સહન કરવા અર્થાત્ તેને આધીન ન થવું, એમાં ન તણાવવું અને જાતનું balance જાળવવું.''

**कामक्रोधोद्भवं वेगं, यः सहते स सुखी नरः ॥**

સમ્યગ્દર્શનના કરીબ કરીબ જે લોકો છે કે જેઓને હજુ આત્મા - જેઓને હજુ પરમાત્મ તત્ત્વ - જેઓને હજુ વીતરાગતા - જેઓને હજુ દ્રવ્ય ગુણ પર્યાય - જેઓને હજુ નય નિક્ષેપ પ્રમાણ - જેઓને હજુ નવ તત્ત્વ - કાંઇ સ્પષ્ટ થયા નથી છતાં એ વેગને જેઓ સહન કરે છે, તે સુખી માણસ છે. અંદરમાં કામવાસનાનો - ક્રોધનો વેગ ઊઠે છે. ઘોડાનો વેગ, ગાડીનો વેગ, એન્જિનનો વેગ, જેટ વિમાનનો વેગ હોય છે. મોટી મોટી નદીમાં આવતા મોટા પૂરનો વેગ- જેનાથી ભલભલા બંધો તૂટી જાય છે તેવા બધા વેગ કરતાં કામવાસના અને ક્રોધનો વેગ બળવાન છે. નદીના વેગ માટે ઉપાય થઇ શકશે પણ અંદર જે કામવાસના અને ક્રોધનો વેગ છે તે બળવાન છે. વર્ષો સુધી જે મર્યાદા ઊભી કરી હશે તે મર્યાદાને તૂટતા વાર નહીં લાગે. એવો વેગ અંદરથી જ્યારે ઊઠે ત્યારે તે વેગમાં ન તણાતા પોતાની જાતનું બેલેન્સ જાળવવું. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પહેલાની આ તૈયારી છે. એની હાઇટ તો જુઓ.

(૧૩) સતસંગ રુચિ (૧૪) તત્ત્વ શ્રવણની ઇચ્છા - આનો વિસ્તાર નથી થઇ શકે તેમ કારણ કે સમય નથી.

પરમકૃપાળુ દેવે ચૈત્ર વદ ૧૪ શુક્રવાર ૧૯૫૦ પત્રાંક ૪૯ એક વચનામૃત આપ્યું. જે મુમુક્ષુ જીવ ગૃહસ્થ વ્યવહારમાં વર્તતા હોય તેણે તો અખંડનીતિનું મૂળ આત્મામાં સ્થાપવું જોઇએ. શબ્દ વાપર્યો અખંડ નીતિ-થોડી નીતિ અને થોડી અનીતિ એમ નહીં. પરિપૂર્ણ નીતિ. નહીં તો ઉપદેશ આદિનું નિષ્ફળપણું થાય છે. ઉપદેશ ગમે તેટલો સાંભળ્યો હોય પણ આત્મામાં અખંડ નીતિનું મૂળ સ્થાપન ન કર્યું હોય તો ઉપદેશ નિષ્ફળ જવાની ૧૦૦% સંભાવના છે. અહીં ઉપદેશ ન સાંભળવો એવું નથી કહેતા પણ નીતિનો આધાર જો જીવનમાં ન હોય, નીતિનું મૂળ નક્કી જો ન થયું હોય તો ઉપદેશ આદિની નિષ્ફળતાનો સંભવ છે. દ્રવ્યાદિ ઉત્પન્ન કરવા આદિમાં સાંગોપાંગ ન્યાય સંપન્ન રહેવું તેનું નામ નીતિ છે. ગૃહસ્થ જીવન છે એટલે તે ભીખ ન માંગે, અર્થોપાર્જન કરવું જ પડશે, છૂટકો નથી. કોઇ એમ કહે કે ફલાણા મહારાજ પાસે ૧ કરોડ રૂપિયા છે તો એણે ઢાંકણીમાં પાણી લઇને ડૂબી મરવું જોઇએ. સંન્યાસી પાસે ધન ન હોય. ગૃહસ્થ ભીખ માંગતો નથી. સાદાઇથી જીવે, સંતોષ રાખે, કરકસર કરે, ખર્ચા ઓછા કરે, સ્થાને વ્યય કરે, થોડામાં નભાવે. અર્થોપાર્જન કરવું પણ તે ઉત્પન્ન કરવામાં સાંગોપાંગ ન્યાય સંપન્ન રહેવું તેનું નામ નીતિ છે.

ન્યાયના અંગો છે-વિશ્વાસઘાત ન કરવો, કોઇની થાપણ ન ઓળવવી, ઠગાઇ ન કરવી વિગેરે. એ નીતિ મૂકતા પ્રાણ જાય તેવી દશા આવે. નીતિ છોડવી કે પ્રાણ જવા દેવા?

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ જેને કરવાની છે તે પસંદ કરી લે છે કે પ્રાણ જાય તો ભલે જાય, નીતિ નહીં જવા દેવાની. તમારી પસંદગી જે હોય તે. just your choice "**રઘુકુળ રીત સદા ચલી આઇ, પ્રાણ જાય અરૂ વચન ન જાઇ.**" આજે પણ હજારો વર્ષ પછી રામચંદ્રજીને યાદ કરીએ છીએ. પ્રાણ જાય તો ભલે જાય પણ વચન ન જવું જોઇએ. જીવ જાય તો ભલે જાય પણ નીતિ ન જવી જોઇએ. આને કહેવાય સાહસ.

હિમાલય ચડવો...એ સાહસ નથી.
દરિયામાં ડૂબકી મારવી...એ સાહસ નથી.
બહુ રાષ્ટ્રીય કંપની કરવી...એ સાહસ નથી.
આકાશમાંથી કુદકા મારવા...એ સાહસ નથી.
કોઇને છેતરવા...એ સાહસ નથી.

નીતિ જતાં પહેલાં પ્રાણ જાય તો જવા દેવા એવું સ્પીરીટ એને સાહસ કહેવાય છે - moral spirit - તેને કહેવાય courage - તેને કહેવાય નૈતિક બળ. અને એવી દશા આવે તો ત્યાગ વૈરાગ્ય ખરા સ્વરૂપમાં પ્રગટે છે. સાધુ મહારાજને ત્યાગ હોય તો નવાઇની વાત નથી. આ ગૃહસ્થ જીવનમાં છે અને તે હોવા છતાં નીતિ મૂકતા પ્રાણ જાય તેવી દશા આવે તો ત્યાગ વૈરાગ્ય ખરા સ્વરૂપમાં પ્રગટે છે. ભલે કપડાં થીગડાવાળાં હોય એમાં શરમાવાનું શું?

હરિભદ્રસૂરિજી મહારાજે કહ્યું કે, અગર ચાલી શકે તો શરીર ઢાંકવા માટે કપડા મળે, ઘીથી ચોપડેલી રોટલી અને મગની દાળ ખાવા મળે અને ત્રણે ઋતુમાં બચી શકો તેવું છાપરું પડ્યા રહેવા મળી જાય - બસ આટલો જેણે સ્વીકાર કર્યો છે તેને ત્યાગ-વૈરાગ્ય પ્રગટે છે. મહારાષ્ટ્રમાં એક દંપતિ નામે-રાકા અને બાકા-બન્ને પતિપત્ની ભકત હૃદયના છે. આજીવિકા માટે લાકડા વીણીને લાવે અને એ ભારો વેચીને પૈસા મેળવે છે. પછી અનાજ ખરીદે છે. રસોઇ બનાવે અને સાધુ સંતને શોધીને તેને જમાડે છે અને પછી જે બાકી વધે તે ભગવાનનો પ્રસાદ માનીને જમી લે છે. જીવનમાં કોઇ અશાંતિ નહીં. no tension. કોમ્પોજ લીધા વગર સુખેથી સૂઇ શકે છે. એક ભાઇ સૂઇ ગયા ઘસઘસાટ, તો પત્નીએ જગાડ્યા કે ગોળી લીધા વગર કેમ સૂઇ ગયા? તમારે ઉંઘવા માટે ગોળી લેવી પડે છે. તમને શું સુખ મળ્યું છે? ફાંકો શું રાખો છો? સુખ એક જીવનની અવસ્થા છે. નીતિ મુકતા પ્રાણ જાય, એવી દશા આવે ત્યારે ત્યાગ વૈરાગ્ય ખરા સ્વરૂપમાં પ્રગટે છે. ઘટના એવી ઘટી કે લાકડા વેચી શકયા નથી અને ઉપવાસ થયો છે. બીજે દિવસે જંગલમાં લાકડાં વીણવા ગયા છે ત્યારે કોઇ દેવને પરીક્ષા કરવાનું મન થયું. તમે ચિંતા ન કરો. તમારી કોઇ પરીક્ષા કરવા આવે તેમ નથી. પરીક્ષા કરવા જેવું છે જ નહીં. ૩૩% પણ મળે તેમ નથી તો ૩૫%ની વાત કયાં કરો છો !

દેવે રસ્તામાં સોનાનો હાર-રત્નોથી મઢેલો રાખ્યો. આગળ રાકા છે પાછળ પત્ની બાકા

છે. રાકાએ આ જોયું અને મનમાં મૂંઝવણ થઇ કે કદાચ જો આ બાકા જોશે તો તેનું મન ચલાયમાન થશે. તમે તો મોટાભાગે એમ માનો છો કે હું તો પરફેક્ટ. અને મારી ઘરવાળી પરફેક્ટ નહિ. હું પરફેક્ટ પણ મારો મિત્ર પરફેક્ટ નહિ. રાકા વિચારે છે બાકા આવશે અને તેનું મન ચલાયમાન થશે અને જો લઇ લેશે તો વ્રત તૂટી જાશે. આ આપણું નથી, ભલે પડ્યું છે પણ આપણા હક્કનું નથી, આપણા અધિકારનું નથી. જોયું તો પાછળ બાકા છેટી છે. રાકા નીચે બેસીને માટી-ધૂળ નાખે છે ત્યારે બાકા આવી ગઇ. પૂછ્યું કે ''યે કયા કરતે હો?'' હવે છૂટકો નથી, વાત કહેવી પડી કે સોનાના હાર ઉપર હું માટી નાખી રહ્યો છું. ''અરે મારા નાથ! હું તો એમ જોઉં છું કે તમે માટી પર માટી નાખી રહ્યા છો. આજ તક આપકો સોના દીખાઇ પડતા હૈ - મટ્ટી દેખાઇ પડતી હૈ - આપકી ખીચડી કચ્ચી હૈ.''

**રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો,**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?**

જેટલા પ્રેમથી આ ગાયું તેટલા પ્રેમથી આ જીવનમાં જીવશો. હે નાથ! તમને હજી ભેદ છે સોનું અને માટીનો. **''કનક ઉપલ કી ભિન્નતા ન જાણે.''** સોનું અને માટી બન્ને જુદા નથી એવી અવસ્થા જેણે પ્રાપ્ત કરી નથી તેને હજુ સમ્યગ્દર્શનની વાર છે. રાકા-બાકાને સમ્યગ્દર્શન હતું કે ન હતું તે નક્કી કહી શકાય તેમ નથી. પણ એની ઊંચાઇ-એનું ઉડ્ડયન-એનો ગગન વિહાર - એની કરેજ - એનું આંતરિક બળ તો જુઓ ! ભૂખ છે - મહેનતાણું મળ્યું નથી - no bank balance - no F.D. તમે તો કેટલા ભાગ્યશાળી છો કે કેટલી bank balance અને કેટલી F.D.? તમને કયાં ખોટ છે? અને આઘું પાછું કર્યું છે તે જુદું. રાકા બાકાને ચરણે માથું મૂકે છે કે ''દેવી! મેં આજ તને ઓળખી. જો તું ન હોત તો ભેદ ન સમજાયો હોત.''

**નિંદા સ્તુતિ શ્રવણ સુણીને હર્ષ શોક નવિ આણે.**

પરમકૃપાળુ દેવ કહે છે કે તેને ત્યાગ વૈરાગ્ય ખરા સ્વરૂપમાં પ્રગટે છે અને તે જ જીવને સત્પુરુષના વચનનું તથા આજ્ઞાધર્મનું અદ્‌ભુત સામર્થ્ય-અદ્‌ભુત માહાત્મ્ય અને અદ્‌ભુત રહસ્ય સમજાય છે.

# પ્રવચન : ૧૦

## સમ્યગ્દર્શન કોને થાય?

વચનામૃત પાના નં. ૪૮૬ પત્રાંક ૬૪૬માં જણાવે છે કે નિર્વાણ માર્ગ એ અગમ અગોચર માર્ગ છે. એમાં સંશય નથી. પોતાની શક્તિએ અને સદ્દ્ગુરુના આશ્રય વગર તે માર્ગ શોધવો અશક્ય છે, એમ વારંવાર દેખાય છે એમ વારંવાર દેખાય એટલું જ નહિ પણ શ્રી સદ્દ્ગુરુના આશ્રયે કરી બોધબીજની પ્રાપ્તિ થઇ હોય એવા પુરુષને પણ સદ્દ્ગુરુના સમાગમનું આરાધન નિરંતર કર્તવ્ય છે. જગતના પ્રસંગો જોતાં એમ જણાય છે કે તેવા સમાગમ અને આશ્રય વિના નિરાલંબ બોધ સ્થિર રહેવો વિકટ છે. આના અનુસંધાનમાં પાના નં. ૪૮૫ વચનામૃત ૬૪૬ ''સર્વ જીવને અપ્રિય છતાં જે દુ:ખનો અનુભવ કરવો પડે છે-અનુભવ કરવો જ નથી - દુ:ખ જોઇતું જ નથી - અપ્રિય છે છતાં અનુભવ કરવો પડે છે તે દુ:ખ સકારણ હોવું જોઇએ.'' આ ધરતી ઉપર જેટલા દર્શન શાસ્ત્રો-જેટલા ધર્મ શાસ્ત્રો-જેટલા અધ્યાત્મ શાસ્ત્રો-જેટલા તત્ત્વજ્ઞાનના શાસ્ત્રો પ્રગટ થયા તેના મૂળમાં નાનકડું વાક્ય છે. આ માત્ર બે માત્ર બે શબ્દ એ - ૪૫ આગમનું - ચાર વેદોનું તથા ૧૦૮ ઉપનિષદનું મૂળ છે. તત્ત્વજ્ઞાનના તમામ શાસ્ત્રો આમાંથી ઉત્પન્ન થયા છે. જો આ સમસ્યા ન હોત તો કોઇ તત્ત્વજ્ઞાનના શાસ્ત્રોની જરૂર ન પડત.

સર્વ જીવને અપ્રિય છતાં દુ:ખનો અનુભવ કરવો પડે છે. આપણા સ્વભાવથી બહુ વિરોધાભાસી વાત છે - અપ્રિયનો અનુભવ કરવો પડે એના જેવી બીજી કોઇ કંગાલિયત નથી- એના જેવી બીજી કોઇ કરુણતા નથી. જે અપ્રિય છે-જે ગમતું જ નથી છતાં જેનો અનુભવ નિરંતર કરવો પડે! એ આ જીવનનું યુદ્ધ છે, એ આ જીવનનો સંગ્રામ છે, એ આ જીવનની લાચાર દશા છે, જે બહુ અપ્રિય છે - તારું મોઢું જોવું મને ગમતું નથી એમ વારંવાર કહેવા છતાં રોજ સવારમાં ઊઠીને એનું મોઢું જોવું પડે - અને જિન્દગીભર જોવું પડે. દુ:ખ અપ્રિય છે છતાં જે દુ:ખનો અનુભવ કરવો પડે છે તે દુ:ખ સકારણ હોવું જોઇએ.

**રાજ્ય દુ:ખનું કારણ નથી-સમાજ દુ:ખનું કારણ નથી-કુટુંબ દુ:ખનું કારણ નથી-પરિસ્થિતિ દુ:ખનું કારણ નથી-સંજોગો દુ:ખનું કારણ નથી- એ દુ:ખની પ્રક્રિયા જ્યારે થતી હોય ત્યારે ભાગ ભજવનાર પરિબળો છે. ખરેખર એ દુ:ખનું કારણ નથી. રાજ્ય-સમાજ-કોર્પોરેશન-કુટુંબ-વ્યક્તિ- એ દુ:ખનું કારણ નથી - દુ:ખનું કારણ કોઇક બીજું છે.** પણ દુ:ખ જ્યારે ભોગવીએ છીએ ત્યારે આ બધા પરિબળો ભોગવવાની પ્રક્રિયામાં સામેલ થાય છે. જે પરણે છે તે તો - એક છે - વરરાજા. પણ જાનમાં હજારો માણસો હોય છે. કોણ responsible? હજારો માણસો કે વરરાજા? responsible તો ઘોડા પર ચડીને બેઠો છે તે છે. બીજા સાથમાં ભલે ને હોય - એમ આ તમામ

પરિબળો કોઓપરેટીવ ફેક્ટર છે માત્ર સાથે રહે છે. કારણ જુદું છે. એ કારણ અતીન્દ્રિય છે - એ કારણ અદશ્ય છે. છે ખરું પણ જોવામાં નથી આવતું - છે ખરું પણ સમજવામાં નથી આવતું - છે ખરું પણ દેખવામાં નથી આવતું - છે ખરું પણ શોધ્યું જડતું નથી. પણ છે જરૂર. એની પાછળ છે. આને કહેવાય છે અતીન્દ્રિય, આને કહેવાય અજ્ઞેય, આને કહેવાય અજ્ઞાત. તે છે ખરું. જો એ નહોત તો ન થાત. એ ભૂમિથી મુખ્ય કરીને દેશનાલબ્ધિ, વિશુદ્ધિ લબ્ધિ, પ્રાયોગિક લબ્ધિ જેવા શબ્દોનો ઉપયોગ કર્યા સિવાય પરમકૃપાળુ દેવે આમાં બીજડા નાખી દીધા છે.

''**ખોજ પિંડ બ્રહ્માંડ કા પતા તો લગ જાય**'' કારણ શોધવું પડશે - કારણ ખોજવું પડશે. એમાંથી દોહન કરીને કાઢવું પડશે અને મેળવવું પડશે. ''એ ભૂમિથી મુખ્ય કરીને વિચારવાનની વિચારશ્રેણી ઉદય પામે છે.'' જગતમાં આટલા બધા વિચારકો-ભારતમાં અને બહાર-વિશ્વના ખૂણે ખૂણે થયા છે અને તે બધા સામે એક જ પ્રશ્ન હતો કે ''દુઃખ છે, અપ્રિય છે, જોઇતું નથી, ભોગવવું નથી, ગમતું નથી, દૂર કરવું છે પણ ટળતું નથી, એનું કારણ શું છે? એ કારણની શોધ કરતાં કરતાં આ તમામ દર્શન શાસ્ત્રો-તમામ ફીલોસોફી-તમામ ધર્મ શાસ્ત્રો-તમામ અધ્યાત્મ શાસ્ત્રો-ધ્યાન શાસ્ત્રો આવ્યા. ભગવાન બુદ્ધ તો ચાર બાબતો કહેતા હતા.

૧. દુઃખ છે.
૨. દુઃખના કારણો છે.
૩. દુઃખ દૂર થઇ શકે તેમ છે
૪. દુઃખને દૂર કરવાના ઉપાયો પણ છે.

પ્રશમરતિમાં ઉમાસ્વાતિ ભગવાને પાયાની ગાથા મૂકી છે -

**दुःखद्विट् सुखलिप्सुर्मोहान्धत्वाददृष्टगुणदोषः।**
**यां यां करोति चेष्टां, तया तया दुःखमात्ते॥**

**દુઃખનો દ્વેષી અને સુખનો લાલચુ એવો જીવ, મોહના અંધાપાના કારણે અને વિવેક ન હોવાના કારણે - યથાર્થ નિર્ણય કરવાની ક્ષમતા ખોઇ બેઠેલો - દુઃખ દૂર કરવાના માટે અને સુખ પ્રાપ્ત કરવા માટે જે જે ચેષ્ટા કરે છે તેનાથી સુખ પ્રાપ્ત થવાને બદલે ઢગલાબંધ દુઃખો વધતા જાય છે.**

**''સુખ પ્રાપ્ત કરતા સુખ ટળે છે લેશ એ લક્ષે લહો''**

જરાક તો ધ્યાન ધો, જરાક તો ઊભા રહો! આ રેસકોર્ષના મેદાનમાં દોડી રહ્યા છો, સુખની પ્રાપ્તિ માટે અને દુઃખ દૂર કરવા માટે - ત્યારે જરાક તો થોભો! વિચાર તો કરો, આ વિચારમાંથી ધર્મ આવે છે - આ વિચારમાંથી રત્નત્રય આવે છે - આ વિચારમાંથી આગમો આવે છે. ધારો કે એવી ઘટના ઘટે કે આ ધરતી ઉપર એક પણ શાસ્ત્રો ન હોય, ન શાસ્ત્રો - ન પુરાણો - ન આગમો - ન વેદો - ન કુરાનો - ન ઉપનિષદો - કોઇ પણ શાસ્ત્રો ન હોય તો ધરતીની હાલત શું થાય? ''કાંઇ હાલત નહીં થાય'' દુઃખ જો હશે તો નવા શાસ્ત્રો આવશે. ''કારણ

**કે દુઃખ એ જ મૂળભૂત સમસ્યા છે અને તેનો વિચાર કરતાં કરતાં વિચારવાનની વિચારશ્રેણી ઉદય પામે છે. જુદી જુદી શ્રેણિઓ છે અને તે પરથી આ પાયાની વાત કર્યા પછી - તે પરથી અનુક્રમે તમામ જે ધર્મ શાસ્ત્રો છે તેમાંથી છે. કોઇપણ ધર્મ શાસ્ત્ર લેશો તો તેના આ ચાર મહત્ત્વના સૂત્રો છે. ૧. આત્મા ૨. કર્મ ૩. પરલોક ૪. મોક્ષ.''** આત્મસિદ્ધિમાં ડોકિયું કરશો - અપૂર્વ અવસરમાં જોશો - વચનામૃતનું કોઇપણ પાનું ઉઘાડશો - આગમના કોઇપણ શ્લોકમાં જોશો - તો એમાં આ ચાર બાબતોનું - ભાવોનું સ્વરૂપ સ્થિત થયું હોય તેમ જણાય છે.

વચનામૃતો ૬૪૭-૬૪૬-૬૪૪-૬૫૦-૬૪૮-૪૬૬-૪૬૦-૪૯૧-૫૦૬-૧૬૬-૨૦૦-૧૯૯ આ બાર અલૌકિક છે. લબ્ધિ શબ્દનો ઉપયોગ કર્યા સિવાય, સમકિતને પ્રાપ્ત કરવાની જે અદ્ભુત પ્રક્રિયા પાંચ લબ્ધિમાં વર્ણવી છે તે ગુપ્ત રીતે આમાં સમાવી દીધી છે. સમકિતની પ્રાપ્તિ કેવી રીતે થાય તેનું જેટલું વર્ણન થઇ શકે-તેટલું ભાષામાં - તેટલું શબ્દોમાં -વર્ણન કરવાનો જ્ઞાનીઓએ પ્રચંડ પુરુષાર્થ કર્યો છે અને આટલા વર્ણન કર્યા પછી પૂછ્યું કે, ''તમારું વર્ણન પૂરું થયું?'' જવાબ ''ના''

રવીન્દ્રનાથે ગીતાંજલીમાં ૬ હજાર કાવ્યો રચ્યા. અંતિમ સમય વખતે તેના મિત્રોએ પૂછ્યું કે આ તમારા ૬ હજાર કાવ્યો-જેનાથી તમને નોબલ પ્રાઇઝ મળ્યું - તેમાં તમારે જે ગીત ગાવાનું હતું તે ગીત પૂરેપૂરું ગાયું?-ગીતો તો છ હજાર છે પણ ગીત તો એક જ -''જે ગાયો તે સઘળે એક.'' વેદાંતે ગાયો-સાંખ્યે ગાયો-યોગે ગાયો-જૈન દર્શને ગાયો કે બૌદ્ધ દર્શને ગાયો હોય ''જે ગાયો તે સઘળે એક''. જાનમાં સેંકડો બેનો હોય અને જુદા જુદા ગીત બોલતી હોય ત્યારે છગનલાલ પરણતો હોય તો મગનલાલનું ગીત ન ગાય. જે પરણતો હોય તેનું જ ગીત હોય. એમ એક જ બ્રહ્મને ગાયો છે. ચારે બાજુથી એક બ્રહ્મને ગાયો છે બીજાને ગાયો નથી. એને પૂરું વર્ણવી શકાતું નથી. પરમકૃપાળુદેવને પૂછો કે ''તમે કહી રહ્યા?''-દોઢ કલાકમાં આત્મસિદ્ધિ શાસ્ત્ર આવી શકે છે. અને વવાણિયામાં ખાટલાની ઇસ ઉપર બેસીને અપૂર્વ અવસર કાવ્ય આવી શકે છે. એક શબ્દ મેળવતાં મુશ્કેલી પડે પણ અહીં તો ગંગા વહી રહી છે - પ્રવાહ વહી રહ્યો છે.

**જે પદ શ્રીસર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો,**
**તે પદને અન્યવાણી તો શું કહે? અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?**

કેવી રીતે કહી શકાય? વાણી અધૂરી પડે છે. કોઇ મેઝર ટેપ એવી નથી કે આકાશને માપી શકાય. કોઇ શબ્દ એવો નથી કે જે અનંતને કહી શકે. ''અનંત'' શબ્દની બહાર છે. શબ્દબ્રહ્મ-પરબ્રહ્મને ન કહી શકે. શબ્દની મર્યાદાની બહાર પરબ્રહ્મ ઊભો છે. તે માટે સંકેત કરી શકાય આંગળીથી બતાવી શકાય, નિશાનીથી જણાવી શકાય, એમ કહી શકાય કે ''જો ઓલો ચંદ્રમા દેખાય છે?'' ''ના'' ''ઝાડ દેખાય છે? ઝાડની ડાળી દેખાય છે? તો એની ઉપર જો.''

એમ બતાવી શકાય.

**દિશા દેખાડી શાસ્ત્ર અળગા રહે, શિષ્ટ કહે તે પ્રમાણ.**

દિશા બતાવીને શાસ્ત્ર અળગા રહે છે. આત્મજ્ઞાની સત્પુરુષ કહે છે તે જ પ્રમાણ! ટાગોરજી કહે છે છ હજાર ગીત ગાયા - પણ ગીત અધૂરું છે. શાસ્ત્રીય સંગીતકારો - મહેફિલ ચાલુ થયા પહેલા-અડધી કલાક સાજ મેળવતા હોય છે. એ અડધી કલાક તો માથાનો દુઃખાવો હોય છે. આ શું? બેસવું ન ગમે. પણ એ અડધી કલાક અનિવાર્ય છે. એ સાજ મેળવી લીધા પછી મહેફિલ જામે છે. ટાગોરજી કહે છે હજુ તો સાજ મેળવવાના બાકી છે, મહેફિલ જામવાની બાકી છે. જે કહેવું હતું તે કહી શકયા નથી. શબ્દો બહુ ટાંચા છે - બહુ નાના છે. શબ્દોનો ગર્વ કરવા જેવો નથી - સારું બોલતા આવડ્યું તો ફુલાઇ જવા જેવું નથી. સત્ય તો એમ કહે છે કે તારા શબ્દના ઢાંચામાં હું ઊતરી શકું તેમ નથી - પણ કમનસીબે શબ્દોનો ઉપયોગ કરવો પડે છે - ઉપાય નથી માટે ઉપયોગ કરવો પડે છે. જેટલું વર્ણન થઇ શકે તેટલું વર્ણન થયું - ભાષાની મર્યાદામાં રહીને. આનંદઘનજીએ કહ્યું,

**અનુભવગોચર વસ્તુ હૈ રે-જાણવો એ હી રે ઇલાજ**
**કહન સુનન કો કછુ નહીં પ્યારે - આનંદઘન મહારાજ**
**નિશાની કહાં બતાવું રે.''**

એની નિશાની કેમ બતાવવી? શબ્દથી પેલે પાર-વિચારથી પેલે પાર છે.

જ્યાં શરીર પહોંચતું નથી.
જ્યાં શબ્દ પહોંચતા નથી.
જ્યાં ઇન્દ્રિય પહોંચતી નથી.
જ્યાં વાણી પહોંચતી નથી.
જ્યાં મન પહોંચતું નથી.
જ્યાં વિચાર પહોંચતા નથી.
જ્યાં વિકલ્પ પહોંચતો નથી.
જ્યાં ભાવ પહોંચતો નથી.

એ બધાથી પર એવું જે પરમ તત્ત્વ - તે અનુભવમાં જ જણાય છે. સાક્ષાત્કાર જ્યારે થશે તે વખતે જ આત્મા અનુભવાશે. **કુંદકુંદાચાર્યજી કહે છે કે આત્મા સમ્યગ્દર્શનમાં અનુભવાય - એવો જ આત્મા છે, તેથી જરાયે ઓછો પણ નહીં - વધારે પણ નહીં. સમ્યગ્દર્શન અનુભવની પ્રક્રિયા છે. માટે કહ્યું ''કર વિચાર તો પામ.'' અમે આટલી વાત કરી. હવે વિચાર તું કર. તું વિચાર નહીં કરે તો પામવું મુશ્કેલ છે. આટલા વર્ણનથી સાધક માટેની પ્રક્રિયા મળી શકે તેમ છે, નિરાશ થવાની જરૂર નથી. જ્યારે જણાશે ત્યારે અનુભવમાં જ જણાશે. જે વિષય અતીન્દ્રિય છે - જે**

**વિષય સ્વાનુભવનો છે એ શબ્દોમાં કેમ ઉતારવો? છતાં પાંચ લબ્ધિઓમાં એવો પ્રયત્ન થયો છે. જે નીચે મુજબ છે.**

**૧. ક્ષયોપશમ લબ્ધિ ૨. વિશુદ્ધિ લબ્ધિ ૩. દેશના લબ્ધિ ૪. પ્રાયોગ્ય લબ્ધિ ૫. કરણ લબ્ધિ.**

આ જ ક્રમથી ચર્ચા થશે. આ જ ક્રમ નિયત થયેલો છે. ઘટના પણ આ જ ક્રમથી બનશે. આમાંથી એક પણ શબ્દ આઘોપાછો કરી શકાય તેમ નથી, કારણ કે અનુક્રમે ઘટના બને છે. પહેલા ક્ષયોપશમ લબ્ધિ - પછી વિશુદ્ધિ લબ્ધિ પછી દેશના લબ્ધિ પછી પ્રાયોગ્ય લબ્ધિ અને પછી કરણ લબ્ધિ.

અંદરની ઘટના જે ઘટે છે તે આ ક્રમથી ઘટે છે. સમય બહુ ઓછો છે. ભાદરવા વદ-૪ના દિવસે આ સ્વાધ્યાયની પૂર્ણાહૂતિ થાય છે. તમે જાગૃત રહેશો - હું તમારા સામે જોતો જાઉં છું અને બોલતો જાઉં છું, જાગૃત રહેશો. ઝડપ કરી કામમાં આવે તેમ નથી, પણ સમજવા માટે પૂરી જાગૃતિ જોઇશે - જો આના બદલે આમ નજર ગઇ - શબ્દ ગયો! કોણ આવ્યું? ગયું? નજર જરાક ગઇ - ગયું! એવા તન્મય બનજો - એવા એકાગ્ર બનજો અને એક એક શબ્દનું પાન કરજો. જેમ ભુખ્યો માણસ-જાતનો બ્રાહ્મણ-જંગલોમાં ફરીને આવ્યો છે અને બે ત્રણ દિવસ ખાવા નથી મળ્યું. રાજકોટ જેવા શહેરમાં આવ્યો છે અને સૂર્યકાન્તભાઇ જેવાએ આમંત્રણ આપ્યું છે. એનું પ્રિય ભોજન મોદક વગેરે જમવાનું તૈયાર કર્યું છે. - **ખૂબ ધ્યાન આપશો. જાતનો બ્રાહ્મણ અને મોદકનું ભોજન ત્યારે કેટલા ઉલ્લાસથી ભોજન કરે છે ! એ ભોજન કરવાનો જેટલો ઉલ્લાસ છે, તેના કરતાં વીતરાગ પરમાત્માની વાણી સાંભળવામાં આના કરતાં અનંતગણો ઉલ્લાસ આવે. ઢગલાબંધ કર્મની નિર્જરા અહીં બેઠા બેઠા થઇ જશે. જ્ઞાની પુરુષના શબ્દ કાન પર પડ્યા પછી જેનું અંતરંગ નાચી ઊઠે છે તેને ઢગલાબંધ કર્મની નિર્જરા થઇ જાય છે. કર્મનિર્જરા કરવાના અનેક ઉપાયોમાંથી આ એક અદ્ભુત ઉપાય છે.**

**સમ્યગ્દર્શન કોને થાય?**

૧. સંજ્ઞીને,
૨. પાંચ ઇન્દ્રિયોવાળાને,
૩. છ પ્રર્યાપ્તિ પૂરી કરેલાને,
૪. વળી તે ભવ્ય હોવો જોઇએ.
૫. જેને અર્ધપુદ્ગલ પરાવર્તન કાળથી વધુ સંસાર ન હોય.
૬. તે ત્રણ શુભ લેશ્યાવાળા હોવો જોઇએ.
૭. જીવ સાકાર ઉપયોગવાળો હોવો જોઇએ.
૮. તે ગુણ અને દોષને વિચારી શકતો હોવો જોઇએ.
૯. તે સમ્યગ્દર્શન પ્રત્યે સન્મુખતાવાળા હોવો જોઇએ.

પછી પાંચ લબ્ધિની પ્રક્રિયા ચાલુ થશે.

## સમ્યગ્દર્શન કોને થાય -મુદ્દો ૧.

(૧) **સંજ્ઞીને** વિચાર કરવાનું સાધન મન જોઇએ અને વિચાર કરવાનું સાધન મન જેની પાસે છે તેને કહેવાય છે ''સંજ્ઞી''. મન જોઇશે. અનંતકાળ સમ્યગ્દર્શન ન થયું કારણ કે અનંતકાળ આપણા ધામા નિગોદમાં હતા. જરાક અહીં ગિરદી થાય છે અને જરાક સંકડાઇને બેસવું પડે છે તો તકલીફ પડે છે ''હોલ મોટો થાય તો સારું!'' પણ નિગોદમાં શું કર્યું હશે! સોયનો અગ્ર ભાગ - એના પર રહે એવું શરીર - એ શરીરમાં ભાગીદારો અનંત. અહીંયા તો individul શરીર છે. એક રૂમમાં ૧૦ જણાને રહેવાનું હોય અને પાંચ ફૂટની રૂમ હોય - માથું કયાં મૂકવું ને પગ કયાં મૂકશું? નિગોદમાં અનંતકાળ કાઢ્યો - અનંત જીવ સાથે - સોયના અગ્રભાગ ઉપર રહે તેટલા શરીરમાં અનંત જીવો. જન્મવાનું સાથે - મરવાનું સાથે - શ્વાસ લેવાનું સાથે અને એક શ્વાસોચ્છ્વાસમાં ૧૭।। વાર જન્મ મરણ. આપણે ત્યાંથી આવ્યા છીએ. મન નહોતું એકેન્દ્રિયમાં, મન નો'તું બેઇન્દ્રિયમાં, મન નો'તું ત્રેઇન્દ્રિયમાં, મન નો'તું ચઉરિન્દ્રિયમાં, મન નો'તું અસંજ્ઞી પંચેન્દ્રિયમાં, મન ક્યાંયે ન હતું. એક દિવસ એવો આવ્યો કે આપણને મન મળ્યું. આ મનનું મૂલ્ય સમજો - બહુ તપશ્ચર્યા પછી મન મળ્યું છે. તેનો જે તે ઉપયોગ ન કરશો.

**बुद्धेः फलं तत्त्वविचारणं च, देहस्य सारं व्रतधारणं च।**

મન વગર શાસ્ત્ર ચિંતન નહીં થઇ શકે.
મન વગર શ્રવણ નહીં થઇ શકે.
શ્રવણ વગર મનન નહીં થઇ શકે.
મનન વગર નિદિધ્યાસન નહીં થઇ શકે.
નિદિધ્યાસન વગર ધ્યાન નહીં થઇ શકે.
ધ્યાન વગર સમાધિ નહીં થઇ શકે.
સમાધિ વગર નિર્વિકલ્પ અવસ્થા નહીં થઇ શકે.
નિર્વિકલ્પ અવસ્થા વગર આત્મ અનુભવ નહીં થઇ શકે.
આ ક્રમથી જ જવું પડશે.

સંજ્ઞી પંચેન્દ્રિય થાય. મન મળે. **મન મોટી તાકાત છે - મન મોટી સત્તા છે. આ જગતમાં પરમાત્મા પછી આત્માની સત્તા અને આત્મા પછી સૌથી મોટી સત્તા એ મનની સત્તા છે.**

શરીર મનની સત્તાના તળે છે.
ઇન્દ્રિય મનની સત્તાના તળે છે.

પણ મન એવું જબરું છે કે આત્માની સત્તામાં રહેતું નથી. એ આત્માની સત્તામાં રહેવું જોઇએ પણ એ જરા ઉછાછળું બની ગયું છે, એટલે આત્માની સત્તા માનતું નથી. અને આત્મા પર મનની સત્તા જામી ગઇ છે. આવું મન જબરું છે. પણ મન એમ કહે છે કે સાહેબ ! તમે મને

જો વાળશો - તમે મારો શ્રેષ્ઠ ઉપયોગ કરશો - તમે મારા સાથે પ્રેમ કરશો - તમે મને સમજાવીને કામ લેશો તો છેક મોક્ષના દરવાજા સુધી પહોંચાડી દઇશ. મન કહે છે પછી પાછું વળી જઇશ, સાથે નહીં આવું. મારો ઉપયોગ કરતાં તમને આવડવો જોઇએ. મનનો તિરસ્કાર પણ ન કરો અને તેનો દુરુપયોગ પણ ન કરો. માટે આનંદઘનજીએ કહ્યું : **''મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી.''** કોઇ એમ કહે કે મન સાધી લીધું છે તો સાચું ન સમજવું - ભ્રમ છે - ''આપણું મન શાંત થઇ ગયું છે.'' એ તો પ્રસંગે ખબર પડે કે શાંત છે કે અશાંત છે. ''આપણને કોઇ ઇચ્છા થતી નથી''-એ જમવા બેસે ત્યારે ખબર પડે કે શું ગોટાળા વળે છે. ભ્રમમાં ન રહેશો. મન શક્તિશાળી સાધન છે. મનોવૈજ્ઞાનિકો કહે છે

- મનની પાસે સંકલન કરવાની ક્ષમતા છે.
- મનની પાસે સ્મૃતિ રાખવાની ક્ષમતા છે.
- મન અનંત જન્મોની સ્મૃતિ રાખી શકે છે.
- મન વર્તમાનકાળમાં સંકલન કરી શકે છે.
- મન ભવિષ્યકાળમાં ડોકીયું પણ કરી શકે છે.

આ મનની ક્ષમતા છે. ૫૦ વર્ષ પછીની વ્યવસ્થા અત્યારથી કરવા કે ગોઠવવા લાગીએ છીએ. ઘરડા થઇશું, છોકરાં નહીં માને, ત્યારે કોઇની સાડાબારી રાખવી ન હોય તો bank balance રાખવી - આપણી આવક ચાલુ હોય તો સાડાબારી તો નહીં. મન કહે છે કે ગોઠવણ કરો. પણ એને ખબર નથી કે તારું ગોઠવેલું કાયમ રહેવાનું નથી.

મનના ત્રણ પ્રકારો : conscious (જાગૃત મન), sub conscious (અજાગૃત મન), unconscious (અજ્ઞાતમન). સ્થૂલ મન, સૂક્ષ્મ મન, દ્રવ્ય મન, ભાવમન એમ મનનાં અનેક પ્રકારો છે. મન બહુ ઉપયોગી સાધન છે, તેનો અનાદર કરવા જેવો નથી. એટલા માટે જયારે અર્જુને કહ્યું કે,

**चञ्चलं हि मनः कृष्ण, प्रमाथि बलवद् दृढम्।**
**तस्याहं निग्रहं मन्ये, वायोरिव सुदुष्करम्॥**

''હે કૃષ્ણ, આ મન બહુ ચંચળ છે અરે ! વાયુને બાંધવો સારો - વાયુને સારો બાંધી શકાય - પણ મનને સ્થિર કરવું ઘણું મુશ્કેલ છે.'' આ અર્જુન, જે વિશ્વનો શ્રેષ્ઠ બાણાવરી- કૌરવોની સેના જોઇને થડકતો નથી એવો અર્જુન શૂરવીર છે - બહાદુર છે. ત્યારે ભગવાન કૃષ્ણ કહે છે કે તારી આ વાત ૫૦% સાચી - ૫૦% ખોટી.

**असंशयं महाबाहो, मनो दुर्निग्रहं चलम्।**
**अभ्यासेन तु कौन्तैय! वैराग्येण च गृह्यते॥**

**સંશય વગરની વાત છે કે મન ચંચળ છે પણ અભ્યાસથી અને વૈરાગ્યથી મનને સ્થિર કરી**

**શકાય છે.** અને સમાધિ પ્રાપ્ત થઇ શકે છે. આ ૧૦૦% વાત. ૫૦% અર્જુનના - ૫૦% કૃષ્ણના મળીને ૧૦૦% થાય.

<u>સમ્યગ્દર્શન કોને થાય</u>

(૨) પાંચ ઇન્દ્રિયો જોઇએ - પૂરી જોઇએ.

<u>સમ્યગ્દર્શન કોને થાય</u>

(૩) નીચેની છ પ્રર્યાપ્તિઓ પૂરી કરેલી હોવી જોઇએ.

૧. આહાર પર્યાપ્તિ - આ જે આહાર કરી શકો છો. ૨. શરીર પર્યાપ્તિ ૩. ઇન્દ્રિય પર્યાપ્તિ - આ જે ઇન્દ્રિયોનો ઉપયોગ કરી શકો છો. ૪. ભાષા પર્યાપ્તિ - આ જે ભાષા બોલી શકો. ૫. શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ ૬. મનઃ પર્યાપ્તિ - આ જે મનને વાપરી શકો છો.

આ મૂડી પર તમે જિન્દગી જીવો છો.

<u>સમ્યગ્દર્શન કોને થાય.</u>

એ ભવ્ય જોઇએ.

ભવ્ય એટલે મોક્ષમાં જવાની લાયકાત.
ભવ્ય એટલે મોક્ષમાં જવાની ક્ષમતા.
ભવ્ય એટલે મોક્ષમાં જવાની યોગ્યતા.
ભવ્ય એટલે મોક્ષમાં જવાની પાત્રતા.

પરદેશી નામના રાજાએ ભગવાન મહાવીરજીને વિનંતી કરીને કહ્યું ''તમારી પાસે નૃત્ય કરવા દો.'' આની પહેલા થોડી મિનિટોમાં એક ઘટના બની ગઇ છે. કથા એવી છે કે પરદેશી રાજાની પત્ની સૂર્યકાન્તાએ ઝેર આપ્યું છે. નશેનશમાં ઝેર પ્રસરી ગયું છે. અંદરમાં પરમ સમતા ભાવમાં પરદેશી રાજા જીવી રહ્યા છે. પણ સૂર્યકાન્તાને શંકા થઇ છે કે કદાચ - મંત્રીઓ આવશે - કદાચ નિષ્ણાત વૈદ્યો આવશે - કદાચ ઔષધ ઉપચાર થશે - કદાચ ઝેરનું મારણ મળી આવશે - અને જો પરદેશી રાજા મૃત્યુ નહીં પામે તો મારી આખી જિન્દગી પસાર કેમ થશે? આવું વિચારીને ''મારા નાથ - તમને શું થયું?'' કહીને બાથ ભીડે છે અને પોતાના હાથે પોતાના પતિનું ગળુ દબાવે છે - ગળુ દબાવ્યું છે છતાં પરદેશી રાજા પરમ શાંત અવસ્થામાં છે - એ નબળા નથી - તલવાર પાસે નથી એમ નથી - તાકાત નથી એમ નથી પણ વીતરાગ પરમાત્માના.

**વચનામૃત વીતરાગના, પરમ શાંતરસ મૂળ,**
**ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.**

ઉપરની ગાથાને સમજ્યા છે તેથી ઠર્યા છે - તેથી પરમ શાંત અવસ્થા પામ્યા છે. અંદરમાં દ્વેષ ઉત્પન્ન થતો નથી - મરણ પામીને સૂર્યાભ દેવ થાય છે અને તત્ક્ષણ ભગવાન મહાવીરજીની પાસે આવે છે અને વિનંતી કરે છે કે ''તમારી પાસે મને નૃત્ય કરવા દો'' અને તેઓ પાંચ પ્રશ્નો પૂછે છે.

| પરદેશી રાજાના સવાલો : | ભગવાનના જવાબો : |
|---|---|
| ૧. હું ભવ્ય છું કે અભવ્ય છું? | ૧. ભવ્ય છો. |
| ૨. હું સુલભ બોધિ છું કે દુર્લભ બોધિ છું? | ૨. સુલભ બોધિ છો. |
| ૩. હું આસનસિદ્ધિ છું કે ઘણા ભવો કરવા પડે તેમ છે? | ૩. આસનસિદ્ધિ છો. |
| ૪. હું સુખે કરીને સમજાવી શકાય તેવો છું કે નથી સમજી શકું એવો છું? | ૪. સુખે સમજાવી શકાય તેવો છે. |
| ૫. હું સમ્યગ્દષ્ટિ છું કે મિથ્યાદષ્ટિ છું? | ૫. સમ્યગ્દષ્ટિ છો. |

આ જવાબ સંભળી સૂર્યાભદેવ નાચે છે.

ભગવાન! તમારા મુખેથી મને સાંભળવા મળ્યું તું ભવ્ય છો. આ તીર્થંકર પરમાત્માની છાપ લાગી ગઇ. હવે કર્મસત્તાની તાકાત નથી કે ફેરફાર કરી શકે. કોણ ગણે છે કર્મ સત્તાને! સમજાય છે! કોણ ગણે છે કર્મસત્તાને. એવું સામર્થ્ય ભવ્ય સ્વભાવમાં જોઇએ.

## સમ્યગ્દર્શન કોને થાય?

(૫) સમ્યગ્દર્શન જેને પ્રાપ્ત કરવું છે તેનો અર્ધપુદ્‌ગલ પરાવર્તનકાળથી અધિક સંસાર હોવો ન જોઇએ. નહીં તો ઘટના નહીં ઘટે. શબ્દો તો ખ્યાલમાં લ્યો. એની વિગત કયારેક કયારેક કોઇના મોઢેથી સાંભળવા મળશે.

## સમ્યગ્દર્શન કોને થાય?

(૬) ત્રણ શુભ લેશ્યાવાળો હોવો જોઇએ - તેજો લેશ્યા - પદ્‌મ લેશ્યા - શુકલલેશ્યા એ ત્રણમાંથી ગમે તે ચાલે. કૃષ્ણ લેશ્યા - નીલ લેશ્યા - કપોત લેશ્યા - ન ચાલે.

લેશ્યા એટલે કષાયથી રંજિત અંતરંગ પરિણામ.

**૧. બે લાદીને વચ્ચે જોડનાર એક રસાયણ હોય છે એમ આત્મા અને કર્મ વચ્ચે જોડાણ કરી આપવાનું કામ જે રસાયણ કરે છે તેને લેશ્યા કહેવાય છે.**

**૨. કષાયથી અનુરંજિત જે પ્રવૃત્તિ તેને લેશ્યા કહેવાય છે.**

વિશુદ્ધિ હોવી જોઇએ. ક્રોધ મોળો-અહંકાર મોળો - માયા મોળી - લોભવાસના મોળી - કામવાસના મોળી - કષાય મોળા પડે છે - હવે કષાયમાં જોર નથી. આ બધાનું જોર નથી એના કારણે મન શાંત બને છે. મનમાં જગ્યા થાય છે. - મનમાં અવકાશ મળે છે. અને મનને અવકાશ મળે તો તત્ત્વવિચાર થઇ શકશે. અત્યંત મંદ કષાય-વૈરાગ્ય અને ઉપશમનું બળ અને પછી જાગૃતિ - શું કહે છે જ્ઞાની પુરુષ? આપણે જાગેલા નથી? રાતના ઊંઘીએ છીએ તે ઊંઘ અને દિવસે આપણે જાગીએ છીએ તે પણ ઊંઘ. અત્યારે જાગેલા નથી. આ બધી વાતચિત થાય છે તે ઊંઘતા ઊંઘતા થાય છે. આ બધું સાંભળો છો તે ઊંઘતા ઊંઘતા - sleeping mode છે.

**જો જાગત હૈ સો પાવત હૈ,**

**જો સોવત હૈ સો ખોવત હૈ,**
**ઊઠ જાગ મુસાફીર ભોર ભઇ,**
**અબ રૈન કહાઁ જો સોવત હૈ.**

જેણે આત્માને જાણ્યો - અથવા જેણે આત્માને જાણવાનો વિચારપૂર્વક સંકલ્પ કર્યો તે જાગેલા છે - બાકી બધા ઊંઘેલા. ''**या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी**'' તીવ્ર તાલાવેલી લાગી છે તે જાગેલો. ભગવાન મહાવીરજી કહેતા હતાં મુનિઓ જાગો. પ્રમાદ ત્યાગ કરો. તમારી જીવન નૌકા આખો સમુદ્ર પાર કરીને કિનારે આવી ગઇ છે. પ્રમાદ જો કરશો તો નૌકા ફરી ભર દરિયે જશે અને મુશ્કેલી થશે. આ ધરતી ઉપર સત્પુરુષો જગાડવા માટે આવે છે. જાગશો તો બધા પ્રશ્નો ધીમે ધીમે ઉકેલાઇ જશે. ચોર અંદર પ્રવેશવાની તૈયારી કરતા હોય. ત્યારે ડોસો ડોસી જાગતા હોય અને વાત કરતા હોય તો ચોર અંદર પ્રવેશે નહીં. ભગવાન મહાવીર, ભગવાન ઋષભ દેવ અને પરમ કૃપાળુ દેવની એક જ ઉદ્‌ઘોષણા છે કે તમે જાગો, જાગો.

<u>સમ્યગ્દર્શન કોને થાય?</u>

**(૭) સાકાર ઉપયોગવાળો** : બે પ્રકારના ઉપયોગ છે. ૧. નિરાકાર. ૨. સાકાર -દર્શન નિરાકાર ઉપયોગ છે - જ્ઞાન સાકાર ઉપયોગ છે. સમ્યગ્દર્શનની ઘટના જ્ઞાનમાં થશે - દર્શનમાં નહીં થાય. સમ્યગ્દર્શનની ઘટના-એ વૈકલ્પિક ઘટના છે. એ જ્ઞાનમાં થશે - ત્યાં વિચાર - મંથન - મનન કરવાનું છે.

<u>સમ્યગ્દર્શન કોને થાય?</u>

**(૮) ગુણ અને દોષનો વિચાર કરવાવાળો** : સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટેની પ્રાથમિક મૂડી આટલી જોઇશે. એકંદરે જોતા અને વિચાર કરતા તમે જેટલા બેઠા છો તે બધા પાસે આટલી મૂડી તો ઓછા વધતા પ્રમાણમાં છે. એ હું સ્વીકારું છું કે આટલી મૂડી તો છે. ખોટું આશ્વાસન નથી આપતો.

જો વાપરવા ધારો તો આ મૂડી વાપરી શકો છો. આમાં નવું ઉમેરી શકાય તેવું નથી. તમારા હાથની વાત નથી. ઇન્દ્રિયો ચાર હોય તો નવી પાંચમી કયાંથી લાવવી? મન ન હોય તો કયાંથી લાવો? છ પ્રર્યાપ્તિ ન હોય તો કયાંથી લાવો? તમને કર્મતંત્રે આ બધી મૂડી આપી છે. કર્મસત્તા કહે છે કે હું મારી પકડમાંથી-મારી ચુંગાલમાંથી છૂટવા માટે વારંવાર ચાન્સ/અવસર આપું છું. તું મૂર્ખનો સરદાર છો કે ચાન્સનો ઉપયોગ કરતો નથી. આ મનુષ્યદેહ આપ્યો છે તો ઉપયોગ કરી લે-વાપરી લે તારી તાકાત. અને તોડી નાખ મારા બંધનો. તું ન તોડે તો એમાં હું શું કરું? તો નવો જન્મ. મારું કારખાનું તો ચાલુ. પણ જો તને એમ નિર્ણય થઇ જાય કે ના મારે જન્મવું નથી તો હું આડે નહીં આવું. મારો વાંક ન કાઢશો. એમ કર્મસત્તા કહે છે.

''**કૈસે દેત કરમનકુ દોષ?**'' તું કર્મને દોષ કેવી રીતે આપે છે ? ભૂલ તારી અને દોષ કર્મનો? **કર્મ તો વ્યવસ્થા છે, ટીકીટ લીધી નહીં અને ગાડીમાં ચડી બેઠા અને ટીસી આવે અને થર થર**

**ધ્રુજવા લાગો તો વાંક કોનો? અને claim થાય, પકડી જવામાં આવે, બે કલાક બેસાડી દે તો વાંક કોનો? આ એરેન્જમેન્ટ છે. ભૂલ કરશો તો કર્મતંત્ર કામ કરશે - ભૂલ નહીં કરો તો કર્મતંત્ર કામ નહીં કરે. અને ભૂલ સુધારશો તો કર્મતંત્ર મુક્ત થઇ જશે.** અનંતા સિદ્ધો થયા છે તો તમે કેમ ન થાવ? અનંતાસિદ્ધોએ કર્મની જંજીરો તોડી છે તો તમે કેમ ન તોડો? આપણે તોડવી નથી - બહુ સારું લાગે છે. ફ્રાન્સમાં ક્રાંતિ થઇ અને વર્ષોથી જેને જેલમાં પૂરેલા તેને છોડાવવા માટે સ્વતંત્રતા જેમણે પ્રાપ્ત કરી તે હરખભેર દોડી ગયા. કહ્યું કે ચાલો ક્રાંતિ થઇ છે. ચાલો સ્વતંત્રતા પ્રાપ્ત થઇ છે - જેલની બહાર ચાલો. પણ કેદીઓ કહે છે ''આટલા વર્ષો સુધી અહીં પડ્યા છીએ તે બહુ સારું લાગે છે. હવે ક્યાં ઉપાધિમાં લઇ જાવ છો'' જેલમાં પડેલાને કોઇ બહાર કાઢવા આવે તો પોતે જ ના પાડે છે. સત્પુરુષો આવ્યા નથી, એમ સત્પુરુષોનો વાંક ન કાઢશો. સત્પુરુષો તો બહાર કાઢવા આવ્યા છે. પણ તમે કહો છો, ''ના રહેવા દ્યો ને! ઠીક છે we are all right.''

**રત્નજડિત કો પિંજરો રે માતા તે સુડો જાણે બંધ,**
**કામ ભોગ સંસારના રે માતા, જ્ઞાનીને મન ફંદ રે.**
**હો જનની હું લેવું સંયમભાર રે.**

રાજાના આલિશાન મહેલમાં - મહારાણીનો વહાલામાં વહાલો એ પોપટ - એ સોનાના પિંજરામાં છે. તે હીરા જડિત છે. એના માટે નોકરો રાખ્યા છે. અને છ ઋતુના ફળો મળે છે. અને મહારાણી વારંવાર આવીને પૂછે છે કે ''કેમ છે?'' ''કેમ છે?'' અને એ પોપટને પૂછો ''Are you happy ?'' પોપટ કહેશે કે - ''મારા જીવનની દુઃખદ કથની છે. જ્યારે જ્યારે પિંજરામાંથી બહાર આકાશમાં મુકતપણે ઊડતા મારા સાથી પોપટને જોઉં છું ત્યારે ત્યારે એમ થાય છે કે હું ક્યારે મુકત થાઉં અને હું ક્યારે એકલો આકાશમાં ઊંચે ઊંચે ઉડ્ડયન કરું?'' આ પોપટને જેવી મુકત થવાની વેદના છે, તેવી વેદના જેના અંતરમાં થાય છે તે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરવા લાયક. કબૂતરને ચણ નાખો પણ સહેજ અવાજ થાય તો ઊડી જાય. અમે શિહોર ગયા હતા, ત્યાં મોટો ધંધો વાસણનો. ઠોક ઠોક આખો દિવસ ચાલુ હોય. છતાં ત્યાં કબૂતર ચણ ચણતા હતા. અમે કોઇને પૂછ્યું ''આ શું કારીગરી છે? આ કબૂતર ઠોક ઠોક કરો છો છતાં ઊડતા નથી.'' જવાબ મળ્યો - આ કબૂતર શિહોરના છે Special. ગમે તેટલી ઠોક ઠોક થાય એ ઊડે નહીં. એમ આપણે પણ શિહોરના કબૂતરની જેમ Special - ગમે તેટલું સાંભળો પણ... શિહોરના કબૂતર! આ હસવાની વાત નથી, દુઃખી થવાની વાત છે. જાગો જાગો!

**चतुगति भवो, संज्ञि पज्जंतो शुच्छोयोय।**
**सागारो, जागारो, संलेसो संलतिको समं पकमई॥**

આવા ગુણવાળો જે જીવ હોય તે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરી શકે છે -

સમ્યગદર્શન કોને થાય

(૯) છેલ્લી વાત : આટલાથી કામ નહીં થાય. સમ્યગ્દર્શન ધારણ કરવા માટે સન્મુખતા પ્રાપ્ત કરવી પડે છે. સન્મુખ એટલે એના તરફ. કોઇએ શબ્દ વાપર્યો છે કે સમ્યક્ત્વ તરફ ઝૂકેલો. જગતમાં બે પ્રકારના જીવો છે. ૧. સંસાર તરફ ઝૂકેલા ૨. સમ્યગ્દર્શન તરફ ઝૂકેલા. સંસાર જ જેને સારો બનાવવો છે-સંસારના રંગ રાગ જેને ગમે છે તે સંસાર તરફ ઝૂકેલા છે. એક ભાઇ કહેતા હતા ઘરે લીલી વાડી છે - કાંઇ દુઃખ નથી - ઘરનો બંગલો છે - ઘરવાળા સારા છે - છોકરા વહુઓ સારા છે - બેંક બેલેન્સ છે, કશી ચિંતા નથી પણ તોયે આશીર્વાદ આપો. મેં કહ્યું ''હવે શું બાકી રહ્યું છે?'' - કહે ''ના બીજું કાંઇ નહીં, આ લીલીવાડી કાયમ લીલી રહે.'' મારો સંસાર સૂકાઇ જાય તે ન પાલવે - તે તો કાયમ લીલોછમ રહેવો જોઇએ. આ સંસાર લીલોછમ રાખવાની વૃત્તિ તેને કહેવાય છે મોહ! આળખી લો. આ મોહ કેટલા પ્રકારથી કામ કરે છે? સમ્યક્ત્વ તરફ ઝૂકેલો હોવો જોઇએ. બસ મંદિરમાં ઝૂકીએ છીએ ને! ઝૂકીએ છીએ એટલે સ્વીકાર કરીએ છીએ કે આપ શ્રેષ્ઠ છો, તેમ સમ્યક્ત્વ તરફ ઝૂકેલો સ્વીકાર કરે છે કે બસ સમ્યક્ત્વ જ પ્રાપ્ત કરવા જેવું છે. સંસારથી પરાન્મુખ અને સમ્યક્ત્વના સન્મુખ. તુલસી રામાયણમાં તુલસીજીએ કહ્યું કે ''અનેક જન્મોના પુણ્ય જ્યારે ભેગા થયા હોય ત્યારે એ જીવ માયામાંથી છૂટીને પરમાત્મા રામજીની સન્મુખ થાય છે. અને જે પરમાત્મા સન્મુખ થયો તે અવશ્ય પરમાત્માને પ્રાપ્ત કરશે.''

શંકરાચાર્યજીએ બહુ નાની વાત કરી - આ જીવ બ્રહ્મ સન્મુખ નથી થયો. પછી એક શ્લોક કહ્યો - તેનો અર્થ ÷ બાલ્યાવસ્થામાં માતૃમુખ થયો. ચાલી શકતા નથી - બોલી શકતા નથી - ઊભા થઇ શકતા નથી - હાલવા જાવને પડી જાવ છો - માનું મોઢું જોયા કરો છો. પછી આવી યુવાવસ્થા. એ કહેવું મુશ્કેલ થઇ પડશે - કોનું મોઢું જોયા કરો છો? અરસપરસ. પણ શંકરાચાર્યજીએ કહ્યું કે ''સ્ત્રી મુખ થયો.'' - જેટલો રાગ વધારે એટલી ઘેલછા વધારે! અને વૃદ્ધાવસ્થા આવી એટલે ''પુત્રમુખ.'' દીકરાનું મોઢું જોયા કરવાનું. ફાળો લખાવવો હોય તો ''દીકરાને પૂછવું પડશે ભાઇ'' પૈસા પોતાના અને એ પોતે બાપ અને એ એનો દીકરો. પણ ફાળો લખાવવો હોય - તો દીકરાને પૂછો-દીકરાને પૂછ્યા વગર કાંઇ ન થાય-તે કહે કે ''મારો દીકરો એવો છે કે એને પૂછ્યા વગર પાણી ન પીવાય !'' ''ઓહોહો! એને શરમ નથી આવતી એમ કહેતા. જો એમ કહેતો હોય કે સત્પુરુષને પૂછ્યા વગર પાણી ન પિવાય તો કાંઇક સારું લાગે.''

**બાળપણમાં-માતૃમુખ, યુવાવસ્થામાં-સ્ત્રીમુખ અને ઘડપણમાં પુત્રમુખ. આ જીવ બ્રહ્મમુખ ક્યારે ય ન થયો. સન્મુખ એટલે સમ્યગ્દર્શન સન્મુખ - એટલે સમ્યક્ત્વ ધારણ કરવા માટે જેના અંતરમાં, જેના રોમેરોમમાં પ્રચંડ ઉત્સાહના પૂર વહી રહ્યા છે તેને કહેવાય છે સમ્યગ્દર્શન સન્મુખતા. આવી સન્મુખતા જ્યારે આવે છે ત્યારે સમ્યગ્દર્શન પ્રાપ્તિની ઘટનાનો પ્રારંભ થાય છે. અને તે વખતે**

**પાંચે પાંચ લબ્ધિઓની પ્રક્રિયાનો પ્રારંભ થાય છે.**

**થોડી વાત બીજી કરીને પછી પ્રક્રિયાનો પ્રારંભ કરીએ. લબ્ધિઓના વર્ણનમાં બે ભાગમાં વર્ણન આવશે - પાંચે પાંચ લબ્ધિઓ વિશે જેટલું અહીં કહેવાય છે તેમાંથી શબ્દશઃ પૂરું સાંભળજો, શબ્દશઃ પૂરું લક્ષમાં લેજો અને એમાંથી જ્ઞાની પુરુષોની કૃપાથી ઘણી સામગ્રી મળશે. બે ભાગમાં લબ્ધિઓનું વર્ણન થશે. ૧. પોતાના તરફથી શું કરવાનું? એક વાત ૨. કર્મો તરફથી શું થાય? બીજી વાત.**

પોતાના તરફથી શું કરવાનું તેને કહેવાય છે ઉપાદાન અને કર્મો તરફથી શું થાય, તેને કહેવાય છે નિમિત્ત. ધીરજથી વાત ખ્યાલમાં લેજો. પોતા તરફથી શું કરવાનું એ પણ નક્કી થાય અને કર્મો તરફથી શું થાય એ પણ નક્કી થાય. કર્મોમાં તમારે ફેરફાર કરવાનો નથી, તમે ફેરફાર કરી શકતા નથી-પણ થાય છે. કેમ? અંદર તમારી ભાવની ધારા ઊઠી અને ઇફેક્ટ સામે થવાની - થાય છે. પણ તમે એમ કહો કે જ્ઞાનાવરણીય કર્મોને કાઢીને બહાર નાખી દો તો તમારા હાથમાં કાંઇ નહીં આવે.

**ભાવકર્મ નિજ કલ્પના માટે ચેતનરૂપ,**
**જીવ વીર્યની સ્ફૂરણા, ગ્રહણ કરે જડ ધૂપ.**

આ સ્ફુરણ થાય છે અંદર અને ભાવો ઊઠે છે. અને જ્યારે ભાવો ઊઠે છે ત્યારે બહાર અસર થાય છે

ભાવોની અસર કર્મ પર થાય છે.
ભાવોની અસર મોઢા પર થાય છે.
ભાવોની અસર શરીર પર થાય છે.
ભાવોની અસર બી.પી. પર થાય છે.
ભાવોની અસર હાર્ટ પર થાય છે.
ભાવોની અસર બ્રેઇન પર થાય છે.

તરત મોઢું પડી જાય છે. શું થયું?... શેર બજારના ભાવ ગગડ્યા મુંબઇમાં અને અહીં મોઢું પડી ગયું. આ છે ભાવ! તમારા ઘરે આવ્યા. તમે ''આવો'' એમ પણ ન કહ્યું, કેવું લાગતું હશે અમને! અરે! તમે બોલ્યા હતા ને દસ વર્ષ પહેલા, એ હજુ અહીં ચોંટેલું છે. શું કામ ચોંટાડેલું રાખ્યું છે? સંવત્સરી આવી છે, કાઢીને ફેંકી દો ને!

**સામેનાના ભાવની અસર આપણા ઉપર થાય છે, એમ ભાવની અસર કર્મો ઉપર પણ થાય છે, તેની તમને ખબર નહીં પડે. એ ઓટોમેટિક પ્રક્રિયા છે. અંદર ભાવ ઊઠે અને અસર કર્મો પર થાય. કર્મોમાં કાંઇ પણ ફેરફાર જો થાય તો એના સ્પન્દનો આત્મામાં થાય છે. કર્મોમાં તમારે ફેરફાર કરવાનો નથી, થાય છે. કર્મો તમારામાં ફેરફાર કરતા નથી પણ થાય છે. આવી જે વ્યવસ્થા છે તેને કહેવાય છે નિમિત્ત-નૈમિત્તિક વ્યવસ્થા. આને ઉપાદાન આને નિમિત્તનો સંબંધ કહે છે. આ**

**સમાન્તર રેખા છે. જેમ રેલ્વેના પાટા સમાંતર ચાલ્યા જાય છે. રાજકોટથી અમદાવાદ સુધી અને તેથી પણ આગળ, એ જે સમાંતર રેખા છે તેમ અંદરમાં ચૈતન્યની-ભાવની ધારા અને બાજુમાં કર્મની ધારા -બન્ને સમાંતર રેખા છે.** અંતરમાં-આત્મામાં, પરિણામની, ભાવની, અધ્યવ્યસાયની ધારા ચાલે છે, એના કારણે કર્મોમાં Effect થાય છે, ફેરફાર થાય છે એમ નહીં, વિજળીના કરંટને અડું તો મારા પર effect તો થાય - અસર થાય. effect એટલે અસર. અને અંદરની ભાવની ધારાને કારણે કર્મોમાં થતી ઇફેક્ટ અને તેમાં થતી પ્રક્રિયા, એ અંદર થાય છે. અને કર્મોમાં થતી પ્રક્રિયાને કારણે જે reflection થાય - અંદરમાં જે reaction આવે તે આત્મામાં આવે. આ થાય કેવી રીતે?

દા.ત. ક્રોધ મોહનીય કર્મના દલિકો અંદરમાં એક્ટીવ થાય છે - તેનું ફળ આપવા તૈયાર થયા છે. અને તે જ વખતે રસ્તે ચાલ્યા જતા હો અને સ્કુટરનો ધક્કો મારનારો કોઇ મળી આવશે. થયું? નિમિત્ત મળ્યું - ધક્કો મળ્યો - ક્રોધ મોહનીય કર્મના દલિકો કામમાં પણ લાગ્યા અને તે વખતે પ્રમાદ જો હોય તો અંદર ક્રોધની ધારા ચાલુ થશે. ઘટના ઘટી. એક ઉપાય છે. સ્કૂટર ભલે લાગ્યું અને ક્રોધ મોહનીય કર્મના દલિકો ભલે ઉદયમાં રહ્યા. પણ તમે જો જાગેલા હશો તો કર્મની ઘટના ઘટવા છતાં ક્રોધની અવસ્થા અંદરથી નહીં થાય. આને કહેવાય છે તમે જાગ્યા. આ તમારા હાથની વાત છે. એવું ન કહેશો કે શું કરીએ ? અમે તો કર્મના ગુલામ છીએ. કર્મો કહે છે કે ''આવું બોલીને તું મને લજવે છે'' કારણ? શાસ્ત્રો તો એમ કહે છે કે **''જો ચેતન કરતું નથી - નથી થતાં તો કર્મ.''**

ગઇકાલે એક વાત કરી હતી.

**આપ હી બાંધે આપહી છોડે નિજ મતિ શક્તિ વિકાસી,**
**ચેતન જો તું જ્ઞાન અભ્યાસી.**

તારી કેટલી સ્વતંત્રતા? હે ભગવાન**!** તારી કેટલી સ્વતંત્રતા**!**

કર્મો બાંધવા તારા હાથમાં.
બાંધેલા કર્મો તોડવા તારા હાથમાં.
નવા નહીં બાંધવા તારા હાથમાં.

Total freedom

તું ઉપયોગ તો કર તારી સ્વતંત્રતાનો. તું રોયા શું કરે છે? ઢીલો કેમ થાય છે? તારામાં કેટલું બળ પડ્યું છે. અને શકિત કયાંથી લાવવી? અનંતવીર્ય છે તારી પાસે.

જ્ઞાની પુરુષો એમ કહે છે કે આ જીવ પાસે એટલી બધી તાકાત છે કે જે તાકાત હોવાના પરિણામે એનો ઉપયોગ જો કરે તો બીજા કેટલાયે જીવોના કર્મોનો ભુક્કો બોલાવી દે એટલી તાકાત એક જીવમાં છે, વાપરે તો, તો આત્મા જાગૃત થાય અને જો જાગૃત થાય તો કર્મનો ક્ષય થાય.

આ રીતે -

-આત્મામાં થતાં ભાવો

- કર્મોમાં થતાં ફેરફારો.

- અને તે વખતે આત્મામાં થતી જુદી જુદી ઘટનાઓ -

એનું વર્ણન, તેને પાંચ લબ્ધિઓનું વર્ણન કહેવામાં આવે છે. એ વર્ણન ક્ષયોપશમ લબ્ધિથી ચાલુ થશે.

# પ્રવચન : ૧૧

## ક્ષયોપશમ લબ્ધિ

સમ્યગ્દર્શનની ઘટના કરણલબ્ધિમાં ઘટે છે - કરણલબ્ધિના ત્રણ ભાગ છે.

૧. અધઃકરણ અર્થાત્ યથાપ્રવૃત્તિકરણ.

૨. અપૂર્વકરણ.

૩. અનિવૃત્તિ કરણ. જેની ચર્ચા આપણે હવે કરવાના છીએ.

અનિવૃત્તિકરણ અંતર્ગત એક અંતરકરણ પ્રક્રિયા છે. એમાં એવો એક કાળ પ્રાપ્ત થાય છે કે જે કાળમાં દર્શન મોહનીય અને અનંતાનુબંધીના ચાર કષાય બિલકુલ અનુદય અવસ્થામાં હોય છે. જેમનો ઉદય થતો નથી - in working એ સક્રિય હોતા નથી. એમનું કામ ચાલુ નથી હોતું. કામ ન કરી શકે એવી સ્થિતિમાં એ મુકાઇ ગયા છે. એવી સ્થિતિમાં જે મૂકાઇ જવું તેને શાસ્ત્રીય ભાષામાં 'ઉપશમ' કહેવાય છે. અગ્નિ તો ચુલામાં છે પણ ઉપર બહુ રાખ આવી ગઇ છે. એ અગ્નિ પોતાનું કામ કરી શકે તેમ નથી પણ તેનો અર્થ એવો નથી કે અગ્નિ નથી. નદીમાં નીચે કચરો તો છે, પણ એવો બેસી ગયો છે કે ઉપરનું પાણી પી શકાય તેમ છે. પણ જો ઢોર નદીમાં ઊતરે તો ફરી કચરો ઉપર આવે એમ છે. ચુલામાં ફૂંક મારવામાં આવે તો ફેર અગ્નિ સળગી શકે તેમ છે.

**અંતર્મુહૂર્ત (૪૮ મિનિટની અંદરનો કાળ) ઉપશમ સમ્યક્ત્વનો કાળ હોય છે. એ અવસ્થામાં દર્શન મોહનીય કર્મનું (પાંચ પ્રકૃતિઓનું) એક પણ દલિક કામ કરી શકતું નથી, આ અવસ્થામાં જે અનુભવ થાય એ, અનાદિકાળ પછી - અનાદિ મિથ્યાદષ્ટિને સૌથી પ્રથમ સ્વરૂપનો અનુભવ થાય છે. અને સ્વરૂપનો અનુભવ જેવો ક્ષાયિક સમ્યગ્દષ્ટિને થાય - જેવો ક્ષયોપશમ સમ્યગ્દષ્ટિને થાય - અને સર્વજ્ઞ પરમાત્માએ પોતાના જ્ઞાનમાં જેવો આત્માને જાણ્યો છે અને જોયો છે એવો જે આત્મા, તેનો એવો જ અનુભવ - ઉપશમ સમ્યગ્દષ્ટિને ઉપશમ સમ્યક્ત્વના કાળમાં થાય છે. આ ઘટના નાની સૂની નથી - આ અદ્ભુત ઘટના છે. પણ આ જે અનુભવ થાય છે તે પ્રક્રિયાનો પ્રારંભ ક્ષયોપશમ લબ્ધિથી થાય છે** અને એ પ્રક્રિયા સળંગ બધા માટે ચાલતી નથી. અભવી આત્માઓ આ પ્રક્રિયામાં સંપૂર્ણપણે ઢળી શકતા નથી. ભવી આત્મા ઢળે છે ખરા પણ જેઓ કરણ લબ્ધિમાં પ્રવેશ કરવાના નથી એમનો પુરુષાર્થ-એમનું જોશ - એમની તાકાત - એમનું બળ ઓછું પડે છે. વોલ્ટેજ ઓછા પડે છે. પ્રકાશ પૂરો મળતો નથી, પણ પ્રારંભ થાય છે ક્ષયોપશમ લબ્ધિથી.

ક્ષયોપશમ લબ્ધિમાં સૌથી પહેલો પ્રારંભ જે થાય છે તે તત્ત્વ વિચારથી થાય છે. તત્ત્વ વિચાર એ પ્રારંભની ઘટના છે - શરૂઆત ત્યાંથી થાય છે. અનુભૂતિ અંતરકરણમાં થશે. પણ તત્ત્વ વિચારનો પ્રારંભ ક્ષયોપશમ લબ્ધિમાં થાય છે. પ્રારંભ-કર્મકાંડથી નહીં થાય-પ્રારંભ ક્રિયાથી નહીં થાય.

ક્રિયા શરીર પ્રધાન છે.
કર્મકાંડ શરીર પ્રધાન છે
અનુભવ વિચાર પ્રધાન છે.

અને વિચાર પ્રધાન પ્રક્રિયામાં તત્ત્વ વિચાર એ અત્યંત મહત્ત્વની પ્રક્રિયા છે. ૭માં ગુણ સ્થાનક પછી એ અપ્રમત અવસ્થામાં રહેલા મુનિઓને મુખ્ય સાધના જો કોઇપણ હોય તો માત્ર શુદ્ધ સ્વભાવનું અનન્ય ચિંતન છે. દ્રવ્ય-ગુણ-પર્યાય એની અત્યંત સૂક્ષ્મતમ ચિંતનાઓનો ત્યાંથી પ્રારંભ થાય છે.

**''અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો....''**

અતિશય શુદ્ધ સ્વભાવનું અનન્ય ચિંતન!

**अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युषासते।**

(ભગવદ્ ગીતા અ. ૯/૨૨)

અનન્ય ચિંતન એટલે કે **વચમાં ધારા તૂટતી નથી એવું ચિંતન. એવું અનન્ય ચિંતન કરતાં કરતાં અંદરમાં (ચૈતન્યમાં) અને ચૈતન્યને વળગેલા કર્મોનાં સંબંધમાં એક વિશેષ પ્રકારની શુદ્ધિનો પ્રારંભ થાય છે.** જ્યારે જ્યારે એમ કહેવામાં આવ્યું છે કે **''જ્ઞાની શ્વાસોશ્વાસમાં કરે કર્મનો નાશ''** તેને અજ્ઞાની એક કરોડ વર્ષે ખપાવે છે. આ ગણિત બહુ કાઠું પડે એવું છે. અજ્ઞાની એક કરોડ વર્ષ કામ કરે છે અને જે કર્મનો ક્ષય કરી શકતો નથી, જ્ઞાની એક શ્વાસોચ્છવાસમાં તે કર્મનો ક્ષય કરી શકે છે. એવું શું જ્ઞાની કરતા હોય છે? અજ્ઞાની કરે ખરો પણ અંદર મોટા દોષો રહી જાય છે. હરિભદ્રસૂરિજી મહારાજે એક દૃષ્ટાંત આપ્યું છે : એક મુનિ આદિવાસી વચ્ચે ચાતુર્માસ રહ્યા. તેના રાજા બહુ ભક્તિ પ્રધાન-લાગણી પ્રધાન હતા - બહુ ભક્તિ કરતા હતા. ગુરુ મહારાજને જરાય પીડા ન થાય. સાધુ જે હતા તે બૌદ્ધ હતા. માટે તે મુગુટ પહેરતા હતા અને તેમાં મોરનું પીછું પણ હતું. બહુ સરસ લાગે. આ આદિવાસીની રાણીએ મુગટની માંગણી કરી. સાધુએ કહ્યું કે મુગુટ નહીં મળે. એટલે એણે વિચાર કર્યો કે મુગુટ આપણને આપશે નહીં. પણ એમને તકલીફ આપીને - એમને પીડા આપીને - એમને દુઃખ આપીને - એમને અડીને - મુગુટ લેવો સારો નહીં. એટલે દૂર જઇને બાણ માર્યું - તે સાધુને લાગ્યું - અને મુગુટ લઇ લીધો ત્યારે એણે એમ માન્યું કે હાથે અડવા કરતાં બાણ મારવું વધારે સારું છે. નાનો દોષ ન લાગે એની ચિંતા એણે કરી પણ મોટો દોષ પોતે કરી રહ્યો છે એનું ભાન એને ન રહ્યું. નાની અશાતના ન થાય તેવી ચિંતા કરી પણ બાણ મારીને ખતમ કરી નાખે છે તે મોટો દોષ થઇ રહ્યો છે તેનું ભાન ન રહ્યું. જ્ઞાની તથા અજ્ઞાનીમાં આટલો મોટો ફેર છે. જ્ઞાનીનો શ્વાસોચ્છવાસ અને અજ્ઞાનીનાં કરોડ વર્ષો - એ એટલા માટે કે અજ્ઞાની કરતો હોય તો પણ ત્યારે પણ પેલા પાંચ - ચાર અનંતાનુબંધી અને દર્શન મોહનીય એ અંદર બેઠાં છે.

તત્ત્વવિચારથી પ્રારંભ થાય છે. શંકરાચાર્યજીએ કહ્યું ''**ऋते ज्ञानान्न मुक्तिः**'' **સત્ય જ્ઞાન થયા સિવાય કદી પણ મોક્ષની પ્રાપ્તિ નહીં થાય. અહીં સુધી વાત મળતી આવે છે.**

**પણ આવું સત્ય જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ચિત શુદ્ધિ જોઇએ.**

**અને ચિત્ત શુદ્ધિ માટે નિષ્કામ કર્મ સાધના બની શકે છે.**

**પણ નિષ્કામ કર્મથી મોક્ષ પ્રાપ્ત થાય અથવા કર્મથી મોક્ષ પ્રાપ્ત થાય એવું નહીં કહી શકાય. એ પરંપરાએ કારણ છે, સીધું કારણ નથી.**

**સીધું કારણ આત્મજ્ઞાન કે આત્મ અનુભવ છે અને તેનો પ્રારંભ તત્ત્વ વિચારથી થાય છે.**

**बुद्धेः फलं तत्त्वविचारणं च, देहस्य सारं व्रतधारणं च।**
**अर्थस्थ सारं किल पात्रदानं, वाचः फलं प्रीतिकरं नराणाम्।।**

બુદ્ધિ એ શ્રેષ્ઠ સાધન છે.
બુદ્ધિ દ્વારા વિચાર થઇ શકે.
બુદ્ધિ દ્વારા ચિંતન થઇ શકે.
બુદ્ધિ દ્વારા અંદરમાં ડૂબકી મારી શકાય.
બુદ્ધિ દ્વારા સૂક્ષ્મ રસ શોધી શકાય.

બુદ્ધિથી લગભગ લગભગ અતીન્દ્રિયની સાધનામાં ડૂબકી મારી શકાય છે.

આ લગભગ લગભગ છે પૂરું નહીં. ત્યાંથી મન અથવા બુદ્ધિ પાછા હઠે છે. ક્ષિતિજોની પેલે પારની વાત છે. પણ ક્ષિતિજો સુધી જવાનું કામ મન તથા બુદ્ધિ કરે છે. એ બુદ્ધિમાંથી જે તત્ત્વ તૈયાર થાય છે તેને કહેવાય છે પ્રજ્ઞા. અને એ પ્રજ્ઞા જડ તથા ચેતન બન્નેનો ભેદ કરે છે. તો ક્ષયોપશમ લબ્ધિમાં જે પ્રક્રિયાનો પ્રારંભ થાય છે તેનો પ્રારંભ તત્ત્વ વિચારથી થાય છે. અને તત્ત્વ વિચાર કરી શકાય એવી એક વ્યવસ્થા અંદર ગોઠવાય છે.

જે કર્મો આજ સુધીમાં ગ્રહણ કર્યા છે અને તે ગ્રહણ કરેલા કર્મોમાં કર્મ કરતી વખતે તીવ્રતમ રાગદ્વેષના ભાવોના કારણે એમાં પ્રગાઢ રસ ઉત્પન્ન થાય છે.

પ્રત્યેક ક્ષણે કર્મ થાય છે. ઊંઘતા - જાગતા હો તો કર્મનો બંધ થાય છે. ખાતા - પીતા હો તો કર્મનો બંધ થાય છે. ચાલતા હો કે આંખો મીંચીને બેઠા હો તો પણ કર્મનો બંધ થાય છે. આ કારખાનું અનંત કાળથી ચાલુ થયું છે અને તેમાં હડતાલ પડી નથી. સમયે સમયે સાત અથવા આઠ કર્મોનો (આયુષ્યનો બંધ જીવનમાં એક જ વખત થાય છે) બંધ પડે છે. આ બંધ ક્ષણે ક્ષણે પડતો હોય છે. આયુષ્ય કર્મનો બંધ ન પડતો હોય ત્યારે સાત કર્મનો બંધ પડે છે. અને કર્મ બંધનું કારણ અંદરમાં થતા રાગ-દ્વેષ છે.

**વંછે મોક્ષ કરે નહીં કરણી-ડોલત મમતા વાવમેં,**
**ચાહે અંધ જ્યું જલનિધિ તરવો બેઠો કાણી નાવમેં.**

જીવ લાગી રહ્યો પરભાવ મેં...
સહજ સ્વભાવ લખે નહીં અપનો, પડિયો મોહ કે દાવ મેં. (ચિદાનંદજી)

**કર્મબંધના મુખ્ય કારણો રાગ અને દ્વેષ છે. તથા રાગ દ્વેષ અને અજ્ઞાનમાં જેટલા પ્રમાણમાં તીવ્રતા ભળે છે એટલા પ્રમાણમાં ગ્રહણ કરાતા કર્મોમાં રસ પ્રગાઢ બનતો જાય છે.** આખા શરીરમાં લોહી પહોંચાડવાનું કામ નસ કરે છે પણ એ નસ ક્યારેક બંધ થઇ જાય છે - તેનું કારણ છે કોલોસ્ટ્રોલ. અને કોલોસ્ટ્રોલ થાય છે તે આંખો મીંચીને ઘી દબાવવાને કારણે થાય છે. પછી મદ્રાસમાં જઇને ''બાયપાસ સર્જરી''. જ્યારે આત્મા રાગદ્વેષ કરે છે ત્યારે તેની ડીગ્રી પ્રમાણે ગ્રહણ કરાતા કર્મના પરમાણુમાં ચીકાશ તૈયાર થાય છે.

કર્મબંધમાં ચાર ઘટનાઓ ઘટે છે.

**૧. પ્રકૃતિ બંધ ૨. સ્થિતિ બંધ ૩. રસ બંધ ૪. પ્રદેશ બંધ**

કમ્પ્યૂટરની માફક તરત રોજમેળ-ખાતાવહી તૈયાર થઇ જાય છે. જે સમયે આત્મા કર્મ ગ્રહણ કરે છે ત્યારે જ ચાર બાબતો નક્કી થાય છે.

**૧. પ્રકૃતિ બંધ** : કર્મોની પ્રકૃતિ-સ્વભાવ શું છે - તે કયા પરિણામ, તે કયા ફળ આત્માને આપશે? એટલે કે જ્ઞાનને રોકશે? દર્શનને રોકશે? ચારિત્રને રોકશે? વીર્યને રોકશે? અંતરાય કરશે? સુખને-અવ્યાબાધ સુખને રોકશે? અગુરુલઘુગુણને રોકશે? કયું શરીર ને કેટલું આયુષ્ય? વગેરે નક્કી થઇ જાય એટલે કે પ્રકૃતિ નક્કી થઇ જાય.

**૨. સ્થિતિ બંધ** : તે જ વખતે કાળ નક્કી થઇ જાય. કાળ નક્કી થાય સાથે, ક્યારે ઉદયમાં આવશે અને કેટલા કાળ સુધી ઉદય વગર પડી રહેશે. એમ કર્મો બાંધ્યા પછીમાં - બંધ નક્કી થયા પછીમાં - એક અબાધાકાળનો ગાળો આવે છે. જે અબાધાકાળના ગાળામાં કર્મો કાંઇ ફળ આપી શકતા નથી. પણ નક્કી થઇ જાય -કે બરાબર ૧૨:૦૫ મિનિટે તાવ આવ્યો. ૧૨:૦૦ સુધી કાંઇ નો'તું તો આ અચાનક કેમ થયું? જે અશાતા વેદનીય કર્મને ભાગ ભજવવાનો છે તેનાં પ્રારંભનો ટાઇમ ૧૨:૦૫નો છે. ગમે ત્યાં હશો - એ.સી.માં હશો - એ.સી.ની બહાર હશો - તાવ તો આવવાનો છે જ. આમ કર્મોની સ્થિતિ નક્કી થઇ જાય છે.

**૩. રસ બંધ** : કર્મોમાં રસ (તાકાત-શક્તિ-ક્ષમતા-ચીકાશ) કેટલો છે?

લોટમાં લોટ નાખો લોટ ન બંધાય.
લોટમાં પાણી નાખો તો લોટ બંધાય.
લોટમાં પાણી તથા ઘી નાખો તો લોટ સરસ બંધાય.

જેવું ઘી તેવી મીઠાઇ. જેવા રાગદ્વેષના ભાવ તેવી કર્મમાં ચીકાસ. માટે મહાપુરુષો કહે છે જ્યારે કર્મોના પરિણામ ભોગવવાના આવે ત્યારે રડવું નહીં - તેનો ફાયદો શું? એ ચેતવા જેવું તો ત્યારે હતું કે જ્યારે કર્મો કરી રહ્યા હતા ને તે વખતે જાગવા જેવું હતું. હવે કર્મો ફળ આપી રહ્યા

છે ત્યારે રડો તો શું વળે? ત્યારે કલેશ કરો તો શું વળે? ત્યારે ઝેર ખાવ તો શું વળે? ત્યારે ઘાસલેટ છાંટીને બળો તો યે શું વળે? કર્મો તો એમ કહે છે કે ઘાસલેટ છાંટ્યું અને આ શરીર ગયું તો બીજું શરીર તૈયાર છે. ઘરમાં જેમ ગાદલું ધોવું હોય તો એક ખોળ ઉતારીએ અને નવી ખોળ પહેરાવીએ. તમારી પાસે ગાદલા માટે બે/ચાર ખોળો હોય પણ કર્મસત્તાને ભોગવવા ૮૪ લાખ યોનિ છે, શરીર-ખોળો છે. નવું શરીર તૈયાર થશે જશો ક્યાં? તેનું પરિણામ અવશ્ય ભોગવવું પડશે. અને જેટલી તીવ્રતાથી કર્મો કર્યાં હશે તેટલી તીવ્રતાથી કર્મના પરિણામ ભોગવવા પડશે.

**બંધ સમય ચિત ચેતીએ રે, શો ઉદયે સંતાપ સલુણા?**

કલાવતી પર શંખ રાજાને શંકા થઇ છે. સ્પષ્ટતા કર્યા વગર સેવકોને આજ્ઞા કરી કે જાવ, કલાવતીને જંગલમાં લઇ જાવ અને હાથ કાપી નાખો. તે ગર્ભવતી હતી - મહારાણી હતી. પ્રસવ થવાનો છે - એકલી છે - અસહ્ય વેદના થાય છે, મનની પણ પીડા છે. ત્યારે જ્ઞાની પુરુષને પૂછે છે કે આ મારે કેમ દુઃખો સહન કરવા પડ્યા? જવાબ આપે છે એક રાજકુમારીના ભવમાં તેં એક પોપટ પાળ્યો હતો. તેની બહુ જ સંભાળ રાખતી હતી - તું એને બહાર જવા દેતી નો'તી. પણ એક દિવસ લાગ મળતા પોપટ પાંજરામાંથી ઊડી ગયો. સૈનિકોએ પોપટને પકડીને પાછો સોંપ્યો. તે વખતે તને વિચાર આવ્યો કે પાંખો હતી માટે પોપટ ઊડ્યો ને? તેં પોપટને કહ્યું કે મેં તને આટલો સાચવ્યો - આટલો સંભાળ્યો તો યે મારી રજા વગર ઊડી ગયો? અરે બેન! તું કોની સાથે વાત કરે છે? પોપટને શું ખબર પડે કે તેં એને સાચવ્યો છે?

**તીવ્રતમ ક્રોધના કારણે પોપટની પાંખો કાપી નાખી. કર્મ તીવ્ર રસથી બંધાયું. એ કર્મ ઉદયમાં અત્યારે આવ્યું છે. તેથી તમારા હાથ કપાઇ ગયા. આને રસ કહે છે. સૌથી વધારે કર્મતંત્રમાં નડનાર રસ છે - ચીકાસ છે - કોલેસ્ટ્રોલ છે - એ નડે છે. તેને કહેવાય છે અનુભાગ.**

**કેટલા પ્રમાણમાં કર્મોમાં તમે રસ ઉત્પન્ન કરો છો?**

**કેટલા જોરથી તમે કર્મો કરો છો?**

**કેટલા જોરદાર કષાયોથી કર્મો કરો છો?**

**કેટલા જોરદાર રાગદ્વેષથી કર્મો કરો છો?**

**માટે મહાપુરુષો કહે છે કે રાગદ્વેષ મંદ જોઇએ - રાગદ્વેષ ન જોઇએ - અકષાય અવસ્થા જોઇએ. જેટલા રાગદ્વેષ તીવ્ર તેટલા કર્મો ચીકણાં થાય છે.** અને એ ચીકણા કર્મો આપણને પોતાને જ નડે છે, તો અનુભાગ બંધ એટલે રસ બંધ.

**૪. પ્રદેશ બંધ :** અને ચોથી ઘટના પ્રદેશ બંધ. એટલે કર્મના પરમાણુઓનો જથ્થો. એ પણ નક્કી થઇ જાય - તો ચાર બાબતો થઇ.

૧. પ્રકૃતિ બંધ ૨. સ્થિતિ બંધ ૩. રસ બંધ ૪. પ્રદેશબંધ

૧. પ્રકૃતિ બંધની બહુ ચિંતા નથી.

૨. સ્થિતિ બંધમાં ફેરફાર કરી શકાય છે. (સ્થિતિ બંધ = ક્યારે ઉદયમાં આવશે)

૩. પ્રદેશ બંધ આપણા હાથની વાત નથી (પ્રદેશ બંધ = કર્મના પરમાણુઓનો જથ્થો)

૪. પણ રસ બંધ જે થાય છે, જે ચીકાસ ઉત્પન્ન થાય છે કર્મના પરમાણુઓમાં, અને જેટલા પ્રમાણમાં તે ચીકાસ એટલો આપણા જીવનમાં એ અવરોધ ઉત્પન્ન કરે છે. અને આ અવરોધ હોવાને લીધે આપણા જીવનમાં જે સાચી પ્રક્રિયા ચાલી શકવી જોઇએ તે ચાલતી નથી.

વચનામૃત ૬૪૪ : આસો વદ ૩, રવિવાર : વર્ષ ૨૮મું

''અનાદિથી વિપરીત અભ્યાસ છે'' જેમ વાંદો અવળો પડ્યો હોય તો પગ હલાવ્યા જ કરે, જો સીધો ન થાય તો ગયો. હવે વાંદો તો અવળો થાય છે - કલાક બે કલાક થતો હશે પણ આપણે તો અનંતકાળથી અવળા પડ્યા છીએ - કોઇ આપણને સીધા કરતા નથી. કોઇ સીધા થવા દેતાં નથી. સીધા કરવા તો ઘણાં આવે છે પણ સવળા થતા નથી.

આ જીવ વીર્ય તો વાપરે છે પણ અવળું.
આ જીવ જ્ઞાન તો વાપરે છે પણ અવળું.
આ જીવ શ્રદ્ધા તો વાપરે છે પણ અવળી.
આ જીવ ચારિત્ર્ય તો વાપરે છે પણ અવળું.
અવળો ઉપયોગ કરે છે
અનાદિથી વિપરીત અભ્યાસ છે.
અનાદિથી રાગનો અભ્યાસ છે.
અનાદિથી આસક્તિનો અભ્યાસ છે.
અનાદિથી મોહનો અભ્યાસ છે.
અનાદિથી વાસનાઓનો અભ્યાસ છે.
અનાદિથી દ્વેષનો અભ્યાસ છે.
અનાદિથી કષાયનો અભ્યાસ છે.

બધાનો (અવળાપણાનો) પ્રબળ અભ્યાસ છે. ક્યાંય ક્રોધ કેમ કરવો એની શિબિર ચાલે છે ખરી? ક્રોધ કરતા શિખવાડવું પડતું નથી - નાનું બાળક હોય, કોણે તેને કહ્યું કે તું ક્રોધ કર. જો તેના હાથમાં ચોકલેટ આપી હોય અને તે પછી પાછી લેવા જાવ તો ગામા પહેલવાન જેટલી તાકાત ચોકલેટ ન આપવા માટે વાપરશે. એને કોણે શિખવાડ્યું? કારણ કે અનાદિનો અભ્યાસ-વિપરીત અભ્યાસ - કષાયોનો અભ્યાસ - વિષયોનો અભ્યાસ, માટે જ કષાયો તરફ જવું અને વિષયો તરફ જવું જીવને સહેલું થઇ પડ્યું છે.

''તેથી વૈરાગ્ય - ઉપશમ આદિ ભાવોની પરિણિતિ એકદમ ન થઇ શકે.'' (વચનામૃત ૬૪૪). નિરાશ ન થાવ પણ તથ્યને સ્વીકારી લો. એવો વિપરીત અભ્યાસ અનાદિથી કર્યો છે.

પણ વૈરાગ્યનો - ઉપશમનો - ત્યાગનો - અનાસક્તિનો - સમતાનો - સમભાવનો અભ્યાસ કર્યો નથી માટે એવા જે ભાવો છે ''તેની પરિણતિ એકદમ ન થઇ શકે અથવા થવી કઠિન છે.'' (શ્રીમદ્જી વચનામૃત ૬૪૪). આ કઠિન છે માટે બળ વાપરવું પડશે-માટે સામર્થ્ય વાપરવું પડશે -માટે જોર વાપરવું પડશે - માટે તાકાત વાપરવી પડશે - કારણ કે અભ્યાસ ખોટો થયો છે ''તથાપિ નિરંતર તે ભાવો પ્રત્યે લક્ષ રાખે તો અવશ્ય સિદ્ધિ થશે.'' છતાં પણ અંદરમાં જો લક્ષ રહેશે - વૈરાગ્યાદિક ભાવો તરફ - અકષાય ભાવો તરફ - વીતરાગભાવ તરફ - લક્ષ જો રહેશે તો અવશ્ય સિદ્ધિ થશે.

હવે મહત્ત્વની વાત એ કરવી છે - જે ક્ષયોપશમ લબ્ધિમાં કરવાની છે - ''સત્સમાગમનો યોગ ન હોય ત્યારે તે ભાવો જે પ્રકારે વર્ધમાન થાય તેમ કરવું.''. સત્સમાગમનો યોગ જો હોય તો એના જેવી ઉત્તમ વાત એકેય નથી પણ એવો યોગ જો ન હોય તો તે પ્રકારના દ્રવ્ય-ક્ષેત્ર-આદિ ઉપાસવા અને સત્શાસ્ત્રનો પરિચય કરવો યોગ્ય છે. શાસ્ત્રોમાં આ જ વાત આવશે કે જાગો-આ વૈરાગ્યાદિ બળ કેળવો.

**સૌ કાર્યની પ્રથમ ભૂમિકા વિકટ હોય છે. કોઇપણ કાર્યનો પ્રારંભ કરશો, વ્યવહારિક કાર્ય હોય કે આધ્યાત્મિક કાર્ય હોય, વેપારનું કાર્ય હોય કે કૌટુંબિક જીવનનું કાર્ય હોય. કોઇપણ કાર્યની પ્રથમ ભૂમિકા વિકટ હોય છે. તો પછી અનંતકાળથી અનભ્યસ્ત (જેનો અભ્યાસ કર્યો જ નથી) એવી મુમુક્ષુતા માટે તેમ કેમ (એટલે કે વિકટ)ન હોય તેમાં કોઇ આશ્ચર્ય નથી. આ અનભ્યસ્ત અવસ્થા છે. એ અનભ્યસ્ત અવસ્થાના અભ્યાસનો પ્રારંભ ક્ષયોપશમ લબ્ધિમાં થાય છે.** ત્રણ શબ્દો સમજીએ.

૧. ક્ષય ૨. ઉપશમ ૩. લબ્ધિ

<u>ત્રીજો શબ્દ :</u> **લબ્ધિ એટલે કર્મતંત્રમાં ફેરફાર થવાના પરિણામે અંદરમાં પ્રગટ થતી આત્માની એક અવસ્થા એને કહેવાય છે લબ્ધિ. લબ્ધિને કહેવાય છે ક્ષમતા. લબ્ધિને કહેવાય છે કાર્ય. પણ આ કાર્ય કેવી રીતે બને છે?**

<u>પહેલો શબ્દ :</u> **ક્ષય તેનો અર્થ એમ થાય છે કે જે કર્મો ઉદયમાં આવી રહ્યા છે, કર્મના ઉદયની એક ધારા ચાલે છે, એ ઉદયમાં આવતા કર્મોનું ખરી પડવું એને કહેવાય છે ક્ષય.**

કદાચ કઠિન લાગે. કદાચ ન પણ સમજાય. પણ નથી સમજાતું એમ કહીને આંખો બંધ ન કરશો. કઠિન છે માટે વધુ જાગૃત રહેજો. જે કર્મનો પ્રવાહ ઉદયમાં આવી રહ્યો છે તે ઉદયમાં આવેલ કર્મ પોતાનું કામ કરીને ખરી પડે છે. એ કર્મનું જે ખરી પડવું તેને કહેવાય છે ક્ષય. કપડાં પર ધૂળ ચોંટી છે, ચીકાશ નથી એટલે ખંખેરી નાખો - તો ધૂળ નીકળી જાશે. એટલે કે ધૂળ ખરી પડી એમ કહેવાશે. એમ ઉદયમાં આવતા જે કર્મો ખરી પડવા-ચાલ્યા જવા-નષ્ટ થવા એને કહેવાય છે ક્ષય.

<u>બીજો શબ્દ :</u> **ઉપશમ કર્મો અંદર છે-એની સત્તા છે-એની હાજરી છે પણ અંદર હાજર હોવા છતાં-અંદરમાં તેની સત્તા હોવા છતાં-અમુક કાળ સુધી કાંઇ પણ પરિણામ આપી ન શકે**

**એવી સ્થિતિમાં કર્મનું મુકાઇ જવું તેને કહેવાય છે ઉપશમ. બે શબ્દો થયા-ક્ષય અને સાથે ઉપશમ.**

**અને આ ક્ષયની પ્રક્રિયા તથા ઉપશમની પ્રક્રિયા જ્યારે ચાલતી હોય તે વખતે અંદર બહુ બાધા અને બહુ અવરોધ ઉત્પન્ન ન કરે એવા કર્મના ઉદયનો પ્રવાહ ચાલુ હોય તેને કહેવાય છે ઉદય.**

તો ક્ષય-ઉપશમ-એ મળીને જે પ્રક્રિયા થાય છે તેને કહેવાય છે ક્ષયોપશમ-દેશઘાતિ પ્રકૃતિઓના-દેશઘાતિ સ્પર્ધકોનું ઉદયમાં હોવું, અને એ વખતે ઉદય હોવા છતાં અંદર કાર્ય થઇ શકે-અંદર ચિંતન થઇ શકે-અંદર મંથન થઇ શકે. તો પહેલી વાત જેનાથી તત્ત્વનો વિચાર થઇ શકે એવો આત્મામાં પ્રગટ થતો ક્ષયોપશમનો ભાવ એ આત્મામાં બનતી ઘટના છે. જ્યાં તમે તત્ત્વ વિચાર કરી શકો તેવી અવસ્થામાં તમે મુકાઇ શકો છો-તત્ત્વ ચિંતન કરી શકો છો-તત્ત્વ વિચાર કરી શકો છો.

જગતમાં અબજો માણસો હોવા છતાં તત્ત્વ વિચાર કરવાનો ભાવ સૌના હૃદયમાં આવતો નથી. તેમાંથી આંગળીના વેઢે ગણી શકીએ તેટલા લોકોમાં જ એ ભાવ (તત્ત્વ વિચારનો ભાવ) આવે છે. અને જેટલાઓને તત્ત્વ વિચારનો ભાવ આવે છે તેમાંથી આંગળીના વેઢે ગણી શકીએ તેટલા લોકો જ તત્ત્વ વિચાર કરી શકે છે. અને જેટલા લોકો તત્ત્વ વિચારનો પ્રારંભ કરે છે તેમાંથી આંગળીના વેઢે ગણી શકીએ તેટલા લોકો જ તત્ત્વ ચિંતનમાં જઇ શકે છે. અને જેટલા લોકો તત્ત્વ ચિંતનમાં જાય છે તેમાંથી આંગળીના વેઢે ગણી શકીએ તેટલા લોકો જ તત્ત્વનું મનન કરી શકે છે. અને જેટલા લોકો તત્ત્વનું મનન કરી શકે છે તેમાંથી આંગળીના વેઢે ગણી શકીએ તેટલા લોકો જ તત્ત્વનું સંવેદન કરી શકે છે. આ બહુ લાંબી યાત્રા થઇ. પણ આ સમગ્ર યાત્રામાં કર્મ પોતાનું કામ પણ કરે છે, તો આ થઇ આત્મા તરફની તૈયારી.

અને આવી આત્મા તરફથી તૈયારી કેવી રીતે થાય? તો એક શબ્દ સમજી લો-અશુભ જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-મોહનીય અને અંતરાય આ ચાર ઘાતી કર્મો છે. ઘાતી કર્મો મૂળ ગુણને કામ કરવા ન દે. આ મૂળ ગુણો એટલે જ્ઞાન-દર્શન-ચારિત્ર્ય અને વીર્ય. અનંત જ્ઞાન અને અનંત આનંદ તે તમારી મૂળ મિલ્કત છે. તે મૂળ ગુણો ઉપર આ ચારે ચાર ઘાતિ કર્મો બેસી ગયા છે. એ કર્મોનો અનુભાગ-એટલે કે રસ-જે કાળમાં સમયે સમયે અનંતગુણા ક્રમથી ઘટતો જાય છે તેને ક્ષયોપશમ લબ્ધિ કહે છે. **તેમાં શું થાય છે? જે જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-મોહનીય અને અંતરાય એ ચારે ચાર કર્મોમાં જે અનંતગુણો રસ હતો (-રાગદ્વેષના કારણે) હવે ક્ષયોપશમ લબ્ધિનો પ્રારંભ જ્યારે થયો ત્યારે એ રસ અનંત અનંત ગુણ ઘટતો જાય છે. ઓછો થતો જાય છે. ચીકાશ અંદરથી ઘટતી જાય છે.**

તેલ કપડામાં લાગ્યું છે,
પાણીમાં બોળ્યું તેલ થોડુંક ઓછું થયું.
સાબુમાં બોળી રાખ્યું તેલ થોડુંક ઓછું થયું.

સાબુ લગાડ્યો તેલ થોડુંક ઓછું થયું.
ધોકા માર્યા તેલ થોડુંક ઓછું થયું.

એમ ધીમે ધીમે એ ચીકાશ ઘટતી જાય. એમ જે પોતાની પાસે કર્મો છે તેમાં જે રસ છે તે સમયે સમયે અનંતગુણા ક્રમથી ઘટતો જાય છે. આ ક્રમ સમજો.

પહેલા સમયે અનંતગુણો રસ ઓછો થયો.
બીજા સમયે તેનાથી અનંતગુણો રસ ઓછો થયો.
ત્રીજા સમયે તેનાથી અનંતગુણો રસ ઓછો થયો.

**એમ સમયે સમયે કર્મમાં રહેલો જે તીવ્ર રસ છે તે ઘટતો જાય અને પછી એ કર્મો ઉદયમાં આવતા જાય અને એ કર્મો ખરી પડતા જાય એવી અવસ્થા જે આવવી તેને કહે છે ક્ષય. એમાં શું થાય છે? આવી અવસ્થા જ્યારે આવે છે ત્યારે તત્ત્વ વિચાર કરવાની અનુકૂળ તક અંદર ઊભી થાય છે. ત્યાં સુધી જીવ તત્ત્વ વિચાર કરતો નથી.** તમને વિચાર એવો આવતો હશે કે આટલી બધી વાત કરીએ છીએ છતાં લોકો શા માટે તત્ત્વનો વિચાર કરતા નહીં હોય? પણ કરે ક્યાંથી? કારણ કે અંદર રસ પડ્યો છે – અનભ્યસ્ય અવસ્થા છે, એમણે અભ્યાસ કર્યો નથી. **અને એવા કર્મોનું અને બાકીના કર્મોનું સત્તારૂપ જે હોવું એને કહેવાય છે ઉપશમ. એ ક્ષય અને ઉપશમ બે મળીને, આ બાંધેલા કર્મોમાંથી રસ તૂટી જતાં તત્ત્વ વિચાર કરી શકે એવી અવસ્થા અંદર જે પ્રાપ્ત થવી તેને કહેવાય છે ક્ષયોપશમ લબ્ધિ. ચિત્ર હજુ સ્પષ્ટ કરો, તત્ત્વ વિચાર કરવાનું કામ તમારું છે એ ઘટના તમારામાં ઘટશે. પણ તત્ત્વ વિચારની ઘટના તમારામાં જે વખતે ઘટશે ત્યારે કર્મતંત્રમાં આ પ્રક્રિયા (ચીકાશ ઘટવાની પ્રક્રિયા) થયેલી હશે. તમે જાણી નહીં શકો કે રસ તૂટી રહ્યો છે. તમે જાણી નહીં શકો કે અનંતગુણો રસ તૂટી રહ્યો છે પણ તમારા અંદરમાં જે ભાવની ધારા ઊઠે છે – જે શુભભાવની ધારા ઊઠે છે – જે તત્ત્વ ચિંતનની ધારા ઊઠે છે – જે તત્ત્વ વિચારની ધારા ઊઠે છે એ ધારાને કારણે એ કર્મોમાં રહેલો રસ તૂટતો જાય છે.** તમને ખ્યાલ નહીં આવે કે અંદરનો રસ (અનુભાગ) તૂટી રહ્યો છે પણ તમે તમારા અંદરમાં તત્ત્વચિંતનની ધારામાં જે વખતે ઢળશો ત્યારે સામે જે કર્મો છે તેનો રસ તૂટતો જશે. અથવા એમ પણ કહો કે સામે જે કર્મો છે – એનો અનુભાગ (રસ) જેટલા પ્રમાણમાં તૂટે છે તેટલા પ્રમાણમાં તમે તત્ત્વવિચાર કરી શકશો–આ સાપેક્ષ છે. એકમેક ઉપર આધારિત છે. એવી ઘટના જ્યારે ઘટે છે ત્યારે અનાદિકાળ પછી આ જીવના હૃદયમાં તત્ત્વના વિચારનો પ્રાદુર્ભાવ થાય છે. ત્યાં સુધી ખાના–પીના–રોના–સોના–મર જાના, પતી ગયું. આવું જ ચાલશે. બીજું નહીં થાય. માટે જ કહ્યું કે,

**લાખ ચોરાસી પહેર્યા ચોલના–નવનવ રૂપ બનાયો,**
**બિન સમકિત સુધારસ ચાખ્યા ગીનતી એ ન ગણાયો.**
**મૂરખ વૃથા જનમ ગુમાયો...**

**અનંત જન્મો પસાર થયેલા હોવા છતાં એવી તક એવો ચાન્સ નથી મળ્યો - એવો ચાન્સ પહેલી વખતે મળે છે, એ વખતે ગ્રહણ કરેલા જ્ઞાનાવરણીય આદિ કર્મોમાં રહેલો તીવ્ર રસ તે વખતે અનંતગુણ ક્રમથી તૂટી ગયેલો હોય છે, એવી હળવાશ થવાના પરિણામે તત્ત્વ વિચાર કરવાની તક અંતરમાં ઊભી થાય છે. એવી જે આત્મામાં થતી અવસ્થા તેને કહેવાય છે ક્ષયોપશમ લબ્ધિ.** આ બીજ છે. બીજ ખીલશે-બીજમાંથી અંકુર થશે-છોડ આવશે-છોડ પર કળી આવશે-કળી ઉપર ફૂલ આવશે-ફૂલ ઉપર ફળ આવશે-એમાંથી મોટો વડલો થશે.

તેનું પહેલું પરિણામ : અનંતકાળ પછી પ્રથમ વખતે તત્ત્વ વિચારનું બીજ તેને પ્રાપ્ત થાય છે. આ એક પરિણામ છે. આ ક્ષયોપશમ લબ્ધિના પ્રતાપથી અશુભ કર્મોના રસોદય ઘટે છે. તેથી શું થાય છે? તેનું બીજું પરિણામ એ આવે છે કે આત્મામાં તીવ્ર કષાયોથી પ્રેરિત જે સંક્લિષ્ટ પરિણામો થાય છે તેનું બળ ઘટે છે. સંક્લિષ્ટ પરિણામ એટલે તીવ્રતમ કષાયોની હાજરીમાં જે ભાવો થાય છે તે.

શ્રેણિક મહારાજા મહાવીર ભગવાનને કહે છે કે મારા માથે ચૌદ ભુવનના ધણી અને આપ કહો છો કે મને ક્ષાયિક સમ્યગ્દર્શન છે અને છતાં મારે નરકમાં જવાનું છે? તમે મને બચાવી ન શકો? કાંઇ ઉપાય નથી? લાચાર? ત્યારે ભગવાન મહાવીર સ્વામી કહે છે ''નિય અવશ'' અવશ્ય જવું પડશે. કોઇ બચાવી ન શકે. હું પણ બચાવી ન શકું. મનમાં એમ થતું હશે કે આ ભગવાન શું કામના? પણ આ તો વીતરાગ-તમને એમ કહે કે ''તમે દુ:ખ ભોગવો છો ને, તો ભોગવો કારણ કે તમે કર્મ કર્યા છે'' પણ આવું કહેનાર ન ગમે. માટે જ્ઞાની ગમતા નથી. પણ જોડે બેસીને તમારા ભેગો રોવા લાગી જાય, તેને તમે કહો કે અહો હો મોટો જ્ઞાની! વીતરાગ પુરુષ એને કહેવાય છે કે જે એમ કહે છે દુ:ખ તારે ભોગવવું પડે છે કારણ કે તેં કર્મ કર્યા છે. શ્રેણિક! એ દિવસ યાદ કર! ભર જુવાની હતી. શિકારનો પ્રગાઢ રસ હતો. તું જુવાન હતો-સાથે મંત્રીઓ હતા-સાથે સેનાપતિ હતા. સામે પ્રાણીઓ ચિચિયારીઓ પાડે છે ત્યારે તું આનંદ માણે છે.

**મજા આપણી-સજા-બીજાને આ તે ક્યાંનો ન્યાય,**
**સારથી રથને પાછો વાળ-**
**નથી પરણવું નથી પરણવું, ગર્જ્યા નેમ કુમાર**
**સારથી રથને પાછો વાળ.**

શ્રેણિક! તે વખતે એ ગર્ભવતી હરણી હતી-લીલો ચારો ચરતી હતી-આનંદ કિલ્લોલ કરતી હતી-અને તેં તારું બાણ ચલાવ્યું-બાણ લાગતાની સાથે હરણી ઘાયલ થઇ-બચ્ચું પણ જન્મ્યું! એક બાજુમાં બચ્ચું ઘાયલ છે અને બીજ બાજુમાં હરણી ઘાયલ છે. એ તરફડતા બચ્ચાને અને તરફડતી હરણીને ઉઘાડી આંખે જોઇને કહ્યું કે, ''જોયું! કેવું મારું બાણ? કેવો મારો ઘા? શ્રેણિક એ વખતે નરકમાં જવાની તૈયારી તેં કરી લીધી. હવે હું પણ બચાવી નહીં શકું. કોઇ પણ કર્મ જેટલા

તીવ્ર રસથી કરશો-જેટલો કર્મમાં તીવ્ર રસ પડ્યો હશે તેટલા કર્મના પરિણામ ભોગવતી વખતે કાઢું પડશે. આંખ નાની અને બોર બોર જેવડાં આંસુ. કોઇ બચાવી નહીં શકે.''

''નથી સહન થતું-નથી સહન થતું-બહુ પીડા થાય છે.'' મા-બાપ-પત્ની-મિત્રો-દીકરો પાસે બેઠા છે. પણ આ બધા શું કરશે? થોડી થોડી પીડા લઇ લે? તેઓ કહે છે પણ ખરા કે આની કરતાં તો મને દુઃખ આવ્યું હોત તો વધારે સારું થાત. પણ જે દિવસે ટ્રાન્સફર થઇ શકશે ત્યારે કોઇ આવો એક અક્ષર નહીં બોલે. આ તો થતું નથી માટે સૌ બોલે છે. જો દઇ શકાતું હોય તો તરત હાથ જોડશે કે તમારું દુઃખ તમે જ ભોગવો.

કર્મ કરતી વખતે અંદરમાં આવેલો તીવ્ર કષાય-દુઃખનું કારણ છે, **માટે મહાપુરુષો કહે છે કે પ્રવૃત્તિ ન જોશો પણ પ્રવૃત્તિ કરતી વખતે અંદરમાં તમારો કષાય કેવો છે તે બરાબર જોશો-એ કષાયની તીવ્રતા તેને કહેવાય સંક્લિષ્ટ પરિણામ.** જેટલા કષાય તીવ્ર તેટલા પ્રમાણમાં સંક્લિષ્ટ પરિણામ. સંક્લિષ્ટ પરિણામથી જેટલા કર્મો થાય છે તેટલા તીવ્ર રસવાળા-અને દીર્ઘ સ્થિતિવાળા થાય છે. કષાયોની તીવ્રતા કારણભૂત છે માટે જાગતા રહેજો.

**''બંધ સમય ચિત્ત ચેતીએ રે સો ઉદયે સંતાપ સલૂણા'' એવા સંક્લિષ્ટ પરિણામ જે અવસ્થામાં હાનિ પામે છે ત્યારે અંદરના વિશુદ્ધ પરિણામોનો પ્રારંભ થાય છે. કષાયોની તીવ્રતા હોય ત્યારે સંક્લિષ્ટ પરિણામ હોય અને કષાયો મંદ જ્યારે હોય ત્યારે વિશુદ્ધ પરિણામ હોય.** જ્યારે કષાય મંદ હોય ત્યારે ક્ષમાનો ભાવ આવે- ત્યારે સરળતાનો ભાવ આવે-ત્યારે દાનનો ભાવ આવે-ત્યારે નમ્રતાનો ભાવ આવે-ત્યારે ત્યાગનો ભાવ આવે-ત્યારે શીલનો ભાવ આવે-ત્યારે સદાચારનો ભાવ આવે અને કષાય જ્યારે તીવ્ર હોય ત્યારે દુનિયાભરનું પડાવી લેવાનો ભાવ આવે-બધાને ઠેકાણે પાડી દઉં એવા ભાવ આવે - બધાને ખબર પાડી દઉં કે આ બંદા કેવા છે એવા ભાવ આવે. જેટલા સંક્લિષ્ટ પરિણામ એટલી પ્રવૃત્તિમાં વેગ-એટલી પ્રવૃત્તિમાં તીવ્રતા-એટલી પ્રવૃત્તિમાં ધૃષ્ટતા-એટલી પ્રવૃત્તિમાં નિષ્ઠુરતા. આ સંક્લિષ્ટ કષાયોનું પરિણામ છે. આ સંક્લિષ્ટ કષાયો જ્યારે હોય ત્યારે અવશ્ય પાપ પ્રવૃત્તિ હોય. ત્યારે હિંસા પણ તીવ્ર-અસત્ય પણ તીવ્ર-ચોરી પણ તીવ્ર-વિષય વાસના પણ તીવ્ર-સંગ્રહવૃત્તિ પણ તીવ્ર. કષાય મંદ થયા સિવાય વિશુદ્ધ પરિણામ થતા નથી.''

**કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ**
**ભવે ખેદ-પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ.**

કષાય મંદ થયા સિવાય-ક્ષમા કેવી રીતે આપી શકશો?
કષાય મંદ થયા સિવાય-શાંતિ કેવી રીતે અનુભવી શકશો?
કષાય મંદ થયા સિવાય-બંને હાથ કેવી રીતે જોડશો
કષાય મંદ થયા સિવાય-બીજાને છેતરવાની વૃત્તિ કેવી રીતે ત્યાગી શકશો?
કષાય મંદ થયા સિવાય-પ્રબળ સંગ્રહવૃત્તિ કેવી રીતે શાંત થઇ શકશે?

**મંદ કષાયરૂપ ભાવ અંદર હોય અને તે વખતે અંદરમાં જે શુભ પરિણામોની ધારા વહેવાનો પ્રારંભ થાય તેને કહેવાય વિશુદ્ધિ લબ્ધિ.**

અંદરમાં હવે વિશુદ્ધિનો પ્રારંભ થવા લાગ્યો. મંદ કષાયોને કારણે એના પરિણામમાં ધીરે ધીરે નિર્મળતા આવતી જાય-નિર્મળતા આવતી જાય. **જેમ ફીલ્ટર મશીનમાં નાખેલા પાણીનો કચરો ગળાતો જાય-ગળાતો જાય પછી એક ટાઇમ એવો આવે કે પાણી ચોખ્ખું થાય છે. એમ એક ટાઇમ એવો આવે કે અંદરથી સંક્લેશ ઘટતો જાય-ઘટતો જાય અને તે વખતે અંદરમાં જે પરિણામ આવે તેને કહેવાય છે શુભ પરિણામ. આવા શુભ પરિણામ થઇ શકે એવી સ્થિતિમાં કર્મોનું મૂકાઇ જવું તેને કહેવાય છે વિશુદ્ધિ લબ્ધિ.** ત્યાં શું થાય? મોહનીય કર્મનો ઉદય મંદ થાય. યાદ રાખજો બાકી બીજાં કર્મોનો ઉદય હોય તેના કરતાં મોહનીય કર્મ જો કડેધડે હોય અને એનો ઉદય જો તીવ્ર હોય તો જીવનમાં તમામ કર્મોને પૂરેપૂરી તક મળે છે. જ્ઞાનવરણીય કે દર્શાનાવરણીય કર્મનું જોર બહુ નહીં ચાલે. પણ જો મોહનીયકર્મ પૂરજોશમાં હોય તો બાકીના બધાં કર્મોને પૂરેપૂરું પોષણ મળે છે. એક તો ગાંડો બાવળિયો-પછી એને પાણી પાયું-અને પાછું યુરિઆ ખાતર નાખ્યું-પછી શું જોઇએ? આમેય ગાંડો બાવળ રણમાં વધે. પાણી વગર પણ વધે-તેને પાણી પાયું-પછી ખાતર નાખ્યું પછી એના વધવામાં શું ખામી? શાસ્ત્રોમાં એમ કહ્યું કે મોહનીયકર્મ જોરમાં હોય તો તમામ-બીજા પ્રકારના કર્મોની પ્રક્રિયા એટલા જોરમાં ચાલે. માટે પરમકૃપાળુ દેવે કહ્યું,

**કર્મો આઠ પ્રકારનાં તેમાં મુખ્ય ચાર,**
**તેમાં પણ મોહનીય વડું, હણાય તે કહું પાઠ.**

મોહ તો રીંગલીડર છે. બધાય તેના કાબૂમાં છે. આ બધાને પોષે છે. ''હું જ્યાં હઇશ ત્યાં તમને બોલાવી લઇશ અને તમને આવતા કોઇ રોકી શકશે નહીં'' એવી તાકાત મોહમાં છે. **અને મોહ મંદ પડ્યા સિવાય ધર્મનો પ્રારંભ થઇ શકશે નહીં. વિશુદ્ધિ લબ્ધિમાં મોહનીય કર્મનો ઉદય મંદ થાય છે. અર્થાત્**

**મોહનું જોર ઘટે છે.**
**અહંકારનું જોર ઘટે છે.**
**મમત્વનું જોર ઘટે છે.**
**આસક્તિનું જોર ઘટે છે.**
**વાસનાનું જોર ઘટે છે.**
**મૂર્છાનું જોર ઘટે છે.**
**એવી પરિસ્થિતિમાં તત્ત્વ ચિંતન કરવાની ભૂમિકા દઢ બની જાય છે.**

અને બીજી વાત-કર્મોની બે પ્રકારની ધારા છે : ૧. અશુભ પ્રકૃતિ ૨. શુભ પ્રકૃતિ જેમકે શાતાવેદનીય-એ શુભ પ્રકૃતિ છે. કોઇનું શરીર સારું હોય-ઘણા લોકો તો એમ કહે છે કે અત્યારે

પણ ૫૦૦ ગ્રામ ઘી ઊભા ઊભા પી જઇએ. ઊભા ઊભા! ભગવાન જાણે કે શું થતું હશે એમને! શરીર સારું. એ ૫૦૦ ગ્રામ ઘી પી શકે. પછી આપણને એમ થાય કે આપણે પણ ૨૫૦ ગ્રામ પી જઇએ. બધુ બંધ. દવાખાના ભેગા. ન ચાલે. કોઇના શરીર સારા હોય, આ શાતા વેદનીય કર્મ. સુખ હોય, અનુકૂળ સંજોગો હોય, અનુકૂળ સ્ત્રી હોય, અનુકૂળ પુત્ર હોય, પાંચે ઇન્દ્રિયો હોય-ધારે તેમ થતું હોય, એને પૂછીને બધા કામ કરતા હોય, બધા એના કહ્યામાં રહેતા હોય-આ પુન્યનું જોર છે.

**જબ તક તેરા પુણ્ય કા બીતત નહીં કરાર,**
**તબ તક તુજકો માફ હૈ ગુન્હા કરે હજાર.**

બહુ છકીશ નહીં. આ પુણ્ય કાયમ નથી, તેને ક્ષીણ થતાં પણ વાર નહીં લાગે. **શાતાવેદનીય-અર્થાત્ કે શુભ પ્રકૃતિઓ. જ્યારે મંદ કષાય થાય છે ત્યારે શુભ પ્રકૃતિઓનો (શાતા વેદનીય આદિ શુભ પ્રકૃતિનો) બંધ થાય છે. અને આ શાતાવેદનીય આદિ શુભ પ્રકૃતિઓનો બંધ થયો હોય અને એવી શુભ પ્રકૃતિના કારણે જે અનુકૂળ સાધનો મળ્યા હોય અને તે વખતે સત્પુરુષનો યોગ થયો હોય અને જીવ જાગી જાય તો પ્રાપ્ત થયેલા સાધનોનો ઉપયોગ તે મોક્ષ માટે કરી શકે છે. આ મોટી સંભાવના છે.** શરીરનાં બે ઉપયોગ થાય. ભોગો ભોગવવા હોય તો ભોગવી શકાય અને યોગ સાધવો હોય તો સાધી પણ શકાય. પેટમાં જેટલું નાખવું હોય તેટલું નાખી શકાય. પણ કોક ભાગ્યશાળી હોય તો આઠ ઉપવાસ પણ કરી શકે છે.

**શરીર જ્યારે મળ્યું છે-સ્વસ્થ શરીર મળ્યું છે-અને સાધનો મળ્યા છે તે મંદ કષાયના કારણે મળ્યા છે.**

**મંદ કષાય હતો ત્યારે મોહ મંદ થયો.**

**મોહ જ્યારે મંદ થયો ત્યારે શાતાવેદનીય આદિ શુભ પ્રકૃતિનો બંધ પડ્યો.**

**આવા બંધથી ત્યારે અનુકૂળ સાધનો મળ્યા.**

**અનુકૂળ સાધનો મળ્યાં, એટલે સદ્ગુરુદેવ મળ્યા.**

**સદ્ગુરુદેવ મળ્યા ત્યારે સાચી સમજણ મળી.**

**અને સાચી સમજણ પ્રાપ્ત થઇ ત્યારે તે અનુકૂળ સાધનોનો ઉપયોગ, કર્મક્ષય માટે કરવા લાગ્યો.**

**આવી ઘટના જ્યાં ઘટવાની શક્યતા છે તેને કહે છે વિશુદ્ધિ લબ્ધિ.** પૂરી ઘટના હજુ ઘટી નથી. હજુ તો પ્રારંભ થયો છે. આનાથી તેને ધર્મ અનુરાગ થયો છે એટલે ધર્મ પ્રત્યે એના અંદરમાં પ્રેમ જાગૃત થયો છે.

**ધર્મ સમય બલહીન-પરદારા શું રંગે રમ્યો રે**
**મનમોહનજી જગતાત-વાત સુણો જિનરાજજી રે.**

ભગવાન! મારે આપની પાસે વ્યથા રજૂ કરવી છે. મારી જાત તમારી પાસે પ્રગટ કરવી છે. હું આવો છું ભગવાન! કે ધર્મ કરવાનો સમય આવે છે ત્યારે હું નિર્બળ બની જાઉં છું.

મારામાં બળ નથી-મારામાં શક્તિ નથી-મારામાં તાકાત નથી-હું નહીં કરી શકું. ''આપણું ભાગ્ય નથી'' એમ હું કહું છું - ધર્મ સમય બલહીન! અને પરસ્ત્રીગમનમાં રંગ રાખીને રમ્યો. બિલ્વમંગળને ખબર ન પડી કે આ જમના નદી બન્ને કાંઠે આવી છે. અમાવસ્યાનો કાજળ ઘેરો અંધકાર છે-ચિંતામણિ નામની નર્તિકાનો મહેલ સામે કિનારે છે. રાત્રિના બાર વાગ્યા છે, અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. ચારે તરફ ઘોર અંધકાર છે, ચિંતામણિના મહેલ પર જવાય કઇ રીતે? આવામાં તેણે સાહસ કર્યું. એક મડદું તરતું આવતું હતું અને તેના પર બિલ્વમંગળ બેસી ગયો. એને એમ થયું કે ચિંતામણિએ મને મારા માટે નાવ મોકલી આપી છે. અને ત્યાં મહેલ પાસે પહોંચ્યો ત્યાં દરવાજા બંધ હતા, એક બારી ઉઘાડી હતી. ત્યારે બિલ્વમંગળ વિચાર કરે છે કે ચિંતામણિ બહુ ડાહી છે.

મુખ્ય દરવાજો બંધ પણ બારીથી આવવા કહે છે, પણ ઉપર જવું કઇ રીતે? ત્યાં એક મોટો નાગ લટકતો હતો, એ તેને દોરડું લાગ્યું. તે પકડીને ઉપર ગયો. ભાગ્ય સારા કે બચી ગયો. મડદા પર બેસીને આવ્યો તો યે ડૂબ્યો નહીં અને સાપને દોરડું માનીને ચડ્યો તો તેણે ડંખ માર્યો નહીં. એ બચી ગયો. ત્યાં ચિંતામણિએ પૂછ્યું કે ''તમે આવ્યા કેવી રીતે?'' બિલ્વમંગળે કહ્યું કે ''તેં જ બધી વ્યવસ્થા કરી રાખી છે ને? નાવ તેં મોકલી અને દોરડું પણ તેં બાંધી રાખ્યું છે.'' ત્યારે ચિંતામણિએ બતાવ્યું કે નાવ નથી પણ મડદું છે-દોરડું નથી પણ સાપ છે, આમાં બેસીને તમે આવ્યા? અને કહ્યું,

**હાડ ચામમય દેહ યહ, ઇતનેં મેં જો પ્રીતિ,**
**હોત ઇતની રઘુવીરમેં, તો હોત નહીં ભવભીતિ.**
**ધીક ધીક ઐસે પ્રેમ કો, કહાં કહું મેં નાથ,**
**લાજ ન લાગત આપકુ, ચલે આયે હો સાથ.**

તમને શરમ ન આવી? આ પ્રેમને ધિક્કાર છે, એ બિલ્વમંગળ હતો. તેને ઘા લાગ્યો. અને બિલ્વમંગળ સુરદાસ થયો. જ્યારે ઘા લાગે છે ત્યારે ટ્રાન્સફરમેશન-જીવનું પરિવર્તન થાય છે.

મોહનું જોર જ્યારે હોય છે ત્યારે ધર્મ સમય બલહીન હોય છે. વિશુદ્ધિ લબ્ધિ પ્રાપ્ત થાય છે ત્યારે ધર્મનો રાગ થાય છે. પહેલા અર્થનો રાગ હતો, સત્તાનો રાગ હતો, સ્ત્રીનો રાગ હતો, મકાનનો રાગ હતો, સારા કપડાંનો રાગ હતો, વાળનો રાગ હતો. અરે, જો જો વાળ ઘાસના પૂળાની જેમ બળશે. **જેવો રાગ આ બધા પદાર્થોનો છે એ બધો રાગ મંદ પડે અને ધર્મનો રાગ જ્યારે પ્રાપ્ત થાય તે અવસ્થાને કહેવાય છે વિશુદ્ધિ લબ્ધિ.** સમજવામાં ભલે કઠિન પડે પણ એક વખત પ્રેમથી-ઉલટ લાવીને-તન્મયતા પૂર્વક નિશ્ચિત કરજો કે આ તો કામ કરવું જ છે. યાદ રાખજો કે જ્યાં સુધી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ નહીં થાય ત્યાં સુધી ઠેકાણું નહીં પડે.

અત્યારે મેળવો તો અત્યારે, આવતી કાલે મેળવો તો આવતી કાલે.

મરતાં પહેલાં મેળવો તો મરતાં પહેલાં, મરતા પહેલાં ન મેળવો તો આવતા જન્મમાં, જ્યારે સમ્યગ્દર્શન પ્રાપ્ત થશે ત્યારે જ ઠેકાણું પડશે. તમારે ખરેખર ઠેકાણે પડવું હોય, આ રખડપટ્ટીમાંથી મુકત થવું હોય તો સમ્યગદર્શન વગર થશે નહીં.

હે! સર્વોત્કૃષ્ઠ સુખના હેતુભૂત સમ્યગ્દર્શન! તને અત્યંત ભક્તિથી નમસ્કાર.

આ મારો હાથ પકડયા પછી તું મને મોક્ષમાં જ મૂકી દેવાનો છે.

આવું આ સમ્યગ્દર્શન, તેને પ્રાપ્ત કરવાની પ્રક્રિયાનું વર્ણન થઇ રહ્યું છે.

# પ્રવચન : ૧૨

# વિશુદ્ધિ લબ્ધિ અને દેશના લબ્ધિ

પહેલી ભૂમિકા બીજી ભૂમિકાને તૈયાર કરે છે, બીજી ભૂમિકા ત્રીજી ભૂમિકાને તૈયાર કરે છે એમ ભૂમિકાઓ તૈયાર થતાં થતાં સાધક કરણ લબ્ધિ પાસે આવીને ઊભો રહે છે. ઘટના કરણ લબ્ધિમાં ઘટવાની છે-સમ્યગ્દર્શનની અનુભૂતિ કરણલબ્ધિમાં થવાની છે પણ એની પહેલા પ્રોસેસમાંથી સાધકને પસાર થવું પડે છે. આ પ્રોસેસમાંથી ભવ્ય તથા અભવ્ય પણ પસાર થાય છે. મોટાભાગના ભવ્યો આ પ્રોસેસમાંથી પસાર થતાં થતાં ચાર ભૂમિકા સુધી આવીને પાછા વળી જાય છે. અને પાંચમી ભૂમિકામાં જવાનું સાહસ કરી શકતા નથી અને અભવ્ય જીવ તો કદી પણ કરણલબ્ધિને પ્રાપ્ત કરી શકતો નથી.

અભવ્ય જીવને મોક્ષ સાથે કોઇ લેવા દેવા નથી-એની માન્યતામાં મોક્ષ તત્ત્વ નથી.

**એ મોક્ષ તત્ત્વની વાત કરતો હોવા છતાં,**
**એ મોક્ષ તત્ત્વની પ્રરૂપણા કરતો હોવા છતાં,**
**એ મોક્ષ તત્ત્વ બીજાને સમજાવતો હોવા છતાં**

પણ અંદરમાં એને એવો દૃઢ નિશ્ચય છે કે ઇન્દ્રિયો વગર સુખ હોઇ શકે નહીં, ભોગો વગર સુખ હોઇ શકે નહીં, બહારના પદાર્થો વગર સુખ હોઇ શકે નહીં, સંયોગો વગર સુખ હોઇ શકે નહીં, વિષયો વગર સુખ હોઇ શકે નહીં. આ શુદ્ધ ભૌતિકવાદ છે. આ ભૌતિકવાદ તો એમ કહે છે કે ભોગ અને ઐશ્વર્ય સિવાય ક્યાંય પણ સુખની કલ્પના કરવી એ ભયંકર મૂર્ખતા છે. સુખ તો ભોગોમાં હોય, ભોગો માટે પદાર્થો જોઇએ, પદાર્થો માટે વિનિમયનું સાધન જોઇએ, પૈસા જોઇએ અને જો પૈસા જોઇતા હોય તો any how તમે પૈસા મેળવો. એને માટે કોઇ નીતિ કોઇ ન્યાય નહીં. સંતોષ કે પ્રામાણિકતા કે સત્યની વાત સાંભળવાની પણ જરૂર નથી અને કાને આવે તો હૃદયમાં સ્વીકારવાની પણ જરૂર નથી. અભવ્ય આત્મા મોક્ષનો સંપૂર્ણ અસ્વીકાર કરે છે. પણ કોઇ ભવ્ય આત્મા આ યાત્રા કરતો કરતો કરણલબ્ધિ સુધી આવે છે.

**ક્ષયોપશમ લબ્ધિમાં એક તૈયારી થઇ અને વિશુદ્ધિ લબ્ધિમાં એક મોટી ઘટના એ ઘટી કે અંદરમાં જે સંક્લિષ્ટ પરિણામ હતા તે પરિણામ મંદ થયા.** કષાયની માત્રા જે તીવ્રતા તરફ હતી તે મંદતા તરફ આવી છે. કષાયની માત્રા તીવ્રતા તરફ હોય ત્યારે કષાયના ત્રણ ભાગો પડે છે. (૧) કષાયો તીવ્ર (૨) કષાયો તીવ્રતર (૩) કષાયો તીવ્રતમ

કર્મનો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધ તીવ્રતમ કષાયો વગર થઇ શકતો નથી.
પાપકર્મનો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ રસબંધ તીવ્રતમ કષાયો વગર થઇ શકતો નથી.

જે કર્મો ભોગવતા જીવને અત્યંત વ્યથા અને વેદના થાય એવા ચીકણાં કર્મો તીવ્રતમ ભાવો વગર બંધાતા નથી. આવો તીવ્રતમ ભાવ એ સંક્લિષ્ટ પરિણામ છે. અને જેના સંક્લિષ્ટ પરિણામ છે તે તત્ત્વવિચાર કે શુભપરિણામ કરી શકતો નથી – એને શુભભાવ સ્પર્શી શકતા નથી.

**શુભ ભાવ કરતાં કરતાં શુદ્ધ ભાવ પ્રાપ્ત થશે એવો નિયમ નથી.**

**શુભવિકલ્પ કરતાં કરતાં નિર્વિકલ્પમાં જવાશે એવો નિયમ નથી.**

વિકલ્પ તૂટશે ત્યારે નિર્વિકલ્પમાં જવાશે. આ જીવને સંક્લિષ્ટ પરિણામ હોવાના કારણે શુભ પરિણામો પ્રાપ્ત થતા નથી. આવતી કાલે સંવત્સરી છે. ક્ષમાપનાનો દિવસ છે. તીવ્ર સંક્લિષ્ટ પરિણામ જો હશે તો વ્યવહારિક ક્ષમાપના થશે–અંતરંગ ક્ષમાપના નહીં થાય. અંતરંગ ક્ષમાપના તો એ છે કે

જેમાં ચિત્ત વૈરમાંથી મુકત બની જાય,
જેમાં ચિત્ત દ્વેષમાંથી મુકત બની જાય,
જેમાં ચિત્ત ભેદમાંથી મુકત બની જાય,
જેમાં ચિત્ત કષાયમાંથી મુકત બની જાય,
જેમાં ચિત્ત બદલો લેવાની વૃત્તિમાંથી મુકત બની જાય,
જેમાં બીજાને દુઃખ દેવાની દાનતમાંથી મુકત બની જાય,
આ અંતરંગ પરિણામ થયા.

પણ સંક્લિષ્ટતા હોવાના કારણે એવા પરિણામ થઇ શકતા નથી, વિશુદ્ધિ લબ્ધિમાં એક એવી મોટી ઘટના ઘટી કે તેના પરિણામ વિશુદ્ધ થયા છે. વિશુદ્ધ એટલે શુભ.

કષાયની મંદતાના પણ ત્રણ તબક્કા છે (૧) મંદ (૨) મંદતર (૩) મંદતમ

મંદતમ કષાય પરિણામ હોય તો શુભ ભાવ ઉત્કૃષ્ટ કોટિનો હોય.

મંદતર કષાય પરિણામ હોય તો શુભ ભાવ મધ્યમ કોટિનો હોય.

મંદ કષાય પરિણામ હોય તો શુભ ભાવ જઘન્ય કોટિનો હોય.

આ બધાનો આધાર અંદરનો કષાય કેટલો મંદ છે તે છે.

દાન ત્રણ વ્યક્તિઓ આપે છે. જેનો કષાય તીવ્રતમપણે મંદ થયો છે તે પણ દાન આપે છે – એને ઉત્કૃષ્ટ પુણ્ય બંધાશે. કારણ એનો કષાય મંદતમ છે, મંદતર કષાય જો હોય તો બીજો નંબર અને મંદ કષાય હોય તો જઘન્ય શુભભાવ હોય છે.

**તમામ વ્રતો, તમામ શુભકર્મો અને તમામ શુભ ભાવોની પાછળ તેનો જે બંધ થાય છે તેનો આધાર અંદરમાં થતા કષાયના પરિણામ ઉપર છે** માટે જ્ઞાની પુરુષોએ કહ્યું છે કે બહારના શુભકર્મોનું મૂલ્યાંકન કરવા કરતાં, શુભકર્મો કરતી વખતે અંદરમાં કષાયના પરિણામ કેવા છે તેનું મૂલ્યાંકન કરો. અને એ મૂલ્યાંકનમાં જો ભૂલ થશે તો જીવનો મંદ કષાય થવો મુશ્કેલ થઇ પડશે. વિશુદ્ધતમ પરિણામ મંદતમ કષાયના કારણે થાય છે, તે વખતે કર્મોની જે શુભ પ્રકૃતિઓ બંધાય

છે તેનો તીવ્ર ઉત્કૃષ્ટ રસ બંધ થાય છે અને અશુભ પ્રકૃતિઓનો રસ તૂટતો જાય છે.

આ બહુ મોટી ઘટના છે. અશુભ જે પ્રકૃતિઓ છે તેનો રસ તૂટતો ગયો, સ્થિતિ બંધ ઘટતો ગયો અને જે શુભ પ્રકૃતિઓ છે તેનો રસ વધતો ગયો - આ સાકર જેવો રસ-શેરડી જેવો રસ-ચઉઠાણિયો રસ વધતો ગયો.

**આવી વિશુદ્ધિલબ્ધિમાં મંદ કષાય થવાના પરિણામે-અને ધર્માનુરાગરૂપ શુભ પરિણામ પ્રાપ્ત થવાના કારણે એ દેશના લબ્ધિમાં પ્રવેશ કરે છે. દેશના લબ્ધિ અદ્‌ભુત ઘટના છે.**

**દેશના લબ્ધિ : વિચારનો વિષય બદલાઇ જવો તેને કહેવાય છે દેશના લબ્ધિ.** શેનો વિચાર કરશો? શેના પર વિચાર કરશો? વિચાર કરતી વખતે સામે કોઇને કોઇ વિષય હોય છે-વ્યક્તિ હોય છે- વસ્તુ હોય છે-પદાર્થ હોય છે-સંજોગ હોય છે. જ્યાં સુધી દેશના લબ્ધિ પ્રાપ્ત નથી થઇ-

ત્યાં સુધી વિચારનો વિષય સંસાર હતો,
ત્યાં સુધી વિચારનો વિષય માયા હતી,
ત્યાં સુધી વિચારનો વિષય જગત હતું,
ત્યાં સુધી વિચારનો વિષય ભોગ હતો,
ત્યાં સુધી વિચારનો વિષય પરિગ્રહ હતો,
ત્યાં સુધી વિચારનો વિષય અતત્ત્વ હતું.
ત્યાં સુધી વિચારનો વિષય દશ્ય હતું.

જેને જ્ઞાની મિથ્યા કહે છે એ વિચારનો વિષય હતો,
જેને ભગવાન મહાવીર સ્વામી અનિત્ય કહે છે એ વિચારનો વિષય હતો,
જેને ભગવાન બુધ્ધ સર્વં ક્ષણિકં કહે છે એ વિચારનો વિષય હતો,
જે પદાર્થ મૂકી જવાના છે એ વિચારનો વિષય હતો,
જે પદાર્થ નાશવંત છે એ વિચારનો વિષય હતો,
જે અનાત્મા (તમારા નથી) છે એ વિચારનો વિષય હતો,

અને તેના પરિણામે રાગ-દ્વેષ થતા હતા,
પુદ્‌ગલ એ વિચારનો વિષય હતો,
શરીર એ વિચારનો વિષય હતો,
અર્થ-કામ એ વિચારનો વિષય હતો,

**ટૂંકમાં જ્ઞાનીઓ જેને મિથ્યા કહે છે તે જેના વિચારનો વિષય છે એવો જીવ દેશના લબ્ધિમાં આવ્યો નથી**

**દેશના લબ્ધિ એટલે શું?**

**હવે જેના વિચારનો વિષય તત્ત્વ બની જાય છે તે દેશનાલબ્ધિ**

**હવે જેના વિચારનો વિષય રૂપીતત્ત્વ-જ્ઞેય નહીં પણ જ્ઞાતા તે દેશનાલબ્ધિ.**

**હવે જેના વિચારનો વિષય રૂપીતત્ત્વ-દશ્ય નહીં પણ દષ્ટા તે દેશનાલબ્ધિ.**

**હવે જેના વિચારનો વિષય રૂપીતત્ત્વ-ઇન્દ્રિયગમ્ય નહીં પણ અતીન્દ્રિય તે દેશનાલબ્ધિ.**

**હવે જેના વિચારનો વિષય રૂપીતત્ત્વ-નાશંવત નહીં પણ અવિનાશી તે દેશનાલબ્ધિ.**

**હવે જેના વિચારનો વિષય રૂપીતત્ત્વ-અનિત્ય નહીં પણ નિત્ય તે દેશનાલબ્ધિ.**

**હવે જેના વિચારનો વિષય રૂપીતત્ત્વ-ક્ષણભંગુર નહીં પણ શાશ્વત તે દેશનાલબ્ધિ.**

હવે વિષય બદલાઇ ગયો છે. વેદાંતની પરિભાષામાં સાધન ચતુષ્ઠયની વાત જ્યાં થાય છે ત્યાં પહેલી વાત નિત્ય અને અનિત્યનો વિવેક-આ પહેલું સાધન છે. **કયા પદાર્થો નિત્ય છે અને કયા પદાર્થો અનિત્ય છે? એ એટલા માટે વિચાર કરવાનો છે કે અનિત્ય પદાર્થોની આસક્તિ છૂટયા વગર નિત્ય તત્ત્વોનું ચિંતન થઇ શકે નહીં.** કારણ કે મન તો એક જ છે. **એ મનરૂપી સાધન જો અનિત્ય એવા પદાર્થોમાં રોકાયેલું હશે તો નિત્ય એવા તત્ત્વોનું ચિંતન એ મન કરી શકશે નહીં. એટલા માટે વૈરાગ્ય ભાવનામાં વારંવાર અને દઢતાપૂર્વક કહેવામાં આવે છે** કે જગતના પદાર્થો અનિત્ય છે, અનિત્ય છે, અનિત્ય છે, નાશવંત છે. પરમ કૃપાળુ દેવે કહ્યું કે,

**વિદ્યુત્‌લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જલના તરંગ,**
**પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીએ જ્યાં ક્ષણનો પ્રસંગ.**

શું રાચવા જેવું છે જ્યાં ક્ષણનો પ્રસંગ,
મળ્યું, ન મળ્યું ત્યાં ગયું,
જોયું, ન જોયું ત્યાં ગયું,
ભોગવ્યું, ન ભોગવ્યું ત્યાં ગયું,
પ્રેમ કર્યો, ન કર્યો ત્યાં તૂટયો,
સ્નેહધારા બાંધી, ન બાંધી ત્યાં તૂટી ગઇ,
વસ્તુ આવી, ન આવી ત્યાં ચાલી ગઇ.

વાર કયાં લાગે છે? આવા અનિત્ય પદાર્થોમાં આવા નાશવંત પદાર્થોમાં આસક્તિ હશે ત્યાં સુધી નિત્ય તત્ત્વનું ચિંતન સાધક કરી શકશે નહીં. એ ચિંતન કરવા માટે સાધકને વિચારનો વિષય બદલાવવો પડશે. તો જેના વિચારના વિષયમાં તત્ત્વ આવ્યું છે તેને કહેવાય છે દેશના લબ્ધિ. પણ તત્ત્વ જાણતો નથી-તત્ત્વ જાણ્યું નથી તો વિચાર કરશે કોના? જાણ્યા વગર વિચાર કેવી રીતે કરશે? જાણ્યા વગર વિચાર કોનો કરશે? તો તત્ત્વના જ્ઞાન વગર તત્ત્વનો વિચાર થઇ શકશે નહીં. માટે જેને તત્ત્વનો વિચાર કરવો છે એણે તત્ત્વનો જે જ્ઞાતા પુરુષ હશે તેની પાસે પહોંચવું પડશે. જગતમાં સૌથી પહેલી વખત તત્ત્વના જ્ઞાતા પુરુષ તરફ જોવાનો ભાવ તે વખતે ઉત્પન્ન થશે, ત્યાં સુધી રોજબરોજના જીવનમાં તત્ત્વના જ્ઞાતા પુરુષને શોધવાની જરૂર પડી નથી.

**માંદા પડો તો ડૉક્ટરની જરૂર પડે.**
**મકાન બનાવવું હોય તો આર્કિટેક્ટની જરૂર પડે.**
**કાયદાની ગૂંચ હોય તો વકીલની જરૂર પડે.**
**વેપાર કરવો હોય તો મદદ કરનાર બેંકની જરૂર પડે.**

પણ જ્ઞાની પુરુષની તમને ક્યારેય જરૂર પડી? અટકીને ઊભા રહ્યા હો કે હવે શું થશે? એવા અટકીને ઊભા રહ્યા નથી. જ્ઞાની પુરુષોની જીવનમાં અનિવાર્યતા લાગી નથી-આ જ્ઞાની પુરુષો કરુણાના સાગર છે. તે પાસે આવી તમને કહે છે ''આવો...'' પણ તમે તો....

વકીલની ફી આપીને તેમની પાસે જાવ છો.

ડૉક્ટરની એપોઇન્ટમેન્ટ લઇને તેમની પાસે જાવ છો.

પણ without appointment અને ગમે ત્યારે મળતા હોય તો જ્ઞાનીપુરુષ મળે છે અને without fees. ડૉક્ટર માત્ર હાથ પકડે ને કહે લાવો રૂા. ૧૦૦, બ્રીફ વાંચવાના પાંચ પાંચ હજાર વકીલો લે છે. કેઇસ તો હજી પછી ચલાવશે. જીવનમાં તત્ત્વના જ્ઞાતા પુરુષની જરૂર ઊભી થઇ નથી - દેશનાલબ્ધિમાં તત્ત્વના જ્ઞાતા પુરુષની અનિવાર્યતા લાગી છે. કારણ કે તેને વિચાર કરવો છે, તત્ત્વનો વિચાર કરવો છે. તત્ત્વને પોતે જાણતો નથી તેથી તત્ત્વને જે જાણે છે તેની પાસે ગયા વગર છૂટકો નથી. અહીં ઘણા પ્રશ્નો છે.

**તત્ત્વ વિશે પણ જગતમાં ઘણી કલ્પનાઓ છે,**
**તત્ત્વ વિશે પણ જગતમાં ઘણી માન્યતાઓ છે,**
**તત્ત્વ વિશે પણ જગતમાં ઘણી ગેરસમજણો છે,**
**તત્ત્વ વિશે પણ જગતમાં ઘણી misunderstanding છે,**
**તત્ત્વ વિશે પણ જગતમાં ઘણા કદાગ્રહો છે,**
**તત્ત્વ વિશે પણ જગતમાં ઘણા મતાગ્રહો છે.**

હજુ સત્ય તત્ત્વ-હજુ પરમ તત્ત્વ-હજુ પારમાર્થિક તત્ત્વ એના હાથમાં આવ્યું નથી. પણ એક વાત બની છે કે તત્ત્વ તરફ એની દૃષ્ટિ થઇ છે. હવે શોધશે-હવે ખોજશે-હવે વિચાર કરશે તો તત્ત્વનો જ્ઞાતા એવો જે પુરુષ એના તરફ એ ઢળે છે, આ તત્ત્વનો જ્ઞાતા જે પુરુષ છે તેને કહેવાય છે 'આચાર્ય'. જૈન પરંપરામાં આચાર્ય શબ્દનો ઉપયોગ ત્યાં કર્યો છે. જેઓ તત્ત્વના જ્ઞાતા છે એને કહેવાય છે આચાર્ય. એવા આચાર્યનો યોગ થવો તેને કહેવાય છે દેશનાલબ્ધિ. અને એવા આચાર્યનો યોગ થવાના માટે મહદ્ ભાગ્ય જોઇએ.

જ્ઞાની પુરુષોએ કહ્યું છે કે ધન મળે, સ્ત્રી મળે, કુટુંબ મળે, સ્વજન મળે, પુત્ર મળે, સત્તા મળે, સંપત્તિ મળે, સારું શરીર મળે તેના માટે પુણ્ય જોઇએ.

જગતની મોટી પદવી જોઇતી હોય તે માટે મહાપુણ્ય જોઇએ.

પણ જગતમાં જ્ઞાની પુરુષને મેળવવા હોય તો મહદ્ ભાગ્ય જોઇએ. તે વગર જ્ઞાની પુરુષ મળતા નથી.

**માટે એમ કહ્યું કે વિશુદ્ધિ લબ્ધિમાં જે એને શુભ પ્રકૃતિઓનો બંધ થયો તે પુણ્ય કયાં કામ આવ્યું? વિશુદ્ધિ લબ્ધિમાં જે એને શુભ પ્રકૃતિઓનો શાતા વેદનીય આદિનો બંધ થયો-અને એથી એ પુણ્ય ઉપાર્જન થયું, તે પુણ્ય કામ ક્યાં આવે? એવા આચાર્યનો યોગ એને પ્રાપ્ત થાય ત્યાં એ પુણ્ય કામ આવે.**

જ્ઞાની પુરુષો કહે છે કે **''ધન દારા ઓર સંપત્તિ, પાપી કો ભી હોય.''**

તુલસીદાસજી બોલ્યા છે ધન-દારા-સંપત્તિ એ પાપાનુબંધી પુણ્ય કર્યું હોય તો પણ હોય. પણ સત્પુરુષનો યોગ એ પુણ્યાનુબંધી પુણ્ય વગર થઇ શકતો નથી. તમારી પાસે પુણ્યની મૂડી જો હોય તો, વાપરવા જેવી જો હોય-ખર્ચવા જેવી જો હોય-ઇનવેસ્ટ કરવા જેવી જો હોય તો સત્પુરુષની બેંકમાં રોકવા જેવી છે, ત્યાં તમારી મૂડી સલામત છે, એ મૂડીનો વધારો થશે. એ મૂડીનો ગુણાકાર થશે અને જગતની કોઇ બેંક નહીં આપે તેવું highest વ્યાજ આ સત્પુરુષની બેંક આપશે. પણ તમે મૂડી રોકો તો ને? અરે સત્પુરુષની બેંકમાં જેણે મૂડી રોકી છે તેને મોક્ષથી ઓછું ન મળે અને મોક્ષથી વધારે મેળવવા જેવું જગતમાં છે નહીં અને આને મોક્ષથી ઓછું કાંઇ મળવાનું નથી. એવી સત્પુરુષની કૃપા છે.

માટે એમ કહ્યું કે,

પુણ્યથી તો આ જગતના પદાર્થ મળે છે પણ જ્યારે મહદ્ભાગ્ય થાય છે ત્યારે સત્પુરુષનો યોગ મળે છે.

મીરાબાઇએ કહ્યું કે મારા જ્યારે મહદ્ભાગ્યનો ઉદય થયો ત્યારે ગુરુ મળ્યા.

સંત તુકારામે કહ્યું કે અનંત જન્મોના પુણ્યના ઢગલાં જ્યારે ભેગા થયા ત્યારે સત્પુરુષનો યોગ મળ્યો. અમે અનંત પુણ્યના ઢગલા વાપર્યા છે. પછી સંત પુરુષનો યોગ થયો છે. તુકારામની હાલત બહુ કફોડી હતી, ખાવાનાંયે સાંસા હતા. પણ તે દુઃખી થયા નથી.

**સદ્ગુરુનો યોગ મળે માટે અનંત પુણ્યની રાશિ જોઇએ છે,**
**સત્પુરુષનો યોગ મળે માટે મહદ્ ભાગ્ય પુણ્યની રાશિ જોઇએ છે.**

આચાર્ય મળવા-તત્ત્વના જ્ઞાતાપુરુષ મળવા અને છેલ્લે જેમણે અતીન્દ્રિય તત્ત્વનો પ્રગટ અનુભવ કર્યો છે એવા આત્મજ્ઞાની સત્પુરુષ મળવા... એ ત્રણે માટે તબક્કા જુદા જુદા છે. અને ત્રણેમાં જે પુણ્ય વપરાય છે તેની quality પણ જુદી જુદી છે. **તો એવા જે તત્ત્વને-એને જાણનારા-જે આચાર્ય એની ઉપલબ્ધિ થવી તેને કહેવાય છે દેશના લબ્ધિ.**

**દેશના લબ્ધિની** એ ઉપલબ્ધિની જરૂર તમને ત્યારે જ લાગશે કે જો દેશના લબ્ધિની પહેલી ઘટના-વિચારનો વિષય બદલાશે ત્યારે. જેના માટે વિચારનો વિષય તત્ત્વ બન્યો છે, એને

તત્ત્વજ્ઞાનના જાણકાર પુરુષને શોધ્યા સિવાય ચેન નહીં પડે, માટે મીરાએ ગાયું,

**સાધુ સંગ બૈઠ બૈઠ લોક લાજ ખોઇ,**
**અબ તો મેરો રામ નામ દુસરા ન કોઇ.**

સિનેમા થીએટરમાં સવારે હાજર હોય-બપોરે હાજર હોય-સાંજે હાજર હોય તો કોઇ આંગળી નહીં ચીંધે પણ જો ઉપાશ્રયમાં સવારે હાજર હોય-બપોરે હાજર હોય-સાંજે હાજર હોય તો એમ થાય કે આ જુવાન છોકરાને શું સુઝ્યું ? સીનેમા ઘરમાં ગયો, ઠીક ચાલ્યો. જ્ઞાની પુરુષોના ચરણોમાં ગયો તો બરાબર નહીં. **જ્ઞાનીપુરુષના ચરણોમાં બેસવાની અંદરમાં આકાંક્ષા થવી તેને કહે છે દેશનાલબ્ધિ.**

ચાર કામો થયાં-

(૧) વિચારનો વિષય બદલાયો,
(૨) વિષય બદલાયો એટલે તત્ત્વ વિષય આવ્યો.
(૩) અને તત્ત્વ વિષય આવ્યો પછી તત્ત્વને જાણવું છે, હું મારી મેળે જાણી ન શકું તો જેણે તત્ત્વ જાણ્યું છે એવા જાણનાર પુરુષનો યોગ થવો જોઇએ.
(૪) અને એવો યોગ થયા પછી અનન્ય ભાવે તે તત્ત્વજ્ઞાન જેમણે જાણ્યું છે તેવાં આચાર્ય પુરુષના ચરણોમાં વિનયભાવપૂર્વક પોતાનું જવું એ દેશનાલબ્ધિનું ચોથું પરિણામ છે.

નવ તત્ત્વો છે. (૧) જીવ (૨) અજીવ (૩) પુણ્ય (૪) પાપ (૫) આસ્રવ (૬) સંવર (૭) બંધ (૮) નિર્જરા. (૯) મોક્ષ.

આ નવ તત્ત્વો ઉપર ૪૫ આગમો છે. આ નવ તત્ત્વો ઉપર ૧૪ પૂર્વો છે. ૧૪ પૂર્વોનો વિસ્તાર એ નવ તત્ત્વોનો વિસ્તાર છે. અને ૧૪ પૂર્વનો સંક્ષેપ એ નવ તત્ત્વ છે. સમગ્ર શાસ્ત્રોમાં આ નવ તત્ત્વનો વિસ્તાર છે. તેમાં બંધની-મોક્ષની વ્યવસ્થા છે-સાધન અને કરણની વ્યવસ્થા છે-કાર્ય અને કારણનું વર્ણન છે.

આ નવ તત્ત્વ જેણે જાણ્યા, તેને સમ્યક્ત્વ છે.

**जीवाइ नव पयत्थे जो जाणइ तस्स होइ सम्मतं।**
**भावेण सद्दहंतो अयाणमाणे वि सम्मतं॥**

તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં ભગવાન ઉમાસ્વાતિએ સમ્યગ્દર્શન કોને કહેવાય તેની વ્યાખ્યા આપી છે. ''**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्**'' પ્રયોજનભૂત એવું જે **તત્ત્વ અને તેનો યથાર્થ અર્થ, એને સમ્યકપ્રકારે જાણે છે - અનુભવે છે-સ્વીકારે છે-શ્રદ્ધે છે, એને કહેવાય છે સમ્યગ્દર્શન.** આ નવ તત્ત્વને જાણવા-ષટદ્રવ્યને જાણવા-નિશ્ચય વ્યવહારને જાણવો-કર્મતંત્રને જાણવું-માર્ગણાઓને જાણવી, લેશ્યાઓને જાણવી-ગુણસ્થાનકના ક્રમને જાણવો.

દસમા ધોરણમાં રીઝલ્ટ પડે અને જો માર્ક ઓછા આવે તો પપ્પા તરત કહે દીકરા આવું નહીં ચાલે હોં. માર્ક તો હાઇએસ્ટ આવવા જોઇએ–આટલા ઓછા માર્ક ન ચાલે. હવે બારમાં ધોરણમાં ધ્યાન રાખજે – ''બારમું'' ન થઇ જાય.

આ બધું જાણવું પડે છે. પણ જીવનમાં જીવવા માટે જે જાણવું જોઇએ તે ન જાણ્યું તો બીજું બધું જાણ્યું શા કામનું? શ્વેતકેતુ ૧૨ વર્ષ આશ્રમમાં ઋષિ પાસે ભણીને આવે છે ત્યારે તેના પિતા ઉદ્દાલક પૂછે છે કે શું શું ભણ્યો? ત્યારે શ્વેતકેતુ કહે છે કે ચાર વેદ, ૧૮ પુરાણ, ૧૦૮ ઉપનિષદ, દર્શન શાસ્ત્ર, તર્કશાસ્ત્ર, ન્યાય શાસ્ત્ર, કાવ્ય શાસ્ત્ર, છંદશાસ્ત્ર, વ્યાકરણ શાસ્ત્ર, ભાષા, વૈદક, જ્યોતિષ, નિઘંટુ, સંગીત, નૃત્યકળા, ગણિતવિદ્યા – બધું ભણ્યો. બધું જાણી લીધું છે, કાંઇ બાકી રહ્યું નથી – ત્યારે ઉદ્દાલકે પૂછ્યું કે જેને જાણવા માટે આ ભણવાનું હતું તેને તેં જાણ્યો? તે આશ્ચર્યમુગ્ધ થઇ ગયો કે કોને જાણવા માટે આ જાણવાનું છે?

**अेकं ज्ञातं सर्वं विज्ञातं भवति।**
**अेकमविज्ञातं सर्वमविज्ञातं भवति॥**

જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું. આચારાંગ સૂત્રમાં પહેલા અધ્યાયમાં પહેલી કડીમાં એક પાયાની વાત કરી છે. ''**જો એગં જાણઇ, સો સવ્વં જાણઇ**'' એકને જાણ્યો તેણે સર્વ જાણ્યું.

દીકરાને બાપે ઊઘરાણી કરવા મોકલ્યો. પેલાએ લાડુ ખવડાવ્યા. ઉંઘાડી દીધો પછી ઘરે પાછો આવ્યો. બાપાએ પૂછ્યું કે ''ઊઘરાણી કરી?'' કહે ''એ જ ભૂલી ગયો. બાકી બધું કર્યું.'' આપણે બધા પણ આવી જ ભૂલ કરીએ છીએ. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે કહ્યું છે કે,

**કષ્ટ કરો, સંયમ ધરો, ગાળો નિજ દેહ,**
**જ્ઞાનદશા વિણ જીવને, નહીં દુઃખનો છેહ,**
**આતમતત્ત્વ વિચારીએ.**
**જ્ઞાનદશા અતિ આકરી, તેહ ચરણ વિચારો,**
**નિર્વિકલ્પ ઉપયોગમાં, નહીં કર્મનો ચારો,**
**આતમતત્ત્વ વિચારીએ.**
**જ્યાં લગી આતમ દ્રવ્યનું,લક્ષણ નવિ જાણ્યું,**
**ત્યાં લગી ગુણઠાણું ભલું, કેમ આવે તાણ્યું.**

તાણા તાણ કરવાથી ગુણઠાણું ન આવે.

ઘણાં તો કહેતા હોય છે કે અમે છઠ્ઠે છીએ, પાંચમે છીએ, ચોથે છીએ, લગોલગ પહોંચી ગયા છીએ. પણ આવી ભ્રમણામાં ન રહેશો.

**તર્ક વિચારે રે વાદ પરંપરા, પાર ન પહોંચે રે કોય,**
**અભિમત વસ્તુ રે વસ્તુ ગતે લહે રે, તે વિરલા જગ જોય.**

આ ઘટના ઘટવી જોઇએ. આ વિચારને-તત્ત્વના વિચારને-આત્માના વિચારને-સ્વરૂપના વિચારને-હજુ વાર છે. ખરેખરો સ્વરૂપનો વિચાર કરણલબ્ધિમાં થશે.

આ તો કરણ લબ્ધિ પહેલા થવાનું છે. ત્યાં પ્રજ્ઞા પ્રાપ્ત થવાની છે-ત્યાં છૈણી મળવાની છે-ત્યાં ભેદ વિજ્ઞાન મળવાનું છે.

**ભેદ વિજ્ઞાન ભયો જિન કે ઘટ,**
**શિતલ ચિત્ત ભયો જયમ ચંદન.**

બાવના ચંદનના વિલેપનથી જેમ ટાઢક મળે, તેમ આ ભેદ જ્ઞાન થતા ટાઢક મળે. તમામ આધિ-તમામ વ્યાધિ-તમામ ઉપાધિ. જન્મ-જરા-મૃત્યુ-શોક-ચિંતા-ભય-ખેદ-વ્યગ્રતા વ્યાકુળતા ખરી પડે, એવું ભેદવિજ્ઞાન દેશના લબ્ધિમાં પ્રાપ્ત થયું નથી-દેશના લબ્ધિમાં એનો અવસર નથી, પણ એ અવસર આવવાનો છે કારણ કે તત્ત્વવિચારથી એનો પ્રારંભ થયો છે-અમારા નરસિંહ મહેતાએ સીધી જ વાત કરી કે-

**જ્યાં લગી આત્મતત્ત્વ ચિન્હ્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જુઠી,**
**શું થયું ધરી જટા, ભસ્મલેપન કરે, શું થયું વાળ લોચન કીધે?**

જૈનોને પણ આ વૈષ્ણવે ભેગા લીધા. ત્યાં પણ એક બેટીંગ તો કરી. પહેલા બેટીંગ પોતામાં કરી.

જટા વધારવાથી શું વળ્યું?
વાળ વધારવાથી શું વળ્યું?
ભસ્મ લગાડવાથી શું વળ્યું?
મોટી માળાઓ પહેરવાથી શું વળ્યું?
રૂદ્રાક્ષ પહેરવાથી શું વળ્યું?
પીળા પહેરવાથી શું વળ્યું?
ભગવા પહેરવાથી શું વળ્યું?
ગુફામાં જવાથી શું વળ્યું?

પછી આપણે જૈનો યાદ આવી ગયા. શું થયું વાળ લોચન કીધે? અને શું થયું તપ અને તીરથ કીધા થકી? આ નરસિંહ મહેતાને કશી ગણત્રી જ નહીં? કશુ મૂલ્યાંકન જ નહીં? કશી વેલ્યુ જ નહીં! બધાની ના જ પાડતો જાય, ના જ પાડતો જાય. ચાર ધામની યાત્રા કરી આવ્યા છે. સ્ટેશને સ્વાગત કરવા બધા ભેગા થયા. ત્યાં નજર નાખી કે કોણ કોણ આવ્યું અને કોણ કોણ નથી આવ્યું? મોટાની વહુ આવી, વચલાની વહુ આવી, પણ નાનાની વહુ કયાં મરી ગઇ? લો, આ તીર્થયાત્રા કરીને આવ્યા! હું યાત્રા કરીને બે મહિને ફરીને આવી છું ત્યારે નાનાની વહુ કયાં મરી ગઇ! થયું. નરસિંહ મહેતાએ ચોકડી મૂકી દીધી. શું થયું? અરે મંદ કષાય પણ થયો નથી, બીજું થાય શું?

**એ છે પરપંચ સૌ પેટ ભરવા તણા-આતમા રામ પરિબ્રહ્મ ન જોયો.**

આવી વાત આનંદઘનજી એ પણ કહી. બહુ વ્યથાથી-વેદનાથી કરી.

**ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે,**
**ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકાં, મોહ નડીયાં કલિકાલ રાજે.**

સંતોનો તાળો મળી જાય છે. સંતો ગમે ત્યાંથી બોલશે અરબસ્તાનમાં, પાકિસ્તાનમાં કે ભારતમાં બોલે પણ સંતોનો, જ્ઞાનીનો અવાજ એક જ હોય. **'નિશ્ચય સર્વે જ્ઞાનીનો આવી અત્ર સમાય.'**

એક અજ્ઞાનીના સો મત. જુઓ આ ખૂબી ! અને સો જ્ઞાનીનો એક મત. કારણ કે ''**देखा है, हम जो कहेते है-वो पढकर नहीं कहते.**'' અમે આંખે દેખેલી વાત કરીએ છીએ. અમે નજરો નજર જોયો છે. નજરો નજર નિહાળ્યો છે-એ મારા વહાલાને-એ ચૌદ ભવનના ધણીને-એ ચૌદ ભવનના માલિકને-એ ચૌદ બ્રહ્માંડના માલિકને-એ પરમ કૃપાળુ પરમાત્માને-એ ચૈતન્ય મૂર્તિ ભગવાન આત્માને! શબ્દોથી નહીં! શાસ્ત્રોથી નહીં! નજરો નજર! ઓહો, નજરો નજર! એને જોઇને બોલીએ છીએ.

બ્રાહ્મણોને તુકારામ માટે બહુ પીડા હતી, તુકારામ તો અભણ. અને એમાં ચાર વેદના પાઠી-ત્રણ વેદના પાઠી-આ બ્રાહ્મણો પૂછે છે કે ''તમે કોઇ વેદ ભણ્યા છો?'' તુકારામે કહ્યું કાળા અક્ષરોને કુટી માર્યા એવો હું ! કબીરજીએ કહ્યું ''કાગળ-મસી છુઓ નહીં !'' હું કાગળને પણ નથી અડચો અને શાહીને પણ અડચો નથી. ભણેલો કયાંથી હોઉં? બહુ જ્યારે વાત કરી ત્યારે તુકારામે છેલ્લે કહ્યું કે ''અમે બોલતો ચ વેદ. અમે જે બોલીએ છીએ તે વેદ છે. વેદ ભણ્યા નથી. **तदेव ब्रह्म तं विद्धि नेदं यदुपासते।**'' જેનો વેદ નિષેધ કરે છે અમે તે પરબ્રહ્મની વાત કરીએ છીએ. એ તુકારામની ખાનદાની હતી-એ તુકારામની ખુમારી હતી.

**દેશના લબ્ધિમાં જ્યારે આ જીવ જાય છે ત્યારે તત્ત્વને જાણવાની તેનામાં જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે.** અને તત્ત્વને જાણવાની જિજ્ઞાસા એ પણ પુણ્યનું પરિણામ છે. આવા તત્ત્વના જાણકાર જે આચાર્ય હોય એમના દર્શન કરવાની, એમની વાણી સાંભળવાની જ્યારે મનમાં અભિલાષા જાગે, **એમની સાથે સતસમાગમ કરવાની અને તત્ત્વના જ્ઞાતા બનવાની અભિલાષા જ્યારે જાગે એને કહેવાય છે દેશના લબ્ધિ.** માટે એમ કહ્યું કે તેના જીવનમાં એક નવી દિશા ખૂલી, તેના જીવનમાં એક નવું ક્ષેત્ર ખૂલ્યું-એક નવો આયામ; એક નવી સૃષ્ટિમાં પ્રવેશ થયો. એક નવો અધ્યાય ચાલુ થયો. એના લિસ્ટમાં તત્ત્વ ન હતું. એના લિસ્ટમાં સંપત્તિ હતી-સત્તા હતી-ભોગ હતા. એના લિસ્ટમાં આ તત્ત્વ નો'તું-એના લિસ્ટમાં આ તત્ત્વ ઉમેરાયું અને બાકી બધું ભુસાઇ ગયું.

**જે દિવસે આપણા જીવનના લિસ્ટમાં તત્ત્વનો ઉમેરો થશે અને બાકીનું બધું ભુસાઇ જશે, ત્યારે માનજો કે દેશના લબ્ધિ પ્રાપ્ત થઇ છે. પછી શ્રવણની પ્રક્રિયા ચાલુ થાય પછી મનનની પ્રક્રિયા ચાલુ થાય પછી મંથનની પ્રક્રિયા ચાલુ થાય છે. અને મંથન કરતા કરતા એનામાં**

**નિદિધ્યાસનની પ્રક્રિયા ચાલુ થાય છે અને રાતદિવસ, ખાતા પીતા, ઊઠતા બેસતા, હરતા ફરતા માત્ર તત્ત્વનો વિચાર આવે. એવી અવસ્થા જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે સાધકની અવસ્થા બહુ જુદી બની જાય છે. મહાપુરુષો કહે છે કે એવી અવસ્થામાં જેની ચેતના જાય છે, એ ચેતના દેશના લબ્ધિમાં પ્રવેશ પામી ગઇ, ત્યાં એના સમગ્ર જીવનમાં કરણ લબ્ધિના દ્વાર ખૂલ્લા થાય છે.**

પાના નં. ૪૮૫ વચનામૃત ૬૪૬. વચલો ભાગ :

''વસ્તુની કેવળ ઉત્પત્તિ અથવા કેવળ નાશ નથી. સર્વકાળ તેનું હોવાપણું છે. રૂપાંતર પરિણામ થયા કરે છે પણ વસ્તુતા ફરતી નથી,'' વસ્તુ મૂળમાંથી બદલાતી નથી અને ફરતી નથી - આ શબ્દો, અનંતકાળના પરિભ્રમણમાં દેશના લબ્ધિમાં જ્યારે પ્રવેશ કરશો ત્યારે આ શબ્દો કાન પર આવશે - ત્યાં સુધી આ શબ્દો કાન પર નહીં પડે. ધન્ય બની જશે કાન એ દિવસે. ''**तद्भावाव्ययं नित्यम्**'' એ ટકીને બદલાય છે. ટકીને બદલાવું એ વસ્તુની ખૂબી છે. ટકીને બદલાવવું એ વસ્તુનું અલૌકિક આશ્ચર્ય છે. બદલાય છે તો ખરી પણ અસલ સ્વરૂપમાં ટકી રહે છે તે વસ્તુનું અલૌકિક આશ્ચર્ય છે. જેમ સોનું તો સોનું જ રહેશે, હજારો ઘાટ ઘડશો તો પણ. તેમ આત્મા તો આત્મા જ રહેશે-તેની અસંખ્ય પર્યાયો થશે તો પણ. ''એવો શ્રી જિનનો અભિમત છે, તે વિચારવા યોગ્ય છે.''

ષડ્દર્શન સમુચ્ચય કંઇક ગહન ગ્રંથ છે. છએ દર્શનો તેમાં આવે છે. પરમકૃપાળુ દેવે કહ્યું છે કે ''દર્શન ષટે સમાય છે આ ષટ્ સ્થાનક માહીં;'' એમાં ટૂંકામાં ષટ્દર્શનો પણ આવી ગયા-ષટ્દર્શન પણ એ. ષડ્દર્શન સમુચ્ચય કંઇક ગહન છે, તો પણ ફરી ફરી વિચારવાથી તેનો કેટલોક બોધ થશે, પૂરેપૂરો નહીં. નમૂનો! સેમ્પલ! આખું તત્ત્વ મળે તેવું નથી. કેટલોક બોધ થશે, પણ જેમ જેમ ચિતનું શુદ્ધિપણું અને સ્થિરત્વ હોય છે, તેમ તેમ જ્ઞાનીનાં વચનોનો વિચાર યથાયોગ્ય થઇ શકે છે.

તત્ત્વના વિચારમાં બુદ્ધિ કો-ઓપરેટીવ ફેક્ટર છે.
તત્ત્વના વિચારમાં શાસ્ત્ર કો-ઓપરેટીવ ફેક્ટર છે.
તત્ત્વના વિચારમાં સદ્ગુરુ કો-ઓપરેટીવ ફેક્ટર છે.
તત્ત્વના વિચારમાં વિચારની ક્ષમતા કો-ઓપરેટીવ ફેક્ટર છે.

પણ ચિત્તનું શુદ્ધિપણું સૌથી મોટું કો-ઓપરેટીવ-સૌથી મોટું સહાયક પરિબળ છે.

**જેનું ચિત્ત શુદ્ધ નથી અને જેના ચિત્તમાં સ્થિરતા નથી એ કદી પણ તત્ત્વવિચાર કરી શકશે નહીં. જ્ઞાની પુરુષોએ આહારનો સંયમ-વાણીનો સંયમ-પરિચયનો સંયમ-સંગનો સંયમ-વારંવાર સંયમ કરવાની વાત કરી એ કંટાળાથી કરી નથી. અંદરમાં જેટલું ચિત્ત શુદ્ધ બનશે એટલી અખંડધારા અંદર ચાલશે. અખંડધારા ચાલ્યા સિવાય તત્ત્વ સ્પષ્ટ થશે નહીં** - આ ''ગુજરાત સમાચાર'' કે ''સંદેશ'' નથી કે વાંચીને ફેંકી દીધું. તત્ત્વ વિચારના ઊંડાણમાં ડૂબકી મારવી પડે, તો જ જ્ઞાનીના વચનોનો યથાયોગ્ય વિચાર થઇ શકે છે. જેટલી અંદરમાં સ્થિરતા અને જેટલી

ચિત્તમાં શુદ્ધિ તેટલા તેટલા પ્રમાણમાં જ્ઞાનીના વચનોનો વિચાર યથાયોગ્ય થઇ શકે છે.

આનંદઘનજી આબુ પર છે. યશોવિજયજી આનંદઘનજીના દર્શન કરવા ગયા છે. એમણે એમ જાણ્યું કે હું જ્ઞાતા ખરો-વિદ્વાન ખરો-સાક્ષર ખરો-પણ આનંદઘનજી અનુભવી છે તેથી તેમના ચરણોમાં જવું છે. યશોવિજયજી આબુજી પર ગયા. તેઓ વિદ્વાન પુરુષ છે-પ્રવચનો ચાલે છે અને હજારો માણસો પ્રવચનમાં આવે છે-એમાં આનંદઘનજી પણ આવે છે. ખૂણે બેસી રહે છે પણ એમ કહેતા નથી કે ''હું આનંદઘન''. એમને મળવા આવ્યા છે. સત્પુરુષ વારંવાર મળવા છતાં જીવ ધક્કો મારીને ચાલ્યો જાય છે. પણ સત્પુરુષને ઓળખતો નથી-આ જીવ અભાગિયો છે. સત્પુરુષ મળ્યાં નથી એમ ન કહેશો.

પણ તમારી આંખ ઠેકાણે ન હતી,
તમારું હૈયું ઠેકાણે ન હતું,
તમારું મન ઠેકાણે ન હતું,
તમારી દૃષ્ટિ ઠેકાણે ન હતી,
તમારી વૃત્તિ બરાબર ન હતી,

માટે સત્પુરુષને ઓળખ્યા નહીં. સત્પુરુષ વગર ધરતી ક્યારેય ખાલી હોતી નથી. એમને ઓળખનારી આંખ જોઇએ ને? એ આપણી પાસે નથી. આનંદઘનજીના મેલાં કપડાં છે-વૃદ્ધ છે, ઉંમર છે. યશોવિજયજીને એમ થાય છે કે આ બિચારો વૃદ્ધ માણસ મારી વાતને કેમ સમજી શકતો હશે? આવી તત્ત્વની વાત ક્યાંથી સમજાતી હશે? એટલે પૂછ્યું ''મહારાજ સમજાય તો છે ને?'' આનંદઘનજી કહે છે ''થોડું થોડું સમજાય છે.'' ''ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાર!'' આ વાત તો ગહન છે. યશોવિજયજી લોકોને પૂછે છે કે ''આનંદઘનજી કહાં હૈ?'' જેમને પૂછ્યું કે ''તમને સમજાય છે'' અને જેમણે કહ્યું કે ''થોડું થોડું સમજાય છે''-પણ એ આનંદઘનજી છે એવી ઓળખાણ યશોવિજયજી મહારાજ કરી શકતા નથી-કોકે કહ્યું ''મહારાજ! તમે જેમની સાથે વાત કરી તે જ આનંદઘનજી છે. બીજા કોઇ નથી.'' યશોવિજયજી ઊભા થઇને તેમની પાસે ગયા-તે પ્રસંગ નિમિત્તે તેમણે આઠ શ્લોકો બનાવીને આનંદઘનજીની સ્તુતિ કરી છે. ચરણે મસ્તક મૂક્યું છે અને ધ્રૂસકે ધ્રૂસકે રડ્યા છે કે મેં તમને ઓળખ્યા નહીં. અને તમને એમ પૂછ્યું કે ''તમને કાંઇ સમજાય છે?'' આ મારા જ્ઞાનનું અજીર્ણ મને થયું છે-હું કાશીએ જઇને ભણીને આવ્યો પણ જ્ઞાન મને પચ્યું નહીં. મારો અપરાધ માફ કરો અને તે વખતે આનંદઘનજી કહે છે,

**धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो।**
**देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो॥**

આનો અર્થ મને સમજાવો. કથા એવી છે કે યશોવિજયજી મહારાજ પંચાવન પ્રકારે અર્થ કરે છે. આનંદઘનજીએ પૂછ્યું ''અબ આગે કુછ હૈ?'' ''નહીં મહારાજ-મારી બુદ્ધિ થાકી ગઇ-

મારી મર્યાદા આવી ગઇ છે.'' તે વખતે આનંદઘનજીએ એકસો ને આઠ પ્રકારે અર્થ કર્યો. સાંભળીને યશોવિજયજી છક થઇ ગયા. હું બાર વર્ષ કાશીમાં રહ્યો અને જે મેં ન જાણ્યું તે આ ગુરુ જાણે છે. તે વખતે આનંદઘનજી ખભા ઉપર હાથ મૂકીને કહે છે ''તમે પંચાવન પ્રકારે અર્થ કર્યા - મેં એકસોને આઠ પ્રકારે અર્થ કર્યા પણ આ શ્લોકના અનંત પ્રકારે અર્થ થઇ શકે છે. યશોવિજયજી! શાસ્ત્રો વાંચીને જ્ઞાની ન થવાય-આત્મ અનુભવ કરીને જ્ઞાની થવાય.'' એવો અનુભવ પ્રાપ્ત કરવો છે.

''સર્વજ્ઞાનનું ફળ પણ આત્મસ્થિરતા થવી એ જ છે એમ વીતરાગ પુરુષોએ કહ્યું છે તે અત્યંત સત્ય છે'' - જુઓ ! વીતરાગ પુરુષોની ખૂબી તો જુઓ-દશ્યને અદશ્ય કર્યું અને અદશ્યને દશ્ય કર્યું! જે દશ્ય દેખાય છે તેને કલ્પનામાંથી કાઢી નાખ્યું-કારણ કે મિથ્યા છે. તેથી કલ્પનામાંથી નીકળી ગયું! અને જે અદશ્ય હતું એટલે કે-જે શાસ્ત્રમાં હતું-જે શબ્દોમાં હતું તે અનુભવથી પ્રત્યક્ષ કર્યું. અદશ્ય અનુભવથી પ્રત્યક્ષ થયું અને દશ્ય જે દેખાતું હતું તે કલ્પનામાંથી નીકળી ગયું. આ ''બ્રહ્મ સત્યં જગત મિથ્યા'' એ માત્ર શબ્દો નથી પણ બ્રહ્મ સત્ય છે એવી અનુભૂતિ કરતાં કરતાં સમજણમાંથી-વિચારમાંથી-માન્યતામાંથી-કલ્પનામાંથી જગત આખું બાદ થઇ જાય છે. જગત ભલે રહ્યું-એની કલ્પનામાંથી બાદ થઇ જાય છે. જ્યારે તમને જ્ઞાન થાય ત્યારે જગત લય પામી જાય એવું નહીં બને-પણ આપણને જ્ઞાન થતા આપણી કલ્પનામાંથી જગત ચાલ્યું જશે-એને કહેવાય છે જગતમિથ્યા. **''એવા બ્રહ્મની અનુભૂતિ જેણે કરી કે જેણે અદશ્યને દશ્ય કર્યું-અનુભવ દ્વારા દશ્ય કર્યું અને દશ્યને અદશ્ય કર્યું-વિચાર દ્વારા અદશ્ય કર્યું-એવું જ્ઞાની પુરુષોનું આશ્ચર્યકારક-અનંત ઐશ્વર્ય-અનંત વીર્ય વાણીથી કહી શકાય તેવું નથી.''** દેશના લબ્ધિમાં આવી અલૌકિક ઘટનાઓ બને છે કારણ...

**વિચાર વિના જ્ઞાન નહીં,**
**જ્ઞાન વિના સુપ્રતીત નહીં. (એટલે સમકિત નહીં)**
**સમકિત વિના ચારિત્ર્ય નહીં.**
**ચારિત્ર્ય વિના કેવળજ્ઞાન પામે નહીં.**
**કેવળજ્ઞાન પામે નહીં ત્યાં સુધી મોક્ષ પામે નહીં.**
**આ વિચારનો રેલો ઠેઠ કેવળજ્ઞાનમાં-કે-મોક્ષમાં પહોંચ્યો.**

વિચાર એમ કહે છે તારો હાથ પકડીને છેક મોક્ષમાં પહોંચાડવાની જવાબદારી મારી છે પણ વિચાર કરો તો. જો વિચાર ન કરો તો એ અવસ્થા પ્રાપ્ત થાય નહીં.

**આવે જ્યાં એવી દશા-સદ્‌ગુરુ બોધ સુહાય,**
**તે બોધે સુવિચારણા-ત્યાં પ્રગટે સુખદાય,**
**જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન.**

અહીં સુધી બરાબર! ગાઇ શકાય એવું છે. હવે ગાઇ શકાય તેમ નથી. હવે આમાં સંગીત કામમાં આવે તેમ નથી-મધુર ગળું કામમાં આવે તેમ નથી-સ્મૃતિ કામમાં આવે તેમ નથી. ''**જે જ્ઞાને ક્ષય મોહ થઇ, પામે પદ નિર્વાણ.**'' એટલે જે જ્ઞાન મોહનો ક્ષય ન કરે તેને જ્ઞાની જ્ઞાન કહેવા તૈયાર નથી-અખો અભણ હતો-તેણે કહ્યું.

**દશ મણ વન્હિ રે, લખે કોઇ કાગળે રે જી, લખીને તે કાગળિયુ રૂ માંહે જો મૂકાય,**
**લખેલા તે વન્હિથી નવિ દાઝે રૂ જરી રે, રતિ પણ સાચી જો આગ પ્રગટાય.**
**સમજ્યા વિનાનું રે સુખ નહીં જીવને રે જી.**

કોઇ બાઇ ભણેલી હોય ડબલ ગ્રેજ્યુએટ હોય અને સોનાની પાર્કર પેન લઇને-ગ્લેઝ કાગળ પર ચૂલો સળગાવવો છે માટે કાગળ ઉપર લખે ''દસ મણ અગ્નિ'' અને લખીને ચૂલામાં તે કાગળ મૂકે અને જોયા કરે તો અગ્નિ ક્યારે સળગે? ''**લખેલા તે વન્હિથી નવિ દાઝે રૂ જરી રે.**'' તો ક્યારે થાય?

**''રતિ પણ જો સાચી આગ પ્રગટાય, સમજ્યાં વિનાનું રે સુખ નહીં જીવને રે જી.''**

તેમ રતિ પણ સાચું જ્ઞાન હોય અને સામે ઢગલાબંધ જ્ઞાન-આખા વચનામૃત મોઢે હોય-આત્મસિદ્ધિ મોઢે હોય-૪૫ આગમો મોઢે હોય-ચાર વેદ મોઢે હોય, ભલે હોય પણ તે કાગળ ઉપર લખેલો અગ્નિ છે. ''**જે જ્ઞાને ક્ષય મોહ થઇ**'' જ્ઞાન મોહને રહેવા દેતું નથી.

સુપ્રિમ કોર્ટમાં અંધકારે કેસ દાખલ કર્યો. અંધકારે કહ્યું કે આ સૂર્ય મને ક્યાંય ઊભો રહેવા દેતો નથી. મારી પાછળ પડ્યો છે, તમે ઉકેલ કરી આપો. એને પણ રહેવાનો અધિકાર છે અને મને પણ અધિકાર છે રહેવાનો. જજે કહ્યું કે, અંધકાર! તારી વાત મેં સાંભળી પણ તું જેના માથે કેસ કરે છે તેને પણ મારે સાંભળવો પડે, તો એને બોલાવું ત્યારે તું હાજર રહેજે. તારી હાજરીમાં હું તેને પૂછું તો ખરું કે ''અંધકારે તારું શું બગાડ્યું છે? તું તેને કેમ હેરાન કરે છે?'' જજે જ્યારે સૂર્યને બોલાવ્યો ત્યારે અંધકાર ગાયબ. હજુ અંધકાર જડ્યો નથી-**સૂર્ય આવે અને અંધકાર ઊભો રહે? ન બને! તેમ જ્ઞાન આવે અને મોહ ઊભો રહે? ન બને.**

**જાણ્યું તો તેનું ભલું, મોહે નવિ લેપાય,**
**સુખ દુઃખ આવે જીવને, હર્ષ શોક નવિ થાય.**

તરત ખબર પડે-કેવી અવસ્થા છે? દેશના લબ્ધિમાં એવી અવસ્થા પ્રાપ્ત થાય છે-અદ્‌ભુત ઘટના છે આ દેશના લબ્ધિ.

**જે જ્ઞાને ક્ષય મોહ થઇ, પામે પદ નિર્વાણ.**

પરમકૃપાળુ દેવે કહ્યું છે ''શું કરવાથી પોતે સુખી-શું કરવાથી પોતે દુઃખી?''

પણ આ પોતે શું? Who are you? ''ક્યાંથી છે આપ, એનો માગો શીઘ્ર જવાબ.'' તમે માગ્યો? કોઇ આવીને કહે કે તમે આ-પણ એ તું નથી-એ તો આ ખોળિયાની વાત છે-

કોથળાની વાત છે, તું નથી-તું એનાથી જુદો છે એવી પ્રતીતિ થઇ નથી.

**પ્રથમ આત્મસિદ્ધિ થવા, કરીએ જ્ઞાન વિચાર,**
**અનુભવી ગુરુને સેવીએ, બુધજનનો નિર્ધાર.**

આ દેશના લબ્ધિ છે. છ દ્રવ્યો-નવ તત્ત્વો એના ઉપદેશને દેશના કહે છે. કથા-વાર્તા શબ્દ જૈન દર્શને વાપર્યો નથી. શબ્દ વાપર્યો છે ''દેશના.'' **જેમાં છ દ્રવ્યો અને નવ તત્ત્વોની પ્રરૂપણા થતી હોય તેને કહેવાય છે ''દેશના''. આ દેશનાના દેનારા આચાર્યો, એમની લબ્ધિ અને એમનો ઉપદિષ્ટ-એવો જે અર્થ તેનું ગ્રહણ-ધારણ અને વિચારણા કરવાની મનની શક્તિ પ્રાપ્ત થવી આને કહેવાય છે દેશના લબ્ધિ.**

છેલ્લે ઉપસંહાર-ઉપદેશિત નવ તત્ત્વો અને છ દ્રવ્યો આદિની ધારણા પ્રાપ્ત થવી એ ઉપાદાનના પક્ષે કામ થયું. અને તથા પ્રકારે કર્મની સ્થિતિ થવી તેમજ આ ''દેશના''ના દાતા આચાર્ય પ્રાપ્ત થવા-આત્મજ્ઞાની પુરુષ પ્રાપ્ત થવા-બ્રહ્મનિષ્ઠ શ્રોત્રિય ઉપદેશકનો લાભ થવો એને પણ દેશના લબ્ધિ કહે છે. કહે છે કે નરકમાં શું થતું હશે? નરકગતિમાં ઉપદેશ આપનારા નથી. **જ્યાં ઉપદેશ આપનારા નથી ત્યાં પૂર્વ ભવમાં ધારણ કરેલા તત્ત્વાર્થના સંસ્કારના બળથી. એળે નહીં જાય-લેખે લાગશે-અત્યારે કામ ન થયું હોય તો તે વખતે પણ એ કામમાં આવશે-તો પૂર્વભવમાં ધારણ કરેલા તત્ત્વાર્થના સંસ્કારના બળથી વિચારણા થવી તેને દેશના લબ્ધિ કહેવામાં આવે છે.** તિર્યંચ ગતિમાં ઉપદેશકની પ્રાપ્તિ થાય છે અને કોઇ કોઇ જીવને ઉપદેશ આપવાનો પ્રસંગ પણ પ્રાપ્ત થાય છે. જેમ કે સમડી-જેમ કે હાથી-જેમ કે સિંહ (નવકાર મંત્રની પ્રાપ્તિ થઇ હતી) પણ દરિયામાં રહેલી જે માછલી છે તેને શું આધાર? એને બોધ ક્યાંથી પ્રાપ્ત થાય? શાસ્ત્રોએ કહ્યું ''જિનેશ્વરના બિંબના આકાર જેવા માછલાઓને જોઇને, જોતાં-જોતાં જોતાં જોતાં-આ ક્યાંક જોયું છે-ક્યાંક જોયું છે એમ **અંદર ફટાક ભેદ પડતા, અહો હો! આ વીતરાગ દેવની મૂર્તિ છે અને એ જોતાં પૂર્વની સ્મૃતિ થાય એવી દેશના લબ્ધિ છે.** જીવ-અજીવ આદિ પરમાર્થો, **પ્રવચનમાં** જે ભાખ્યા છે, તેનો અર્થ વિચારવામાં આવે, એને કહેવાય છે દેશના લબ્ધિ.''

જે જાણ મુનિ ગણ જવહરી, સંવેગ રંગ તરંગ ઝીલે,
**માર્ગ શુદ્ધ કહે બુધા તેહની સેવા કીજીએ, જીમ પીજીએ સમતા સુધા.**

આના જે જાણકાર મુનિ-એને ઝવેરી કહેવાય. ઝવેરી પથ્થરનો વેપાર કરે છે અને આત્મજ્ઞાની મુનિ-જીવંત ચૈતન્યમૂર્તિ રત્નનો વેપાર કરે છે. ઝવેરી કિંમત નક્કી કરી આપે છે પથ્થરોની. આ ભાષાથી માઠું ન લગાડશો-આમાં અમે અણગમો કરતા નથી-પણ મહાપુરુષો તથા પરમકૃપાળુ દેવે તેને ઊંચી જાતના કાંકરા કહ્યા છે. ઊંચી જાતના કાંકરા સિવાય બીજું એમાં કાંઇ પણ નથી. ઓલા કાંકરા રસ્તામાં રખડતા હોય. અને આ કાંકરા તિજોરીમાં મૂક્યા હોય. તત્ત્વના જાણકાર એવા જે મુનિ કેવા? **''સંવેગ રંગ તરંગ ઝીલે''-વૈરાગ્યના સાગરમાં-મોક્ષ**

**અભિલાષાના સાગરમાં-આત્મ અનુભૂતિના સાગરમાં-જે નિરંતર ઝુલી રહ્યા છે તેવા જે મુનિ-માર્ગના કહેનાર જે મુનિ-એમની મનથી-વચનથી-કાયાથી-તનથી-મનથી-ધનથી-નિરંતર સેવા કરે એને કહેવાય દેશનાલબ્ધિ. (કાર્યમાં કારણનો ઉપચાર કરવાથી.)**અને આવી સેવા કરતા હીણાનો સંગ તજી દેવો અને ઉત્તમનો સંગ નિરંતર કરવો. આ સુરતની તાપી નદીમાં દરિયાની ભરતી આવે ત્યારે દરિયો આગળ વધી તાપી નદીના પાણીમાં ભળી જાય છે ત્યારે તાપી નદીનું મીઠું પાણી ખારું થઇ જાય છે. તાપી નદીનું પાણી ખારું નથી-પણ મીઠું હોવા છતાં હીણા એવા દરિયાનો સંગ થયો માટે મીઠું પાણી ખારું થયું. **દેશના લબ્ધિમાં અજ્ઞાનીનો સંગ ન કરે. ઉપર જણાવેલી અવસ્થા પ્રાપ્ત થવી તેને કહેવાય છે ''દેશના લબ્ધિ.''**

# પ્રવચન : ૧૩

## પ્રાયોગ્ય લબ્ધિ અને કરણલબ્ધિ

ક્ષયોપશમ લબ્ધિ-વિશુદ્ધિ લબ્ધિ અને દેશના લબ્ધિ. આ ત્રણ લબ્ધિઓ પછી ચોથી લબ્ધિ પ્રાયોગ્ય લબ્ધિ-શબ્દ છે પ્રાયોગ્ય, સમ્યગ્દર્શનનો પ્રયોગ કરવા માટે જ્યાં પૂર્વ તૈયારી કરવાની હોય છે એવી અવસ્થા.

અહીં ત્રણ બાબતો સમજી લેવાની જરૂર છે.

૧. અભવી આત્મા પણ અહીં પ્રાયોગ્ય લબ્ધિ સુધી આવે છે અને કરે છે. જે સમકિત નથી પામવાનો.

૨. ભવી આત્મા જે અહીં સુધી આવે છે પણ ગ્રંથિ ભેદ કર્યા વગર પાછો ફરવાનો છે, તેવું સાહસ-તેવું બળ-તેવો ઉત્સાહ-તેવી પરમરુચિ તેની પાસે અત્યારે નથી. આવ્યો છે પણ ગ્રંથિભેદ કર્યા વગર પાછો ફરવાનો છે તેવો ભવી જીવ.

૩. એવો ભવી જીવ કે જે પ્રાયોગિક લબ્ધિમાં આવીને અવશ્ય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરીને જ જંપવાનો છે એવો જીવ. આ ત્રણેય જીવોની પ્રાયોગ્ય લબ્ધિની પ્રવૃત્તિ જુદી જુદી છે. એ એટલા માટે જુદી જુદી હોય છે કે અવશ્ય સમ્યગ્દર્શનની અનુભૂતિ જે કરવાનો છે એની સમગ્રપણે તૈયારી હશે.

જીવ પ્રત્યેક સમયે વિશુદ્ધતાની વૃદ્ધિ કરે છે. આ સમય શબ્દ જ્યારે બોલીએ છીએ ત્યારે સાદી ભાષામાં એમ કહેવાય છે કે પહેલી ક્ષણે દસ ટકા, બીજી ક્ષણે સો ટકા, ત્રીજી ક્ષણે હજાર ટકા, ચોથી ક્ષણે એક લાખ ટકા. અહીં ગુણાકાર થાય છે. પ્રત્યેક સમયે વિશુદ્ધતાની વૃદ્ધિ કરે છે-પણ અનંતગુણી. પહેલા સમયે અનંતગુણી-બીજા સમયે એથી અનંતગુણી-ત્રીજા સમયે એથી અનંતગુણ. અને કર્મની સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમકાળ રહેવા યોગ્ય થાય છે. અંતઃકોડાકોડી સાગરોપમ કર્મની સ્થિતિ રહે એ પ્રકારના આત્માના જે પરિણામ તે પ્રાયોગ્ય લબ્ધિમાં ઉપાદાન કારણ છે. ઉપાદાનના પક્ષે આટલી તૈયારી થઇ છે. એવો ભાવ થયો-એવી શુદ્ધિ થઇ-એવી વિશુદ્ધિ થઇ-એવી અનંતગુણ વિશુદ્ધિ થઇ કે હવે એ કર્મો છે તે અંતઃકોડાકોડી સાગરોપમ સ્થિતિવાળા જ રહી શકશે-વધારે નહીં રહી શકે. આ ઉપાદાનની વ્યવસ્થા થઇ. આ ભાવ સૃષ્ટિમાં વ્યવસ્થા થઇ. આવો ભાવ તેને કહેવાય છે ઉપાદાન અને ઉપાદાનમાં જ્યારે આવો ભાવ થાય છે, એ નિમિત્ત બને છે કર્મતંત્રના ફેરફારમાં ઉપાદાનમાં જે ભાવ થયો-એટલે કે-આત્મામાં જે ભાવ થયો તેની અસર કર્મતંત્ર પર પડે છે તેને કહે છે નૈમિત્તિક.

આત્માનો ભાવ એ નિમિત્ત અને કર્મતંત્રમાં ફેરફાર એ નૈમિત્તિક.

કર્મતંત્રમાં ફેરફાર નિમિત્ત અને આત્માના ભાવમાં ફેરફાર એ નૈમિત્તિક.

બન્ને શબ્દો સમજીએ. આત્માના જે ભાવ થયા તે નિમિત્ત બન્યું-શેમાં? જે કર્મતંત્ર છે તેના ફેરફારમાં. કર્મતંત્રમાં જે કાંઇ પણ કાર્યવાહી થઇ એના કારણે આત્માના ભાવમાં ફેરફાર થયો તો એ નિમિત્ત બન્યા. એને કહેવાય છે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ. જૈન દર્શનની અલૌકિક જો કોઇ વાત હોય તો એ વાત છે કે પ્રત્યેક દ્રવ્ય સ્વતંત્ર છે.

પ્રત્યેક દ્રવ્યો સ્વયં સંપૂર્ણ છે.
પ્રત્યેક દ્રવ્યો નિરપેક્ષ છે.
પ્રત્યેક દ્રવ્યો અનંતતાથી ભરેલા છે.
પ્રત્યેક દ્રવ્યો અનંતગુણથી ભરેલા છે.
પ્રત્યેક ગુણની અનંત પર્યાય છે.
પ્રત્યેક પર્યાયને પ્રગટ કરવાનું સામર્થ્ય દ્રવ્ય પોતે ધરાવે છે.

આ અનંત પર્યાય પ્રગટ કરવાનું સામર્થ્ય દ્રવ્યની પાસે છે. દ્રવ્ય લાચાર નથી. દ્રવ્ય કોઇની સામે જોઇને બેઠું નથી-**''જડ ભાવે જડ પરિણામે, ચેતન ચેતન ભાવ''** બન્ને સમાંતર રેખા છે. જડ જડમાં કામ કરે છે અને ચેતન ચેતનમાં કામ કરે છે. પણ બન્ને સાથે છે અને સાથે હોવાના કારણે બન્ને વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એની ચર્ચા અત્યારે કરવી નથી.

**જીવ પ્રત્યેક ક્ષણે વિશુદ્ધતાની વૃદ્ધિ કરે અને આયુષ્ય કર્મ સિવાય પ્રત્યેક કર્મોની સ્થિતિ અંતઃ કોડાકોડી સાગરોપમની કરે એ વિશુદ્ધિ લબ્ધિની એક પ્રક્રિયા છે.** આ સ્થિતિ ઓછી કરવી એટલે કે એક કોડાકોડી સાગરોપમમાંથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગની ઓછી કરે છે પણ રાગ દ્વેષની ગ્રંથિ ભેદવી એ જ કટોકટી છે,એમાં નાકે દમ આવી જાય છે.

મોહનીય કર્મની સીત્તેર કોડાકોડી સાગરોપમની સ્થિતિમાંથી ઓગણસીત્તેર ખપી જાય. એક કોડાકોડી રહે.

તેમજ જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-અંતરાય દરેકની ૩૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિમાંથી ૨૯ ખપી જાય અને માત્ર એક કોડાકોડી રહે. આવી ૧ કોડાકોડી સાગરોપમની સ્થિતિ જીવે અનંતવાર કરી છે. એક વાર નહીં. જાગૃત રહેજો. આ તમારા ઘરની વાત છે. આ તમારી પોતાની વાત છે-આ તમારો ખજાનો છે-આ તમારી અલૌકિક સૃષ્ટિ છે-આ તમારો વૈભવ છે-આ તમારું ધન છે તેને ઓળખો. આ સુગમ છે. આવું અનંતવાર થયું. અનંતવાર એક કોડાકોડી સાગરોપમની સ્થિતિનું લેવલ લાવી દીધું. પણ રાગ-દ્વેષની ગ્રંથિ ભેદી ન શકયો.

**નદી ઘોલ પાષાણ ન્યાય જીમ, અર્ધવાટમેં આયો,**
**અર્ધવાટ સુગમ હોય તાકો-જીન કછુ મોહ ઘટાયો,**
**મૂરખ વૃથા જનમ ગુમાયો.**

એક કોડાકોડી સાગરોપમની સ્થિતિ જે થાય છે - as a routine - એમાં તમારો કોઇ પુરુષાર્થ નથી-જેમ નદીમાં પડેલો પથ્થર લીસો થઇ જાય છે અને ગોળ થઇ જાય છે તેમ. કયો કારીગર એને ઘડવા ગયો હતો? કેમ થાય છે? નદીમાં રહેતા રહેતા પાણીનો ઘસારો અને જોડે જોડેના પથ્થરોનો પણ ઘસારો એમ થતાં થતાં પથ્થર પોતાની મેળે લીસો બની જાય છે-**''નદી ઘોલ પાષાણ ન્યાય જીમ''** જેમ પથ્થર લીસો બની જાય છે એમ એક કોડાકોડી સાગરોપમની સ્થિતિ થાય છે-હવે થોડી સૂક્ષ્મ વાત-પછી એવો કોઇ સૂક્ષ્મ ભાવ રહી જાય છે જે ન થવાના કારણે જીવ ગ્રંથિ ભેદ કરી શકતો નથી. effect તો અહીંથી મળશે. આત્મામાંથી મળશે-ચૈતન્યમાંથી મળશે. એવો કોઇ સૂક્ષ્મભાવ બાકી રહી જાય છે-કે જે ભાવ ન થવાના કારણે જીવ તીવ્ર પુરુષાર્થ કરી રાગ દ્વેષની તીવ્ર ગ્રંથિ ભેદવા સમર્થ બનતો નથી. યથા પ્રવૃત્તકરણ અનંતવાર થયું.પણ આ ન થવાના પરિણામે **કરણ લબ્ધિની પ્રક્રિયાનો પ્રારંભ થઇ શકતો નથી.** માટે જેને સમકિત અવશ્ય પ્રાપ્ત થવાનું છે એ અવશ્ય પુરુષાર્થ કરશે.

થોડાંક બનાવો બને છે તે સમજી લઇએ. કર્મોની ફળ દેવાની શકિત કમજોર બની જાય છે. અત્યારે તો આપણે કમજોર છીએ. ક્યારેક કર્મ બળવાન બને છે તો ક્યારેક ક્યારે જાગેલો આત્મા બળવાન બને છે. એવી અવસ્થા આવે છે કે જ્યારે કર્મોની ફળ દેવાની શક્તિ કમજોર બની જાય છે તથા આયુષ્ય કર્મ છોડીને સાત કર્મોના નવા બંધ જે પડે છે તે અંત કોડાકોડી સાગરોપમ પ્રમાણ પડે છે, વધારે બંધ પડી શકતો નથી. આનો અર્થ એમ થાય છે કે એવો અશુભ ભાવ અથવા એવો અશુદ્ધભાવ આ ભૂમિકા પર થતો નથી.અંતઃકોડાકોડીથી કર્મોની વધુ સ્થિતિ બંધાય તેવા અશુદ્ધભાવનો અહીંયા ટચ થતો નથી. અશુદ્ધ ભાવથી અશુદ્ધ કર્મો એટલે તમામ ઘાતિ કર્મો વગેરેમાં જે અનુભાગ-જે રસ પડે છે તે તીવ્ર પડે છે. તીવ્ર શક્તિનું નિર્માણ થાય છે.

૫૦૦ ગ્રામ રૂના દડાનો ઘા કરો. ૫૦૦ ગ્રામ લાકડાનો કટકો, તેનો ઘા કરો-૫૦૦ ગ્રામના માટીના દડાનો ઘા કરો અને, ૫૦૦ ગ્રામ લોખંડનો જે ગોળો તેનો ઘા કરો. તેમાં ફરક પડે ખરો? હા પડે-કારણ રૂના દડામાં સઘનતા નથી-લાકડું એટલું સઘન નથી-માટી એટલી સઘન નથી-લોખંડ બરાબર સઘન છે. કેમ? એ એની શક્તિ છે. જે પ્રમાણે પદાર્થની જુદી જુદી શક્તિ છે તેમ જે કર્મો બંધાય છે તેમાં પણ પરિણામ આપવાની શક્તિ નિર્માણ થાય છે, તે એમ ને એમ થતી નથી. પરિણામ આપવાની જે શક્તિ નિર્માણ થાય છે તેને અનુભાગ અથવા રસ કહે છે.

એક લાખ ગાયોનું દૂધ પચાસ હજાર ગાયોને પાવામાં આવે.
પચાસ હજાર ગાયોનું દૂધ પચીસ હજાર ગાયોને પાવામાં આવે.
પચીસ હજાર ગાયોનું દૂધ તેનાથી અડધી ગાયોને પાવામાં આવે.

આમ કરતાં કરતાં છેલ્લા એક ગાયને પાવામાં આવે. પછી એ ગાયનાં દૂધની ખીર જે બને તે ચક્રવર્તી ખાય. આમાં થયું શું? આ દૂધ તો એનું એ છે. એ ખીર કેવી હશે? આનો રસ વધ્યો,

અનુભાગ વધ્યો. યાદ રાખજો જે તે વખતે અંદરમાં કષાયો-રાગદ્વેષના ભાવની ધારા ચાલતી હોય તે વખતે ૧૦૦% જાગૃત રહેશો. Total Awarness. નહીં તો એવા ભાવ જો થશે તો કર્મમાં તીવ્ર રસ પડશે અને એટલા જોરથી કર્મો આપણને ફળ આપશે- એટલા રસથી આપણને અથડાશે. જેણે કર્યું તેને ભોગવવાનું. બીજાને પરિણામ આપવા નહિ જાય. દડો જેટલા જોરથી ફેંકશો ત્યારે એટલા જોરથી પાછો rebound થશે. કષાયોના પરિણામો કરવા-રાગદ્વેષના ભાવ કરવા-અહીં સુધી પૂરા ૧૦૦% સ્વતંત્ર છો-રાગદ્વેષના ભાવ કરવા કે ન કરવા એ તમારી મરજીની વાત છે. રસ્તે ચાલ્યા જાવ છો અને કોઇએ ધક્કો માર્યો-તો નીચે મુજબ બોલી શકો છો.

૧. આંખો ફૂટી થઇ છે, જોતો નથી ? એમ તમે બોલી શકો છો.

૨. અને તમે એમ પણ કહી શકો છો કે ભાઇ સાહેબ ! આ રસ્તો છે, જરા જોઇને ચાલતા હો તો કોઇને તકલીફ ન થાય.

૩. તમે એમ પણ કહી શકો છો કે દોસ્ત ! મને બહુ વાગ્યું નથી, ચિંતા ન કરશો-ભૂલ થાય માણસની, વાંધો નહીં.

૪. અને તમે મુંગા મુંગા કાંઇ બોલ્યા વગર પણ જઇ શકો.

**આ ચારેય action અને દરેકના પરિણામ જુદા જુદા. જે ક્ષણે અંદરમાં કષાયાદિ ભાવ થાય છે, જે ક્ષણે કરો છો-ત્યાં સુધી તમે સ્વતંત્ર. પણ કર્યા પછી કર્મતંત્રની વ્યવસ્થા થઇ ગઇ પછી તમે બિલકુલ પરતંત્ર. એટલે કે રાગદ્વેષ કરવામાં તમારી સ્વતંત્રતા પૂરેપૂરી છે પણ રાગદ્વેષ કર્યા પછી તેના કર્મોનો જે બંધ થાય છે તેના પરિણામો ભોગવવામાં એટલા જ પરતંત્ર પણ છો. પછી ન ચાલે. છતાં જ્ઞાની પુરુષોએ કહ્યું કે એવા રાગદ્વેષ કર્યા પછી પણ -એવા કર્મોનો બંધ થયો હોય ત્યાર પછી પણ કોઇ જ્ઞાની પુરુષ મળે ને જીવ જાગે અને તીવ્ર કોટીની તપની-ધ્યાનની સ્વાધ્યાયની સાધના જો કરે તો-કર્મમાં ઇફેકટ આપી શકાય. રાષ્ટ્રપતિને અધિકાર છે કે તે મૃત્યુદંડની શિક્ષા રદ કરી શકે છે. તમારા તરફથી-ઇફેકટ જો મળે તો. પણ ક્યારે? કર્મ ઉદયમાં આવે તે પહેલા. કર્મ ઉદયમાં આવે તે પહેલા પોતાના તરફથી જાગૃતિ પૂર્વક પુરુષાર્થ જો થાય તો એ કર્મો તમને ફળ આપી ન શકે-આપે તો ઓછું આપે. તો આનો અર્થ એ થયો કે-તમે કર્મો કરવામાં સ્વતંત્ર-કર્મના ફળમાં પરતંત્ર.**

તમારી સ્વતંત્રતાનો ઉપયોગ તમે કેટલો કરી શકો છો? પોતાની સ્વતંત્રતાનો સમ્યગ્ ઉપયોગ કરવાની કળાને કહેવાય છે વિવેક.અશુભ કર્મો એટલે ઘાતી કર્મો-જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-અંતરાય અને મોહનીય, એ તમામ કર્મોનો રસ જે પર્વત જેવો (પર્વતને કેમ ભેદાય? પર્વતને કેમ તોડાય? થોડાંક કાંકરા મારો-થોડીક લાકડીઓ મારો તો તૂટી ન શકે-તેમ જે કર્મોનો રસ પર્વત જેવો) મજબૂત છે અને કઠણ છે તેને જીવ આ પ્રાયોગ્ય લબ્ધિમાં જ્યારે આવે છે ત્યારે કાષ્ટ સમાન-લાકડા સમાન બનાવી દે છે. પર્વત જેવો જે હતો તેને લાકડા જેવો બનાવી

દે છે, કારણ કે કરણ લબ્ધિમાં આ બાકીના કર્મો ઉપર કામ કરવાનું છે. માટે તે પહેલા કર્મો પોચા થઇ જાય છે. **આ પોચા થઇ ગયેલા કર્મોને ખતમ કરવામાં બહુ જોર લાગતું નથી. અને એ જ પ્રમાણે જે અઘાતી કર્મો છે તે અઘાતી કર્મોનો રસ-અશુભ રસ-ઓછો થઇ જાય છે. આવી અવસ્થા જીવનમાં પ્રાપ્ત થવી અને એક કોડાકોડી સાગરોપમમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન કર્મોની સ્થિતિ રહેવી, એવી પ્રક્રિયા જેમાં થાય છે તેને કહેવાય છે પ્રાયોગ્ય લબ્ધિ.** આ પૂર્વ તૈયારી થઇ. અને અહીંથી કરણ લબ્ધિનો પ્રારંભ થાય છે.

કરણ લબ્ધિના પ્રારંભનો સંકેત પરમકૃપાળુ દેવે એક સૂત્રમાં અદ્ભુત રીતે આપ્યો છે. વર્ષ ૨૬, પાના નં. ૩૭૮ પત્ર કુંવરજીભાઇ ઉપર લખેલો છે. વચનામૃત-૪૬૦ ત્રીજો/ચોથો પેરેગ્રાફ. **''સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી-નિર્ભયપણે-નિખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાઓએ કહી છે.''** ભગવાન મહાવીરને ૧૨।। વર્ષ સાધના કર્યા પછી લગભગ ૪૨ વર્ષની ઉંમરે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ. ૪૨ વર્ષ પછી ૭૨ વર્ષ સુધી નિરંતર બે પ્રહરની દેશના આપી. આટલા વર્ષોની નિરંતર દેશનાનો નિચોડ શું? **''સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને-નિખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાઓએ આપી છે.''** જીવનમાં ખેદ ન કરશો અને કશાયથી ભય ન પામશો. જગતમાં ભયનું સામ્રાજ્ય છે પણ જેણે આત્માને જાણ્યો છે તેને ભય નથી.

**અમર ભયે ન મરેંગે-અબ હમ અમર ભયે ન મરેંગે.**

એકાએક આ કાવ્ય ક્યાંથી સ્ફૂર્યું? હવે અમને ભય નથી, અમને મૂંઝવણ નથી-કારણ કે ભય તો હતો એ શરીરને હતો. ગોરખ (શિષ્ય) મછેન્દ્ર (ગુરુ) જતા હતાં. મછંદરને ક્યાંકથી સોનાની ઇંટ મળી-તે પોતે લીધી-અને ઝોળીમાં નાખી અને પ્રવાસ કરતા હતા. ગહન વન આવ્યું ત્યારે પૂછતા હતા કે ''ગોરખ, કુછ ભય તો નહીં?-કુછ ભય તો નહીં હૈ?'' ગોરખને થયું કે આ ગુરુ મહારાજને શું થયું છે? ગુરુ મહારાજ કાંઇક શારીરિક ક્રિયા કરવા ગયા, પાછળથી ઝોળી ઉઘાડીને જોયું તો હતી સોનાની ઇંટ. ''ભય ઉસ લીએ લગતા હૈ!'' એટલે સોનાની ઇંટ કૂવામાં નાખી દીધી અને એટલા વજનનો પથ્થર રાખી દીધો, થોડેક આગળ ચાલ્યા વળી પાછું ગુરુ મહારાજે પૂછ્યું. ''ગોરખ, કુછ ભય તો નહીં?'' ગોરખે જવાબ આપ્યો ''અરે ભય તો કૂવે મેં ડાલ દીયા'' આ ભય તમને ન હતો-મને ન હતો. ભય તો કાયાને છે, ભય તો માયાને છે. આત્માને ભય નથી. આત્મા કાયા અને માયાથી પર છે.

**भोगे रोगभयं कुले च्युतिभयं वित्ते नृपालाद्भयं**
**मौने दैन्यभयं बले रिपुभयं रूषे जराया भयम्।**
**शास्त्रे वादभयं गुणे खलभयं काये कृतान्ताद्भयं**
**सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयम्।।**

(ભર્તૃહરિ-વૈરાગ્ય શતક નં. ૩૧)

આ બધો ભય.... ભોગમાં ભય-શરીરને ભય-સંપત્તિને ભય. ખબર પડે ઇન્કમટેક્ષ ઓફિસર આપણા ફ્લેટમાં આવવાના છે-તરત થયું કે ૪ નંબર કે ૫ નંબરમાં? ૪થા નંબરમાં પોતે રહે છે અને જ્યારે ખબર પડે છે કે ૫ નંબરમાં આવવાના છે-તરત થશે કે ''હાશ'' આ હાશ શું કામ થયું?-જોખમ! કારણ કે ભય છે. તમામ પ્રકારના ભયથી મુક્ત બનવું તે જીવનની કળા છે. મનોવૈજ્ઞાનિકો એમ કહે છે કે માણસ ઉપર ભયનું મોટામાં મોટું સામ્રાજ્ય છે અને બીજું છે ''ખેદ''. સંસારમાં પ્રસંગો વારંવાર આવશે-સંસારનો ખેલ છે.

સંયોગ-વિયોગ
પ્રાપ્તિ-અપ્રાપ્તિ
ઇષ્ટ-અનિષ્ટ
પસંદગી-નાપસંદગી
અનુકૂળ-પ્રતિકૂળ
નિંદા-સ્તુતિ
માન-અપમાન
શત્રુ-મિત્ર
સારું-નરસું
ઠંડું-ગરમ

જગતમાં આ દ્વંદ્વો છે, દ્વંદ્વ સિવાય બીજું કશું નથી. આ સંયોગો-વિયોગોનો ખેલ છે તેમાં કેટલો ખેદ-કેટલો વિષાદ કરશો? વિષાદ કરીને જીવનને કલુષિત ન બનાવશો. ખેદ કરીને મનને દબાણ ન આપશો અને મન ઉપર ભાર આવવા ન દેશો અને અમે પણ એ જ કહીએ છીએ.

અમારી વાત અમારી પોતાની નથી. અનંતજ્ઞાની પુરુષોએ જે વાત કરી છે એ જ વાત અમે કહી રહ્યા છીએ કે કોઇ પણ કારણે આ સંસારમાં ક્લેષિત થવા યોગ્ય નથી. કારણો તો ઘણાં આવશે. ક્લેષ કરવો જ હોય તો કારણો તો ઘણા આવશે. પરમકૃપાળુ દેવનું એમ કહેવું છે કે કોઇપણ કારણથી આ સંસારમાં ક્લેષિત થવા યોગ્ય નથી.

કરણ લબ્ધિ માટે વિચારણા શરૂ કરીએ. જ્યાં સુધી અવિચાર ત્યાં સુધી અજ્ઞાન. જ્યાં **સુધી અજ્ઞાન ત્યાં સુધી તત્ત્વજ્ઞાન નહીં-અને તત્ત્વજ્ઞાન ન હોય તો કરણ લબ્ધિમાં ગ્રંથી ભેદની પ્રક્રિયા થઇ શકે નહીં. લીન્ક સમજી લો-જ્યાં સુધી અવિચાર છે ત્યાં સુધી અજ્ઞાન છે. અને ''અવિચાર અને અજ્ઞાન સર્વ ક્લેષનું કારણ છે-સર્વ મોહનું કારણ છે-અને માઠી ગતિનું પણ એ જ** કારણ છે.'' કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજે યોગશાસ્ત્રમાં ગાથા આપી,

**आत्माज्ञानभवं दुःक्खमात्मज्ञानेन हन्यते।**
**तपसाप्यात्मविज्ञानहीनैश्छेतुं न शक्यते॥**

ઉપા. યશોવિજયજીએ કહ્યું,

આતમ અજ્ઞાને કરી, જે ભવ દુઃખ લહીએ,
આતમજ્ઞાને તે ટળે, એમ મન સદ્દહીયે.
આત્મ તત્ત્વ વિચારીએ.

**તમામ દુઃખોનું મૂળ પદાર્થોનો અભાવ નથી. આપણી પરિભાષા એવી છે કે પદાર્થોનો અભાવ હોવો અથવા જોઇએ તેટલા પ્રમાણમાં પદાર્થો ન હોવા એનું નામ દુઃખ, એ આપણી વ્યાખ્યા છે. પદાર્થો ન હોવા-વસ્તુઓ ન હોવી-અનુકૂળ વ્યક્તિઓ ન હોવી-એ દુઃખનું કારણ છે,એ છે આપણી પરિભાષા અને માટે આપણે હંમેશા બહાર પદાર્થોમાં-વસ્તુઓમાં-વ્યક્તિઓમાં ફેરફાર કરીએ છીએ. જ્ઞાની પુરુષો કહે છે કે પદાર્થોની અલ્પતામાં-અભાવમાં-બહુલતામાં સુખ દુઃખનો સંબંધ નથી. સુખ દુઃખનો સંબંધ અજ્ઞાનની સાથે છે. અને અજ્ઞાનનું મૂળ અવિચારમાં છે. જ્યાં સુધી અવિચાર-ત્યાં સુધી અજ્ઞાન. અજ્ઞાન અવિચારથી જ ટકે છે અને અજ્ઞાન વિચારથી જ દૂર થાય છે. અજ્ઞાન દૂર કરવાના માટે બીજી કોઇ પ્રક્રિયા કામમાં નહીં આવે-વિચાર સિવાય.**

હજાર ઉપાય કરશો તો અંધારાને દૂર કરવાનાં માટે કયો ઉપાય કામમાં આવે તેવો છે? આદિવાસીઓ ગુફામાંથી અંધકાર ઉલેચી રહ્યા હતા. જુવાન છોકરા હતા. પાવડો-તગારાં-લાવ્યા-કોદાળીઓ લાવ્યા. ગુફામાંથી અંધકાર ખોદતા હતા-તગારામાં ભરી ભરીને બહાર નાખતા હતા. એક માણસ નીકળ્યો, ગુફામાં ગયો અને જોરદાર બેટરી ચાલુ કરી.

**અંધકારને દૂર કરવા માટે જેમ પ્રકાશ જ જોઇએ તેમ**
**અજ્ઞાનને દૂર કરવા માટે સમ્યગ્જ્ઞાન જ જોઇએ.**

**અજ્ઞાનનો આધાર અવિચાર-અને સમ્યગ્જ્ઞાનનો આધાર તત્ત્વ વિચાર. તત્ત્વ વિચારમાંથી આત્મજ્ઞાનનું તત્ત્વ તૈયાર થાય અને અવિચારમાંથી અજ્ઞાનનો મસાલો તૈયાર થાય. અજ્ઞાનનો મસાલો ઢગલાબંધ છે. જન્મોજન્મ ચાલે તેટલો મસાલો પડ્યો છે-અવિચારનો. અવિચારનો અર્થ વિચાર ન કરવો એમ નહીં-પણ અવિચારનો અર્થ વિવેક રહિત વિચાર કરવો તેમ છે.**

**આવો અવિચાર એ સર્વ ક્લેષનું કારણ છે.**
**આવો અવિચાર એ મોહનું કારણ છે.**
**આવો અવિચાર એ માઠીગતિનું કારણ છે.**

જ્યારે સદ્વિચાર અને આત્મજ્ઞાન એ આત્મગતિનું કારણ છે. અહીં મોક્ષગતિ શબ્દ નથી વાપર્યો. જે આત્મા તરફ વળ્યો તેને મોક્ષ તો આપોઆપ મળશે. **આત્મા તરફ જે વળ્યો તેને મોક્ષ મેળવતાં વાર નહીં થાય-"તેનો પ્રથમ સાક્ષાત્ ઉપાય જ્ઞાની પુરુષની આજ્ઞાને વિચારવી તે જણાય છે. જ્ઞાની પુરુષની જે આજ્ઞા-તેનો નિરંતર વિચાર કરે-તો આ ઉપાયની પ્રાપ્તિ થાય છે."** આટલી વાત કરીને કરણ લબ્ધિની ચર્ચાનો પ્રારંભ કરીએ છીએ.

**કરણ એટલે પરિણામ.**

**કરણ એટલે ભાવ.**

**કરણ એટલે આત્મામાં ઊઠતી સંવેદનાઓ અથવા લાગણીઓ.**

**કરણ પારિભાષિક શબ્દ છે. ચૈતન્યના પરિણામો અથવા ચૈતન્યમાં ઊઠતા ભાવોને કહેવાય છે કરણ. અને એ પરિણામ જીવનમાં નિયામક છે. શુદ્ધ આત્માનુભૂતિને અનુકૂળ પરિણામ જેમાં થાય છે એવી જે પ્રક્રિયા તેને કહેવાય છે કરણ લબ્ધિ.** કરણ લબ્ધિમાં શું ઘટના થાય છે? શુદ્ધ આત્મતત્ત્વના અનુભવ માટે પુરુષાર્થ થાય છે. તમારે કરવો છે કે નહીં તે મને ખબર નથી પણ જ્ઞાની પુરુષનો આગ્રહ એવો છે કે આત્મ સ્વરૂપનો અનુભવ કર્યા સિવાય કદાચ મૃત્યુ આવે તો મૃત્યુને હાથ જોડીને કહેવું કે તમે જરા ઊભા રહો, મેં સ્વરૂપની અનુભૂતિ કરી નથી, તે કરી લેવા દો, પણ આવું બની શકતું નથી. માટે પહેલા જાગો. **એક વખત શુદ્ધ આત્માની અનુભૂતિ જીવનમાં કરી લ્યો. જ્યાં સુધી આ શુદ્ધ આત્માની અનુભૂતિ જીવનમાં નહીં થાય ત્યાં સુધી કોઇ રીતે સંવર નહીં થાય-નિર્જરા નહીં થાય-બંધ નહીં તૂટે અને મોક્ષ નહીં મળે.**

શુદ્ધ આત્માની અનુભૂતિ જીવે નથી કરી. બાકી બધી અનુભૂતિઓ કરી છે.

જેવો આત્મા સમ્યગ્દષ્ટિ મહાત્માએ જોયો - અનુભવ્યો છે,

જેવો આત્મા ૧૪ પૂર્વધર શ્રુત કેવળીએ જોયો છે,

જેવો આત્મા ૧૩માં ગુણસ્થાને બિરાજનાર કેવળજ્ઞાની સર્વજ્ઞ પરમાત્માએ જોયો છે,

જેવો આત્મા સિદ્ધો અનુભવી રહેલા છે,

**એવો શુદ્ધ આત્મા, એની એક વખત જીવનમાં અનભૂતિ થઇ જાય તો જ જીવન ધન્ય બની જાય અને તો જ જીવન સાર્થક બની જાય, એ સિવાય જીવનની સાર્થકતા નથી એવો જેણે નિશ્ચય કર્યો છે તે કરણ લબ્ધિમાં પ્રવેશ કરે છે. એ સિવાય કરણ લબ્ધિમાં પ્રવેશ નહીં કરે.**

જગતમાં અનંતકાળમાં અનંત પ્રકારના અનુભવો થયા છે અને અનંતકાળમાં અનંત પ્રકારના અનુભવો થવાના પરિણામે અનંતવાર જન્મ અને મરણ કરવા પડ્યા છે.

આ જનમ અને મરણ કેમ ટળતા નથી?

આ સંસારનો અંત કેમ આવતો નથી?

એવો કયો અનુભવ કરવાનો બાકી રહી ગયો છે કે જેના કારણે જન્મ મરણ ટળતા નથી? જ્ઞાની પુરુષો કહે છે કે એવો એક અનુભવ બાકી રહી ગયો છે-અને તે છે શુદ્ધ આત્માનો અનુભવ. વાત લક્ષમાં લેજો, શુદ્ધ આત્માનો અનુભવ કરવાનો બાકી રહી ગયો છે માટે સંસાર ઊભો છે.

**કષ્ટ કરો, સંયમ ધરો, ગાળો નિજ દેહ**
**જ્ઞાન દશા વિણ જીવને, નહીં દુ:ખનો છેહ,**
**આત્મ તત્ત્વ વિચારીએ.**

અનંતવાર જિનદીક્ષા લીધી.
અનંતવાર સંસાર પરિત્યાગ કર્યો.
અનંતવાર તપ કર્યાં.
અનંતવાર વ્રત કર્યાં.

**વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.**

શું બાકી રહી ગયું છે? શું નથી કર્યું? શું કરવાનું બાકી રહી ગયું છે? એક ભાઇને બહુ ઉતાવળ હતી-સ્કૂટર પર બેસીને જતાં હતાં વચમાં સ્કુટર બગડયું. ગેરેજમાં ગયા-આખું સ્કુટર ખોલીને બેઠા પણ fault મળ્યો નહીં. એક ટેણિયો આવ્યો. તે કહે ''મને જોવા દેશો''? - ''ભાઇ આટલા બધા નિષ્ણાંતો-અનુભવીઓ ન કરી શકયા તો તું શું કરી શકીશ?'' ટેણિયાએ પેટ્રોલની ટાંકી ખોલી જોયું કે પેટ્રોલ જ નથી. સ્કુટરમાં ખામી હતી જ નહીં. પણ ટાંકીમાં પેટ્રોલ નો'તું. તેમ આ જીવે બધું કર્યું છે પણ શુદ્ધ આત્માની અનુભૂતિ નથી કરી. એક વખત-એક ક્ષણ માટે શુદ્ધ આત્માની અનુભૂતિ જો થઇ જાય તો અનંતકાળનું સાટુ વળી જાય.

**ચેતન શુદ્ધાતમ કુ ધ્યાવો-પર પરચે ધામધુમ સદાઇ**
**નિજ પરચે સુખ પાવો-ચેતન શુદ્ધાતમ કુ ધ્યાવો.**

ઘરડો માણસ બહાર પડી રહેતો હોય અને ઘરે આવતો ન હોય તો ઘરના માણસો કહે તો ખરા ને કે કયાં સુધી બહાર રખડશો? આ ઘરમાં આવવું ગમતું નથી? તમે રખડો છો તેમાં સારા નથી લાગતા. આ ચેતનજીને તેની પત્ની સુમતિ કહે છે કે મારા નાથ! ચેતન દેવ! તમે જગતમાં કેમ રખડવા જાવ છો ? તમે ઘરમાં રમો ને! આ ઓળખ્યા? આ સગાવહાલા છે. ચેતન અને ચેતનની પત્ની સમતા. સમતા ચેતનની પત્ની છે-આત્માની પત્ની છે. એ સમતા અથવા સુમતિ એ આત્માને વારે વારે સમજાવે છે કે તમે બહાર સારા ન લાગો.

**પર પરિણામિકતા અ છે, જે તુજ પુદ્ગલ યોગ હો મિત,**
**જડ ચલ જગની એંઠનો, ન ઘટે તુજને ભોગ હો મિત,**
**કયું જાણું કયું બની આવશે.**

તમે કોઇની ઘરે જમવા ગયા હો. અને જમતાં જમતાં વધેલું હોય તે તમારા ભાણામાં જો પીરસે તો જમો કે ઊભા થાવ? વટના કટકા હો તો ! ''શું ભિખારી છીએ? શું ભૂખે મરીએ છીએ? શું ખાવા નથી મળતું? તો આ એંઠવાડો ખાવા બોલાવ્યા છે?'' જ્ઞાની પુરુષ કહે છે કે જગતના પુદ્ગલો અનંત જીવોએ-અનંતવાર ભોગવી ભોગવીને છોડયા છે-આ એંઠવાડો નથી તો બીજું શું છે? એવો એંઠવાડો ભોગવવામાં તને શું મજા આવે છે? કોણ કહેશે આવું ? જ્ઞાની પુરુષો સિવાય-કોણ ઊંઘ ઉડાડશે?

એ શુદ્ધ આત્માની અનુભૂતિને અનુકૂળ પરિણામ-એ કરણ લબ્ધિમાં ઉપાદાનની પ્રક્રિયા છે.

કરણ લબ્ધિમાં ત્રણ પ્રક્રિયા થાય છે.

૧. યથાપ્રવૃત્તિ કરણ (ચરમ યથાપ્રવૃત્તિ કરણ)

૨. અપૂર્વ કરણ

૩. અનિવૃત્તિ કરણ

અને અનિવૃત્તિ કરણના પેટા ભાગમાં એક ચોથી પ્રક્રિયા થાય છે તેને કહેવાય છે અંતરકરણ.

એટલા માટે વારંવાર તમને ચેતવું છું કે આ તમારી વાત છે, આ તમારે જાણવી જ રહી- આ નહીં જાણો તો અનંતકાળ ખોયો-થોડુંક હજુ વધશે-ઘટશે તો નહીં જ. આ પ્રક્રિયા જ એવી છે કે જાણ્યા પછીમાં અનંત કાળના સંસારનો અંત આવી જશે.

યથાપ્રવૃત્તિકરણ અનંતવાર થયું. અભવ્ય પણ યથાપ્રવૃત્તિકરણ કરે છે.

યથાપ્રવૃત્તિકરણનો સામાન્ય અર્થ એવો થાય છે કે સામાન્ય વૈરાગ્યના પરિણામ.

એનું નામ યથાપ્રવૃત્તિકરણ. પણ ચરમયથાપ્રવૃત્તિકરણ અપૂર્ણકરણ પહેલા થાય છે. ચરમયથાપ્રવૃત્તિ કરણ એટલે છેલ્લું યથાપ્રવૃત્તિકરણ-કે જેના પછી અપૂર્વકરણની ઘટના ઘટવાની છે.

અપૂર્વકરણની ઘટના ઘટતા પહેલા જે છેલ્લું યથાપ્રવૃત્તિકરણ થાય છે તેને કહેવાય છે ચરમયથાપ્રવૃત્તિકરણ. તેમાં શું થાય? ચરમયથાપ્રવૃત્તિકરણમાં શુભભાવનો પ્રકર્ષ ટોચે પહોંચી જાય છે. સામાન્ય વૈરાગ્ય કરતાં તેનો વૈરાગ્ય તીવ્ર બને છે. દા.ત. રાજા ધાબા પર ચડ્યા છે. આકાશમાં ઇન્દ્રધનુષ તૈયાર થયું છે, જાત જાતના રંગો પુરાયા છે. તે જોઇને આશ્ચર્યમુગ્ધ બન્યો છે. તેને થયું કે મહારાણીને બોલાવી લાવું તો તે પણ જોવે. મહારાણીને કહ્યું ''ચાલો જોવા જેવું છે.'' મહારાણીએ કહ્યું આવું છું. અડધી કલાકમાં તૈયાર થઇ મહારાણી ગયા. જઇને જોયું તો ઘોર અંધકાર! મહારાણીએ કહ્યું ''શું જોવા બોલાવ્યા?'' ''મહારાણી, જે જોવા બોલાવતો હતો તે બરાબર હતું. પણ જે મેં જોયું તે તમારા આવતા પહેલા વેર વિખેર થઇ ગયું છે, એ રહ્યું નથી.'' પછી મહારાજા ઊતરીને સીધા વનની વાટે ગયા કે સંસાર આવો અસાર છે. (શુભભાવનો પ્રકર્ષ ટોચે પહોંચી ગયો). ધન્યવાદ તો તમને ઘટે છે કે તમે આટલું સાંભળી શકો છો. તમારી છાતી ગજબની કહેવાય કે આવી ઝીંક ઝીલી શકો છો.

ગોપીચંદ રાજા સ્નાન કરે છે. આઠ આઠ સ્ત્રીઓ સ્નાન કરાવે છે. કેવું સુખ હશે! બળશો નહીં મનમાં. તમે દુઃખી ન થશો, જો તમારે ડોલ હાથે ભરવી પડતી હોય તો ભરજો. ગોપીચંદ રાજાની મા ઉપરથી જોવે છે. કંચનવરણી કાયા છે. આવી યુવાનવય મારા દીકરાની છે. અને આવી યુવાનવય તેની ભોગ-વિલાસમાં ચાલી જાય છે. એને પરમાત્મા યાદ આવતા નથી. એ વિચારથી જે પીડા થઇ તે પીડાથી આંખમાં આંસુ આવે છે. આ રડ્યા પછી આંખમાંથી ગરમ આંસુ બરાબર ગોપીચંદ રાજાના શરીર પર પડે છે. બનવા કાળ છે. જેવા ગરમ આંસુ પડ્યા ત્યારે ગોપીચંદે જોયું કે આઠેમાંથી એકેય સ્ત્રીની આંખમાં આંસુ નથી. ઉપર નજર ગઇ, માની આંખમાં આંસુ

છે. સ્નાન કરતાં કરતાં ઊભા થયા. ઉપર ગયા. મા તારી આંખમાં આંસુ કેમ? જવાબ આપે છે કે ''કોઇ દુઃખ નથી-સુખનો પાર નથી-તું બહુ વિનીત છો. તારી પત્નીઓ પણ વિનીત છે.

હું તને જોઉં છું અને મને તારા પિતા યાદ આવે છે. તેઓ આવા સુંદર અને રૂપાળા હતા. આવા ભરાવદાર, ઘાટીલા અને રૂપ રૂપના અંબાર હતા. અને એક દિવસ તારા પિતાજીની કાયા ચિતા ઉપર ચઢી, બળીને ખાખ થઇ ગઇ.

**હાડ જલે જૈસે લકડે કી મૌલી,**
**બાલ જલે જૈસે ઘાસકી પૌલી.**

આખી જિંદગી તેઓ સંસારના રંગરાગમાં રહ્યા. તેઓ પરમાત્માને યાદ કર્યા વગર, પામ્યા વગર, મેળવ્યા વગર, કલ્યાણ કર્યા વગર ગયા. તું એવું કરી રહ્યો છે તે જોઇને મારી આંખમાં આંસુ આવે છે.'' તે વખતે રાજા કપડાં બદલાવવા રહ્યા નથી. ગોપીચંદ રાજા ભીના કપડે બંગાળનું રાજ્ય છોડીને વનમાં ભગવાનનું ભજન કરવા ચાલી નીકળ્યા.

**ધન ધન જનની ગોપીચંદરાયની, જેને પુત્રને દીધો રે વૈરાગ્ય.**

વૈરાગ્ય થાય તેવો છે. સંસારમાં ઘણી ઘટનાઓ વૈરાગ્ય થાય તેવી છે. તેવા વૈરાગ્યનું પરિણામ-ઉત્સાહ-જેમ કોઇ કિંમતી વસ્તુ મેળવવાની હોય ત્યારે અંદર કેટલો ઉત્સાહ હોય છે તેમ.

પહેલી વાત છે વૈરાગ્ય
બીજી વાત છે વૈરાગ્યનો પરિણામ-ઉત્સાહ.
ત્રીજી વાત છે નિશ્ચય.
ચોથી વાત છે ધૈર્ય.
પાંચમી વાત છે શુભ ભાવનો પ્રકર્ષ.

તીવ્ર વૈરાગ્યના પરિણામ, ઉત્સાહ, નિશ્ચય, ધૈર્ય અને શુભભાવનો પ્રકર્ષ. આ પાંચ બાબતો યથાપ્રવૃત્તિકરણમાં થાય છે. આમ આત્મામાં સમ્યક્ત્વ પ્રાપ્તિ યોગ્ય પરિણામોની વિશેષ શુદ્ધિ થવી તે ઉપાદાન ને મુમુક્ષુ તીવ્ર વિચારમાં પોતાના ઉપયોગને તદ્રૂપ થઇને લગાડે-તન્મય થઇને લગાડે-તદાકાર થઇને લગાડે. જેમ ઘણી વખત એવું થાય છે કે માથા ઉપર ઘડિયાલ હોય, તોયે બારના ટકોરા પડયા હોય તે સંભળાય નહિ. કોઇક પૂછે કે કેટલા વાગ્યા?

બાર ટકોરા પડ્યા છે છતાં સાંભળ્યું નહીં. માથા પર ઘડિયાળ-કાન સરવા છતાં સાંભળ્યું નહીં. કારણ? કારણ કે હું વિચાર કરતો હતો કે શેર બજારના ભાવ વધ્યા કે ઘટ્યા? આ ટકોરા ન સાંભળી શકે કારણ કે એ તન્મય હતો. એમ મુમુક્ષુ...........

**૧. તત્ત્વ વિચારમાં ઉપયોગને તદ્રૂપ થઇને લગાડે.**

**૨. સાંભળેલા તત્ત્વ ઉપદેશનો વિચાર એવો ગહન, તીક્ષ્ણ અને નિર્મળ થવા લાગે કે જેથી એને શીઘ્ર શ્રદ્ધાન થાય. આવી ઘટના જ્યાં ઘટવાની છે તેને કહેવાય છે કરણ લબ્ધિ.**

કરણ લબ્ધિમાં ત્રણ કરણ-યથાપ્રવૃત્તિ કરણ-અપૂર્વ કરણ અને અનિવૃત્તિ કરણ થાય છે. ત્રણેયનો કાળ અંતર્મુહૂર્ત, આ સામટો છે. એટલે કે દરેકનો કાળ પણ અંતર્મુહૂર્ત અને ત્રણેયનો કાળ પણ અંતઃર્મુહૂર્ત. અને આ અંતઃમુહૂર્તના કાળમાં સફળ ઓપરેશન થવાનું છે.

– આજે સંસારનું બીજ બળીને રાખ થઇ જવાનું છે. અનિવૃત્તિકરણમાં જશે એટલે...

– સંસારનું બીજ બળીને રાખ થઇ જવાનું છે.

– આજે મોહનો ગઢ તૂટી પડવાનો છે.

– આજે મિથ્યાત્વનું હલાહલ ઝેર ઊતરી જવાનું છે.

– આજે અનંતકાળની ભૂલ સુધરી જવાની છે.

– આજે પોતાના અનંત ખજાનાની એને ભાળ મળવાની છે.

– આજે એ અનંત ખજાનાનો કાયદેસરનો માલિક થવાનો છે.

– આજે મોહની પરતંત્રતા મટવાની છે.

– આજે ટોટલ આધ્યાત્મિક (Spiritual) સ્વતંત્રતા એને પ્રાપ્ત થવાની છે.

આ બધી એના પહેલાની વાતો છે. એ બનતા પહેલા અંદરમાં જે થાય છે તેની આ ઘટના છે. અને આ ઘટના ઘટ્યા પછી અપૂર્વકરણની ઘટના ઘટે.

**અપૂર્વકરણ** : અપૂર્વ એટલે આ પહેલા નહીં આવેલા એવા ઉલ્લાસભર્યા પરિણામ, એને કહેવાય અપૂર્વકરણ. પરમ ઉત્સાહ અને પ્રચંડ શૂરાતનની વાત છે. દુશ્મન સાથે લડવામાં જેટલું બળ વાપરવું પડે એનાથી વધારે બળ વાપરવાની એક જગ્યા છે, જ્યાં બળ આપણે વાપર્યું નથી. તમે કોઇ સાથે લડીને જીત મેળવો એ બહુ મહત્ત્વની વાત નથી-એ બહુ નવાઇની વાત નથી. પણ એક જગ્યા એવી છે કે જ્યાં હંમેશા આપણે હાર્યા જ છીએ અને જીત મેળવી નથી. એની વેદના આપણને નથી, એની વેદના આનંદઘનજીને છે-તેમણે ગાયું.

**જે તેં જીત્યા રે તેહને હું જીતીયો રે,**
**પુરુષ કિશ્યું મુજ નામ.**

**તમે જેને જીત્યા, પ્રભુ!એનાથી અમે જીતાઇ ગયા છીએ.**
**તમે રાગ-દ્વેષને જીત્યા, જ્યારે અમને રાગ-દ્વેષે જીતી લીધા છે.**
**તમે કષાયોને જીત્યા, જ્યારે અમને કષાયોએ જીતી લીધા છે.**
**તમે વિષયોને જીત્યા, જ્યારે અમને વિષયોએ જીતી લીધા છે.**
**તમે મોહને જીત્યો, અમને મોહે જીતી લીધા છે.**

એની અસહ્ય વેદના છે. અપૂર્વકરણ એટલે અપૂર્વ ઉલ્લાસ. કોઇ પણ હિસાબે આ કોકડું ઉકેલવું છે. આ ગૂંચવણ દૂર કરવી છે. આ અવરોધ દૂર કરવો છે.

૧૦૦૦ ફૂટના બોરિંગ વખતે છેલ્લે એક નાનો પથ્થર આવે છે, જે તૂટતો નથી. એટલે

લોકોને ખબર પડે કે હવે થોડીક વારમાં પાણી આવવાનું છે. પથ્થર તૂટવો જોઇએ. તમામ તાકાત વાપરીને જ્યારે આ છેલ્લો પથ્થર તોડે ત્યારે પાણીનો ફ્લો અંદરથી બહાર આવે છે. ગ્રંથિ એ છેલ્લો પથ્થર છે અને એ પથ્થરને ભેદ્યા પછી અંદરથી ફ્લો બહાર આવવાનો છે.

**અંદર અનંત જ્ઞાન છે.**

**અંદર અનંત દર્શન છે.**

**અંદર અનંત ચારિત્ર્ય છે.**

**અંદર અનંત વીર્ય છે.**

**અંદર અનંત આનંદ છે.**

**અંદર અનંત પર્યાયો છે.**

**અંદર અનંત ગુણો છે.**

પણ ગ્રંથિનો પથ્થર ઉપર બાઝી ગયો છે. એ તોડ્યા સિવાય અંદરનો ખજાનો બહાર આવી શકે તેમ નથી. એ પથ્થરને ભેદવા માટેનો ઉલ્લાસ આવે કે એ તોડવો જ છે. આપણને ય ઘણીવાર ઉલ્લાસ આવે છે કે એને ઠેકાણે પાડી દેવો છે. પણ આવો ઉલ્લાસ આવતો નથી. **દેશના લબ્ધિમાં જે શુદ્ધાત્માની વાત સાંભળી, દઢ કરી-એ સહજાત્મ શુદ્ધ સ્વરૂપની નિર્વિકલ્પ અનુભૂતિ માટે અંદરમાં રોમેરોમમાં જે પરમ ઉલ્લાસ અને પરમ ઉત્સાહ પ્રગટ થવો તેને કહેવાય છે અપૂર્વ કરણ.** સાડા ત્રણ કરોડ રોમે રોમમાં ઉલ્લાસ આવી જાય. કારણ? જીવનનો અણમોલ ખજાનો અને અનંત નિધાન મારે પ્રગટાવવાનું છે.

**પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો.**

નિજ એટલે-પોતાનું-મારું-કેવળ જ્ઞાનનું નિધાન મારે પ્રગટાવવું છે. જેમ યુદ્ધ માટે શૂરાતન જોઇએ-રેંજી પેંજી માણસ યુદ્ધમાં જઇ શકે નહીં.

ઉદાહરણ સમજવા માટે લઇએ. જેમ પ્રચંડ કામના આવેશમાં માણસ મરણિયો બને છે અને જે પાત્રમાં તેને આસક્તિ થઇ છે તે પાત્રને મેળવવા માટે મરણની કિંમત ચૂકવે છે. કહે છે ''મરીશું પણ મેળવશું''-અને નહીં મળે તો ઝેરના પ્યાલા સાથે બેસીને બન્ને પી લઇશું-પણ જીવતા નહીં રહીએ. લ્યો શું હાથમાં આવ્યું? ખોળિયું ખોઇ બેઠા-વળ્યું કશું નહિ. અને ચિઠ્ઠી લખતાં જાય કે અમે એકમેકના પ્રેમમાં હતા પણ પરણી શક્યા નહીં, માટે માંકડ મારવાની દવા પીને અમે આપઘાત કરીએ છીએ. આ મોહની ઘેલછા છે. આ મોહના ચાળા છે-આ કામવાસનાના ચાળા છે. જેમ ધનનું નિધાન મેળવવા-જો કોઇ તમને એમ કહે કે ફલાણી જગ્યાએ ૫૦ ફૂટ ઊંડે ચરુ દાટેલાં છે, તે હીરા માણેકના છે. શું કરો તમે? અરે હાલ ઊભા થઇ જાવ. સ્વાધ્યાય પડ્યો રહે. અને ત્યાં પહોંચી જાવ.

**જેટલા ઉત્સાહથી ધન મેળવવા જાવ છો,**

**જેટલા ઉત્સાહથી કામવાસનાને આધિન થઇ કામપાત્રને મેળવવા જાવ છો,**

**જેટલા ઉત્સાહથી યુદ્ધના મેદાનમાં ક્ષત્રિય જાય છે,**

**તેના કરતાં અનંતગણો ઉત્સાહ ગ્રંથિનો ભેદ કરવામાં જે પ્રગટ થાય છે તેને કહેવાય છે અપૂર્વકરણ.** આ અદ્‌ભુત ઘટના છે. આ કામ શૂરાતન વગર નહીં થાય.

ઘાંચી અને ગરાસિયો બન્ને સામ સામા રહે. ગરાસિયો ટેટા જેવો અને ઘાંચી જરાક તગડો હતો. બન્નેની ઘરવાળી જ્યારે ભેગી થાય ત્યારે એકમેકની મશ્કરી કરે. ઘાંચણ એમ કહેતી હતી કે ''તારો પતિ ટેંટા જેવો છે મારો પતિ કેવો અલમસ્ત છે.'' ગરાસણી કહેતી ''રહેવા દે. તું બહુ વાત કરીશ નહીં, ભલે તે ટેંટા જેવો છે પણ જો કોઇ વખત એનામાં શૂરાતન જાગશે-એનામાં જો સત્ જાગશે-એનામાં જો શક્તિ જાગશે તો એ એવું કામ કરી બેસશે કે આ મોટા પેટવાળો નહીં કરી શકે.'' એમાં એક ઘટના ઘટી. ગામમાં બહારવટિયા આવ્યા અને બૂંગિયો ઢોલ વાગ્યો - જેવો બૂંગિયો ઢોલ વાગ્યો કે ગરાસિયાએ તલવાર બહાર કાઢી-શૂરાતન ચડ્યું. પણ જતાં જતાં એને યાદ આવ્યું અને વચમાં એક લોઢાનો સળિયો પડ્યો હતો તે ઘાંચીના પેટની આજુબાજુ વાળીને વિંટાળી દીધો. શૂરાતન ચડ્યું હતું તેથી જોરમાં ને જોરમાં વિંટાળી દીધો. પછી ૪-૬ કલાક યુદ્ધ થયું અને બહારવટિયાને મારી હઠાવ્યા. પછી પાછો આવ્યો. લોથપોથ થઇને પડ્યો. એટલે ઘાંચણ આવીને ગરાસિયાને કહે છે કે ''ભાઇ, હવે ઊઠો, ઓલો સળિયો જે વીંટાળી દીધો છે તેમાંથી મુક્ત કરો મારા પતિને.'' તે કહે

બહેન! હવે ન થાય.
હવે તો ફેર બુંગિયો ઢોલ વાગે,
ફેર બહારવટિયા આવે,
ફેર શૂરાતન ચડે-તબ વો બાત બનતી હૈ.

અપૂર્વકરણમાં આવો બૂંગિયો ઢોલ વાગવો જોઇએ કે કોઇ પણ હિસાબે આવું શૂરાતન ચડી જાય.

ગ્રંથિ પાસે આવીને અનંત આત્માઓ પાછા ફરી ગયા છે. ગ્રંથિ એટલે ગાંઠ

દેહાધ્યાસ... એનું નામ ગ્રંથિ.
દેહમાં આત્મબુદ્ધિ... એનું નામ ગ્રંથિ.
ચિત્ત અને જડ બન્ને એક છે એવી બુદ્ધિ... એનું નામ ગ્રંથિ.
વિભાવ એ મારો સ્વભાવ છે, એવી વિભાવની સાથે તાદાત્મય બુદ્ધિ... એનું નામ ગ્રંથિ.
તીવ્રતમ રાગદ્વેષ... એનું નામ ગ્રંથિ.
રાગનો રસ... એનું નામ ગ્રંથિ.
દ્વેષનો રસ... એનું નામ ગ્રંથિ.
કષાયનો રસ... એનું નામ ગ્રંથિ.

કંઇ સ્પષ્ટ થાય છે? આ ગાંઠ તે ભેદાતી નથી. કહેવાય છે કે આખું મોટું ઝાડ હોય તેના મોટા મોટા ડાળાં હોય તો પાડી શકાય, પણ એમાં જે નાનકડી ગાંઠ હોય છે-તેને માટે સામ સામે યુવાન ઊભા રહે અને ગાંઠ ઉપર એક પછી એક ઘા કરતા જાય-છૈણા મૂકીને હથોડાના ઘા કરતા જાય પણ ગાંઠ તૂટતી નથી. કારણ કે-ગાંઠ નિબિડ છે, ગાંઠ ગહન છે, ગાંઠ સઘન છે. **જેમ આખું વૃક્ષ કાપવું સહેલું પણ ગાંઠ કાપવી મુશ્કેલ, તેમ આધ્યાત્મિક સાધનામાં તમામ વ્રતો કરવા સહેલા પણ દેહાત્મ બુદ્ધિની ગાંઠ કાપવી બહુ મુશ્કેલ છે.**

જ્ઞાની પુરુષો વ્રત આદિનો નિષેધ કરતા નથી પણ આ ગાંઠ ભેદાતી નથી. તપ કર્યું, વ્રત કર્યું, જપ કર્યા, અનુષ્ઠાનો કર્યાં, અનેકવાર કર્યાં, અનંતવાર કર્યાં, પણ ગાંઠ હજુ ઊભી છે. ખીલમાં જો ચીકાસ અડે તો વકરે છે અને વકરે એટલે પરું થાય છે. ગમે તેટલા દિવસ સુધી પરુ કાઢો પણ આ ખીલમાં એક નાનકડું બી હોય છે. એ બી જો અંદર હોય તો ખીલ વધતો જાય-વધતો જાય. ખીલ થયો હોય અને કોઇ જબરો યુવાન હોય-શક્તિશાળી હોય-અને મચડીને બી કાઢી નાખે તો પછી ખીલ આગળ વધતો નથી. જેમ બી કાઢવાની જરૂર છે તેમ રાગદ્વેષની એકતાની ગાંઠ એ સંસારરૂપી ખીલનું બીજ છે, હિંમત કરીને જે ખીલનું બીજ કાઢી નાખે તેને પછી પરુ-પાસ કયારેય થતાં નથી પણ હિંમત જોઇએ, સાહસ જોઇએ, રાગદ્વેષની ગાંઠ તોડવા માટે અંદરની તાકાત વાપરવી પડે છે, એ ગ્રંથિને છેદવાનું સાધન-તેને કહેવાય છે પ્રજ્ઞા છૈણી.

**નિશ્ચય સ્વલક્ષણ અવલંબી, પ્રજ્ઞા છૈણી નિહારો,**
**તસ છૈની મધ્યપાતી દુવિધા, કરે જડ ચેતન ફાડો.**
**ચેતન ઐસા જ્ઞાન વિચારો.**
**તસ છૈની કર ગ્રહીએ જો ધન, સો તુમ સોહમ્ ધારો,**
**સોહં જાણી દટ્ટો તુમ મોહં વે હૈ સમકો વારો.**
**ચેતન ઐસા જ્ઞાન વિચારો.**

આ ગાંઠને ભેદવી છે. પણ પહેલા આ ગાંઠને ભેદવાનો ઉલ્લાસ અંદરમાં જોઇશે.પરમ ઉલ્લાસ! રોમ રોમમાં ઉલ્લાસ-કોઇપણ રીતે-કોઇપણ હિસાબે-કોઇપણ સાહસ કરીને-કોઇપણ મથામણ કરીને-કોઇપણ ઉપાય કરીને-રાગદ્વેષની એકતાની ગાંઠ તોડવી જ છે,તોડવી જ છે, તોડવી જ છે. **દેહાત્મ બુદ્ધિ તોડવી જ છે, તોડવી જ છે, દેહાધ્યાસ ટાળવો જ છે, ટાળવો જ છે, ચિતજડગ્રંથિ તોડવી જ છે, તોડવી જ છે એવો અતૂટ નિશ્ચય જીવનમાં જેણે કર્યો અને એ નિશ્ચય કરીને પોતાની તમામ અધ્યાત્મ શક્તિ વાપરવાનો સંકલ્પ જેણે કર્યો તેને કહેવાય છે અપૂર્વકરણ.** આ ઘટના જેવી તેવી નથી.અપૂર્વકરણમાં ગ્રંથિ ભેદાતી જાય. બહુ સૂક્ષ્મ વાત થઇ. અપૂર્વકરણ થાય એટલે ગ્રંથિભેદ થાય તેમ સામાન્ય રીતે શાસ્ત્રોમાં વર્ણન છે. અપૂર્વકરણના તીવ્ર પરિણામોથી ગ્રંથિનો ભેદ થાય છે. એ ગાંઠ ભેદાઇ જાય છે.

અષ્ટાવક્રજી ૮ વર્ષના ને જનકવિદેહી ૭૦ વર્ષના હતા. પણ અષ્ટાવક્રજી જ્યારે રાજ્યસભામાં આવતા ત્યારે હજારો પંડિતો નત-મસ્તકે ઊભા થઇ જતા હતાં. એમણે એક દિવસે રાજસભામાં કહ્યું : હે જનક !

**यदि देहं पृथक्कृत्य चिति विश्रम्य तिष्ठसि।**
**अधुनैव सुखी शान्तो बन्धमुक्तो भविष्यसि॥**

હે જનક! અગર જો દેહથી અલગ પડીને અંદરમાં રહેલા ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મામાં તું સ્થિત થઇ જઇશ તો હમણાં જ તને પરમ સુખ મળશે-પરમ શાંતિ મળશે-પરમ આનંદ મળશે. જન્મ ટળશે-જરા ટળશે-મૃત્યુ ટળશે. આ પ્રકારનો ઉલ્લાસ આવે એને કહેવાય છે ગ્રંથિભેદ. રાગ અને દ્વેષ એ મારો સ્વભાવ નથી, રાગ અને દ્વેષ વિકાર છે, વિભાવ છે.

વિભાવનો કર્તા હું નથી.
વિભાવનો સ્વામી હું નથી.
વિભાવનો માલિક હું નથી.

**વિભાવ જે મારામાં થાય છે તે મારી પોતાની અજાગૃતિને કારણે અને પુરુષાર્થની મંદતાના કારણે થાય છે, આવો સ્વીકાર કરીને રાગદ્વેષનો રસ તૂટી જવો એને કહે છે ગ્રંથિભેદ. રસ તૂટી જવો બહુ મોટી ઘટના છે.**

**અને આવી ગ્રંથિભેદની ઘટના થયા પછી ત્રીજી ઘટના થાય છે અનિવૃત્તિકરણની.**

બહુ સરળ વાત. પણ આપણા માટે ઘણી અઘરી. વાત સરળ છે-આપણા ઘરની છે પણ આપણા માટે ઘણી અઘરી, કારણ કે આપણે બહાર છીએ ને? અને ઘણાં જન્મથી બહાર છીએ. અનંતકાળ બહાર રહ્યા-પોતાના ઘરની ખબર જ નથી. તમારા ઘરમાં દિવાળી તો આવે છે ને! અને ત્યારે ઘર ચોખ્ખું થઇ જાય છે-બાવા ઝાળા વળગ્યા હોય ત્યાં સાવરણો ફરે છે. પણ આ આપણાં ઘરમાં તો અનંતકાળથી સાવરણો ફર્યો જ નથી. એ ઘરની શું હાલત થતી હશે ? એ વિચારો. અને એમાં અનંતકાળથી આ જીવ જોતો નથી. એ ઘરને ભૂલી ગયો છે.

અપૂર્વકરણ થયા પછી અનિવૃત્તિકરણ થાય છે.

૧. જેટલા સાધકો અનિવૃત્તિકરણમાં હોય તેમના બધાના સરખા પરિણામ હોય.

૨. અનિવૃત્તિકરણનો બીજો અર્થ સમ્યગ્દર્શનની પ્રગટ અનુભૂતિ કર્યા સિવાય જે પાછો વળવાનો નથી એવો જે ભાવ એને અનિવૃત્તિકરણ કહે છે. અવશ્ય અનુભૂતિ કરશે જ કરશે. કોઇપણ હિસાબે કરશે-અવશ્ય કરશે-તમામ તાકાતથી કરશે એવી અવસ્થાને કહે છે અનિવૃત્તિકરણ.

પહેલા ગ્રંથિભેદ થયો-એટલે કે રાગદ્વેષની ગાંઠ ભેદાઇ, અને અનિવૃત્તિકરણની પ્રક્રિયાનો પ્રારંભ થાય છે, તેમાં દર્શન મોહના દલિકોને ખાલી કરવાની અંતર કરણની એક પ્રક્રિયા થાય છે.

તેને સમજવા માટે નીચેનું દૃષ્ટાંત આપે છે. જરા ધીરજથી સમજી લેજો.

જંગલમાં આગ લાગે છે-ત્યાં fire brigade નથી. અને વળી જંગલમાં આગ લાગે છે ત્યારે ઝડપથી આગ ફેલાય છે કારણ કે લાકડાના ઢગલા-ત્યાં છે. મોટા વૃક્ષો ત્યાં છે. પ્રચંડ આગ ત્વરાથી ફેલાઇ જાય છે. જંગલના આદિવાસીઓ પાસે બીજો કોઇ રસ્તો નથી-આગ લાગેલી છે પણ આગ ઓલવવા માટે પાણી નથી-પણ હાથવગો ઉપાય એ લોકો કરે છે. એ લોકો જ્યાં આગ લાગી હોય ત્યાંથી ૧૦૦ ફૂટ છેટા, ૨૫/૫૦ માણસો ભેગા થઇને એકી સાથે મંડી પડે છે અને વચમાંનું ૧૦-૧૦ ફૂટ ઘાસ કાઢી નાખે છે. હવે આ બાજુ ઘાસ છે. ૧૦ ફૂટ પછી પણ ઘાસ છે. પણ વચલી જગ્યા ખાલી છે-ત્યાં ઘાસ નથી. આ ૧૦ ફૂટની જગ્યા ખાલી થઇ ગઇ છે. ૨૫/૫૦ જુવાનો સખત મહેનત કરીને કલાકમાં આખો રસ્તો-૧૦ ફૂટનો કલીઅર કરી નાખે છે. સામે આગ લાગી છે, સળગતી સળગતી આગ,વચમાં જે હોય તેટલા બધા તણખલા બાળતી બાળતી આવે છે. અહીંયા જ્યાં કિનારા પર આવે છે ત્યાં બાળવા માટેના તણખલા હવે નથી, તેથી આગ ઓલવાઇ જાય છે-આગ શાંત બની જાય છે. સામે મોટું વન છે હજુ જો તણખા ત્યાં પહોંચે તો આગ લાગી શકે તેમ છે. પણ ૧૦ ફૂટનો એરિયા એ સલામત એરીયા થયો-ત્યાં આગ લાગી શકે તેમ નથી-અને જે કાંઇ બળવાનું હતું તે બળી ગયું છે, કાંઇ થઇ શકે તેમ નથી. તેમ''અંતરકરણ''માં પણ આવી એક અદ્‌ભુત પ્રક્રિયા થાય છે.

દર્શનમોહનીય કર્મ જે સમ્યગ્દર્શનની અનુભૂતિમાં નિમિત્તના પક્ષે અવરોધ કરનારું પરિબળ છે અને અનંતાનુબંધી ચાર કષાય એમ કુલ પાંચ નિમિત્તના પક્ષે સમ્યગ્દર્શનનો અનુભવ કરવામાં અવરોધ કરનાર પરિબળ છે. અપૂર્વકરણ કર્યા પછી અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે ત્યાં અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગ પસાર થાય અને જ્યારે એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે દર્શનમોહનીયના-મિથ્યાત્વના ઉદયને અટકાવવા માટે ''અંતરકરણ''ની પ્રક્રિયા કરે છે, એટલે આ અનિવૃત્તિકરણના એક સંખ્યાતમા ભાગની ઉપરની એક અંતર્મુહૂર્ત પ્રમાણ (૪૮ મિનિટની અંદરનો સમય) દર્શન મોહનીય કર્મની-મિથ્યાત્વની સ્થિતિને ત્યાંથી ખાલી કરે છે, એટલે દલિક વિનાની સ્થિતિ કરે છે તેથી એ દર્શન મોહનીય કર્મના જથ્થાના બે ભાગ પડી જાય છે.

૧. એક ભાગ અંતર્મુહૂર્તમાં ઉદયમાં આવીને ભોગવી શકાય તેવો.

૨. બીજો ભાગ અંતરકરણના અંતર્મુહૂર્ત પછી ઉદયમાં આવે તેવો.

જરાક અઘરી વાત છે. સમજવા પ્રયત્ન કરો કે શું થાય છે? **એક ભાગ એવો કે અંતર્મુહૂર્તમાં ભોગવી શકાય તેવો એટલે કે દર્શનમોહનીય, ચાર અનંતાનુબંધી કષાય એ પાંચને એ અંતર્મુહૂર્તમાં ભોગવે છે. જ્યાં સુધી એ અંતર્મુહૂર્ત ચાલે છે ત્યાં સુધી સમ્યગ્દર્શનનો અનુભવ નથી. કારણ? -કારણ કે પેલા ઉદયમાં છે-પેલા સક્રિય છે-પેલા એકટીવ છે-દર્શનમોહનીયનું જુથ કામ કરી રહ્યું છે. ''ટેકો પાછો ખેંચીશું. અત્યારે ખેંચતા નથી-વિચારશું-જોઇશું-મિટીંગ મળશે પછી નક્કી**

**કરીશું.'' અહીં દર્શન મોહનીયનું બળ છે. અંતર્મુહૂર્ત ચાલે તેટલો ભાગ પડી ગયો છે. અને અંતર્મુહૂર્તમાં દર્શન મોહનીયના દલિકો ભોગવાઇ જાય પછી અંતરકરણના અંતર્મુહૂર્તનો ગાળો પડ્યો છે, ત્યાં કોઇ દર્શનમોહનીય કર્મના દલિકો નથી.પછી સામે મોટો જથ્થો છે. અંતઃકોડાકોડી સાગરોપમનો સ્ટોક છે. એટલો મોટો સ્ટોક છે પણ એ બધો સ્ટોક દબાઇ ગયેલો છે. એક અંતર્મુહૂર્ત સુધી એ સક્રિય થઇ શકે તેમ નથી-એ એકટીવ થઇ શકે તેમ નથી-એ પોતાનું ફળ આપી શકે તેમ નથી-એ પોતાનું પરિણામ આપી શકે તેમ નથી. અને અંતર્મુહૂર્તનો જે જથ્થો હતો તે ભોગવાઇ ગયેલ છે, વચમાં જે ખાલી પડેલી અંતરકરણની જગ્યા એમાં જે અનુભવ થાય છે તેને કહેવાય છે સમ્યગ્દર્શન.** આ સમ્યગ્દર્શનની ઘટના જુઓ. વચમાં જે કાળ છે, વચમાં જે ગાળો પડ્યો છે, તેમાં એક પણ દર્શન મોહનીય કર્મનું દલિક કામ કરતું નથી અને જથ્થો જે સ્ટોકમાં પડ્યો છે તે હમણાં ઉદયમાં આવે તેમ નથી-આ in between એ વચગાળામાં અંતર્મુહૂર્તના ગાળામાં-અનંતકાળમાં જેનો અનુભવ થયો નો'તો એવો અનુભવ થઇ જવો એને જ્ઞાની પુરુષો ઉપશમ સમ્યક્ત્વ કહે છે.

**દાસ રણછોડે ઘર સંભાળ્યું,**
**જડી કૂંચી અને ઉઘાડ્યું તાળું.**

આ સંતો અભણ છે. તમે તો ખૂબ ભાગ્યશાળી છો-ઘણું ભણ્યા છો, ખૂબ શાસ્ત્રો વાંચ્યા છે. આ રણછોડદાસજી એમ કહે છે કે ઘર સંભાળ્યું-આત્મા યાદ આવ્યો-ચૈતન્યમૂર્તિ ભગવાન યાદ આવ્યા. અમે ઘર સંભાળતા ન હતા, અમારી ચાવી ખોવાઇ ગઇ હતી, તે ઘર સંભાળ્યું.

**ત્યાં મોહનું તાળું લાગ્યું છે.**
**ત્યાં મિથ્યાત્વનું તાળું લાગ્યું છે.**
**ત્યાં અજ્ઞાનતાનું તાળું લાગ્યું છે.**

ગુરુ મહારાજ મળ્યા એટલે અમને ચાવી મળી-ચાવી મળી એટલું જ નહીં

**જડી કૂંચી ઉઘાડ્યું તાળું-**
**થયું ભોમંડળ અજવાળું.**

અંદરમાં લખલખાટ પ્રકાશ થયો. કબીરજી પણ એમ કહે છે હજાર સૂર્ય ઊગ્યા હોય તેટલો પ્રકાશ ભીતર દેખાય છે-રેલાઇ રહ્યો છે. આનંદઘનજીએ પણ કહ્યું છે.

**ઇંડા પિંગલા મારગ તજ યોગી, સુષુમણા ઘર વાસી,**
**બ્રહ્મરંધ્ર મધી આસન પુરી ભાઇ, અનહદ તાન બજાસી,**
**મારો બાલુડો સંન્યાસી...**

અનહદના વાજા વાગી રહ્યા છે. મધુર મધુર સંગીત રેલાઇ રહ્યું છે. અંદરમાં સુધા-ધારાની વૃષ્ટિ થઇ રહી છે-અમૃતની વર્ષા થઇ રહી છે.

**થયું ભોમંડળ અજવાળું,**

દિલમાં દિવો કરો રે દિવો.

આ સમક્તિ છે. આનંદઘનજીએ કહ્યું કે, ‘‘સાધો ભાઇ, અપના રૂપ જબ દેખા.’’ અરે ભાઇ! અમે અમારું સ્વરૂપ જોયું-ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માને જોયા-અંદરમાં રહેલા જ્ઞાનસ્વરૂપ આત્માની અનુભૂતિ અમે કરી, અમે નજરોનજર આત્માને જોયો-અનુભવ્યો.

**સાધો ભાઇ! અપના રૂપ જબ દેખા,**
**કોન હૈ કર્તા, કોન હૈ કરણી, કૌન ગિનેગા લેખા,**
**આનંદઘન પ્રભુ પરચો પાયો, ઉતર ગયો દિલ ભેખા.**

આ શરીરનો જે ભેખ પહેરેલો હતો-શરીર રૂપી કપડું જે પહેરેલું હતું તે ઊતરી ગયું. અમારો પેલો અખો કહે કે,

**અબ મોહે ઐસો આનંદ આયો,**
**કિયા કરાયા કછુ બી નાહીં, સહેજ પિયાજી કો પાયો,**
**અબ મોહે ઐસો આનંદ આયો.**

એવી અનુભૂતિ જીવનમાં થાય-તેને મહાપુરુષો સમક્તિ કહે છે. અને આવી સમ્યગ્દર્શનની અનુભૂતિ જે ક્ષણે થાય છે - ત્યાં ‘‘**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शम्**’’

**તત્ત્વ ઉપરની સાચી શ્રદ્ધા,**
**તત્ત્વ ઉપરની વાસ્તવિક શ્રદ્ધા,**
**તત્ત્વ ઉપરની મંગલ શ્રદ્ધા,**
**તત્ત્વ ઉપરની સત્ય શ્રદ્ધા,**
**તત્ત્વ ઉપરની અશલ્ય શ્રદ્ધા,**
**તત્ત્વ ઉપરની મૂળ સ્વભાવમાં થવી જોઇએ તેવી શ્રદ્ધા,**

આ ઘટના ઘટ્યા પછી થાય છે. માટે મહાપુરુષોએ કહ્યું છે કે,

**सम्यग्दर्शनशुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नोति।**
**दुःखनिमित्तमपीदं, तेन सुलब्धं भवति जन्म।।**

**સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી, નરકગતિનું આયુષ્ય ન બંધાય.**
**સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી, સ્ત્રી વેદ ન બંધાય.**
**સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી, નપુંસક વેદ ન બંધાય.**
**સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી, ૪૧ અશુભ પ્રકૃતિનો બંધ ન થાય.**
**સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી, તે જ ભવમાં મોક્ષે જાય અથવા**
**સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી, ત્રણ ભવમાં મોક્ષે જાય અથવા**
**સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી, પંદર ભવમાં મોક્ષે જાય.**

બહુ આઘો પાછો થાય તો અર્ધ પુદ્‌ગલ પરાવર્તન કાળથી વધુ સંસારમાં રહી ન શકે.

સમ્યગ્દર્શન થાય તે ભયંકર દુઃખો વચ્ચે પણ હસતે મુખે રહેવાનો-સમ્યગ્દર્શન થાય તે સુખોની છોળો વચ્ચે પણ વિરક્ત રહેવાનો, એવી તાકાત સમ્યગ્દર્શનમાં છે.

**ઇતને દિન તૂ નાહિ પિછાન્યો, મેરો જનમ ગયો અજાનમેં,**
**અબ તો અધિકારી હોઇ બૈઠે-પ્રભુગુણ અખય ખજાનમેં,**
**હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં.**

અમૃતચંદ્રાચાર્યજીએ સમયસાર ટીકાના કળશમાં અદ્‌ભુત વાત કરી. સમ્યગ્દર્શન થયા પછી એ સમ્યગ્દષ્ટિ મહાત્મા શું અનુભવ કરે છે?

**एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः**
**पूर्णज्ञानघनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्यः पृथक् ।**
**सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं**
**तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु नः ॥**

આ આત્માને અન્ય દ્રવ્યોથી, અન્ય દ્રવ્યોના ગુણોથી અને અન્ય દ્રવ્યોના પર્યાયોથી તદ્દન જુદો અને ભિન્ન દેખવો એવી જે અવસ્થા છે તેનો અનુભવ કરવો તે જ સમ્યગ્દર્શન છે.

''દેહ જીવ-એકરૂપ ભાસે છે અજ્ઞાન વડે''-છે નહિ પણ ભાસે છે. જેમ સાપ નથી પણ દોરડીમાં ભાસે છે.

સાંજનો ટાઇમ હોય અને ઝાડનું ઠૂંઠુ હોય-અને નીકળીએ તો થાય કે કોક ઊભું છે.પછી કલ્પના ચાલુ થાય કે પેલો ઝપટાણો હતો તે જ આ જ જગ્યા છે. પણ ત્યાં કોઇ ઝપટમાં યે આવ્યો નથી-કોઇ ઊભું પણ નથી-જો દિવસે જુએ તો ખ્યાલ આવે છે કે ઝાડનું ઠૂંઠુ છે. આમ છે નહીં પણ દેખાય છે-

**દેહ જીવ એક રૂપ ભાસે છે અજ્ઞાન વડે**
**અને ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે.**

હું જન્મ્યો-હું મર્યો-મને દુઃખ, મને સુખ, મને પીડા, મને વ્યાધિ, મારું ગયું, મારું આવ્યું, મને તકલીફ પડી, મને અશાંતિ થઇ. મને મૂંઝવણ થઇ. અરે! થાય છે શરીરમાં અને ગણી લે છે પોતાનામાં-એવો આરોપ કરીને અજ્ઞાનતાના કારણે અનંતકાળથી દુઃખી થતો જીવ સમ્યગ્દર્શન થતાની સાથે દુઃખી થતો અટકી જાય છે.

ગજસુકુમાલના માથે અંગારા મુકાયા છે. ત્યારે બે ભાવ થયા છે, પહેલો શુભભાવ અને પછી શુદ્ધભાવ. શુદ્ધભાવમાં નિર્વિકલ્પ. અને શુભભાવમાં શ્રેષ્ઠ ભાવ. ગજસુકુમાલ વિચાર કરે છે સસરા હોય-એકનો એક જમાઇ હોય-એના પર બહુ પ્રેમ હોય-સંપત્તિ સારી હોય તો પોતાના જમાઇને સારામાં સારી કિંમતી પાઘડી બાંધે છે. લાખ રૂપિયાની પાઘડી બાંધે છે-મણિ માણેક મોતી જડેલી પાઘડી બાંધે છે. જગતમાં ઘણાં જમાઇઓ, ઘણાં સસરાઓને મળ્યા હશે- અને ઘણા સસરાએ ઘણા જમાઇઓને ,પાઘડી બાંધી હશે, પણ મને જે સસરા મળ્યા છે તેણે જે

પાઘડી બાંધી છે. એ પાઘડી બંધાવનારો સસરો કોઇને મળ્યો પણ નથી-અને મળશે પણ નહીં.

about turn. જો દિશા બદલાવો તો રાગ-દ્વેષ મંદ પડી જશે. મારા સસરાએ મોક્ષની પાઘડી બંધાવી છે, એવા શુભ ભાવના પરિણામે સોમલ (સસરા) પ્રત્યે જરાયે દ્વેષ થતો નથી. શુભ ભાવની અવસ્થામાં ધગધગતા અંગારા માથા પર છે પણ તેની પીડા થતી નથી-એવો શુભભાવ કરતાં કરતાં એમને ખબર ન પડી કે કયા સમયે-કઇ ક્ષણે-એમણે નિર્વિકલ્પમાં ડૂબકી મારી, શુદ્ધભાવમાં ડૂબકી મારી એ ખબર ન પડી અને જ્યારે બહાર આવ્યા ત્યારે ખબર પડી કે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે - ''**મુક્તે ગયા તત્કાળ**''- આવું સામર્થ્ય સમ્યગ્દર્શનની અને ચારિત્રની કૃપાથી થાય છે.

આવું સમ્યગ્દર્શન અંતર્મુહૂર્તમાં (અંતરકરણમાં) અનુભવાય છે-એવો અનુભવ કરતી વખતે દર્શનમોહનીયના ત્રણ ભાગ પડે છે.

૧. મિથ્યાત્વ મોહનીય.

૨. મિશ્ર મોહનીય.

૩. સમકિત મોહનીય.

એ અંતર્મુહૂર્ત પછી જો.......

- સમકિત મોહનીયનો જથ્થો ઉદયમાં આવે તો ક્ષયોપશમ સમકિત.
- મિથ્યાત્વ મોહનીયનો જથ્થો ઉદયમાં આવે તો સમકિત વમી નાખે.
- મિશ્રમોહનીયનો જથ્થો ઉદયમાં આવે તો ત્રીજા ગુણસ્થાને ચાલ્યો જાય. તેની ચર્ચા હાલમાં કરવાની જરૂર નથી.

આવા સમકિતની પ્રાપ્તિ જેમાં થાય અને આ પ્રક્રિયા જેમાં બને છે તેને કહેવાય છે કરણ લબ્ધિ.

આ ચારે ચાર લબ્ધિઓ તો સફળ થાય કે જો કરણ લબ્ધિમાં આપણે પ્રવેશ કરીએ.

સમકિત જેને પ્રાપ્ત થયું છે તેના પાંચ લક્ષણ છે તથા પાંચ ભૂષણ છે.

કાલે ક્ષમાપનાનું પર્વ છે. જો કાલે ક્ષમાપના રહી ગઇ તો અનંતાનુબંધીમાં ટ્રાન્સફર થઇ જશે અને અનંતાનુબંધિમાં જો ગયા તો-

૧. સાધુપણું ગયું ૨. દેશવિરતિપણું ગયું ૩. સમકિત પણ ખોયું.

આ મોટો લોસ! એ લોસ ન જોઇતો હોય તો આવતીકાલે ફેંસલો કરી નાખજો. અંદરમાંથી તમામ દ્વેષભાવ અને વૈરભાવને દૂર કરજો. ધન્યવાદ.

# પ્રવચન : ૧૪

# સમ્યગ્દર્શનની વ્યાખ્યા અને લક્ષણો

જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું છે તે આત્માને સમ્યગ્દષ્ટિ કહેવાય છે. સમ્યગ્દષ્ટિ શબ્દનો સૌથી પહેલો પ્રયોગ સમ્યગ્દર્શન પ્રાપ્ત વ્યક્તિની સાથે થઇ શકશે. એવો સમ્યગ્દષ્ટિ સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાંની સાથે જ એ સંપૂર્ણપણે મોક્ષનો અધિકારી બને છે. કદાચ સંસારમાં રહેવાનું થાય તો અર્ધપુદ્ગલ પરાવર્તનકાળથી અધિક કોઇ પણ સંજોગોમાં સંસારમાં રહી શકશે નહીં. એને રહેવું નથી, એને રહેવાની કોઇ ઇચ્છા પણ નથી અને રહેવાની વૃત્તિ પણ નથી. પણ એ કાળ દરમિયાન કોઇ બળવાન એવા કર્મો આવી જાય અને વિલંબ થાય તો વાત જુદી છે. એના અંદરમાં ૧૦૦% અતૂટ નિર્ણય છે કે એક પણ ક્ષણ આ ભોગો વચ્ચે, આ માયા વચ્ચે, આ મોહ વચ્ચે રહેવું નથી.

**लब्ध्वा चापरं लाभं नाधिकं मन्यते क्वचित्।**

આ સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી આનાથી બીજા મોટા લાભ કોઇ હોય તેવું તેને અનુભવમાં આવતું નથી. સંસારના મોટામાં મોટા જે લાભો, વાસુદેવ અને ચક્રવર્તી તેના કરતાં, સુંદર પુરુષ અને સુંદર સ્ત્રી કરતાં, વિરાટ સત્તા, ધનના ઢગલા અને બળવાન શરીર કરતાં મોટામાં મોટો લાભ સમ્યગ્દર્શન મને પ્રાપ્ત થયું તે છે.

તે ચક્રવર્તી કરતાં શ્રેષ્ઠ છે,
તે રાજા કરતાં શ્રેષ્ઠ છે,
તે વાસુદેવ કરતાં શ્રેષ્ઠ છે,
તે સુંદર પુરુષ કરતાં શ્રેષ્ઠ છે,
તે સુંદર સ્ત્રી કરતાં શ્રેષ્ઠ છે,
તે ધનના ઢગલા કરતાં શ્રેષ્ઠ છે,
તે વિરાટ સત્તા કરતાં શ્રેષ્ઠ છે,
તે બળવાન શરીર કરતાં શ્રેષ્ઠ છે.

''**गुरुणापि दुःखेन न विचाल्यते.**'' જીવનમાં ત્યાર પછી ગમે તેવા ભયંકર દુઃખના ડુંગરાઓ તૂટી પડે તો જરાય પણ ચલાયમાન થતો નથી. નિરાશા તો આવતી જ નથી. દ્વંદ્વો ઊભા થતા નથી, મૂંઝવણ થતી નથી. આર્તધ્યાનનો બહુ સવાલ ઊભો થતો નથી. ''**गुरुणापि दुःखेन न विचाल्यते**''બળવાન દુઃખો, અસહ્ય દુઃખો, જેને માટે જગતના જીવો કહે કે 'દુઃખના ડુંગર તૂટી પડ્યા.'ત્યારે પણ આવા દુઃખના ભાર નીચે જેની ચેતના કદી ચગદાતી નથી, જે કદી દુઃખી

થતો નથી. જગતમાં સમ્યગ્દષ્ટિ મહાત્માને કોઇ દુઃખી કરનાર નથી.

**સુખની ચાવી એના હાથમાં અને દુઃખની ચાવી પણ એના હાથમાં. આજે સુખની ચાવી તમારા હાથમાં નથી પણ બીજાના હાથમાં છે અને દુઃખની પણ ચાવી તમારા હાથમાં નથી પણ બીજાના હાથમાં છે. બીજો ધારે ત્યારે તમને દુઃખી કરી શકે,** અને બીજો તમને સુખી કરી શકે એમ અપેક્ષા રાખીને સુખની ચાવી એને સોંપી દીધી છે. અને જેને સુખની ચાવી સોંપી એ સદાયે આપણને સુખી રાખ્યા કરે એ માટેની પળોજણમાંથી બહાર નથી આવતા, આને કહેવાય છે માયા, આને કહેવાય છે સંસાર.

**મન મસ્ત હુઆ તબ ક્યું બોલે,**
**હીરો પાયો ગાંઠ ગઠીયાયો બાર બાર વાંકું ક્યું ખોલે.**
**મન મસ્ત હુઆ તબ ક્યું બોલે.**

સમ્યગ્દર્શનની નજીક જે આત્માઓ પહોંચ્યા છે તેમના, પહેલાના અનુભવો છે કે હવે તો મન મસ્ત બની ગયું છે, હવે બોલવાની શું જરૂર? જગતનું ચિંતામણિ રત્ન અમને પ્રાપ્ત થઇ ગયું, હવે તેને ખોલીને વારેવારે જોવાની શું જરૂર છે?, આ હીરો છે, કિંમતી રત્ન છે.

**હંસા પાયે માન સરોવર-તાલ-તલૈયાં ક્યું ડોલે?**

હંસલાઓને માનસરોવર મળી ગયું પછી નાનકડા ખાબોચિયામાં અને ગંદા તળાવમાં એ કેવી રીતે ડોલે? **માન સરોવરનાં મોતી રે ચુગે નિત હંસલા જી.** માન સરોવરના મોતી નિરંતર ચૂગે છે એવો આત્મા તાલ તલૈયા-નાના ખાબોચિયામાં હવે શું ડોલવાનો હતો?

**તેરા સાહિબ હૈ ઘટમાંહી, બાહિર નૈનો ક્યું ખોલે?**

**કરણલબ્ધિમાં અનિવૃત્તિકરણમાં અંતરકરણ થયા પછી અંતરકરણના અંતર્મુહૂર્તમાં દર્શનમોહનીય તથા અનંતાનુબંધિની ચાર પ્રકૃતિ મળીને કુલ પાંચ પ્રકૃતિ,એની અનુદય અવસ્થા, એટલે કે ઉપશમ અવસ્થા, એટલે કે આ પાંચમાંથી એક પણ પરમાણુ ત્યાં સક્રિય નથી, બરાબર શાંત બની ગયા છે એવી અવસ્થામાં-જે અનુભવ થાય છે તે સમકિતનો અનુભવ છે.** અને સમકિતનો અનુભવ થયા પછી એ માખણનો પિંડો બની ગયો છે. માખણ દૂધમાં હતું, માખણ દહીમાં હતું, પછી તેનું વલોણું થાય, વલોણું થયા પછી એ માખણના પિંડાને જુદો તારવી લે છે. હવે જો હમણાં ઘી તાવવું ન હોય અને થોડોક ટાઇમ માખણનો પિંડો જો રાખવો હોય તો એ બાઇ માખણના પિંડાને ફરી છાશની ગોળીમાં નાખે છે, પણ છાશની ગોળીમાં નાખવા છતાં એ પિંડો છાશથી ન્યારો ને ન્યારો જ રહે. છે.

**એ માખણ પહેલા દૂધમાં હતું.**
**એ માખણ પહેલા દહીંમાં હતું.**
**એ માખણ પહેલા છાશમાં હતું.**

**પણ પ્રયોગ દ્વારા જુદુ પડયું. એ જુદા પડચા પછી એ માખણનો પિંડો છાશની ગોળીમાં રહેવા છતાં છાશમાં ભળતો નથી. સંસારની ગોળીમાં સમ્યગ્દષ્ટિ રહેવા છતાં સંસારમાં ભળતો નથી. એવું નહીં ભળવાનું સામર્થ્ય જેનાથી પ્રાપ્ત થાય છે એને કહેવાય છે સમકિતની અનુભૂતિ.**

કોઇ વિચાર બચાવી નહીં શકે, કોઇ બહારના સાધનો બચાવી નહીં શકે.

સંસારનું એટલુ જોર છે, માયાનું એટલુ જોર છે,

આસક્તિનું એટલું જોર છે, વાસનાનું એટલું જોર છે કે ભલભલાના છક્કા છૂટી જાય છે.

આનંદઘનજી : **મુક્તિ તણા અભિલાષી તપિયા-જ્ઞાન ને ધ્યાન અભ્યાસે.**

તેમાં એકેય લક્ષણ બાકી રહ્યું? મોક્ષના અભિલાષી હોય, જ્ઞાની હોય, વૈરાગથી સંપન્ન હોય, ધ્યાન કરવાવાળા હોય, આવાને પણ ખબર નથી કે મનડું કયારે અવળે પાશ નાખશે ?

**વયરીડું કાંઇ એહવું ચિંતવે, નાખે અવળે પાસે,**
**હો કુંથુજિન મનડું કિમ હિ ન બાઝે.**

રાજીમતી વરસાદથી ભીંજાણા છે, પોતાના વસ્ત્રો સુકવવા માટે ગુફામાં આવ્યા છે. તેને ખબર નથી કે રહનેમિ-ભગવાન નેમનાથના બંધુ ત્યાં ગુફામાં છે. વસ્ત્ર સુકવ્યા છે. એ હાલતમાં જોઇને રહનેમિના મનમાં થોડી ડામાડોળ અવસ્થા થાય છે.

**વરસાદે ભીના ચીવર મોકળા કરવા રાજુલ આવ્યા છે તેણે ઠામ રે,**
**દેવરિયા મુનિવર ધ્યાનમાં રહેજો.**
**દિલડું ક્ષોભાણું જાણી રાજુલ બોલ્યા,રાખો સ્થિર મન-ગુણના ધામ રે.**
**દેવરિયા મુનિવર ધ્યાનમાં રહેજો.**

રહનેમિ સહેજ ડામાડોળ થયા,

પણ સામે રાજીમતી હતા. રાજીમતી ન હોત તો તણાઇ ગયા હોત, 'દિલડું ક્ષોભાણું જાણી રાજુલ બોલ્યા, દિલમાં ક્ષોભ થયો, મનમાં ક્ષોભ થયો, જેમ દરિયામાં પ્રચંડ મોજા આવે અને ક્ષોભ થાય. અને તે જ વખતે રાજીમતી બોલ્યા ''રાખો સ્થિર મન ગુણના ધામ રે દેવરિયા મુનિવર, ધ્યાનમાં રહેજો. તમે તો ધ્યાનમાં છો આમ કયાં ચાલ્યા?''

**એવા બળવાન સંસ્કાર,**
**એવી બળવાન માયા,**
**એવી બળવાન આસક્તિ,**
**એવી બળવાન વાસનાની**

સામે અડોલ અને નમ્યા વગર, ટકવાની શક્તિ જેને પ્રાપ્ત થઇ છે તેને કહેવાય સમ્યગ્દષ્ટિ મહાત્મા.

**કયાંય અહંકારથી કામ ચાલે તેવું નથી,**
**કયાંય માનથી કામ ચાલે તેવું નથી.**

**ક્યાંય ગર્વથી કામ ચાલે તેવું નથી.**

અમને કોઇ પણ જાતનો વાંધો આવે તેમ નથી એમ મન મનાવીને પણ કામ ચાલે તેવું નથી. ક્યારે ધક્કો લાગે તે કશું કહી શકાય તેવું નથી.

નાળિયેરના બે પ્રકાર : પહેલા પ્રકારમાં નાળિયેરની કાચલી કાઢવી પડે. બીજા પ્રકારમાં નાળિયેર હાથમાં લઇને ખખડાવો તો અવાજ કરે. ઉપર કાચલી ખરી પણ અંદરથી નાળિયેરનો ગોટો છૂટી પડી ગયો છે. કાચલીમાં નાળિયેરનો ગોટો હોવા છતાં એ ગોટો જરાય અડતો નથી, અબદ્ધ-અસ્પૃષ્ટ. એમ સંસારની કાચલીમાં સમ્યગ્દષ્ટિ મહાત્મા રહેવા છતાં સંસારને અડતો નથી. એ ખડખડ સંસારથી જુદો રહ્યો છે.

**ષટ્ સ્થાનક સમજાવીને ભિન્ન બતાવ્યો આપ,**
**મ્યાન થકી તલવાર વત એ ઉપકાર અમાપ.**

તલવાર જેમ મ્યાનથી જુદી છે અને અમને ભ્રમણા થઇ હતી.

અરે! અમે માની લીધેલ હતું કે તલવાર અને મ્યાન બન્ને એક છે. હતાં નહીં તો યે માની લીધું હતું. આત્મસિદ્ધિમાં કહ્યું છે કે,

**ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન.**
**પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે જાણ.**
**ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન.**
**પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન.**

મ્યાનનો આકાર તલવાર જેવો છે, દૂરથી દેખાય છે તલવાર જેવો પણ યુદ્ધના મેદાનમાં ભૂલમાં મ્યાન લઇ ગયો હોય અને તલવાર ઘરે ભૂલી ગયો હોય તો યુદ્ધ કરી નહીં શકાય. મ્યાન એ મ્યાન છે અને તલવાર એ તલવાર છે. તે બન્ને જુદા છે આવો સ્પષ્ટ ભેદ અંતરકરણમાં-સમકિતની પ્રાપ્તિના કાળમાં એ મહાત્મા કરે છે. જુદું જુદું દેખાય છે. ફાટ પડેલી દેખાય છે. જેમ ભીંતમાં ફાટ પડી હોય તે નજરે દેખાય છે તેમ ચેતન અને જડ વચ્ચે ફાટ પડેલી સમકિતીને દેખાય. અને ત્યારથી એની સુરતા બદલાઇ જાય છે.

**સુરતા એટલે ધ્યાન,**
**સુરતા એટલે લક્ષ,**
**સુરતા એટલે કોન્શીઅસ,**
**સુરતા એટલે સમજ,**
**સુરતા એટલે અંદરની ચેતના.**
**'જેની સુરતા શામળિયાની માંય, વદે વેદવાણી રે.'**

હવે અમારી સુરતા શામળિયાની સાથે; એમ નરસિંહ મહેતાએ ગાયું. એમ હવે અમારી

સુરતા સત્-ચિત્-આનંદ સ્વરૂપ-ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માની સાથે છે એમ સમ્યગ્દષ્ટિ આત્મા કહે છે.

**अेगो मे सासओ अप्पा, नाणदंसणसंजुओ।**
**सेसा मे बाहिरा भावा, सव्वे संजोगलक्खणा॥**
**संजोगमूला जीवेण, पत्ता दुक्खपरंपरा।**
**तम्हा संजोगसंबंधं, सव्वं तिविहेण वोसिरिअं॥**
**હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાન આનંદમય ખરે,**
**કંઇ અન્ય તે મારું જરી, પરમાણુ માત્ર નથી અરે.**

આ સમક્તિ! પ્રત્યક્ષપણે દેખાય છે કે ચેતન અને જડ બન્ને ભિન્ન છે. વાત નહીં, વાણી નહીં, શબ્દ નહીં, શાસ્ત્રનો આધાર નહીં, ફકત અનુભવનો આધાર.

શાસ્ત્રમાં કહ્યું છે કે દેહ અને આત્મા જુદા છે પણ તું શું અનુભવે છે?

જ્ઞાની પુરુષોએ કહ્યું છે કે દેહ અને આત્મા જુદા છે પણ તું શું અનુભવે છે?

જ્યાં સુધી તારા અનુભવમાં ન આવે ત્યાં સુધી તારા માટે શાસ્ત્રો અધૂરા. શાસ્ત્રો અધૂરા નથી, તું અનુભવ પૂરો કરતો નથી ને? શાસ્ત્રોમાં કહ્યું છે ને કે જડ ચેતન બન્ને જુદા છે. દેહ અને આત્મા બન્ને જુદા છે. પણ તું શું અનુભવ કરે છે? એવો અનુભવ કયારે થાય,

**તો પામે સમકિત ને વર્તે અંતર શોધ,**
**મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્ગુરુ લક્ષ,**
**લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ.**

તમામ ભેદો પડી ગયા, તમામ મતો મટી ગયા, સ્વચ્છંદ ગળી ગયો. એવી એક અવસ્થા કરણલબ્ધિમાં, અંતરકરણમાં, સમક્તિનો અનુભવ જ્યારે થાય છે તે વખતે, એ આત્માને તેનો અનુભવ થાય છે, અને એ અનુભવ થવાના પરિણામે, જેમ મીરાબાઇએ કહ્યું કે,

**નહીં રે વિસારું હરિ અંતરમાંથી, નહીં રે વિસારું હરિ.**

સંસારની તમામ પ્રવૃત્તિ કરવા છતાં જેમ ભકત પરમાત્માને ભૂલતો નથી તેમ સંસારની તમામ પ્રવૃત્તિ કરવા છતાં સમ્યગ્દષ્ટિ મહાત્મા શુદ્ધ આત્મતત્ત્વને ભૂલતો નથી.

ભણકાર આવ્યા જ કરે છે, ભણકાર આવ્યા જ કરે છે. મીરાંએ કહ્યું કે,

**મુખડાની માયા લાગી રે મોહન પ્યારા, મુખડાની માયા લાગી.**
**મુખડું મેં જોયું તારું, સર્વ જગ થયું ખારું, મન મારું રહ્યું ન્યારું રે.**

લોકો ભગવાનનું મોઢું જોતા નથી, બીક લાગે છે એમને કે ભગવાનનું મોઢું જોઇશું અને જગત ખારું લાગી જશે તો? ચેતો. ભગવાનનું મોઢું જોયા બાદ જગત ખારું લાગ્યા વગર રહે નહીં. ભગવાનનું મોઢું જોયા બાદ જગતનો રસ તૂટ્યા વગર રહે નહીં. **''મુખડું મેં જોયું તારું, સર્વ**

**જગ થયું ખારું''** અનુભવ જુઓ ! શું થાય છે? તારું મોઢું જોયું, આખું જગત થયું ખારું. પછી શું થયું? **મન મારું રહ્યું ન્યારું રે, મોહન પ્યારા.**

વર્ષોની ભાગીદારી હતી. હવે ભાગીદારી છૂટી ગઇ, હવે દિલ છૂટું પડી ગયું. જડની સાથે ચેતનની ભાગીદારી હતી, પણ પેઢી જુદી પડી ગઇ, જડનો માલ જડનાં ખાતામાં, ચેતનનો માલ ચેતનનાં ખાતામાં, પેઢી જુદી પડી ગઇ અને પોતાની પેઢીનો પોતે સ્વામી બની ગયો. જડ જે ભેગું ભળતું હતું તે હવે ભળતું નથી. એવી અવસ્થા સમ્યગ્દર્શન થયા પછી અનુભવાય.

ભગવાન નેમિનાથ પરણ્યા વગર પાછા ફર્યા, કહેવા પણ ગયા નહીં કે પરણવું નથી. રાજીમતી ચોધાર આંસુએ રડે છે, ત્યારે સખીઓ કહે છે કે તું તો કુંવારી છે, ચિંતા ન કરીશ. આ તો બહુ સારું થયું કે પરણ્યા પહેલા આ બધી ખબર પડી ગઇ. જો પરણ્યા પછી આ કર્યું હોય તો હાલત શું થાત? લોકો તો બહુ તર્ક કરીને સમજાવી દે છે. રસ્તો શોધી કાઢે છે. આના કરતા સારો વર જગતમાં મળશે. વળી ભગવાન નેમિનાથ ભીને વાને હતા એટલે બહુ પસંદ પડે તેમ ન હતા. રાજીમતીને સખીઓ કહે છે નવો વર લાવશું, મુંઝાઇશ નહીં. રાજીમતી જે બોલી તે સમ્યગ્દષ્ટિની ભાષા બોલી,

**या के आगे और सबही को-रूप लगत मोहे फिको,**
**देख्यो माई अजब रूप जिनजी को.**

સખી! તમારી વાત તો સાચી, પણ મારા આ પ્રિયતમની આગળ,મારા આ સ્વામીનાથની આગળ,મારા આ ભગવાન નેમિનાથની આગળ,બધા રૂપ ફીકા લાગે છે. આ સમ્યગ્દષ્ટિની વાત છે. ફીકા લાગ્યા પછી ખેંચાણ ન થાય. અરે! આ જગતના રૂપ અમને ફીકા લાગે છે. 'અરે!' જગતની માયા ટાળી ટળાતી નથી. અનેક ઉપદેશો સાંભળ્યા છતાં પણ-જગત સુંદર છે,જગત આકર્ષક છે, જગત મોહક છે, એ ભ્રાંતિ તૂટતી નથી'', પણ સમ્યગ્દર્શન થતાં એક ક્ષણમાં ભ્રાંતિ તૂટી જાય છે. જગત ફીકું ફીકું લાગે છે. જ્યારે જ્યારે એમ થાય છે અમને સમકિત થયું છે ત્યારે બીજું કાંઇ જોશો નહીં. જો જો કે જગત ફીકું લાગ્યું? ચા પીને મીઠાઇ ખાવ તો કેવી લાગે? ચા પણ મીઠી-અને મીઠાઇ પણ ગળી, પણ ચા પીધા પછી મીઠાઇ ફીકી લાગે, એમ સમકિત થયા પછી, અંતરકરણમાં ઘટના ઘટ્યા પછી જગત ફીકુ લાગે છે.

અહીં તિરસ્કાર નથી,
અહીં અણગમો નથી,
અહીં નફરત નથી,
અહીં જગતની ઘૃણા નથી,
અહીં જગતની નિંદા નથી,
અહીં નેગેટીવ એપ્રોચ નથી,

અહીં નિષેધાત્મક વલણ નથી,

અહીં જગત બૂરું છે એમ કહેતો નથી.

જગત છે, જેવું છે તેવું છે, પણ અમને ફીકું લાગે છે.

**તમારી મીઠાઇ ઘણી સારી પણ અમને ફીકી લાગે છે અમે શું કરીએ?**

**તમારું ધન ઘણું સારું પણ અમને ફીકું લાગ્યું છે અમે શું કરીએ?**

**તમારા ભોગો ઘણા સારા પણ અમને ફીકા લાગ્યા છે અમે શું કરીએ?**

અમને ભોગો મળતાં નથી માટે ફીકા છે એમ નથી કહેતા. ભોગોના ઢગલા અમારા ચરણમાં છે પણ અમને ભોગો ફીકા લાગે છે.

મીરાં મેવાડની મહારાણી-ક્ષત્રિયાણી, દેખાવમાં અતિ સુંદર,રૂપનાં અંબાર જેવી, સરળતાથી ભરેલી, પ્રેમથી ભરેલી, ભક્તિરસથી ભરેલી અને આંખો તો ખૂબ સારી,બધાયથી સારી. તેની સખી કહે છે 'મીરા ! તારી આંખો કેટલી સુંદર છે! એક મારી વાત માનીશ? તેમાં જો કાજળ આંજીશ તો હજુ બહુ સુંદર લાગીશ. એક તો આંખો સુંદર છે અને સુંદર આંખોમાં કાજળ જો આંજીશ તો તારી આંખો કેટલી સુંદર લાગશે ! મીરાં ! તું કાજળ તો આંજી જો !' આ સલાહ ઠીક લાગે છે? 'મીરાં, કાજળ એક વખત આંજી તો જો !' ત્યારે મીરા કહે છે **'મેરે નયન બસ્યો ઘનશ્યામ'** ઓહો હો ! સમજાય છે? **'મેરે નયન બસ્યો ઘનશ્યામ !'** 'અરે સખી! તને શું કહું?'

''મારી આંખોમાં પરમાત્મા આવીને વસ્યા છે.

મારી આંખોમાં પરબ્રહ્મ પરમાત્મા આવીને વસ્યા છે.'

**મેરે નયન બસ્યો ઘનશ્યામ, અબ કાજળકા ક્યા કામ ?**

**મેરે નયન બસ્યો ઘનશ્યામ.**

હવે મારે કાજળનું શું કામ?

ઇન્દ્ર બન્યો હોય, ચક્રવર્તી બન્યો હોય, પણ સમ્યગ્દષ્ટિ મહાત્મા કહે છે કે 'અબ કાજલ કા ક્યા કામ?' ઓહો હો ! આ મસ્તી છે, આ ખુમારી છે, આ પરમ આનંદ છે, આ એની ગહરી લીલા છે, આ તેના જીવનનો પરમ ઉછાળો છે. આ સમ્યગ્દર્શન જ્યારે થાય ત્યારે શું થાય? **तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं**. અંતરકરણમાં સમકિતનો અનુભવ થતાં પહેલાં જે તત્ત્વની શ્રદ્ધા છે તે કલીઅર કટ નથી, ૧૦૦% નથી, સમજીને નથી, જાણીને નથી, વિચારીને નથી. જ્યારે અંતરકરણમાં ઘટના ઘટી, મોહનીય કર્મનો ઉપશમ થયો, જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થયો, તેથી શ્રદ્ધા કલીઅરકટ થઇ.

દેશના લબ્ધિમાં સત્પુરુષના ચરણોમાં બેસીને દ્રવ્ય-ગુણ-પર્યાય આદિ શાસ્ત્રોનું વિધિપૂર્વક શ્રવણ-મનન-ચિંતન-નિદિધ્યાસન કર્યું-નવ તત્ત્વોની અવગાહના કરી, નવ તત્ત્વો સંબંધી શાસ્ત્રો વાંચ્યા, જાણ્યા, સાંભળ્યા, માણ્યા, વિચાર્યા અને દઢ નિશ્ચય કર્યો-પણ એ બુદ્ધિના લેવલે હતો,

અંતરકરણમાં પ્રવેશ થતાની સાથે એ અનુભવ-અનુભવના લેવલે થયો.

પહેલા એ બુદ્ધિના લેવલે અનુભવ હતો અને કહેતો હતો કે શાસ્ત્રો સત્ય છે, નવ તત્ત્વો છે, છે જ પણ હવે એ છે કહેવાની જરૂર નથી, કારણ કે **અનુભવ થયો છે.** સમ્યગ્દર્શન શું છે તેને સમજવા અનેક વ્યાખ્યાઓ આપી છે.

<u>સમ્યગ્દર્શનનું પહેલું લક્ષણ.</u>

**(૧) 'तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनम्'- વીતરાગ પરમાત્માએ પરમ તત્ત્વો, જે રીતે કહ્યા છે તે રીતે, પ્રયોજનભૂત રીતે, અપ્રયોજનભૂત રીતે, હેય રીતે, ઉપાદેય રીતે, જ્ઞેય રીતે, ત્યાગવા જેવા કહ્યા, છોડવા જેવા કહ્યા, આદરવા જેવા કહ્યા, ગ્રહણ કરવા જેવા કહ્યા એ તમામ સ્પષ્ટતાની સાથે અંદરમાં શ્રદ્ધા થઇ છે તેને કહેવાય છે સમ્યગ્દર્શન.**

<u>સમ્યગ્દર્શનનું બીજું લક્ષણ.</u>

**सव्वाईं जिणेसरभासिआईं वयणाईं नन्नहा हुंति।**
**इअ बुद्धी जस्स मणे, सम्मत्तं निच्चलं तस्स॥**

(૨) સર્વ જિનેશ્વરોએ જે તત્ત્વનું ભાસન કર્યું છે, જે પ્રરૂપણા કરી છે **सव्वाईं जिणेसर भसिआईं**-સર્વ જિનેશ્વરોએ જે તત્ત્વનું ભાસન કર્યું છે- **वयणाईं नन्नहा हुंति** એ કદી પણ અન્યથા ન હોય. કારણ કે તેઓ સર્વજ્ઞ છે.

**એમનામાં રાગ નથી.**
**એમનામાં દ્વેષ નથી.**
**એમનામાં મોહ નથી.**
**એમનામાં ભય નથી.**
**એમનામાં ક્રોધ નથી.**
**એમનામાં લોભ નથી.**
**એમનામાં અહંકાર નથી.**

અને જુઠું બોલવાનું કોઇ કારણ ત્યાં નથી. એમણે જે કહ્યું છે તે પરમ સત્ય છે આવી અનુભૂતિ તેનું નામ સમ્યગ્દર્શન છે.

**जीवाई नव पयत्थे जो जाणइ तस्स होई सम्मत्तं।**

(૩) જીવ આદિ નવ પદાર્થોને સમ્યક્ પ્રકારે અને યથાર્થ પ્રકારે જાણે છે-સ્વીકારે છે અને અનુભવે છે તેને કહે છે સમ્યગ્દર્શન.

**अरिहंतो मह देवो, जावज्जीवं सुसाहुणो गुरुणो।**
**जिणपण्णतं तत्तं, इअ सम्मत्तं मअे गहिअं॥**

(૪) રાગદ્વેષથી મુકત એવા અરિહંત પરમાત્મા એ જ મારા પરમાત્મા છે. આત્મજ્ઞાની

સત્પુરુષ,પંચ મહાવ્રતધારી મુનિ જેઓ નિરંતર ષડ જીવનિકાયની રક્ષા કરે છે અને સ્વરૂપમાં રમે છે એ જ મારા ગુરુ છે અને **जिणपण्णतं तत्तं** - જિનેશ્વર પરમાત્માએ કહેલું તત્ત્વ એ જ પરમ ધર્મ છે, એવો જે નિશ્ચય થયો તેને સમ્યગ્દર્શન કહે છે.

પવિત્ર પુરુષોની કૃપાદૃષ્ટિ એ જ સમ્યગ્દર્શન છે. અદ્ભુત વાત છે. પરમકૃપાળુ દેવની વાત છે. બધાની કૃપાદૃષ્ટિ મળશે પણ પવિત્ર પુરુષોની કૃપાદૃષ્ટિ મળવી બહુ મુશ્કેલ છે. ભગવાન બહુ અળવીતરા છે. એ મોક્ષ આપવા માટે ઉદાર છે. પણ ભક્તિ આપવામાં કૃપણ છે. એ ભક્તિ આપતા નથી. એ જાણે છે કે મુક્તિ તો ભક્તિની દાસી છે. કોણ માંગે છે મોક્ષ? કોને જોઇએ છે મોક્ષ? કોને પડી છે મોક્ષની ? અહો ! આ ઉન્મત અવસ્થા છે પણ પીધેલી અવસ્થા નથી.

**ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો.**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?**

ઓહો ! મોક્ષ અને સંસાર બન્ને વચ્ચેની ભેદ રેખા અહીં ભૂંસાઇ ગઇ છે, એને તો જે મોક્ષમાં અનુભવવાનું છે તે અનુભવનો ખજાનો અહી મળી ગયો છે.

**इहैव तैर्जितः स्वर्गो येषां साम्ये मनः स्थितम्।**

આ ધરતી ઉપર, શરીરમાં હોવા છતાં **सिद्धो** જેનો અનુભવ કરે છે તે અનુભવનો ખજાનો એને અહીં મળી ગયો છે. શરીરને રહેવું હોય તો રહે અને જવું હોય તો જાય. આ વસ્ત્રને જ્યારે ઊતરવું હોય ત્યારે ઊતરે, અને આ શરીર જેણે આપ્યું છે તે પ્રારબ્ધ કર્મને કહી દઇએ છીએ આ તારું કપડું, તારે જ્યારે લેવું હોય ત્યારે લઇ લેજે, અમને એની ચિંતા નથી, આ કપડું તારું છે, તેં આપ્યું છે તે અમને જોઇતું પણ નથી, અમારે રાખવું પણ નથી, અને ફેંકી દેવું પણ નથી. તારે જ્યારે લેવું હોય ત્યારે લઇ લેજે, એવી ઝીલના જેનામાં થાય છે તેને કહેવાય છે સમ્યગ્દૃષ્ટિ મહાત્મા.

સર્વજ્ઞના જ્ઞાનમાં ભાસ્યમાન તત્ત્વોની સમ્યક્ પ્રતીતિ થવી એ સમ્યગ્દર્શન છે.

આ higher maths છે અઘરામાં અઘરા વિજ્ઞાનના પાઠો છે. સર્વજ્ઞ પરમાત્મા- કેવળજ્ઞાની પરમાત્મા, એમના જ્ઞાનમાં જે તત્ત્વો ભાસ્યમાન થયા તેના ત્રણ કારણો-

(૧) સંપૂર્ણપણે રાગદ્વેષનો અભાવ.
(૨) સંપૂર્ણપણે મોહનો અભાવ.
(૩) સંપૂર્ણપણે જ્ઞાનાવરણીય-કર્મનો અભાવ
સંપૂર્ણપણે દર્શનાવરણીય કર્મનો અભાવ.
સંપૂર્ણપણે અંતરાય કર્મનો અભાવ.

અને એ હોવાના પરિણામે આત્મામાં રહેલું અનંત જ્ઞાનનું સામર્થ્ય, એની પૂરી કળાએ, એની ટોટાલીટીમાં, એની સમગ્રતામાં, એની અખિલાઇમાં ખીલી ગયું છે. એવા કેવળજ્ઞાનમાં

જગતનું કોઇ પણ જ્ઞેય છાનું રહી શકતું નથી. અને જ્ઞેય જેવું છે, તેવું ભાસ્યા વગર રહેતું નથી.

**મોતિયો હોય તો જોવામાં ભૂલ થાય.**
**આંખમાં કોઇ તકલીફ હોય તો જોવામાં ભૂલ થાય.**
**નંબર બદલાઇ ગયો હોય તો જોવામાં ભૂલ થાય.**
**માઇનસ પ્લસમાં ગરબડ થઇ હોય તો જોવામાં ભૂલ થાય.**
**સીલીન્ડર નંબર ન મેળવ્યો હોય તો જોવામાં ભૂલ થાય.**

પણ જેમનામાં સર્વજ્ઞતાની અવસ્થા પ્રગટ થઇ ચૂકી છે તેમના જ્ઞાનમાં જ્ઞેયો ઝળકે છે. કેવળજ્ઞાની જુએ છે તેમ ન કહેશો પણ કેવળજ્ઞાનીનાં જ્ઞાનમાં તમામ જ્ઞેયો ઝળકે છે. જેમ અરિસામાં તમે ઝળકો છો તેમ. કેવળજ્ઞાનના દર્પણમાં જગતના જ્ઞેયો ઝળકે છે.

**જ્ઞેય જેવું છે તેવું એની સમગ્રતામાં દેખાય છે.**
**એક પરમાણુ એની સમગ્રતામાં દેખાય છે.**
**એક આત્મા એની સમગ્રતામાં દેખાય છે.**
**એક ધર્માસ્તિકાય એની સમગ્રતામાં દેખાય છે.**

જગતમાં રહેલ તમામ પદાર્થો તેની અખિલાઇમાં, તેની totality માં, જેમ છે તેમ એમની સર્વજ્ઞતામાં દેખાય છે, આવું એમણે જોયું, આવું એમને ભાસ્યમાન થયું અને ત્યાર પછી એમણે કહ્યું-માટે એની પ્રતીતિ થવી એને કહેવાય છે સમ્યગ્દર્શન. તમારી બુદ્ધિ એમના-સર્વજ્ઞનાં-કરતા વધારે હશે. તમે પૂછી શકો કે આત્મા છે કે નહીં? જરૂર પૂછી શકો !

**નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ,**
**બીજો પણ અનુભવ નહીં તેથી ન જીવસ્વરૂપ.**

પણ સર્વજ્ઞે જોયો છે તેનું શું થાય? સર્વજ્ઞને પૂછો કે તમે આત્મા જોયો? કેવળ જ્ઞાનીને પૂછો છે કે તમે આત્મા જોયો? જો એ કહે ''હા આત્મા જોયો, તો પછી તમારી બુદ્ધિના શસ્ત્રો હેઠે મૂકી દેજો.''

જનકવિદેહીને મળવા માટે એક સંન્યાસી આવે છે. બહાર ચોકીદાર ઊભો છે અને તે ચોકીદાર જવા દેતો નથી. સંન્યાસીને થયું કે હું સંન્યાસી અને આ મામુલી ચોકીદાર. મને રોકે? એના મનમાં સમજે છે શું? ચોકીદાર કહે છે કે ''જનકવિદેહીની રજા વગર-તમને જવા દેવામાં નહીં આવે.'' તો કહે ''ભલે પૂછી આવો.'' ચોકીદાર પૂછવા ગયો ત્યારે જનકવિદેહીએ કહ્યું કે ''સંન્યાસીને કહો કે બધા શસ્ત્રો હેઠા મૂકીને આવે.'' સમજાયું? કારણ કે સંન્યાસી પોતાના ભાથામાં ઘણાં શાસ્ત્રો લઇને આવ્યો છે. શાસ્ત્રનું જ્ઞાન-તત્ત્વનું જ્ઞાન-સિદ્ધાંતનું જ્ઞાન, તપ-વૈરાગ્ય-વિરક્તિ-જ્ઞાન-અનાસક્તિ-ધ્યાન-તપ-પ્રાણાયામ-હઠયોગ-આ બધા શસ્ત્રો છે. તે લડવા માટે આવ્યો છે. તમારા શસ્ત્રોને હેઠા મૂકી દેજો, એમાં દમ નથી. સર્વજ્ઞ પરમાત્માના ચરણોમાં તો માથું જ મૂકવાનું હોય, શસ્ત્ર સામે ધરવાના ન હોય.

**એક અરજ સેવક તણી, રે અવધારો જિન દેવ,**
**કૃપા કરી મુજ દીજીએ રે, આનંદઘન પદ સેવ.**
**વિમલજિન દીઠા લોચન આજ.**

આ મસ્તક પરમાત્માના ચરણોમાં મૂકો તો ધન્ય બની જશે. આ માથું-આ જીવન-આ જીવનની મૂડી-કોને સોંપવી? કઇ બેંકમાં મૂડીની સલામતિ છે? અહીં નેશનલાઇઝ બેંકોમાં હજી એ ગરબડો છે, પણ પરમાત્માની બેંકમાં ક્યારેય ગરબડ થઇ નથી-થશે પણ નહીં-મૂડી ત્યાં મૂકવા જેવી છે. સમ્યગ્દષ્ટિ મહાત્મા ત્યાં મૂડી મૂકે છે.

**रुचिर्जिनोक्ततत्त्वेषु सम्यक् श्रद्धानमुच्यते।**

(૫) જિનેશ્વર પરમાત્માના તત્ત્વોમાં પ્રગાઢ રુચિ એનું નામ સમ્યગ્દર્શન. રુચિ શબ્દ સમજી લઇએ. ભૂખ ન લાગી હોય અને કોઇકના ઘરે જમવું પડે જ તો શું થાય? જમવા બેસે પણ ચાળા સૂઝે. 'આ દાળ ક્યાં બરાબર છે?' શાકમાં ભલીવાર નથી. પાપડ તો મૂક્યો નથી.' સામાવાળાને ખબર પડી જાય કે આ દોસ્તને ભૂખ નથી લાગી, તેના ચાળા છે. પણ જો કકડીને ભૂખ લાગી હોય અને સૂકો રોટલો અને છાશ મૂકો તો યે એને ખાવામાં મીઠાશ આવે. અંદરથી ભૂખ લાગી હોય ત્યારે ખોરાક આપો તો એને ભાવે છે.

અંદરમાંથી મિથ્યાત્વનું ઝેર દૂર થવાને પરિણામે પરમાત્માનું તત્ત્વ રુચે, બહુ ગમે છે, તેને કહેવાય છે સમ્યગ્દર્શન.

તત્ત્વની રુચિ,
ધર્મની રુચિ,
સ્વરૂપની રુચિ,
મોક્ષની રુચિ,
સત્પુરુષની ભક્તિની રુચિ,
આજ્ઞા પાલનની રુચિ,
ધ્યાનની રુચિ,
તપ અને ત્યાગની રુચિ.

સમ્યગ્દષ્ટિ એટલે ભલી દષ્ટિ. અપક્ષપાત-સારા સારે વિચારવું તેનું નામ વિવેકદષ્ટિ. આ સમ્યગ્દર્શનની વ્યાખ્યા.

સમ્યગ્દષ્ટિ હર્ષ અને શોકના પ્રસંગોમાં તદ્દન એકાકાર થાય નહીં, હર્ષના પ્રસંગો સમ્યગ્દષ્ટિને આવે, શોકના પ્રસંગો સમ્યગ્દષ્ટિને આવે પણ એ તદ્દન એકાકાર થાય નહીં. તે ભૂલી ન જાય, તે ડૂબી ન જાય એટલે કે તેના નિર્ધ્વંસ પરિણામો થાય નહીં. અજ્ઞાન ઊભું થાય કે જાણવામાં આવે કે તરત જ તેને દબાવી દે.

**અજ્ઞાનને પોતાનું કાર્ય કરવા ન દે.**
**વૃત્તિઓને પોતાનું કાર્ય કરવા ન દે.**
**વાસનાઓને પોતાનું કાર્ય કરવા ન દે.**
**વિકારોને પોતાનું કાર્ય કરવા ન દે.**
**જાણે કે અંદર ક્રોધ ઊભો થયો છે પણ તેને કાર્ય કરવા ન દે.**
**જાણે કે અંદર અહંકાર ઊભો થયો છે પણ તેને કાર્ય કરવા ન દે.**
**જાણે કે અંદર કામવાસના ઊભી થઇ છે પણ તેને કાર્ય કરવા ન દે.**

આપણે તો શું ઊભું થયું છે તે જાણતા પણ નથી, અને પેલા કાર્ય કર્યા વગર રહેતા પણ નથી, પછી રડીએ છીએ, ભૂલ થઇ ગઇ, પ્રાયશ્ચિત આપો એમ કહીએ છીએ. અજ્ઞાન ઊભું થાય,જાણવામાં આવે કે તરત જ દબાવી દે છે. બહુ જ જાગૃતિ હોય - Total Awarness હોય-સમગ્રપણે જેની ચેતના પ્રત્યેક ક્ષણે જાગી ગઇ છે તેને કહે છે - Total Awareness. પરમ કૃપાળુ દેવે કહ્યું છે જેમ કોરો કાગળ વાંચતા હોઇએ અને કાંઇ ન થાય, એમ હર્ષ અને શોક જ્ઞાનીને-સમ્યગ્દષ્ટિને ન હોય.

સમ્યગ્દષ્ટિને ભય ન હોય. તમામ ભયમાંથી મુકત હોય. મૃત્યુનો-જન્મનો-આ લોકનો-પરલોકનો-અપમાનનો-મારું રહેશે કે જશે તેનો ભય નહીં-આ છોકરાઓને બધુ સોંપી દીધા પછી શું થશે એવો ભય નહીં. જો કે તમને થશે કે આમને ખબર નથી પડતી કે સંસારમાં શું થાય છે? પણ જ્ઞાની પુરુષોએ આખો સંસાર જોયો છે. જ્ઞાની પુરુષોએ સંસારની અવસ્થા જોઇ છે. સિંહ ઘુરકીયા કરતો આવતો હોય તોયે સિંહણના રૂંવાટેય સિંહના આવવાનો ભય લાગતો નથી કારણ કે સિંહણ સિંહને ઓળખે છે. સમ્યગ્દષ્ટિ આત્માને પદાર્થો આવે કે જાય તેનો ભય લાગતો નથી, કારણ કે આ બધા પૌદ્ગલિક સંજોગો છે. ભાઇ! આ તો આમ જ થાય, આવે પણ ખરા અને જાય પણ ખરા. રહે પણ ખરા અને વિખરાઇ જાય પણ ખરા. સમ્યગ્દષ્ટિ મહાત્મા આ બધામાંથી બચ્યો છે.

કેવી અવસ્થા સમ્યગ્દષ્ટિની થાય તેનો યશોવિજયજી મહારાજ દાખલો આપે છે. નાના બાળકો નદી કિનારે ઘર ઘર રમવાની રમત માંડે છે. એ ઘર બનાવવામાં માટીની, સિમેન્ટની, ઇંટોની, પ્લાસ્ટરની કોઇ જરૂરત નથી. એનો ઉપાય સાવ સાદો. પગ મૂકીને ઉપર માટી ઊભી કરી દેવાની, થાપી દેવાની અને ધીમેકથી પગ કાઢી લેવાનો. પછી પીન્ટુ કહે કે જો તું અડચો તો માથું ફોડી નાખીશ. આ મારું ઘર છે. હવે આ મોટી ઉંમરે કેવું લાગતું હશે. તે યાદ કરીને કહો જોઉ! અને યાદ આવે છે આ તો બાળપણ હતું.

**બાળધુલી ઘર લીલા સરખી-ભવ ચેષ્ટા ઇહાં ભાસે.**

બાળપણમાં જેમ ધૂળમાં રમત રમતા હતા તેમ, સમજણ આવતાની સાથે સંસારની ચેષ્ટા એના જેવી લાગે છે, આને કહેવાય છે સમકિતની અવસ્થા.

(૬) છેલ્લી વાત : પોતાનું સ્વરૂપ સમજે તેને કહેવાય છે સમકિત અથવા સ્વછંદ તથા પોતાના મતના આગ્રહને તજીને જે સદ્‌ગુરુના લક્ષે ચાલે તેને પ્રત્યક્ષ કારણ ગણીને વીતરાગ પરમાત્માએ તેને પણ સમક્તિ કહ્યું છે. (વ્યવહાર સમક્તિ)

**સ્વછંદ મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ,**
**સમકિત તેને ભાખીયું, કારણ ગણી પ્રત્યક્ષ.**

આ બહુ ડાયલ્યુટ થઇ ગયું છે. હવે તમે ફરિયાદ કરી શકો તેમ નથી કે સમજાતું નથી- આટલું બધું તો સરળ થઇ ગયું ને! આને સમક્તિ કહેવાય-આને સમક્તિ કહેવાય. પોતાનું સ્વરૂપ સમજે તેને સમક્તિ કહેવાય. નિર્વિકલ્પ પરમાર્થ અનુભવ તેને પણ સમક્તિ કહેવાય.

**વર્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત,**
**વૃત્તિ વહી નિજ ભાવમાં, પરમાર્થે સમકિત**

(૭) નિર્વિકલ્પ આત્માનો અનુભવ તેને પણ સમકિત કહેવાય.

સમકિત થવાથી સહેજે સમાધિ થાય છે. અત્યારે ધ્યાનના વર્ગો ચાલતા હોય, ધ્યાનની શિબિરો થતી હોય, શિબિરમાં ધ્યાન થતું હોય છે. ધ્યાન કરાવાય નહીં, ધ્યાન કરાય નહીં. ધ્યાન તો સહજ અવસ્થા છે. સમ્યગ્દર્શન થયા પછી એને સહજ સમાધિ આવે છે.

**સાધો ભાઇ સહજ સમાધિ ભલી,**
**આંખ ન મુંદૌ, કાન ન મુંદૌ,**
**દીન દીન બઢત અધિકી.**

સમ્યગ્દષ્ટિને સહજ સમાધિ છે.

સમ્યગ્દર્શનને સમજવા માટે શાસ્ત્રમાં ૬૭ બોલથી તેની વિચારણા કરી છે. ચાર શ્રદ્ધા, ત્રણ લિંગ, ત્રણ શુદ્ધિ, દશ પ્રકારનો વિનય, આઠ પ્રભાવક, છ સ્થાનક, છ જયણા, છ આગાર, છ ભાવના, પાંચ લક્ષણ, પાંચ ભૂષણ, પાંચ દૂષણ આ ૬૭ બોલ છે.

તમે પૂછશો કે સમકિતની વાત હવે પૂરી થઇ? મારે પણ કહેવું છે કે હજુ તો સાજ બેસાડ્યા છે, હજુ તો ઠોક ઠોક ચાલે છે. હજુ વાત પૂરી થઇ નથી-આ વાત પૂરી કરવી કઇ રીતે? થાય કેવી રીતે? એવી અલૌકિક વાત છે.

સમકિતની છ ભાવના જોઇએ. સમકિત જેનાથી રૂડું થાય તે સમકિતની છ ભાવના કહે છે.

**જો સમકિત રે તાજું સાજું મૂળ રે,**
**તો વ્રત તરુ રે, દિયે શિવ પદ અનુકૂલ રે.**

(૧) સમકિતનું મૂળ જો સાજું હશે તો વ્રતના વૃક્ષો બરાબર ખીલી ઊઠશે. મૂળ સાજું હોય તો વૃક્ષ બરાબર ખીલશે. એમ સમકિતનું મૂળ જો સાજુ હશે તો વ્રત રૂપી તરુઓ બરાબર ખીલી ઊઠશે. કારણ કે વૃક્ષને ખીલવા માટે જમીનમાંથી અનુકૂળ રસ-પોષક તત્ત્વો મળવા જોઇએ.

સમકિત એ ચારિત્ર્યરૂપી વૃક્ષને પોષક તત્ત્વ પરિબળ છે.

**એ પ્રથમ ભાવના ગુણે, રૂઅડી, સુણો બીજી ભાવના,**
**બારણું સમકિત ધર્મપુરનું, એહવી તે પાવના.**

(૨) સમકિત બારણું છે. એ ભવ્ય દરવાજો છે. જેને મોક્ષમાં પ્રવેશ કરવો છે તેને સમકિતના બારણેથી પ્રવેશ મળે છે.

**ત્રીજી ભાવના રે સમકિત પીઠ જો દઢ સહી,**
**તો મોટો રે ધર્મ પ્રાસાદ ડગે નહીં,**
**પાયે ખોટે રે મોટે મંડાણ ન શોભીયે,**
**તેણે કારણ રે સમકિતશું, ચિત્ત થોભીયે.**

(૩) સમકિત એ મજબૂત પીઠ છે, પાયો છે, જેના ઉપર મોટો ધર્મ પ્રાસાદ તૈયાર કરી શકાય. એ ડગે નહીં. 'પાયે ખોટે રે મોટે, મંડાણ ન શોભીયે.' જો પાયો ખોટો હોય તો મંડાણ બરાબર થાય નહીં. સમકિત એ સમગ્ર સાધનાનો પાયો છે.

(૪) એક વાત એ કરવી છે કે સમકિત એ સલામત તિજોરી છે. જાત જાતની તિજોરીઓ નીકળી છે. બહાર કશું દેખાય નહીં અને અંદર તિજોરી હોય. એ ભલે બીજાઓને ખબર ન પડે પણ સી.બી.આઇ.વાળાને ખબર હોય છે. અમે એક જગ્યાએ આહાર લેવા ગયેલા. એક ભાઇને બતાવવાનો બહુ શોખ. કહે મહારાજ કાંઇ દેખાય છે? અમે બોધા જેવા. શું ખબર પડે? ભીંત દેખાણી. તે કહે ''શું ભીંત છે?'' એક કળ દબાવી, ભીંત ખસી ગઇ, અંદર લાકડાનું કબાટ. બીજી કળ દબાવી તો કબાટ ઊઘડી ગયું અને અંદર તિજોરી. ત્રીજી કળ દબાવી એટલે તિજોરીમાંથી તિજોરી નિકળી. મને કહે 'મહારાજ, આવું જિંદગીમાં તમે ક્યારેય પણ જોયું છે?' મેં કહ્યું ''અમે તો કમનસીબ છીએ, ક્યાંથી જોઇ શકીએ? તું ભાગ્યશાળી છો.'' પછી મેં પૂછ્યું : તમારું મૂકેલું ધન આમાં સલામત છે ને? તો કહે ''ગયે વર્ષે જ ૫૦ લાખની ખોટ ગઇ.'' આ તમારી તિજોરીઓ કામમાં નહીં આવે. સદ્‌ગુણોનું નિધાન જો રાખવું હોય તો તિજોરીમાં રખાય. યશોવિજયજી મહારાજે કહ્યું કે,

**થોભીયે ચિત્ત નિત એમ ભાવી, ચોથી ભાવના ભાવીએ,**
**સમક્તિ નિધાન સમસ્ત ગુણનું એહવું મન લાવીએ,**
**તેહ વિણ છૂટા રત્ન સરિખા મૂલ ઉત્તર ગુણ સવે,**
**કિમ રહે તાકે જેહ હરવા ચોર જોર ભવો ભવે.**

રત્નો છૂટા છૂટા જો મૂકશો તો કોઇ લઇ જાશે. ચોરોનો ભય બહુ છે. એ મૂળ ગુણો અને ઉત્તરગુણો રૂપી રત્નો છૂટા ન મૂકશો. એક ચોરોની ટોળી છે, ચોરી કરવા ફરી રહી છે. છ જણાની ટોળી છે. ૧. કામ, ૨. ક્રોધ, ૩. લોભ, ૪. મોહ, ૫. મદ અને ૬. મત્સર. અહીં પણ હાજર જ

છે. તે ૨૪ કલાક સાથે જ રહે છે. ક્યારે પણ આપણાથી જુદી પડતી નથી તેથી ૨૪ કલાક રક્ષણ કરવું પડે છે. એ ચોરોની ટોળી આ મૂળગુણો અને ઉત્તરગુણોરૂપી રત્નોની ચોરી કરે છે. સમકિતની તિજોરીમાં આ મૂળગુણો અને ઉત્તરગુણોને જો મૂક્યા હશે તો ચોરો ચોરી નહીં કરી શકે. આવું સમકિત છે.

(૫) પૃથ્વી જેમ જગતનો આધાર છે તેમ સમકિત શમદમરૂપ આત્મધર્મનો આધાર છે.

**ભાવો પંચમી રે ભાવના શમદમ સાર રે,**
**પૃથ્વી પરે રે સમકિત તસુ આધાર રે.**
**છઠ્ઠી ભાવના રે ભાજન સમકિત જો મળે,**
**શ્રુતશીલનો રે તો રસ તેહમાં નવિ ઢળે.**

(૬) સમકિત ભાજન છે, વાસણ છે, અમૃતનો રસ જો લેવો હોય તો વાસણ તો જોઇશે ને? એમ શ્રુત અને શીલનો રસ, ધ્યાન અને અનુભવનો રસ જો લેવો હોય તો સમકિતના ભાજનમાં (વાસણમાં) આવો રસ રહેશે, બીજામાં નહીં રહી શકે. આવો નિરંતર વિચાર કરશો તો સમકિતનું માહાત્મ્ય સમજાશે અને અંતરમાં આવશે.

હવે સમકિતના પાંચ લક્ષણો કહે છે. (૧) શમ (૨) સંવેગ (૩) નિર્વેદ (૪) અનુકંપા (૫) આસ્તિક્ય.

**સમકિતનું પહેલું લક્ષણ શમ :**

**લક્ષણ પાંચ કહ્યાં સમકિતતણાં,**
**ધુર ઉપશમ અનુકૂળ સુગુણ નર,**
**અપરાધીશું પણ નવિ ચિત્ત થકી,**
**ચિંતવીએ પ્રતિકૂળ સુગુણનર.**

અપરાધીનું પણ, જેણે અપરાધ કર્યો છે, જેણે ગુન્હો કર્યો છે, જેણે ભૂલ કરી છે, તેને શિક્ષા આપવાની વાત તો નથી પણ મનથી પણ એનું બૂરું થાય એવો પણ વિચાર જેને આવતો નથી એ શમ નામનું સમકિતનું પહેલું લક્ષણ છે. ઘણા લોકો એમ કહેતા હોય છે કે, ''અમારે તમને કશું કહેવું નથી, તમારું કર્યું તમે જાણો, અમારે કંઇ બદલો લેવો પણ નથી, તમને કશું કહેવું પણ નથી, પણ ભગવાન તમને બરાબર જોઇ લેશે.' લો, આ વચલો રસ્તો કાઢ્યો, હવાલો ભગવાનને! તું જોઇ લે-તું બરાબર જોઇ લે, હું તો નહીં જોઉં. સમ્યગ્દર્શન જે ખૂબી ઓર છે. કુમારપાળ મહારાજાને મંત્રીઓએ ઝેર આપ્યું છે. ઝેર ચડ્યું છે. ઝેર આપનારા એવા વિવેકી-એવા ડાહ્યા-એવા અનુભવી-એવા મુત્સદ્દી-એવા કુશળ છે કે રાજ્યની તિજોરીમાંની વિષાપહર ગુટિકા હતી, ઘસારો આપો તો ઝેર ઊતરી જાય, પણ જે દુશ્મનોએ ઝેર આપ્યું છે તેમણે વિષાપહર ગુટિકા પણ ત્યાંથી લઇ લીધી છે. ઝેર ચડી રહ્યું છે. ઝેર ચડ્યું કે કુમારપાળે

તિજોરીમાંની વિષાપહર ગુટિકા મંગાવી, પણ સેવકોને મળતી નથી. કહે છે કે મહારાજ! ત્યાં છે નહીં. તે લઇ લેવામાં આવી છે. આવું સાંભળ્યા પછી દિલમાં શું થાય?

કેટલો દ્વેષ થાય?

કેટલો તિરસ્કાર થાય?

કેટલો ધિક્કાર થાય?

કેવો બદલો લેવાની વૃત્તિ થાય?

શાસ્ત્રોએ લખ્યું કે પરમ શાંત રસમાં ઝીલતાં કુમારપાળ કહે છે કે 'ધન્યવાદ'.

જો ગુટીકા મળી હોત અને આયુષ્ય હોત તો બચી જાત. ગુટિકા નથી મળી અને આયુષ્ય નહીં હોય અને કદાચ દેહ છૂટી જાય તો પણ આનંદ છે.

**જગત મરણ સે ડરત હૈ, મો મન બડો આનંદ,**

**કબ મરસ્યા, કબ ભેટસ્યા,પૂરણ પરમાનંદ.**

મોતનો ડર છે જ નહીં. આ જીવનમાં રાગ-દ્વેષથી મુકત પરમાત્માની ભક્તિ કરી છે.

કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મારા ગુરુ છે. મેં એમની ઉપાસના કરી છે. વીતરાગ ધર્મની આરાધના કરી છે. મોતનો ભય નથી. આ ક્ષણે આવે કે કલાક પછી આવે. મારા અંતરમાં જરાયે વ્યાકુળતા નથી. શું વાત છે! આ ગૃહસ્થ છે, નથી આ સાધુ મહારાજ. સાધુ મહારાજને પણ આ જીરવવું મુશ્કેલ છે. આ સમ્યગ્દર્શનનું માહાત્મ્ય તો જુઓ ! અચાનક ત્યાં ધનવન્તરી વૈદ આવે છે, એની પાસે ગુટીકા છે-ઝેર ઊતરી જાય છે. પછી બીજે દિવસે રાજસભા ભરાણી છે, મુખ્યમંત્રી સલાહ આપે છે કે ઝેર આપનાર રાજસભામાં છે. ત્યારે કુમારપાળ મહારાજ કહે છે 'એમને ક્ષમા આપો, મારે બદલો લેવો નથી. એમનો કોઇ દોષ નથી, દોષ તો મારા કોઇ પૂર્વ કર્મનો હશે, માટે આ ઝેર આપ્યું હશે. આ લોકો પ્રત્યે મારા મનમાં કોઇ દ્વેષ નથી-અણગમો નથી-વેરભાવ નથી.' 'શમ' નામનું આ સમક્તિનું પહેલું લક્ષણ છે.

ક્રોધાદિ કષાયોનું સમાઇ જવું-ક્રોધાદિ કષાય ઊભા નહીં થાય તેવું નથી-ઊભા થશે. પણ સમાઇ જવું-ઉદયમાં આવેલા કષાયોમાં મંદતા આવવી. જે કષાય ઉદયમાં આવી રહ્યા છે તે ધીમે ધીમે ધીમે મંદ પડતા જાય. જેમ જુવાન માણસ ઘરડો થાય પછી ધીમે ધીમે ધીમે એનું જોર તૂટતું જાય. જ્યારે જુવાન હોય ત્યારે બહુ જોર હોય. ભીંતને પાટુ મારે અને ભીંતને તોડી નાખે. સામે ભટકાવ તો કહી દે 'ઓળખતા નથી મને?' એ જ પછી ઘરડો થયો હોય - ડગુ ડગુ ડગુ લાકડીને ટેકે ટેકે ચાલે પછી એને પૂછો કે આ તમારી જુવાની કયાં ગઇ? એક ઘરડો માણસ-વાંકો વાંકો ચાલતો હતો, તો કોઇકે મશ્કરી કરી કે 'વાંકા વાંકા કેમ ચાલો છો?' 'ભઇ ! વાંકો વાંકો નથી ચાલતો. મારી ખોવાઇ ગયેલી જુવાની શોધી રહ્યો છું.' બધાયનો વારો આવશે. અમારે એકલાને જ વારો આવશે તેમ ન માનશો. તમે કોઇ એમાંથી બાકાત રહી નહીં શકો. સૌનો વારો આવશે

કારણ કે પરિવર્તનશીલ સંસાર છે.

વૃત્તિઓથી પાછો વાળી લેવાય, સમજાવી શકાય તેવી આત્મદશા થવી. ઘણા લોકો તો એવા છે કે એમને વાળવા મુશ્કેલ. જ્યારે આને સમજાવીને પાછો વાળી શકાય. અનાદિકાળની વૃત્તિઓ શમી જવી, આને કહેવાય છે શમ. રાત્રિનો સમય છે. મણિરથ મોટો ભાઇ છે, યુગબાહુ નાનો ભાઇ છે. એમના જીવનમાં ઘટના બની છે. એ ઘટનાને ક્ષમાપના વખતે યાદ કરવી છે, જેવી ક્ષમા યુગબાહુએ મણિરથને આપી એવી ક્ષમા આપજો, અપરાધીને ભૂલી જશો. આ જીન્દગી કાયમ નથી. વેર ઝેરના ઝગડા અંદર રહેવા દેશો નહીં. અહીંથી ઘરે પહોંચીશું કે નહીં પહોંચીશું તેનો પણ ભરોસો નથી, આવું જીવન છે. તો કોના માટે વેર ઝેર? કોના માટે કલહ? કોના માટે તિરસ્કાર-કંકાસ? કોના માટે અણગમો?

**સમકિતનું બીજું લક્ષણ-''સંવેગ'' :**

**સુરનર સુખ તે દુઃખ કરી લેખવે, વંછે શિવ સુખ એક,**
**બીજું લક્ષણ તે અંગીકરે, સાર સંવેગ સુટેક.**

સમકિતીની પાસે તિર્યંચ (પશુ)ગતિમાં રહેલા જે પ્રાણીઓ ઘોડો, હાથી, શેઠીયાઓના કૂતરાં વગેરેના સુખો મૂકવામાં આવે, (છાબલીયા સાહેબના કૂતરાની સેવામાં ૧૨ નોકરો છે. ''એક ભાઇ મને કહે કે'' મને એમ થાય કે તેનો કૂતરો થયો હોત તો સારું હોત.) તથા જેટલા મનુષ્યો છે ચક્રવર્તી સહિત, તેમના સુખનો ઢગલો તથા સામાન્ય દેવલોકના દેવથી માંડીને અનુત્તર વિમાન સુધીના બધા દેવોના સુખનો ઢગલો મૂકવામાં આવે અને પછી જો સમ્યગ્દષ્ટિને પૂછવામાં આવે કે આ સુખનો ઢગલો તને જોઇએ છે? તો એક ક્ષણનો વિલંબ કર્યા સિવાય સમ્યગ્દષ્ટિ મહાત્મા એમ કહે છે એમાં સુખ છે જ કયાં? મારે જોઇતું નથી. આનું નામ સંવેગ. મીઠી અને કડક ચા છોડી શકતો નથી-તમાકુ ફાકતો હોય અને તમાકુ છોડી શકતો નથી તો, સમ્યક્ત્વ કયાંથી આવે?

**સુર નર સુખ તે દુઃખ કરી લેખવે, વંછે શિવ સુખ એક.**

આનું નામ સંવેગ. માત્ર મોક્ષ જોઇએ છે. મોક્ષ જોઇએ છે. માત્ર મોક્ષ અભિલાષ.

**કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ.**

ભગવાન મહાવીરને સુધર્મા સ્વામી પૂછે છે પ્રભુ!

**संवेगेणं भंते ! जीवे किं जणयई ?**
**संवेगेणं अणुत्तरं धम्मसद्धं जणयई.**
**अणुत्तराए धम्मसद्धाए संवेगं हव्वमागज्छइ ।**

-શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર.

હે સુધર્મા **!** જેને સંવેગ પ્રાપ્ત થાય છે એને **अनुत्तरं धर्मसद्धं जणयई**. એને અનુતર ધર્મ

શ્રદ્ધા પ્રાપ્ત થાય છે. ધર્મ શ્રદ્ધા સમ્યક્ત્વ વગર ન થાય. અનુતર ધર્મશ્રદ્ધા એટલે કયારેય ડગે નહીં, કયારેય ચલાયમાન ન થાય, એવી ધર્મ પરની શ્રદ્ધા થાય છે, આને કહેવાય છે સંવેગ.

**સમકિતનું ત્રીજું લક્ષણ-''નિર્વેદ'' :**

નારક ચારક સમભવ ઉભગ્યો, તારક જાણીને ધર્મ, ચાહે નીકળવું નિર્વેદ તે, ત્રીજું લક્ષણ મર્મ.

જેલમાંના-પાંજરામાં રહેલા કેદીને જ્યારે પણ પૂછો કે તારી શું ઇચ્છા? બસ આ પાંજરું ખોલીને બહાર નીકળું એ જ માત્ર ઝંખના છે. એમ સંસારના કારાગ્રહમાંથી હું કયારે નીકળું? એ જ માત્ર જેની ઝંખના છે આને કહેવાય છે નિર્વેદ.

શાસ્ત્રો ભલે સંસારને જેલ કહી રહ્યા છે પણ તમને તો મહેલ જેવો લાગે છે. જ્ઞાની પુરુષોને સંસાર જેલ જેવો લાગે છે.

**निव्वेअेणं भंते ! जीवे किं जणयइ?**

હે ભગવંત! નિર્વેદથી જીવમાં શું થાય છે?

**निव्वेअेणं दिव्वमाणुस्सतेरिच्छअेसु कामभोगेसु निव्वेअं**
**हव्वमागच्छइ, सव्वविसअेसु विरज्जइ, सव्वविसअेसु**
**विरज्जमाणे आरंभपरिच्चायं करेइ, आरंभ परिच्चायं**
**करेमाणे संसारमग्गं वुच्छिंदइ, सिद्धिमग्गंपडिवण्णे अ-भवइ।**

નિર્વેદથી-દેવોના-મનુષ્યોના-તિર્યંચના સુખો પ્રત્યે નિર્વેદ થાય છે - ઉદાસીનતા આવી જાય છે.

નિર્વેદથી સર્વ વિષયોથી એને વૈરાગ્ય આવે છે. વિરામ બુદ્ધિ આવે છે. સર્વ વિષયોથી વૈરાગ્ય પામતો, સંસારના આરંભ અને પરિગ્રહનો ત્યાગ કરે છે. દિન પ્રતિદિન આરંભ અને પરિગ્રહનો ત્યાગ કરતો સંસાર માર્ગનો વ્યવચ્છેદ કરે છે.

જયારથી એમ સમજાયું કે ભ્રાંતિમાં જ પરિભ્રમણ કર્યું ત્યારથી, ''હવે ઘણું થયું! અરે જીવ-હવે થોભ'' એવો ભાવ અંદર આવે છે તેને કહેવાય છે નિર્વેદ.

**સમકિતનું ચોથું લક્ષણ- ''અનુકંપા'' :**

અનુ = પશ્ચાત, કંપ = સંવેદન. દુ:ખીને જોયા પછી અંદરમાં જે કરુણાના સ્પંદનો થાય છે તેને અનુકંપા કહે છે. આપણું હૈયું સંવેદનશીલ નથી. આપણે સંવેદના ગુમાવતા જઇએ છીએ, દિલ બુઠ્ઠું થતું જાય છે. રોજ સાંભળીએ છીએ કે ૩૫ ગયા-આતંકવાદીઓએ માર્યા. નરસિંહરાવ કહે છે કે કાશ્મીરમાં હિંસા થાય છે પણ એવરેજ પરિસ્થિતિ સારી છે! એટલે ૩૫/૪૦ રોજ ગયા -ગોળીએ દઇ દીધા એ એવરેજમાં આવી ગયા. આ એવરેજ પરિસ્થિતિની વાત નથી. દુ:ખીને જોઇ અંદરમાં દર્દ-વ્યથા થાય, ન સહન થાય અને કરુણા થાય છે.

**દ્રવ્ય થકી દુખિયાની જે દયા, ધર્મહીણાની રે ભાવ,**
**ચોથું લક્ષણ અનુકંપા કહી, નિજ શકતે મન લાવ.**

જેમ તમને તમારું દુઃખ ખટકે છે એમ સૌનું દુઃખ તમને ખટકે એવી અવસ્થા એને કહેવાય છે અનુકંપા. એક ડગલું આગળ જે આપણને ગળે ઊતરે એમ નથી, જે દુઃખી દેખાય છે, તેને તો આપણે ઓળખીએ છીએ, જેની પાસે ધન નથી, અન્ન નથી, વસ્ત્ર નથી એ દુઃખી દેખાય છે. આપણને ખબર છે કે આ દુઃખી છે, પણ એક દુઃખી આપણને દેખાતો નથી. આમ તો એને દુઃખી કહી શકાય તેમ પણ નથી-કારણ કે જગતમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જે સુખી છે, ચક્રવર્તી જેવો છે-મોટા માંધોતા જેવો છે, ઢગલાબંધ ધન જેની પાસે છે, સુંદર સ્ત્રી છે-સુંદર શરીર છે, કહ્યાગરા બાળકો છે, વિનયી નોકર-ચાકર છે, કાયામાં કોઇ રોગ નથી, પાંચ ઇન્દ્રિયો સારી છે, કોઇ એને દુઃખ નથી, એવો દુઃખ વગરનો છે. છતાં આવો પણ જો ધર્મરહિત હોય તો એના જેવો જગતમાં બીજો કોઇ દુઃખી નથી. જે ધર્મરહિત છે તેને જોતા અંદરમાં ભાવ દયા આવે છે એને કહેવાય છે ભાવ અનુકંપા.

એક દ્રવ્ય-અનુકંપા, બીજી ભાવ-અનુકંપા. ભાવ અનુકંપા કોણ કરી શકશે? જે પોતે ધર્મ પામ્યો હોય તે ભાવ અનુકંપા કરી શકે છે. આપણે ધર્મ પામ્યા નથી અને બીજા ધર્મહીન છે તેની તમે દયા ખાવા જો જાવ તો દંભ લાગશે. પાંચ બાબતો સંક્ષેપમાં સમજો.

૧. જીવનની શાંતિ ધર્મથી થાય છે.

૨. મૃત્યુ વખતની સમાધિ ધર્મથી થાય છે.

૩. આ લોકની નીતિમય સાધના ધર્મથી થાય છે.

૪. પરલોકનું સુંદર સર્જન ધર્મથી થાય છે.

૫. પરંપરાએ પરમ પદ મોક્ષની પ્રાપ્તિ પણ ધર્મથી થાય છે.

ધર્મ નહીં હોય તો શાંતિની પ્રાપ્તિ નહીં થાય.

છેલ્લા ૧૦ વર્ષમાં મેડિકલ સ્ટોરનો રિપોર્ટ છે કે જેટલી દવા આવે છે તેમાંથી ૮૦% ઘેનમાં રાખવાની આવે છે. ઘેનમાં રાખો નશામાં રાખો-કારણ? ટેન્શન.

ટેન્શન આવ્યું તો સપ્રેશન, સપ્રેશન આવ્યું તો ડીપ્રેશન.

ડીપ્રેશન આવ્યું તો નિરાશા, નિરાશા આવી તો નો-મુડ.

નો મુડ આવ્યું તો નેગેટીવ એપ્રોચ, નેગેટીવ એપ્રોચ આવ્યો તો જીવનનો કંટાળો અને કંટાળો આવ્યો તો માંકડ મારવાની દવા પીને પૂરું.

યાદ રાખજો. ધર્મ વગર શાંતિ નહીં મળે.

સીતાજી હનુમાનજીને કહે છે તું મારા દીકરા જેવો છો. તું રામજીના સમાચાર લઇ આવ્યો છે તો ધન્યવાદ બેટા, હનુમાનજી કહે છે માતાજી મારા ખભા પર બેસીને ચાલો, રામજી પાસે

પહોંચાડી દઉં ત્યારે સીતાજી કહે છે 'અજાણપણામાં રાવણ મને ઉપાડી આવ્યો તેટલા પૂરતો પર પુરુષનો સ્પર્શ થયો. તે મારી નિરુપાયતા છે. પણ ગમે તેવા દુઃખમાંથી મુક્ત થવા માટે કોઇ પુરુષનો સ્પર્શ થાય તે મને મંજુર નથી.' આ કોણ બોલાવે છે? આ સમ્યગ્દર્શનની વાત છે. એવી અવસ્થા છે. 'તું ભલે મારો દીકરો છે છતાંય નહીં.' આ છે ધર્મશ્રદ્ધા.

જીવનમાં શાંતિ ધર્મથી મળશે.

મૃત્યુ વખતની સમાધિ માટે રોજ કહો છો કે

**दुक्खखओ कम्मखओ, समाहिमरणं च बोहिलाभो अ।**
**संपज्जउ मह अेअं, तुह नाह! पणामकरणेणं ।।**
**कित्तिय-वंदियमहिआ जे अे लोगस्स उत्तमा सिद्धा।**
**आरुग्गबोहिलाभं, समाहिवरमुत्तमं दिंतु ।।**

સમાધિમરણ ધર્મ વગર નહીં થાય, આ લોકની નીતિમય સાધના ધર્મ વગર નહીં થાય. પરલોકનું સુંદર સર્જન ધર્મ વગર નહીં થાય, પરલોકમાં એકલા જ જવું પડશે.

**હંસલો ચાલ્યો જવાનો એકલો રે, ત્યાં નથી કોઇનો રે સંગાથ.**

અહીં તો, આવવાના હો તો કાગળ લખી નાખો છો એટલે બધી arrangement તૈયાર થઇ જાય છે. પણ મૃત્યુ વખતે, જતી વખતે કોને કાગળ લખશે ? છે કોઇ આંગડીઆની પેઢી કે જે કાગળ પહોંચાડી શકશે? અરે! ત્યાં તો ધર્મ સાથે આવશે, બીજું કાંઇ સાથે આવશે નહીં. પરલોકનું સુંદરતા ભર્યું સર્જન-અને પરંપરાએ પરમપદની પ્રાપ્તિ. આવા ધર્મથી રહિત જેનું જીવન છે, તે ખરેખર દુઃખી છે. અને તે ધર્મ પામે એવો જે ભાવ થાય છે તેને કહેવાય છે ભાવ અનુકંપા.

**સમકિતનું પાંચમું લક્ષણ ''આસ્થા'' :**

**જે જિન ભાષ્યું તે નહિ અન્યથા, એહવો જે દઢ રંગ,**
**તે આસ્તિકતા લક્ષણ પાંચમું, કરે કુમતિનો એ ભંગ.**

ભગવાન મહાવીર સ્વામી કહેતા કે તુંગીઆ નગરના શ્રાવકોનું લોહી-માંસ-હાડકા-મજ્જા-રોમરોમ ધર્મથી રંગાયેલા છે. આને કહેવાય છે આસ્થા, શ્રદ્ધા. એવી શ્રદ્ધા કે ધર્મ એ જીવનનું પરમ બળ છે. કાપીને કટકા કરો તોયે અંદરથી ધર્મ જ બોલે. જે જિનેશ્વરે કહ્યું છે તે પરમ સત્ય છે, અન્યથા નથી, એવી જે શ્રદ્ધા છે તેને કહેવાય છે સમકિતનું પાંચમું આસ્થા લક્ષણ. શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકતા (આસ્થા) એ સમકિતના પાંચ લક્ષણો છે. સમકિતના પાંચ ભૂષણ ને પાંચ દૂષણ ફરી વખત મળશું ત્યારે વિચારીશું.

# વિભાગ – 3

## નિદિધ્યાસનના પ્રયોગથી : પ્રશ્નોત્તર દ્વારા

સમ્યગ્દર્શનની ઘટનામાં શ્રવણ-વાંચન-ચિંતન-મનન-નિદિધ્યાસન-ધારણા અને સમાધિની પ્રક્રિયાઓ સમાયેલી હોવાથી તેના પ્રયોગોમાં ઢળવું પડે એમ ગુરુજીએ સમજાવ્યું છે. આ બધી પ્રક્રિયાઓ શ્રવણથી શરૂ થાય છે અને પછી વાંચનના પ્રયોગથી વિષયને પરિપૂર્ણ રીતે સમજી શકાય છે તે નિયમ મુજબ આ વિષયનો શ્રવણનો પ્રયોગ વિભાગ-૧માં આપેલી સી.ડી. દ્વારા અને આ વિષયના વાંચનનો પ્રયોગ વિભાગ-૨માં આપેલા લખાણ દ્વારા થયો. હવે આ વિષયના નિદિધ્યાસનનો પ્રયોગ પ્રશ્નોત્તર દ્વારા કરવા માટે આ વિભાગ આપ્યો છે.

# વિભાગ – 3

# અનુક્રમણિકા



| પ્રકરણ નંબર | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | અભ્યંતર પરિણામ અવલોકન પર્વ | ૨૦૯ |
| ૨. | સમ્યગ્દર્શનનું માહાત્મ્ય | ૨૧૫ |
| ૩. | સમ્યગ્દષ્ટિની અવસ્થા | ૨૨૨ |
| ૪. | સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી અંતર પરિવર્તન | ૨૨૭ |
| ૫. | સમ્યગ્દષ્ટિની ક્રિયા કેવી હોય? | ૨૩૪ |
| ૬. | સંસારના અનુબંધની જડ | ૨૩૯ |
| ૭. | પરમાર્થજ્ઞાનનું બીજ | ૨૪૭ |
| ૮. | સાધકની પૂર્વભૂમિકા | ૨૫૩ |
| ૯. | ત્રણ શુદ્ધિ | ૨૬૩ |
| ૧૦. | સમ્યગ્દર્શન કોને થાય? | ૨૬૬ |
| ૧૧. | ક્ષયોપશમ લબ્ધિ | ૨૭૩ |
| ૧૨. | વિશુદ્ધિ લબ્ધિ અને દેશના લબ્ધિ | ૨૮૦ |
| ૧૩. | પ્રાયોગ્ય લબ્ધિ – વ્યાખ્યા અને લક્ષણો | ૨૮૮ |
| ૧૪. | સમ્યગ્દર્શન – વ્યાખ્યા અને લક્ષણો | ૨૯૯ |

## પ્રવચન-૧ : પ્રશ્ન-ઉત્તર રૂપે. અભ્યંતર પરિણામ અવલોકન પર્વ

| | |
|---|---|
| પ્ર.-૧<br>ઉ.-૧ | **આરાધક જીવને માટે મહત્ત્વનું શું છે ?**<br>કાંઇ પણ કરવું મહત્ત્વનું નથી પણ સમજીને કરવું મહત્ત્વનું છે. કાંઇ પણ કરવું મહત્ત્વનું નથી પણ પરમ પુરુષની આજ્ઞા પ્રાપ્ત કરીને કરવું મહત્ત્વનું છે. કાંઇ પણ કરવું મહત્ત્વનું નથી પણ પોતાની કલ્પનાએ ન કરવું અને વીતરાગ પુરુષની આજ્ઞા પ્રમાણે કરવું મહત્ત્વનું છે (પેજ ૧) |
| પ્ર.-૨<br>ઉ.-૨ | **સાધનો સાર્થક ક્યારે નથી બની શકતા ? અને ક્યારે સાર્થક બને ?**<br>આત્માએ જે કાંઇ ધર્મ કર્યો છે તે નિજમતિ કલ્પનાએ કર્યો છે. એટલે મહાપુરુષોએ કહ્યું છે કે<br>૧. જ્ઞાનની કક્ષા ગમે તેટલી ઉત્તમ હોય... / ૨. શાસ્ત્રજ્ઞાનની કક્ષા ગમે તેટલી ઉત્તમ હોય...<br>૩. અનુષ્ઠાનોની કક્ષા ગમે તેટલી ઉત્તમ હોય... / ૪. તપની કક્ષા ગમે તેટલી ઉત્તમ હોય...<br>૫. બાહ્ય વ્રતોની કક્ષા ગમે તેટલી ઉત્તમ હોય..<br>પણ જો આ બધાની પાછળ આત્મજ્ઞાની સત્પુરુષની આજ્ઞાનું બળ ન હોય તો સાધનો સાર્થક બની નથી શકતા. પણ ''રોકે જીવ સ્વછંદ તો પામે અવશ્ય મોક્ષ'' (પેજ ૧) |
| પ્ર.-૩<br>ઉ.-૩ | **મોક્ષની પ્રાપ્તિ માટે શું કરવું ?**<br>૧. ગમે તેવો કાળ હોય. / ૨. ગમે તેવા સંજોગો હોય. / ૩. ગમે તેવા ઢગલાબંધ કર્મો હોય. / ૪. ગમે તેવી બળવાન વૃત્તિ હોય.<br>આ બધાનું નિરાકરણ કરી મોક્ષ પ્રાપ્ત થઇ શકે છે. એ મોક્ષ પ્રાપ્ત કરવાની પાછળ મોટામાં મોટું બળ હોય તો સ્વછંદ રોકવો તે છે. ''રોકે જીવ સ્વછંદ તો પામે અવશ્ય મોક્ષ'' (પેજ ૧-૨) |
| પ્ર.-૪<br>ઉ.-૪ | **જીવને શું કરવું ગમે છે અને શું કરવું કાઠું પડે છે?**<br>૧. જીવને જાણવું ગમે છે.<br>૨. જીવને વાત કરવી ગમે છે.<br>૩. જીવને કરવું ગમે છે.<br>૪. જીવને વ્રતો કરવાં ગમે છે.<br>૫. જીવને અનુષ્ઠાનો કરવાં ગમે છે.<br>પણ ભ્રમણાને કારણે પોતાના છંદને રોકવો જીવને બહુ કાઠો પડે છે.<br>(પેજ-૨) |
| પ્ર.-૫<br>ઉ.-૫ | **જીવની મોટામાં મોટી ભ્રમણા શું છે ? અખંડ જ્ઞાન માટે શું કરવું?**<br>૧. પોતાની મતિ કલ્પનાએ પોતે જે નિશ્ચિત કર્યું છે.<br>૨. પોતાની મતિ કલ્પનાએ પોતે જે જાણ્યું છે.<br>૩. પોતાની મતિ કલ્પનાએ પોતે જે વિચાર્યું છે. |

તે ખંડ જ્ઞાન હોવા છતાં એ અખંડ જ્ઞાન છે એવું માનવું એ મોટામાં મોટી ભ્રમણા છે. ખંડ જ્ઞાન (ફક્ત પર્યાયનું જ્ઞાન) એ અખંડ જ્ઞાન ન બની શકે. જ્યારે તત્ત્વો તો અખંડ છે માટે ખંડ (જ્ઞાન)થી અખંડ (તત્ત્વોની સમજ) પ્રાપ્ત ન થઇ શકે. જો અખંડ જ્ઞાન ન હોય તો અખંડ જ્ઞાનીનું શરણું જોઇશે. (પેજ ૨)

પ્ર.-૬ **પોતાની મતિ કલ્પના છોડી ક્યારે કહેવાય? મત છોડવો કેટલો મુશ્કેલ છે?**

ઉ.-૬ સમગ્રપણે જેની ચેતના પરમ તત્ત્વનો સ્વીકાર કરીને અને પરમગુરુનો સ્વીકાર કરીને તેના ચરણોમાં પોતાનો અહંકાર ગાળીને તેઓએ જે કાંઇ સંમત કરેલું છે તે પરમ સંમત છે એવા સ્વીકારની સાથે જે જીવે છે (પેજ ૨) તેને પોતાની મતિકલ્પના છોડી કહેવાય.

| | | |
|---|---|---|
| ૧. સંસાર છોડવો સહેલો છે | ૨. પદાર્થો છોડવા સહેલા છે. | ૩. સંપત્તિ પણ છોડવી સહેલી છે. |

પણ પોતાનો મત છોડવો એ બહુ મુશ્કેલ છે (પેજ ૩)

પ્ર.-૭ **સત અને મત એટલે શું ?**

ઉ.-૭ સત અને મત પાસે પાસે છે. સત અને મત દૂર નથી - પણ સત પાછળ છે અને મત આગળ છે. મતને ખસેડો તો સતનું દર્શન થાય. સતના હોવાપણામાં કશાની અપેક્ષા નથી.

| | |
|---|---|
| ૧. | સત કલ્પના નથી. |
| ૨. | સત વિચાર નથી. |
| ૩. | સત અવસ્થા છે. |
| ૪. | સત તત્ત્વ છે. |
| ૫. | સતનું અસ્તિત્વ છે. |
| ૬. | સતને હોવાપણું છે. |

(પેજ ૩)

| | |
|---|---|
| ૧. | સત કોઇના આધારે નથી |
| ૨. | સત મતના આધારે નથી |
| ૩. | સત માન્યતાના આધારે નથી |
| ૪. | સત શાસ્ત્રના આધારે નથી |
| ૫. | સત વ્યક્તિના આધારે નથી |
| ૬. | સત પરંપરાના આધારે નથી |
| ૭. | સત વિચારના આધારે નથી |
| ૮. | સત વાદના આધારે નથી |
| ૯. | સત તર્કના આધારે નથી |

પ્ર.-૮ **સત સમજાતું કેમ નથી ?**

ઉ.-૮ સતને સમજવામાં જીવને અગર કોઇ અવરોધ હોય તો પોતાના અહંકારે ઊભો કરેલો સ્વછંદ છે. પોતાની સ્વમતિ કલ્પના છે. આપણો ''સ્વ'' બરાબર નથી-આપણો ''સ્વ'' શુદ્ધ નથી. તેમાં ત્રણ પરિબળો ભળેલા છે. (પેજ ૪)

| ૧. સ્વ. | ૨. મતિ | ૩. કલ્પના |
|---|---|---|
| સ્વ એટલે પોતે. પોતે ચોખ્ખો નથી. તેમાં કાંઇક ધારાઓ-પ્રવાહો ભળેલા છે. એના કારણે સ્વ ડહોળાયેલો-મેલો થયેલો છે અને એવા સ્વનો મત એટલે પોતાનો નહિ પણ સ્વ સાથે જે જોડાયું છે તેનો મત. (પેજ ૪) | અને આ મત જેમાં રહે છે તેને મતિ કહે છે. (પેજ ૪) | અને આ મતિથી જે વિચારો કર્યા છે તેને કહે છે કલ્પના. (પેજ ૪) |

પ્ર.-૯ **સ્વ સાથે શું ભળેલું છે ?**

ઉ.-૯ સ્વ સાથે ત્રણ તત્ત્વો ભળેલા છે. (પેજ ૪)

| | | |
|---|---|---|
| ૧. અહંકાર | ૨. કામવાસના | ૩. ભોગ અને પરિગ્રહની પ્રબળ તૃષ્ણા |

| | |
|---|---|
| પ્ર.-૧૦<br>ઉ.-૧૦ | **સત ઝીલવા માટે શું કરવું જોઇએ ?**<br>સ્વ સાથે ઉપરનાં જે ત્રણ તત્ત્વો ભળેલા છે તેનો નાશ કરવો જોઇએ. (પેજ ૪-૫)<br>૧. અહંકાર ઓગળી જવો જોઇએ. \| ૨. કામવાસના બાદ થઇ જવી જોઇએ. \| ૩. ભોગ અને પરિગ્રહની પ્રબળ તૃષ્ણા શાંત બનવી જોઇએ. |
| પ્ર.-૧૧<br>ઉ.-૧૧ | **તૃષ્ણા અને મોહનો શું સંબંધ છે ?**<br>જેમ ઇંડામાંથી મરઘી આવે છે અને મરઘીમાંથી ઇંડુ આવે છે તેમ મોહમાંથી તૃષ્ણા આવે છે અને તૃષ્ણામાંથી મોહ આવે છે. (પેજ ૫) |
| પ્ર.-૧૨<br>ઉ.-૧૨ | **અંદર મોહ છે કે નહીં તે શી રીતે જાણી શકાય ?**<br>અંદર મોહ છે કે નહીં તેનું એનાલીસીસ કરવું હોય તો પોતાની આંતરચેતનામાં ઝાંકીને જુએ અને એક અંશ પણ તૃષ્ણા જો અંદર હોય તો સમજવું કે મોહની હાજરી છે. (પેજ ૫) |
| પ્ર.-૧૩<br>ઉ.-૧૩ | **મોહનું સામર્થ્ય કેવું છે?**<br>મોહને અલ્પમતિ કે બહુમતિની જરુર નથી. એક અંશ પણ જો જગ્યા મળી જાય તો તેને આખી ફોઝ બોલાવી લેતાં વાર નહીં લાગે. તથા મોહ કાંઇ પણ જાતનું કામ ન કરે એટલે વર્કીંગ સિસ્ટમમાં ન હોય-કહો કે પેસિવ સિસ્ટમમાં હોય પણ મોહ અંદર પડ્યો હોય તો કઇ ક્ષણે બેઠો થઇ જશે તેની ખબર ન પડે. અગિયારમા ગુણસ્થાનેથી પહેલા ગુણસ્થાને લઇ આવીને મૂકતા મોહને વાર નહીં લાગે. (પેજ ૫) |
| પ્ર.-૧૪<br>ઉ.-૧૪ | **અધ્યાત્મયાત્રાના પ્રારંભથી ચરમ સીમા સુધી પહોંચવા શું મહત્ત્વનું છે ?**<br>બહુ જ્ઞાન-બહુ લાંબી પરિભાષા-બહુ ગ્રંથોનો સંગ્રહ-બહુ શાસ્ત્રોના ભંડાર મહત્ત્વના નથી. ફક્ત ''**અપ્રમત જે નિત રહે**''-એટલે કે નિરંતર અપ્રમત જાગ્રત રહેવું તે મહત્ત્વનું છે. તેવી અપ્રમાદ (જાગૃત) અવસ્થા જીવ પ્રાપ્ત કરે ત્યારે અધ્યાત્મ યાત્રાની સાધનાનો પ્રારંભ થઇ શકે છે (પેજ ૬) |
| પ્ર.-૧૫<br>ઉ.-૧૫ | **સાધનના કેટલા પ્રકારો છે ?**<br>સાધનના ઘણા પ્રકારો છે. (પેજ ૬-૭) જેવા કે...<br>૧. જ્ઞાન \| ૨. ધ્યાન \| ૩. તપ \| ૪. સ્વાધ્યાય \| ૫. પ્રતિક્રમણ \| ૬. સામાયિક \| ૭. અનુષ્ઠાન \| ૮. વ્રત \| ૯. માળા |
| પ્ર.-૧૬<br>ઉ.-૧૬ | **સાધન યથાર્થ સ્વરૂપમાં અંદરમાં કામ કરી શકે માટે કયો નિશ્ચય (સ્વીકાર) કરવો પડશે?**<br>ગમે તે સાધન લ્યો તે અસરકારક રીતે ભાગ ભજવી શકે તે માટે જીવને એક નિશ્ચય કરવો પડશે-કહો કે એવો સ્વીકાર કરવો પડશે કે ''**અધમાધમ અધિકો પતિત-સકળ જગતમાં હું.**'' આ સ્વીકાર લઘુતાગ્રંથિ-હતાશા-નિરાશા નથી. પણ પોતાની વર્તમાન ક્ષણની જે અવસ્થા છે તેનો સંપૂર્ણ સ્વીકાર છે. આ સ્વીકાર કરવામાં અહંકાર ઓગળે છે - આ સ્વીકાર કરવામાં સમજણ પ્રાપ્ત થાય છે. (પેજ ૭) આ કામ બીજાની ચેતના પર નથી કરવાનું પણ પોતાની ચેતના પર કરવાનું છે. (પેજ ૭) |
| પ્ર.-૧૭<br>ઉ.-૧૭ | **સાધનામાં મહત્ત્વનું શું છે ?**<br>બહારની ક્રિયા ગમે તેવી હોય - બહારનો આચાર ગમે તેવો હોય પણ ભીતરમાં પોતાની ધારા કેવી છે તેની જાગૃતિ રહેવી જોઇએ. અંદરમાં ઘણી ધારાઓ ચાલતી હોય છે. |

<table>
<tr><td></td><td>જેવી કે (૧) કર્મ ઉદયની ધારા (૨) મનમાં વિચારની ધારા(૩) વાણીમાં શબ્દોની ધારા (૪) શરીરમાં ક્રિયાની ધારા. આ પ્રત્યેક ધારાઓને સાધકે બારીકાઇથી જોવી પડે. (પેજ ૮-૯)</td></tr>
<tr><td>પ્ર.-૧૮<br>ઉ.-૧૮</td><td>સાધનામાં શું કરવાનું છે?<br>સાધનામાં તિરોભાવનો આવિર્ભાવ કરવાનો છે. અંદરમાં સમગ્ર ચૈતન્ય ભર્યું પડ્યું છે. જ્ઞાનીઓ એમ કહે છે કે 'સર્વ જીવ છે સિદ્ધ સમ-જે સમજે તે થાય.' અંદરમાં અખંડ દ્રવ્ય ભરેલું પડ્યું છે. એ અનંતગુણોથી યુક્ત છે. અસંખ્યાત પ્રદેશોનાં વિસ્તારમાં ફેલાયેલું આ ચેતન દ્રવ્ય પૂરેપૂરું (કમ્પલીટ) તૈયાર છે પણ એ તિરોભૂત છે. દૂધમાં ઘી છે પણ દૂધમાં રહેલાં ઘીને પ્રક્રિયા દ્વારા બહાર કાઢવું પડે છે. એમ અંદરમાં રહેલાં ચેતન તત્ત્વને પ્રગટ કરવાનું એને કહેવાય છે આવિર્ભાવ. (પેજ ૧૨)</td></tr>
<tr><td>પ્ર.-૧૯<br>ઉ.-૧૯</td><td>સાધના પાછળનો હેતુ શું છે ? ખરેખરી સ્વતંત્રતા ક્યારે પ્રાપ્ત થશે?<br>સમગ્ર સાધના પાછળનો હેતુ તો માત્ર એક જ છે અને તે મોહમાંથી મુક્તિ મેળવવી (પેજ ૧૨). જે વખતે આત્મા પરથી મોહનું શાસન ઊઠી જશે ત્યારે ખરેખરી સ્વતંત્રતા પ્રાપ્ત થશે. (પેજ ૧૩)</td></tr>
<tr><td>પ્ર-૨૦<br>ઉ.-૨૦</td><td>ધર્મ (કે અધ્યાત્મ) કોને કહેવાય?<br>મોહ પોતાનો અધિકાર ઉઠાવી લે તેવી ચેતનાની અવસ્થા એને કહેવાય છે ધર્મ કે અધ્યાત્મ. (પેજ ૧૩)</td></tr>
<tr><td>પ્ર.-૨૧<br>ઉ.-૨૧</td><td>આશ્રવો એટલે શું ?<br>આશ્રવો એટલે કર્મો (પાપ કે પુણ્ય ગમે તે)ની આવક. પાપ કર્મના આશ્રવોના પ્રકારો નીચે દર્શાવ્યા છે.
<table>
<tr><td>૧.<br>હિંસા</td><td>૨.<br>અસત્ય</td><td>૩.<br>ચોરી</td><td>૪.<br>દુરાચાર</td><td>૫.<br>પરિગ્રહ</td><td>૬.<br>ક્રોધ</td><td>૭.<br>માન</td><td>૮.<br>માયા</td><td>૯.<br>લોભ</td><td>૧૦.<br>રાગ</td><td>૧૧.<br>દ્વેષ</td><td>૧૨.<br>કલહ</td></tr>
</table>
<table>
<tr><td>૧૩.<br>અભ્યાખ્યાન</td><td>૧૪.<br>પૈશુન્ય</td><td>૧૫.<br>રતિઅરતિ</td><td>૧૬.<br>પરપરિવાદ</td><td>૧૭.<br>માયામૃષાવાદ</td><td>૧૮.<br>મિથ્યાત્વ</td><td>૧૯.<br>અવિરતિ</td><td>૨૦.<br>કષાય</td><td>૨૧.<br>પ્રમાદ</td></tr>
</table>
(પેજ ૧૩)</td></tr>
<tr><td>પ્ર.-૨૨<br>ઉ.-૨૨</td><td>જીવનમાં કયો સંકલ્પ કરવો ?<br>''आश्रवः सर्वथा हेय, उपादेयश्च संवरः'' આશ્રવ સર્વ પ્રકારે છોડવા યોગ્ય છે ને સંવર આદરવા યોગ્ય છે. (પેજ ૧૩)</td></tr>
<tr><td>પ્ર.-૨૩<br>ઉ.-૨૩</td><td>સંવર એટલે શું ?<br>સંવર એટલે નવા કર્મો (પુણ્યના કે પાપના) ની આવક બંધ કરવી (પેજ ૧૪). સંવર એટલે કર્મોની પરંપરાની લિન્ક તોડવી (પેજ ૧૬). જગતના બીજા દર્શનોએ ''અશુભનો ત્યાગ કરવો અને શુભને સ્વીકારો'' એમ સમજાવ્યું છે. એટલે કે પાપનો ત્યાગ કરો અને પુણ્યનો સ્વીકાર કરો એમ સમજાવ્યું છે પણ પુણ્ય અને પાપ બન્ને છોડીને એક ત્રીજી અવસ્થા પ્રાપ્ત કરવાની છે એવી ઉદ્‌ઘોષણા માત્ર જૈન દર્શને કરી છે-જેને સંવર કહે છે. (પેજ ૧૫)</td></tr>
<tr><td>પ્ર.-૨૪<br>ઉ.-૨૪</td><td>કર્મો કેટલા પ્રકારના છે ? અને તેનો કાચો માલ ક્યાંથી લઇએ છીએ ?<br>કર્મો આઠ પ્રકારના છે. આકાશના પ્રદેશોમાં - જ્યાં આપણે બેઠા છીએ ત્યાં - અનંત અનંત કાર્મણ વર્ગણા ઠાંસી ઠાંસીને ભરી છે. જીવને જેટલી કાર્મણ વર્ગણા ખરીદવી હોય તેટલી અહીં બેઠા બેઠા જ ખરીદી શકાય છે. નીચે કર્મોના મુખ્ય પ્રકારો બતાવ્યા છે.</td></tr>
</table>

| ૧. જ્ઞાનાવરણીય કર્મ | ૨. દર્શનાવરણીય કર્મ | ૩. વેદનીય કર્મ | ૪. મોહનીય કર્મ | ૫. નામ કર્મ | ૬. ગોત્ર કર્મ | ૭. અંતરાય કર્મ | ૮. આયુષ્ય કર્મ |
|---|---|---|---|---|---|---|---|

આયુષ્ય કર્મ છોડીને બાકીના સાતે સાત કર્મો, તે તે વખતની અંદરમાં ચાલતી યોગની, કષાયની ધારાને અનુરૂપ અને તેના ગણિત પ્રમાણે જથ્થાબંધ કર્મો, આ જીવ સમયે સમયે ગ્રહણ કરે છે (પેજ ૧૨)

**પ્ર.-૨૫ કર્મોની આવક થાય ત્યારે શું શું ક્રિયાઓ થાય છે?**

ઉ.-૨૫ અંદરમાં ચાલતી કષાયની તથા યોગની ધારાને અનુરૂપ તેના ગણિત પ્રમાણે જથ્થાબંધ કર્મો આ જીવ વારંવાર ગ્રહણ કરે છે. અને ગ્રહણ કરતી વખતે નીચેની ક્રિયાઓ થાય છે. (પેજ ૧૨)

| | |
|---|---|
| ૧. કર્મોની સ્થિતિ નક્કી થાય છે એટલે | કે આત્માની સાથે કર્મો કેટલા સમય રહેશે. |
| ૨. કર્મોનો રસ નક્કી થાય છે | એટલે કે કર્મોમાં ફળ આપવાની હીનાધિક શક્તિ નક્કી થાય છે. |
| ૩. કર્મોના પ્રદેશ નક્કી થાય છે | એટલે કે કર્મોના પરમાણુઓની સંખ્યા નક્કી થાય છે. |
| ૪. કર્મોની પ્રકૃતિ નક્કી થાય છે | એટલે કે કર્મોનો સ્વભાવ-જેમકે તે સુખ-દુખ વગેરે શું આપશે તે નક્કી થાય છે. |
| ૫. કર્મોની સત્તા નક્કી થાય છે | એટલે કે બાંધેલા કર્મો ક્યાં સુધી આત્મા સાથે રહેશે તે નક્કી થાય છે. |
| ૬. કર્મોનો ઉદય નક્કી થાય છે | એટલે કે બાંધેલું કર્મ કયા સમયે ફળ આપીને આત્માથી નિર્જરી જશે તે નક્કી થાય છે. |
| ૭. કર્મોનો બંધ નક્કી થાય છે | એટલે કે કર્મ આત્મા સાથે ક્ષીર-નીરની જેમ મળી જાય છે. જેમ ગરમ લોખંડમાં લોઢું અને અગ્નિ એકમેક થયા હોય તેમ તે નક્કી થાય છે. |
| ૮. કર્મોની ઉદીરણા નક્કી થાય છે | એટલે કે જે કર્મોનો ઉદય ચાલુ હોય તે વખતે ઉદયાવલિકાના બહારના કર્મો પણ ઉદયમાં આવે. |
| ૯. કર્મોનો પ્રદેશ ઉદય નક્કી થાય છે | એટલે કે રસ વિનાના માત્ર કર્મોના પ્રદેશો ઉદયમાં આવે. |
| ૧૦. કર્મોનો વિપાક ઉદય નક્કી થાય છે | એટલે કે કર્મો રસ રહિત ઉદયમાં આવે. |
| ૧૧. કર્મોનું પ્રારબ્ધ નક્કી થાય છે | એટલે કે કર્મો અવશ્ય ભોગવવા પડે, ભોગવીને જ કર્મોનો ક્ષય થાય. |
| ૧૨. કર્મોનું સંચિત નક્કી થાય છે | એટલે કે કર્મો બાંધ્યા પછી આત્મા સાથે જે રહે તેને સંચિત કર્મો કહે છે. |
| ૧૩. કર્મોનું ક્રિયમાણ નક્કી થાય છે | એટલે કે જે વખતે કર્મ બાંધતા હોય તેને ક્રિયમાણ કર્મ કહે છે. |

| | |
|---|---|
| પ્ર.-૨૬ | **કર્મોની આવક માટે ક્યા પરિબળો કામ કરે છે ?** |
| ઉ.-૨૬ | કર્મોની આવક માટે મુખ્ય બે પરિબળો કામ કરે છે. |
| | ૧. રાગ / ૨. દ્વેષ |
| પ્ર.-૨૭ | **જૈન દર્શન શેના ઉપર ઊભું છે ?** |
| ઉ.-૨૭ | જૈન દર્શન ત્રણ શબ્દો ઉપર ઊભું છે. |

| ક્રમ | શબ્દ | અર્થ |
|---|---|---|
| ૧ | (પાપ કર્મનો) આશ્રવ | તેના ઘણા પ્રકારો છે જેવા કે હિંસા, અસ્ત્ય, ચોરી, દુરાચાર, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ કલહ, અભ્યાખ્યા, પૈશુન્ય, રતિ-અરતિ, પરપરિવાદ, માયા મૃષાવાદ, મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ વગેરે જે હેય છે. (પેજ ૧૧) |
| ૨ | સંવર | કર્મોની પરંપરા લીન્ક તોડવી તેને સંવર કહે છે. પુણ્ય (શુભ) અને પાપ (અશુભ) બન્નેને છોડી ત્રીજી અવસ્થા પ્રાપ્ત કરવાની છે અને ઉપાદેય છે (પેજ ૧૨) |
| ૩ | નિર્જરા | એ પ્રાચીન કર્મોને ખાલી કરવાની અદ્દ્ભુત રીત છે. (પેજ ૧૩) |

| | |
|---|---|
| પ્ર.-૨૮ | **સંવર અને નિર્જરા એટલે શું ?** |
| ઉ.-૨૮ | નવા કર્મોની આવક રોકવી તે સંવર (પેજ ૧૨). પણ જે સ્ટોકમાં છે તે કર્મોના જથ્થાને ખાલી કરવો એને નિર્જરા કહે છે (પેજ ૧૩). |

# પ્રવચન-૨ : પ્રશ્ન-ઉત્તર રૂપે. સમ્યગ્દર્શનનું માહાત્મ્ય

**પ્ર.-૨૯ કોઇ વસ્તુનું માહાત્મ્ય સમજાય પછી શું થાય ?**

ઉ.-૨૯

| | |
|---|---|
| બાહ્યધનનું માહાત્મ્ય સમજાયું છે તો જીવ બાહ્યધનની પાછળ દોડે છે. | તેમ એક વખત પણ જો સમજણપૂર્વક સમ્યગ્દર્શનનું માહાત્મ્ય પ્રાપ્ત થાય તો જીવ તેનો પ્રચંડ પુરુષાર્થ કરશે |
| સત્તાનું માહાત્મ્ય સમજાયું છે તો જીવ સત્તાની પાછળ દોડે છે. | |
| પ્રતિષ્ઠાનું માહાત્મ્ય સમજાયું છે તો જીવ પ્રતિષ્ઠાની પાછળ દોડે છે. | |
| રૂપનું માહાત્મ્ય સમજાયું છે તો જીવ રૂપની પાછળ દોડે છે. | |

સમ્યગ્દર્શનનું માહાત્મ્ય જ્યાં સુધી જીવને નહીં સમજાય ત્યાં સુધી જીવ સમ્યગ્દર્શન મેળવવા માટેના પ્રચંડ પુરુષાર્થનો પ્રારંભ નહીં કરી શકે. (પેજ ૨૦)

**પ્ર.-૩૦ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે શું શું જરૂરી છે ?**

ઉ.-૩૦ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માત્ર પ્રચંડ પુરુષાર્થથી જ થાય છે. તેમાં સત્પુરુષની પરમ કૃપા પણ કારણ છે. સાથે સાથે જીવનો પ્રચંડ પુરુષાર્થ તે પણ એક ઉપાય છે. પ્રચંડ પુરુષાર્થ સત પુરુષની કૃપાથી સાર્થક થાય છે. (પેજ ૨૦)

**પ્ર.-૩૧ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે કઇ પાયાની વાતો સમજવી જરૂરી છે?**

ઉ.-૩૧ નીચે જણાવેલી પાયાની છ વાતો સમજવી જરૂરી છે.

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. |
|---|---|---|---|---|---|
| આત્મા છે. | આત્મા નિત્ય છે. | આત્મા કર્મોનો કર્તા છે. | આત્મા કર્મોનો ભોક્તા છે. | આત્માનો મોક્ષ છે. | આત્માના મોક્ષનો ઉપાય છે. |

(પેજ ૨૦)

**પ્ર.-૩૨ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે પાયાની વાતો સમજ્યા પછીની માર્મિક વાત શું છે ?**

ઉ.-૩૨ ''સ્થાનક પાંચ વિચારીને છઠ્ઠે વર્તે જે, પામે સ્થાનક પાંચમું એમાં નહીં સંદેહ'' પાંચે પાંચ સ્થાનક વિચારીને જો એ જ વિચારમાં અટકી જાય-ઊભો રહી જાય, જો આગળ ડગલું ના માંડે તો એના હાથમાં વસ્તુ તત્ત્વ નહીં આવે. પહેલી પાંચેય બાબતોનું મંથન કરવાનું છે પણ જીવનમાં જે જીવવાનું છે તે છઠ્ઠી બાબત (વાત) છે. (પેજ ૨૧).

**પ્ર.-૩૩ પાયાના છ પદ પામવા માટેની પ્રક્રિયાના કેટલા ભાગ પડશે ?**

ઉ.-૩૩ (પેજ ૩) આ પ્રક્રિયાના બે ભાગ પડે છે.

| **૧. વિચારણા કરવી.** | **૨. આચરણમાં મૂકવી** |
|---|---|
| ઉત્તરક્રમ ૩૧માં દર્શાવેલી પહેલી પાંચ વાતો વિચારવાની છે (પેજ ૩) | ઉત્તરક્રમ ૩૧માં દર્શાવેલી છેલ્લી છઠ્ઠી વાત વર્તવાની છે. |
| તેને જ્ઞાનનાં ભાગમાં મૂકી. | તેને આચરણના ભાગમાં મૂકી. |
| તેના વિચાર માટે જ્ઞાન જરૂરી છે. | તેના આચરણ માટે બોધ અને પુરુષાર્થ બન્ને જરૂરી છે. |

**પ્ર.-૩૪ બન્ને ભાગ ઉપર કામ કરે તો શું પ્રાપ્ત થાય ?**

ઉ.૩૪ બન્ને ભાગ ઉપર કામ કરે તો મોક્ષ પ્રાપ્ત થાય છે. (પેજ ૨૧)

**પ્ર.-૩૫ પરમ કૃપાળુ દેવે મોક્ષ પામવાની પ્રક્રિયા શું બતાવી?**

ઉ.-૩૫

**''જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ,**
**તે કારણ છેદક દશા, મોક્ષ પંથ ભવ અંત.''**

ગાથા ૯૯ આત્મસિધ્ધિશાસ્ત્ર.

**પ્ર.-૩૬ આત્માના ભાવો તથા કર્મોના કેટલા પ્રકારો છે?**

ઉ.-૩૬ આત્માના ભાવો અનંત પ્રકારના છે અને તેથી તે ભાવોનું વર્ણન વાણીમાં આવે તેવું નથી. પ્રત્યેક ભાવથી જે કર્મનો બંધ થાય છે તે પણ ભિન્ન છે અને એને ભોગવવાનો પ્રકાર પણ ભિન્ન છે. તે બધા યાદ રાખી શકાય નહીં માટે જ્ઞાનીઓએ કર્મોને આઠ અને ભાવોને પાંચ પ્રકારમાં વહેંચી દીધા છે. (પેજ ૨૨).

**પ્ર.-૩૭ કર્મોના પ્રકાર અને તેના નામો શું છે ?**

ઉ.-૩૭

| | | | | |
|---|---|---|---|---|
| **ચાર ઘાતી કર્મો** | ૧. જ્ઞાનાવરણીય કર્મ | ૨. દર્શનાવરણીય કર્મ | ૩. મોહનીય કર્મ | ૪. અંતરાય કર્મ |
| **ચાર અઘાતી કર્મો** | ૧. વેદનીય કર્મ | ૨. આયુષ્ય કર્મ | ૩. નામ કર્મ | ૪. ગોત્ર કર્મ |

ઉપરના કર્મોના ૧૫૮ પેટા પ્રકારો છે. (પેજ ૨૨)

**પ્ર.-૩૮ કર્મબંધનની પ્રક્રિયા કઇ રીતે થાય છે ?**

ઉ.-૩૮ એક પણ ક્ષણ એવી નથી કે જેમાં કર્મનો ઉદય વર્તતો ન હોય. ક્ષણે ક્ષણે કર્મનો ઉદય છે, ક્ષણે ક્ષણે કર્મનું ફળ ભોગવવાનું છે ક્ષણે ક્ષણે કર્મના ઉદયે રચાતી ફળની વ્યવસ્થામાં અજ્ઞાનપૂર્વક આત્મા જોડાય છે અને જોડાવવાના પરિણામે ફરી વખત નવા કર્મોનો બંધ કરે છે. આવી લીન્ક અનાદિથી ચાલી આવે છે. (પેજ ૨૨).

**પ્ર.-૩૯ કર્મનો નવીન બંધ ન પડે માટે કોનો આશ્રય લેવો જોઇએ ?**

ઉ.-૩૯ મહાપુરુષોએ કહ્યું છે કે આવા કર્મોનો ઉદયકાળ વર્તતો હોય ત્યારે

| | |
|---|---|
| ૧. જ્ઞાનનું બળ હાજર હોય | ૨. અને સત્પુરુષના ચરણનો આશ્રય હોય |

તો કર્મને ભોગવવાની કળા જીવને પ્રાપ્ત થાય છે, નહી તો નવા કર્મોનો બંધ પડ્યા વગર રહેતો નથી, ઘણી વખતે મૂળ કર્મ ઉદયમાં આવ્યા હોય તે પ્રમાણમાં થોડા હોય છે પણ અજ્ઞાન અવસ્થાને કારણે જે અશુભ-શુભ-અશુધ્ધ ભાવો થાય છે તેના કારણે નવા જે કર્મો બંધાય છે તે મૂળ કર્મો કરતા વધારે બંધાય છે એટલે કે મૂડી કરતા વ્યાજ વધી જાય છે (પેજ ૨૨-૨૩)

| | |
|---|---|
| પ્ર.-૪૦<br>ઉ.-૪૦ | **કર્મ બંધ અને એની લિન્ક તોડવા માટે મુખ્ય જવાબદાર કોણ ?**<br>કર્મો બંધાવવાના કારણો અને આ લીન્ક તૂટવાના કારણો એ બન્ને માટે આત્માના ભાવો જવાબદાર છે. (પેજ ૨૨) |
| પ્ર.-૪૧<br>ઉ.-૪૧ | **ભાવોના કેટલા પ્રકાર?**<br>૧. ઔપશમિક ભાવ \| ૨. ક્ષયોપશમિક ભાવ \| ૩. ક્ષાયિક ભાવ \| ૪. ઔદયિક ભાવ \| ૫. પારિણામિક ભાવ<br>(પેજ ૨૨) |
| પ્ર.-૪૨<br>ઉ.-૪૨ | **કયા ભાવો મહત્ત્વના છે ?**<br>બે ભાવો મહત્ત્વના છે. (૧) ઔપશમિક, (૨) ક્ષાયિક. ઔપશમિક એટલા માટે મહત્ત્વનો છે કારણ કે ક્ષાયિક ભાવનો પ્રારંભ ઔપશમિક ભાવ વગર થઇ શકતો નથી. અનાદિ મિથ્યાદષ્ટિ જીવ સૌ પ્રથમ ઔપશમિક સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. (પેજ ૨૩) |
| પ્ર.-૪૩<br>ઉ.-૪૩ | **ઉપશમ કયા કર્મનો થાય?**<br>ફકત મોહનીય કર્મનો ઉપશમ થઇ શકે, એટલે કે બાકીના સાતે કર્મનો ઉપશમ નથી થતો. (પેજ-૨૩) |
| પ્ર.-૪૪<br>ઉ.-૪૪ | **ક્ષયોપશમ કયા કર્મનો થઇ શકે ?**<br>ચાર ઘાતી કર્મો-જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મનો ક્ષયોપશમ થઇ શકે છે. (પેજ ૨૩) |
| પ્ર.-૪૫<br>ઉ.-૪૫ | **મોહનીય કર્મના ક્ષયનું સાર્મથ્ય કેવું છે ?**<br>મોહનીય કર્મનો ક્ષય થતા વર્ષો લાગે છે પણ આ ક્ષય થયા પછી જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય તથા અંતરાય કર્મનો ક્ષય કરવામાં માત્ર અંતર્મુહૂર્ત જેટલો જ કાળ લાગે એવું સામર્થ્ય મોહનીય કર્મનાં ક્ષયમાં રહેલું છે. મોહનીય કર્મનો ક્ષય થયા વગર તે ક્ષયની અસર જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય તથા અંતરાય કર્મમાં લાગતી નથી (પેજ ૨૩) |
| પ્ર.-૪૬<br>ઉ.-૪૬ | **શું કરવાથી કર્મોની મૂળ પ્રકૃતિનો નાશ નથી થતો ?**<br>ગમે તેટલું પુણ્ય કરવામાં આવે પણ તેથી કર્મની મૂળ પ્રકૃતિનો ક્ષય થઇ શકતો નથી કારણ કે એ ક્ષય થવાની પ્રક્રિયા પુણ્ય નથી. (પેજ ૨૩)<br>ગમે તેટલાં શુભ કર્મો કરો પણ તેથી કર્મની મૂળ પ્રકૃતિનો ક્ષય થઇ શકતો નથી કારણ કે એ ક્ષય થવાનો ઉપાય શુભ કર્મો નથી. (પેજ ૨૩)<br>ગમે તેટલા શુભ ભાવો કરો પણ તેથી કર્મની મૂળ પ્રકૃતિનો ક્ષય થઇ શકતો નથી કારણ કે એ ક્ષય થવાની સાધના શુભ ભાવ નથી. (પેજ ૨૩) |

**પ્ર.-૪૭ કર્મનો ક્ષય સમજવા ભાવની કઇ દશાઓ સમજવી પડશે ?**

ઉ.-૪૭ કર્મના ક્ષયને સમજવા જીવના ભાવ (પરિણામ)ની બે દશાઓ સમજવી પડશે. (પેઇજ - ૨૩)

| ૧. બંધક દશા : | ૨. અબંધક દશા : |
|---|---|
| જીવના બંધકદશાના પરિણામોની પ્રક્રિયામાં પાપ/પુણ્ય, શુભ ભાવ/અશુભ ભાવ, શુભ કર્મ/અશુભ કર્મો છે. | જીવના અબંધકદશાના પરિણામોની પ્રક્રિયામાં માત્ર શુદ્ધ ભાવ-માત્ર વીતરાગ દશા છે. |

**પ્ર.-૪૮ કર્મોની પ્રકૃતિનો સમૂળગો ક્ષય શી રીતે થાય?**

ઉ.-૪૮ જે જીવને કર્મોનો ક્ષય કરવો છે તેને અબંધક દશા પ્રાપ્ત કરવા માટે શુધ્ધ ભાવમાં ઢળવું પડશે - કહો કે વીતરાગ દશામાં જવું પડશે અને તેનો પ્રારંભ માત્ર અને માત્ર સમ્યગદર્શનથી જ થાય છે. આવું સમ્યગ્દર્શનનું માહાત્મ્ય છે. (પેજ ૨૪) સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા વગર જીવમાંથી કોઇપણ પ્રકૃતિ સમૂળગી જાય નહીં. (પેજ ૨૪)

**પ્ર.-૪૯ અકામ નિર્જરા એટલે શું ?**

ઉ.-૪૯ જીવ કોઇપણ પ્રકારનો પ્રયત્ન નહીં કરે તો યે જે કર્મો બાંધ્યા છે તે ઉદયમાં આવશે - ફળ આપશે અને ખરી પડશે, આને અકામ નિર્જરા કહે છે. જેમાં જીવની જાગૃતિ-જેમાં જીવનો પુરુષાર્થ-જેમાં જીવની સમજણ ભળી નથી એ અવસ્થામાં ગમે તેટલા કર્મો ખરી પડે તો પણ જીવમાં શુધ્ધિનો કોઇ અંશ ખુલ્લો થતો નથી. (પેજ ૨૪)

**પ્ર.-૫૦ કઇ કઇ પ્રકૃતિઓનો નાશ થયા પછી ક્ષાયિક સમ્યકત્વની પ્રાપ્તિ થાય છે ?**

ઉ.-૫૦ દર્શન મોહનીયની ત્રણે ત્રણ (૧. સમ્યક્ત્વ મોહનીય, ૨. મિથ્યાત્વ મોહનીય, ૩. મિશ્ર મોહનીય) પ્રકૃતિઓ તથા ચારિત્ર્ય મોહનીય કર્મમાં આવતી ચાર પ્રકૃતિઓ (૧) અનંતાનુબંધી ક્રોધ, (૨) અનંતાનુબંધી માન, (૩) અનંતાનુબંધી માયા તથા (૪) અનંતાનુબંધી લોભ, એમ કુલ સાત પ્રકૃતિઓનો ક્ષય થયા પછી ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. (પેજ ૨૫)

**પ્ર.-૫૧ ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ ક્યારે થાય છે?**

ઉ.-૫૧ દર્શન મોહનીય - મિથ્યાત્વ મોહનીયનો ઉપશમ તથા ચારિત્ર્ય મોહનીય કર્મમાં આવતી ચાર પ્રકૃતિઓ (૧) અનંતાનુબંધી ક્રોધ, (૨) અનંતાનુબંધી માન, (૩) અનંતાનુબંધી માયા તથા (૪) અનંતાનુબંધી લોભ એ ચાર કષાયનો અનુદય થયા પછી જીવને ઉપશમ સમ્યકત્વની પ્રાપ્તિ થાય છે. (પેજ ૨૫)

**પ્ર.-૫૨ સમ્યક્ત્વ વગર પ્રકૃતિમાં શું નથી બનતું ? સમ્યક્ત્વનું માહાત્મ્ય શું છે ?**

ઉ.-૫૨ સમ્યક્ત્વ વગર અમુક પ્રકૃતિઓનો ક્ષયોપશમ થાય પણ માત્ર ઉપશમ કે માત્ર સમૂળગો ક્ષય થઇ શકતો નથી. (પેજ ૨૫) આ સમ્યક્ત્વનું માહાત્મ્ય છે. (પેજ ૨૫)

| | |
|---|---|
| પ્ર.-૫૩<br>ઉ.-૫૩ | **ગ્રંથિ ભેદ વગર શું નથી બનતું (થતું) ? અને તે થયા પછી શું શું પ્રક્રિયાઓ થાય છે?**<br>જો ગ્રંથિ ભેદ ન થાય તો આત્મસ્વરૂપનું સંવેદન નથી થતું. ગ્રંથિ ભેદ થયા પછી |

| | |
|---|---|
| ૧. | દર્શન પંચક (૧. મિથ્યાત્વ મોહનીય કર્મ, ૨. અનંતાનુબંધી ક્રોધ, ૩. અનંતાનુબંધી માન, ૪. અનંતાનુબંધી માયા, ૫. અનંતાનુબંધી લોભ) ઉપશમ પામે છે. (પેજ ૨૫) |
| ૨. | અનાદિ કાળમાં પહેલી જ વખત અંતર્મુહૂત માટે મિથ્યાત્વ મોહનીય-દર્શન મોહનીયનો ઉપશમ થાય છે. (પેજ ૨૫) |
| ૩. | ત્યારે પહેલી વખત આત્મસ્વરૂપનું સંવેદન થાય છે. (પેજ ૨૫) |

| | |
|---|---|
| પ્ર.-૫૪<br>ઉ.-૫૪ | **આત્મા માટે મહત્ત્વની વાત કઇ છે?**<br>આત્મા વિષેની વાત સાંભળવી એક વાત છે. આત્મા વિષે જાણવું બીજી વાત છે. આત્મા વિષે ચર્ચા કરવી ત્રીજી વાત છે. આત્મા વિષેના સ્વીકારની ચોથી વાત છે પણ આત્માનું સ્વસંવેદન થવું, અનુભવ થવો એ મહત્ત્વની વાત છે. આમ આત્માની વાત આશ્ચર્યપૂર્વક સાંભળવા છતાં જો સ્વસંવેદન નથી થતું તો અંદર જે ઘટના ઘટવી જોઇએ તે ઘટી નથી. (પેજ ૨૫-૨૬) |
| પ્ર.-૫૫<br>ઉ.-૫૫ | **સ્વસંવેદન થતું નથી તો શું સ્વીકારવું.**<br>સ્વસંવેદન થતું નથી તો અંદર જે સમ્યગ્દર્શનની ઘટના ઘટવી જોઇએ તે ઘટી નથી. (પેજ ૨૬) |
| પ્ર.-૫૬<br>ઉ.-૫૬ | **સ્વસંવેદન થતું નથી તેનો અર્થ શું ? અને તેનું કારણ શું છે ?**<br>સ્વસંવેદન નથી થતું એનો અર્થ એમ છે કે અસ્તિત્વ ભાસતું નથી. ભાસવું એટલે જ્ઞાનમાં આવવું. ભાસવું એટલે સ્વીકૃતિમાં આવવું. ભાસવું એટલે શ્રધ્ધામાં આવવું. શાસ્ત્રો વાંચ્યા છતાં અસ્તિત્વ ભાસ્યું નહીં. જ્ઞાન વધ્યું છતાં અસ્તિત્વ ભાસ્યું નહીં. બુધ્ધિનો પ્રકર્ષ થયો છતાં અસ્તિત્વ ભાસ્યું નહીં, તેનું કારણ ? -જ્ઞાન તો બહોળું હતું પણ મિથ્યાત્વનો અંધાપો હતો. (પેજ ૯) જ્યારે સમ્યકત્વ થાય છે ત્યારે અસ્તિત્વનો ભાસ થાય છે (પેજ ૨૭) |
| પ્ર.-૫૭<br>ઉ.-૫૭ | **સમ્યગ્દર્શન (વિષે)ના મુખ્ય માહાત્મ્યો કયા કયા છે ?**<br>સમ્યગ્દર્શન વિષેના મુખ્ય માહાત્મ્યો નીચે બતાવ્યા છે. |

| | |
|---|---|
| ૧. | સમ્યક્ત્વનું એવું સાર્મથ્ય છે કે તેની પ્રાપ્તિ પછી મૂળમાંથી પ્રકૃતિનો ક્ષય કરી શકે છે. (પેજ ૨૫) |
| ૨. | સમ્યક્ત્વ વગર પ્રકૃતિઓનો ક્ષયોપશમ થાય પણ માત્ર ઉપશમ કે માત્ર સમૂળગો ક્ષય થઇ શકતો નથી. (પેજ ૨૫) |
| ૩. | સમ્યક્ત્વ થવાથી અસ્તિત્વનો ભાસ થાય છે. (પેજ ૨૭) |
| ૪. | સમ્યક્ત્વ થયા પછી પ્રકૃતિનું જોર ચાલતું નથી. (પેજ ૨૮) |
| ૫. | સમ્યક્ત્વ થયા પછી આત્માને તીવ્ર બંધ નથી. (પેજ ૨૯) |
| ૬. | સમ્યક્ત્વ થયા પછી અભ્યંતર દુખો નથી. (પેજ ૩૦) |

| | |
|---|---|
| પ્ર.-૫૮ | **ઉત્તર-૫૭માં દર્શાવેલ સમ્યગ્દર્શન (વિષે)નું (૩)જું માહાત્મ્ય ''સમ્યક્ત્વ થવાથી અસ્તિત્વનો ભાસ થાય છે'' તેનો અર્થ શું થાય છે ?** |
| ઉ.-૫૮ | જો અસ્તિત્વ એક વખત ભાસે તો દષ્ટિની માફક નજરાઇ જાય છે. અસ્તિત્વ ભાસ્યા પછી આત્માની દષ્ટિ આત્મા ઉપરથી ઊઠતી નથી. સમ્યક્ત્વની એક કળા છે કે એક વખત અસ્તિત્વ નજરમાં આવી જાય તો પછી જીવ (એટલે કે કર્મ સહિતનો આત્મા) આત્માને મૂકીને બીજે ક્યાંય જતો નથી. વિચાર તો કરો કે તમને લાંબા સિનેમામાં પણ કંટાળો આવે છે. મીઠાઇ ખાઇ ખાઇને પણ કંટાળો આવે છે. ટી.વી. જોઇ જોઇને પણ કંટાળો આવે છે. તો વનના એકાંતમાં વૃક્ષ નીચે એકાંતમાં મુનિ વર્ષો સુધી ધ્યાનમાં ઊભા રહેતા હશે તેમને કંટાળો નહીં આવતો હોય ? કારણ શું હશે? કારણ એ છે કે તેમણે અસ્તિત્વમાં ડૂબકી મારી છે. અહીં તો પ્રવચન એકને બદલે દોઢ કલાક ચાલે તો તરત કહેશો કે ''આવજો મહારાજ'' (પેજ ૨૭) |
| પ્ર.-૫૯ | **ઉત્તર ૫૭માં દર્શાવેલ સમ્યગ્દર્શન (વિષે)નું (૪)થું માહાત્મ્ય ''સમ્યક્ત્વ થયા પછી પ્રકૃતિનું જોર ચાલતું નથી'' તેનો શું અર્થ થાય છે? સમ્યક્ત્વ ન હોય તો શાની પ્રાપ્તિ થતી નથી?** |
| ઉ.-૫૯ | અસ્તિત્વના સાગરમાં પરમ આનંદ અનુભવાય છે. એવાં અસ્તિત્વના સાગરમાંથી કદાચ પ્રમાદના જોરથી કોઇ વખતે આત્મા જડ તરફ જાય તો એના પગ પાછા પડે છે કારણ કે પ્રકૃતિ જોર આપતી નથી. આ બહુ મોટી ઘટના છે. અત્યારે તો આપણા જીવનમાં પ્રકૃતિનું બહુ મોટું જોર છે. તમે ગમે તેમ માનતા હો કે બહુ સમર્થ છો-બહુ ભણેલ છો-ભલે આ બધું છે પણ જોર કોનું ચાલે છે ? સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી પ્રકૃતિનું જોર ચાલતું નથી. અંદર વમળો ઊભા થાય ખરાં પણ એનું જોર ચાલતું નથી.<br>[સમ્યક્ત્વ નથી તો જ્ઞાન નથી.] [જ્ઞાન નથી તો ચારિત્ર ગુણો નથી.] [ચારિત્ર ગુણ વિના વીતરાગતા નથી] [વીતરાગતા નથી તો કર્મોનો ક્ષય નથી.] [કર્મોનો ક્ષય નથી તો મોક્ષ પ્રાપ્તિ નથી.]<br>(પેજ ૨૮) |
| પ્ર.-૬૦ | **ઉત્તર ૫૭માં દર્શાવેલ સમ્યગ્દર્શન (વિષે)નું (૫)મું માહાત્મ્ય સમ્યક્ત્વ થયા પછી ''આત્માને તીવ્ર બંધ નથી'' તેનો અર્થ શું થાય છે ?** |
| ઉ.-૬૦ | જ્યારે અસ્તિત્વ ભાસે છે ત્યારે જીવની અંદરથી દશા બદલાઇ જાય છે. પરમ કૃપાળુ દેવ કહે છે કે : ''તે પવિત્ર દર્શન થયા પછી ગમે તે વર્તન હોય પરંતુ તેને તીવ્ર બંધ નથી.'' અહીં ગેરસમજણ ન કરશો કે તે સ્વછંદમાં - અનાચારમાં - દુરાચારમાં - અનીતિમાં - હિંસામાં - વ્યસનોમાં રહે તોયે તેને બંધ નથી થતો એમ નથી કહેવું. આવું તો થાય જ નહીં કારણ કે દર્શન પંચક (દર્શન મોહનીય+ચાર અનંતાનુબંધી કષાય) ઉપશમ થયા પછી નરક અને તિર્યંચ ગતિનો બંધ-સ્ત્રી વેદ અને નપુંસક વેદ વગેરે ૪૧ પ્રકૃતિઓ બંધમાંથી ઊડી જાય છે. જો આવી પ્રકૃતિઓ બંધમાં નથી તો એ બંધાય તેવા ભાવો પણ ત્યાં નથી અને જો ભાવો તેવા નથી તો તે પ્રકારની ક્રિયા પણ ત્યાં નથી. આવે વખતે પુરુષાર્થની મંદતા અને પૂર્વબળવત્તર સંસ્કારના જોરમાં અવિરતિ નિમિત્તક વર્તન હોય તો પણ તીવ્ર બંધન નથી થઇ શકતું. કારણ કે ક્રિયા તો રહી છે પણ તેનો રસ ઊડી ગયો છે. જેમ પેઢીમાં ભયંકર નુકશાનના સમાચાર સાંભળીને મીઠાઇના સ્વાદમાં પહેલા |

| | |
|---|---|
| | જેવો રસ ન રહે. અને શાસ્ત્રોનો નિર્ણય છે કે બંધ જે થાય છે તે માત્ર ક્રિયાથી થતો નથી. અને રસ વગર નિકાચિત (તીવ્ર) બંધ થઇ શકતો નથી. (પેજ ૧૨-૧૩) સૌથી ઉત્કૃષ્ટ બંધ મોહનીય કર્મનો ૭૦ કોડા-કોડી સાગરોપમનો છે, આમ છતાં સંસાર તો અનંતકાળથી ઊભો છે. એનો અર્થ એમ થાય છે કે અનંતકાળ સુધી સંસાર ટકાવનાર પરિબળ મિથ્યાત્વમાં તથા અનંતાનુબંધી કષાયમાં છે. જ્યારે સમ્યગ્દર્શન થતાની સાથે જ અનંતાનુબંધી કષાયનો ઉપશમ થાય છે માટે તેને અનંત સંસાર નથી. (પેજ ૩૦) |
| પ્ર.-૬૧<br>ઉ.-૬૧ | **ઉત્તર ૫૭માં દર્શાવેલ સમ્યગ્દર્શન (વિષે)નું (૬)ઠું માહાત્મ્ય ''સમ્યક્ત્વ થયા પછી અભ્યંતર દુખો નથી'' તેનો અર્થ શું થાય છે ?**<br>સમ્યગ્દષ્ટિ મહાત્માની સામે દુનિયાભરના દુઃખો તૂટી પડતા દેખાતા હોય તો પણ સમ્યગ્દષ્ટિ મહાત્મા અંદરથી દુઃખી થતો નથી. જ્યારે આપણને તો હાલતા ચાલતા સાયકલવાળો-બસ કંડક્ટર-અરે દાતણ મફત ન આપે તો શાકવાળી વાઘરણ પણ દુઃખી કરી શકે છે. (પેજ ૩૧) અંદરમાંથી તમને દુઃખી ન થવા દે.....<br>[તેવી તાકાત તમારી સમજણમાં નથી.] [તેવી તાકાત શાસ્ત્રોમાં નથી.] [તેવી તાકાત જ્ઞાનમાં નથી.]<br>પણ તેવી તાકાત સમ્યગ્દર્શનમાં છે. સુખના સાધનોમાં સમ્યગ્દર્શન આસક્ત બનવા ન દે અને દુઃખના સંજોગોમાં સમ્યગ્દર્શન દુઃખી બનવા ન દે. (પેજ ૩૧) |
| પ્ર.-૬૨<br>ઉ.-૬૨ | **આ પ્રવચનમાં કયા ચાર મુદ્દાને મહત્ત્વ આપ્યું છે ?**<br>નીચેના ચાર મુદ્દા મહત્ત્વના છે. |

| | | |
|---|---|---|
| ૧. | મોહનીય કર્મનો જ ઉપશમ થાય છે બીજા કોઇ પણ કર્મનો ક્યારેય ઉપશમ થતો નથી. (પેજ ૨૩) | |
| ૨. | બહોળું જ્ઞાન હોવા છતાં મિથ્યાત્વના અંધાપાને કારણે અસ્તિત્વ ભાસતું નથી. (પેજ ૨૭) | |
| ૩. | તે પવિત્ર (અસ્તિત્વનું) દર્શન થયા પછી તેનું ગમે તે વર્તન હો પરંતુ તેને તીવ્ર બંધ નથી (અનંત સંસાર નથી) (પેજ ૩૦) | |
| ૪. | સમ્યગ્દર્શન થયા પછી અભ્યંતર દુઃખો નથી. (પેજ ૩૧) સમ્યગ્દર્શનમાં એવી નીચે દર્શાવેલી તાકાત છે (જે શાસ્ત્રો અને જ્ઞાનમાં પણ નથી) કે | |
| | ૧. | સુખના સાધનોમાં આસક્ત બનવા ન દે. (પેજ ૩૧) |
| | ૨. | દુઃખના સંજોગોમાં દુઃખી થવા ન દે. (પેજ ૩૧) |

## પ્રવચન-૩ : પ્રશ્ન-ઉત્તર રૂપે - સમ્યગ્દૃષ્ટિની અવસ્થા

**પ્ર.-૬૩ કઇ વૃત્તિ સમ્યગ્દર્શન થવામાં અંતરાયભૂત થાય છે ?**

ઉ.-૬૩ સમ્યગ્દર્શન એ પાયાની વાત છે માટે બહુ એકાગ્રતાથી તેને સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ. કોઇ ઠેકાણે વાંચ્યું હશે. કોઇ ઠેકાણે સાંભળ્યું હશે. તેથી ''**અમને ખબર છે.**'' એવો ભાવ પણ ઊઠતો હશે. પણ સમજવામાં અંતરાયભૂત જો કાંઇ પણ હોય તો આ વૃત્તિ છે. અનંતકાળથી અનંત જન્મોમાં સમ્યક્ સમજણ પ્રાપ્ત થવામાં જીવને આ જ નડ્યું છે (પેજ ૩૩)

**પ્ર.-૬૪ સમ્યગ્દર્શન થતાં શું બદલાઇ જાય છે ? સમ્યગ્દર્શન થયા પછી જીવનમાં શું થશે?**

ઉ.-૬૪ સમ્યગ્દર્શન થયા પછી જીવનમાં ટ્રાન્સફર્મેશન ન થાય એ બની શકે નહીં. કદી પણ વ્યક્તિ એવી ને એવી નહીં રહી શકે. સમ્યગ્દર્શનનો સ્પર્શ વ્યક્તિની ચેતનામાં આમૂલાગ્ર પરિવર્તન લાવે છે. સમ્યગ્દૃષ્ટિની અંદરની અવસ્થા બદલાઇ જાય છે.

| |
|---|
| તે વ્યક્તિ બદલાઇ જાય છે. |
| તેની વિચારવાની રીત બદલાઇ જાય છે. |
| તેની ભાવની રીત બદલાઇ જાય છે. |
| તેની રહેવાની રીત બદલાઇ જાય છે. |
| તેના અભિગમની રીત બદલાઇ જાય છે. |
| તેની જગત પ્રત્યે જોવાની દૃષ્ટિ બદલાઇ જાય છે. |

(પેઇજ-૩૪)

હવે તેની પોતાની અંદરમાં જે ચૈતન્ય છે એના પર એની નજર ચોંટી છે અને પરિણામે એના જીવનમાં-અભિગમમાં-એની વાણીમાં-એના વ્યવહારમાં ફરક પડી જાય છે.

જેમ ઝાડુવાળો જો પંત પ્રધાન થાય તો તે આખો ને આખો બદલાઇ જાય છે તેમ સમ્યગ્દર્શન થતાં જીવ આખો ને આખો બદલાઇ જાય છે.

**પ્ર.-૬૫ સમ્યગ્દર્શન શું નથી ?**

ઉ.-૬૫ સમ્યગ્દર્શન માત્ર વિચાર નથી. સમ્યગ્દર્શન એ ક્રિયા તો નથી જ. (પેજ ૩૪)

**પ્ર.-૬૬ સમ્યગ્દર્શન શું છે ?**

ઉ.-૬૬ સમ્યગ્દર્શન વિધેયાત્મક ભાવ છે અને વિધેયાત્મક ભાવ હોવાને કારણે એ જીવનમાં સમૂળગું પરિવર્તન લાવનાર પરિબળ છે (પેજ ૩૪)

**પ્ર.-૬૭ સમ્યગ્દર્શન થતાં હવે જીવ બદલાઇને કેવો બની જાય છે ?**

ઉ.-૬૭ સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાંની સાથે જ જીવ આખોને આખો બદલાઇ જાય છે.

**ગઇ દીનતા સબહી હમારી-પ્રભુ તુજ સમકિત દાનમેં,**
**અબ તો અધિકારી હોઇ બૈઠે-પ્રભુ ગુણ અખય ખજાનમેં,**
**બિસર ગઇ દુવિધા તન-મનકી, અચિરા-સુત ગુણગાનમેં,**
**હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં.**

| |
|---|
| બહારની પરિસ્થિતિ ગમે તેવી હોય પણ તેના જીવનમાં હવે દીનતા રહી નથી |
| પદાર્થ હોય, કે ન હોય જીવનમાં હવે કોઇ દીનતા રહી નથી. |
| શરીર સ્વસ્થ હોય, કે ન હોય જીવનમાં હવે કોઇ દીનતા રહી નથી. |
| ધન સંપતિ હોય કે ન હોય, જીવનમાં હવે કોઇ દીનતા રહી નથી. |

| | |
|---|---|
| | એટલું જ નહીં પણ આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ હવે તેના જીવનમાં દીનતા રહી નથી. કારણ?<br>''ગઇ દીનતા સબહી હમારી-પ્રભુ તુજ સમકિત દાનમેં''<br>..... પ્રભુ ! તમે અમને સમકિતનું દાન દીધું છે એટલે ! (પેજ ૩૫) |
| પ્ર.-૬૮<br>ઉ.-૬૮ | **સમ્યગ્દષ્ટિ જીવ હવે શું વિચારે છે ?**<br>આ અક્ષય સુખ ખજાનો મળવા છતાં તે હવે દ્રવ્યાનુયોગની પરિભાષાનો સહારો લઇને એમ નથી વિચારતો કે આ મારું અર્જન છે-મારી પેદાશ છે-પણ<br>૧. તેને અંહકારથી જો બચવું હોય.<br>૨. તેને ભ્રમણાથી જો બચવું હોય.<br>૩. તેને દ્વંદ્વથી જો બચવું હોય.<br>૪. તેને પોતાના વ્યક્તિત્વના મોહરાથી જો બચવું હોય.<br>તો તે ભક્તિમાર્ગની પરિભાષા સ્વીકારશે અને કહેશે કે<br>**અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ-કરુણા સિંધુ અપાર,**<br>**આ પામર પર પ્રભુ કર્યો, અહો અહો ઉપકાર.**<br>(પેજ - ૩૫) |
| પ્ર.-૬૯<br>ઉ.-૬૯ | **આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી મહારાજ સાહેબે ક્યું સૂત્ર આપ્યું ?**<br>આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી મહારાજ સાહેબે બે હજાર વર્ષ પહેલા ૧૪૪૪ ગ્રંથોની રચના કરી, એક સૂત્ર આપ્યું કે ''**ન રજ્યન્તે ભવે કવચિત્**'' એટલે કે<br>જ્યારે આ જીવને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.<br>અર્થાત્ જ્યારે આ જીવને બોધની પ્રાપ્તિ થાય છે.<br>અર્થાત્ જ્યારે આ જીવને આત્મસંવેદનની પ્રાપ્તિ થાય છે.<br>અર્થાત્ જ્યારે આ જીવને આત્માના નિર્વિકલ્પ અનુભવની પ્રાપ્તિ થાય છે.<br>ત્યારે તેનું પહેલું પરિણામ તે ''**ન રજ્યન્તે ભવે કવચિત્**'' એટલે કે એ કદી સંસારમાં રસપૂર્વક ડૂબતો નથી.<br>એ ધનવાન હોય તોયે ભલે,<br>એ મોટો રાજા હોય તોયે ભલે,<br>એ છ ખંડનો માલિક હોય તોયે ભલે,<br>પણ એક એવી ફાટ પડી જાય છે કે<br>એ સંસારમાં કદાચ રહેતો હશે પણ રમતો નથી,<br>એ સંસારમાં કદાચ રહેતો હશે પણ રાચતો નથી,<br>(પેજ ૩૬) |

| | |
|---|---|
| પ્ર.-૭૦<br>ઉ.-૭૦ | **સમ્યગ્દષ્ટિની ખૂબી શું છે ?**<br>સમ્યગ્દષ્ટિ ભલે સંસારમાં રહ્યો પણ તેની ખૂબી એ છે કે તે સંસારમાં ડૂબતો નથી. (પેજ ૩૬) |
| પ્ર.-૭૧<br>ઉ.-૭૧ | **સુધર્માસ્વામિ શું કહે છે ?**<br>''पमाओ मा कायव्वो'' અર્થાત્ પ્રમાદ કરીશ નહીં. મૃત્યુનો ભરોસો નથી. અહીંથી ઘરે જતાં જતાં એક્સીડન્ટ થવાની શક્યતા છે અને ઘરે ન પણ પહોંચો એવી શક્યતા છે. (પેજ ૩૭) |
| પ્ર.-૭૨<br>ઉ.-૭૨ | **(રેફ.-૬૭) ઉત્તરાધ્યયન સૂત્રમાં શું કહે છે ?**<br>(રેફ.-૬૭) ઉત્તરાધ્યયન સૂત્રના ૧૪મા અધ્યાયમાં છે કે<br>जस्सत्थि मच्चुणा सक्खं, जस्स वत्थि पलायणं।<br>जो जाणे न मरिस्सामि, सो हु कंखे सुएसिया॥<br>જેને મૃત્યુ સાથે મિત્રતા છે, જે મૃત્યુથી નાસી શકે છે અને જે એમ જાણે છે કે હું મરીશ નહીં તે જ આ ધર્મનું કાર્ય આવતી કાલે કરીશ એમ ઇચ્છે અર્થાત્ સુખે સૂઇ શકે. (પેજ ૩૭) |
| પ્ર.-૭૩<br>ઉ.-૭૩ | **વીર પ્રભુની વાણી સાંભળ્યા પછી જંબુકુમાર પોતાની માતાને શું કહે છે?**<br>વીર પ્રભુની વાણી સાંભળ્યા પછી કહે છે કે<br>મને પ્રતીતિ થઇ છે કે આ સંસાર ખરેખર અસાર છે.<br>મને શ્રદ્ધા થઇ છે કે આ સંસાર ખરેખર અસાર છે.<br>મને અનુભૂતિ થઇ છે કે આ સંસાર ખરેખર અસાર છે.<br>મને સ્વીકાર થયો છે કે આ સંસાર ખરેખર અસાર છે.<br>મારી સુખની કલ્પના ભાંગી ગઇ છે. મારી સુખની ભ્રમણા ભાંગી ગઇ છે. અહીં સુખ છે એવી કલ્પનાથી હું તેની પાછળ દોડતો હતો પણ મનમાં હવે કોઇ શંકા રહી નથી – એમાં સુખ નથી – સુખનું કેન્દ્ર બીજે છે અને ભ્રમણામાં હું બીજી તરફ ગયો છું. (પેજ ૩૮) |
| પ્ર.-૭૪<br>ઉ.-૭૪ | **સમ્યગ્દર્શનની તાકાત કેવી છે ?**<br>જંબુકુમાર બેઠા છે અને આઠે આઠ પત્નીઓ બેઠી છે. એ વખતે જંબુકુમારના-રૂંવાટે આસક્તિ ન થાય-રૂંવાટે મોહ ન બેસી શકે એવા ભાવને અકબંધ રાખવાની તાકાત અગર જો કોઇનામાં હોય તો તે સમ્યગ્દર્શનમાં છે (પેજ ૪૦) |
| પ્ર.-૭૫<br>ઉ.-૭૫ | **પરમ વિજેતા કોને કહેવાય ?**<br>जो सहस्सं सहस्साणं, संगामे दुज्ञए जिणे।<br>एगं जिणिज्ञ अप्पाणं, एस से परमो जओ॥<br>(ઉત્તરાધ્યયન સૂત્ર ૯/૩૪)<br>યુદ્ધના મેદાનમાં હજારો સૈનિકો સામે એકલા લડનારાને વિજેતા કહેવાય-એ પરમ વિજેતા ન કહેવાય. પણ અંદરમાં ઊઠતી વૃત્તિઓને મચક ન આપનાર, અણનમ રહીને વૃત્તિથી ઉપર જે ઊઠે છે તેને કહેવાય છે પરમ વિજેતા (પેજ ૪૦) |

**પ્ર.-૭૬ વૃત્તિથી ઉપર ઊઠી પરમ વિજેતા થવામાં કયા ઉપાયોનું બળ કામમાં નહીં આવે ? અને કયા ઉપાયોથી આવેલું બળ કામમાં આવશે ?**

ઉ.-૭૬

| | |
|---|---|
| ૧. શબ્દોથી આ બળ નહીં આવે. | ૨. વાંચવાથી આ બળ નહીં આવે. |
| ૩. શાસ્ત્ર જ્ઞાનથી આ બળ નહીં આવે. | ૪. તત્ત્વચર્ચાથી આ બળ નહીં આવે. |
| ૫. થોડાંક કર્મકાંડથી આ બળ નહીં આવે. | |

આ બળ તો સમ્યગ્દર્શનથી જ આવશે. (પેજ ૪૦)

**પ્ર.-૭૭ સમ્યગ્દર્શન થયા પછી જીવની ચેતનાની અવસ્થાને હરિભદ્રસૂરિ મહારાજ કેમ વર્ણવે છે?**

ઉ.-૭૭ તેઓ કહે છે કે જ્યારે જીવને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે – અર્થાત્ બોધની પ્રાપ્તિ થાય છે–અર્થાત્ આત્મસંવેદન થાય છે – અર્થાત્ આત્માનો નિર્વિકલ્પ અનુભવ થાય છે – ત્યારે તેની ચેતનામાં અવસ્થા પ્રગટે છે, તે ચાર અવસ્થા નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| ૧. | **પહેલી અવસ્થા** : તે કદી પણ સંસારમાં રસ પૂર્વક ડૂબતો નથી. પછી તે ગરીબ હોય તોયે ભલે – પછી તે ધનવાન હોય તોયે ભલે – પછી તે સત્તાધીશ હોય તોયે ભલે – કે પછી તે છ ખંડનો માલિક હોય તોયે ભલે. જેમ નાવની ખૂબી એ છે કે એ નદીમાં ડૂબતી નથી તેમ સમ્યગ્દષ્ટિ આત્મા ભલે સંસારમાં રહ્યો હોય તો પણ તેની ખૂબી એ છે કે તે સંસારમાં ડૂબતો નથી. આવી નિર્લેપ અવસ્થા માટે ચિદાનંદજીએ એમ કહ્યુ છે કે<br>**પંકજ નામ ધરાય પંકશુ, રહત કમલ જીમ ન્યારા,**<br>**ચિદાનંદ ઇસ્યા જન ઉત્તમ, વો સાહિબકુ પ્યારા.**<br>**– અવધૂ નિરપક્ષ વિરલા કોઇ** (પેજ ૩૬-૩૭) |
| ૨. | **બીજી અવસ્થા** : તે સંસારનો-મોહનો-વૃત્તિઓનો થઇને રહેતો નથી. હવે એ મોહનો ગુલામ નથી રહ્યો. હવે તે વૃત્તિઓને – હવે તે વિચારોને – હવે તે વિકારોને કહી શકે છે કે તમારું જોર ચાલી શકે તેમ નથી. આવી આંતરિક તાકાત તેને પ્રાપ્ત થઇ છે. |
| ૩. | **ત્રીજી અવસ્થા** : સંસારમાં રહેવા છતાં તેનો સંસારનો રસ તૂટી ગયો છે. અષાડાભૂતિ મુનિ હોવા છતાં આહારનો રસ તૂટ્યો નથી એટલે લબ્ધિનો ઉપયોગ કરીને ત્રણ લાડુ વહોરે છે. યશોવિજયજી કહે છે.<br>विषयैः किं परित्यक्तैर्जागर्ति ममता यदि।<br>त्यागात् कञ्चुकमात्रस्य, भुजङ्गो न हि निर्विषः॥<br>સાપ કાંચળીનો ત્યાગ કર્યા પછી પાછું વળીને જોતો નથી. (પેજ ૪૩) રસ એટલે પ્રબળ આસક્તિ. અને ભૂલ એ કરી છે કે અનંતવાર વૈરાગને પ્રધાન કર્યો છે પણ અંદરથી રસ ગયો નથી. આ રસ દૂર કેમ કરી શકાય ? ગીતામાં કહ્યું છે કે ''પરં દૃષ્ટ્વા નિવર્તતે ।'' **વિષયા વિનિવર્તન્તે, નિરાહારસ્ય દેહિનઃ, રસવર્જંરસોપ્યસ્ય પરં દૃષ્ટ્વા નિવર્તતે. –** એટલે કે પરમનું દર્શન નહીં થાય ત્યાં સુધી રસ તૂટે એમ નથી. આ પરમનું દર્શન એટલે સમ્યગ્દર્શન. (પેજ ૪૩) |

| | |
|---|---|
| ૪. | **ચોથી અવસ્થા** : તેને ખૂબ આંતરિક તાકાત-ઠંડી તાકાત હોવા છતાં અહંકાર હોતો નથી. (પેજ ૪૫) સમ્યગ્દષ્ટિમાં અહંકાર હોતો નથી કે અમે કેવા વિષયોને જીત્યા છે ? જ્યારે સામાન્ય જીવે એક ઉપવાસ કર્યો હોય તો દસ જણાને કહેવાનું મન થાય - પણ સમ્યગ્દષ્ટિ આત્મા પરમાત્માની કૃપા છે એમ કહે છે અને માને છે કે એમની કૃપા વગર જીવી નહીં શકાય - રક્ષણ તો એનું જ છે -<br>**''ધિંગો ધણી માથે કીયો, કુણ ગંજે નર ખેટ.''** |

**પ્ર.-૭૮ રસ તૂટ્યો હોય તેના વ્યવહારિક લક્ષણો કેવા હોય ?**

ઉ.-૭૮ રસ તૂટ્યો હોય તેના વ્યવહારિક લક્ષણો નીચે બતાવ્યા છે.

| | | |
|---|---|---|
| ૧. | સંસારનું બહુમાન કરે નહીં. (પેજ ૪૬) | માટીનું ઢેફું પણ પુદ્ગલ અને એલિઝાબેથના માથા પરનો કોહિનુર પણ પુદ્ગલ. ''રજકણ કે ઋદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો'' એમ સમ્યગ્દષ્ટિ આત્મા સમજે.<br>સમ્યગ્દષ્ટિ આત્મા ભેદને જોતો નથી.<br>સમ્યગ્દષ્ટિ આત્મા વહેંચીને જોતો નથી.<br>સમ્યગ્દષ્ટિ આત્મા આકારને જોતો નથી.<br>સમ્યગ્દષ્ટિ આત્મા પ્રકારને જોતો નથી.<br>સમ્યગ્દષ્ટિ આત્મા વર્તમાન અવસ્થાને જોતો નથી.<br>પણ સમ્યગ્દષ્ટિ આત્મા અખંડ દ્રવ્યને જોવે છે. (પેજ ૪૬) |
| ૨. | ભોગ પરિગ્રહ અસુંદર લાગે. (પેજ ૪૭) | |
| ૩. | ઢગલાબંધ સંપત્તિમાં પણ અનાસક્ત બને. (પેજ ૪૭) | જગતમાં શ્રેષ્ઠતમ ઋદ્ધિ ચક્રવર્તી પાસે છે, જેમાં ૮૪ લાખ હાથી-ઘોડા-રથ-૯૬ કરોડ પાયદળ-૬૪ હજાર સ્ત્રીઓ-૯ નિધાન-૧૪ રત્નો વગેરે હોવા છતાં અનાસક્ત બને. (પેજ ૪૭) |
| ૪. | સ્વરૂપનો શોધક બને. (પેજ ૪૭) | |
| ૫. | સતદેવ-સતગુરુ-સતધર્મનો પરમ સેવક બને. (પેજ ૪૭) | |

રસ તૂટ્યો હોય તેના તાત્ત્વિક લક્ષણો હવે પછીના પ્રવચનમાં બતાવ્યા છે.

## પ્રવચન-૪ : પ્રશ્ન-ઉત્તર રૂપે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી અંતર પરિવર્તન

| | |
|---|---|
| પ્ર.-૭૯<br>ઉ.-૭૯ | **પરમ કૃપાળુ દેવે બોધના કેટલા પ્રકારો સમજાવ્યા ?**<br>બોધના બે પ્રકારો સમજાવ્યા છે.<br>૧. સિદ્ધાંત બોધ | ૨. ઉપદેશ બોધ |
| પ્ર.-૮૦<br>ઉ.-૮૦ | **સિદ્ધાંત બોધ એટલે શું ?**<br>પરિપૂર્ણ જ્ઞાની પુરુષોએ પોતાના જ્ઞાનમાં સત (તત્ત્વ)ને જેવું જોયું અને તેમાં કોઇ મતિકલ્પના કર્યા વગર-પરમ સત્ય જેવું છે તેવું પ્રગટપણે અનુભવ્યું છે - અને જેવું જાણ્યું અને જોયું છે તે પ્રમાણે કહી શકાય તેટલું કહ્યું છે, તેને સિધ્ધાંત બોધ કહે છે - જે ત્રણેય કાળમાં એક જ હોય છે. (૧) આ બોધ ત્રણેય કાળમાં એક જ હોય છે - એટલે સિદ્ધાંત બોધ બદલાતા નથી - પરિસ્થિતિ બદલાય છે - વ્યવહારની ભૂમિકા બદલાય છે - બહારની પ્રક્રિયા બદલાય છે. (૨) આ બોધ ઉપદેશ બોધ વગર પરિણમતો નથી. (પેજ ૪૮) |
| પ્ર.-૮૧<br>ઉ.-૮૧ | **સિદ્ધાંતબોધ પ્રિય કેમ લાગે છે?**<br>કેટલાક જીવને આ પ્રિય લાગે છે કારણ કે તેમાં જીવ જ્ઞાની તરીકેનો અહંકાર પોષી શકે તેવી સુગમતા છે. (પેજ ૪૮) |
| પ્ર.-૮૨<br>ઉ.-૮૨ | **સિદ્ધાંત બોધ કાર્યકારી ક્યારે ન થાય ?**<br>સિદ્ધાંત બોધ પ્રાપ્ત કર્યો હોય પણ જો પરિણમે નહીં તો કાર્યકારી ન થાય. (પેજ ૪૮) |
| પ્ર.-૮૩<br>ઉ.-૮૩ | **સિદ્ધાંત બોધ શેનાથી પરિણમશે?**<br>જ્યારે વિપર્યાસ બુદ્ધિ દૂર થશે ત્યારે સિદ્ધાંત બોધ પરિણમશે. (પેજ ૪૮)<br>વિપર્યાસ બુદ્ધિ ક્યારે દૂર થશે ? જ્યારે દઢપણે વૈરાગ્ય અને ઉપશમ પ્રાપ્ત થશે ત્યારે.<br>દઢપણે વૈરાગ્ય અને ઉપશમ ક્યારે પ્રાપ્ત થશે ? જ્યારે ઉપદેશ બોધમાં જીવ સ્થિર થશે ત્યારે. |
| પ્ર.-૮૪<br>ઉ.-૮૪ | **જ્ઞાન યાત્રાનો ક્રમ શું છે?**<br>૧. ઉપદેશ બોધથી વૈરાગ્ય તથા ઉપશમ બળવાન થાય છે.<br>૨. વૈરાગ્ય તથા ઉપશમ બળવાન થવાથી વિપર્યાસ બુદ્ધિ ટળી જાય છે.<br>૩. વિપર્યાસ બુદ્ધિ ટળવાથી સિદ્ધાંત બોધ સમજી શકાય છે અને વિપર્યાસ બુદ્ધિ ટળવાથી ખાસ કરીને સિદ્ધાંત બોધ પરિણમી શકાય છે. (પેજ ૪૮) |
| પ્ર.-૮૫<br>ઉ.-૮૫ | **વૈરાગ્ય કોને કહેવાય છે ?**<br>જગતના પદાર્થો અનિત્ય છે એમ કહેવું વૈરાગ્ય નથી. જગતના પદાર્થો અનિત્ય છે એમ માનવું એ પણ વૈરાગ્ય નથી પણ તેના સંયોગથી સુખ પ્રાપ્ત થાય છે એવી ભ્રમણા દૂર થવી તેને વૈરાગ્ય કહેવાય છે. (પેજ ૪૮) |

**પ્ર.-૮૬ વૈરાગ્યની બીજી વ્યાખ્યા શું છે ?**

ઉ.-૮૬ વૈરાગ્ય તો એ છે કે બાહ્ય પદાર્થના સંજોગો જેમાં અનુકૂળતાનો આરોપ કરીને જીવ જે સુખની કલ્પના કરે છે એ સુખની કલ્પના સદંતર મટી જાય અને એ અવસ્થામાંથી અંદરની ભાવની જે ધારા પ્રગટ થાય છે તેને વૈરાગ્ય કહેવાય. વૈરાગ્ય એ

| | | | | |
|---|---|---|---|---|
| ૧. આવેશ નથી. | ૨. અકળામણ નથી. | ૩. ઇમોશન નથી. | ૪.ઉત્તેજિત થઇ જવું એ નથી. | ૫. ઉભરો આવી જવો એ નથી. |

(પેજ ૪૯)

**પ્ર.-૮૭ વૈરાગ્યની ત્રીજી વ્યાખ્યા શું છે ?**

ઉ.-૮૭

| | |
|---|---|
| જેમાં સુખ નથી પણ સુખની કલ્પના છે | જેમાં સુખ નથી પણ સુખનો આરોપ છે. |
| જેમાં સુખ નથી પણ સુખની ભ્રમણા છે. | જેમાં સુખ નથી પણ સુખ બુદ્ધિનો વિપર્યાસ છે. |

તેવી બુદ્ધિને આધીન થઇને તેમાં અટકે નહીં, એવી સમજણ પ્રાપ્ત થતાં આપોઆપ જગતના પદાર્થો-જગતના સંજોગો-જગતની વ્યક્તિઓ પ્રત્યે ઉદાસીન ભાવ આવે તેને વૈરાગ્ય કહેવાય છે. (પેજ ૪૯)

**પ્ર.-૮૮ ઉપશમ ભાવ કોને કહેવાય?**

ઉ.-૮૮ વૈરાગ્ય (ઉપર બતાવ્યો છે તેવો) જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે

| | | |
|---|---|---|
| પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં | અનુકૂળતા-પ્રતિકૂળતામાં | ઇષ્ટ-અનિષ્ટમાં |

ગમા-અણગમાનો ભાવ ઉત્પન્ન ન થાય અને પ્રતિકૂળ હોય કે અનુકૂળ હોય એના વચ્ચે વિષમ ભાવ ઉત્પન્ન ન થાય તેને કહેવાય છે ઉપશમ ભાવ. (પેજ ૪૯)

**પ્ર.-૮૯ સાધકે કઇ ભૂમિકા પ્રાપ્ત કરવી જોઇએ?**

ઉ.-૮૯ અધ્યાત્મની યાત્રામાં વૈરાગ્ય અને ઉપશમ મોટા પરિબળો છે. એ વૈરાગ્ય અને ઉપશમ દ્વારા ઉપદેશ બોધ પ્રાપ્ત કરીને વૈરાગ્ય અને ઉપશમ દ્વારા ઉપદેશ બોધ પરિણત થાય એવી ભૂમિકા સાધકે પ્રાપ્ત કરવાની છે. (પેજ ૪૯)

**પ્ર.-૯૦ સમ્યગ્દર્શનની અવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે શું થાય છે?**

ઉ.-૯૦

| | |
|---|---|
| ૧. | તેની દૃષ્ટિ પર્યાયમાંથી ખસીને અખંડ દ્રવ્યમાં સ્થિર થાય છે. |
| ૨. | તેની દૃષ્ટિ આકારમાંથી ખસીને અખંડ દ્રવ્યમાં સ્થિર થાય છે. |
| ૩. | તેની દૃષ્ટિ પ્રકારમાંથી ખસીને અખંડ દ્રવ્યમાં સ્થિર થાય છે. |
| ૪. | તેની દૃષ્ટિ વિકારમાંથી ખસીને અખંડ દ્રવ્યમાં સ્થિર થાય છે. |

(પેજ ૫૧)

**પ્ર.-૯૧ દ્રવ્ય-ગુણ-પર્યાય કોને કહેવાય અને તેના સંબંધો શું છે ?**

ઉ.-૯૧

| ૧. | ૨. | ૩. |
|---|---|---|
| દ્રવ્ય = વસ્તુ | ગુણ = વસ્તુમાં રહેલી શક્તિ | પર્યાય = વસ્તુની વર્તમાન હાલત |
| દ્રવ્ય = માટી | ગુણ = કાળાશ વગેરે | પર્યાય = ઘડો |
| દ્રવ્ય = ગોળ | ગુણ = ગળપણ | પર્યાય = પાણીમાં ઓગળવું વગેરે અનેક અવસ્થા |

(૧) દ્રવ્યમાં ગુણ અને પર્યાય બન્ને રહે છે. (૨) ગુણો અને પર્યાયના આધારને દ્રવ્ય કહે છે. (પેજ ૫૧)

**પ્ર.-૯૨ સમ્યગ્દર્શન થતાની સાથે શું થાય છે ?**

ઉ.-૯૨ સમ્યગ્દર્શન થતાની સાથે આત્માની દૃષ્ટિ પર્યાય ઉપરથી ઊઠીને દ્રવ્ય ઉપર ઠરે છે એટલે સમ્યગ્દર્શનથી દૃષ્ટિ બદલાય છે અને જેની દૃષ્ટિ બદલાય છે તેની સૃષ્ટિ પણ બદલાય છે. (પેજ ૪)

**પ્ર.-૯૩ દ્રવ્યાનુયોગની દેશના શું છે ? અને તેમાં સમ્યગ્દર્શન કેવી રીતે વણી લીધું છે?**

ઉ.-૯૩ જો પર્યાય ઉપર દૃષ્ટિ હશે તો

| |
|---|
| પર્યાયને કોઇને કોઇ આકાર હશે, પ્રકાર હશે, |
| અને જ્યાં પ્રકાર હશે ત્યાં સુધી કોઇને કોઇ વિકાર હશે |
| અને જ્યાં વિકાર હશે ત્યાં સુધી વિકલ્પ હશે |
| અને જ્યાં વિકલ્પ હશે ત્યાં સુધી ધ્યાનની ધારા અતૂટ સાંધી શકાશે નહીં. |

**ઘાટ ઘડ્યા પછી નામ રૂપ જુજવાં**
**અંતે તો હેમનું હેમ હોયે.**
**- નરસિંહ મહેતા**

ધ્યાનની ધારાને તોડનાર પરિબળ માત્ર વિકલ્પ છે. શુદ્ધ દ્રવ્યની સાથે શુદ્ધ દ્રવ્યમાં જેની ચેતના ઠરી છે એટલે કે પર્યાય ઉપરથી દૃષ્ટિ ઊઠી ગઇ છે એવી દ્રવ્ય દૃષ્ટિ જેનાથી પ્રાપ્ત થાય છે તેને સમ્યગ્દર્શન કહેવાય છે. (પેજ ૫૨)

**પ્ર.-૯૪ દ્રવ્ય દૃષ્ટિના શું પરિણામો હોય છે?**

ઉ.-૯૪

| | |
|---|---|
| ૧. | એના અહમ્ અને મમનો લય થાય છે (હજી નાશ નથી થઇ ગયો.) અહમ્ અને મમ હજુ અંદર છે પણ તોફાન શમી ગયું છે કારણ કે દેહાભિમાન નથી અને તેનું મમત્વ પણ નથી. (પેજ ૫૨) |
| ૨. | એ કર્તા અને ભોક્તા મટે છે. |
| ૩. | એ જ્ઞાતા અને દ્રષ્ટા બને છે. |
| ૪. | એનામાંથી સ્વામિત્વ ભાવ જાય છે અને સાક્ષી ભાવ પ્રગટ થાય છે. |

**પ્ર.-૯૫ દ્રવ્યો કેટલા છે ? અને તેનું સ્વરૂપ કેવું છે ?**

ઉ.-૯૫

| | **દ્રવ્યો** | **જે તે દ્રવ્યોના ગુણની સમજણ** |
|---|---|---|
| ૧. | જીવ | તેના જ્ઞાન, દર્શન ચારિત્ર, આનંદ, વીર્ય વગેરે ગુણો છે. |
| ૨. | પુદ્ગલ | તેના રૂપ, રસ, ગંધ સ્પર્શ વગેરે ગુણો છે. |
| ૩. | ધર્માસ્તિકાય | તેનો ગતિ સહાયક ગુણ છે. ગતિ કરવી હોય તો સહાય કરે છે પણ ધક્કો મારતું નથી. |
| ૪. | અધર્માસ્તિકાય | તેનો સ્થિતિ સહાયક ગુણ છે. સ્થિતિ કરવી હોય તો સહાય કરે છે પણ પરાણે સ્થિતિ કરાવતું નથી. |
| ૫. | આકાશાસ્તિકાય | અવકાશ આપવાનો ગુણ છે. જીવને જો જગ્યા જોઇતી હોય તો આપે છે પણ પરાણે જગ્યા નથી આપતું. |
| ૬. | કાળ | એનો વર્તના ગુણ છે. નવાને જૂનું કરે છે. એ અરૂપ-અમૂર્ત-અક્રિય છે માત્ર સહકારી પ્રવૃત્તિ કરે છે. |

| | | | |
|---|---|---|---|
| બધા ય દ્રવ્યો સ્વયં પરિપૂર્ણ છે. | બધા ય દ્રવ્યો સ્વયં નિરપેક્ષ છે. | બધા ય દ્રવ્યો સ્વયં પરિણામી છે. | બધા ય દ્રવ્યોમાં અનંત ગુણો ભર્યા છે. |

(પેજ ૫૩)

**પ્ર.-૯૬ રાગ, દ્વેષ અને કર્મ બંધનમાં પુદ્ગલ શું કરે છે?**

ઉ.-૯૬ પુદ્ગલ દ્રવ્ય રાગ-દ્વેષ કરતું નથી અને કરાવતું પણ નથી.....

| | |
|---|---|
| ૧. | કારણ કે પુદ્ગલ દ્રવ્યમાં જ્ઞાન નથી તો રાગ-દ્વેષ ક્યાંથી કરે ? |
| ૨. | તેનો હેતુ એ નથી એટલે પુદ્ગલ દ્રવ્ય રાગ-દ્વેષ નથી કરાવતું. |
| ૩. | પુદ્ગલ દ્રવ્ય સત છે અને તે સ્વતંત્ર છે અને એના કારણે હાજર છે. |

| | |
|---|---|
| ૧. | જીવ પોતાની અજ્ઞાનતાને કારણે પોતાના રાગ-દ્વેષમાં પુદ્ગલને નિમિત્ત બનાવે છે અને પોતે બંધાય છે. |
| ૨. | જીવ પોતાના મિથ્યાત્વને કારણે પોતાના રાગ-દ્વેષમાં પુદ્ગલને નિમિત્ત બનાવે છે અને પોતે બંધાય છે. |
| ૩. | જીવ પોતાના મોહને કારણે પોતાના રાગ-દ્વેષમાં પુદ્ગલને નિમિત્ત બનાવે છે અને પોતે બંધાય છે. |

(પેજ ૫૪)

**પ્ર.-૯૭ પુદ્દગલ દ્રવ્ય હાજર હોય ત્યારે જીવ દ્રવ્ય શું ભાવ કરે છે?**

ઉ.-૯૭ પુદ્દગલ દ્રવ્ય હાજર હોય ત્યારે...

| | | | |
|---|---|---|---|
| ૧. | જીવ દ્રવ્ય એ પુદ્દગલ દ્રવ્યને હું કરું છું એમ માને છે | જીવનો આ અહંકાર ભાવ છે. | આ ચારેય દીકરાનો બાપ મિથ્યાત્વ ભાવ છે અને ચારેય ને એક ક્ષણમાં દૂર કરવાની તાકાત જેનામાં છે તેને સમ્યગ્દર્શન કહે છે. (પેજ ૫૪) |
| ૨. | જીવ દ્રવ્ય એ પુદ્દગલ દ્રવ્યમાં ફેરફાર હું કરું છું એમ માને છે | જીવનો આ કર્તા ભાવ છે. | |
| ૩. | જીવ દ્રવ્ય એ પુદ્દગલ દ્રવ્યને હું ભોગવું છું એમ માને છે | જીવનો આ ભોક્તા ભાવ છે. | |
| ૪. | જીવ દ્રવ્ય એ પુદ્દગલ દ્રવ્યનો સ્વામી હું છું એમ માને છે | જીવનો આ મમત્વ ભાવ છે. | |

**પ્ર.-૯૮ સંસારના પાયા ક્યા છે?**

ઉ.-૯૮

| | | |
|---|---|---|
| ૧. | સંસારનો એક પાયો અહમ્ ભાવ છે. | પ્રથમના ત્રણ ભાવોને મજબુત કરનાર મમત્વ ભાવ છે. (પેજ ૫૪) |
| ૨. | સંસારાનો બીજો પાયો કર્તા ભાવ છે. | |
| ૩. | સંસારનો ત્રીજો પાયો ભોક્તા ભાવ છે. | |
| ૪. | સંસારનો ચોથો પાયો મમત્વ ભાવ છે. | |

**પ્ર.-૯૯ મિથ્યાત્વને કઇ રીતે સમજવું?**

ઉ.-૯૯ મમત્વના કારણે અહીં બેઠા તમને (જીવ દ્રવ્યને) તિજોરી બંધ કરી છે કે નહીં તે યાદ આવે તો ફડકો બેસી જાય છે પણ તિજોરીને (પુદ્દગલ દ્રવ્યને) ફડકો બેસે છે કે માલિક જ્ઞાનમંદિરમાં જઇને બેઠો છે? ના. અહીં જીવ પણ સ્વતંત્ર છે અને પુદ્દગલ પણ સ્વતંત્ર છે માટે આ દોષ પુદ્દગલનો નહીં પણ જીવનો છે-આ દોષને-આ ભૂલને જ્ઞાની પુરુષો શું કહે છે તે નીચે દર્શાવ્યું છે.(પેજ ૫૫)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| મિથ્યાત્વ મોહ કહે છે. | મોહ કહે છે. | અજ્ઞાન કહે છે. | માયા કહે છે. | વિપરીત બુદ્ધિ કહે છે. | ભ્રમણા કહે છે. | વિભાવ કહે છે. | અવિદ્યા કહે છે. |

**પ્ર.-૧૦૦ આ ભૂલ સુધરી જાય તો શું થાય ?**

ઉ.-૧૦૦

૧. અહમ્ભાવનો લય થઇ જાય
૨. કર્તા-ભોક્તા મટી જાય
૩. જ્ઞાતા દ્રષ્ટા બની જાય.
૪. સ્વામિત્વ ભાવ ચાલ્યો જાય.

તેથી સાક્ષી ભાવ આવે.

સાક્ષીભાવ આવે એટલે

૧. ન રતિ કે અરતિ થાય
૨. ન હર્ષ કે ન શોક થાય
૩. ન પસંદગી કે ન નાપસંદગી રહે.
૪. ન મારું કે ન તારું થાય.

તેથી રાગ-દ્વેષનું બળ તૂટી જાય છે.

| | |
|---|---|
| પ્ર.-૧૦૧ | **સમ્યગદષ્ટિના અને મિથ્યાદષ્ટિના જોવામાં શું ફેર છે ?** |
| ઉ.-૧૦૧ | સમ્યગદષ્ટિ દ્રવ્યને પણ જોવે છે અને પર્યાયને પણ જોવે છે કારણ કે દ્રવ્ય પણ છે અને પર્યાય પણ છે દ્રવ્ય વગર પર્યાય નથી અને પર્યાય વગર દ્રવ્ય નથી - બન્ને સાથે છે - બન્ને એક જ સમયમાં છે. પણ મિથ્યાદષ્ટિ મિથ્યાત્વને કારણે દ્રવ્યને જોતો નથી અને માત્ર પર્યાયને જોવે છે. અહીં પર્યાય વારે વારે બદલાતી હોવાથી વમળો ઉત્પન્ન થાય છે. ફરક એટલો છે કે સમ્યગ્દષ્ટિ દ્રવ્યને પણ જોવે છે અને પર્યાયને પણ જોવે તો  છે પણ પર્યાયને ગૌણ કરીને પોતાની દષ્ટિ દ્રવ્ય ઉપર ઠેરવે છે અને દ્રવ્ય નિત્ય હોવાથી વમળો ઉત્પન્ન નથી થતાં. (પેજ ૫૭) |
| પ્ર.-૧૦૨ | **સમ્યગ્દષ્ટિની ખૂબી શું છે ?** |
| ઉ.-૧૦૨ | સમ્યગ્દષ્ટિને એકલી વર્તમાનની સ્થિતિ નહીં પણ ત્રિકાળી સ્થિતિ જોતા આવડે છે તેથી રાગ-દ્વેષની ધારા તૂટે છે. સુંદર સ્ત્રીને જોવો અને તેની વૃદ્ધાવસ્થાને પણ જોવો અને સાથે સાથે બળીને ખાખ થાય છે તે પણ જુવો. તો વર્તમાન અવસ્થામાં જે આકર્ષણનો વિકલ્પ થાય છે તે અને વૃદ્ધાવસ્થામાં જે અણગમાનો વિકલ્પ થાય છે તે નહીં થાય તેવી સમ્યગ્દષ્ટિની અદ્ભુત કળા છે. આમ જેની દષ્ટિ બદલાઇ જાય છે તેની સમગ્ર અવસ્થા બદલાઇ જાય છે અને તેને પરિણામે વિકલ્પની ધારા તૂટે છે અને નિર્વિકલ્પ અવસ્થાની પ્રાપ્તિ થાય છે. અખંડ ચૈતન્યની ધારા જેને સિદ્ધ કરવી છે તેને નિર્વિકલ્પ દશા સુધી પહોંચવું પડશે અને નિર્વિકલ્પ દશાની સાચી સાધના સમ્યગ્દર્શન વગર થતી નથી. (પેજ ૫૭) |
| પ્ર.-૧૦૩ | **મિથ્યાત્વ દૂર કેમ થઇ શકે ? મિથ્યાત્વ શું કરે છે?** |
| ઉ.-૧૦૩ | અનાદિ-એકરૂપવાળો મિથ્યાત્વ ભાવ જ્ઞાનીના વચન વડે દૂર થઇ જાય છે. બાકી સાધનો કરી જુઓ - દૂર નહીં થાય.<br>**''ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન''** - શ્રીમદ્જી<br>જડ અને ચૈતન્યનો સ્વભાવ ભિન્ન છે પણ સમ્યગ્દર્શન નથી હોતું તો સ્વભાવની ભિન્નતા ભાસતી નથી - મિથ્યાત્વ આમ માનવા દેતું નથી એના કારણે એકતા બુદ્ધિ થાય છે. (પેજ ૫૮) |
| પ્ર.-૧૦૪ | **વિકલ્પ શું કરે છે?** |
| ઉ.-૧૦૪ | વિકલ્પ એ ધ્યાનની ધારા તોડે છે માટે એમ કહ્યું કે મોહમાંથી ઊઠતો એક જ વિકલ્પ પણ આખા સંસારને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય ધરાવે છે. મોહનીય કર્મનો બંધ થાય તેવી ઉત્કૃષ્ટ ૭૦ કોડા-કોડી સાગરોપમ સ્થિતિનું મોહનીય કર્મ બંધાય તે માટે જે અધ્યવસાય આત્મામાં થાય તેવાં અધ્યવસાય માટે કેટલા કોડા-કોડી સાગરોપમનો કાળ જોઇતો હશે ? - શાસ્ત્રો કહે છે એક ક્ષય માત્ર વિકલ્પ થાય તે ૭૦ કોડા-કોડી સાગરોપમ-કર્મની સ્થિતિ બાંધી શકે એવી તાકાત ધરાવે છે. (પેજ ૫૮) |
| પ્ર.-૧૦૫ | **વિકલ્પને દઢ કોણ કરે છે?** |
| ઉ.-૧૦૫ | વિકલ્પ મિથ્યાત્વને કારણે દઢ થાય છે, અને વિકલ્પ સમ્યગ્દર્શન સિવાય તૂટી શકતો નથી. પર્યાય દષ્ટિ છે ત્યાં સુધી વિકલ્પ છે અને ત્યાં સુધી સંસાર છે. સમ્યગ્દર્શનના પ્રભાવથી દષ્ટિ પર્યાય ઉપરથી ઊઠીને દ્રવ્ય ઉપર ઠરે છે, એ ક્ષણે વિકલ્પ તૂટે છે. (પેજ ૫૮-૫૯) |

| | |
|---|---|
| પ્ર.-૧૦૬ | **સમ્યગદષ્ટિને વિકલ્પો હોય કે નહીં ?** |
| ઉ.-૧૦૬ | સમ્યગ્દર્શન થયા પછી વિકલ્પો છે |

| | | | |
|---|---|---|---|
| ૧. પણ વિકલ્પોનું સ્વામિત્વ નથી. | ૨. વિકલ્પોની સાથે એક્તા બુદ્ધિ નથી. | ૩. વિકલ્પોની કર્તા બુદ્ધિ નથી. | ૪. એ વિકલ્પોમાં જોર નથી. |

કારણ કે એ વિકલ્પો (મિથ્યાત્વ તૂટી ગયું હોવાને લીધે) મિથ્યાત્વ મોહનીય નિમિત્તક નથી પણ ચારિત્ર્ય મોહનીય નિમિત્તક છે. (પેજ ૫૯)

| | |
|---|---|
| પ્ર.-૧૦૭ | **વિકલ્પો કેટલા પ્રકારના છે?** |
| ઉ.-૧૦૭ | વિકલ્પો બે પ્રકારના છે. |

| **પહેલો પ્રકાર : ચારિત્ર્ય મોહનીય નિમિત્તક વિકલ્પ. તેની વિશેષ માહિતી** | **બીજો પ્રકાર : મિથ્યાત્વ મોહનીય નિમિત્તક વિકલ્પ.** |
|---|---|
| ૧. આવા વિકલ્પો સમ્યગ્દર્શન થયા પછીના હોય છે. | ૧. આવા વિકલ્પો સમ્યગ્દર્શન થયા પહેલાના હોય છે. |
| ૨. સમ્યગ્દષ્ટિ જીવને આ વિકલ્પો સાથે એક્તા બુદ્ધિ નથી. | ૨. મિથ્યાદષ્ટિ જીવને આ વિકલ્પો સાથે એક્તા બુદ્ધિ છે. |
| ૩. સમ્યગ્દષ્ટિ જીવને આ વિકલ્પો સાથે કર્તા બુદ્ધિ નથી. | ૩. મિથ્યાદષ્ટિ જીવને આ વિકલ્પો સાથે કર્તા બુદ્ધિ છે. |
| ૪. સમ્યગ્દષ્ટિ જીવને આ વિકલ્પો ધ્યાનની ધારામાં બાધા ઉત્પન્ન કરતા નથી. | ૪. મિથ્યાદષ્ટિ જીવને આ વિકલ્પો ધ્યાનની ધારામાં બાધા ઉત્પન્ન કરે છે. |
| ૫. સમ્યગ્દષ્ટિ જીવને આ વિકલ્પો સ્વભાવમાં ઠરવા દેવામાં બાધા કરતા નથી. | ૫. મિથ્યાદષ્ટિ જીવને આ વિકલ્પો સ્વભાવમાં ઠરવા દેવામાં વિક્ષેપ કરે છે. |
| ૬. મિથ્યાત્વ મોહનીય નિમિત્તક વિકલ્પની સરખામણીએ આ (ચારિત્ર્ય મોહનીય નિમિત્તક વિકલ્પ) નાનું ખાતું છે. | ૬. ચારિત્ર્ય મોહનીય નિમિત્તક વિકલ્પની સરખામણીએ આ (મિથ્યાત્વ મોહનીય નિમિત્તક વિકલ્પ) બહું મોટું ખાતું છે. (પેજ ૫૯) |

## પ્રવચન-૫ : પ્રશ્ન-ઉત્તર રૂપે. સમ્યગ્દૃષ્ટિની ક્રિયા કેવી હોય?

| | |
|---|---|
| પ્ર.-૧૦૮ | **કૃપાળુદેવે સૌભાગ્યભાઇને કેવી રીતે ઓળખાવ્યા છે ?** |
| ઉ.-૧૦૮ | સતની ઉપલબ્ધિ-સતની અનુભૂતિ અને સતનો સાક્ષાત્કાર જેને થયો છે એવા પરમ કૃપાળુ દેવ વચનામૃત ક્રમાંક ૪૫૯ (પાના ૩૭૭)માં લખે છે કે ''અંદરમાં સત સત એવી રટણા થઇ રહી છે પણ સતનું સાધન એવા તમે અમારાથી દૂર છો.'' (પેજ ૬૦) |
| પ્ર.-૧૦૯ | **સમ્યગ્દર્શનના પ્રકારો કેટલા ?** |
| ઉ.-૧૦૯ | |

| સમ્યગ્દર્શનના પ્રકારો→→ | ક્ષયોપશમ સમ્યગ્દર્શન | ઉપશમ સમ્યગ્દર્શન : | ક્ષાયિક સમ્યગ્દર્શન |
|---|---|---|---|
| સમ્યગ્દર્શનના દરેક પ્રકારોમાં અનુભૂતિ કેવી હોય છે ? | ત્રણેય સમ્યગ્દર્શનમાં અનુભૂતિ એક સરખી છે પણ અહીં સમ્યક્ત્વ મોહનીયના દલિકોના ઉદયના કારણે વિક્ષેપ છે જેને લીધે ચલ-મલ-અગાઢ નામના દોષો ઉત્પન્ન થાય છે. | ત્રણેય સમ્યગ્દર્શનમાં અનુભૂતિ એક સરખી છે. | ત્રણેય સમ્યગ્દર્શનમાં અનુભૂતિ એક સરખી છે. |
| સમ્યગ્દર્શનના દરેક પ્રકારોમાં અનુભૂતિનો કાળ કેટલો હોય છે ? | અનુભૂતિનો જઘન્ય કાળ અંતર્મુહૂર્ત છે ને વધુમાં વધુ તે ૬૬ સાગરોપમ રહે. | નિર્વિકલ્પ અનૂભૂતિ છે પણ આ અનુભૂતિ વધારેમાં વધારે અંતર્મુહૂર્ત ૪૮ મિનિટની અંદરનો કાળ સુધીની છે. | અનુભૂતિ જે ક્ષણે થઇ તે ક્ષણથી અનંતકાળ સુધી કાયમ રહે છે કારણ કે અનુભૂતિ ખોવી પડે તેવાં કારણો મૂળમાંથી નષ્ટ થયા છે. |
| સમ્યગ્દર્શનના દરેક પ્રકારોમાં અનુભૂતિનો પ્રકાર કેવો હોય છે ? | નિર્વિકલ્પ | નિર્વિકલ્પ | નિર્વિકલ્પ |
| મિથ્યાત્વ મોહનીય (દર્શન મોહનીયનો પેટા ભાગ)ની સ્થિતિ કેવી હોય છે ? | ઉદય ન હોય | ઉપશમ હોય | ક્ષય હોય |
| મિશ્ર મોહનીય (દર્શન મોહનીયનો પેટા ભાગ) ની સ્થિતિ કેવી હોય છે? | ઉદય ન હોય | ઉદય ન હોય | ક્ષય હોય |

| | | | |
|---|---|---|---|
| સમ્યક્ત્વ મોહનીય (દર્શન મોહનીયનો પેટા ભાગ)ની સ્થિતિ કેવી હોય છે? | ઉદય હોય | ઉદય ન હોય | ક્ષય હોય |
| ચારિત્ર્ય મોહનીયના ચારે અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભની શું સ્થિતિ હોય? | ઉદય ન હોય | ઉદય ન હોય | ક્ષય હોય |

**પ્ર.-૧૧૦ ક્ષાયિક સમ્યગ્દર્શન થયું હોય તેની અવસ્થા અને ક્રિયા કેવી હોય છે ?**

ઉ.-૧૧૦ ક્ષાયિક સમ્યગ્દર્શન થયું હોય તેવા મહારાજ શ્રેણિક અને મહારાજ કૃષ્ણની તમામ ક્રિયાઓ ઉદાસીન જેવી હોય છે. સર્વે ભાવો જેવા કે -શુભ ભાવ-અશુભ ભાવ કે અશુદ્ધ ભાવ પ્રત્યે અંતરથી વૃત્તિ ઉદાસીન થઇ જાય છે. ત્યાં ચંચળતા નથી. બહારથી પ્રસંગો આવે તો તેમાંથી તરંગો ઊઠતા નથી, એવી ઉદાસીનતાની ખૂબી છે. (પેજ ૪) ઉદાસીનતા એટલે

| | | | | |
|---|---|---|---|---|
| ભારેખમપણુ નહીં | કંટાળો નહીં | ગમગિની નહીં | ચડેલું મોઢું નહીં | પડેલું મોઢું નહીં |

(પેજ ૬૩)

**પ્ર.-૧૧૧ વચનામૃત વાંચનની સારી રીત કઇ છે ?**

ઉ.-૧૧૧ વચનામૃતથી જાતને અલગ રાખીને પછી વચનામૃત સમજવા. કૃપાળુ દેવને સંસારમાં રહેવું પડ્યું છે પણ તેની સરખામણી ન કરવી. વચનામૃત ઓઠા નથી. વચનામૃત બચાવનું સાધન નથી. તટસ્થપણે પોતાની જાતનું નિરીક્ષણ કરજો. ચારે બાજુથી ઇન્કવાયરી કરવાની છે. આપણને પોતાની જાતનો બચાવ કરવો બહુ ગમે છે. આપણી જાત બીજા કરતા સારી છે તેમ લાગે છે. ''અમારામાં દોષો છે પણ xyz કરતાં ઠીક છું'' એમ માનવું એ પોતાની જાત પ્રત્યેનો પક્ષપાત છે. (પેજ ૬૩)

**પ્ર.-૧૧૨ ઉદાસીનતાના લક્ષણો શું છે ?**

ઉ.-૧૧૨

| નીચે મુજબનાં બે બાહ્ય લક્ષણો છે. | નીચે મુજબનાં બીજા બે અંદરના લક્ષણો છે. |
|---|---|
| ૧. ક્રિયા કરવામાં કે કર્મ કરવામાં આસક્તિ નથી. | ૧. ક્રિયા કરવામાં કર્તા ભાવ નહીં. |
| ૨. ક્રિયા કરવામાં કે કર્મ કરવામાં આસક્તિ નહીં અને સાથે સાથે અણગમો પણ નહીં. (પેજ ૬૩) | ૨. જે કાંઇ કર્મ થાય તેનું ફળ ભોગવવાની આકાંક્ષા નહીં. (પેજ ૬૪) |

કર્મનો ભાર નહીં - કર્મને ટાળવાની વાત નહીં અને સદા અખંડ પ્રસન્નતા રહેતી હોય તેવી અવસ્થામાં જે કર્મ કે જે ક્રિયા થાય છે તેને ઉદાસીન ક્રિયા કહેવાય છે. આમ થવું સમ્યગ્દર્શન વગર શક્ય નથી. (પેજ ૬૪)

<table>
<tr><td>પ્ર.-૧૧૩<br>ઉ.-૧૧૩</td><td>સમ્યગ્દર્શન થવાની સાથે સાથે કઇ કળા સિદ્ધ થશે?<br>૧૦૦ વર્ષ જીવવાનું થાય તો કર્મ કરતાં કરતાં જીવીશું પણ કર્મ કરતાં કરતાં કર્મનો લેપ ન થાય તે પ્રકારે કર્મ ભોગવવાની કળા સિદ્ધ કરવાની છે. એ કળા સમ્યગ્દર્શન સિવાય સિદ્ધ નથી થઇ શક્તી. (પેજ ૬૪)</td></tr>
<tr><td>પ્ર.-૧૧૪<br>ઉ.-૧૧૪</td><td>ઉદાસીન વૃત્તિ શું છે ?<br>ઉદાસીન વૃત્તિમાં ક્રિયા કરવા સામે વાંધો નથી. (પેજ ૭)
<table><tr><td>ઉદાસીનતા એ અંદરની ખુમારી છે. (પેજ ૬૪)</td><td>ઉદાસીનતા એ અંદરનો આહ્લાદ છે. (પેજ ૬૪)</td><td>ઉદાસીનતા એ અંદરની મસ્તી છે. (પેજ ૬૪)</td></tr></table></td></tr>
<tr><td>પ્ર.-૧૧૫<br>ઉ.-૧૧૫</td><td>ઉદાસીન વૃત્તિમાં શું શું નથી ?<br>ઉદાસીન વૃત્તિમાં ક્રિયા કરવા સામે વાંધો નથી.
<table>
<tr><td>૧.</td><td>ઉદાસીનતામાં ક્રિયા થાય છે પણ આસક્તિ નથી.</td></tr>
<tr><td>૨.</td><td>ઉદાસીનતામાં ક્રિયા થાય છે પણ અણગમો નથી.</td></tr>
<tr><td>૩.</td><td>ઉદાસીનતામાં ક્રિયા થાય છે પણ કર્તાભાવ નથી.</td></tr>
<tr><td>૪.</td><td>ઉદાસીનતામાં ક્રિયા થાય છે પણ ફળની આકાંક્ષા નથી.</td></tr>
<tr><td>૫.</td><td>ઉદાસીનતામાં ક્રિયા થાય છે પણ કરવાનો બોજ નથી.</td></tr>
</table>
(પેજ ૬૫)</td></tr>
<tr><td>પ્ર.-૧૧૬<br>ઉ.-૧૧૬</td><td>ઉદાસીનતાના કેટલા પ્રકારો છે ?<br>સમ્યગ્દર્શન પહેલા જે ઉદાસીનતા આવે છે તેને ''દ્રવ્ય ઉદાસીનતા'' કહે છે અને સમ્યગ્દર્શન પછી જે ઉદાસીનતા આવે છે તેને ''ભાવ ઉદાસીનતા'' કહે છે. (પેજ ૬૫)</td></tr>
<tr><td>પ્ર.-૧૧૭<br>ઉ.-૧૧૭</td><td>ઉદાસીનતા વૃત્તિમાં શું શું થાય નહિં ?
<table>
<tr><td>૧.</td><td>ઉદાસીનતામાં ક્રિયા થાય ખરી પણ રાગ થાય નહિ.</td></tr>
<tr><td>૨.</td><td>ઉદાસીનતામાં ક્રિયા થાય ખરી પણ અહંકાર ભાવ થાય નહિ.</td></tr>
<tr><td>૩.</td><td>ઉદાસીનતામાં ક્રિયા થાય ખરી પણ ટાળવાની વૃત્તિ થાય નહિ.</td></tr>
<tr><td>૪.</td><td>ઉદાસીનતામાં ક્રિયા થાય ખરી પણ ચડસની વૃત્તિ થાય નહિ.</td></tr>
</table>
(પેજ ૬૬)</td></tr>
<tr><td>પ્ર.-૧૧૮<br>ઉ.-૧૧૮</td><td>કર્મ બંધનું નિયમન શેના ઉપર છે ?
<table><tr><td>કર્મ બંધનું નિયમન પરિણામ ભાવ ઉપર છે.</td><td>કર્મ બંધનું નિયમન માત્ર ક્રિયા ઉપર નથી.</td></tr></table>
પારધીએ હરણનો વધ કરવા બાણ છોડ્યું છે પણ હરણ બચી ગયું છે. હિંસાની ઘટના ઘટી નથી. હવે પારધી હિંસક કે અહિંસક ? ભગવાન મહાવીર કહે છે કે હરણ પોતાના કારણે બચી ગયું છે. પણ તેણે બાણ મારતા પહેલા જે મારવાનો સંકલ્પ કર્યો તે જ હિંસા છે. સંકલ્પ એ જ હિંસા છે. ક્રિયા થાય કે ન થાય પણ ક્રિયા કરવાનો ભાવ ઉત્પન્ન થાય તો કર્મનો બંધ થવાની ૧૦૦% શક્યતા છે. ક્રિયા થયા પછી કર્મ બંધ થવાની ૧૦૦% શક્યતા નથી. પણ જો ભાવ થયો હશે તો બચવાની કોઇ શક્યતા નથી. (પેજ ૬૬)</td></tr>
</table>

| | |
|---|---|
| પ્ર.-૧૧૯ | **સમ્યગ્દર્શન થાય પછી સાંસારિક ક્રિયા કેવી હોય ?** |
| ઉ.-૧૧૯ | જૈન દર્શન ભાવ ઉપર ઊભુ છે. આમ છતાં પણ ક્રિયાનો નિષેધ નથી. જેમ લાડવામાં ઘી ન હોય તો સ્વાદ ન આવે. લચપચતું ઘી હોય તો વાહ ! લાડવો સરસ. આ લચપચતું ઘી એ રસ છે. જે કોઇ પણ ક્રિયા પાછળ તે કરવાનો જેવો રસ હશે તેવા પ્રકારના કર્મની પરંપરા ચાલશે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી સાંસારિક ક્રિયા રસરહિતપણે થવી સંભવે છે. ક્રિયા હોય અને રસરહિતપણે હોય. કર્મ હોય અને રસરહિતપણે હોય. જે રસ અંદર ભળતો નથી તે રસ રોકનાર સમ્યગ્દર્શન ઊભું છે અને ક્રિયા જે થાય છે તેની પાછળ પ્રારબ્ધ ઊભું છે. બન્ને ખાતા જુદા જુદા છે એટલે જે ક્રિયા થાય છે – જે કર્મ થાય છે તેની પાછળ પ્રારબ્ધ ઊભું છે અને કર્મ કરવા છતાં રસ નથી એની પાછળ સમ્યગ્દર્શન ઊભું છે. આ સમ્યગ્દર્શનનું માહત્મ્ય તો જુઓ ! ક્રિયા છે પણ રસ નથી. અહીં રસ નથી એવી પ્રતીતિ ઉત્પન્ન કરનાર સમ્યગ્દર્શન છે. તો ક્રિયા કેમ થાય છે? જવાબ છે પ્રારબ્ધને કારણે થાય છે. એટલે કે સમ્યગ્દર્શન થયા પછી જે ક્રિયા થઇ પ્રારબ્ધના બળથી અને જે રસ ઉત્પન્ન ન થયો તે સમ્યગ્દર્શનના બળથી. બન્ને પ્રક્રિયાઓ અને બન્ને પાટા-એક પ્રારબ્ધનો પાટો અને એક સમ્યગ્દર્શનનો પાટો-બન્ને પાટા પર રેલગાડી ચાલે છે. સમ્યગ્દર્શન વગર રસરહિતતા નહીં આવે તેથી પરમ કૃપાળુ દેવે કહ્યું કે ''ઘણું કરીને એવી કોઇ પણ ક્રિયા તે જીવને હોતી નથી કે જેથી પરમાર્થને વિષે ભ્રાંતિ ઉત્પન્ન થાય.'' (પેજ ૬૬-૬૭) |
| પ્ર.-૧૨૦ | **જેટલી ક્રિયાઓ થાય છે તે બધી ક્રિયાઓ પ્રારબ્ધના કારણે થાય છે તેવું માનવામાં કાંઇ દોષ લાગે ખરો?** |
| ઉ.-૧૨૦ | પ્રારબ્ધ શબ્દનો ઉપયોગ જ્યાં ત્યાં કરશો નહીં. ઉદાહરણ તરીકે એક દાંત વગરના ભાઇ પણ સોપારી કાપ્યા જ કરે. કોઇકે કહ્યું આટલું બધું જાણો છો – આટલું બધું વાંચો છો અને સોપારી તમે છોડી શકતા નથી ? ત્યારે જવાબ આપ્યો કે સોપારી તો છોડવી છે પણ જુઓ આ અમારું પ્રારબ્ધ. સોપારી જેવી ચીજ છોડી શકતો નથી તો પ્રગાઢ આસક્તિ ક્યાંથી છોડશે? કામવાસના-ક્રોધ-અહંકાર-ઇર્ષ્યા-અભિમાન-હિંસા-અનીતિ-અન્યાય-આસક્તિ-અપ્રમાણિકતા-વિશ્વાસઘાત-વગેરે કયાંથી છોડશે ? માટે પ્રારબ્ધને વચ્ચે ન લાવશો. ઊઠેલી વૃત્તિઓને ટાળવાને માટે શાસ્ત્રોમાં હજારો ઉપયોગ વર્ણવ્યા છે. એ બધા ઉપાયો તથા જ્ઞાનીની આજ્ઞા પૂરેપૂરી કરી ચુક્યા બાદ જો વૃત્તિ કેડો ન મૂકે તો હવે પ્રારબ્ધ છે એમ કહેજો – ત્યાં સુધી પ્રારબ્ધ શબ્દનો ઉપયોગ કરશો નહીં. (પેજ ૬૭) |
| પ્ર.-૧૨૧ | **જગતના જીવોએ, જ્ઞાની પુરુષોએ તથા ભગવાન મહાવીરે કયા કયા ભાવોને મહત્ત્વ આપીને ગાયા છે?** |
| ઉ.-૧૨૧ | જગતના જીવોએ અહંભાવ ગાયો છે. જ્ઞાની તથા સત્પુરુષોએ ભક્તિભાવ-સાક્ષી ભાવ-કરુણા ભાવ ગાયો છે. જ્યારે ભગવાન મહાવીરે વીતરાગ ભાવ ગાયો છે. (પેજ ૬૭) |
| પ્ર.-૧૨૨ | **પરમાર્થ માર્ગમાં ભ્રાંતિ ઉત્પન્ન કરાવનારા કયા પરિબળો છે ?** |
| ઉ.-૧૨૨ | પરમાર્થ માર્ગને વિષે ભ્રાંતિ ભ્રમણા થાય તેવા પરિબળો એટલે... |

| |
|---|
| અસત પુરુષોનો યોગ |
| અસત ગ્રંથોનું વાંચન |
| અસત ક્રિયાનો રસ |
| અસત પ્રવૃત્તિમાં રસ |
| (પેજ ૬૭) |

| | |
|---|---|
| **પ્ર.-૧૨૩** | **સમ્યગ્દષ્ટિ જીવ કેવો દેખાતો હોય છે અને વાસ્તવમાં કેવો હોય છે ?** |
| ઉ.-૧૨૩ | સમ્યગ્દષ્ટિ જીવ સંસારને ભજતો દેખાય છે - સંસારમાં કર્મ કરતો દેખાય છે - સંસારની પ્રવૃત્તિ કરતો દેખાય છે - પણ ભોગ ભોગવવા છે - ભોગ ભોગવવા છે - ભોગ ભોગવવા છે તેવું ભજન આ સમ્યગ્દષ્ટિ જીવ કરતો નથી - પણ સંસાર કરે છે તે પૂર્વ નિબંધન કરેલા કર્મથી કરતો હોય છે. તે કર્મ ટાળવા માટેની તમામ કોશિશો કરી પણ ન ટળ્યા તેથી કરે છે. (પેજ ૬૮) |
| **પ્ર.-૧૨૪** | **ભેદ વિજ્ઞાનની સાધના શું છે ?** |
| ઉ.-૧૨૪ | વર્તમાનમાં સમ્યગ્દષ્ટિ જીવને કોઇ આસક્તિ-ઇચ્છા-લાલસા-તૃષ્ણા-વાસના નથી. પ્રારબ્ધ કર્મ જુદી વસ્તુ છે અને અંદર પડેલો મિથ્યાત્વનો રસ પણ જુદી વસ્તુ છે. આ બન્નેને જુદા પાડવા બહુ મુશ્કેલ કામ છે. આ પૃથક્કરણ કરવું બહુ કઠીન છે. પોતાની જાત પ્રત્યે જો પૂરેપૂરો પ્રામાણિક બની શકે તો બન્ને જુદા પાડી શકે છે. આ જુદા પાડવાની ક્રિયાને ભેદ વિજ્ઞાનની સાધના કહેવાય છે. તુકારામે કહ્યું કે રાજાઓને તો લડાઇ ક્યારેક લડવી પડે છે પણ અમારે તો ''रात दिवस अमचा युद्धा चा प्रसंग''. ઘનઘોર લડાઇ-તુમુલ સંગ્રામ અંદર ચાલી રહ્યો છે. એક બાજુ પ્રારબ્ધની ધારા અને બીજી બાજુ મોહની ધારા ચાલે છે. આ બન્ને ધારાઓ અલગ રહે અને એક બીજામાં ભળી ન જાય તે જાળવી રાખવું તે અમારા માટે યુદ્ધના પ્રસંગ જેવું છે, તેમાં રાત-દિવસ જાગૃત રહેવું પડે છે. (પેજ ૬૮) |

## પ્રવચન-૬ : પ્રશ્ન-ઉત્તર રૂપે. સંસારના અનુબંધની જડ

**પ્ર.-૧૨૫ અનંતાનુબંધી કષાય તથા સમ્યક્ત્વનો શું સંબંધ છે?**

ઉ.-૧૨૫ અનંતાનુબંધી કષાયો સમ્યક્ત્વના ઘાતક છે. અનંતાનુબંધી કષાયો એટલે કે અનંતાનુબંધી ક્રોધ-અનંતાનુબંધી માન-અનંતાનુબંધી માયા અને અનંતાનુબંધી લોભ સમ્યક્ત્વ મળ્યા સિવાય ગયા સંભવે નહીં. બન્ને ઘટના સાથે ઘટે છે અને તેને સમ-સામયિક ઘટના કહે છે. અહીં કાળ ભેદ નથી - જેમ સૂર્ય ઉગ્યો એટલે અંધકાર દૂર થયો. અનંતાનુબંધી કષાયો ગયા અને અંદરમાં ઉપશમ સમ્યક્ત્વમાં સ્વરૂપની અનુભૂતિ થઇ. અને એવી અનુભૂતિ થાય છે ત્યારે અનંતાનુબંધી કષાયો રહી શકતા નથી. (પેજ ૭૦)

**પ્ર.-૧૨૬ વિભાવ કોને કહે છે?**

ઉ.-૧૨૬ સ્વભાવને લક્ષમાં રાખીને સ્વભાવમાં જે ન હોય તે સમગ્રને વિભાવ કહે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| વિકૃત-વિકારી ભાવ | કષાયના ભાવ | મોહના ભાવ | રાગદ્વેષના ભાવ | અહમ્ ભાવ | કર્તા ભાવ | મમત્વ ભાવ | ભોક્તા ભાવ |

ઉપરના બધાય ને વિભાવ કહે છે. નિમિત્ત તરફ ઢળવાના પરિણામે અંદરમાં ઊઠતી સંવેદનાને વિભાવ કહેવાય છે, આ ઘટનાને નૈમિત્તિક કહે છે અને એવો નૈમિત્તિક ભાવ સંતતિથી અનાદિ છે. (પેજ ૭૦)

**પ્ર.-૧૨૭ સ્વભાવ કોને કહે છે ?**

ઉ.-૧૨૭ સ્વ એટલે પોતે, પદાર્થ. ભાવ એટલે ગુણ અથવા ધર્મ. સ્વભાવ એટલે પદાર્થના પોતાના ગુણધર્મો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| સ્વભાવ ત્રણે કાળ મોજૂદ હોય છે. | સ્વભાવ સહજ હોય છે. | સ્વભાવ ખોવાનો ન હોય. | સ્વભાવ નવો મેળવવાનો ન હોય. | સ્વભાવ ક્યારેય જતો નથી. | સ્વભાવ મેળવવો પડતો નથી. |

ગોળ ક્યારથી ગળ્યો થયો ? જ્યારથી છે ત્યારથી જ ગળ્યો છે અને ગળપણ ગોળનો સ્વભાવ છે. તેથી ગળપણનો સ્વભાવ ફરે નહીં. આત્મામાં જ્ઞાનાદિ સ્વભાવ છે પણ વિભાવરૂપે પરિણમવાની ક્ષમતા હોવાથી આત્મામાં વિભાવ પણ દેખાય છે. (પેજ ૭૦-૭૧)

**પ્ર.-૧૨૮ આત્મા નિમિત્ત તરફ કેમ ઢળે છે ?**

ઉ.-૧૨૮ આત્મા પોતાના સ્વભાવ રૂપે તો પરિણમી શકે છે, સાથે સાથે વિભાવ રૂપે પણ પરિણમી શકે તેવી યોગ્યતા પણ તેનામાં છે તેથી આત્મા નિમિત્ત તરફ ઢળે છે અને આત્મામાં વિભાવ દેખાય છે. (પેજ ૭૧)

**પ્ર.-૧૨૯ કર્મની સ્થિતિ વધુમાં વધુ કેટલી ?**

ઉ.-૧૨૯ કર્મોનો પ્રવાહ અનાદિથી ચાલુ છે. પણ તેનું તે જ કર્મ અનાદિથી ચાલ્યું આવે છે એમ નથી. મિથ્યાત્વ મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડા કોડી સાગરોપમની છે.

| | |
|---|---|
| પ્ર.-૧૩૦<br>ઉ.-૧૩૦ | **પરંપરા ચાલે છે તેમ શા માટે કહેવાય છે/અનંતાનુબંધી શબ્દનો અર્થ શું થાય છે ?**<br>કર્મ બંધાય છે - કર્મ ભોગવાય છે - ભોગવાયેલા કર્મો જાય છે પણ પ્રવાહ અનાદિનો છે. તે અનાદિ એટલે છે કે જે જે કર્મો ભોગવ્યા તે ભોગવતા ભોગવતા નવા કર્મોને ગ્રહણ કરીએ છીએ. તેથી તે પરંપરા ચાલે છે, તેથી તેને કહેવાય છે અનંતાનુબંધી. (પેજ ૨) અનંત અને અનુબંધ મળીને જે શબ્દ બન્યો તેને કહેવાય છે અનંતાનુબંધી. (પેજ ૭૧) |
| પ્ર.-૧૩૧<br>ઉ.-૧૩૧ | **કષાયના અનંત અનુબંધનું મૂળ કયું?**<br>કષાયના અનંત અનુબંધનું મૂળ મિથ્યાત્વ છે. |
| પ્ર.-૧૩૨<br>ઉ.-૧૩૨ | **મિથ્યાત્વને કેમ સમજવું ?**<br>એક મોટો વડલો હોય તો તેમાં હજારો ડાળીઓ હોય છે અને હજારો ડાળી માંહેની એકેક ડાળીમાં હજારો ટેટા હોય છે. આ હજારો ટેટા માંહેના એક ટેટો લ્યો તો તેમાં હજારો બીજ હોય અને તેની વૈજ્ઞાનિક પાસે તપાસ કરાવીને પૂછો કે આ એક બીજમાં શું છે ? -તો વિજ્ઞાન જાણનારો વૈજ્ઞાનિક આંખ મીચીને કહેશે કે આ એક જ બીજમાં હજારો (અનંતા) વડલા છે. તો જેમ એક વડલામાં અનેક ડાળી અને એક ડાળીમાં અનેક ટેટા અને તેમાંના એક ટેટામાં પાછા અનેક બીજ એટલે કે વડલા સમાયા છે. તેવી રીતે મિથ્યાત્વ સંસારનું એવું બીજ છે કે તેમાં અનંત સંસાર સર્જન કરવાની તાકાત છે. (પેજ-૭૧) |
| પ્ર.-૧૩૩<br>ઉ.-૧૩૩ | **અનંતાનુબંધી કષાય એટલે શું ?**<br>મિથ્યાત્વને સાથ સહકાર આપનારા કષાયને અનંતાનુબંધી કષાય કહે છે. (પેજ ૭૨) |
| પ્ર.-૧૩૪<br>ઉ.-૧૩૪ | **અનંતાનુબંધી કષાયની વ્યાખ્યા શું છે ?**<br>જે દ્વેષ, જે વેર, જે તિરસ્કાર, જે અનાદર, જે ઘૃણાનો ભાવ આદિ એક વર્ષ વટાવી જાય અને પાછી તેની ક્ષમાયાચના ન થાય તો એ કષાયને અનંતાનુબંધી કષાય કહે છે. (પેજ ૭૩) |
| પ્ર.-૧૩૫<br>ઉ.-૧૩૫ | **અનંતાનુબંધી આદિ કષાયના ગેરફાયદા શું છે?**<br>અનંતાનુબંધી કષાયના ગેરફાયદા એ છે કે એ જો હોય તો સમ્યક્ત્વ ના મળે. એટલે કે હવે તે અનંતાનુબંધી કષાયવાળો આરાધક ન રહેતા વિરાધક બની જાય છે તો<br>૧. અનંતાનુબંધી કષાયની હાજરી હોય તો સમકિત પ્રાપ્ત નહીં થાય.<br>૨. અપ્રત્યાખ્યાનીય કષાયની હાજરી હોય તો દેશવિરતિ પ્રાપ્ત નહીં થાય.<br>૩. પ્રત્યાખ્યાનીય કષાયની હાજરી હોય તો સર્વવિરતિ પ્રાપ્ત નહીં થાય.<br>૪. સંજ્વલન કષાયની હાજરી હોય તો વીતરાગ અવસ્થા પ્રાપ્ત નહીં થાય.<br>(પેજ ૭૩) |

**પ્ર.-૧૩૬ કષાયો કેટલા છે અને તેની વધુમાં વધુ સ્થિતિ કેટલી હોય છે ?**

ઉ.-૧૩૬

| ૧. સંજવલન કષાય | ૨. પ્રત્યાખ્યાની કષાય | ૩. અપ્રત્યાખ્યાની કષાય | ૪. અનંતાનુબંધી કષાય |
|---|---|---|---|
| વધુમાં વધુ સ્થિતિ ૧૫ દિવસની હોય. | વધુમાં વધુ સ્થિતિ ચાર મહિનાની હોય. | વધુમાં વધુ સ્થિતિ બાર મહિનાની હોય. | જે કષાય જાવજ્જીવ રહે. |
| જો તે સમય મર્યાદામાં ક્ષમાપના ન થાય તો પ્રત્યખ્યાનીય કષાયમાં જાય. | જો તે સમય મર્યાદામાં ક્ષમાપના ન થાય તો અપ્રત્યાખ્યાનીય કષાયમાં જાય. | જો તે સમય મર્યાદામાં ક્ષમાપના ન થાય તો અનંતાનુબંધી કષાયમાં જાય. | જાવજ્જીવ રહે તેમાં સમય મર્યાદાનો સવાલ ઊઠતો નથી. (પેજ ૭૨) |

(પેજ ૭૨)

**પ્ર.-૧૩૭ બધા પ્રતિક્રમણોમાં કયું સૂત્ર બોલાય છે ?**

ઉ.-૧૩૭ બધા પ્રતિક્રમણોમાં

**ખામેમિ સવ્વજીવે - સવ્વે જીવા ખમંતુ મે,**
**મિત્તિ મે સવ્વભૂએસુ, વેરં મજ્જ ન કેણઇ.**

સૂત્ર બદલાયા વગર બોલાય છે.''

| | | |
|---|---|---|
| ૧. સવારનું પ્રતિક્રમણ | ૨. સાંજનું પ્રતિક્રમણ | ૩. પાક્ષિક ચતુર્દશીય પ્રતિક્રમણ |
| ૪. ચાતુર્માસિક પ્રતિક્રમણ ત્રણ<br>૧. કારતક સુદ ૧૪, | ૨. ફાગણ સુદ ૧૪, | અને ૩. અષાઢ સુદ ૧૪નું પ્રતિક્રમણ |
| × × × × × × | ૫.સાંવત્સરિક પ્રતિક્રમણ ભાદરવા સુદ-૪ | × × × × × × × × × |

આ સૂત્ર એટલા માટે બોલાય છે કે જો વૈર ભાવ રહેશે તો ચાલશે નહીં - ધર્મ ટકશે નહીં. મૈત્રીનું અમૃત-સમતાનું અમૃત-પ્રેમનું અમૃત અંદરમાં ટકી શકશે નહીં.

(પેજ ૭૨)

**પ્ર.-૧૩૮ મોહનીય કર્મના મુખ્ય કેટલા ભેદ છે ? કેટલા પેટા ભેદ છે ?**

ઉ.-૧૩૮ મોહનીય કર્મના બે મુખ્ય ભેદ (A તથા B) છે જે નીચે દર્શાવેલ છે.

તે માંહેનો પહેલો ભેદ એટલે કે દર્શન મોહનીય કર્મના ત્રણ ભેદ છે. તેના કુલ ૨૫ ભેદ છે. બીજો ભેદ એટલે કે ચારિત્ર્ય મોહનીય કર્મના મુખ્ય બે (X તથા Y) ભેદ છે. એટલે કે ટૂંકામાં મોહનીય કર્મના કુલ અઠાવીસ ભેદ (૧ થી ૨૮) છે જે નીચે દર્શાવેલ છે.

**ભેદ - A** — **દર્શન મોહનીય કર્મ** - જેના ત્રણ ભેદ છે.

| | | |
|---|---|---|
| ૧. મિથ્યાત્વ મોહનીય | ૨. મિશ્ર મોહનીય | ૩. સમ્યક્ત્વ મોહનીય |

**ભેદ - B** — **ચારિત્ર્ય મોહનીય કર્મ** - જેના બે ભેદ (X તથા Y) છે.

| **(X) કષાય મોહનીય કર્મ ---** જેના નીચે મુજબ સોળ ભેદ છે. | (Y) નોકષાય મોહનીય કર્મ - જેના નીચે મુજબ નવ ભેદ છે. |
|---|---|
| કષાય મોહનીય કર્મના ભેદ | નોકષાય મોહનીય કર્મના ભેદ |
| (૪ થી ૭) અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ | (૨૦) હાસ્ય |
| (૭ થી ૧૧) અપ્રત્યાખાની ક્રોધ, માન, માયા, લોભ | (૨૧) રતિ |
| (૧૨ થી ૧૫) પ્રત્યાખાની ક્રોધ, માન, માયા, લોભ | (૨૨) અરતિ |
| (૧૬ થી ૧૯) સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ | (૨૩) શોક |
| | (૨૪) ભય |
| | (૨૫) જુગુપ્સા |
| | (૨૬) પુરુષ વેદ |
| | (૨૭) સ્ત્રી વેદ |
| | (૨૮) નપુંસક વેદ |

**પ્ર.-૧૩૯ દર્શન પંચક શું છે ?**

ઉ.-૧૩૯ આત્મ અનુભૂતિમાં અંતરાય રૂપ થતી હોય તેવી પાંચ પ્રકૃતિઓ છે. તેથી તેને દર્શન પંચક કહેવાય છે. જે નીચે દર્શાવ્યા છે.

| ક્રમ | દર્શન પંચકના ભેદ | સમાવેશ શામાં થાય ? |
|---|---|---|
| ૧. | એક મિથ્યાત્વ મોહનીય | દર્શન મોહનીયમાં સમાવેશ થાય છે. |
| ૨. | ચાર અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ | આ ચારેય અનંતાનુબંધી કષાયોનો ચારિત્ર્ય મોહનીય કર્મમાં સમાવેશ થાય છે. (પેજ ૪) |

| | |
|---|---|
| પ્ર.-૧૪૦<br>ઉ.-૧૪૦ | **અનંત સંસારના અનુબંધની જડ-સ્વરૂપ અનંતાનુબંધી કષાયને શ્રીમદ્જીએ કેમ સમજાવ્યા છે?**<br>એમણે અનંતાનુબંધિનું સ્વરૂપ-આકાર-સ્ટ્રક્ચર સમજાવતા કહ્યુ કે સંસારી પદાર્થોને વિશે જીવના તીવ્રતમ (હાઇએસ્ટ ડીગ્રીના) સ્નેહ વગર એવા (અનંતાનુબંધી) ક્રોધ, માન, માયા કે લોભ હોય નહીં. (પેજ ૭૪) |
| પ્ર.-૧૪૧<br>ઉ.-૧૪૧ | **અનંતાનુબંધીનો અર્થ શું છે ?**<br>અનંત પરંપરા જેનાથી થાય તે અનંતાનુબંધી. |
| પ્ર.-૧૪૨<br>ઉ.-૧૪૨ | **અનંત સંસારના અનુબંધ કરાવનાર કષાયની જડ ક્યાં છે ? અને તે જીવમાં શું તીવ્ર બનાવે છે?**<br>સંસારના પદાર્થને વિશે જીવમાં રહેલો તીવ્રતમ સ્નેહ એ અનંતાનુબંધી કષાયની જડ છે અને એ જડ મિથ્યાત્વને લીધે છે. મિથ્યાત્વને કારણે ભોગમાં જ સુખ છે એવી વિપરીત બુદ્ધિ થઇ છે. તથા ભોગની અનંત પ્રકારની વાસના એ મિથ્યાત્વનું મૂળ તત્ત્વ છે. (પેજ ૫)<br>જ્યારે ભોગ અને વાસના પ્રબળ હોય ત્યારે શરીર જોઇશે, ઇંદ્રિયો જોઇશે તથા મન જોઇશે. અને આ ઉપરાંત પદાર્થો - વસ્તુઓ - વ્યક્તિઓ - સંજોગો વગેરે પણ જોઇશે. તેથી પદાર્થોમાં - વસ્તુઓમાં - વ્યક્તિઓમાં-સંજોગોમાં તીવ્રતમ સ્નેહ થાય છે તેને અનંતાનુબંધિ કષાય કહેવાય છે. જ્યાં ભોગની તીવ્રતમ ઇચ્છા છે ત્યાં ચારે બાજુથી પરિગ્રહ કરવાની વૃત્તિ જોર કરે છે. જેટલા પ્રમાણમાં ભોગની વાસના તીવ્ર એટલા પ્રમાણમાં પરિગ્રહ (સંગ્રહ વૃત્તિ)નો વિસ્તાર પણ તીવ્ર બને છે - કહો કે તીવ્ર હોય છે. (પેજ ૭૪) |
| પ્ર.-૧૪૩<br>ઉ.-૪૩ | **પરિગ્રહની વ્યાખ્યા શું છે ?**<br>ભગવાન મહાવીર સ્વામીએ સમજાવ્યું છે કે માત્ર વસ્તુનો સંગ્રહ કરવો એને પરિગ્રહ નથી કહ્યો. પણ સાથે સંગ્રહ કરવાની અંદરની જે પ્રબળ વૃત્તિ છે તેને પણ પરિગ્રહ કહ્યો છે. (પેજ ૭૪)<br>''मुच्छा परिग्गहो वुत्तो, नायपुत्तेण तायिणा'' |
| પ્ર.-૧૪૪<br>ઉ.-૧૪૪ | **કર્મો કેટલા પ્રકારના છે ?**<br>કર્મો ત્રણ પ્રકારના છે.<br>૧. સુખ આપનાર કર્મ — તેને શાતા વેદનીય કર્મ કહે છે.<br>૨. દુઃખ આપનાર કર્મ — તેને અશાતા વેદનીય કર્મ કહે છે.<br>૩. પાપ કરાવનાર કર્મ — તેને મોહનીય કર્મ-મિથ્યાત્વ મોહનીય કર્મ કહે છે.<br>(પેજ ૭૫) |
| પ્ર.-૧૪૫<br>ઉ.-૧૪૫ | **જગત શું જાણે છે.? હિંસા વગેરે પાપનું મૂળ શું છે ?**<br>જગત તો એટલું જાણે છે કે હિંસા એ પાપ છે અને અહિંસા એ ધર્મ છે. પણ હિંસા અને અહિંસાને સમજવા માટે સમજવું પડશે કે હિંસા અને અહિંસા બન્ને પેદા કરનારા પરિબળો જુદા છે. |

| |
|---|
| હિંસા દૂર થઇ શકશે પણ જો મિથ્યાત્વ હશે તો હિંસા ફરી પાછી આવશે. |
| અસત્ય દૂર થઇ શકશે પણ જો મિથ્યાત્વ હશે તો અસત્ય ફરી પાછું આવશે. |
| અનીતિ દૂર થઇ શકશે પણ જો મિથ્યાત્વ હશે તો અનીતિ ફરી પાછી આવશે. |

તમામ પાપોનું મૂળ એ મિથ્યાત્વ છે અને તમામ ધર્મોનું મૂળ સમ્યગ્દર્શન છે. (પેજ ૭૫)

પ્ર.-૧૪૬ **પાપમાંથી મુક્ત થવાનો ક્રમ શું છે?**

ઉ.-૧૪૬

| | |
|---|---|
| ૧ ક્રમ | જો પાપમાંથી મુક્ત થવું હોય તો મિથ્યાત્વમાંથી મુક્ત થવું પડશે. |
| ૨ ક્રમ | જો મિથ્યાત્વમાંથી મુક્ત થવું હોય તો સંસારના પદાર્થો વિશે જે તીવ્રતમ સ્નેહ છે તેમાંથી મુક્ત થવું પડશે. |
| ૩ ક્રમ | જો સંસારના પદાર્થો વિષે જે તીવ્રતમ સ્નેહ છે તેમાંથી મુક્ત થવું હોય તો સંસારી સુખની ભ્રાંતિમાંથી મુક્ત થવું પડશે. |

એટલે એમ સમજાય છે કે ક્રમેથી જોવામાં આવે તો પાપનું ખરેખરું મૂળ ભ્રાંતિ છે, અજ્ઞાન છે. (પેજ ૭૫)

પ્ર.-૧૪૭ **તીવ્રતમ સ્નેહ અને અનંતાનુબંધીનો સંબંધ કઇ રીતે સમજવો ?**

ઉ.-૧૪૭ અનંતાનુબંધી ચાર કષાયમાંથી કોઇ પણ એક કષાયનો ઉદય ભલે દેખાતો ન હોય અને બહારમાં કષાય દેખાતા ન હોય પણ સંસારી પદાર્થો વિશે જો તીવ્ર સ્નેહ વર્તતો હોય તો અચાનક-ગમે ત્યારે-ખબર ન પડે તેમ કોઇ પ્રસંગે અનંતાનુબંધી ચાર કષાયમાંથી કોઇ પણ એક કષાયનો ઉદય થવા સંભવે છે, જે નીચે સમજાવ્યું છે. (પેજ ૭)

| | |
|---|---|
| ૧. | બહુ સંપતિ મળે તો અહંકાર આવે |
| ૨. | પોતાની ઇચ્છા કે તૃષ્ણા તૃપ્ત કરવા નીકળે અને કોઇ વચમાં આડું આવે તો ક્રોધ ઉત્પન્ન થાય |
| ૩. | પોતાની ઇચ્છા મુજબનું સરળતાથી ન મળે તો છેતરીને લેવામાં માયા ઉત્પન્ન થાય. |
| ૪. | પોતાની ઇચ્છા મુજબનું જે કાંઇ મળે તે ઓછું પડે તો લોભ ઉત્પન્ન થાય. |

ક્યારેક માન - ક્યારેક ક્રોધ - ક્યારેક માયા - ક્યારેક લોભ આવશે. ખબર નથી કે આ ચારે ચાર કષાયો અંદરમાં ક્યારે જોર કરશે ! (પેજ ૭૬)

પ્ર.-૧૪૮ **પરમ કૃપાળુ દેવ શું ચેતવણી આપે છે?**

ઉ.-૧૪૮ પરમ કૃપાળુ દેવ નીચેની ચેતવણીઓ આપે છે કે

| | | | |
|---|---|---|---|
| ૧. | ગમે તેટલું (ધર્મનું) વાંચન કર્યુ હોય | છતાં અંદર જોયા કરજો કે | શું સંસારી પદાર્થો પ્રત્યે તીવ્ર સ્નેહ ઉભો છે ખરો ? જો સ્નેહ ઊભો હોય તો પોતે અવશ્ય પરમાર્થ માર્ગવાળો જીવ નથી. |
| ૨. | ગમે તેટલો (ધર્મ) સાંભળ્યો હોય | | |
| ૩. | ગમે તેટલા પ્રવચન (ધર્મના) આપ્યા હોય | | |
| ૪. | ગમે તેટલું (ધર્મ વિષે) જાણ્યું હોય | | |

(પેજ ૭૬)

<table>
<tr><td>પ્ર.-૧૪૯<br>ઉ.-૧૪૯</td><td>પરમાર્થ માર્ગનું લક્ષણ શું છે?<br>પરમાર્થ માર્ગનું લક્ષણ એ છે અપરમાર્થ માર્ગને ભજતાં જીવ બધા પ્રકારે કાયર થયો છે.
<table><tr><td>કાયર એટલે થાકેલો એમ નહીં.</td><td>કાયર એટલે નિરાશ એમ નહીં.</td><td>કાયર એટલે કંટાળેલો એમ નહીં.</td></tr></table>
(પેજ ૭૬)</td></tr>
<tr><td>પ્ર.-૧૫૦<br>ઉ.-૧૫૦</td><td>મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય કોને કહેવાય છે ?<br>જેને દુઃખમાં અણગમો છે અને સાંસારિક સુખમાં પ્રગાઢ રસ છે તેને અનંતાનુબંધી કષાય કહેવાય છે. (પેજ ૭૭)</td></tr>
<tr><td>પ્ર.-૧૫૧<br>ઉ.-૧૫૧</td><td>મિથ્યાત્વ અને અનંતાનુબંધિ કષાય સાથે મળીને શું કામ કરે છે ?<br>સંસાર સુખનું નિરસપણું પ્રાપ્ત થતું નથી અને આ સંસારનો રસ પ્રગાઢ થતો જાય છે, તે ચાલુ રાખવાનું કામ અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વ સાથે મળીને કરે છે. (પેજ ૮૨)</td></tr>
<tr><td>પ્ર.-૧૫૨<br>ઉ.-૧૫૨</td><td>મિથ્યાત્વ શું સમજવા નથી દેતું એ વિષે ઉમાસ્વાતિ ભગવાન ''પ્રશમરતિ'' ગ્રંથમાં શું કહે છે?<br>તેઓ કહે છે કે મોહથી લપેટાયેલો આ જીવ નિરંતર દુઃખનો દ્વેષ કર્યા કરે છે અને સંસારસુખની લાલસા રાખ્યા કરે છે. દુઃખ ભલે ટાળવું છે પણ જગતને ખબર નથી કે આવું દુઃખ સંસારના રાગમાંથી આવે છે, એ વાત જગતને મિથ્યાત્વ સમજવા દેતું નથી. સંસાર સુખના રાગમાંથી બહાર આવ્યા સિવાય કદાપિ દુખ ટળી શકે તેમ નથી. સંસાર સુખની પ્રાપ્તિમાં પણ કાયરપણું-એટલે કે સંસાર સુખનું અણગમવાપણું-નિરસપણું પરમાર્થમાર્ગી પુરુષને હોય છે, જેને નિરસપણું શેરડીના રસ કાઢેલા કુચા જેવું લાગે છે. (પેજ ૭૭)</td></tr>
<tr><td>પ્ર.-૧૫૩<br>ઉ.-૧૫૩</td><td>સંસાર સુખનું નિરસપણું કયા પ્રકારે થવું સંભવે છે?<br>સંસાર સુખનું નિરસપણું-<br>૧. પરમાર્થજ્ઞાને થવું સંભવે છે અથવા<br>૨. પરમાર્થજ્ઞાની પુરુષના નિશ્ચયે થવું સંભવે છે.<br>બીજા પ્રકારે થવું સંભવતું નથી. આ વાત કહેવાના નીચેના હેતુઓ છે.<br>હેતુ ૧ : વિવિધ પ્રકારના ધર્મના અનુષ્ઠાનો અને સાધનાઓ કરવા છતાં સંસારસુખ વિશે નિરસપણું જીવને પ્રાપ્ત થતું નથી.<br>હેતુ ૨ : વાચા જ્ઞાન, શ્રુત જ્ઞાન કે શાસ્ત્ર જ્ઞાન પ્રાપ્ત કરવા છતાં... સંસારસુખ વિશે નિરસપણું જીવને પ્રાપ્ત થતું નથી. (પેજ ૭૮)</td></tr>
<tr><td>પ્ર.-૧૫૪<br>ઉ.-૧૫૪</td><td>પરમાર્થજ્ઞાન/પરમાર્થજ્ઞાની કેવા હોય ?<br>પરમાર્થ તત્ત્વ જેવું છે તેવું સમ્યક પ્રકારે જેણે સ્વયં અનુભવ્યું છે અને જેને મોહનીય કર્મ ખસી જતાં અંદર જ્ઞાનનો ઉઘાડ થયો છે તેને પરમાર્થજ્ઞાની કહેવાય. પરમાર્થ તત્ત્વ જેવું છે તેવું સમ્યક પ્રકારે સમજાવે તેને પરમાર્થજ્ઞાન કહે છે. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થવાના કારણે બહુ ઊંચો બુદ્ધિઆંક મળવાથી ''નવ પૂર્વ'' કંઠસ્થ થયા હોય તો પણ આત્માનો અનુભવ ન હોય તો પરમાર્થજ્ઞાન નથી. પરમ કૃપાળુ દેવે સ્પષ્ટ કહ્યું કે<br>હોય પૂર્વ ભણેલ નવ પણ જીવને જાણ્યો નહીં,<br>તો સર્વ તે અજ્ઞાન ભાખ્યું, સાક્ષી છે આગમ મહીં. (પેજ ૭૮)</td></tr>
</table>

| | |
|---|---|
| પ્ર.-૧૫૫ | **જ્ઞાનીના મતે વ્રતીની વ્યાખ્યા શું છે ?** |
| ઉ.-૧૫૫ | ''નિઃશલ્યો વ્રતી'' જેનામાં નીચેના ત્રણ શલ્યો નથી તેને વ્રતી કહે છે.<br>૧. માયા શલ્ય / ૨. મિથ્યાત્વ શલ્ય / ૩. નિયાણ/નિદાન શલ્ય<br>આ ત્રણે શલ્યો એકબીજાના સંબંધી છે - એકબીજાના પોષક છે. મિથ્યાત્વ શલ્ય હોય તો નિદાન શલ્ય હોય અને નિદાન શલ્ય હોય તો માયા શલ્ય હોય. જીવનમાં જે કાંઇ તપ-જપ-વ્રત-ધ્યાનની સાધના કરી છે તેના બદલામાં આ જન્મમાં કે આવતા જન્મમાં સાંસારિક સુખોની મને પ્રાપ્તિ થાય એવો સંકલ્પ કરીને પોતાની તમામ ધર્મસાધના તેના માટે અર્પણ કરવી તેને કહેવાય છે નિદાન. સાદી ભાષામાં કહીએ તો હાજરમાં કમાણો અને વાયદામાં ખોઇ બેઠો. (પેજ ૭૯) |
| પ્ર.-૧૫૬ | **સાધના કરતા કરતા દેહ છૂટી જાય તો સાધનાનું શું થાય ?** |
| ઉ.-૧૫૬ | ભગવદ્ ગીતામાં આ પ્રશ્ન પુછાયો છે. ભગવાન કૃષ્ણ જવાબ આપે છે કે સાધનાનો તાંતણો જોડાશે અને સાધના કરવાની અનુકૂળ સામગ્રી આવતા જન્મમાં પ્રાપ્ત થશે. સમ્યક્ સમજણ પૂર્વક કરેલી સાધના એળે નહીં જાય. (પેજ ૮૧) |
| પ્ર.-૧૫૭ | **જીવને સંસારી પદાર્થો પ્રત્યે તીવ્ર સ્નેહ વર્તતો હોય તો શું થાય ?** |
| ઉ.-૧૫૭ | બહારમાં કષાયો દેખાતા ન હોવા છતાં તીવ્ર સ્નેહના કારણે કષાયોનો ઉદય થાય છે. દા.ત. ખૂબ સંપત્તિ મળે એટલે અંહકાર આવે અને તેથી અહંકારનું ફળ ભોગવવું પડે. પોતાની તૃષ્ણા પૂરી કરવા નીકળ્યો અને વચમાં કોઇ આડો આવે એટલે ક્રોધ આવે. ધારેલી ચીજ સરળતાથી ના મળી એટલે છેતરીને મેળવવાનો પ્રયત્ન કરે. જે ચીજ જોઇએ તેટલી માત્રામાં ના મળે એટલે લોભ આવીને ઊભો રહેશે. (પેજ ૭૬) |

# પ્રવચન-૭ : પ્રશ્ન-ઉત્તર રૂપે. પરમાર્થજ્ઞાનનું બીજ

| | |
|---|---|
| પ્ર.-૧૫૮ | **સમ્યગ્દર્શન થવાથી ચેતનામાં શું ફેરફાર થાય છે ?** |
| ઉ.-૧૫૮ | સમ્યગ્દર્શનથી ચેતનામાં રૂપાંતરણ થાય છે, સમગ્ર ચેતના આમૂલાગ્ર પલટાઇ જાય છે અને એ બિંદુથી સાધનાની શરૂઆત થાય છે. સંપૂર્ણપણે મોહજય કરીને અનંત જ્ઞાન - અનંત દર્શન - અનંત ચારિત્ર્ય - અનંત વીર્ય એ ચૈતન્યનો આત્માનો પોતાનો અખૂટ ખજાનો જે છે તે મેળવે છે. (પેજ ૮૩) |
| પ્ર.-૧૫૯ | **સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી આત્માને કયું સ્થાન મળે છે?** |
| ઉ.-૧૫૯ | સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી આત્માને<br>सिवं (शिवं) = નિરુપદ્રવ<br>अयलं (अचलं) = અચલ-સ્થિર<br>अरुअं (अरुजम्) = રોગ રહિત<br>अणंतं (अणंतं) = અનંત<br>अक्खयं (अक्षयं) = અક્ષય<br>अव्वाबाहं (अव्याबाधं) = બાધારહિત<br>अपुणराविति (अपुनरावृत्ति) = જ્યાંથી પાછું ફરવું ન પડે<br>सिद्धिगइ नामधेयं ठाणं (सिद्धगति नामधेयं ठाणं) = સિદ્ધિ ગતિ નામના સ્થાનને એ આત્મા પ્રાપ્ત કરે છે.<br>જે પોતાનામાં જ હતું અને પ્રગટ થયું છે.<br>(પેઇજ ૮૩) |
| પ્ર.-૧૬૦ | **જ્ઞાન વિષે અમૃતચન્દ્રાચાર્ય શું કહે છે ?** |
| ઉ.-૧૬૦ | ૧. જ્ઞાન નિષ્ક્રિય નથી - જ્ઞાન સક્રિય છે<br>૨. જ્ઞાન નિર્બળ નથી - જ્ઞાનમાં સામર્થ્ય છે.<br>૩. જ્ઞાન શક્તિહીન નથી - જ્ઞાન શક્તિથી ભરેલું છે.<br>(પેજ ૮૩) |
| પ્ર.-૧૬૧ | **જે જ્ઞાન જીવનમાં પરિવર્તન નથી લાવતું તે જ્ઞાનને શું કહેવાય ?** |
| ઉ.-૧૬૧ | જે જ્ઞાન જીવનમાં પરિવર્તન નથી લાવતું તે જ્ઞાનને<br>શુષ્ક જ્ઞાન \| વાચા જ્ઞાન \| વાણી જ્ઞાન \| શબ્દ જ્ઞાન<br>કહી શકાય. (પેજ ૮૩) |
| પ્ર.-૧૬૨ | **કયા જ્ઞાનને નિરર્થક જ્ઞાન ગણવું ?** |
| ઉ.-૧૬૨ | પરબ્રહ્મની પ્રાપ્તિ જે દ્વારા ન થાય તે જ્ઞાન નિરર્થક છે. (પેજ ૮૩) |

**પ્ર.-૧૬૩ જ્ઞાન પ્રાપ્ત થયા પછી કઇ અલૌકિક ઘટના બને છે ?**

ઉ.-૧૬૩ જેવું જ્ઞાન એટલે કે પરમાર્થ જ્ઞાન પ્રાપ્ત થાય છે તેવી બે અલૌકિક ઘટના બને છે અને તે બન્ને ઘટના એકી સાથે બને છે.

<table>
<tr><td rowspan="7">ઘટના ૧</td><td colspan="3">જ્ઞાન નીચેના કામો કરે છે.</td></tr>
<tr><td>૧.</td><td>જ્ઞાન સમગ્ર જ્ઞેયો તરફ</td><td rowspan="6">જતી વૃત્તિને-ઉપયોગને-ચેતનાની ધારાને એ જ્યાંથી ઊઠે છે તે જ્ઞાતા તરફ ખેંચી જાય છે અને તેને જ્ઞાતામાં ઠેરવવાનું કામ કરે છે. (પેજ ૮૪)</td></tr>
<tr><td>૨.</td><td>જ્ઞાન સમગ્ર આત્માથી ભિન્ન દ્રવ્યો તરફ</td></tr>
<tr><td>૩.</td><td>જ્ઞાન સમગ્ર વિભાવ તરફ</td></tr>
<tr><td>૪.</td><td>જ્ઞાન સમગ્ર વિભાવના કાર્યો તરફ</td></tr>
<tr><td>૫.</td><td>જ્ઞાન સમગ્ર વિભાવની પરિણતિ તરફ</td></tr>
<tr><td>૬.</td><td>જ્ઞાન સમગ્ર જગતના દ્વન્દ્વો તરફ</td></tr>
<tr><td>ઘટના ૨</td><td colspan="3">વૈરાગ્ય બહારનું કામ કરે છે - એ સંસાર તરફ જવા દેતું નથી. (પેજ ૮૪)</td></tr>
</table>

**પ્ર.-૧૬૪ જ્ઞાનનું સામર્થ્ય શું છે?**

ઉ.-૧૬૪ જ્ઞાન સ્વરૂપમાં સ્થિર કરે છે. જ્ઞાન સ્વરૂપમાં ઠારે છે. આ જ્ઞાનનું સામર્થ્ય છે. (પેજ ૮૪)

**પ્ર.-૧૬૫ જીવનમાં જ્ઞાન પ્રાપ્ત થયા પછી કેવા પ્રકારની સ્પષ્ટતા આવે છે ?**

ઉ.-૧૬૫ જ્ઞાન કામ કરે છે ત્યારે નીચેની સ્પષ્ટતા આપે છે. જે આત્મસિધ્ધિશાસ્ત્રની નીચેની ગાથાઓમાં વર્ણવી છે.

| | |
|---|---|
| ગાથા નં. ૧૩૯ | **મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;<br>તે કહીએ જ્ઞાની દશા, બાકી બીજુ ભ્રાંત.** |
| ગાથા નં. ૧૪૦ | **સકલ જગત છે એંઠ વત, અથવા સ્વપ્ન સમાન;<br>તે કહીએ જ્ઞાની દશા, બાકી બીજું ભ્રાંત.** |
| ગાથા નં. ૧૧૭ | **શુદ્ધ બુદ્ધ ચૈતન્ય ધન, સ્વયં જ્યોતિ સુખ ધામ;<br>બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.** |
| ગાથા નં. ૧૧૪ | **કોટી વર્ષનું સ્વપ્ન, જાગૃત થતાં સમાય;<br>તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય.** |

(પેજ ૮૪)

| | |
|---|---|
| પ્ર.-૧૬૬ | **જ્ઞાન જો સ્વરૂપમાં સ્થિર કરવાનું કામ ન કરે તો શું બની જાય છે ?** |
| ઉ.-૧૬૬ | જ્ઞાન જો સ્વરૂપમાં સ્થિર કરવાનું કામ ન કરે તો બોજો બની જાય છે. મૈસુરના જંગલમાંથી સુખડીયાઓ બાવનાચંદન નામના લાકડા કાપીને ગધેડા ઉપર નાખીને મૈસુરના મહેલમાં પહોંચાડે છે. તે વખતે ગધેડાને પૂછવામાં આવ્યું કે ''દોસ્ત, તને સુગંધ આવી ?'' ત્યારે ગધેડો કહે છે કે ''સાહેબ, અમે તો ભારને વહન કરનારા-સુગંધની અમને ખબર ન પડે.'' જેમ આ ગધેડો ફક્ત ભારનું વહન કરનારો છે – તે સુગંધનો ભાગીદાર બનતો નથી તેમ જેને સ્વાનુભવની સુગંધ નથી અનુભવાતી તે ફક્ત શાસ્ત્રોનો ભાર વહન કરનારો છે. (પેજ ૮૫) |
| પ્ર.-૧૬૭ | **જ્ઞાનનો ઉપયોગ શું?** |
| ઉ.-૧૬૭ | જ્ઞાન ભાર વહન કરવા માટે, જ્ઞાન સંગ્રહ કરવા માટે, જ્ઞાન બીજાને બતાવવા માટે, જ્ઞાન અમે કેવાં જ્ઞાની છીએ તે બતાવવા માટે નથી. આત્માને, નવ તત્ત્વને, દ્રવ્યને, પર્યાયને, કર્મબદ્ધ પર્યાયને, સ્વભાવને, વિભાવને, સ્વને, પરને બધાને જાણ્યું, જાણ્યું, જાણ્યું, જાણ્યું અને જાણ્યું. પણ વૃત્તિ ક્યાં છે તે જાણી ? જ્ઞાનનો ઉપયોગ વૃત્તિઓને પર દ્રવ્ય તરફ ઢળવાનું ટળે તે માટે છે. ડુંગર ઉપર ચડવું હોય તો ભારે મહેનત કરવી પડે પણ નીચે ઊતરવું હોય તો કુદરત તમને નીચે તાણી લાવે છે. વૃત્તિઓને પર દ્રવ્ય તરફ લઇ જવામાં મહેનત નથી કરવી પડતી પણ ત્યાંથી વૃત્તિઓને ઉઠાવીને સ્વરૂપ તરફ લઇ જવી હોય તો પ્રચંડ પુરુષાર્થ કરવો પડે છે. |
| પ્ર.-૧૬૮ | **મુમુક્ષુએ કઇ બે પ્રક્રિયા ૨૪ કલાક-નિરંતર કરવા જેવી છે ?** |
| ઉ.-૧૬૮ | **પ્રક્રિયા ૧** : મુમુક્ષુએ પોતાની વૃત્તિને બરાબર જાણવી.<br>**પ્રક્રિયા ૨** : અને એ જાણ્યા પછી તે બહાર જતી હોય ત્યાંથી પાછી વાળીને સ્વરૂપમાં ઠેરવવા જેવી છે.<br>ધીરે ધીરે જ્ઞાનનું સામર્થ્ય, ચારિત્ર્યનું સામર્થ્ય, તપનું સામર્થ્ય, ધ્યાનનું સામર્થ્ય, સત્સંગનું સામર્થ્ય, મુમુક્ષુના પરિચયનું સામર્થ્ય અને વૈરાગ્યનું સામર્થ્ય પ્રાપ્ત કરીને પોતાની વૃત્તિ તીક્ષ્ણ બુદ્ધિ દ્વારા – પ્રજ્ઞા દ્વારા બહાર જતી વાળીને ''**આત્મસંસ્થં મનઃ કૃત્વા**'' – પોતાના સ્વરૂપમાં ઠેરવવી'. જ્ઞાન સ્વરૂપ તરફ ખેંચી જાય છે એ અંદરનું કામ થયું અને વૈરાગ્ય જ્ઞાનને જગતમાં જવા દેતું નથી, એ બહારનું કામ થયું – આ બે જ પ્રક્રિયા જીવનમાં કરવા જેવી છે. (પેજ ૮૫) |
| પ્ર.-૧૬૯ | **પરમાર્થ જ્ઞાનની વ્યાખ્યા શું છે ?** |
| ઉ.-૧૬૯ | જ્ઞાનનું સામર્થ્ય, ચારિત્ર્યનું સામર્થ્ય, તપનું સામર્થ્ય, ધ્યાનનું સામર્થ્ય, સત્સંગનું સામર્થ્ય, મુમુક્ષુના પરિચયનું સામર્થ્ય અને વૈરાગ્યનું સામર્થ્ય પ્રાપ્ત કરીને પોતાની વૃત્તિને તીક્ષ્ણ બુદ્ધિ દ્વારા – પ્રજ્ઞા દ્વારા – બહાર જતી વાળીને પોતાના સ્વરૂપમાં ઠેરવવાનું કામ જ્ઞાન કરશે તેને કહેવાય છે પરમાર્થ જ્ઞાન. (પેજ ૮૫) |

**પ્ર.-૧૭૦ જ્ઞાન અને વૈરાગ્યના શું શું કામો છે ?**

ઉ.-૧૭૦ જ્ઞાન અંદરના કામો કરે છે. અને વૈરાગ્ય બહારના કામો કરે છે.

| જ્ઞાન નીચેના અંદરના કામો કરે છે. | | |
|---|---|---|
| ૧. | જ્ઞાન સમગ્ર જ્ઞેયો તરફ | જતી વૃત્તિને-ઉપયોગને-ચેતનાની ધારાને એ જ્યાંથી ઊઠે છે તે જ્ઞાતા તરફ ખેંચી જાય છે અને તેને જ્ઞાતામાં ઠેરવવાનું કામ કરે છે. (પેજ ૮૬) |
| ૨. | જ્ઞાન સમગ્ર આત્માથી ભિન્ન દ્રવ્યો તરફ | |
| ૩. | જ્ઞાન સમગ્ર વિભાવ તરફ | |
| ૪. | જ્ઞાન સમગ્ર વિભાવના કાર્યો તરફ | |
| ૫. | જ્ઞાન સમગ્ર વિભાવની પરિણતિ તરફ | |
| ૬. | જ્ઞાન સમગ્ર જગતના દ્વન્દ્વો તરફ | |

| વૈરાગ્ય નીચેના બહારના કામો કરે છે. | | |
|---|---|---|
| ૧. | વૈરાગ્ય બહારમાં જે અનિત્ય છે તે તરફ | જતી વૃત્તિને- ઉપયોગને- ચેતનાને રોકે છે (પેઇજ ૮૬) |
| ૨. | જે અશરણ છે તે તરફ | |
| ૩. | જે નાશવંત છે તે તરફ | |
| ૪. | જે અન્ય છે તે તરફ | |
| ૫. | જે અશુચિથી ભરેલું છે તે તરફ | |

**પ્ર.-૧૭૧ જ્ઞાનનું માપ કઇ રીતે કાઢી શકાય છે ?**

ઉ.-૧૭૧ જ્ઞાનનું માપ કાઢતી વખતે થર્મોમીટર લગાડવું કે કેટલો ઉપયોગ બહાર જતા પાછો વળ્યો છે ? (પેજ ૮૭)

**પ્ર.-૧૭૨ પરમાર્થ જ્ઞાનની હાજરીમાં શું થાય ?**

ઉ.-૧૭૨ હવે પછી જગતના પદાર્થો પ્રત્યે એને તીવ્ર સ્નેહ રહેતો નથી અને સ્નેહ ન રહેવાના કારણે તીવ્ર ક્રોધ-તીવ્ર અહંકાર-તીવ્ર માયા-તીવ્ર લોભ નથી થતો. (પેજ ૮૭)

**પ્ર.-૧૭૩ ભ્રાંતિ ક્યારે ભાસે છે ?**

ઉ.-૧૭૩ સૌરાષ્ટ્રની ભોગાવો નદીનો કાંઠો હોય - વૈશાખનો બપોર હોય - ૧૨ વાગ્યા હોય - અને અંદરમાં તરસ લાગી હોય ત્યારે દૂર દૂર નજર નાખો તો નદી દેખાય છે. જેમ નજીક જતાં જાવ તેમ નદી નજીક દેખાતી નથી પણ પહેલા જેટલી જ દૂર દેખાય છે. નદી છે નહીં પણ દેખાય છે, આ ઘટનાને ભ્રાન્તિ કહેવાય છે. આ રીતે સંસારમાં સુખ તો નથી પણ સુખની ભ્રાન્તિ છે. સુખ ભ્રાન્તિગત છે પણ મોહના કારણે સમજાતું નથી. પરમાર્થ જ્ઞાન થાય ત્યારે જ ભ્રાન્તિ ભાસે છે. (પેજ ૮૯)

| | |
|---|---|
| પ્ર.-૧૭૪<br>ઉ.-૧૭૪ | **જ્ઞાનીઓ-સંતો પ્રત્યે માહાત્મ્ય થયું તેની કસોટી શું છે ? પરમાર્થ જ્ઞાની પુરુષનો નિશ્ચય-સ્વીકાર થયો છે તેની કસોટી શું છે ?**<br>તેને જગતના પદાર્થોનું માહાત્મ્ય ન રહે. કોઇ જ્ઞાનના આવરણના કારણે સૂક્ષ્મ જ્ઞાન કદાચ ન થાય તો પણ જ્ઞાનીપુરુષની શ્રદ્ધા (એટલે માન્યતા નહીં પણ શ્રદ્ધા એટલે રુચિ) જ્ઞાનીપુરુષને સંમત એ પોતાને સંમત. (પાનુ ૯૦) |
| પ્ર.-૧૭૫<br>ઉ.-૧૭૫ | **સાધકને કેટલા જ્ઞાનની જરુર છે ?**<br>શાસ્ત્રો જરુરી છે પણ ખીચડી પાકે તેટલા જ પાણી જેટલું જ્ઞાન જરૂરી છે. ૫૦૦ ગ્રામ ખીચડી પકાવવી હોય અને મોટી કડાઇ ભરીને પાણી મૂકો તો શું થાય ? તેમ જ્ઞાનની જરૂર છે પણ અંદરથી આત્મા પરિપકવ થાય તેટલા જ્ઞાનની જરૂર છે (મોટી કડાઇ જેટલા પાણીની નહીં.) (પેજ ૯૦) |
| પ્ર.-૧૭૬<br>ઉ.-૧૭૬ | **જ્ઞાની પુરુષો પ્રત્યેની શ્રદ્ધામાં શું છૂપું છે ?**<br>જેમ બીજમાંથી આખો વડલો આવે છે પણ બીજમાં કાંઇ દેખાતું નથી પણ બીજના પેટમાં બધું છુપાયેલું છે એમ જ્ઞાનીપુરુષો પ્રત્યેની શ્રદ્ધા એ બીજ છે, તેમાં આખું મોક્ષવૃક્ષ છુપાયેલું છે. જ્ઞાનીપુરુષો પ્રત્યેની શ્રદ્ધા એ પરમાર્થ છે અને તેથી સમગ્ર મોક્ષની પ્રક્રિયા જ્ઞાનીપુરુષના સ્વીકારમાં છે. (પેજ ૯૧) |
| પ્ર.-૧૭૭<br>પ્ર.-૧૭૭ | **ગજસુકુમાલની માતા શું કહે છે ?**<br>ગજસુકુમાલની માતા કહે છે કે તું નેમિનાથના ચરણમાં જઇને એવી સાધના કરજે કે કોઇ માને હવે ન રોવડાવવી પડે અર્થાત્ જન્મ લેવો ન પડે. જગત જ્યોતિષીને મરણ વિશે પૂછે છે કારણ કે જગતને મરણની ચિંતા છે. જ્યારે જ્ઞાની જન્મ લેવો ન પડે તેની ચિંતા કરે છે. (પેજ ૯૨) |
| પ્ર.-૧૭૮<br>ઉ.-૧૭૮ | **અસદ્ ગુરુ-દેવ-ધર્મને ભજવાથી શું થાય ?**<br>પરમાર્થને નામે પણ ભ્રાંતિગત પરિણામે એટલે કે નામ પરમાર્થનું પણ (પરમાર્થના સ્વરૂપને સમજવામાં ભ્રાંતિ) ભ્રાંતિગત પરિણામે જે જીવ અસદ્ ગુરુ-અસદ્ દેવ-અસદ્ ધર્મને ભજે છે તે જીવને ઘણું કરીને અનંતાનુબંધિ ક્રોધ-માન-માયા-લોભ થાય છે. (પેજ ૯૨) (શ્રીમદ્ રાજચન્દ્ર-વચનામૃત ક્રમાંક ૪૫૯.) |
| પ્ર.-૧૭૯<br>ઉ.-૧૭૯ | **અનંતાનુબંધિનો ઢાંચો-સ્ટ્રકચર કેમ સમજવો ?**<br>અનંતાનુબંધિનું સ્ટ્રકચર અલૌકિક છે. પરમાર્થને નામે - ભ્રાન્તિના પરિણામે - અસદ્ગુરુ - અસદ્દેવ - અસદ્ધર્મ - એને જો ભજે છે તો તે જીવને પ્રાયે કરીને અનંતાનુબંધિ ક્રોધ - અનંતાનુબંધિ માન -અનંતાનુબંધિ માયા - અનંતાનુબંધિ લોભ થાય છે. કારણ કે બીજી સંસારની ક્રિયાઓ ઘણું કરીને અનંત અનુબંધ કરવાવાળી નથી. એક માત્ર પરમાર્થની ભ્રાંતિને કારણે અપરમાર્થને પરમાર્થ જાણી એના આગ્રહે જીવ ભજ્યા કરે છે તેને અમે અનંતાનુબંધિ કષાય કહીએ છીએ (પેજ ૯૨). (શ્રીમદ્ રાજચન્દ્ર-વચનામૃત ક્રમાંક ૪૫૯.) |

| | |
|---|---|
| પ્ર.-૧૮૦<br>ઉ.-૧૮૦ | **અનંતાનુબંધી કષાયથી શું ગેરફાયદો થાય ?**<br>અનંતાનુબંધી કષાય સમ્યક્ત્વને રોકનાર છે. |
| પ્ર.-૧૮૧<br>ઉ.-૧૮૧ | **અપરમાર્થને પરમાર્થ ગણવાથી શું થાય ?**<br>અનંતાનુબંધી કષાય થાય છે અને અનંતાનુબંધિ કષાય સમ્યકત્વને-મોક્ષને રોકનાર છે. (પેજ ૯૨). (શ્રીમદ્ રાજચન્દ્ર-વચનામૃત ક્રમાંક ૪૫૯.) |
| પ્ર.-૧૮૨<br>ઉ.-૧૮૨ | **અનંતાનુબંધી કષાયને પોષણ કોણ આપે છે ?**<br>અનંતાનુબંધી કષાયને પોષણ આપનાર મિથ્યાત્વ છે. મિથ્યાત્વ એ પરમાર્થજ્ઞાની એવા પુરુષ પ્રત્યે-પરમાર્થજ્ઞાની એવા દેવ પ્રત્યે-પરમાર્થ એવા ધર્મ પ્રત્યે નિરાદર છે એમ કહેવામાં ઘણું કરીને યથાર્થ છે એટલે કે પરમાર્થનો આદર નથી. (પેજ ૯૨) (શ્રીમદ્ રાજચન્દ્ર-વચનામૃત ક્રમાંક ૪૫૯) |
| પ્ર.-૧૮૩<br>ઉ.-૧૮૩ | **પરમાર્થજ્ઞાની નથી એના સંગથી શું થાય?**<br>પરમાર્થજ્ઞાની નથી એવા પુરુષના માઠા સંગથી તેની (જીવની) સંસારની વાસના પરિચ્છેદ નહીં થતી હોવાં છતાં પરિચ્છેદ માની પરમાર્થ પ્રત્યે ઉપેક્ષક રહે છે અને તે જ અનંતાનુબન્ધી ક્રોધ - અનંતાનુબન્ધી માન - અનંતાનુબન્ધી માયા - અનંતાનુબન્ધી લોભનો આકાર છે. (પેજ ૯૨) શ્રીમદ્ રાજચન્દ્ર - વચનામૃત ક્રમાંક ૪૫૯) |
| પ્ર.-૧૮૪<br>ઉ.-૧૮૪ | **સમકિત એ શેની સાધના છે ? તેને માટે બીજું શું જોઇએ ?** |

| ક્રમ | સમકિત શેની સાધના છે તે નીચે દર્શાવ્યું છે. | તે સાધના માટે બીજું શું શું જોઇશે તે નીચે દર્શાવ્યું છે. |
|---|---|---|
| ૧. | સમકિત એ ભાવની સાધના છે. | તેના માટે હૃદય જોઇએ. |
| ૨. | સમકિત એ વિચારની સાધના છે. | તેના માટે મન જોઇએ. |
| ૩. | સમકિત એ ઉપયોગની સાધના છે. | તેના માટે જ્ઞાન જોઇએ. |
| ૪. | સમકિત એ શુદ્ધોપયોગની સાધના છે. | તેના માટે જ્ઞાન+વિશુદ્ધ લેશ્યા જોઇએ. |
| ૫. | સમકિત એ શ્રદ્ધાની સાધના છે. | તેના માટે પ્રજ્ઞા જોઇએ. |
| ૬. | સમકિત એ સ્વાનુભવની સાધના છે. | તેના માટે અંતરકરણની પ્રક્રિયા જોઇએ. |
| ૭. | સમકિત એ આધ્યાત્મિક ઘટના છે. | તેના માટે આત્મદ્રવ્યનો આધાર-આલંબન જોઇએ. |
| ૮. | સમકિત એ અતીન્દ્રિય ઘટના છે. | ભૌતિક સાધનોની પેલી પાર જવું જોઇએ. |

# પ્રવચન-૮ : પ્રશ્ન-ઉત્તર રૂપે. સાધકની પૂર્વભૂમિકા

| | |
|---|---|
| પ્ર.-૧૮૫<br>ઉ.-૧૮૫ | **આપણે કઇ ભાષા જાણીએ છીએ ?**<br>હજુ પણ આપણે knowingની ભાષા જાણી શકતા નથી પણ doingની ભાષા જાણી શકીએ છીએ. કરવાની વાત કરો તો ખ્યાલ આવે પણ જાણવાની વાત જો કરીએ તો આપણને ખ્યાલ ઓછો આવે છે. કરવું સહેલું છે. કરતાં કરતાં ધીમે ધીમે ટેવ બની જાય, રુટીન મુજબ થાય. બીજી બધી ટેવો કરતાં આ ટેવ સારી પણ જસ્ટ હેબીટ. તેમાંથી બહાર આવવું પડશે. (પાનુ ૯૪) |
| પ્ર.-૧૮૬<br>ઉ.-૧૮૬ | **દ્રવ્યની ખૂબી શું છે ?**<br>દ્રવ્ય પ્રત્યેક સમયે પરિણમનશીલ છે અને પર્યાય ક્રમથી આવે છે, પણ પ્રત્યેક ગુણની પોતપોતાની પર્યાય સ્વતંત્ર અને અલગ અલગ હોય છે. ભલે એક સમયની પર્યાય – ક્ષમતા એકી સાથે – પણ પર્યાયને પ્રગટવાનો ક્રમ ક્રમથી છે, ક્ષમતા સાથે હોવી અને પ્રાગટ્ય ક્રમે ક્રમે થવું તે દ્રવ્યની લીલા છે, તે દ્રવ્યની ખૂબી છે. (પેજ ૯૪-૯૫) |
| પ્ર.-૧૮૭<br>ઉ.-૧૮૭ | **આત્માની શુદ્ધ પર્યાય (સમ્યગ્દર્શન થયા) પહેલા અને પછી તેના પરિણમનમાં શું ફેર પડે?**<br>જ્યાં સુધી સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થતી નથી ત્યાં સુધી આત્માના અનંત ગુણોનું પરિણમન થતું હોવા છતાં તેની પરિણમવાની ચાલ વિભાવ રૂપે હોય છે. સમ્યગ્દર્શન થતાંની સાથે જ એના પરિણમનની ચાલ સ્વભાવરૂપ થઇ જાય છે. (પાનું ૯૫) |
| પ્ર.-૧૮૮<br>ઉ.-૧૮૮ | **સમ્યગ્દર્શન કામ શું કરે છે ?**<br>જ્ઞાન ગુણ શુદ્ધ થાય છે. ચારિત્ર્ય ગુણ શુદ્ધ થાય છે. વીર્ય ગુણ શુદ્ધ થાય છે. અગુરુલઘુ ગુણ શુધ્ધ થાય છે. અક્રિય ગુણ શુદ્ધ થાય છે. એના તમામ ગુણો શુદ્ધ થાય છે. (પાનું ૯૫) |
| પ્ર.-૧૮૯<br>ઉ.-૧૮૯ | **આત્માનું લક્ષણ શું છે ?**<br>તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં કહ્યું છે કે ઉપયોગ એ આત્માનું લક્ષણ છે. (પાનું ૯૬) |
| પ્ર.-૧૯૦<br>ઉ.-૧૯૦ | **આત્મામાં કઇ કઇ પ્રક્રિયાઓ થાય છે ?**<br>આત્મા તો બે જ કામ કરે છે. જોવું અને જાણવું. જોવું એટલે દર્શન અને વિશેષ પ્રકારે જાણવું એટલે જ્ઞાન. (પાનું ૯૬) |
| પ્ર.-૧૯૧<br>ઉ.-૧૯૧ | **આત્માની મુખ્ય ધારા કઇ છે ?**<br>આત્માની મુખ્ય ધારા એ જ્ઞાનની ધારા છે માટે આત્મા જ્ઞાતા છે. જ્ઞાન એનો સ્વભાવ છે અને જ્ઞાતામાંથી જે ધારા ઊઠે છે તેને કહેવાય છે જ્ઞાન. (પાનું ૯૬) |
| પ્ર.-૧૯૨<br>ઉ.-૧૯૨ | **કયા લક્ષણથી આત્મા બીજા દ્રવ્યોથી જુદો પડે ?**<br>તમામ દ્રવ્યોથી આત્માને છૂટો પાડવો હોય અને એ લક્ષણ બીજા કોઇ દ્રવ્યમાં ન હોય તેવું કોઇ પણ લક્ષણ કહેવું હોય તો એ લક્ષણ છે જ્ઞાન. (પાનું ૯૬) |
| પ્ર.-૧૯૩<br>ઉ.-૧૯૩ | **જ્ઞાન એ શું છે અને તે કયાં હોય છે ?**<br>જ્ઞાન એ આત્માની શક્તિ છે – જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે અને આ જ્ઞાન અનંત છે. સૂક્ષ્મ એકેન્દ્રિય અપર્યાપ્તો નિગોદીયો જીવ હોય તેની પાસે પણ અનંત જ્ઞાન છે. જેટલું જ્ઞાન કેવળ જ્ઞાનીને, સિદ્ધ અવસ્થામાં પ્રગટ થયું છે તેટલું જ્ઞાન લબ્ધિ અપર્યાપ્તા નિગોદીયા જીવમાં છે પણ તિરોભૂત છે. (પાનું ૯૬) |

| | |
|---|---|
| પ્ર.-૧૯૪<br>ઉ.-૧૯૪ | **કર્મો શું કામ કરે છે ?**<br>કર્મનું કામ આવરણ કરવાનું છે. કર્મ તમારું કાંઇ લઇ લેતું નથી. આકાશમાં સૂર્ય ઊગ્યો છે પણ વાદળા આડે ઢંકાઇ ગયો છે. વાદળા જેમ આવરણ કરે છે તેમ કર્મો આવરણ કરે છે. (પાનું ૯૬) |
| પ્ર.-૧૯૫<br>ઉ.-૧૯૫ | **કર્મો બાંધવાની પ્રક્રિયા કોણ કરે છે ?**<br>કર્મો જે આવરણ કરે છે તે કર્મોના કારણે કરતા નથી પણ જીવની પોતાની ભૂલને કારણે થાય છે. કર્મો એમને એમ આવીને પડતા નથી. (પાનું ૯૬) |
| પ્ર.-૧૯૬<br>ઉ.-૧૯૬ | **આત્માને કેટલી શક્તિઓ છે ?**<br>આત્માને બે શક્તિઓ છે. આત્મા કર્મોને બાંધી પણ શકે છે અને કર્મોને તોડી પણ શકે છે. (પાનું ૯૭) |
| પ્ર.-૧૯૭<br>ઉ.-૧૯૭ | **જૈન દર્શન પ્રમાણે સાધના શું છે ?**<br>જૈન દર્શનની સમગ્ર સાધના એ શુદ્ધ ઉપયોગની સાધના છે, ફિલ્ટર કરવાની સાધના છે. પાણીમાં જે બીજું ભળ્યું છે તે દૂર કરવાનું કામ કરવાનું છે, પાણી નવું નથી લાવવાનું. ચૈતન્યમાં જે બીજું ભળ્યું છે તે શુદ્ધ કરવાની સાધના છે, શુદ્ધોપયોગની સાધના છે. ઉપયોગ એટલે જ્ઞાન, ઉપયોગ એટલે જ્ઞાનની ધારામાં જે બીજું બધું ભળે છે તેને ભળવા ન દેવું અને જે ભળી ગયું છે તે દૂર કરવું. આ આધ્યાત્મિક ઘટના છે. આ આંતરિક ઘટના છે - આ અતીન્દ્રિય ઘટના છે. સમ્યગ્દર્શન તે આ ઘટના છે. (પાનું ૯૭) |
| પ્ર.-૧૯૮<br>ઉ.-૧૯૮ | **સૌથી પ્રથમ જે સમ્યગ્દર્શન થાય તે કયા નામથી ઓળખાય છે?**<br>અનાદિ મિથ્યાદષ્ટિને સૌથી પ્રથમ જે સમ્યગ્દર્શન થાય તે ઉપશમ સમ્યગ્દર્શન જ થાય. (પાનું ૯૭) |
| પ્ર.-૧૯૯<br>ઉ.-૧૯૯ | **ઉપશમ સમ્યગ્દર્શનની ઘટનાનો કાળ કેટલો હોય છે?**<br>ઉપશમ સમ્યગ્દર્શનની ઘટનાનો વધારેમાં વધારે કાળ અંતર્મુહૂર્ત જેટલો હોય છે. (પાનું ૯૭) |
| પ્ર.-૨૦૦<br>ઉ.-૨૦૦ | **સમ્યગ્દર્શનની ઘટના ક્યારે ઘટે છે ?**<br>સમ્યગ્દર્શનની ઘટના કરણલબ્ધિમાં ઘટે છે અને તેમાં ત્રણ કરણો છે. (૧) ચરમ યથાપ્રવૃત્તિકરણ, (૨) અપૂર્વકરણ, (૩) અનિવૃત્તિ કરણ પછીના અંતરકરણના કાળમાં ઘટે છે. (પાનું ૯૭) |
| પ્ર.-૨૦૧<br>ઉ.-૨૦૧ | **અંતર્મુહૂર્તના કેટલા પ્રકારો છે ?**<br>અંતર્મુહૂર્તના થોડા પ્રકારો નીચે મુજબના છે.<br>૧. જઘન્ય અંતર્મુહૂર્ત<br>૨. મધ્યમ અંતર્મુહૂર્ત<br>૩. ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત (પાનું ૯૭) |
| પ્ર.-૨૦૨<br>ઉ.-૨૦૨ | **સમ્યગ્દર્શન પામવાની આરાધનાના આતંરિક અને બહિરંગ સાધનો કયા કયા છે?**<br>એ સમગ્ર આરાધના વિચારની સાધના છે - ભાવની સાધના છે. તેના બે પ્રકારના સાધનો છે. |

| બહિરંગ સાધન | આંતરિક સાધન |
|---|---|
| આ જગતના બહિરંગ સાધનોમાં મન બુદ્ધિ અને હૃદય તેના જરૂરી સાધનો છે. | પણ શાસ્ત્રોનું કહેવું છે કે સમ્યગ્દર્શનની સમગ્ર પ્રક્રિયામાં ખરેખરું આંતરિક સાધન તો એક જ હોય અને તે માત્ર ભેદવિજ્ઞાન અથવા પ્રજ્ઞા છે. બીજું કોઇ સાધન ન હોઇ શકે. |

(પાનું ૯૮)

**પ્ર.-૨૦૩ ભેદવિજ્ઞાન કે પ્રજ્ઞા શું છે અને શું કામ કરે છે ?**

ઉ.-૨૦૩ પ્રજ્ઞા માત્ર અંતરંગ સાધન છે. નિશ્ચયની અપેક્ષાએ અંદરનું સાધન-અંતરંગ સાધન-થ્રુ આઉટ પહેલેથી છેલ્લા સુધીનું સાધન - એ માત્ર પ્રજ્ઞા છીણી છે. એ સાધન છે, પ્રજ્ઞા છે જે જુદા પાડી આપે છે કે આ તારું અને આ તારું નહીં. આ ચૈતન્ય અને આ પુદ્ગલ. (પાનું ૯૮)

**પ્ર.-૨૦૪ સમ્યગ્દર્શન મેળવવાની પૂર્વ તૈયારીમાં શું શું કરવું પડશે?**

ઉ.-૨૦૪

| | |
|---|---|
| ૧. | સમ્યગ્દર્શન પ્રત્યે પ્રેમ કેળવવો પડશે (વધુ વિગત માટે જુઓ ઉત્તર ૨૦૫) |
| ૨. | સમ્યગ્દર્શન પ્રત્યે અભિપ્સા કેળવવી પડશે (વધુ વિગત માટે જુઓ ઉત્તર ૨૦૬) |
| ૩. | પોતાનું અંતઃકરણ (ચિત-મન) શુદ્ધ કરવું પડશે, જે ચાર પ્રક્રિયામાં થાય છે (વધુ વિગત માટે જુઓ ઉત્તર ૨૦૮લ ૨૦૯ અને ૨૧૯) |
| ૪. | પોતાનો ઉપયોગ શુદ્ધ કરવો પડશે. જેના ૪ પ્રકારો જાણવા અને તે ચારેયને શુદ્ધ કરવાના ઉપાયો જાણવા પડશે (વધુ વિગત માટે જુઓ ઉત્તર ૨૨૦ અને ૨૨૧) |
| ૫. | સમ્યગ્દર્શન સાચવવાની પાત્રતા કેળવવી પડશે અને તેના ૧૪ પ્રકારો જાણવા પડશે (વધુ વિગત માટે જુઓ ઉત્તર ૨૨૩) |

(પેજ ૯૮)

**પ્ર.-૨૦૫ સમ્યગ્દર્શન પ્રત્યે પ્રેમ કેવી રીતે કેળવવો ?**

ઉ.-૨૦૫ સમ્યગ્દર્શન વિષે પ્રેમ કેળવવા માટે

| | |
|---|---|
| ૧. | પ્રેમ-ભક્તિ-એકાગ્રતા પૂર્વક શ્રવણ કરવું - એટલે માહાત્મ્ય આવે. |
| ૨. | માહાત્મ્ય આવે - એટલે વિચાર દશામાં જશે. |
| ૩. | વિચારદશામાં જશે - એટલે અંતસ્થલમાં પ્રવેશ કરશે. |

(પેજ ૯૮-૯૯)

**પ્ર.-૨૦૬ સમ્યગદર્શન મેળવવાની તીવ્ર ઇચ્છાને શું કહે છે?**

ઉ.-૨૦૬ સમ્યગ્દર્શન મેળવવા માટેની તીવ્ર ઇચ્છાને અભિપ્સા - ઝંખના - તાલાવેલી - ધકના અસહ્ય ટળમળ પણ કહે છે (પેજ - ૯૯)

| | |
|---|---|
| પ્ર.-૨૦૭<br>ઉ.-૨૦૭ | **સમકિત પ્રાપ્ત થયા પહેલા (જેમ સૂર્ય ઉગ્યા પહેલાં અરુણોદય થાય છે તેમ) શું થાય છે?**<br>કામવાસનામાં ગળાડૂબ ડૂબેલા માણસને કામપાત્ર મેળવવા માટે જે વેદના છે એના કરતાં અનંતગણી વેદના અંદરમાં જાગે છે તેને કહેવાય છે ઝંખના. સમ્યગ્દર્શન થયું નથી પણ ઝંખના-વેદના-તાલાવેલી જાગી છે. કોઇ પણ રીતે અનુભૂતિ કરવી જ છે કરવી જ છે, જે કિંમત ચૂકવવી પડે તે કિંમત ચૂકવવી છે પણ અનુભૂતિ કરવી જ છે એવી તાલાવેલી - એવી અભિલાષા અંદરમાં જાગવી તે સમકિત પહેલાનો અરુણોદય છે (પેજ ૯૯) |
| પ્ર.-૨૦૮<br>ઉ.-૨૦૮ | **અંતઃકરણ (ચિત્ત-મન) શું કામ કરે છે ? શું ભાગ ભજવે છે ?**<br>અંતઃકરણ (ચિત્ત-મન)ને અંદરનું કરણ કહેવાય છે. તે મેનેજર જેવું કામ કરે છે. આંખે જાણ્યું, મન પાસે પહોચ્યું, કાને સાંભળ્યું, મન પાસે પહોંચ્યું. ઓફિસમાં બધા સંદેશા પહોંચે છે તે બધાનું સંકલન કરવાનું કામ અંતઃકરણ (ચિત-મન) કરે છે. (પેજ ૯૯) |
| પ્ર.-૨૦૯<br>ઉ.-૨૦૯ | **અંતઃકરણ (ચિત્ત-મન) સાધક માટે જરૂરી છે ?**<br>અંતઃકરણ (ચિત્ત-મન) સાધક માટે અમુક હદ સુધી જરૂરી છે. (પેજ ૯૯) |
| પ્ર.-૨૧૦<br>ઉ.-૨૧૦ | **''मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः'' માં શું ફેરફાર કરવો જરૂરી છે ?**<br>જૈન દર્શન એમ કહે છે કે एव (=જ) શબ્દ કાઢી નાખો. મન એ જ બંધનું કારણ છે અને મન એ જ મોક્ષનું કારણ છે એમાં एव (=જ) શબ્દ ખોટો છે. મન એ અંતિમ સત્તા નથી. (પેજ ૯૯) |
| પ્ર.-૨૧૧<br>ઉ.-૨૧૧ | **મોક્ષના કારણ માટેની અંતિમ સત્તા કોણ છે ?**<br>અંતિમ સત્તા મન નથી. સુપ્રિમ સત્તા મન નથી. આપણી પાસે ત્રણ અંગો છે. શરીર છે, જે દેખાય છે - અંદર વિચાર કરવાનું સાધન મન છે, જે પણ દેખાય છે, ઇન્દ્રિયો છે એ પણ દેખાય છે. પણ શરીર-ઇન્દ્રિય અને મન એના પર એક અંતિમ સત્તા છે, તે આત્માની સત્તા છે - તે ચેતનની સત્તા છે. (પેજ ૯૯) |
| પ્ર.-૨૧૨<br>ઉ.-૨૧૨ | **ખરેખર બંધનું કારણ શું છે ?**<br>ખરેખર તો બંધનું કારણ અને મોક્ષનું કારણ આત્મા છે, આત્મા જ બંધાય છે અને આત્મા જ મુક્ત બને છે. (પેજ ૯૯) |
| પ્ર.-૨૧૩<br>ઉ.-૨૧૩ | **ભાવમન તથા દ્રવ્યમન શું છે ?**<br>શરીર જેમ સાધન છે, વાણી જેમ સાધન છે તેમ દ્રવ્ય મન એ વિચારવા માટેનું સાધન છે. ભાવમન એ આત્માનું-જ્ઞાનનું સ્પંદન છે. ભાવમન એ મનોવર્ગણામાંથી બનેલું ઇન્સટ્રુમેન્ટ નથી. ભાવમન એ આત્મામાં થતા સંવેદનો છે. (પેજ ૧૦૦) |
| પ્ર.-૨૧૪<br>ઉ.-૨૧૪ | **બંધ થવાનો ખરેખરો આધાર શું છે ?**<br>શરીર-વાણી અને મન એ ત્રણેને યોગ કહેવાય છે અને બંધના કારણોમાં એ ત્રણે ત્રણ સાધનો અમુક હદ સુધી ઉપયોગી થઇ શકે છે પણ ખરેખરો આધાર તમારા પોતાના ભાવ પર છે. (પેજ ૧૦૦) |
| પ્ર.-૨૧૫<br>ઉ.-૨૧૫ | **મોક્ષ મેળવતા પહેલા શું કરવું પડે છે ?**<br>યશોવિજયજી મહારાજે કહ્યું કે કિંમતી ભસ્મો લેતા પહેલા આંતરડાને સ્વચ્છ કરવા પડે છે, ભીંત પર કલર કરતાં પહેલા કાચ પેપર મારીને ભીંતને સ્વચ્છ કરવી પડે છે, જમતાં પહેલા થાળીને સ્વચ્છ કરવી પડે છે, લીંપણ કરતાં પહેલા તાવેથાથી પોપડા ઉખેડવા પડે છે, |

| | |
|---|---|
| | **શુદ્ધ શ્રદ્ધાન વિન જેહ ક્રિયા કરી, છાર પર લિંપણું તેહ જાણો,**<br>**ધાર તરવારની સોહીલી, દોહીલી ચૌદમા જિન તણી ચરણ સેવા.**<br>યશોવિજયજી મહારાજે કહ્યું કે, છાર ઉપર લિંપણ ન થાય. તેમ અંતઃકરણને-ચિતને-મનને શુદ્ધ કરવું પડે છે. (પેજ ૧૦૦) |
| પ્ર.-૨૧૬<br>ઉ.-૨૧૬ | **અંતઃકરણ શુદ્ધિનું - ચિત શુદ્ધિનું - મન શુદ્ધિનું સર્વ શ્રેષ્ઠ સાધન શું છે ?**<br>અંતઃકરણ (ચિત-મન)ની શુદ્ધિનું સર્વશ્રેષ્ઠ સાધન-પ્રધાન સાધન એ નિરંતર તત્ત્વ વિચાર છે.<br>**એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,**<br>**તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા.** (પેજ ૧૦૦) |
| પ્ર.-૨૧૭<br>ઉ.-૨૧૭ | **વિચાર કરવા માટે કયું સાધન જોઇશે ?**<br>વિચાર કરશો ત્યારે મન સાધન જોઇશે. મન વિચાર કરતું નથી, પણ એ વિચાર કરવાનું સાધન છે. બરાબર સમજી લો કે જેમ આંખ જોતી નથી પણ જોવાનું સાધન છે તેમ વિચારની પ્રક્રિયા અંદરમાં થાય છે, પણ વિચારની પ્રક્રિયા વખતે જે સાધનનો ઉપયોગ થાય છે તેને અંતકરણ (ચિત-મન) કહેવાય છે. જોનાર તો ચૈતન્ય છે પણ ચૈતન્ય જોતી વખતે સ્થૂળ સ્વરૂપમાં જેના દ્વારા જોવે છે તેને કહેવાય છે આંખ. આંખ જોતી નથી, પણ એની પાર જોનારો કોઇ બેઠો છે.<br>**જે દ્રષ્ટા છે દષ્ટિનો, જે જાણે છે રૂપ,**<br>**અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવ સ્વરૂપ''** (પેજ ૧૦૦) |
| પ્ર.-૨૧૮<br>ઉ.-૨૧૮ | **અંતઃકરણ (ચિત-મન) શુદ્ધ શા માટે કરવું પડે છે ?**<br>વિચાર કરતી વખતે અંતઃકરણ (ચિત-મન)નો ઉપયોગ કરે છે તેથી તે અંતઃકરણ (ચિત-મન) શુદ્ધ હોવું જોઇએ. (પેજ ૧૦૦) |
| પ્ર.-૨૧૯<br>ઉ.-૨૧૯ | **અંતઃકરણ (ચિત્ત-મન) શુદ્ધ કઇ કઇ પ્રક્રિયાઓમાં થાય છે ? અને તે પ્રક્રિયાઓની સમજણ શું છે?**<br>અંતઃકરણ (ચિત-મન) શુદ્ધ નીચેની ૪ પ્રક્રિયાઓમાં થાય છે. જે વધતા જતા અંશે અને જે તે પ્રક્રિયાની પહેલાની પ્રક્રિયાનો આધાર બનાવીને વિકાસ કરે છે અને તે પ્રક્રિયાની સમજણ અગિયારમાં પ્રવચનમાં નીચેની બીજી લાઇનમાં દર્શાવ્યા મુજબ આપેલી છે. |

| | | | |
|---|---|---|---|
| ૧. તત્ત્વ વિચારમાં અંતઃકરણ (ચિત-મન) શુદ્ધ થઇ શકશે. (પેજ ૧૦૦) | ૨. ક્ષયોપશમ લબ્ધિમાં અંતઃકરણ (ચિત-મન) શુદ્ધ થઇ શકશે. (પેજ ૧૦૧) | ૩. વિશુદ્ધિ લબ્ધિમાં અંતઃકરણ (ચિત-મન) શુદ્ધ થઇ શકશે. (પેજ ૧૦૧) | ૪. દેશના લબ્ધિમાં અંતઃકરણ (ચિત-મન) શુદ્ધ થઇ શકશે. (પેજ ૧૦૧) |
| તત્ત્વ વિચારની સમજણ અગિયારમાં પ્રવચનમાં આપી છે જે નીચે મુજબ છે. તત્ત્વ વિચારનો પ્રારંભ | ક્ષયોપશમ લબ્ધિની સમજણ અગિયારમાં પ્રવચનમાં આપી છે જે નીચે મુજબ છે. ક્ષયોપશમ લબ્ધિનો | વિશુદ્ધિ લબ્ધિની સમજણ અગિયારમાં પ્રવચનમાં આપી છે. જે નીચે મુજબ છે. વિશુદ્ધિ લબ્ધિમાં | દેશના લબ્ધિની સમજણ અગિયારમાં પ્રવચનમાં આપી છે જે નીચે મુજબ છે. દેશના લબ્ધિમાં |

| | | | | |
|---|---|---|---|---|
| | કરનાર તત્ત્વ ચિંતનમાં જઇ શકે. તત્ત્વ ચિંતનમાં જનાર તત્ત્વ મનન કરી શકશે. તત્ત્વ મનનમાં જનાર તત્ત્વ સંવેદન કરી શકશે. (પેજ પ્રવચન ૧૧) | પ્રારંભ તત્ત્વ વિચારથી થાય છે.<br>૧. ક્ષય = કર્મોનું ખરી પડવું<br>૨. ઉપશમ = કર્મો હોવા છતા અમુક કાળ સુધી કાંઇ પરિણામ ના આપે તેવી સ્થિતિ થવી. ઉપરની બન્ને પ્રક્રિયા ચાલુ હોય (૧)+(૨) તેને ક્ષયોપશમ લબ્ધિ કહે છે. (પ્રવચન ૧૧). જયારે ગ્રહણ કરેલા જ્ઞાનાવરણીય આદિ કર્મોમાં રહેલો તીવ્ર રસ અનંતગુણા ક્રમથી તૂટી ગયેલો છે તેથી એવી હળવાશ થવાને પરિણામે તત્ત્વ વિચાર કરવાની અંતરમાં તક ઊભી થાય તેને ક્ષયોપશમ લબ્ધિ કહે છે (પ્રવચન ૧૧) ક્ષયોપશમ લબ્ધિના પરિણામે.<br>૧. અશુભ કર્મોનો રસોદય ઘટે છે.<br>૨. સંક્લિષ્ટ પરિણામોનું બળ ઘટે છે. | ૧. મંદ કષાયના ભાવો આત્મામાં પ્રવર્તતા હોય ત્યારે સંકલેષ ઘટતો જાય છે. પરિણામે જે શુભ પરિણામોની ધારા વહેવાનો પ્રારંભ થાય છે તેને વિશુધ્ધિ લબ્ધિ કહે છે. (પેજ પ્રવચન ૧૧)<br>૨. વિશુદ્ધિ લબ્ધિમાં આવા શુભ પરિણામો થઇ શકે તેવી પરિસ્થિતિમાં કર્મોનું મુકાઇ જવું તેને વિશુધ્ધિ લબ્ધિ કહે છે. (પેજ પ્રવચન ૧૧)<br>વિશુધ્ધિ લબ્ધિના પરિણામે અહીં મોહનીય કર્મોનો ઉદય મંદ થાય છે. (પેજ પ્રવચન ૧૧) | (૧) વિશુધ્ધિ લબ્ધિમાં મંદ કષાય થવાના કારણે અને શુભ પરિણામ થવાના કારણે જીવ દેશના લબ્ધિમાં પ્રવેશ કરે છે. (પ્રવચન ૧૨)<br>(૨) દેશના લબ્ધિ એટલે જેમાં વિચારનો વિષય બદલાઇ જાય અર્થાત્ વિષય સંસારને બદલે તત્ત્વ બની જાય છે. -વિષય જ્ઞેયને બદલે જ્ઞાતા બની જાય છે. -વિષય દશ્યને બદલે દ્રષ્ટા બની જાય છે. -વિષય અનિત્યને બદલે નિત્ય બની જાય છે. |
| પ્ર.-૨૨૦ | **સમ્યગ્દર્શન મેળવવા માટે ઉપયોગને શુદ્ધ કરવાના કેટલા ઉપાયો છે ? અને તે ઉપાયોની સમજણ શું છે?** | | | |
| ઉ.-૨૨૦ | ઉપયોગ શુદ્ધ કરવાના ઉપાયો ચાર છે જે નીચે આપેલા છે અને તે ઉપાયોની સમજણ તેની નીચે દર્શાવ્યા મુજબ આપેલી છે. | | | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧. ઉપયોગ શુદ્ધ કરવા માટેનો પહેલો ઉપાય : વિષય વિરાગ કેળવવો પડે. | ૨. ઉપયોગ શુદ્ધ કરવા માટેનો બીજો ઉપાય : મંદ કષાય કે કષાયનો ઉપશમ કરવો પડે. | ૩. ઉપયોગ શુદ્ધ કરવા માટેનો ત્રીજો ઉપાય : ગુણાનુરાગી થવું પડે. | ૪. ઉપયોગ શુદ્ધ કરવા માટેનો ચોથો ઉપાય : મહાપુરુષોએ કહેલી શુભ કર્મોની પ્રવૃત્તિમાં જોડાવું અને પ્રમાદ ન કરવો જોઇએ. |
| | **સમજણ :-** રૂપ-રસ-ગંધ-સ્પર્શ-શબ્દ એ ઇન્દ્રિયોના વિષયોમાં અનુકૂળ/પ્રતિકૂળ-ઇષ્ટ/અનિષ્ટ એ બન્ને દ્વંદ્વો ઉત્પન્ન કરીને અનુકૂળતાને પ્રાપ્ત કરવા માટેની અંદરમાં જે ધગશ રહેવી અને પ્રતિકૂળતાને ખસેડવાને માટે અંદરમાં મથામણ કરવી એ ધગશ અને મથામણમાંથી જેનું મન વિરામ પામ્યુ છે તેને વિષય વિરાગ કહેવાય છે. (પેજ ૧૦૨) | **સમજણ :-** ઇન્દ્રિયો-વિષયો અને મન ત્રણનો સંબંધ છે. ઇન્દ્રિય વિષયો પાસે કે વિષયો ઇન્દ્રિયો પાસે જાય છે અને મનમાં સારું-નરસું ગમતું-અણગમતું જેવું કામ ચાલુ થઇ જાય છે અને તેથી તે મન શુભ ચિંતનમાં કામ આવી શકતું નથી. (પેજ ) માટે મહાપુરુષો કહે છે કે વિષયનો ઉપશમ શુભ ઉપયોગથી થશે અને તેનાથી કષાય મંદ થશે. (પેજ ૧૦૨) | **સમજણ :-** જ્યાં જ્યાં સદ્ગુણ જુઓ ત્યાં એના પ્રત્યે સન્માન-આદર-બહુમાન-ભક્તિ થાય. એમ વિચાર કરવાથી - ભાવ કરવાથી જગતના જીવો પ્રત્યે અણગમો દૂર થશે ઓછો થશે. બીજા જીવનો અણગમો કરવાથી આપણું મન મેલું થાય છે. (પેજ ૧૦૬) | **સમજણ :-** જ્ઞાની પુરુષોએ કહેલી શુભ પ્રવૃત્તિમાં પ્રમાદ વગર જોડાવું પડશે. અહીં એકશન છે- માત્ર વિચાર નથી. માત્ર વિચારવાથી કે માત્ર જાણવાથી પ્રાપ્તિ ન થાય માટે કહ્યું કે જાણો અને જાણ્યા પછી કરો. જાણો અને જાણેલું જ રાખો અને કાંઇ કરો નહીં તો અનુભવ પ્રાપ્ત નહીં થાય. (પેજ ૧૦૬) |

પ્ર.-૨૨૧ **ઉપયોગના કેટલા પ્રકારો છે ? જે તે ઉપયોગ વખતે શું શું હાજર હોય છે ?**

ઉ.-૨૨૧ ઉપયોગના નીચે મુજબના ચાર પ્રકારો છે. જે નીચેની કોલમ ત્રણથી છમાં આપેલા છે અને તે ઉપયોગ વખતે શું હાજર હોય તેની સમજણ નીચેની પહેલી લાઇનથી સાતમી લાઇનમાં આપેલી છે.

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ક્રમ | જે તે ઉપયોગનું નામ | (૧) અશુદ્ધ ઉપયોગ | (૨) અશુભ ઉપયોગ | (૩) શુભ ઉપયોગ | (૪) શુદ્ધ ઉપયોગ |
| ૧ | જે તે ઉપયોગ વખતે કેવા પરિબળો હોય? | હિંસા-અસત્ય-ચોરી-સંરક્ષણના હિંસા, અસત્ય, ચોરી, સંરક્ષણ આદિના તીવ્રતમ કોટીના વિચારો હોય છે. (પેજ ૧૦૧) | હિંસા-અસત્ય-ચોરીના મધ્યમ કોટીના રાગદ્વેષના વિચારો હોય છે. (પેજ ૧૦૧) | મૈત્રી-કરુણા-પ્રમોદ-સ્વાધ્યાય-તત્ત્વ શ્રવણ-ભક્તિ-મંત્ર-જપ-પૂજાપાઠના વિચારો હોય છે. (પેજ ૧૦૧) | (૧) સમતા (૨) સ્વરૂપ સ્થિરતા (૩) વીતરાગતા વગેરે ધારા હોય છે. |
| ૨ | જે તે ઉપયોગ વખતે કેવા રાગ-દ્વેષ હોય? | અશુદ્ધ ઉપયોગમાં રાગદ્વેષના કષાયોની પ્રગાઢ કોટીની તીવ્રતા છે. (પેજ ૧૦૧) | અશુભ ઉપયોગમાં રાગદ્વેષના કષાયોની મધ્યમ કોટીની તીવ્રતા છે. (પેજ ૧૦૧) | શુભ ઉપયોગમાં રાગદ્વેષના કષાયોની મંદ કોટીની તીવ્રતા છે. (પેજ ૧૦૧) | રાગદ્વેષ તદ્દન મંદ હોય. |
| ૩ | જે તે ઉપયોગ વખતે કેવું વર્તન હોય? | અશુદ્ધ ઉપયોગમાં વેરનો બદલો લેવા જાય અને બદલો લીધા વગર પાછો જ ના વળે. (પેજ ૧૦૧) | અશુભ ઉપયોગમાં વેરનો બદલો લેવા તો જાય પણ પછી બદલો ના લે અને પાછો વળે. (પેજ ૧૦૧) | શુભ ઉપયોગમાં વેરનો બદલો લેવાના ભાવ ન હોય. (પેજ ૧૦૧) | સ્વરૂપમાં સ્થિરતા હોય. |
| ૪ | જે તે ઉપયોગ વખતે કેવા ભાવ હોય? | અશુદ્ધ ઉપયોગમાં બે કેરી ખાવા માટે આખું ઝાડ તોડનારો છે. (પેજ ૧૦૧) | અશુભ ઉપયોગ માં બે કેરી ખાવા માટે મોટું ડાળું તોડનારો છે. (પેજ ૧૦૧) | શુભ ઉપયોગમાં પાકી કેરી તોડે છે. | શુદ્ધ ઉપયોગમાં અંદર સ્થિરતાનો ભાવ હોય. |

| ક્રમ | જે તે ઉપયોગનું નામ | (૧) અશુદ્ધ ઉપયોગ | (૨) અશુભ ઉપયોગ | (૩) શુભ ઉપયોગ | (૪) શુદ્ધ ઉપયોગ |
|---|---|---|---|---|---|
| ૫ | જે તે ઉપયોગ વખતે કેવી લેશ્યા હોય? | કૃષ્ણ-નીલ-કાપોત લેશ્યાના તીવ્રતમ પરિણામ હોય. (પેજ ૧૦૧, પ્રવચન ૮) | કૃષ્ણ-નીલ-કાપોત લેશ્યાના મધ્યમ પરિણામ હોય. (પેજ ૧૦૧) | તેજો-પદ્મ લેશ્યા | શુકલ લેશ્યા. |
| ૬ | જે તે ઉપયોગ વખતે ક્યું લક્ષણ હોય? | રૌદ્ર ધ્યાન (પેજ ૧૦૦) | આર્તધ્યાન (પેજ ૧૦૦) | ધર્મધ્યાન | ધર્મધ્યાન-શુકલધ્યાન |
| ૭ | જે તે ઉપયોગ વખતે કેવો કષાય હોય? | તીવ્રતમ કષાયો | તીવ્ર કષાયો | મંદ કષાય હોય | અત્યંત મંદ કષાય અથવા કષાય રહિત અવસ્થા. |

**પ્ર.-૨૨૨ વિષયોનો ઉપરામ-ત્યાગ શેનાથી થાય ?**

ઉ.-૨૨૨ વિષયનો ઉપરામ શુભ ઉપયોગથી થશે અને વિષયનો ઉપરામ ત્યાગ જો થશે તો કષાય મંદ પડશે.

**કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,**
**ભવે ખેદ પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ.**

આત્મસિદ્ધિ શાસ્ત્ર (ગાથા ૧૦૮)

**પ્ર.-૨૨૩ સમયગ્દર્શનના અમૃતને સાચવવા કેટલા પ્રકારની પાત્રતા કેળવવી પડશે ? અને તે પાત્રતાની વિગતો શું છે ?**

ઉ.-૨૨૩ સમયગ્દર્શન અમૃતને સાચવવા નીચે દર્શાવેલી ૧૪ પ્રકારની પાત્રતા કેળવવી પડશે. જેની વિગત નવમા દિવસના પ્રવચનમાં આપી છે.

| *પાત્રતાના નામો* | *પાત્રતાની વિગતો* |
|---|---|
| ૧. નીતિ | એટલે અણહક્કનું મળતું હોય તો ના લેવું, કોઇનું પડાવી ના લેવું. (પેજ ૧૧૦, પ્રવચન ૯) |
| ૨. સંતોષ | એટલે જે મળ્યું તેમાં સંતોષ એમ નહીં. અનુકૂળતાનો આગ્રહ નહીં અને પ્રતિકુળતાનો વિરોધ નહીં. સંતોષ વગર નીતિ ટકશે નહીં. (પેજ ૧૧૧, પ્રવચન ૯) |
| ૩. શીલ | એટલે જે વ્યવહારથી - જે વર્તનથી - જે ભાષાથી - જે એકશનથી તમને દુઃખ થાય તેવો વ્યવહાર બીજા પ્રત્યે કરવો નહીં. (પેજ ૧૧૩, પ્રવચન ૯) |

| *પાત્રતાના નામો* | *પાત્રતાની વિગતો* |
|---|---|
| ૪. પાપ ભીરુતા | એટલે ઝેર મળે તો ચાલશે પણ પાપ થાય તે નહીં ચાલે. (પેજ ૧૧૩, પ્રવચન ૯) |
| ૫. ઇન્દ્રિય જય | એટલે ધનના ઢગલા હોય-આવડત હોય-બુધ્ધિ હોય-કુશળતા હોય છતાં ઇન્દ્રિયો પર કાબૂ હોય. (પેજ ૧૧૪, પ્રવચન ૯) |
| ૬. સરળતા | એટલે કોઇ આપણને છેતરે તો ભલે પણ પોતે કોઇને ના છેતરે. (પેજ ૧૧૪, પ્રવચન ૯) |
| ૭. ગ્રહણશીલતા | એટલે સારું ગ્રહણ કરતા શીખો-જેમ વૃક્ષને પાણી ન પાયું હોય તો યે છાંયડો આપે છે. (પેજ ૧૧૪, પ્રવચન ૯) |
| ૮. સંવેદનશીલતા | એટલે કોઇને દુઃખી જોઇને હૃદયમાં હલબલાટ થાય તે. (પેજ ૧૧૫, પ્રવચન ૯) |
| ૯. તત્ત્વ જિજ્ઞાસા | એટલે તત્ત્વને જાણવાની ઇચ્છા થવી તે. (પેજ ૧૧૫, પ્રવચન ૯) |
| ૧૦. વિનય ભાવ | એટલે<br>**જે ગુરુના ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન,**<br>**ગુરુ રહ્યા છદમસ્થ પણ વિનય કરે ભગવાન.**<br>ની જેમ (પેજ ૧૧૬, પ્રવચન-૯) |
| ૧૧. સુખે સમજાવવાપણુ | એટલે કોઇ જ્ઞાની પુરુષ મળે-જોગ પ્રાપ્ત થાય તો સુખેથી સમજાવી શકે તેવી અવસ્થામાં રહેવું. (પેજ ૧૧૬, પ્રવચન ૯) |
| ૧૨. કામ-ક્રોધ-લોભ આદિના વેગો ને આધિન થયા વગર સહવા | એટલે અંદરથી મર્યાદાને તોડતો વેગ ઉઠે ત્યારે તે વેગમાં ન તણાતા પોતાની જાતનું બેલેન્સ રાખવુ તે. (પેજ ૧૧૭, પ્રવચન ૯) |
| ૧૩. સત્સંગ રુચિ | સત્સંગ પ્રત્યે રુચિ-પ્રેમ હોવો. |
| ૧૪. તત્ત્વ શ્રવણની તીવ્ર ઇચ્છા-શુશ્રુષા | તત્ત્વ શ્રવણ માટેની તીવ્ર ઇચ્છા હોવી. |

# પ્રવચન-૯ : પ્રશ્ન-ઉત્તર રુપે. ત્રણ શુદ્ધિ

| | |
|---|---|
| પ્ર.-૨૨૪<br>ઉ.-૨૨૪ | **સમ્યગ્દર્શનના મહેલના પાયામાં કઇ કઇ મજબૂતિ જોઇશે ?**<br>ઇમારત જેટલી ઊંચી લેવી હોય તેટલી લઇ શકાય છે પણ તેનો પાયો મજબૂત ન હોય તો તેની સલામતી જોખમાય છે. સમ્યગ્દર્શનના મજબૂત પાયા માટે ત્રણ મુદ્દાઓ છે.<br>૧. વ્યવહાર શુદ્ધિ \| ૨.જીવન શુદ્ધિ/આચાર શુદ્ધિ \| ૩. અંતઃકરણ શુદ્ધિ<br>(પેજ ૧૦૮) |
| પ્ર.-૨૨૫<br>ઉ.-૨૨૫ | **વ્યવહાર શુદ્ધિ એટલે શું ?**<br>સમ્યગ્દર્શનની સાધના કરતા મુમુક્ષુ જીવનો વ્યવહાર શુદ્ધ હોય છે. આંખો મીચીને તેના ખોળામાં માથું મૂકી શકાય. ડોક્યુમેન્ટ વગર કરોડો રુપીઆ સોંપી શકાય અને કદી પણ દગો/વિશ્વાસઘાત ન કરે તેવો ઉત્તમ પ્રકારનો વ્યવહાર હોય છે. (પેજ ૧૦૮) |
| પ્ર.-૨૨૬<br>ઉ.-૨૨૬ | **જીવન કઇ બાબતથી અશુદ્ધ બને છે ?**<br>જીવન પાંચ બાબતથી અશુદ્ધ બને છે. જૈન પરિભાષામાં પ્રાણાતિપાત-મૃષાવાદ-અદત્તાદાન-મૈથુન-પરિગ્રહ એટલે હિંસા-અસત્ય-ચોરી-દુરાચાર અને સંગ્રહ કરવાની વૃત્તિથી જીવન અશુદ્ધ બને છે. (પેજ ૧૦૮) |
| પ્ર.-૨૨૭<br>ઉ.-૨૨૭ | **સમ્યગ્દર્શનની ઘટનામાં કેવું સમૂળગું પરિવર્તન-ટ્રાન્સફોર્મેશન થાય છે ?**<br>પરદેશી રાજાને ખબર પડે છે કે પત્નીએ ઝેર આપ્યું છે - નશે નશ તૂટી રહી છે - મૂર્છા આવતી જાય છે - મગજ શૂન્ય બનતું જાય છે - ત્યારે જ્યાં સુધી ઉપયોગ તીક્ષ્ણ છે ત્યાં સુધી પત્ની પ્રત્યે કોઇ રૂંવાટે વેરનો ભાવ નથી, એનું પણ મંગળ થજો. તેમની વૃત્તિ કયાં ય જતી નથી - રાજ્ય યાદ આવતું નથી - પુત્ર યાદ આવતો નથી. સિદ્ધોની સાક્ષીએ કહું છું કે મને કોઇ પ્રત્યે વેર નથી - એટલું જ નહીં પણ પત્ની પ્રત્યે પણ વેર નથી. આવું સમૂળગું પરિવર્તન-ટ્રાન્સફોર્મેશન-આવી જીવનની શૈલી એ અંદરમાં કાંઇ ઘટના બન્યા વગર નથી બનતી. એ અંદરની ઘટનાને સમ્યગ્દર્શન કહે છે. (પેજ ૧૦૯) |
| પ્ર.-૨૨૮<br>ઉ.-૨૨૮ | **જીવનશુદ્ધિ કોને કહે છે ?**<br>લાખો રૂપિયા ગયા તો પણ અંતરમાં ચિંતા નથી થતી, અંતરમાં ધક્કો નથી લાગતો. સત્તા હારી ગયો છતા અંદર મૂંઝવણ થતી નથી. કોઇએ અપમાન કર્યું અને પૂરેપૂરો બદલો લઇ શકે તેવો હોવા છતાં જરાયે દ્વેષ કરતો નથી. આવી ઘટના અંદર થઇ છે તેને જીવનશુદ્ધિ કહે છે. (પેજ ૧૧૦) |
| પ્ર.-૨૨૯<br>ઉ.-૨૨૯ | **અંતઃકરણ એટલે શું ?**<br>અંતઃકરણ એટલે ચિત્ત-મન. જેમ સૌથી વધારે મહેનત વાસણ ઘસીને સાફ કરવામાં છે, તેમ અંતકરણ ઘસવું પડશે - જીવન ઘસવું પડશે - ચિત્ત ઘસવું પડશે અને પાત્ર તૈયાર કરવું પડશે. (પેજ ૧૧૦) |
| પ્ર.-૨૩૦<br>ઉ.-૨૩૦ | **જીવનશુદ્ધિના સૂત્રો કેટલા છે ? અને તેની વ્યાખ્યા શું છે ?**<br>જીવનશુદ્ધિના ૧૪ સૂત્રો નીચે બતાવ્યા છે. |

| | | |
|---|---|---|
| ૧. | નીતિ-અનીતિનો ત્યાગ કરવો | કોઇનો હક્ક છીનવવો એનું નામ અનીતિ.<br>અણહક્કનું મળતું હોય તે લેવું એનું નામ અનીતિ.<br>અણહક્કનું ન મળતું હોય તો પડાવી લેવું એનું નામ અનીતિ.<br>અલ્પબુદ્ધિ હોય તેને શીશામાં ઉતારવું એનું નામ અનીતિ.<br>બળજબરી કે બુદ્ધિના બળથી પડાવી લેવું એનું નામ અનીતિ.<br>વિશ્વાસઘાત-પ્રપંચ-ઠગાઇ-વંચના-ભેળસેળ કરવા એનું નામ અનીતિ. |
| ૨. | સંતોષ : | સંતોષનો અર્થ જે મળ્યું તેમાં રાજી એટલો સીમિત નથી. અનુકૂળતાનો અતિ આગ્રહ નહીં અને પ્રતિકૂળતાનો વિરોધ નહીં, એ પ્રકારનાં સંકલ્પને કહેવાય છે સંતોષ. (પેજ ૧૧૧) |
| ૩. | શીલ : | જે વ્યવહારથી - જે વર્તનથી - જે ભાષાથી - જે એકશનથી પોતાને દુઃખ થાય તેવો વ્યવહાર બીજા પ્રત્યે ન કરવો. (પેજ ૧૧૩) |
| ૪. | પાપભીરુતા : | ઝેર પીવું પડે તે ચાલશે પણ પાપ થાય તે ન ચાલે. જ્યાં જ્યાં દુઃખ છે ત્યાં ત્યાં પાપ છે અને જે ભોગવે છે તે તેની જ ભૂલ છે. પણ આ વાત બીજાને કહેવા માટે નથી એ પોતાના માટે છે. કોઇ દુઃખી માણસને જોઇને ''જે કરે તે ભોગવે'' એમ માનવું એ અધર્મ છે. |
| ૫. | ઇન્દ્રિયોનો જય | ભર જુવાની હોય-મૂછનો દોરો ફુટયો ન હોય - થનગનતું યૌવન હોય-સંપત્તિ હોય-સત્તા હોય-અધિકાર હોય-ધનના ઢગલા હોય-આવડત હોય-બુદ્ધિ હોય-કુશળતા હોય છતાં ઇન્દ્રિયો ઉપર કાબૂ હોય તો ધન્યવાદ ! આને જગતનું આશ્ચર્ય કહેવાય. (પેજ ૧૧૪) |
| ૬. | નિષ્કપટ ભાવ | કોઇ આપણને છેતરે તો ભલે છેતરતો પણ પોતે કોઇને નહીં છેતરે. (પેજ ૧૧૪) |
| ૭. | ગ્રહણશીલતા | જગતમાં ઘણું સારું શિખવાનું છે. શીખવું હોય તો વૃક્ષ પાસેથી પણ શીખી શકાય. અજાણ્યું વૃક્ષ છે. પોતાની મેળે ઊભું થયું છે. વૈશાખના બળબળતા તાપમાં વૃક્ષની નીચે જાવ તો શીતળ છાંયડો આપે છે. તે કયારેય પૂછે છે કે ''તેં મને પાણી પાયું હતું?'' અને વિશ્રામ કરીને આભાર માન્યા વગર જાવ છો તો યે કહે છે કે ધન્યવાદ ! બીજી વખત આવશો તો યે છાંયડો મળશે. (પેજ ૧૧૪) |
| ૮. | સંવેદનશીલ હૃદય | **''કથા સુણી સુણી ફુટયા કાન, તોયે ન આવ્યું બ્રહ્મજ્ઞાન''** - અખો કહે છે આટ આટલી કથાઓ સાંભળી તો યે હૃદય કૂણું ન પડ્યું ? જેની પાસે કૂણું મુલાયમ, સંવેદનશીલ, મૃદુ, કરુણાથી છલકતું, દયાર્દ્ર, પ્રેમથી રેલાતું હૈયું નથી એ સમ્યગ્દર્શન પ્રાપ્ત નહીં કરી શકે. હૃદય સંવેદનશીલ જોઇએ. (પેજ ૧૧૫) |

| | | |
|---|---|---|
| ૯. | તત્ત્વજીજ્ઞાસા | તત્ત્વને જાણવા જીજ્ઞાસા રહેતી હોય અને તત્ત્વને જાણવા માટે હિમાલય પર જવું પડે તો ભલે અને તત્ત્વને જાણવા માટે કષ્ટો સહન કરવા પડે તો ભલે એવી તૈયારી હોય એને તત્ત્વજીજ્ઞાસા કહે છે. (પેજ ૧૧૫) |
| ૧૦. | વિનયભાવ | **એવો માર્ગ વિનય તણો ભાખ્યો શ્રી ભગવાન,**<br>**ગુરુ રહ્યા છદ્‌મસ્થ પણ વિનય કરે ભગવાન.**<br>જે ગુરુના ઉપદેશથી કેવળજ્ઞાન પામે તો પણ ગુરુને કહેતો નથી કે, મને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે. આ વિનયભાવની પરાકાષ્ઠા. (પેજ ૧૧૬) |
| ૧૧. | સુખે-સમજવાપણું | કોઇ જ્ઞાની પુરુષ મળે અને જોગ પ્રાપ્ત થાય તો તમને સુખેથી સમજાવી શકે તેવી અવસ્થામાં રહેજો. બહુ તર્ક-બહુ દલિલ-બહુ ચર્ચા-કે બહુ જ્ઞાનનું ડહાપણ ડોળશો તો ગાડી ચૂકી જશો. (પેજ ૧૧૬) |
| ૧૨. | વૃત્તિ-મર્યાદા | વૃત્તિઓનો વેગ બળવાન છે - વર્ષો સુધી મર્યાદા ઊભી કરી શકે તે મર્યાદાને તૂટતા વાર નહીં લાગે એવો વેગ અંદરથી જ્યારે ઊઠે ત્યારે તેવા વેગમાં ન તણાતા પોતાની જાતનું બેલેન્સ જાળવવું. (પેજ ૧૧૨) |
| ૧૩. | સત્સંગ-રુચિ | સત્સંગ કરવાની રુચિ. (પેજ ૧૧૨) |
| ૧૪. | તત્ત્વશ્રવણની ઇચ્છા | તત્ત્વશ્રવણ કરવાની ઇચ્છા. (પેજ ૧૧૨) |

## પ્રવચન-૧૦ : પ્રશ્ન-ઉત્તર રૂપે. સમ્યગ્દર્શન કોને થાય?

| | |
|---|---|
| પ્ર.-૨૩૧<br>ઉ.-૨૩૧ | **નિર્વાણ માર્ગ કેવો છે?**<br>નિવાર્ણ માર્ગ એ અગમ અગોચર માર્ગ છે. પોતાની શક્તિએ સદ્‌ગુરુના આશ્રય વગર તે માર્ગ શોધવો અશક્ય છે. |
| પ્ર.-૨૩૨<br>ઉ.-૨૩૨ | **બોધબીજ પ્રાપ્ત થયું હોય તેના માટે શું ચેતવણી આપી છે?**<br>શ્રી સદ્‌ગુરુના આશ્રયે કરી બોધબીજની પ્રાપ્તિ થઇ હોય તેવા પુરુષને પણ સદ્‌ગુરુના સમાગમનું આરાધન નિરંતર કર્તવ્ય છે. જગતના પ્રસંગો જોતા એમ જણાય છે કે તેવા સમાગમ અને આશ્રય વિના નિરાલંબ બોધ સ્થિર રહેવો વિકટ છે. (પેજ ૧૨૦) |
| પ્ર.-૨૩૩<br>ઉ.-૨૩૩ | **દુઃખ દૂર કરવાના પ્રયત્નોનું પરિણામ શું આવે છે ?**<br>ઉમાસ્વાતિ ભગવાને પ્રશમરતિ નામના ગ્રંથમાં પાયાની ગાથા મૂકીને જણાવ્યું કે દુઃખનો દ્વેષી અને સુખનો લાલસુ એવો જીવ, મોહના અંધાપાને કારણે અને વિવેક ન હોવાના કારણે - યથાર્થ નિર્ણય કરવાની ક્ષમતા ખોઇ બેઠેલો એવો - દુઃખ દૂર કરવા માટે અને સુખ પ્રાપ્ત કરવા માટે જે જે ચેષ્ટા કરે છે તેનાથી સુખ પ્રાપ્ત થવાને બદલે ઢગલાબંધ દુઃખો વધતા જાય છે શ્રીમદ્‌જી એ ગાયું કે<br>***સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,***<br>***ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો ?***<br>(પેજ ૧૨૧) |
| પ્ર.-૨૩૪<br>ઉ.-૨૩૪ | **લબ્ધિ શબ્દ વાપર્યા વગર સમકિતને પ્રાપ્ત કરવાની પ્રક્રિયાનું વર્ણન શ્રીમદ્‌જીના કયા વચનામૃતમાં કરેલું છે ?**<br>નીચે દર્શાવેલા ૧૨ વચનામૃતોમાં આ અદ્‌ભુત પ્રક્રિયા ગુપ્ત રીતે સમાવી દીધી છે ક્રમાંક ૧૬૬, ૧૯૯, ૨૦૦, ૪૬૦, ૪૬૬, ૪૯૧, ૫૦૬, ૬૪૪, ૬૪૬, ૬૪૭, ૬૪૮ અને ૬૫૦ (પેજ ૧૨૨) |
| પ્ર.-૨૩૫<br>ઉ.-૨૩૫ | **ઉપર દર્શાવેલ પત્રોમાં પૂરેપૂરું સમકિતનું પદ વર્ણવી દીધું છે ?**<br>ના. નથી વર્ણવી શકાયું.<br>**જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો,**<br>**તે પદને અન્ય વાણી તો શું કહે ? અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો,**<br>**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?**<br>કોઇ પણ મેઝર ટેપ એવી નથી કે આકાશને માપી શકાય - કોઇ શબ્દ એવો નથી કે જે અનંતને કહી શકે - શબ્દની બહાર પરબ્રહ્મ ઊભો છે માટે સંકેત કરી શકાય - આંગળીથી બતાવી શકાય. ચન્દ્રને દેખાડવા નિશાની કરી શકાય કે ઝાડ જુઓ, ઝાડની ડાળી જુઓ, હવે ડાળી ઉપર જે દેખાય છે તે ચન્દ્ર છે. ‘‘**દિશા દેખાડી શાસ્ત્ર અળગા રહે, શિષ્ટ કહે તે પ્રમાણ.**’’ દિશા બતાવીને શાસ્ત્ર અળગા રહે છે. આત્મજ્ઞાની પુરુષ કહે તે જ પ્રમાણ. (પેજ ૧૧૨) |
| પ્ર.-૨૩૬<br>ઉ.-૨૩૬ | **સમ્યગ્દર્શન પામવા માટેની ૯ ક્ષમતાઓ પ્રાપ્ત કર્યા પછી અને સમ્યગ્દર્શનની ઘટના ઘટ્યા પહેલા અનુક્રમે કઇ કઇ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે ?**<br>(પેજ ૧૨૪) |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ક્ષયોપશમ લબ્ધિ | વિશુદ્ધિ લબ્ધિ | દેશના લબ્ધિ | પ્રાયોગ્ય લબ્ધિ | કરણ લબ્ધિ |

**પ્ર.-૨૩૭ ઢગલાબંધ કર્મોની નિર્જરા કરવાનો અદ્‌ભુત ઉપાય કયો છે ?**

ઉ.-૨૩૭ જાતનો બ્રાહ્મણ અને મોદકનું ભોજન હોય ત્યારે કેટલા ઉલ્લાસથી ભોજન કરે છે? એ ભોજન કરવાનો જેટલો ઉલ્લાસ છે, તેના કરતાં વીતરાગ પરમાત્માની વાણી સાંભળવામાં અનંતગણો ઉલ્લાસ આવે તો ઢગલાબંધ કર્મોની નિર્જરા અહીં બેઠા બેઠા થઇ જશે. જ્ઞાની પુરુષના શબ્દો કાન પર પડ્યા પછી જેનું અંતરંગ નાચી ઊઠે છે તેને ઢગલાબંધ કર્મોની નિર્જરા થઇ જાય છે. કર્મ નિર્જરા કરવાના અનેક ઉપાયોમાંથી આ એક અદ્‌ભુત ઉપાય છે. (પેજ ૧૨૪)

**પ્ર.-૨૩૮ સમ્યગ્દર્શન પામવા માટે કઇ કઇ ક્ષમતા હોવી જરૂરી છે ? *અથવા* પાંચ લબ્ધિની પ્રક્રિયા ચાલુ થતા પહેલા કઇ કઇ ક્ષમતા હોવી જરૂરી છે ?**

ઉ.-૨૩૮

| ક્રમાંક | ક્ષમતાની વિગત | અર્થ માટે જુઓ |
|---|---|---|
| ક્રમાંક ૧ | જીવ સંજ્ઞી હોવો જોઇએ | ઉત્તર-૨૪૬ |
| ક્રમાંક ૨ | જીવ પાંચ ઇન્દ્રિયોવાળો હોવો જોઇએ. | ઉત્તર-૨૪૭ |
| ક્રમાંક ૩ | જીવ છ પર્યાપ્તિવાળો હોવો જોઇએ. | ઉત્તર-૨૪૮ |
| ક્રમાંક ૪ | જીવ ભવ્ય હોવો જોઇએ. | ઉત્તર-૨૪૯ |
| ક્રમાંક ૫ | જીવને ભોગવવાને બાકી રહેલો સંસાર અર્ધ પુદ્‌ગલ પરાવર્તન કાળથી વધુ ન હોવો જોઇએ. | ઉત્તર-૨૫૦ |
| ક્રમાંક ૬ | જીવ ત્રણ શુભ લેશ્યાવાળા હોવા જોઇએ. | ઉત્તર-૨૫૨ |
| ક્રમાંક ૭ | જીવ સાકાર ઉપયોગવાળો હોવો જોઇએ. | ઉત્તર-૨૫૪ |
| ક્રમાંક ૮ | જીવ ગુણ અને દોષનો વિચાર કરી શકતો હોવો જોઇએ. | ઉત્તર-૨૫૫ |
| ક્રમાંક ૯ | જીવ સમ્યગ્દર્શન પ્રત્યે સન્મુખતાવાળો હોવો જોઇએ. | ઉત્તર-૨૫૭ |

આ દરેક મુદ્દાના અર્થ તેની સામે દર્શાવેલા રેફ્રન્સમાં નીચે અનુક્રમે આપ્યા છે. (પેજ ૧૨૪)

**પ્ર.-૨૩૯ મનનું મૂલ્ય શું છે ? મન વગર ક્યા ક્યા કાર્યો નહીં થઇ શકે ?**

ઉ.-૨૩૯

| | |
|---|---|
| ૧. | મન વગર શ્રવણ નહીં થઇ શકે. |
| ૨. | મન વગર શાસ્ત્રચિંતન નહીં થઇ શકે. |
| ૩. | શ્રવણ વગર નિદિધ્યાસન નહીં થઇ શકે. |
| ૪. | નિદિધ્યાસન વગર ધ્યાન નહીં થઇ શકે. |
| ૫. | ધ્યાન વગર સમાધિ નહીં થઇ શકે. |
| ૬. | સમાધિ વગર નિર્વિકલ્પ અવસ્થા નહીં આવી શકે. |
| ૭. | નિર્વિકલ્પ અવસ્થા વગર આત્મ અનુભવ નહીં થઇ શકે. |

(પેજ ૧૨૫)

**પ્ર.-૨૪૦ જગતમાં સૌથી મોટી સત્તા કોની છે ?**

ઉ.-૨૪૦ જગતમાં પરમાત્મા પછી સૌથી મોટી સત્તા આત્માની સત્તા છે. અને જગતમાં આત્મા પછી સૌથી મોટી સત્તા મનની સત્તા છે. (પેજ ૧૨૫)

**પ્ર.-૨૪૧ મનની સત્તાને આધારે કોણ કોણ છે?**

ઉ.-૨૪૧

| |
|---|
| શરીર મનની સત્તાને આધારે છે. |
| ઇન્દ્રિયો મનની સત્તાને આધારે છે. |
| પ્રાણ મનની સત્તાને આધારે છે. |

(પેજ ૧૨૫)

**પ્ર.-૨૪૨ મન ઉપર કોની સત્તા ચાલે છે ?**

ઉ.-૨૪૨ મન ઉપર આત્માની સત્તા છે. મન એવું જબરું છે કે આત્માની સત્તા નીચે રહેતું નથી. એ જરા ઉંછાછળું બની ગયું છે એટલે આત્માની સત્તા માનતું નથી. (પેજ ૧૨૫)

**પ્ર.-૨૪૩ મન શું કહેવા માંગે છે ?**

ઉ.-૨૪૩ મને એમ કહે છે કે સાહેબ ! તમે મને વાળશો - તમે મારો શ્રેષ્ઠ ઉપયોગ કરશો - તમે મને પ્રેમ કરશો - તમે મને સમજાવીને કામ લેશો તો છેક મોક્ષના દરવાજા સુધી પહોંચાડી દઇશ. મનનો તિરસ્કાર પણ ન કરો અને મનનો દુરુપયોગ પણ ન કરો. (પેજ ૧૨૬)

**પ્ર.-૨૪૪ મનની પાસે કયા કયા કામ કરવાની ક્ષમતા છે ?**

ઉ.-૨૪૪ મનની પાસે નીચેની ક્ષમતા છે.

| | |
|---|---|
| ૧. | મનની પાસે સંકલન કરવાની ક્ષમતા છે. |
| ૨. | મનની પાસે સ્મૃતિ રાખવાની ક્ષમતા છે. |
| ૩. | મનની પાસે અનંત જન્મોની સ્મૃતિ રાખવાની ક્ષમતા છે. |
| ૪. | મનની પાસે વર્તમાન કાળમાં સંકલન કરવાની ક્ષમતા છે. |
| ૫. | મનની પાસે ભવિષ્ય કાળમાં ડોકિયું કરવાની ક્ષમતા છે. |

(પેજ ૧૨૬)

**પ્ર.-૨૪૫ ચંચળ મનને સ્થિર કરવાની શું રીત છે ?**

ઉ.-૨૪૫ અર્જુન વિશ્વનો શ્રેષ્ઠ બાણાવળી-કૌરવોની સેનાને જોઇને થડકતો નથી એવો શુરવીર છે. બહાદુર છે તેવા અર્જુને કહ્યું કે ''હે કૃષ્ણ, આ મન બહુ ચંચળ છે. અરે ! વાયુને બાંધવો પાલવે - બાંધી શકાય-પણ મનને સ્થિર કરવું ઘણું મુશ્કેલ છે.'' ત્યારે ભગવાન કૃષ્ણ કહે છે કે તારી આ વાત ૫૦% સાચી અને ૫૦% ખોટી. સંશય વગરની વાત છે કે મન ચંચળ છે પણ અભ્યાસથી અને વૈરાગ્યથી મનને સ્થિર કરી શકાય છે અને સમાધિ પ્રાપ્ત થઇ શકે છે.
(પેજ ૧૨૬, ૧૨૭)

**પ્ર.-૨૪૬ જીવ સંજ્ઞિ હોવો જોઇએ એમ (ઉત્તર ૨૩૮ ક્રમાંક ૧) માં કહે છે તે 'સંજ્ઞિ' એટલે શું?**

ઉ.-૨૪૬ જેની પાસે વિચાર કરવાનું સાધન મન છે તેને સંજ્ઞી કહેવાય. (પેજ ૧૨૫)

**પ્ર.-૨૪૭ જીવ પાંચ ઇન્દ્રિયોવાળો હોવો જોઇએ. (ઉત્તર ૨૩૮, ક્રમાંક ૨) એ ક્ષમતાની વિગતમાં કઇ ઇન્દ્રિયોના નામનો ઉલ્લેખ કરે છે ?**

ઉ.-૨૪૭

| ક્રમ | નામ | તેનું કામ/તેની ક્ષમતા |
|---|---|---|
| ૧. | સ્પર્શનેન્દ્રિય-ચામડી | શીત-ઉષ્ણ આદિ અનુભવ કરી શકે તેવી ક્ષમતા |
| ૨. | સ્વાદેન્દ્રિય-જીભ | ચાખીને સ્વાદનો અનુભવ કરી શકે તેવી ક્ષમતા |
| ૩. | ધ્રાણેન્દ્રિય-નાક | સૂંઘીને સુગન્ધનો અનુભવ કરી શકે તેવી ક્ષમતા |
| ૪. | ચક્ષુઇન્દ્રિય-આંખ | દેખીને રૂપ-આકારને જોઇ શકે તેવી ક્ષમતા |
| ૫. | કર્ણેન્દ્રિય-કાન | સાંભળીને અવાજને ઓળખી શકે તેવી ક્ષમતા |

**પ્ર.-૨૪૮ જીવ છ પર્યાપ્તિવાળો હોવો જોઇએ (ઉત્તર-૨૩૮, ક્રમાંક ૩) એ ક્ષમતાની વિગતમાં કઇ પર્યાપ્તિનો ઉલ્લેખ છે ?**

ઉ.-૨૪૮ પર્યાપ્તિ એટલે શક્તિ.

| | |
|---|---|
| ૧. | આહાર પર્યાપ્તિ - જે શક્તિથી આહારના પુદ્‌ગલો ગ્રહણ કરી તેને રસ અને ખલ રૂપે પરિણમાવે છે. |
| ૨. | શરીર પર્યાપ્તિ - જે શક્તિથી રસરુપે પરિણમાવેલ પુદ્‌ગલોમાંથી સાત ધાતુરૂપ શરીર બનાવે છે |
| ૩. | ઇન્દ્રિય પર્યાપ્તિ - જે શક્તિથી જીવ શરીરમાંથી ઇન્દ્રિયો બનાવે છે. |
| ૪. | શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિ-જે શક્તિથી જીવ શ્વાસોચ્છ્‌વાસ વર્ગણાના પુદ્‌ગ્‌લો ગ્રહણ કરી પરિણમાવી તેનું વિસર્જન કરી શકે છે. |
| ૫. | ભાષા પર્યાપ્તિ - જે શક્તિથી જીવ ભાષા વર્ગણાના પુદ્‌ગ્‌લોને ગ્રહણ કરી, પરિણમાવી, છોડી દે છે. (બોલી શકે છે.) |
| ૬. | મનઃપર્યાપ્તિ - જે શક્તિથી જીવ મનોવર્ગણાના પુદ્‌ગ્‌લોને ગ્રહણ કરી, મનરૂપે પરિણમાવી, મૂકી દે છે (વિચાર કરી શકે છે.) |

(પેજ ૧૨૭)

**પ્ર.-૨૪૯ જીવ ભવ્ય હોવો જોઇએ. (ઉત્તર ૨૩૮ ક્રમાંક ૪) એમાં રહેલ ''ભવ્ય'' એટલે શું ?**

ઉ.-૨૪૯

| ભવ્ય જીવની ડીટેઇલ | |
|---|---|
| ૧. ભવ્ય એટલે મોક્ષમાં જવાની લાયકાત હોવી. | ૨. ભવ્ય એટલે મોક્ષમાં જવાની યોગ્યતા હોવી. |
| ૩. ભવ્ય એટલે મોક્ષમાં જવાની પાત્રતા હોવી. | ૪. ભવ્ય એટલે મોક્ષમાં જવાની ક્ષમતા હોવી. |

(પેજ ૧૨૭)

પ્ર.-૨૫૦ **સમ્યગ્દર્શન કોને ન થાય?**

ઉ.-૨૫૦ અર્ધ પુદ્‌ગલ પરાવર્તન કાળથી વધુ સંસાર હોય તેને સમ્યગ દર્શન ન થાય.

પ્ર.-૨૫૧ **લેશ્યા એટલે શું ?**

ઉ.-૨૫૧ જીવ અને કર્મ વચ્ચે જોડાણ કરી આપવાનું કામ કરે તેને લેશ્યા કહે છે. અથવા કષાયથી અનુરંજિત જે પ્રવૃત્તિ થાય તેને લેશ્યા કહે છે. લેશ્યા છ પ્રકારની છે.

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. |
|---|---|---|---|---|---|
| કૃષ્ણ લેશ્યા | નીલ લેશ્યા | કાપોત લેશ્યા | તેજો લેશ્યા | પદ્મ લેશ્યા | શુક્લ લેશ્યા |

(પેજ ૧૨૮)

પ્ર.-૨૫૨ **જીવ ત્રણ શુભ લેશ્યાવાળો (ઉત્તર ૨૩૮, ક્રમાંક ૬) હોવો જોઇએ? કઇ ત્રણ.**

ઉ.-૨૫૨ ત્રણ શુભ લેશ્યાના નામો નીચે આપ્યા છે. (પેજ ૧૨૮)

| | | |
|---|---|---|
| ૧. તેજો લેશ્યા | ૨. પદ્મ લેશ્યા | ૩. શુક્લ લેશ્યા |

પ્ર.-૨૫૩ **ઉપયોગના કેટલા પ્રકારો છે ?**

ઉ.-૨૫૩ ઉપયોગના ૨ પ્રકારોના નામો નીચે બતાવ્યા છે.

| **ક્રમ** | **ઉપયોગના નામો** | **ઉપયોગની વિગત** |
|---|---|---|
| ૧. | નિરાકાર | દર્શન એ નિરાકાર ઉપયોગ |
| ૨. | સાકાર ઉપયોગ | જ્ઞાન એ સાકાર ઉપયોગ છે. |

(પેજ ૧૨૯)

પ્ર.-૨૫૪ **જીવ સાકાર ઉપયોગવાળો (ઉત્તર ૨૩૮, ક્રમાંક ૭) હોવો જોઇએ એટલે શું ?**

ઉ.-૨૫૪ સાકાર ઉપયોગમાં પ્રવર્તતો જીવ સમ્યગ્દર્શન પામે. સાકાર ઉપયોગ એટલે જ્ઞાન ઉપયોગ. સમ્યગ્દર્શનની ઘટના જ્ઞાનમાં થશે - દર્શનમાં નહીં થાય. સમ્યગ્દર્શનની ઘટના એ વૈકલ્પિક ઘટના છે તે જ્ઞાનમાં થશે - ત્યાં વિચાર - મંથન - મનન કરવાનું છે. (પેજ ૧૨૯)

પ્ર.-૨૫૫ **જીવ ગુણ અને દોષનો વિચાર કરી શકતો (ઉત્તર ૨૩૮ ક્રમાંક ૮) હોવો જોઇએ એટલે શું ?**

ઉ.-૨૫૫ **'કૈસે દેત કરમનકુ દોષ.'** મુમુક્ષુ પોતાનો દોષ જુએ. કર્મને દોષ ન આપે. પોતાનો દોષ જોઇ દૂર કરે. શેનાથી ગુણ વધે ને શુદ્ધિ થાય તે વિચાર કરી શકે તેવો જોઇએ. (પેજ ૧૨૯)

પ્ર.-૨૫૬ **ભૂલ અને કર્મતંત્રનો શું સંબંધ છે?**

ઉ.-૨૫૬
**૧. ભૂલ કરશો તો કર્મતંત્ર કામ કરશે.**
**૨. ભૂલ નહીં કરો તો કર્મતંત્ર કામ નહીં કરે.**
**૩. ભૂલ સુધારશો તો કર્મતંત્ર મુક્ત થઇ જશે.** (પેજ ૧૩૦)

પ્ર.-૨૫૭ **જીવ સમ્યગ્દર્શન પ્રત્યે સન્મુખતાવાળો (ઉત્તર ૨૩૮, ક્રમાંક ૯) હોવો જોઇએ એટલે શું?**

ઉ.-૨૫૭ સન્મુખતા એટલે એના તરફ (પેજ ૧૨) કોઇએ શબ્દ વાપર્યો છે કે સમ્યકત્વ તરફ ઝૂકેલો. સમ્યગ્દર્શનના સન્મુખ એટલે સમ્યક્ત્વ ધારણ કરવા માટે જેના રોમેરોમમાં પ્રચંડ ઉત્સાહના પૂર વહી રહ્યા છે. આવી સન્મુખતા જ્યારે આવે છે ત્યારે સમ્યગ્દર્શન પ્રાપ્તિની ઘટનાનો પ્રારંભ થાય છે. (પેજ ૧૩૧)

પ્ર.-૨૫૮ **સમ્યગ્દર્શન પામવા શેના સન્મુખ થવું જોઇએ ?**

ઉ.-૨૫૮ જીવ અનાદિ કાળથી સંસાર સન્મુખ છે. સમ્યગ્દર્શન પામવા વીતરાગતા સન્મુખ થવું જોઇએ.

પ્ર.-૨૫૯ **શાસ્ત્રોમાં લબ્ધિઓનું વર્ણન કઇ રીતે કર્યું છે ?**

ઉ.-૨૫૯ લબ્ધિઓનું વર્ણન બે ભાગમાં કરવામાં આવ્યું છે. (પેજ ૧૩૨)

| | | |
|---|---|---|
| ૧. | પોતાના તરફથી શું કરવાનું ? | એને ઉપાદાન કહે છે. |
| ૨. | કર્મો તરફથી શું થાય ? | એને નિમિત્ત કહે છે. |

પ્ર.-૨૬૦ **ભાવોની અસર ક્યાં ક્યાં થાય છે ?**

ઉ.-૨૬૦

| | |
|---|---|
| ભાવની અસર બહાર થાય છે. | ભાવની અસર શરીર પર થાય છે. |
| ભાવની અસર કર્મ પર થાય છે. | ભાવની અસર બી.પી. પર થાય છે. |
| ભાવની અસર મોઢા પર થાય છે. | ભાવની અસર હાર્ટ-બ્રેઇન પર થાય છે. |

શેર બજારના ભાવ ગગડ્યા-મુંબઇમાં અને અહીં મોઢું પડી જાય છે. ભાવની અસર કર્મો ઉપર પણ થાય છે. તેની તમને ખબર નહીં પડે, એ ઓટોમેટીક પ્રક્રિયા છે. (પેજ ૧૩૨)

પ્ર.-૨૬૧ **નિમિત્ત-નૈમિતિક વ્યવસ્થા શું છે ?**

ઉ.-૨૬૧ કર્મોમાં તમારે ફેરફાર કરવાનો નથી તમે ફેરફાર કરી શકતા નથી...... પણ થાય છે. કર્મો તમારામાં ફેરફાર કરતા નથી પણ થાય છે. આ વ્યવસ્થાને નિમિત-નૈમિતિક વ્યવસ્થા કહે છે. ઉપાદાન અને નિમિત એ સમાંતર રેખા છે. નિમિત અને નૈમિતિક એ પણ સમાંતર રેખા છે. બન્ને રેલના પાટાની જેમ સમાંતર ચાલ્યા જાય છે. અંદરમાં ચૈતન્યની ધારા અને આ બાજુમાં કર્મની ધારા-સમાંતર રેખા. અંતરમાં (આત્મામાં) પરિણામની (ભાવની-અધ્યવસાયની) ધારા ચાલે, એ અંદરની જે ભાવની ધારા તેના કારણે કર્મોમાં ઇફેક્ટ થાય છે એટલે કર્મોમાં ફેરફાર થાય છે એમ નહીં પણ ઇફેક્ટ (ઇફેક્ટ એટલે અસર). અંદરની ભાવની ધારાના કારણે કર્મોમાં થતી ઇફેક્ટ અને કર્મોમાં થતી પ્રક્રિયા (જે અંદર થાય છે) અને કર્મોમાં થતી પ્રક્રિયાના કારણે રીફ્લેકશન જે થાય (અંદરમાં જે રીએકશન આવે) તે આત્મામાં થાય. આ ઘટનાને નીચેના ઉત્તર ૨૬૨માં ઉદાહરણ આપી સમજાવી છે. (પેજ ૧૩૨)

| | |
|---|---|
| પ્ર.-૨૬૨ | **નિમિત્ત-નૈમિતિક વ્યવસ્થા સમજવા માટેનું ઉદાહરણ શું છે ?** |
| ઉ.-૨૬૨ | ક્રોધ મોહનીયના દલિકો (કર્મો) અંદરમાં સક્રિય (એકટીવ) થયા છે અને તેનું ફળ આપવા તૈયાર થયા છે અને તે જ વખતે રસ્તે ચાલ્યા જતા હો અને સ્કુટરનો ધક્કો મારનાર મળી આવશે. આ નિમિત્ત મળ્યું એટલે કે ધક્કો મળ્યો. ક્રોધ મોહનીય કર્મના દલિકો કામમાં પણ લાગ્યા અને તે વખતે પ્રમાદ જો હોય તો અંદર ક્રોધની ધારા ચાલુ થશે. ઘટના ઘટી. એક ઉપાય છે. સ્કુટર ભલે વાગ્યું અને ક્રોધ મોહનીય કર્મના દલિકો ભલે ઉદયમાં રહ્યા-પણ તમે જો જાગેલા હશો તો કર્મોની ઘટના ઘટવા છતાં ક્રોધની અવસ્થા અંદરમાં નહીં થાય. આ તમામ હાથની વાત છે. શાસ્ત્રો તો કહે છે કે **''જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ''**. આત્મા પોતે નીચેની બાબતોમાં સ્વતંત્ર છે.<br>કર્મો બાંધવા તારા (આત્માના) હાથમાં,<br>બાંધેલા કર્મો તોડવા તારા (આત્માના) હાથમાં,<br>નવા નહીં બાંધવા તારા (આત્માના) હાથમાં.<br>જો આ સ્વતંત્રતાનો ઉપયોગ કરે તો આત્મા જાગૃત થાય અને જો જાગૃત થાય તો કર્મોનો ક્ષય થાય. (પેજ ૧૩૩) |
| પ્ર.-૨૬૩ | **લબ્ધિઓમાં શેનું વર્ણન હોય છે ?** |
| ઉ.-૨૬૩ | લબ્ધિઓમાં ત્રણ વર્ણન હોય છે.(પેજ ૧૩૪)<br>૧. આત્મામાં થતા ભાવો,<br>૨. કર્મોમાં થતા ફેરફારો,<br>૩. અને તે વખતે આત્મામાં થતી જુદી જુદી ઘટનાઓ. |

# પ્રવચન-૧૧ : પ્રશ્ન-ઉત્તર રૂપે. ક્ષયોપશમ લબ્ધિ

**પ્ર.-૨૬૪ કરણ લબ્ધિના કેટલા ભાગ છે ? કેટલા પ્રભાગ છે ?**

ઉ.-૨૬૪ કરણ લબ્ધિના ભાગ તથા પ્રભાગ નીચે ટેબલમાં દર્શાવ્યા છે.

| ક્રમ | કરણલબ્ધિના ભાગ | લબ્ધિના પ્રભાગ |
|---|---|---|
| ૧. | અધઃકરણ અર્થાત્ યથાપ્રવૃત્તિ કરણ | ×××××××××× |
| ૨. | અપૂર્વ કરણ | ×××××××××× |
| ૩. | અનિવૃત્તિકરણ | ૧. અંતરકરણ |

(પેજ ૧૩૫)

**પ્ર.-૨૬૫ અંતરકરણની પ્રક્રિયા એટલે અથવા ઉપશમ એટલે શું?**

ઉ.-૨૬૫ અંતરકરણની પ્રક્રિયામાં એવો એક કાળ પ્રાપ્ત થાય છે કે જે કાળમાં દર્શનમોહનીય અને અનંતાનુબંધીના ચાર કષાય બિલકુલ અનુદય અવસ્થામાં હોય છે. આ ક્રિયાને શાસ્ત્રીય ભાષામાં ''ઉપશમ'' કહેવાય છે. (પેજ – ૧૩૫)

**પ્ર.-૨૬૬ અંતરકરણની પ્રક્રિયામાં શું થાય છે ?**

ઉ.-૨૬૬ તે અવસ્થામાં કર્મનું (પાંચ પ્રકૃતિઓનું) એક પણ દલિક કામ કરી શકતું નથી. એવી અવસ્થામાં જે અનુભવ થાય તે સૌથી પ્રથમ-અનાદિકાળ પછી – અનાદિ મિથ્યાદષ્ટિને એ સ્વરૂપનો અનુભવ થાય છે. અને સ્વરૂપનો અનુભવ જેવો ક્ષાયિક સમ્યગ્દષ્ટિને કે સર્વજ્ઞ પરમાત્માને જેવો અનુભવ થાય છે તેવો ક્ષયોપશમ સમ્યગ્દષ્ટિને અનુભવ થાય છે. (પેજ ૧૩૫)

**પ્ર.-૨૬૭ ક્ષયોપશમ લબ્ધિનો પ્રારંભ ક્યાંથી થાય છે ?**

ઉ.-૨૬૭ તેનો પ્રારંભ તત્ત્વ વિચારથી થાય છે. તત્ત્વ વિચાર એ પ્રારંભની ઘટના છે. શરૂઆત ત્યાંથી થાય છે. અનુભૂતિ અંતરકરણમાં થશે પણ તત્ત્વ વિચારનો પ્રારંભ ક્ષયોપશમ લબ્ધિમાં થાય છે. ક્ષયોપશમ લબ્ધિનો પ્રારંભ કર્મકાંડથી નહીં થાય કારણ કે કર્મકાંડ શરીર પ્રધાન છે અને અનુભવ વિચાર પ્રધાન છે. વિચાર પ્રધાન પ્રક્રિયામાં તત્ત્વ વિચાર એ અત્યંત મહત્ત્વની ઘટના છે. (પેજ ૧૩૫)

**પ્ર.-૨૬૮ સાતમા ગુણસ્થાન પછી મુનિઓનું મુખ્ય સાધન શું છે ? અથવા ચૈતન્યને વળગેલા કર્મોનાં સંબંધમાં એક વિશેષ પ્રકારની શુદ્ધિનો પ્રારંભ ક્યારથી થાય છે ?**

ઉ.-૨૬૮ તેઓનું મુખ્ય સાધન જો કાંઇ પણ હોય તો માત્ર શુદ્ધ સ્વભાવનું અનન્ય ચિંતન છે. દ્રવ્ય-ગુણ અને પર્યાય તથા એની અત્યંત સૂક્ષ્મ ચિંતનાઓનો પ્રારંભ ત્યાંથી થાય છે.

***અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો,***
***અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?***

અતિશય શુદ્ધ સ્વભાવનું અનન્ય ચિંતન-વચમાં ધારા તૂટતી નથી એવું ચિંતન કરતાં કરતાં અંદરમાં (ચૈતન્યમાં) અને ચૈતન્યને વળગેલા કર્મોનાં સંબંધમાં એક વિશેષ પ્રકારની શુદ્ધિનો પ્રારંભ થાય છે. (પેજ ૧૩૬)

| | |
|---|---|
| પ્ર.-૨૬૯<br>ઉ.-૨૬૯ | **કર્મનો નાશ કરવામાં જ્ઞાની અને અજ્ઞાની વચ્ચે શું ફરક છે ?**<br>અજ્ઞાની એક કરોડ વર્ષ કામ કરે છે અને જે કર્મનો ક્ષય કરી શકતો નથી, જ્ઞાની એક શ્વાસોચ્છ્વાસમાં કર્મનો ક્ષય કરી શકે છે. અજ્ઞાની કર્મનો નાશ કરે છે ખરો પણ અંદર મોટા દોષો રહી જાય છે. આ એટલા માટે થાય છે કે અજ્ઞાનીમાં પેલા પાંચ - ચાર અનંતાનુબંધી અને એક દર્શન મોહનીય અંદરમાં બેઠા છે. (પેજ ૧૩૬) |
| પ્ર.-૨૭૦<br>ઉ.-૨૭૦ | **મોક્ષની પ્રાપ્તિ માટે શું જરૂરી છે ? અથવા સત્ય જ્ઞાન પ્રાપ્ત કરવા માટે શું જોઇએ ?**<br>સત્યજ્ઞાન પ્રાપ્ત થયા સિવાય કદી પણ મોક્ષની પ્રાપ્તિ નહીં થાય. આવું સત્યજ્ઞાન પ્રાપ્ત કરવા માટે ચિત્તશુદ્ધિ જોઇએ. (પેજ ૧૩૭) |
| પ્ર.-૨૭૧<br>ઉ.-૨૭૧ | **ચિત્તશુદ્ધિ માટે સાધન શું છે ?**<br>ચિત્તશુદ્ધિ માટે નિષ્કામ કર્મ સાધન બની શકે છે. (પેજ ૧૩૭) |
| પ્ર.-૨૭૨<br>ઉ.-૨૭૨ | **નિષ્કામ કર્મથી મોક્ષ પ્રાપ્ત થાય ?**<br>નિષ્કામ કર્મથી મોક્ષ પ્રાપ્ત થાય એવું નહીં કહી શકાય. નિષ્કામ કર્મ એ મોક્ષ પ્રાપ્તિનું પરંપરાએ કારણ છે, સીધું કારણ નથી. (પેજ ૧૩૭) |
| પ્ર.-૨૭૩<br>ઉ.-૨૭૩ | **મોક્ષ પ્રાપ્તિનું સીધું કારણ શું છે ?**<br>મોક્ષ પ્રાપ્તિનું સીધું કારણ આત્મજ્ઞાન છે - આત્મ અનુભવ છે. અને આત્મ અનુભવનો પ્રારંભ તત્ત્વ વિચારથી થાય છે. (પેજ ૧૩૭) |
| પ્ર.-૨૭૪<br>ઉ.-૨૭૪ | **બુદ્ધિ એ શું છે ? બુદ્ધિ દ્વારા શું થઇ શકે છે ? બુદ્ધિ ક્યાંથી પાછી હઠે છે ?**<br>**बुद्धेः फलं तत्त्व विचारणं च, देहस्य सारं व्रतधारणं च।**<br>**अर्थस्य सारं किल पात्रदानं, वाचः फलं प्रीतिकरं नराणाम्॥**<br>બુદ્ધિ એ શ્રેષ્ઠ સાધન છે કારણ કે<br>બુદ્ધિ દ્વારા વિચાર થઇ શકે છે, બુદ્ધિ દ્વારા ચિંતન થઇ શકે છે, બુદ્ધિ દ્વારા અંદરમાં ડૂબકી મારી શકાય છે, બુદ્ધિ દ્વારા સૂક્ષ્મ રસ શોધી શકાય છે,<br>બુદ્ધિ દ્વારા લગભગ અતીન્દ્રિયના સાધનમાં ડૂબકી મારી શકાય છે. પૂરી ડૂબકી નહીં મારી શકાય. (પેજ ૧૩૭) |
| પ્ર.-૨૭૫<br>ઉ.-૨૭૫ | **પૂરી ડૂબકી મારી નથી શકતી તે બુદ્ધિમાંથી શું ઉત્પન્ન થાય છે ?**<br>તે બુદ્ધિમાંથી જે તત્ત્વ તૈયાર થાય છે તેને પ્રજ્ઞા કહેવાય છે. (પેજ ૧૩૭) |
| પ્ર.-૨૭૬<br>ઉ.-૨૭૬ | **આ પ્રજ્ઞા શું કામ કરશે ?**<br>એ પ્રજ્ઞા જડ અને ચેતન બન્નેનો ભેદ કરે છે. (પેજ ૧૩૭) |
| પ્ર.-૨૭૭<br>ઉ.-૨૭૭ | **ક્ષયોપશમ લબ્ધિનો પ્રારંભ ક્યાંથી થાય છે ?**<br>ક્ષયોપશમ લબ્ધિનો પ્રારંભ તત્ત્વ વિચારથી થાય છે અને તત્ત્વ વિચાર કરી શકાય તેવી એક વ્યવસ્થા અંદર ગોઠવાય છે. (પેજ ૧૩૭) |

| | |
|---|---|
| પ્ર.-૨૭૮<br>ઉ.-૨૭૮ | **કર્મ-બંધના કારણો શું છે ?**<br>રાગ અને દ્વેષ એ કર્મ-બંધના કારણો છે. (પેજ ૧૩૮) |
| પ્ર.-૨૭૯<br>ઉ.-૨૭૯ | **રાગ અને દ્વેષ થવાનું કારણ શું ?**<br>અજ્ઞાન છે. (પેજ ૧૩૮) |
| પ્ર.-૨૮૦<br>ઉ.-૨૮૦ | **અજ્ઞાનનું કારણ શું છે ?**<br>સમ્યગ્જ્ઞાનની હાજરી નથી પણ મિથ્યાત્વની હાજરી છે એ અજ્ઞાનનું કારણ છે. |
| પ્ર.-૨૮૧<br>ઉ.-૨૮૧ | **કર્મ-બંધ થાય ત્યારે શું ઘટના બને છે ?**<br>કર્મ-બંધ થાય છે ત્યારે નીચેની ૪ ઘટના બને છે |

| ૧. પ્રકૃતિ બંધ | ૨. સ્થિતિ બંધ | ૩. રસ બંધ | ૪. પ્રદેશ બંધ |
|---|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | **પ્રકૃતિ બંધ** | કર્મોની પ્રકૃતિ શું છે ? તે કયા ફળ-પરિણામ આત્માને આપશે ? તે જ્ઞાનને રોકશે ? તે દર્શનને રોકશે? તે ચારિત્ર્યને રોકશે ? તે અગુરુલઘુ ગુણને રોકશે ? તે વીર્યને રોકશે? તે અવ્યાબાધ સુખને રોકશે ? તે કેવું શરીર આપશે ? આ બધું નક્કી થાય. (પેજ ૧૩૮) |
| ૨. | **સ્થિતિ બંધ** | કર્મોનો કાળ નક્કી થઇ જાય છે. સાથે સાથે ક્યારે ઉદયમાં આવશે અને કેટલા કાળ સુધી ઉદય વગર પડયા રહેશે તે નક્કી થાય છે. એમ કર્મો બાંધ્યા પછીમાં એક અબાધાકાળનો ટાઇમ આવે છે જે અબાધાકાળના ગાળામાં કર્મો કાંઇ ફળ આપી શકતા નથી. (પેજ ૧૩૮) |
| ૩. | **રસ બંધ** | કમોમાં રસ એટલે - કર્મોની તાકાત - કર્મોની શક્તિ - કર્મોની ક્ષમતા - કર્મોની ચીકાશ. જેવા  રાગ-દ્વેષના ભાવ તેટલી કર્મોની ચીકાશ. જેટલી તીવ્રતાથી કર્મો કર્યા હશે તેટલી તીવ્રતાથી કર્મોના પરિણામ ભોગવવા પડશે. (પેજ ૧૩૮-૧૩૯) |
| ૪. | **પ્રદેશ બંધ** | કરેલા કર્મોના પરમાણુનો જથ્થો પ્રદેશ બંધમાં નક્કી થાય છે. પ્રદેશ બંધનો આધાર મન વચન અને કાયાના યોગ (પ્રવૃત્તિ) ઉપર છે. (પેજ ૧૩૯) |

| | |
|---|---|
| પ્ર.-૨૮૨<br>ઉ.-૨૮૨ | **કર્મતંત્રમાં સૌથી વધારે શું નડે છે ?**<br>(રેફ.-૨૦૯) કર્મતંત્રમાં સૌથી વધારે નડનાર રસ છે, ચીકાશ છે (કોલેસ્ટ્રોલ છે) એ નડે છે. પરમાણુઓમાં જેટલા પ્રમાણમાં ચીકાશ એટલી એ આપણા જીવનમાં અવરોધ ઉત્પન્ન કરે છે. અને આ અવરોધ હોવાને લીધે આપણા જીવનમાં જે પ્રક્રિયા ચાલવી જોઇએ તે ચાલી શકતી નથી. (પેજ ૧૪૦) |

**પ્ર.-૨૮૩ રાગ-દ્વેષ મંદ શા માટે જોઇએ ?**

ઉ.-૨૮૩ જેટલા રાગ-દ્વેષ તીવ્ર તેટલા કર્મો ચીકણા થાય છે. અને એ ચીકણા કર્મો આપણને પોતાને જ નડે છે. (પેજ ૧૩૮)

**પ્ર.-૨૮૪ મુખ્ય કર્મોના નામ તથા સ્વભાવ શું છે ?**

ઉ.-૨૮૪

| | મુખ્ય કર્મના નામ | તે કર્મનો સ્વભાવ શું? |
|---|---|---|
| ૧. | જ્ઞાનાવરણીય | જ્ઞાનગુણને ઢાંકે. |
| ૨. | દર્શનાવરણીય | દર્શનગુણને રોકે. |
| ૩. | વેદનીય | સુખ દુઃખ આપે. |
| ૪. | મોહનીય | શ્રદ્ધા અને ચારિત્ર્યગુણમાં મુંઝવે. |
| ૫. | આયુષ્ય | દેહની સ્થિતિ નક્કી કરે. |
| ૬. | નામ કર્મ | શરીર ગતિ આદિ આપે. |
| ૭. | ગોત્ર | ઊંચ-નીચ કુળ આપે. |
| ૮. | અંતરાય | દાન-લાભ-ભોગ-ઉપભોગ અને વીર્ય ગુણમાં વિઘ્ન કરે. |

(કોઇ પ્રવચનમાં નથી - માહિતી માટે આપ્યું છે.)

**પ્ર.-૨૮૫ કર્મ-બંધ શા માટે થાય છે ?**

ઉ.-૨૮૫ કર્મ બંધનું કારણ અનાદિ કાળથી વિપરીત અભ્યાસ છે, એટલે કે કષાયોનો અભ્યાસ અને વિષયોનો અભ્યાસ છે અને વૈરાગ્ય ભાવ-ઉપશમ ભાવ-ત્યાગ ભાવ-અનાસક્તિ ભાવ-સમતા ભાવ-સમભાવનો અભ્યાસ નથી કર્યો. આ સ્થિતિને અનભ્યસ્ત અવસ્થા કહે છે. તેથી કષાયો તરફ જવું અને વિષયો તરફ જવું જીવને સહેલું થઇ પડ્યું છે. (પેજ ૧૪૦)

**પ્ર.-૨૮૬ વૈરાગ્ય-ઉપશમ ભાવની પરિણતિ એકદમ કેમ નથી થઇ શકતી ?**

ઉ.-૨૮૬ ''કારણ કે અનાદિથી વિપરીત અભ્યાસ છે તેથી વૈરાગ્ય-ઉપશમ ભાવની પરિણતિ એકદમ ન થઇ શકે''-વચનામૃત ૬૪૪. વૈરાગ્યનો-ઉપશમનો-ત્યાગનો-અનાસક્તિનો-સમતાનો-સમભાવનો અભ્યાસ કર્યો નથી માટે એવા જે ભાવો છે તેની પરિણતિ થવી કઠીન છે. (પેજ ૧૪૦-૧૪૧)

**પ્ર.-૨૮૭ વૈરાગ્ય-ઉપશમ ભાવની પરિણતિ થાય તે માટેનો ઉપાય શું છે ?**

ઉ.-૨૮૭ આવી પરિણતિ થવી કઠીન છે તે માટે બળ વાપરવું પડશે, સામર્થ્ય વાપરવું પડશે, જોર વાપરવું પડશે, તાકાત વાપરવી પડશે. શ્રીમદ્‌જીએ પત્રાંક ૬૪૪માં આગળ જણાવ્યું કે ''-તથાપિ નિરંતર તે ભાવો પ્રત્યે લક્ષ્ય રાખ્યે અવશ્ય સિદ્ધિ થાય છે'' (પેજ ૧૪૧)

**પ્ર.-૨૮૮ કર્મબંધ થતો અટકાવવા શું કરવું ?**

ઉ.-૨૮૮ વૈરાગ્ય ભાવ-ઉપશમ ભાવ-ત્યાગ ભાવ-અનાસક્તિ ભાવ-સમતા ભાવ-સમ ભાવ કરવો અને તે પ્રત્યે નિરંતર લક્ષ રાખવું તો કર્મ-બંધ અવશ્ય અટકે.

| | |
|---|---|
| પ્ર.-૨૮૯ | **વૈરાગાદિક ભાવોની અવશ્ય સિદ્ધિ માટે શું કરવું ?** |
| ઉ.-૨૮૯ | નિરંતર વૈરાગાદિક ભાવો તરફ લક્ષ રાખ્યે અવશ્ય સિદ્ધિ થાય છે. |
| પ્ર.-૨૯૦ | **સત-સમાગમનો યોગ ન હોય તો શું કરવું ?** |
| ઉ.-૨૯૦ | સત-સમાગમનો યોગ ન હોય ત્યારે તે ભાવો (ત્યાગ ભાવ, વૈરાગ્ય ભાવ, ઉપશમ ભાવ, અનાસક્તિ ભાવ, સમતા ભાવ, સમ ભાવ) જે પ્રકારે વર્ધમાન થાય તેમ કરવું એટલે કે તે પ્રકારના દ્રવ્ય-ક્ષેત્ર આદિ ઉપાસવા તથા સત-શાસ્ત્રનો પરિચય કરવો યોગ્ય છે. (પેજ ૧૪૧) |
| પ્ર.-૨૯૧ | **અનભ્યસ્ત અવસ્થાના અભ્યાસનો પ્રારંભ ક્યારે થાય છે ?** |
| ઉ.-૨૯૧ | આ અનભ્યસ્ત (જેનો અભ્યાસ કર્યો જ નથી) અવસ્થાના અભ્યાસનો પ્રારંભ ક્ષયોપશમ લબ્ધિમાં થાય છે. (પેજ ૧૪૧) |
| પ્ર.-૨૯૨ | **ક્ષયોપશમ લબ્ધિ શબ્દ કેવી રીતે બનેલો છે ?** |
| ઉ.-૨૯૨ | ક્ષયોપશમ લબ્ધિ તે ત્રણ શબ્દોનો બનેલો છે. |

| ૧. ક્ષય | ૨. ઉપશમ | ૩. લબ્ધિ |
|---|---|---|
| ઉદયમાં આવતા કર્મોનું ખરી પડવું તેને ક્ષય કહે છે. (પેજ ૧૪૧) | કર્મોની હાજરી હોવા છતાં અમુક કાળ સુધી તે કાંઇ પરિણામ ના આપી શકે તેવી સ્થિતિને ઉપશમ કહે છે. (પેજ ૧૪૧-૧૪૨) | કર્મતંત્રમાં ફેરફાર થવાને પરિણામે અંદરમાં આત્માની જે અવસ્થા પ્રગટ થાય છે તેને લબ્ધિ કહે છે. લબ્ધિને કહેવાય છે ક્ષમતા, લબ્ધિને કહેવાય છે કાર્ય. (પેજ ૧૪૧) |

| | |
|---|---|
| પ્ર.-૨૯૩ | **ક્ષયોપશમ કોને કહે છે ?** |
| ઉ.-૨૯૩ | ક્ષય ઉપશમ અને ઉદય ત્રણે મળીને જે પ્રક્રિયા થાય તેને ક્ષયોપશમ કહે છે. દેશઘાતી પ્રકૃતિઓના દેશઘાતી સ્પર્ધકોનું ઉદયમાં હોવું અને એ વખતે ઉદય હોવા છતાં અંદર કાર્ય થઇ શકે-ચિંતન થઇ શકે-મંથન થઇ શકે, તત્ત્વનો વિચાર થઇ શકે એવો આત્મામાં પ્રગટ થતો ક્ષયોપશમનો ભાવ એ આત્મામાં બનતી ઘટના છે. આ ઘટનામાં તમે તત્ત્વ વિચાર કરી શકો છો. (પેજ ૧૪૨) |
| પ્ર.-૨૯૪ | **તત્ત્વ વિચાર, તત્ત્વ ચિંતન, તત્ત્વ મનન, તત્ત્વ સંવેદન કરવાનો ભાવ દુર્લભ કઇ રીતે સમજવો?** |
| ઉ.-૨૯૪ | જગતમાં અબજો માણસો હોવા છતાં તેમાંથી આંગળીના વેઢે ગણી શકાય તેટલા લોકોમાં જ તત્ત્વ વિચાર કરવાનો ભાવ આવે છે.<br>જેટલા લોકોને તત્ત્વ વિચાર કરવાનો ભાવ આવે તેમાંથી આંગળીના વેઢે ગણી શકાય તેટલા લોકોમાં જ તત્ત્વ ચિંતન કરવાનો ભાવ આવે છે.<br>જેટલા લોકોને તત્ત્વ ચિંતન કરવાનો ભાવ આવે તેમાંથી આંગળીના વેઢે ગણી શકાય તેટલા લોકોમાં જ તત્ત્વ મનન કરવાનો ભાવ આવે છે.<br>જેટલા લોકોને તત્ત્વ મનન કરવાનો ભાવ આવે તેમાંથી આંગળીના વેઢે ગણી શકાય તેટલા લોકો જ તત્ત્વ સંવેદન કરી શકે છે. (પેજ ૧૪૨) |

| | |
|---|---|
| **પ્ર.-૨૯૫**<br>ઉ.-૨૯૫ | **ક્ષયોપશમ લબ્ધિને કેવી રીતે સમજવી ? ક્ષયોપશમ લબ્ધિમાં શું થાય છે ?**<br>અશુભ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય આ ચાર ઘાતી કર્મો છે. ઘાતી કર્મો એટલે મૂળ ગુણોને કામ કરવા ન દે. આ મૂળ ગુણો એટલે જ્ઞાન-દર્શન-ચારિત્ર્ય-વીર્ય અને અનંતઆનંદ તે મૂળ મિલ્કત છે. તે મૂળ ગણો ઉપર આ ચારે ચાર ઘાતી કર્મો બેસી ગયા છે માટે આ ગુણો કામ કરી શકતા નથી. એ કર્મોનો અનુભાગ અર્થાત્ રસ જે કાળમાં સમયે સમયે અનંતગુણા ક્રમથી ઘટતો જાય છે, ઓછો થતો જાય છે તેને ક્ષયોપશમ લબ્ધિ કહે છે. તેલ કપડામાં લાગ્યું છે. પછી તેને પાણીમાં બોળ્યું તો તેલ થોડું ઓછું થયું - પછી તેને સાબુમાં બોળ્યું તો હજી તેલ થોડું ઓછું થયું. પછી તેને સાબુ લગાડયો તો હજી તેલ થોડુંક ઓછું થયું પછી તેને ધોકા માર્યા તો હજી તેલ થોડુંક ઓછું થયું. એમ ધીમે ધીમે એ ચીકાસ ઘટતી જાય. એમ જે પોતાની પાસે કર્મો છે તેમાં જે રસ છે તે સમયે સમયે અનંતગુણા ક્રમથી ઘટતો જાય. (પેજ ૧૪૨) |
| **પ્ર.-૨૯૬**<br>ઉ.-૨૯૬ | **રસ-ચીકાસ ઘટતી જાય પછી શું ઘટના ઘટે છે ?**<br>સમયે સમયે કર્મોમાં રહેલો જે તીવ્ર રસ છે તે ઘટતો જાય અને પછી એ ઘટેલા રસવાળા કર્મો ઉદયમાં આવતા જાય અને એ કર્મો ખરી પડતા જાય, આવી જે અવસ્થા આવવી તેને કહે છે ક્ષય. આવી અવસ્થા જ્યારે આવે છે ત્યારે તત્ત્વ વિચાર કરવાની અનુકૂળ તક અંદરમાં ઊભી થાય છે. (પેજ ૧૪૩) |
| **પ્ર.-૨૯૭**<br>ઉ.-૨૯૭ | **લોકો તત્ત્વનો વિચાર કેમ કરતા નથી?**<br>અનભ્યસ્ય અવસ્થાના કારણે વિચાર કરતા નથી. (પેજ ૧૪૩) |
| **પ્ર.-૨૯૮**<br>ઉ.-૨૯૮ | **ક્ષય ઉપશમ ભેગા મળીને શું કરે છે ?**<br>ક્ષય ઉપશમ ભેગા મળીને આ બાંધેલા કર્મોમાંથી રસ તૂટી જતાં તત્ત્વ વિચાર કરી શકે એવી અવસ્થા અંદર જે પ્રાપ્ત થાય છે તેને કહેવાય છે ક્ષયોપશમ લબ્ધિ. (પેજ ૧૪૩) |
| **પ્ર.-૨૯૯**<br>ઉ.-૨૯૯ | **ક્ષયોપશમ લબ્ધિનું ચિત્ર હજી સ્પષ્ટ કઇ રીતે કરશો ?**<br>તત્ત્વ વિચાર કરવાનું કામ તમારું છે એ ઘટના તમારામાં ઘટશે. પણ તત્ત્વ વિચારની ઘટના તમારામાં જે વખતે ઘટશે ત્યારે કર્મ તંત્રમાં આ પ્રક્રિયા થયેલી હશે. તમે જાણી નહીં શકો કે અનંતગુણો રસ તૂટી રહ્યો છે. પણ તમારા અંદરમાં જે ભાવની (શુભ ભાવની ધારા - જે તત્ત્વ ચિંતનની ધારા-જે તત્ત્વ વિચારની ધારા) ધારા ઊઠે છે એ ધારાના કારણે એ કર્મોમાં રસ તૂટતો જાય છે. તમને ખ્યાલમાં નહીં આવે કે અંદરનો રસ (અનુભાગ) તૂટી રહ્યો છે. પણ તમે તમારા અંદરમાં તત્ત્વ ચિંતનની ધારામાં જે વખતે ઢળશો ત્યારે સામે જે કર્મો છે તેનો રસ તૂટતો જશે અથવા એમ પણ કહો કે સામે જે કર્મો છે એનો અનુભાગ (રસ) જેટલા પ્રમાણમાં તૂટે છે તેટલા પ્રમાણમાં તમે તત્ત્વ વિચાર કરી શકશો. આ સાપેક્ષ છે. આ એકમેક ઉપર આધારિત છે. આવી ઘટના જ્યારે ઘટે છે ત્યારે અનાદિકાળ પછી આ જીવના હૃદયમાં તત્ત્વના વિચારનો પ્રાદુર્ભાવ થાય છે. (પેજ ૧૪૩) આ વખતે ગ્રહણ કરેલાં જ્ઞાનાવરણીય આદિ કર્મોમાં - સર્વઘાતી પ્રકૃતિમાં રહેલો તીવ્ર રસ તે વખતે અનંતગુણા ક્રમથી તૂટી ગયેલો હોય છે. આવી હળવાશ થવાના પરિણામે તત્ત્વ વિચાર કરવાની તક અંતરમાં ઊભી થાય છે. આ અવસ્થાને ક્ષયોપશમ લબ્ધિ કહે છે. (પેજ ૧૪૪) |

| | |
|---|---|
| પ્ર.-૩૦૦<br>ઉ.-૩૦૦ | **તત્ત્વ સંવેદન થાય ત્યારે કર્મો શું કરે છે ?**<br>તત્ત્વ સંવેદન થાય ત્યારે પણ ચાર ઘાતી કર્મો તથા ચાર અઘાતી કર્મો પોતાનું કામ કરતા હોય છે. પણ સંવેદનમાં અવરોધ કરતા નથી. |
| પ્ર.-૩૦૧<br>ઉ.-૩૦૧ | **ક્ષયોપશમ લબ્ધિના પરિણામો શું આવે છે ?**<br>(૧) અનંતકાળ પછી પ્રથમ વખતે તત્ત્વવિચારનું બીજ પ્રાપ્ત થાય છે. (પેજ ૧૪૪)<br>(૨) આત્મામાં તીવ્ર કષાયોથી જે સંક્લિષ્ટ પરિણામો થાય છે તેનું બળ ઘટે છે. સંક્લિષ્ટ પરિણામો એટલે તીવ્રતમ કષાયોની હાજરીમાં જે ભાવો થાય છે તે (પેજ ૧૪૪) |
| પ્ર.-૩૦૨<br>ઉ.-૩૦૨ | **કષાયોની તીવ્રતાનું શું પરિણામ આવશે ?**<br>જેટલા કષાયો તીવ્ર એટલા પ્રમાણમાં સંક્લિષ્ટ પરિણામ. સંક્લિષ્ટ પરિણામોથી જેટલા કર્મો થાય છે તેટલા તીવ્ર રસવાળા અને દીર્ઘ સ્થિતિવાળા થાય છે. કષાયોની તીવ્રતા કારણભૂત છે માટે જાગતા રહેજો. (પેજ ૧૪૫) |
| પ્ર.-૩૦૩<br>ઉ.-૩૦૩ | **સંક્લિષ્ટ પરિણામો હાનિ પામે છે (કષાયની તીવ્રતા ન હોય ત્યારે) ત્યારે શું થાય છે? અને કષાયની તીવ્રતા હોય ત્યારે શું થાય?**<br>સંક્લિષ્ટ પરિણામો જે અવસ્થામાં હાનિ પામે છે ત્યારે અંદરમાં વિશુદ્ધ પરિણામોનો પ્રારંભ થાય છે. કષાયોની તીવ્રતા હોય ત્યારે સંક્લિષ્ટ પરિણામો હોય અને કષાયો જ્યારે મંદ હોય ત્યારે વિશુધ્ધ પરિણામો હોય. જ્યારે મંદ કષાય હોય - ત્યારે ક્ષમાનો ભાવ આવે - ત્યારે સરળતાનો ભાવ આવે - ત્યારે દાનનો ભાવ આવે - ત્યારે નમ્રતાનો ભાવ આવે - ત્યારે ત્યાગનો ભાવ આવે - ત્યારે શીલનો ભાવ આવે અને કષાય જ્યારે તીવ્ર હોય - ત્યારે દુનિયાભરનું પડાવી લેવાનો ભાવ આવે - ત્યારે બધાને ઠેકાણે પાડી દેવાનો ભાવ આવે - ત્યારે બધાને ખબર પાડી દઇને બંદા કેવા છે તે બતાડી દેવાનો ભાવ આવે. જેટલો કષાયોનો સંક્લેશ એટલી પાપ પ્રવૃત્તિમાં વેગ, તીવ્રતા, ધૃષ્ટતા, નિષ્ઠુરતા, ત્યારે હિંસા પ્રવૃત્તિ તીવ્ર, અસત્ય તીવ્ર, ચોરી તીવ્ર; વિષય-વાસના તીવ્ર - ત્યારે સંગ્રહવૃત્તિ પણ તીવ્ર. (પેજ ૧૪૫) |
| પ્ર.-૩૦૪<br>ઉ.-૩૦૪ | **મંદ કષાય હોય ત્યારે શેનો પ્રારંભ થાય છે ?**<br>મંદ કષાયરૂપ ભાવ અંદર હોય તે વખતે અંદરમાં શુભ પરિણામોની ધારા વહેવાનો પ્રારંભ થાય છે તેને કહેવાય છે વિશુદ્ધિ લબ્ધિ. (પેજ ૧૪૬) |
| પ્ર.-૩૦૫<br>ઉ.-૩૦૫ | **વિશુદ્ધિ લબ્ધિમાં શું થાય છે ?**<br>વિશુદ્ધિ લબ્ધિમાં મોહનીય કર્મનો ઉદય મંદ થાય છે. અર્થાત વિશુદ્ધિ લબ્ધિમાં મોહનું જોર ઘટે છે - અહંકારનું જોર ઘટે છે - મમત્વનું જોર ઘટે છે - આસક્તિનું જોર ઘટે છે - વાસનાનું જોર ઘટે છે - મૂર્છાનું જોર ઘટે છે અને એવી પરિસ્થિતિમાં તત્ત્વ ચિંતન કરવાની ભૂમિકા દઢ બની જાય છે. (પેજ ૧૪૬) મોહ જ્યારે મંદ થયો ત્યારે શાતાવેદનીય આદિ પુણ્ય પ્રકૃતિનો બંધ પડે છે. તેથી અનુકૂળ સાધનો મળે છે. અનુકૂળ સાધનોથી સદ્‌ગુરુ મળે છે. સદ્‌ગુરુ મળે ત્યારે સાચી સમજણ મળે છે. સાચી સમજણથી અનુકૂળ સાધનોનો ઉપયોગ કર્મ ક્ષય કરવા માટે કરે છે. આવી ઘટના જ્યાં બનવાની શકયતા છે તેને વિશુધ્ધિ લબ્ધિ કહે છે. (પેજ ૧૪૭) |

# પ્રવચન-૧૨ : પ્રશ્ન-ઉત્તર રૂપે. વિશુદ્ધિ લબ્ધિ અને દેશના લબ્ધિ

| | |
|---|---|
| પ્ર.-૩૦૬<br>ઉ.-૩૦૬ | **સમ્યગ્દર્શનની અનુભૂતિ કઇ ભૂમિકામાં થાય છે ?**<br>સમ્યગ્દર્શનની અનુભૂતિ કરણ લબ્ધિમાં થશે. (પેજ ૧૫૦) કરણ લબ્ધિ પાંચમી ભૂમિકા છે. |
| પ્ર.-૩૦૭<br>ઉ.-૩૦૭ | **કરણ લબ્ધિ પહેલા બીજી કઇ કઇ ભૂમિકાઓ છે ? અને તેમાંથી કયા કયા જીવો પસાર થાય છે?**<br>૧. ક્ષયોપશમ લબ્ધિ, ૨. વિશુધ્ધિ લબ્ધિ, ૩. દેશના લબ્ધિ, ૪. પ્રાયોગ્ય લબ્ધિ. (પ્રવચનમાં નથી-માહિતી માટે છે.) અને તેમાંથી ભવ્ય તથા અભવ્ય બધા જીવો પસાર થાય છે. (પેજ ૧૫૦) |
| પ્ર.-૩૦૮<br>ઉ.-૩૦૮ | **કરણલબ્ધિની પાંચમી ભૂમિકામાં પ્રવેશ મેળવવાની લાયકાતો શું છે ?**<br>મોટા ભાગના ભવ્યો ચાર ભૂમિકા સુધી આવીને પાછા વળી જાય છે અને પાંચમી ભૂમિકામાં જવાનું સાહસ કરી શકતા નથી અને અભવ્ય જીવ તો કદી પણ કરણ લબ્ધિને પ્રાપ્ત કરી શકતો નથી. (પેજ ૧૫૦) |
| પ્ર.-૩૦૯<br>ઉ.-૩૦૯ | **અભવ્ય જીવની માન્યતા શું છે ?**<br>અભવ્ય જીવને મોક્ષ સાથે કાંઇ લેવા દેવા નથી. એની માન્યતામાં મોક્ષ તત્ત્વ નથી - એ ભલે મોક્ષ તત્ત્વની વાત કરતો હોય - એ ભલે મોક્ષ તત્ત્વની પ્રરૂપણા કરતો હોય - એ ભલે મોક્ષ તત્ત્વની વાત બીજાને સમજાવતો હોય છતાં, તેને અંદરમાં દ્રઢ નિશ્ચય છે કે ઇન્દ્રિયો વગર - ભોગો વગર - બહારના પદાર્થો વગર - સંયોગો વગર - વિષયો વગર સુખ હોઇ શકે નહીં. (પેજ ૧૫૦) |
| પ્ર.-૩૧૦<br>ઉ.-૩૧૦ | **વિશુદ્ધિ લબ્ધિમાં કઇ કઇ ઘટના બને છે ?**<br>તેમાં એક મોટી ઘટના એ ઘટી કે અંદરમાં જે સંક્લિષ્ટ પરિણામ હતા તે પરિણામ મંદ થયા - કષાયની માત્રામાં જે તીવ્રતા હતી તે મંદતા તરફ આવી છે. (પેજ ૧૫૦) |
| પ્ર.-૩૧૧<br>ઉ.-૩૧૧ | **સંક્લિષ્ટ પરિણામ એટલે શું?**<br>જે કર્મો ભોગવતા જીવને અત્યંત વ્યથા અને વેદના થાય એવા કર્મો તીવ્રતમ ભાવો વગર બંધાતા નથી. આવો તીવ્રતમ ભાવ એ સંક્લિષ્ટ પરિણામ છે. (પેજ ૧૫૧) |
| પ્ર.-૩૧૨<br>ઉ.-૩૧૨ | **સંક્લિષ્ટ પરિણામ કરનારને શું પ્રાપ્ત થતું નથી ?**<br>જેને સંક્લિષ્ટ પરિણામ છે તેને ૧. તત્ત્વ વિચાર, ૨. શુભ પરિણામ, ૩. શુભ ભાવ સ્પર્શી શકતા નથી. (પેજ ૧૫૧) |
| પ્ર.-૩૧૩<br>ઉ.-૩૧૩ | **શુભ વિકલ્પ કર્યા પછી નિયમ રૂપે શેની પ્રાપ્તિ નહીં થાય ?**<br>શુભ વિકલ્પ કરતાં કરતાં નિર્વિકલ્પમાં જવાશે એવો નિયમ નથી. (પેજ ૧૫૧) |
| પ્ર.-૩૧૪<br>ઉ.-૩૧૪ | **શુભ ભાવ કર્યા પછી નિયમ રૂપે શેની પ્રાપ્તિ નહીં થાય ?**<br>શુભ ભાવ કરતાં કરતાં શુદ્ધ ભાવ પ્રાપ્ત થશે એવો નિયમ નથી. (પેજ ૨) |

| | |
|---|---|
| પ્ર.-૩૧૫<br>ઉ.-૩૧૫ | **અંતરંગ ક્ષમાપના કોને કહેવાય ?**<br>અંતરંગ ક્ષમાપના થાય ત્યારે<br>૧. ચિત વૈરમાંથી મુક્ત બની જાય,<br>૨. ચિત દ્વેષમાંથી મુક્ત બની જાય,<br>૩. ચિત ભેદમાંથી મુક્ત બની જાય,<br>૪. ચિત કષાયમાંથી મુક્ત બની જાય,<br>૫. ચિત બદલો લેવાની વૃત્તિમાંથી મુક્ત બની જાય,<br>૬. ચિત દુઃખ દેવાની દાનતમાંથી મુક્ત બની જાય.<br>(પેજ ૧૫૧) |
| પ્ર.-૩૧૬<br>ઉ.-૩૧૬ | **વિશુધ્ધિ લબ્ધિમાં શું ઘટના બને છે ?**<br>વિશુધ્ધિ લબ્ધિમાં જીવના પરિણામ વિશુધ્ધ થાય છે. વિશુદ્ધ એટલે શુભ. |
| પ્ર.-૩૧૭<br>ઉ.-૩૧૭ | **કર્મ-બંધનો આધાર શેના પર છે ?**<br>તમામ વ્રતો-તમામ શુભ કાર્યો-તમામ શુભ કર્મો કરતી વખતે થતાં કર્મ બંધનોનો આધાર અંદરમાં થતા કષાયની તીવ્રતા અને મંદતાના પરિણામ ઉપર છે. તેથી બહારના શુભ કર્મોનું મૂલ્યાંકન કરવા કરતાં શુભ કર્મો કરતી વખતે અંદરના કષાયના પરિણામ કેવા છે તેનું મૂલ્યાંકન કરવું જરૂરી છે. (પેજ ૧૫૧) |
| પ્ર.-૩૧૮<br>ઉ.-૩૧૮ | **દેશના લબ્ધિમાં જીવ ક્યારે પ્રવેશ કરે અને તેમાં શું થાય ?**<br>વિશુદ્ધિ લબ્ધિમાં મંદ કષાય થવાના પરિણામે તથા તેથી શુભ પરિણામ પ્રાપ્ત થવાના કારણે જીવ દેશના લબ્ધિમાં પ્રવેશ કરે છે. દેશના લબ્ધિમાં વિચારોનો વિષય બદલાઇ જાય છે. (પેજ ૧૫૨) |

| દેશના લબ્ધિ પ્રાપ્ત નથી થઇ ત્યાં સુધી... |
|---|
| વિચારનો વિષય સંસાર હતો, તેના પરિણામે રાગ-દ્વેષ થતા હતા, |
| વિચારનો વિષય માયા હતી, તેના પરિણામે રાગ-દ્વેષ થતા હતા, |
| વિચારનો વિષય જગત હતું, તેના પરિણામે રાગ-દ્વેષ થતા હતા, |
| વિચારનો વિષય ભોગ હતો, તેના પરિણામે રાગ-દ્વેષ થતા હતા, |
| વિચારનો વિષય પરિગ્રહ હતો, તેના પરિણામે રાગ-દ્વેષ થતા હતા, |
| વિચારનો વિષય અતત્ત્વ હતું, તેના પરિણામે રાગ-દ્વેષ થતા હતા, |
| જેને જ્ઞાની મિથ્યા કહે છે, એ વિચારોનો વિષય હતો, તેના પરિણામે રાગ-દ્વેષ થતા હતા, |
| જેને પ્રભુ મહાવીર અનિત્ય કહે છે, એ વિચારનો વિષય હતો, તેના પરિણામે રાગ-દ્વેષ થતા હતા, |
| જેને બુદ્ધ સર્વક્ષણિક કહે છે, એ વિચારનો વિષય હતો, તેના પરિણામે રાગ-દ્વેષ થતા હતા, |
| જે પદાર્થો મૂકી જવાના છે, એ વિચારનો વિષય હતો, તેના પરિણામે રાગ-દ્વેષ થતા હતા, |
| જે પદાર્થો નાશવંત છે એ વિચારનો વિષય હતો, તેના પરિણામે રાગ-દ્વેષ થતા હતા, |
| જે અનાત્મા (પોતાના નથી) છે એ વિચારનો વિષય હતો, તેના પરિણામે રાગ-દ્વેષ થતા હતા. |

| | |
|---|---|
| | દેશના લબ્ધિ પ્રાપ્ત થાય પછી<br>તેના વિચારનો વિષય તત્ત્વ બની જાય છે.<br>તેના વિચારનો વિષય રૂપી તત્ત્વ જ્ઞેય નહીં પણ જ્ઞાતા બની જાય છે.<br>તેના વિચારનો વિષય રૂપી તત્ત્વ ઇન્દ્રિયગમ્ય નહીં પણ અતીન્દ્રિય બની જાય છે.<br>તેના વિચારનો વિષય રૂપી તત્ત્વ નાશવંત નહીં પણ અવિનાશી બની જાય છે.<br>તેના વિચારનો વિષય રૂપી તત્ત્વ અનિત્ય નહીં પણ નિત્ય બની જાય છે.<br>તેના વિચારનો વિષય રૂપી તત્ત્વ ક્ષણભંગુર નહીં પણ શાશ્વત બની જાય છે. (પેજ ૧૫૨-૧૫૩) |
| પ્ર.-૩૧૯<br>ઉ.-૩૧૯ | **વિચારોનો વિષય બદલાવવા ક્યું સાધન કામ આવશે ?**<br>નિત્ય અને અનિત્યનો વિવેક એ પહેલું સાધન છે, આવો વિવેક કરવાનો છે કારણે કે અનિત્ય પદાર્થોની આસક્તિ છૂટયા વગર નિત્ય તત્ત્વોનું ચિંતન થઇ શકે નહિ, ચિંતન કરનારું મન રૂપી સાધન જો અનિત્ય એવા પદાર્થોમાં રોકાયેલું હશે તો નિત્ય એવા તત્ત્વોનું ચિંતન એ મન કરી શકશે નહીં, માટે વિચારનો વિષય બદલાવવાનું કહે છે. (પેજ ૧૫૩) |
| પ્ર.-૩૨૦<br>ઉ.-૩૨૦ | **વૈરાગ્ય ભાવનામાં જગતના પદાર્થો અનિત્ય છે તેમ વારંવાર શા માટે કહે છે ?**<br>મનરૂપી સાધન જો અનિત્ય એવા પદાર્થોમાં રોકાયેલું હશે તો નિત્ય એવા તત્ત્વનું ચિંતન એ મન કરી શકશે નહીં માટે વૈરાગ્ય ભાવનામાં વારંવાર અને દૃઢપણે કહેવામાં આવે છે કે જગતના પદાર્થો અનિત્ય છે. (પેજ ૧૫૩) |
| પ્ર.-૩૨૧<br>ઉ.-૩૨૧ | **દેશના લબ્ધિમાં કોની અનિવાર્યતા અનુભવાય છે ?**<br>અહીં તત્ત્વના જ્ઞાતા પુરુષની અનિવાર્યતા અનુભવાય છે કારણ કે તેને હવે તત્ત્વનો વિચાર કરવો છે. તત્ત્વના જ્ઞાતા પુરુષને ''આચાર્ય'' કહેવાય છે એટલે આવા આચાર્યનો યોગ તેને દેશના લબ્ધિમાં થાય છે. જ્ઞાની પુરુષોના ચરણમાં બેસવાની આકાંક્ષા થવી તેને દેશના લબ્ધિ કહે છે. (પેજ ૧૫૪) |
| પ્ર.-૩૨૨<br>ઉ.-૩૨૨ | **સત્પુરુષના યોગ માટે શું જરૂરી છે ?**<br>આવા જ્ઞાની પુરુષને જો મેળવવા હોય તો મહદ્ ભાગ્ય જોઇશે. માટે એમ કહ્યું કે વિશુદ્ધિ લબ્ધિમાં જે શુભ પ્રકૃતિનો બંધ થયો તે પુણ્ય તથા જે શાતા વેદનીય આદિ પ્રકૃતિનો બંધ થયો તે પુણ્ય કામ ક્યાં આવ્યું ? આવા આચાર્યનો યોગ એને પ્રાપ્ત થાય ત્યાં એ પુણ્ય કામ આવે. સત્પુરુષનો યોગ એ પુણ્યાનુબંધી પુણ્ય વગર પ્રાપ્ત થઇ શકતો નથી. (પેજ ૧૫૪) |
| પ્ર.-૩૨૩<br>ઉ.-૩૨૩ | **જુદા જુદા પુણ્યની રાશિના ક્યા જુદા જુદા પરિણામ હોય છે ?**<br>સત્પુરુષનો યોગ એ પુણ્યાનુબંધી પુણ્ય વગર પ્રાપ્ત થઇ શકતો નથી.<br>જગતની મોટી પદવી જોઇતી હોય તો મહા પુણ્ય જોઇએ. (પેજ ૧૫૪)<br>સદ્દગુરુનો યોગ મળે માટે અનંત પુણ્યની રાશિ જોઇએ છે. (પેજ ૧૫૫)<br>સત્પુરુષનો યોગ મળે માટે મહદ્ પુણ્યની રાશિ જોઇએ છે. (પેજ ૧૫૫)<br>આત્મજ્ઞાની સત્પુરુષ (જેમણે અતીન્દ્રિય તત્ત્વનો અનુભવ કર્યો છે) નો યોગ મળે માટે મહદ્પુણ્યની રાશિ જોઇએ. (પેજ ૧૫૫) |

<table>
<tr><td>પ્ર.-૩૨૪<br>ઉ.-૩૨૪</td><td>દેશના લબ્ધિની જરૂર ક્યારે લાગશે ?<br>દેશના લબ્ધિની જરૂર ત્યારે લાગશે કે જો દેશના લબ્ધિની પહેલી ઘટના એટલે કે વિચારનો વિષય બદલાશે ત્યારે. (પેજ ૧૫૫)</td></tr>
<tr><td>પ્ર.-૩૨૫<br>ઉ.-૩૨૫</td><td>દેશના લબ્ધિ પ્રાપ્ત થાય ત્યારે શું થાય છે ? (પેજ ૧૫૬) દેશના લબ્ધિના પરિણામો શું છે ?<br>દેશના લબ્ધિ નીચેનાં ચાર પરિણામો લાવે છે.<br>
<table>
<tr><td>૧. વિચારનો વિષય બદલાય છે. (પેજ ૧૫૬)</td><td>૨. વિચારનો વિષય બદલાયો એટલે તત્ત્વ વિષયમાં આવ્યું. (પેજ ૧૫૬)</td><td>૩. તત્ત્વ વિષયમાં આવ્યું પછી તત્ત્વને જાણવું છે હું મારી મેળે ન જાણી શકું તો તત્ત્વ જાણ્યું છે એવા જાણકાર પુરુષનો યોગ થવો જોઇએ. (પેજ ૧૫૬)</td><td>૪. અને એવો યોગ થયા પછી અનન્ય ભાવે તે આચાર્ય પુરુષના ચરણમાં વિનયપૂર્વક જવું તથા જે નવ તત્ત્વો છે (જીવ-અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ-સંવર, બંધ-નિર્જરા અને મોક્ષ) તેને જાણવા એ દેશના લબ્ધિનું ચોથું પરિણામ છે. (પેજ ૧૫૬)</td></tr>
</table></td></tr>
<tr><td>પ્ર.-૩૨૬<br>ઉ.-૩૨૬</td><td>નવ તત્ત્વનો વિસ્તાર ક્યાં બતાવ્યો છે ?<br>આ નવ તત્ત્વ ઉપર ૪૫ આગમો છે, આ નવ તત્ત્વ ઉપર ૧૪ પૂર્વો રચાયા છે, આ સમગ્ર શાસ્ત્રોમાં નવ તત્ત્વનો વિસ્તાર છે. તેમાં બંધ મોક્ષની વ્યવસ્થા છે. તેમાં સાધન કરણની વ્યવસ્થા છે, તેમાં કાર્ય કારણનું વર્ણન છે, તેમાં નવ તત્ત્વ-ષટ દ્રવ્ય-નિશ્ચય-વ્યવહાર-કર્મ તંત્ર-માર્ગણાઓ-લેશ્યાઓ વગેરેનું વર્ણન છે. આ નવ તત્ત્વ જેણે જાણ્યા તેને સમ્યક્ત્વ છે. (પેજ ૧૫૬)</td></tr>
<tr><td>પ્ર.-૩૨૭<br>ઉ.-૩૨૭</td><td>ઉમાસ્વાતિ ભગવાને સમ્યગ્દર્શનની વ્યાખ્યા શું આપી છે ?<br>તત્ત્વાર્થ સૂત્રમાં ભગવાન ઉમાસ્વાતિએ વ્યાખ્યા આપી કે ''तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्''. પ્રયોજનભૂત તત્ત્વ અને તેના યથાર્થ અર્થ એને સમ્યક્પણે જાણે - સમ્યક્પણે અનુભવે - સમ્યક્પણે સ્વીકારે - સમ્યક્પણે શ્રદ્ધે એને કહેવાય છે સમ્યગ્દર્શન. (પેજ ૧૫૬)</td></tr>
<tr><td>પ્ર.-૩૨૮<br>ઉ.-૩૨૮</td><td>ઉદ્દાલકે પુત્ર શ્વેતકેતુને શું પૂછ્યું?<br>જેને જાણવા માટે આ ભણવાનું હતું તેને તેં જાણ્યો ? (પેજ ૧૫૭) ''एकं विज्ञातं सर्व विज्ञातं भवति। एकमविज्ञातं सर्वमविज्ञातं भवति। જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું, આચારાંગ સૂત્રમાં પહેલા અધ્યાયમાં પહેલી કડીમાં એક પાયાની વાત કરી છે'' जो एगं जाणइ, सो सव्वं जाणइ। (પેજ ૧૫૭)</td></tr>
<tr><td>પ્ર.-૩૨૯<br>ઉ.-૩૨૯</td><td>સ્વરૂપનો ખરેખરો વિચાર ક્યાં થશે?<br>''તર્ક વિચારે રે વાદ પરંપરા, પાર ન પહોંચે કોય,<br>અભિમત વસ્તુ રે વસ્તુ ગતે લહે રે, તે વિરલા જગ જોય.''<br>આ ઘટના ઘટવી જોઇએ. આ વિચારને - આ તત્ત્વના વિચારને - આ આત્માના વિચારને - આ સ્વરૂપના વિચારને હજુ વાર છે. ખરેખરો સ્વરૂપનો વિચાર કરણ લબ્ધિમાં થશે. (પેજ ૧૫૭-૧૫૮)</td></tr>
</table>

**પ્ર.-૩૩૦ કરણલબ્ધિ પહેલા શું થવાનું છે ?**

ઉ.-૩૩૦ કરણ લબ્ધિ પહેલા ત્યાં પ્રજ્ઞા પ્રાપ્ત થવાની છે - ત્યાં છૈણી મળવાની છે - ત્યાં ભેદવિજ્ઞાન મળવાનું છે. (પેજ ૧૫૮)

**પ્ર.-૩૩૧ ભેદવિજ્ઞાન મળે પછી શું થાય ?**

ઉ.-૩૩૧

**ભેદ વિજ્ઞાન ભયો જિન કે ઘટ,**
**શિતલ ચિત ભયો જયમ ચંદન.**

બાવના ચંદનના વિલેપનથી જેમ ટાઢક મળે તેમ આ ભેદ વિજ્ઞાન થતાં ટાઢક મળે, તમામ આધિ-તમામ વ્યાધિ-તમામ ઉપાધિ-જન્મ-જરા-મૃત્યુ-શોક-ચિંતા-ભય-ખેદ-વ્યગ્રતા-વ્યાકુળતા ખરી પડે. (પેજ ૧૫૮)

**પ્ર.-૩૩૨ દેશના લબ્ધિમાં પ્રવેશ કરતી વખતે જીવને શું ઇચ્છા થાય છે ?**

ઉ.-૩૩૨ દેશના લબ્ધિમાં જ્યારે આ જીવ જાય છે ત્યારે તત્ત્વને જાણવાની તેનામાં જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે. તત્ત્વને જાણવાની જીજ્ઞાસા એ પણ પુણ્યનું પરિણામ છે. આવા જે આચાર્ય - તત્ત્વના જાણકારની-તત્ત્વના જાણકારના દર્શન કરવાની-તત્ત્વના જાણકારની વાણી સાંભળવાની જ્યારે મનમાં અભિલાષા જાગે - એમની સાથે સત સમાગમ કરવાનો અને તત્ત્વનો જ્ઞાતા પોતે બને એવી અભિલાષા જ્યારે જાગે એને કહેવાય છે દેશના લબ્ધિ (પેજ ૧૫૯)

**પ્ર.-૩૩૩ દેશના લબ્ધિ પ્રાપ્ત થઇ તે ક્યારે માની શકાય ?**

ઉ.-૩૩૩ જે દિવસે આપણા જીવનનાં લીસ્ટમાં તત્ત્વનો ઉમેરો થાય અને બાકીનું બધું (સંપત્તિ-સત્તા-ભોગ) ભુંસાઇ જાય ત્યારે દેશના લબ્ધિ પ્રાપ્ત થઇ માનવી. પછી શ્રવણની પ્રક્રિયા, પછી મનનની પ્રક્રિયા, પછી મંથનની પ્રક્રિયા ચાલુ થાય છે. અને મંથન કરતા કરતા એનામાં નિદિધ્યાસનની પ્રક્રિયા ચાલુ થાય અને રાત દિવસ - ખાતા પીતા - હરતા ફરતા - માત્ર તત્ત્વનો વિચાર આવે, એવી અવસ્થા જ્યારે પ્રાપ્ત થાય છે, કહો કે એવી અવસ્થામાં જેની ચેતના જાય છે એ ચેતના દેશના લબ્ધિમાં પ્રવેશ પામી ગઇ કહેવાય. ત્યાં કરણ લબ્ધિના દ્વાર ખૂલે છે. (પેજ ૧૫૯-૧૬૦)

**પ્ર.-૩૩૪ દેશના લબ્ધિમાં પ્રવેશ કરતી વખતે શું વિચારવા યોગ્ય છે ?**

ઉ.-૩૩૪ ''વસ્તુ (તત્ત્વ)ની કેવળ ઉત્પત્તિ અથવા કેવળ નાશ નથી. સર્વ કાળ તેનું હોવાપણું છે, રૂપાંતર પરિણામ થયા કરે છે; વસ્તુ ફરતી નથી, વસ્તુ મૂળમાંથી બદલાતી નથી.'' (પેજ ૧૬૦) ''तद्भावाव्ययं नित्यम्''. ટકીને બદલાવવું એ (તત્ત્વ)ની ખૂબી છે - કહો કે અલૌકિક આશ્ચર્ય છે. ''એવો શ્રી જિનનો અભિમત છે, તે વિચારવા યોગ્ય છે'' (વચનામૃત ૬૪૬ પેજ ૪૮૫.)

**પ્ર.-૩૩૫ તત્ત્વ વિચારમાં સામાન્ય કો - ઓપરેટીવ ફેક્ટર ક્યા ક્યા છે ? અને તત્ત્વ વિચારમાં સૌથી મહત્ત્વનું કો-ઓપરેટીવ ફેક્ટર ક્યું છે.**

ઉ.-૩૩૫

| | |
|---|---|
| ૧. | તત્ત્વના વિચારમાં બુદ્ધિ કો-ઓપરેટીવ ફેક્ટર છે. |
| ૨. | તત્ત્વના વિચારમાં શાસ્ત્ર કો-ઓપરેટીવ ફેક્ટર છે. |
| ૩. | તત્ત્વના વિચારમાં સદ્ગુરુ કો-ઓપરેટીવ ફેક્ટર છે. |

| | |
|---|---|
| | ૪. તત્ત્વના વિચારમાં વિચારવાની ક્ષમતા કો-ઓપરેટીવ ફેક્ટર છે.<br>૫. પણ તત્ત્વના વિચારમાં ચિતની શુદ્ધિ સૌથી મહત્ત્વનું કો-ઓપરેટીવ ફેક્ટર છે.<br>જેનું ચિત શુદ્ધ નથી અને જેના ચિતમાં સ્થિરતા નથી એ કદી પણ તત્ત્વવિચાર કરી શકશે નહીં. (પેજ ૧૬૦) |
| પ્ર.-૩૩૬<br>ઉ.-૩૩૬ | **તત્ત્વ સ્પષ્ટ ક્યારે થશે ?**<br>અંદરમાં જેટલું ચિત શુદ્ધ બનશે તેટલી અખંડ ધારા અંદર ચાલશે. અખંડ ધારા ચાલ્યા સિવાય તત્ત્વ સ્પષ્ટ થશે નહીં. (પેજ ૧૬૦) |
| પ્ર.-૩૩૭<br>ઉ.-૩૩૭ | **જ્ઞાનીના વચનોનો યથાયોગ્ય વિચાર ક્યારે થઇ શકે છે ?**<br>જેટલી અંદરમાં સ્થિરતા અને જેટલી ચિતમાં શુદ્ધિ તેટલા પ્રમાણમાં જ્ઞાનીના વચનોનો વિચાર યથાયોગ્ય થઇ શકે છે. (પેજ ૧૬૦-૧૬૧) |
| પ્ર.-૩૩૮<br>ઉ.-૩૩૮ | **જ્ઞાની થયો તેમ ક્યારે ગણાય ?**<br>આનંદઘનજીએ યશોવિજયજીને આબુમાં મિલન વખતે કહ્યું કે શાસ્ત્રો વાંચીને જ્ઞાની ના થવાય પણ આત્મ અનુભવ કરીને જ્ઞાની થવાય. (પેજ ૧૬૧) |
| પ્ર.-૩૩૯<br>ઉ.-૩૩૯ | **જ્ઞાનનું ફળ શું છે ?**<br>''સર્વ જ્ઞાનનું ફળ આત્મ સ્થિરતા થવી એ જ છે, એમ વીતરાગ પુરુષોએ કહ્યું છે, તે અત્યંત સત્ય છે''-(વચનામૃત ૬૪૬ પેજ ૪૮૫) (પેજ ૧૬૨) |
| પ્ર.-૩૪૦<br>ઉ.-૩૪૦ | **વીતરાગ પુરુષોની ખૂબી શું છે ?**<br>વીતરાગ પુરુષોની ખૂબી એ છે કે, જે દશ્ય દેખાય છે તેને કલ્પનામાંથી કાઢી નાખ્યું કારણ કે તે મિથ્યા છે. અને જે અદશ્ય હતું તે-એટલે કે જે શાસ્ત્રોમાં હતું - કહો કે જે શબ્દોમાં હતું તે પોતાના અનુભવથી પ્રત્યક્ષ કર્યું. એવું જ્ઞાની પુરુષોનું આશ્ચર્યકારક અનંત ઐશ્વર્ય - અનંત વીર્યને વાણીથી કહી શકાય તેમ નથી. દેશના લબ્ધિમાં આવી અલૌકિક ઘટનાઓ બને છે. (પેજ ૧૬૨) |
| પ્ર.-૩૪૧<br>ઉ.-૩૪૧ | **તત્ત્વ વિચારનો અભાવ શું પરિણામ લાવે ? અને તત્ત્વ વિચાર શું પરિણામ લાવે ?**<br>તત્ત્વ વિચારનો અભાવ નીચેના પરિણામો લાવે. |

| પરિણામ | વિગત |
|---|---|
| ૧. | તત્ત્વ વિચાર વગર જ્ઞાન પ્રાપ્ત થતું નથી.<br>**આવે જ્યાં એવી દશા, સદ્ગુરુ બોધ સુહાય,**<br>**તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય,**<br>**જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજ જ્ઞાન.** |

| | |
|---|---|
| | <table><tr><th>પરિણામ</th><th>વિગત</th></tr><tr><td>૨.</td><td>જ્ઞાન વગર સુપ્રતીતિ-સમકિત પ્રાપ્ત થતું નથી.</td></tr><tr><td>૩.</td><td>સુપ્રતીતિ-સમકિત વગર ચારિત્ર્ય પ્રાપ્ત થતું નથી.</td></tr><tr><td>૪.</td><td>ચારિત્ર્ય વગર કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી.</td></tr><tr><td>૫.</td><td>કેવળજ્ઞાન વગર મોક્ષ પ્રાપ્ત થતો નથી.</td></tr></table>તત્ત્વ વિચારનો રેલો હાથ પકડીને મોક્ષમાં પહોંચાડે છે. પણ જો વિચાર ન કરો તો મોક્ષ પ્રાપ્ત નહીં થાય. (પેજ ૧૬૨) |
| પ્ર.-૩૪૨<br>ઉ.-૩૪૨ | **જ્ઞાની જ્ઞાનની શું વ્યાખ્યા કરે છે ?**<br>**જે જ્ઞાને ક્ષય મોહ થઇ, પામે પદ નિર્વાણ.**<br>જે જ્ઞાન મોહનો ક્ષય ના કરે તેને જ્ઞાની જ્ઞાન કહેવા તૈયાર નથી. અખાએ પણ સમજાવ્યું :<br>**દશ મણ વન્હિ રે લખે કોઇ કાગળે રે જી, લખીને તે કાગળિયુ રૂમાહે જો મુકાય,**<br>**લખેલા વન્હિથી નવી દાઝે રૂ જરી રે, રતિ પણ સાચી જો આગ પ્રગટાય,**<br>**સમજ્યા વિનાનું રે સુખ નહીં જીવને રે જી.**<br>રતિ (વજનનું નાનામાં નાનું માપ) જેટલું હોય પણ તે સાચું જ્ઞાન જોઇએ, સામે ઢગલાબંધ જ્ઞાન (આખું વચનામૃત મોઢે હોય - આખી આત્મસિદ્ધિ મોઢે હોય - ૪૫ આગમો મોઢે હોય - ચાર વેદ મોઢે હોય) ભલે હોય, પણ તે કાગળ પર લખેલો અગ્નિ છે. સૂર્ય આવે અને અંધકાર ઊભો રહી ના શકે તેમ જ્ઞાન આવે અને મોહ ઊભો ના રહે. (પેજ ૧૬૩) |
| પ્ર.-૩૪૩<br>ઉ.-૩૪૩ | **દેશના લબ્ધિની કેટલી વ્યાખ્યાઓ છે ?**<table><tr><th>ક્રમાંક</th><th>વ્યાખ્યા</th></tr><tr><td>૧.</td><td>જ્ઞાની પુરુષોના ચરણોમાં બેસવાની આકાંક્ષા થવી તેને કહે છે દેશના લબ્ધિ.</td></tr><tr><td>૨.</td><td>**જાણ્યું તો તેનું ભલે, મોહે નવિ લેપાય,**<br>**સુખદુઃખ આવે જીવને, હર્ષ શોક નવિ થાય.** (પેજ ૧૬૩)</td></tr><tr><td>૩.</td><td>**પ્રથમ આત્મસિદ્ધિ થવા, કરીએ જ્ઞાન વિચાર,**<br>**અનુભવી ગુરુને સેવીએ, બુધજનનો નિર્ધાર.** (પેજ ૧૬૪)</td></tr><tr><td>૪.</td><td>દેશના (જેમાં છ દ્રવ્યો અને નવ તત્ત્વની પરૂપણા થતી હોય) ના દેનારા આચાર્યો- એમની લબ્ધિ અને એમનો ઉપદેષ્ટી એવો અર્થ, તેનું ગ્રહણ-ધારણા-ને વિચારણા કરવાની શક્તિ પ્રાપ્ત થવી એને કહેવાય છે દેશના લબ્ધિ. (પેજ ૧૬૪)</td></tr><tr><td>૫.</td><td>દેશનાના દાતા એવા આચાર્ય પ્રાપ્ત થવા - આત્મજ્ઞાની પુરુષ પ્રાપ્ત થવા-બ્રહ્મનિષ્ઠ અને શ્રોત્રીય ઉપદેશકનો લાભ થવો તેને પણ દેશના લબ્ધિ કહે છે. (પેજ ૧૬૪)</td></tr><tr><td>૬.</td><td>જ્યાં ઉપદેશ આપનારા નથી ત્યાં પૂર્વ ભવમાં ધારણ કરેલા તત્ત્વાર્થના સંસ્કારના બળથી જે વિચારણા થવી તેને દેશના લબ્ધિ કહેવામાં આવે છે. શાસ્ત્રોએ કહ્યું જિનેશ્વરના બિંબના આકારના માછલા જોઇને અંદર ફટાક ભેદ પડતાં, અહો હો! આ વીતરાગ દેવની મૂર્તિ છે અને એ જોતાં પૂર્વની સ્મૃતિ થાય એવી દેશના લબ્ધિ છે. (પેજ ૧૬૪)</td></tr></table> |

| ક્રમાંક | વ્યાખ્યા |
|---|---|
| ૭. | જીવ-અજીવ આદિ પરમાર્થો-પ્રવચનમાં જે ભાખ્યા છે તેનો અર્થ વિચારવામાં આવે એને કહેવાય છે દેશના લબ્ધિ. (પેજ ૧૬૪) |
| ૮. | વૈરાગ્યના સાગરમાં-મોક્ષ અભિલાષાના સાગરમાં - આત્મ અનુભૂતિના સાગરમાં - જે નિરંતર ઝુલી રહ્યા છે તેવા જે મુનિ-માર્ગના કહેનારા જે મુનિ-એમની મનથી-વચનથી-કાયાથી-તનથી-મનથી-ધનથી નિરંતર સેવા કરીએ એને કહેવાય છે દેશના લબ્ધિ. (પેજ ૧૬૪) |
| ૯. | અજ્ઞાનીનો સંગ ન કરે એવી અવસ્થા પ્રાપ્ત થવી તેને કહેવાય છે દેશના લબ્ધિ. (પેજ ૧૬૫) |

## પ્રવચન-૧૩ : પ્રશ્ન-ઉત્તર રૂપે. પ્રાયોગ્ય લબ્ધિ અને કરણલબ્ધિ

| | |
|---|---|
| પ્ર.-૩૪૪<br>ઉ.-૩૪૪ | **પ્રાયોગ્ય લબ્ધિ પહેલાની કઇ લબ્ધિઓ છે ?**<br>પ્રાયોગ્ય લબ્ધિ પહેલા નીચેની ત્રણ લબ્ધિઓ છે.<br>૧. ક્ષયોપશમ લબ્ધિ — ૨. વિશુધ્ધિ લબ્ધિ — ૩. દેશના લબ્ધિ. |
| પ્ર.-૩૪૫<br>ઉ.-૩૪૫ | **પ્રાયોગ્ય લબ્ધિ એટલે શું ?**<br>સમ્યગ્દર્શનનો પ્રયોગ કરવાને માટે જ્યાં પૂર્વ તૈયારી કરવાની હોય છે તેવી અવસ્થા. (પેજ ૧૬૬) |
| પ્ર.-૩૪૬<br>ઉ.-૩૪૬ | **સૌથી પહેલા કઇ ત્રણ બાબતો સમજવાની જરૂર છે ?**<br>નીચેની ત્રણ બાબતો સમજવી પડશે.<br>(૧) અભવી આત્મા પ્રાયોગ્ય લબ્ધિ સુધી આવે છે - જે સમકિત નથી પામવાનો.<br>(૨)ભવિ આત્મા જે ગ્રંથિભેદ કર્યા વગર પાછો ફરવાનો છે-જેની પાસે સમકિત પામી શકાય તેવું સાહસ-તેવું બળ-તેવો ઉત્સાહ-તેવી પરમરુચિ નથી-તે અહીં સુધી આવ્યો છે પણ ગ્રંથિભેદ કર્યા વગર પાછો ફરવાનો છે.<br>(૩) એવો ભવી આત્મા જે પ્રાયોગ્ય લબ્ધિમાં આવીને અવશ્ય સમયગ્દર્શનની પ્રાપ્તિ કરીને જ જંપવાનો છે. (પેજ ૧૬૬) |
| પ્ર.-૩૪૭<br><br>ઉ.-૩૪૭ | **જે જીવ પ્રાયોગ્ય લબ્ધિમાં આવીને અવશ્ય સમ્યગ્દર્શનની પ્રાપ્ત કરીને જ જંપવાનો છે તેની પ્રવૃત્તિ કેવી હોય ?**<br>જે અવશ્ય સમયગ્દર્શનની અનુભૂતિ કરવાનો છે તેની સમગ્રપણે તૈયારી હશે. આ જીવ પ્રત્યેક સમયે વિશુદ્ધતાની વૃદ્ધિ કરે છે. (પેજ ૧૬૬) |
| પ્ર.-૩૪૮<br>ઉ.-૩૪૮ | **અવશ્ય સમયગ્દર્શનની પ્રાપ્તિ કરીને જંપવાનો છે તેની વિશુદ્ધતાની વૃદ્ધિનો દર કેવો હોય છે ?**<br>તેની વિશુદ્ધતાની વૃદ્ધિ અસત્કલ્પનાએ પહેલી ક્ષણે ૧૦% - બીજી ક્ષણે ૧૦૦% - ત્રીજી ક્ષણે ૧૦૦૦% - ચોથી ક્ષણે એક લાખ % હોય છે. અહીં ગુણાકાર થાય છે. તે પ્રત્યેક સમયે વિશુદ્ધતાની વૃદ્ધિ કરે છે - એટલે કે પ્રત્યેક સમયે વિશુદ્ધતાની અનંતગુણ વૃદ્ધિ કરે છે. (પેજ ૧૬૬) |
| પ્ર.-૩૪૯<br>ઉ.-૩૪૯ | **પ્રાયોગ્ય લબ્ધિમાં કેવા પ્રકારના ભાવોની સ્થિતિ ઉપાદાનમાં હોય છે ? - આ સ્થિતિને શું કહેવાય છે?**<br>પ્રાયોગ્ય લબ્ધિમાં એક કોડા કોડી સાગરોપમમાંથી અંતઃકોડા કોડી સાગરોપમકર્મની સ્થિતિ રહે એ પ્રકારના આત્માના પરિણામ તે પ્રાયોગ્ય લબ્ધિમાં ઉપાદાન કારણ છે. ઉપાદાનના પક્ષે આટલી તૈયારી થઇ છે, એવો ભાવ થયો, એવી શુદ્ધિ થઇ, એવી વિશુદ્ધિ થઇ કે હવે એ કર્મો છે તે અતઃ કોડા કોડી સાગરોપમની સ્થિતિવાળા જ રહી શકશે - તેથી વધારે નહીં રહી શકે - આવી ઉપાદાનની વ્યવસ્થા થાય છે. (પેજ ૧૬૬) |
| પ્ર.-૩૫૦ | **ઉપાદાનમાં અંતઃકોડા કોડી સાગરોપમની સ્થિતિવાળા કર્મો રહે તેવી ભાવ સૃષ્ટિમાં અવસ્થા થાય ત્યારે શું થાય ?** |

| | |
|---|---|
| ઉ.-૩૫૦ | ઉપાદાનમાં જ્યારે આવો ભાવ થાય છે ત્યારે એ કર્મતંત્રના ફેરફારમાં નિમિત્ત બને છે. (પેજ ૧૬૬) |
| પ્ર.-૩૫૧<br>ઉ.-૩૫૧ | **નિમિત-નૈમિતિક સંબંધ એટલે શું ?**<br>આત્માનો ભાવ એ નિમિત્ત અને કર્મતંત્રમાં ફેરફાર એ નૈમિત્તિક. કર્મતંત્રમાં ફેરફાર એ નિમિત્ત અને આત્માના ભાવમાં ફેરફાર એ નૈમિત્તિક. બન્ને શબ્દો સમજીએ આત્મામાં જે ભાવ થયા તે નિમિત્ત બન્યું-શેમાં? જે કર્મતંત્ર છે તેના ફેરફારમાં. કર્મ તંત્રમાં જે કાંઇ પણ કાર્યવાહી થઇ એના કારણે આત્માના ભાવમાં ફેરફાર થયો તો એ નિમિત્ત બન્યા. આવો સંબંધ થાય છે તેને કહે છે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ (પેજ ૧૬૭) |
| પ્ર.-૩૫૨<br>ઉ.-૩૫૨ | **દ્રવ્યો કેવા છે ?**<br>૧. પ્રત્યેક દ્રવ્યો સ્વતંત્ર છે. ૨. પ્રત્યેક દ્રવ્યો સ્વયં સંપૂર્ણ છે. ૩. પ્રત્યેક દ્રવ્યો નિરપેક્ષ છે. ૪. પ્રત્યેક દ્રવ્યો અનંતતાથી ભરેલા છે. ૪. પ્રત્યેક દ્રવ્યોમાં અનંત ગુણો છે. અને આ પ્રત્યેક ગુણોની અનંત પર્યાયો છે. (પેજ ૧૬૭) |
| પ્ર.-૩૫૩<br>ઉ.-૩૫૩ | **દ્રવ્યના ગુણના પર્યાયો કેટલા ?**<br>પ્રત્યેક ગુણના અનંતા પયાર્યો છે. (પેજ ૧૬૭) |
| પ્ર.-૩૫૪<br>ઉ.-૩૫૪ | **પર્યાયો પ્રગટ કરવાનું સામર્થ્ય શેમાં છે ?**<br>પ્રત્યેક દ્રવ્ય અનંત પર્યાયને પ્રગટ કરવાનું સામથર્ય ધરાવે છે. દ્રવ્ય લાચાર નથી. દ્રવ્ય કોઇની સામે જોઇને બેઠું નથી. (પેજ ૧૬૭) |
| પ્ર.-૩૫૫<br>ઉ.-૩૫૫ | **નિમિત્ત-નૈમિત્તિક સંબંધની શર્ત શું છે ?**<br>**જડ ભાવે જડ પરિણમે, ચેતનચેતન ભાવ.**<br>જડ અને ચેતન બન્ને સમાંતર રેખા છે. જડ જડમાં કામ કરે છે અને ચેતન ચેતનમાં કામ કરે છે, પણ બન્ને સાથે છે અને તે સાથે હોવાને કારણે બન્ને વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. (પેજ ૧૬૭) |
| પ્ર.-૩૫૬<br>ઉ.-૩૫૬ | **વિશુદ્ધિ લબ્ધિમાં જીવ કેટલા સાગરોપમની કર્મ સ્થિતિ કરે છે ?**<br>જીવ પ્રત્યેક સમયે વિશુદ્ધિતાની વૃદ્ધિ કરે અને આયુષ્ય કર્મ સિવાય પ્રત્યેક કર્મોની સ્થિતિ અંતઃ કોડા કોડી સાગરોપમની કરે એને વિશુદ્ધિ લબ્ધિની એક પ્રક્રિયા કહેવાય છે.(પેજ ૧૬૭) |
| પ્ર.-૩૫૭<br>ઉ.-૩૫૭ | **વિશુદ્ધિ લબ્ધિની પ્રક્રિયામાં શું મુશ્કેલ (અઘરું) છે ?**<br>એક કોડા કોડી સાગરોપમની સ્થિતિવાળા કર્મોમાંથી એક પલ્યોપમના અસંખ્યાતમા ભાગની સ્થિતિ ઓછી કરે છે પણ રાગદ્વેષની ગ્રંથી ભેદવી એ જ કટોકટી છે. એમાં નાકે દમ આવી જાય છે. મોહનીય કર્મોની ૭૦ કોડાકોડી સ્થિતિમાંથી ૬૯ કોડા કોડી ખપી જાય પણ એક કોડા કોડી રહી જાય. તેમજ જ્ઞાનવરણીય-દર્શનાવરણીય-અંતરાય કર્મોની ૩૦ કોડાકોડી સ્થિતિમાંથી ૨૯ કોડા કોડી ખપી જાય પણ એક કોડા કોડી રહી જાય. આવી એક કોડા કોડી સાગરોપમ કર્મોની સ્થિતિ આ જીવે અનંતવાર કરી છે - એક વાર નહીં. આ સુગમ છે - આવું અનંતવાર થયું છે, - પણ રાગદ્વેષની ગ્રંથી ભેદી ન શક્યો. (પેજ ૧૬૭) |

| | |
|---|---|
| પ્ર.-૩૫૮<br>ઉ.-૩૫૮ | **નદી ઘોલ પાષાણન્યાય એટલે શું ?**<br>નદીમાં રહેતા રહેતા પાણીનો ઘસારો અને જોડે જોડેના પથ્થરોનો ઘસારો થતા થતા પથ્થર પોતાની મેળે લીસો બની જાય છે તેમ એક કોડા કોડી સાગરોપમની જે સ્થિતિ થાય છે એમાં જીવનો કોઇ પુરુષાર્થ - જીવનો કોઇ પ્રયત્ન - જીવનો કોઇ હેતુ નથી તેને નદી ઘોલ પાષાણન્યાય કહેવાય છે. (પેજ ૧૬૮) |
| પ્ર.-૩૫૯<br>ઉ.-૩૫૯ | **કરણ લબ્ધિની પ્રક્રિયાનો પ્રારંભ ક્યારે થાય ?**<br>એક આયુષ્ય કર્મ છોડીને બીજા સાત કર્મોની અંતઃકોડાકોડી સાગરોપમ સ્થિતિ થયા વગર કરણ લબ્ધિની પ્રક્રિયાનો પ્રારંભ થઇ શકતો નથી. (પેજ ૧૬૮) |
| પ્ર.-૩૬૦<br>ઉ.-૩૬૦ | **અનુભાગ કોને કહે છે ? જાગ્રત શા માટે રહેવું?**<br>રૂ, લાકડું, માટી અને લોખંડ બધું ૫૦૦ ગ્રામ લઇને ઘા કરો તો દરેક ઘામાં ફરક પડે છે. કારણ કે રૂ તથા લોખંડની સઘનતામાં ફેર છે. આ સઘનતા એની શક્તિ છે. જે પ્રમાણે જુદા જુદા પદાર્થની જુદી જુદી શક્તિ છે તેમ જે કર્મો બંધાય છે તેમાં પણ જુદા જુદા પરિણામ આપવાની શક્તિ નિર્માણ થાય છે. તેને અનુભાગ અથવા રસ કહે છે. (પેજ ૧૬૮)<br>જે તે વખતે અંદરમાં કષાયો - રાગ-દ્વેષની ભાવની ધારા ચાલતી હોય તે વખતે ૧૦૦% જાગૃત રહેજો. નહીં તો એવા જો ભાવ થશે તો કર્મમાં તીવ્ર રસ પડશે અને એટલા રસથી આપણને અથડાશે. દડો જેટલા જોરથી ફેંકશો એટલા જોરથી પાછો રીબાઉન્ડ થશે. રસ્તે ચાલ્યા જાવ છો અને કોઇએ ધક્કો માર્યો તો નીચે મુજબ બોલી શકો છો.<br>૧. આંખો ફુટી ગઇ છે - જોતો નથી ?<br>૨. ભાઇ સાહેબ ! આ રસ્તો છે જરા જોઇને ચાલતા હો તો કોઇને તકલીફ ન થાય.<br>૩. દોસ્ત, મને બહુ વાગ્યું નથી, ચિંતા ન કરશો ભૂલ થાય માણસની, વાંધો નહીં.<br>૪. મુંગા મુંગા કાંઇ બોલ્યા વગર પણ જઇ શકો.<br>આ ચારે ય એકશનના પરિણામ જુદા જુદા છે. (પેજ ૧૬૯) |
| પ્ર.-૩૬૧<br>ઉ.-૩૬૧ | **જીવની સ્વતંત્રતા ક્યારે છે ?**<br>જે ક્ષણે અંદરમાં કષાયાદિ ભાવો થાય - જે ક્ષણે કષાયો કરે તેની પહેલાં સ્વતંત્ર. પણ ભાવ કર્યા પછી તરત જ કર્મતંત્રની વ્યવસ્થા થઇ ગઇ અને ત્યારથી પરતંત્ર એટલ કે રાગ-દ્વેષ કરવામાં સ્વતંત્રતા પૂરી છે પણ રાગ-દ્વેષ કર્યા પછી તેના કર્મોનો જે બંધ થાય છે તેના પરિણામો ભોગવવામાં એટલી જ પરતંત્રતા. (પેજ ૧૬૯) |
| પ્ર.-૩૬૨<br>ઉ.-૩૬૨ | **કર્મતંત્રને આધીન થયા પછી તેમાંથી છૂટવાનો કોઇ ઉપાય છે ?**<br>રાગ-દ્વેષ કર્યા પછી પણ, કહો કે એવા કર્મોનો બંધ થયો હોય ત્યાર પછી પણ જો આત્મા જાગે અને નીચેની સાધના કરે તો કર્મોમાં ઇફેક્ટ આપી શકાય છે. (પેજ ૧૬૯)<br>૧. તીવ્ર કોટીના તપની \| ૨. તીવ્ર કોટીના ધ્યાનની \| ૩. તીવ્ર કોટીના સ્વાધ્યાયની<br>જેમ રાષ્ટ્રપતિને અધિકાર છે કે તે મૃત્યુ દંડની શિક્ષા રદ કરી શકે છે તેમ કર્મોમાં ઇફેક્ટ થાય છે. પણ ક્યારે ? કર્મ ઉદયમાં આવે તે પહેલા. એટલે કે કર્મ ઉદયમાં આવે તે પહેલાં જાગૃતિપૂર્વક પુરુષાર્થ જો થાય તો એ કર્મો તમને ફળ ના આપી શકે અથવા તો ફળ આપે તો ઓછું આપે. (પેજ ૧૬૯) |

**પ્ર.-૩૬૩ વિવેક કોને કહેવાય ?**

ઉ.-૩૬૩ પોતાની સ્વતંત્રતાનો સમ્યગ્ ઉપયોગ કરવાની કળાને વિવેક કહે છે.

**પ્ર.-૩૬૪ જીવ પ્રાયોગ્ય લબ્ધિમાં આવે ત્યારે શું પ્રક્રિયા થાય છે ?**

ઉ.-૩૬૪ જીવ પ્રાયોગ્ય લબ્ધિમાં આવે તો નીચેની પ્રક્રિયા થાય છે. આ પૂર્વ તૈયારી થયા પછી કરણ લબ્ધિનો પ્રારંભ થાય છે. (પેજ ૧૬૯)

| (૧) પહેલી પ્રક્રિયા | (૨) બીજી પ્રક્રિયા | (૩) ત્રીજી પ્રક્રિયા |
|---|---|---|
| અશુભ કર્મો એટલે કે ઘાતી કર્મો જેવા કે જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-અંતરાય અને મોહનીય એ તમામ કર્મોનો રસ જે પર્વત જેટલો કઠણ હતો તેને કાષ્ટ સમાન ઓછો કઠણ બનાવી દે છે, તેવી અવસ્થા થાય તેવી પ્રક્રિયા થાય છે. કર્મો પોચા (સોફ્ટ) થઇ જાય છે. (પેજ ૧૬૯) | તેજ પ્રમાણે અઘાતિ કર્મો જેવા કે અશાતાવેદનીય, નીચ ગોત્ર, નામ કર્મની પાપ પ્રકૃતિઓનો જે રસ પર્વત જેટલો કઠણ હતો તેને કાષ્ટ સમાન ઓછો કઠણ બનાવી દે છે તેવી અવસ્થા થાય તેવી પ્રક્રિયા થાય છે. કર્મો પોચા (સોફ્ટ) થઇ જાય છે. (પેજ ૧૭૦) | ઘાતિ તેમજ અઘાતિ બન્ને કર્મોની સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમની થાય તેવી પ્રક્રિયા થાય છે. (પેજ ૧૭૦) |

**પ્ર.-૩૬૫ કરણ લબ્ધિના પ્રારંભ વિષે કૃપાળુદેવનો શું સંકેત છે ? તથા ભગવાન મહાવીર સ્વામીએ કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી આપેલી દેશનાનો નિચોડ શું છે ?**

ઉ.-૩૬૫ વચનામૃત પત્રાંક ૪૬૦ (કુંવરજીભાઇને) કરણ લબ્ધિના પ્રારંભ વિષે સંકેત આપે છે કે - ''સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુધ્ધિ રાખી નિર્ભયપણાને - નિખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કહી છે અને અમે પણ એક જ કહીએ છીએ. કોઇ પણ કારણે આ સંસારમાં કલુષિત થવા યોગ્ય નથી. અવિચાર અને અજ્ઞાન એ સર્વ કલેષનું, મોહનું અને માઠી ગતિનું કારણ છે. સદ્‌વિચાર અને આત્મજ્ઞાન તે આત્મગતિનું કારણ છે. તેનો પ્રથમ સાક્ષાત્ ઉપાય જ્ઞાની પુરુષની આજ્ઞાને વિચારવી એ જ જણાય છે.'' (૧૭૦)

**૧. ભય વિશે સમજણ**

भोगे रोगभयं कुले च्युतिभयं वित्ते नृपालाद् भयम्।
शास्त्रे वादभयं गुणे खलभयम् काये कृतान्ताद् भयम्।
(પેજ ૧૭૦)

**૨. નિખેદપણા વિશે સમજણ**

સંસારમાં આવા પ્રસંગો વારંવાર બનશે.

| | | | | |
|---|---|---|---|---|
| સંયોગ-વિયોગ | પ્રાપ્તિ-અપ્રાપ્તિ | અનુકૂળ-પ્રતિકૂળ | નિંદા-સ્તુતિ | સારું-નરસું |
| ઇષ્ટ-અનિષ્ટ | પસંદગી-નાપસંદગી | માન-અપમાન | શત્રુ-મિત્ર | ઠંડું-ગરમ |

સંસારમાં આવા દ્વંદ્વો સિવાય બીજું કશું હોતું નથી. તેમાં કેટલો ખેદ-કેટલો વિષાદ કરશો? વિષાદ કરીને જીવનને કલુષિત ન બનાવશો. કોઇ પણ કારણથી આ સંસારમાં કલેષિત થવા યોગ્ય નથી. જ્યાં સુધી અવિચાર ત્યાં સુધી અજ્ઞાન. જ્યાં સુધી અજ્ઞાન ત્યાં સુધીમાં તત્ત્વજ્ઞાન નહીં. જ્યાં સુધી તત્ત્વજ્ઞાન નહીં ત્યાં સુધીમાં કરણ લબ્ધિમાં ગ્રંથિભેદની પ્રક્રિયા થઇ શકે નહીં.

**પ્ર.-૩૬૬ તમામ દુખોનું મૂળ શું છે ?**

ઉ.-૩૬૬ અવિચાર અને અજ્ઞાન એ તમામ દુઃખોનું મૂળ છે. તમામ દુખોનું મૂળ એટલે પદાર્થોનો અભાવ નહીં. પદાર્થોનો અભાવ હોવો અથવા જોઇએ તેટલા પ્રમાણમાં પદાર્થો ન હોવા એનું નામ દુખ એ આપણી વ્યાખ્યા છે. અને માટે આપણે હંમેશા બહાર પદાર્થોમાં-વસ્તુમાં-વ્યક્તિઓમાં ફેરફાર કરીએ છીએ. જ્ઞાની પુરુષો કહે છે કે પદાર્થોની અલ્પતા-પદાર્થોનો અભાવ કે પદાર્થોની બહુલતા સાથે સુખ-દુખનો સંબંધ નથી. સુખ-દુખનો સંબંધ અજ્ઞાનની સાથે છે અને અજ્ઞાનનું મૂળ અવિચારમાં છે. (પેજ ૧૭૨)

**પ્ર.-૩૬૭ અજ્ઞાન દૂર કરવાનો ઉપાય શું ?**

ઉ.-૩૬૭ અજ્ઞાન દૂર કરવાના માટે બીજી કોઇ પ્રક્રિયા કામ નહીં આવે, વિચાર સિવાય. અંધકારને દૂર કરવા જેમ પ્રકાશ જોઇએ તેમ અજ્ઞાનને દૂર કરવા માટે સમ્યગ્જ્ઞાન જ જોઇએ. અજ્ઞાનનો આધાર અવિચાર અને સમ્યગ્જ્ઞાનનો આધાર તત્ત્વવિચાર. (પેજ ૧૭૨)

**પ્ર.-૩૬૮ અવિચારનો અર્થ શું ?**

ઉ.-૩૬૮ અવિચારનો અર્થ વિચાર ન કરવો એમ નહીં પણ અવિચારનો અર્થ વિવેક રહિત વિચાર કરવો તેમ છે. (પેજ ૧૭૨)

**પ્ર.-૩૬૯ અવિચાર શેનું કારણ છે ?**

ઉ.-૩૬૯ આવો અવિચાર એ સર્વ કલેષનું કારણ છે. આવો અવિચાર એ સર્વ મોહનું કારણ છે. આવો અવિચાર એ માઠી ગતિનું કારણ છે. (પેજ ૧૭૨)

**પ્ર.-૩૭૦ કરણ એટલે શું ?**

ઉ.-૩૭૦ કરણ એટલે પરિણામ. કરણ એટલે ભાવ. કરણ એટલે આત્મામાં ઊઠતી સંવેદનાઓ અથવા લાગણી. (પેજ ૧૭૩)

**પ્ર.-૩૭૧ કરણ લબ્ધિ એટલે શું ?**

ઉ.-૩૭૧ ચૈતન્યના પરિણામો અથવા ચૈતન્યમાં ઊઠતા ભાવો તેને કહેવાય કરણ. અને એ પરિણામ જીવનમાં નિયામક છે. શુધ્ધ આત્માનુભૂતિને અનુકૂળ થાય તેવા પરિણામો જેમાં થાય છે એવી જે પ્રક્રિયા તેને કહેવાય છે કરણ લબ્ધિ. (પેજ ૧૭૩)

**પ્ર.-૩૭૨ શુધ્ધ આત્માની અનુભૂતિ શા માટે જરૂરી છે ?**

ઉ.-૩૭૨ જ્યાં સુધી શુધ્ધ આત્માની અનુભૂતિ જીવનમાં નહીં થાય ત્યાં સુધી- (પેજ ૧૭૩)

૧. સંવર નહીં થાય.
૨. નિર્જરા નહીં થાય.
૩. બંધ નહીં તૂટે.
૪. મોક્ષ નહીં મળે.

**પ્ર.-૩૭૩ કરણ લબ્ધિમાં પ્રવેશ કરતી વખતે શું નિશ્ચય કરવો પડે ?**

ઉ.-૩૭૩

૧. સિધ્ધ ભગવંતો
૨. કેવળજ્ઞાની સર્વજ્ઞ પરમાત્મા
૩. ૧૪ પૂર્વધર શ્રુત કેવળી
૪. સમ્યગદષ્ટિ મહાત્મા

| | |
|---|---|
| | આ બધા જેવા આત્માનો અનુભવ કરે છે એવા શુધ્ધ આત્માની એક વખત જીવનમાં અનુભૂતિ થઇ જાય તો જીવન સાર્થક બની જાય, એ સિવાય જીવનની સાર્થકતા નથી એવો જેણે નિશ્ચય કર્યો છે. તે કરણ લબ્ધિમાં પ્રવેશ કરે છે. એ સિવાય કરણ લબ્ધિમાં પ્રવેશ નહીં કરે. (પેજ ૧૭૩) |
| પ્ર.-૩૭૪<br>ઉ.-૩૭૪ | **જન્મ-મરણ કેમ ટળતા નથી ?**<br>જગતમાં અનંતકાળમાં અનંત પ્રકારના અનુભવો થવાના પરિણામે અનંતવાર જન્મ-મરણ કરવા પડ્યા છે. એવો કયો અનુભવ કરવો બાકી રહી ગયો છે કે જેના કારણે જન્મ-મરણ ટળતા નથી? જ્ઞાની પુરુષો કહે છે કે એવો એક અનુભવ બાકી રહી ગયો છે અને તે છે શુધ્ધ આત્માનો અનુભવ. શુદ્ધ આત્માનો અનુભવ કરવાનો બાકી રહી ગયો છે - માટે સંસાર ઊભો છે. (પેજ ૧૭૩) |
| પ્ર.-૩૭૫<br>ઉ.-૩૭૫ | **કરણ લબ્ધિમાં કેટલી પ્રક્રિયા થાય છે ?**<br>કરણ લબ્ધિમાં નીચેની ત્રણ પ્રક્રિયાઓ થાય છે.<br>**ક્રમાંક** \| **પ્રક્રિયાનું નામ** \| **પ્રક્રિયાના પેટા ભાગનું નામ**<br>૧. \| યથાપ્રવૃત્તિકરણ (અધઃકરણ) \| પ્રક્રિયાનો પેટા ભાગ નથી<br>૨. \| અપૂર્વકરણ \| પ્રક્રિયાનો પેટા ભાગ નથી<br>૩. \| અનિવૃત્તિકરણ \| અંતરકરણ<br>દરેકનો કાળ અંતર્મુહૂર્ત છે અને ત્રણેયનો સામટો કાળ પણ અંતર્મુહૂર્ત હોય છે. (પેજ ૧૭૫) |
| પ્ર.-૩૭૬<br>ઉ.-૩૭૬ | **કરણ લબ્ધિની આ ત્રણેય પ્રક્રિયા જાણવાનું પરિણામ શું આવે છે ?**<br>આ જાણવી જ રહી. આ નહીં જાણો તો અનંતકાળ ખોયો - અને થોડુંક હજુ વધશે - ઘટશે તો નહીં જ. આ પ્રક્રિયા જ એવી છે કે જાણ્યા પછીમાં અનંતકાળના સંસારનો અંત આવી જશે. (પેજ ૧૭૫) |
| પ્ર.-૩૭૭<br>ઉ.-૩૭૭ | **યથાપ્રવૃત્તિકરણ એટલે શું ? તે કોને અને કેટલી વાર થાય ?**<br>આને અધઃકરણ પણ કહે છે. - યથાપ્રવૃત્તિકરણનો સામાન્ય અર્થ એવો થાય છે કે સામાન્ય વૈરાગ્યના પરિણામ. (પેજ ૧૭૫) યથાપ્રવૃત્તિકરણ અનંત વાર થયું છે. અભવ્ય જીવ પણ યથાપ્રવૃત્તિકરણ કરે છે. |
| પ્ર.-૩૭૮<br>ઉ.-૩૭૮ | **છેલ્લા એટલે કે ચરમ યથાપ્રવૃત્તિકરણમાં શું થાય છે ?**<br>ચરમ યથાપ્રવૃત્તિકરણ એટલે છેલ્લું યથાપ્રવૃત્તિકરણ - કે જેના પછી અપૂર્વ કરણની ઘટના ઘટવાની છે. ચરમ યથાપ્રવૃત્તિકરણમાં શુભ ભાવનો પ્રકર્ષ ટોચે પહોંચી જાય. સામાન્ય વૈરાગ કરતાં તેનો વૈરાગ્ય તીવ્ર બને છે. (પેજ ૧૭૫) |
| પ્ર.-૩૭૯<br>ઉ.-૩૭૯ | **સંસારની પ્રકૃતિનું દૃષ્ટાંત શું સૂચવે છે?**<br>રાજા ધાબે ચડ્યાં છે. આકાશમાં ઇન્દ્રધનુષ તૈયાર થયું છે તે જોઇને રાજા આશ્ચર્યમુગ્ધ બન્યો છે. તેને થયું કે મહારાણીને પણ બોલાવી લાવું. મહારાણીને કહ્યું કે ''ચાલો, જોવા જેવી ચીજ છે.'' મહારાણીએ કહ્યું કે ''આવું છું.'' અડધી કલાકમાં મહારાણી તૈયાર થયાં |

<table>
<tr><td></td><td>અને અગાશી ઉપર ગયા. જઇને જોયું તો ઘોર અંધકાર. મહારાણીએ કહ્યું ''શું જોવા બોલાવ્યા ?'' – મહારાજાએ કહ્યું ''મહારાણી, જે જોવા બોલાવ્યા હતા તે બરાબર હતું'' (પેજ) ''પણ મેં જે જોયું તે તમારા આવતા પહેલાં વેર વિખેર થઇ ગયું છે. એ હવે રહ્યું નથી.'' અમે કહીને મહારાજા અગાશીએથી ઊતરીને સીધા વનની વાટે ગયા – કે સંસાર આવો અસાર છે. (પેજ ૧૭૫)</td></tr>
<tr><td>પ્ર.-૩૮૦<br>ઉ.-૩૮૦</td><td>કરણ લબ્ધિમાં શું વર્ણન આવે છે ?<br>(પહેલું વર્ણન) મુમુક્ષુ તત્ત્વ વિચારમાં – ઉપયોગને તદ્રૂપ થઇને લગાડે. (બીજું વર્ણન) મુમુક્ષુએ સાંભળેલા તત્ત્વ ઉપદેશનો વિચાર એવો ગહન, તીક્ષ્ણ અને નિર્મળ થવા લાગે કે જેથી એને શીઘ્ર શ્રદ્ધાન થાય.<br>આ બન્ને ઘટના જ્યાં ઘટવાની છે તેને કહેવાય છે કરણ લબ્ધિ (પેજ ૧૭૬).</td></tr>
<tr><td>પ્ર.-૩૮૧<br>ઉ.-૩૮૧</td><td>અપૂર્વ કરણની ઘટના ઘટ્યા પછી કઇ કઇ પ્રક્રિયા થવાની છે ?<br>નીચેની પ્રક્રિયા થશે.<br>૧. આજે સંસારનું બીજ બળીને ખાખ થવાનું છે.<br>૨. આજે મોહનો ગઢ તૂટી પડવાનો છે.<br>૩. આજે મિથ્યાત્વનું હળાહળ ઝેર ઊતરી જવાનું છે.<br>૪. આજે અનંતકાળની ભૂલ સુધરી જવાની છે.<br>૫. આજે પોતાના અનંત ખજાનાની ભાળ મળવાની છે.<br>૬. આજે એ અનંત ખજાનાનો કાયદેસર માલિક થવાનો છે.<br>૭. આજે મોહની પરતંત્રતા મટવાની છે.<br>૮. આજે ટોટલ અધ્યાત્મિક સ્વતંત્રતા એને પ્રાપ્ત થવાની છે. (પેજ ૧૭૭)</td></tr>
<tr><td>પ્ર.-૩૮૨<br>ઉ.-૩૮૨</td><td>અપૂર્વકરણની જુદી જુદી વ્યાખ્યાઓમાં શું વર્ણન આવે છે ?<br>આ વ્યાખ્યાઓ નીચે દર્શાવેલી છે. જે જુદા જુદા પાના પરથી લેવામાં આવી છે.
<table>
<tr><td>૧.</td><td>આ પહેલા ક્યારે ય નહીં આવેલા એવા ઉલ્લાસ ભર્યા પરિણામ તેને અપૂર્વકરણ કહે છે. (પેજ ૧૭૭)</td></tr>
<tr><td>૨.</td><td>પરમ ઉત્સાહ અને પ્રચંડ શૂરાતનની વાત તેને અપૂર્વકરણ કહે છે. (પેજ ૧૫)</td></tr>
<tr><td>૩.</td><td>દેશના લબ્ધિમાં જે શુધ્ધાત્માની વાત સાંભળી એ સહજાત્મક શુધ્ધ સ્વરૂપની નિર્વિકલ્પ અનુભૂતિ માટે અંદરમાં રોમ રોમમાં જે પરમ ઉત્સાહ પ્રગટ થવો તેને અપૂર્વકરણ કહેવાય છે. (પેજ ૧૭૮)</td></tr>
<tr><td>૪.</td><td>જેમ યુધ્ધ માટે શુરાતન જોઇએ તેવા શુરાતનને અપૂર્વકરણ કહે છે. (પેજ ૧૭૯)</td></tr>
<tr><td>૫.</td><td>જેટલા ઉત્સાહથી ધન મેળવવા જાય – જેટલા ઉત્સાહથી યુધ્ધ મેદાનમાં ક્ષત્રિય જાય – તેના કરતા અનંતગણો ઉત્સાહ ગ્રંથિને ભેદ કરવામાં જેમાં પ્રગટ થયો છે તેને અપૂર્વકરણ કહેવાય છે. (પેજ ૧૭૮-૧૭૯) તેમાં ગ્રંથિભેદ થાય છે.</td></tr>
<tr><td>૬.</td><td>રાગ-દ્વેષની એકતાની ગાંઠ એ સંસારરૂપી ખીલનું બી છે. (પેજ) રાગ-દ્વેષની ગાંઠ તોડવી જ – તોડવી જ છે – દેહાત્મ બુદ્ધિ તોડવી જ છે – તોડવી જ છે, દેહાધ્યાસ ટાળવો જ ટાળવો છે – ચિતજડગ્રંથી તોડવી જ છે, તોડવી જ છે એવો અતૂટ નિશ્ચય જીવનમાં જેણે કર્યો અને એ નિશ્ચય કરીને પોતાની તમામ અધ્યાત્મ શક્તિ વાપરવાનો જેણે સંકલ્પ કર્યો તેને કહેવાય અપૂર્વકરણ. (પેજ ૧૮૦)</td></tr>
</table>
</td></tr>
</table>

| | |
|---|---|
| | અને આવું અપૂર્વકરણ કર્યા પછી ગ્રંથિભેદ થાય છે.<br>અપૂર્વકરણના તીવ્ર પરિણામોથી ગ્રંથિનો ભેદ થાય છે. |
| પ્ર.-૩૮૩<br>ઉ.-૩૮૩ | **ગ્રંથિનો પથ્થર ભેદ્યા પછી શું બહાર આવે છે ? અંદરમાં શું છે?**<br>ગ્રંથિ એ છેલ્લો પથ્થર છે. એ ભેદ્યા પછી પ્રવાહ બહાર આવવાનો છે. અંદર નીચેની વસ્તુઓ હોય છે. |

| | | | |
|---|---|---|---|
| ૧. | અંદર અનંત જ્ઞાન છે. | ૫. | અંદર અનંત પર્યાય છે. |
| ૨. | અંદર અનંત દર્શન છે. | ૬. | અંદર અનંત ગુણ છે. |
| ૩. | અંદર અનંત ચારિત્ર્ય છે. | ૭. | અંદર અનંત આનંદ છે. |
| ૪. | અંદર અનંત વીર્ય છે. | | |

(પેજ ૧૭૮)

| | |
|---|---|
| પ્ર.-૩૮૪<br>ઉ.-૩૮૪ | **ગ્રંથિ એટલે શું ?**<br>ગ્રંથિ એટલે ગાંઠ. |

| | |
|---|---|
| ૧. | દેહાધ્યાસ એનું નામ ગ્રંથિ. |
| ૨. | દેહમાં આત્મબુધ્ધિ એનું નામ ગ્રંથિ. |
| ૩. | જડ ચેતનમાં એકતા બુધ્ધિ એનું નામ ગ્રંથિ. |
| ૪. | વિભાવ એ મારો સ્વભાવ છે એવો સ્વીકાર એનું નામ ગ્રંથિ. |
| ૫. | વિભાવની સાથે તાદાત્મ્ય બુધ્ધિ એનું નામ ગ્રંથિ. |
| ૬. | તીવ્રતમ રાગ-દ્વેષ એનું નામ ગ્રંથિ. |
| ૭. | રાગનો રસ એનું નામ ગ્રંથિ. |
| ૮. | દ્વેષનો રસ એનું નામ ગ્રંથિ. |
| ૯. | કષાયનો રસ એનું નામ ગ્રંથિ. |

(પેજ ૧૭૯)

| | |
|---|---|
| પ્ર.-૩૮૫<br>ઉ.-૩૮૫ | **અધ્યાત્મ સાધનામાં શું બહુ મુશ્કેલ છે ?**<br>જે પ્રમાણે આખું વૃક્ષ કાપવું સહેલું પણ ગાંઠ કાપવી મુશ્કેલ. અધ્યાત્મ સાધનામાં વ્રતો કરવા સહેલા છે પણ દેહાત્મ બુદ્ધિની ગ્રંથિ એટલે ગાંઠ કાપવી બહુ મુશ્કેલ છે. (પેજ ૧૮૦) |
| પ્ર.-૩૮૬<br>ઉ.-૩૮૬ | **આ ગાંઠ શું શું કરવા છતાં ભેદાતી નથી? ગાંઠ કાઢવા શું કરવું?**<br>તપ-વ્રત જાપ-અનુષ્ઠાનો અનંતવાર કર્યા પણ ગાંઠ હજુ ઊભી છે. જ્ઞાની પુરુષો વ્રત આદિનો નિષેધ કરતા નથી પણ આ ગાંઠ ભેદાતી નથી. જો બીજ કાઢી નાખો તો ખીલ આગળ વધતો નથી. જેમ બીજ કાઢવાની જરૂર છે તેમ રાગ-દ્વેષની એકતાની ગાંઠ એ સંસારરૂપી ખીલનું બીજ છે. તેને કાઢવા અંદરની તાકાત વાપરવી પડે. (પેજ ૧૯) |

| | |
|---|---|
| પ્ર.-૩૮૭<br>ઉ.-૩૮૭ | **ગ્રંથિને છેદવાનું કયું સાધન છે ?**<br>રાગ-દ્વેષની એ ગ્રંથિને છેદવાનું સાધન તેને કહેવાય છે પ્રજ્ઞા છીણી. (પેજ ૧૮૦) |
| પ્ર.-૩૮૮<br>ઉ.-૩૮૮ | **ગાંઠ ભેદવા પહેલા શેની જરૂરિયાત છે ?**<br>ગાંઠ ભેદવા પહેલા આ ગાંઠને ભેદવાનો ઉલ્લાસ અંદરમાં જોઇશે. (પેજ ૧૮૦) |
| પ્ર.-૩૮૯<br>ઉ.-૩૮૯ | **ગ્રંથિ ભેદ એટલે શું ? અથવા ગ્રંથિ ભેદ કોને કહે છે ?**<br>રાગ-દ્વેષ એ મારો સ્વભાવ નથી - રાગ-દ્વેષ વિકાર છે.<br>વિભાવનો કર્તા હું નથી. \| વિભાવનો સ્વામી હું નથી.<br>વિભાવ જે મારામાં થાય છે તે મારી પોતાની અજાગૃતિને કારણે અને પુરુષાર્થની મંદતાને કારણે થાય છે આવો સ્વીકાર કરીને રાગ-દ્વેષના રસને તોડવો એને કહે છે ગ્રંથિભેદ. રસ તૂટી જવો એ બહુ મોટી ઘટના છે. (પેજ ૧૮૧) |
| પ્ર.-૩૯૦<br>ઉ.-૩૯૦ | **ગ્રંથિ ભેદ ક્યારે થાય છે ?**<br>બહુ સૂક્ષ્મ વાત છે. અપૂર્વકરણથી ગ્રંથિ ભેદ થાય કે ગ્રંથિ ભેદથી અપૂર્વકરણ થાય - એ તો જ્ઞાની જાણે - વિશેષ જ્ઞાની જાણે પણ અપૂર્વકરણ થાય પછી ગ્રંથિભેદ થાય તેમ સામાન્ય રીતે શાસ્ત્રોમાં વર્ણન છે. (પેજ ૧૮૦) |
| પ્ર.-૩૯૧<br>ઉ.-૩૯૧ | **અનિવૃત્તિકરણ એટલે શું ?**<br>અપૂર્વકરણ થયા પછી અનિવૃત્તિકરણ થાય છે. સમ્યગ્દર્શનની અનુભૂતિ થયા વગર જે પાછો વળવાનો નથી એવો જે ભાવ તેને અનિવૃત્તિકરણ કહે છે. તે કોઇ પણ હિસાબે અનુભૂતિ કરશે જ કરશે. (પેજ ૧૮૧) |
| પ્ર.-૩૯૨<br>ઉ.-૩૯૨ | **અનિવૃત્તિકરણની પ્રક્રિયાનો જ્યારે પ્રારંભ થાય છે ત્યારે અંદરમાં ''અંતરકરણ'' નામની પ્રક્રિયા થાય છે. (પેજ) તેને સમજાવવા માટે કયું દૃષ્ટાંત આપે છે ?**<br>તે સમજાવવા માટે નીચેનું દૃષ્ટાંત છે.<br>જંગલમાં આગ લાગે છે અને આગ ઓલવવાના બીજા સાધનો નથી ત્યારે ૧૦૦ ફુટ છેટા જઇ ૧૦ ફુટની જગ્યામાંથી ઘાસ કાઢી નાખે છે. આ દસ ફુટની જગ્યા એ સલામત જગ્યા થઇ ગઇ. આ દસ ફુટની જગ્યા પાસે આગ પહોંચે ત્યારે બાળવા માટે કાંઇ બચ્યું નથી તેથી આગ ઓલવાઇ જાય છે - આગ શાંત બની જાય છે. સામે મોટું વન છે. હજુ જો તણખા ત્યાં પહોંચે તો આગ લાગી શકે તેમ છે. ''અંતરકરણ''માં આવી એક અદ્‌ભુત પ્રક્રિયા થાય છે. દર્શનમોહનીય કર્મ તથા ચાર અનંતાનુબંધ કષાય (ક્રોધ, માન, માયા તથા લોભ) એ પાંચે પાંચ નિમિતના પક્ષે સમ્યગ્દર્શનનો અનુભવ કરવામાં અવરોધ કરનાર પરિબળો છે. અપૂર્વકરણના પરિણામે અનિવૃત્તિકરણમાં પ્રવેશ કર્યા પછી (પેજ ૧૮૨) અંતરકરણની પ્રક્રિયામાં એ મિથ્યાત્વ મોહનીય કર્મના નીચેના બે ભાગ પડી જાય છે. |

| પહેલો ભાગ | બીજો ભાગ |
|---|---|
| આ ભાગ અંતર્મુહૂર્તમાં ઉદયમાં આવીને ભોગવી શકાય તેવો છે. (પેજ ૧૮૨) દર્શન મોહનીય કર્મનો (એટલે કે મિથ્યાત્વ મોહનીય) એક જથ્થો એવો થયો કે એ અંતર્મુહૂર્તમાં ભોગવી શકાય. જ્યાં સુધી એ અંતર્મુહૂર્ત ચાલે છે ત્યાં સુધી સમ્યગ્દર્શનનો અનુભવ નથી થતો કારણ કે દર્શન મોહનીયનું જુથ એક્ટીવ છે. કહો કે દર્શન મોહનીયનું બળ છે. (પેજ ૧૮૨) | આ ભાગ અંતરકરણના અંતર્મુહૂર્ત પછી ઉદયમાં આવે તેવો છે. પહેલા ભાગના અંતર્મુહૂર્તમાં દર્શન મોહનીયના દલિકો ભોગવાઇ જાય પછી અંતર્મુહૂર્તનો ગાળો ખાલી પડ્યો છે ત્યાં કોઇ દર્શનમોહનીયના દલિકો કામ કરતા નથી. બાકી સામે મોટો જથ્થો છે. અંતઃ કોડા-કોડી સાગરોપમનો સ્ટોક છે - એટલો મોટો સ્ટોક છે પણ એ બધો સ્ટોક દબાઇ ગયેલો છે. એક અંતર્મુહૂર્ત સુધી એ સક્રિય થઇ શકે તેમ નથી - એક્ટીવ થઇ શકે તેમ નથી - પોતાનું ફળ આપી શકે તેમ નથી અને અંતર્મુહૂર્તનો જે જથ્થો હતો તે ભોગવાઇ ગયો છે. વચમાં જે ખાલી પડેલી જગ્યા એમાં જે અનુભવ થાય છે તેને ઉપશમ સમ્યગ્દર્શન કહે છે. (પેજ ૧૮૩) |

**પ્ર.-૩૯૩ સંતોએ ઉપશમ સમ્યગ્દર્શનને કેવા પ્રકારથી વર્ણવ્યું છે?**

ઉ.-૩૯૩ રણછોડદાસજી કહે છે :

**દાસ રણછોડે - ઘર સંભાળ્યું,**
**જડી કૂંચી - ઉઘાડ્યું તાળું,**
**થયું ભોમંડળ અજવાળું.**

અમે ઘર સંભાળતા નો'તા, તે ઘર સંભાળ્યું. અમારી ચાવી ખોવાઇ ગઇ હતી અને ત્યાં મોહનું-મિથ્યાત્વનું-અજ્ઞાનતાનું તાળુ લાગ્યું હતું. ગુરુ મહારાજ મળ્યા એટલે અમને ચાવી મળી. ચાવી મળી એટલું જ નહીં તાળું ઉઘાડ્યું ત્યાં તો અંદર લખ લખાટ પ્રકાશ થયો.

આનંદઘનજી કહે છે કે :

**ઇડા પિંગલા મારગ તજ યોગી,**
**સુષુમણા ઘર વાસી,**
**બ્રહ્મરંધ્ર મધી આસન પુરી ભાઇ,**
**અનહદ તાન બજાસી.**

અનહદના વાજા વાગી રહ્યા છે. મધુર સંગીત રેલાઇ રહ્યું છે. અંદરમાં સુધા-ધારાની વૃષ્ટિ થઇ રહી છે.

**સાધો ભાઇ, અપના રૂપ જબ દેખા,**
**કોન હૈ કર્તા કોન હૈ કરણી કોન ગિનેગા લેખા,**
**આનંદઘન પ્રભુ પરચો પાયો ઉતર ગયો દિલ ભેખા.**

અમે અમારું રૂપ જોયું - ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માને જોયા-અંદરમાં રહેલા જ્ઞાન સ્વરૂપ આત્માની અનુભૂતી અમે કરી - અમે નજરો નજર આત્માને જોયો અને અનુભવ્યો...

અખો કહે છે :

**અબ મોહે ઐસો આનંદ આયો,**
**ક્રિયા કરાયા કુછ ભી નાહીં, સહેજ પિયાજી કો પાયો.**

(પેજ ૧૮૪)

**પ્ર.-૩૯૪ સમ્યગ્દર્શનની અનુભૂતિ થયા પછી શું થાય છે ?**

ઉ.-૩૯૪

| | |
|---|---|
| ૧. | તત્ત્વ ઉપરની સાચી શ્રધ્ધા થાય છે. |
| ૨. | તત્ત્વ ઉપરની વાસ્તવિક શ્રધ્ધા થાય છે. |
| ૩. | તત્ત્વ ઉપરની મંગલ શ્રધ્ધા થાય છે. |
| ૪. | તત્ત્વ ઉપરની સત્ય શ્રધ્ધા થાય છે. |
| ૫. | તત્ત્વ ઉપરની અશલ્ય શ્રધ્ધા થાય છે. |
| ૬. | તત્ત્વ ઉપરની મૂળ સ્વભાવમાં થવી જોઇએ તેવી શ્રધ્ધા થાય છે. |

(પેજ ૧૮૪)

**પ્ર.-૩૯૫ સમ્યગ્દર્શન થયા પછી કઇ પ્રકૃતિઓ ન બંધાય ?**

ઉ.-૩૯૫

| | | | | |
|---|---|---|---|---|
| ૧. નરકગતિ ના બંધાય. | ૨. તિર્યંચગતિ ના બંધાય. | ૩. સ્ત્રીવેદ ના બંધાય. | ૪. નપુંસકવેદ ના બંધાય. | ૫. કુલ ૪૧ અશુભ પ્રકૃતિઓ ના બંધાય. |

(પેજ ૧૮૪)

**પ્ર.-૩૯૬ અમૃતચન્દ્રાચાર્યજીએ સમયસાર ટીકાના કળશમાં સમ્યગ્દર્શન થયા પછી એ સમ્યગ્દષ્ટિ મહાત્માના ક્યા અનુભવની વાત કરી ?**

ઉ.-૩૯૬ આ આત્માને અન્ય દ્રવ્યોથી - અન્ય દ્રવ્યોના ગુણોથી - અને અન્ય દ્રવ્યોના પર્યાયથી તદ્દન જુદો દેખે છે. (પેજ ૧૮૫)

**પ્ર.-૩૯૭ અંતરકરણમાં સમ્યગ્દર્શનના અનુભવ પછી શું થાય ?**

ઉ.-૩૯૭ દર્શન મોહનીય કર્મના જે ત્રણ ભેદ છે, તેમાંથી

| **ક્રમ** | **ભેદનું નામ** | જે તે ભેદની અસર |
|---|---|---|
| ૧. | મિથ્યાત્વ મોહનીય કર્મ | જો ઉદયમાં આવે તો સમકિત વમી નાખે. |
| ૨. | મિશ્ર મોહનીય કર્મ | જો ઉદયમાં આવે તો ત્રીજા ગુણસ્થાને ચાલ્યો જાય. |
| ૩. | સમકિત મોહનીય કર્મ | જો ઉદયમાં આવે તો ક્ષયોપશમ સમકિત થાય. |

(પેજ ૧૮૬)

**પ્ર.-૩૯૮ ક્ષમા કરવી બાકી રહી ગઇ તો શું થાય ?**

ઉ.-૩૯૮ તેવા કર્મો અનંતાનુબંધી કષાયમાં ટ્રાન્સફર થઇ જશે અને અનંતાનુબંધી કષાય જો ઉદયમાં આવે તો,

| | | |
|---|---|---|
| ૧. સમકિત પણ જાય. | ૨. દેશવિરતિપણું જાય. | ૩. સાધુપણું જાય. |

(પેજ ૧૮૬)

# પ્રવચન-૧૪ : પ્રશ્ન-ઉત્તર રૂપે. સમ્યગ્દર્શનની વ્યાખ્યા અને લક્ષણો

| | |
|---|---|
| પ્ર.-૩૯૯<br>ઉ.-૩૯૯ | **સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં શું બને છે ?**<br>એ સંપૂર્ણપણે મોક્ષનો અધિકારી બને છે. (પેજ ૧૮૭) |
| પ્ર.-૪૦૦<br>ઉ.-૪૦૦ | **સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી જીવનો કેટલો સંસાર રહે છે ?**<br>અર્ધપુદ્‌ગલ પરાવર્તન કાળથી અધિક સંસારમાં રહે નહીં. (પેજ ૧૮૭) |
| પ્ર.-૪૦૧<br>ઉ.-૪૦૧ | **સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી શું નિર્ણય હોય છે ?**<br>એના અંદરમાં ૧૦૦% એવો નિર્ણય છે કે એક પણ ક્ષણ આ ભોગો વચ્ચે, એક પણ ક્ષણ આ માયા વચ્ચે, એક પણ ક્ષણ આ મોહ વચ્ચે રહેવું નથી. (પેજ ૧૮૭) |
| પ્ર.-૪૦૨<br>ઉ.-૪૦૨ | **સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી એને બીજો મોટો કયો લાભ લાગે ?**<br>સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી આનાથી (સમ્યગ્દર્શનથી) સંસારનો બીજો મોટો લાભ કે વધુ લાભ મળતો હોય તેવું અનુભવમાં આવતું નથી.<br>તેને ચક્રવર્તિ બનવા કરતાં,<br>તેને રાજા બનવા કરતાં,<br>તેને વાસુદેવ બનવા કરતાં,<br>તેને સુંદર પુરુષ બનવા કરતાં,<br>તેને ધનના ઢગલા કરતાં,<br>તેને વિરાટ સત્તા મળવા કરતાં,<br>તેને બળવાન શરીર મળવાં કરતાં,<br>શ્રેષ્ઠ લાભ એ સમ્યગ્દર્શનનો લાભ છે એમ લાગે છે. (પેજ ૧૮૭) |
| પ્ર.-૪૦૩<br>ઉ.-૪૦૩ | **જીવનમાં સમ્યગ્દર્શનનો આવો શ્રેષ્ઠ લાભ મળેલ હોવાના કારણે હવે શું અનુભવાય છે?**<br>જીવનમાં સમ્યગ્દર્શનનો આવો શ્રેષ્ઠ લાભ મળેલ હોવાના કારણે **''ગુરુણાપિ દુઃખેન ન વિચાલ્યતે.''** જીવનમાં ત્યાર પછી ભંયકર દુઃખના ડુંગરા તૂટી પડે તો યે જરાયે ચલાયમાન થતો નથી. નિરાશા તો આવતી જ નથી. દ્વંદ્વ થતો નથી. મૂંઝવણ થતી નથી. આર્તધ્યાનનો બહુ સવાલ ઊભો થતો નથી. પણ આવા દુઃખના ભાર નીચે તેની ચેતના કદી ચગદાતી નથી. તે કદી દુઃખી થતો નથી. જગતમાં સમ્યગ્દષ્ટિ આત્માને કોઇ દુઃખી કરનાર નથી. (પેજ ૧૮૭-૧૮૮) |
| પ્ર.-૪૦૪<br>ઉ.-૪૦૪ | **સંસાર કોને કહેવાય - માયા કોને કહેવાય ?**<br>આત્માના (પોતાના) સુખની ચાવી બીજાના હાથમાં અને દુઃખની ચાવી પણ એ બીજાના હાથમાં. સુખની ચાવી તમારા હાથમાં નથી પણ બીજાના હાથમાં છે અને દુઃખની ચાવી પણ તમારા હાથમાં નથી પણ બીજાના હાથમાં છે. બીજો ધારે ત્યારે દુઃખી કરી શકે અને બીજો તમને સુખી કરી શકે એમ અપેક્ષા રાખીને સુખની ચાવી એને સોંપી દીધી છે અને જેને સુખની ચાવી સોંપી એ સદાયે આપણને સુખી રાખ્યા કરે એ માટે એની પળોજણમાંથી બહાર નથી આવતા, આને કહેવાય સંસાર - આને કહેવાય માયા. (પેજ ૧૮૮) |

| | |
|---|---|
| પ્ર.-૪૦૫<br>ઉ.-૪૦૫ | **સમ્યગ્દર્શનના નજીક જે આત્માઓ પહોંચ્યા છે તેમના અનુભવો કેવા હોય છે ?**<br>**''મન મસ્ત ભયા અબ ક્યું બોલે, મન મસ્ત ભયા અબ ક્યું બોલે**<br>**બાર બાર વાંકુ ક્યું ખોલે, મન મસ્ત હુઆ તબ ક્યું બોલે ?''**<br>હવે મન મસ્ત બની ગયું છે, હવે બોલવાની શું જરૂર ? જગતનું ચિંતામણી રત્ન અમને પ્રાપ્ત થઇ ગયું, હવે તેને ખોલીને વારે વારે જોવાની શું જરૂર ? –આ હીરો છે, –આ કિંમતી રત્ન છે.<br>**હંસા પાયે માન સરોવર-તાલ તલૈયા ક્યું ડોલે ?**<br>**તેરા સાહિબ હૈ ઘટમાંહી, બાહિર નયના ક્યું ખોલે ?**<br>(પેજ ૧૮૮) |
| પ્ર.-૪૦૬<br>ઉ.-૪૦૬ | **સમકિતનો અનુભવ કઇ દશામાં થાય છે ?**<br>કરણલબ્ધિમાં અંતરકરણમાં પ્રવેશ થયા પછી તે અંતરકરણના અંતર્મુહૂર્તમાં દર્શન મોહનીય અને અનંતાનુબંધીની ૪ પ્રકૃતિ મળીને એમ કુલ પાંચેની અનુદય અવાસ્થામાં –એટલે કે ઉપશમ અવસ્થામાં –એટલે કે આ પાંચમાંથી એક પણ પરમાણુ ત્યાં સક્રિય નથી, બરાબર શાંત બની ગયા છે, એવી અવસ્થામાં જે અનુભવ થાય છે તે સમકિતનો અનુભવ છે. (પેજ ૧૮૮) |
| પ્ર.-૪૦૭<br>ઉ.-૪૦૭ | **સમકિતનો અનુભવ થયા પછી એ આત્મા શું બની જાય છે ?**<br>સમકિતનો અનુભવ થયા પછી એ આત્મા માખણના પિંડા જેવો બની જાય છે. માખણ દૂધમાં હતુ – માખણ દહીંમાં હતું – પછી તેનું વલોણું થયું – વલોણું થયા પછી એ માખણના પિંડો જુદો તારવી લે છે. આ માખણના પિંડાને ફરી છાશની ગોળીમાં નાખે તો છાશની ગોળીમાં નાખવા છતાં એ પિંડો છાશથી ન્યારો અને ન્યારો રહે છે.<br>એ માખણ છાશમાં હતું.<br>એ પહેલા આ જ માખણ દહીંમાં હતું.<br>એ પહેલા આ જ માખણ દૂધમાં હતું.<br>પણ પ્રયોગ દ્વારા જુદુ પડી ગયું છે. એ જુદા પડ્યા પછી એ માખણનો પિંડો છાશની ગોળીમાં રહેવા છતાં છાશમાં ભળતો નથી. (પેજ ૧૮૮ તથા ૧૮૯) |
| પ્ર.-૪૦૮<br>ઉ.-૪૦૮ | **સમકિતની અનુભૂતિ હોય તો શું થાય ?**<br>સંસારની ગોળીમાં સમ્યગ્દષ્ટિ રહેવા છતાં સંસારમાં ભળતો નથી. એવું નહીં ભળવાનું સામર્થ્ય જેનાથી પ્રાપ્ત થાય છે એને કહેવાય છે સમકિતની અનુભૂતિ. (પેજ ૧૮૯) |
| પ્ર.-૪૦૯<br>ઉ.-૪૦૯ | **સમ્યગ્દષ્ટિ આત્માને કેવી શક્તિ પ્રાપ્ત થાય છે ?**<br>સમ્યગ્દષ્ટિ આત્માને નીચેની શકિત પ્રાપ્ત થાય છે. (પેજ ૧૮૯) |

| | |
|---|---|
| ૧. | બળવાન સંસારની સામે અડોલ અને નમ્યા વગર ટકવાની શક્તિ પ્રાપ્ત થાય છે. |
| ૨. | બળવાન માયાની સામે અડોલ અને નમ્યા વગર ટકવાની શક્તિ પ્રાપ્ત થાય છે. |
| ૩. | બળવાન આસક્તિની સામે અડોલ અને નમ્યા વગર ટકવાની શક્તિ પ્રાપ્ત થાય છે. |
| ૪. | બળવાન વાસનાની સામે અડોલ અને નમ્યા વગર ટકવાની શક્તિ પ્રાપ્ત થાય છે. |

| | |
|---|---|
| પ્ર.-૪૧૦<br>ઉ.-૪૧૦ | **સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કાળમાં એ આત્માની અવસ્થા કેવી હોય અને કયો ભેદ સ્પષ્ટ થાય છે ?**<br>સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે ત્યારે છુટ્ટા પડી ગયેલા નાળિયેરના ગોળાની જેમ સંસારની કાચલીમાં રહેવા છતાં સંસારને અડતો નથી.<br>**ભાસ્યો દેહાધ્યાસથી આત્મા દેહ સમાન, પણ તે બન્ને ભિન્ન છે પ્રગટ લક્ષણે જાણ,**<br>**ભાસ્યો દેહાધ્યાસથી આત્મા દેહ સમાન, પણ તે બન્ને ભિન્ન છે જેમ અસિ ને મ્યાન.**<br>મ્યાન એ મ્યાન છે અને તલવાર એ તલવાર છે તેમ આત્મા અને દેહ બન્ને જુદા છે આવો સ્પષ્ટ ભેદ અંતરકરણમાં સમકિતની પ્રાપ્તિના કાળમાં એ મહાત્મા કરે છે. (પેજ ૧૯૦) |
| પ્ર.-૪૧૧<br>ઉ.-૪૧૧ | **સુરતા એટલે શું ?**<br>૧. સુરતા એટલે ધ્યાન<br>૨. સુરતા એટલે લક્ષ<br>૩. સુરતા એટલે કોન્સીયસ<br>૪. સુરતા એટલે સમજ<br>૫. સુરતા એટલે અંદરની ચેતના<br>(પેજ ૧૯૦) |
| પ્ર.-૪૧૨<br>ઉ.-૪૧૨ | **સમ્યગ્દષ્ટિની સુરતા કોની સાથે હોય છે ?**<br>અમારી સુરતા સત-ચિત-અનંદ સ્વરૂપ-ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માની સાથે છે એવું સમ્યગ્દષ્ટિ આત્મા કહે છે.....<br>**હું એક શુદ્ધ સદાય અરૂપી, જ્ઞાન આનંદમય ખરે,**<br>**નથી અન્ય કાંઇ મારું જરી, પરમાણુ માત્ર અરે ખરે.**<br>(પેજ ૧૯૦) |
| પ્ર.-૪૧૩<br>ઉ.-૪૧૩ | **અંતરકરણમાં આત્મા શું અનુભવે છે ?**<br>શાસ્ત્રોમાં કહ્યું છે કે જડ ચેતન બન્ને જુદા છે, દેહ અને આત્મા બન્ને જુદા છે.<br>**તે પામે સમકિતને, વર્તે અંતર શોધ,**<br>**મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ,**<br>**લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ.**<br>તેને તમામ ભેદો પડી ગયા - તમામ મતો મટી ગયા - સ્વછંદ ગળી ગયો. એવી એક અવસ્થાનો અનુભવ અંતરકરણમાં સમકિતનો અનુભવ જ્યારે થાય છે તે વખતે એ આત્માને થાય છે અને એવો અનુભવ થવાના પરિણામે સંસારની તમામ પ્રવૃત્તિ કરતા છતાં સમ્યગ્દષ્ટિ મહાત્મા શુદ્ધ આત્મતત્ત્વને ભૂલતો નથી. (પેજ ૧૯૧) |

**પ્ર.-૪૧૪ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી તેને જગત કેવું લાગે છે ?**

ઉ.-૪૧૪ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી તેને જગત ફિક્કુ લાગે છે. અહીં જગત પ્રત્યે તિરસ્કાર નથી-અહીં જગત પ્રત્યે અણગમો નથી - અહીં જગત પ્રત્યે નફરત નથી - અહીં જગતની ઘૃણા નથી - અહીં જગતની નિંદા નથી - અહીં નેગેટીવ એપ્રોચ નથી - અહીં નિષેધાત્મક વલણ નથી. જગત જેવું છે તેવું છે પણ ફિક્કુ લાગે છે. સમ્યગ્દર્શન થતાની સાથે એ અનુભવ - અનુભવના લેવલે થયો. (પેજ ૧૯૨-૧૯૩)

**પ્ર.-૪૧૫ અંતરકરણ (કરણ લબ્ધિનો ભાગ) થતાં પહેલા અને થયા પછી એ બે પરિસ્થિતિ વચ્ચે શું તફાવત હોય છે ?**

ઉ.-૪૧૫ અંતરકરણમાં સમકિતનો અનુભવ થતા પહેલા જે તત્ત્વની શ્રદ્ધા છે તે કલીઅર કટ નથી-૧૦૦% નથી - સમજીને નથી - જાણીને નથી - વિચારીને નથી. જ્યારે અંતરકરણમાં ઘટના ઘટી - મોહનીય કર્મનો ઉપશમ થયો - જ્ઞાનવરણીય કર્મનો ક્ષયોપશમ થયો.....

દેશના લબ્ધિમાં સત્પુરુષના ચરણમાં બેસીને દ્રવ્ય-ગુણ-પર્યાય-આદિ શાસ્ત્રોનું વિધિપૂર્વક શ્રવણ-મનન-ચિંતન-નિદિધ્યાસન કર્યું - નવ તત્ત્વોની અવગાહના કરી - નવ તત્ત્વો સંબંધી શાસ્ત્રો વાંચ્યા-જાણ્યા-સાંભળ્યા-માણ્યા-વિચાર્યા-અને દૃઢ નિશ્ચય કર્યો - પણ એ બુદ્ધિના લેવલે હતો. અંતરકરણમાં એ અનુભવ અનુભવના લેવલે થયો. પહેલા એ બુદ્ધિના લેવલે અનુભવ હતો - અને કહેતો હતો કે શાસ્ત્રો સત્ય છે - નવ તત્ત્વો છે-છે-છે-છે જ પણ હવે એ છે કહેવાની જરૂર નથી કારણ કે હવે અનુભવ થયો છે. (પેજ ૧૯૩-૧૯૪)

**પ્ર.-૪૧૬ સમ્યગ્દર્શનમાં આત્માને તત્ત્વ વિષયક કેવો સ્વીકાર હોય ?**

ઉ.-૪૧૬ નીચેના ચાર સ્વીકાર હોય છે.

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| વીતરાગ પરમાત્માએ જે તત્ત્વો જે રીતે કહ્યા છે તે રીતે એટલે કે<br>પ્રયોજનભૂત રીતે <u>આદરવા જેવા</u><br>અપ્રયોજનભૂત રીતે <u>ત્યાગવા જેવા</u><br>હેય - <u>ત્યાગવા જેવા</u><br>ઉપાદેય - <u>આદરવા જેવા</u><br>જ્ઞેય - <u>જાણવા જેવા</u><br>એ તમામ સ્પષ્ટતા સાથે અંદરમાં શ્રધ્ધા પૂર્વક સ્વીકાર થાય છે. (પેજ ૧૯૪) | સર્વજ્ઞ જિનેશ્વર દેવે જે તત્ત્વનું ભાસન કર્યું છે - પ્રરૂપણા કરી છે એ કદી પણ અન્યથા ન હોય અને પરમ સત્ય છે એવો સ્વીકાર થાય છે. (પેજ ૧૯૪) | જીવ આદિક નવ તત્ત્વોને સમ્યક્ પ્રકારે અને યથાર્થ પ્રકારે જાણે-સ્વીકારે અને અનુભવ છે. (પેજ ૧૯૪) | જિનેશ્વર ભગવાને કહેલું તત્ત્વ એ જ પરમ ધર્મ છે એવો નિશ્ચય થાય છે. (પેજ ૧૯૫) |

**પ્ર.-૪૧૭ કેવળજ્ઞાની પરમાત્માનાં જ્ઞાનમાં તત્ત્વો ભાસ્યમાન થાય છે તેના કારણો શું છે ?**

ઉ.-૪૧૭

| પહેલું કારણ | બીજું કારણ | ત્રીજું કારણ |
|---|---|---|
| ૧. સંપૂર્ણપણે રાગ-દ્વેષનો અભાવ | ૨. સંપૂર્ણપણે મોહનો અભાવ | ૩. સંપૂર્ણપણે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય કર્મનો અભાવ |

અને એ હોવાને પરિણામે આત્મામાં રહેલું અનંતજ્ઞાનનું સામર્થ્ય એની પૂરી કળાએ - એની ટોટાલીટીમાં - એની સમગ્રતામાં - એની અખિલાઇમાં ખીલી ગયું છે. એવા કેવળજ્ઞાનમાં જગતનું કોઇ જ્ઞેય છાનું રહી શકતું નથી. (પેજ ૧૯૫)

**પ્ર.-૪૧૮ રુચિની વ્યાખ્યા શું છે ?**

ઉ.-૪૧૮ અંદરમાંથી મિથ્યાત્વનું ઝેર દૂર થવાને પરિણામે પરમાત્મતત્ત્વ ગમે છે તેને રુચિ કહે છે. (પેજ ૧૯૭)

**પ્ર.-૪૧૯ સમ્યગ્દષ્ટિને કઇ કઇ રુચિ હોય ?**

ઉ.-૪૧૯ સમ્યગ્દષ્ટિને નીચેની રુચિ હોય.

| | | | |
|---|---|---|---|
| ૧. | સમ્યગ્દષ્ટિને તત્ત્વની રુચિ હોય. | ૨. | સમ્યગ્દષ્ટિને ધર્મની રુચિ હોય. |
| ૩. | સમ્યગ્દષ્ટિને સ્વરૂપની રુચિ હોય. | ૪. | સમ્યગ્દષ્ટિને મોક્ષની રુચિ હોય. |
| ૫. | સમ્યગ્દષ્ટિને ભક્તિની રુચિ હોય. | ૬. | સમ્યગ્દષ્ટિને આજ્ઞાપાલનની રુચિ હોય. |
| ૭. | સમ્યગ્દષ્ટિને ધ્યાનની રુચિ હોય. | ૮. | સમ્યગ્દષ્ટિને તપ અને ત્યાગની રુચિ હોય. |

(પેજ ૧૯૭)

**પ્ર.-૪૨૦ સમ્યગ્દષ્ટિ આત્મા શું જાણે અને શું ન થવા દે ?**

ઉ.-૪૨૦ સમ્યગ્દષ્ટિ આત્મા આવા નીચેના પ્રસંગોમાં તદ્દન એકાકાર થાય નહીં - તેમાં ડૂબી ના જાય એટલે કે તેના નિર્ધ્વંસ પરિણામો થાય નહીં. અજ્ઞાન ઊભુ થાય કે જાણવામાં આવે કે તરત તેને દબાવી દે.

| | |
|---|---|
| ૧. | સમ્યગ્દષ્ટિ આત્મા જાણે કે અજ્ઞાન ઊભુ થયું છે પણ અજ્ઞાનને પોતાનું કાર્ય કરવા ના દે. |
| ૨. | સમ્યગ્દષ્ટિ આત્મા જાણે કે વૃત્તિઓ ઊભી થઇ છે પણ વૃત્તિઓને પોતાનું કાર્ય કરવા ના દે. |
| ૩. | સમ્યગ્દષ્ટિ આત્મા જાણે કે વાસના ઊભી થઇ છે પણ વાસનાને પોતાનું કાર્ય કરવા ના દે. |
| ૪. | સમ્યગ્દષ્ટિ આત્મા જાણે કે વિકારો ઊભા થયા છે પણ વિકારોને પોતાનું કાર્ય કરવા ના દે. |
| ૫. | સમ્યગ્દષ્ટિ આત્મા જાણે કે ક્રોધ ઊભો થયો છે પણ ક્રોધને પોતાનું કાર્ય કરવા ના દે. |
| ૬. | સમ્યગ્દષ્ટિ આત્મા જાણે કે અહંકાર ઊભો થયો છે પણ અહંકારને પોતાનું કાર્ય કરવા ના દે. |
| ૭. | સમ્યગ્દષ્ટિ આત્મા જાણે કે કામવાસના ઊભી થઇ છે પણ કામવાસનાને પોતાનું કાર્ય કરવા ના દે. |

સમ્યગ્દષ્ટિ આત્માને બહુ જાગૃતિ-ટોટલ અવેરનેસ હોય છે. (પેજ ૧૯૮)

**પ્ર.-૪૨૧ સમ્યગ્દષ્ટિ આત્માના લક્ષણો કેટલા છે ?**

ઉ.-૪૨૧ સમ્યગ્દષ્ટિ આત્માના પાંચ લક્ષણો છે.

| ૧. શમ | ૨. સંવેગ | ૩. નિર્વેદ | ૪. અનુકંપા | ૫.આસ્થા |
|---|---|---|---|---|
| જેણે અપરાધ કર્યો છે - ભૂલ કરી છે તેને શિક્ષા આપવાની વાત તો નથી પણ મનથી પણ એનું બૂરુ થાય એવો વિચાર આવતો નથી. (પેજ ૨૦૧) | સમ્યગ્દષ્ટિ આત્માની પાસે તિર્યંચ-ચક્રવર્તી સહિત મનુષ્યોના તથા અનુત્તર વિમાન સુધીના દેવોના સુખનો ઢગલો મૂકે તોયે એક ક્ષણનો વિલંબ કર્યા સિવાય કહે કે આમાં સુખ છે જ ક્યાં ? મારે માત્ર મોક્ષ જોઇએ છે. (પેજ ૨૦૩) | પાંજરાના કેદીની શું ઇચ્છા ? બસ આ પાંજરું ખોલી બહાર નીકળું એ જ માત્ર ઝંખના છે એમ સંસારમાંથી મુક્ત થવાની ઝંખના હોય છે આને નિર્વેદ કહે છે.<br>૧. નિર્વેદથી દેવો-મનુષ્યો તથા તિર્યંચના સુખો પ્રત્યે ઉદ્દાસીનતા આવે.<br>૨. નિર્વેદથી સર્વ વિષયોથી એને વિરામ બુધ્ધિ આવે.<br>૩. નિર્વેદથી સંસારના આરંભ અને પરિગ્રહનો ત્યાગ કરે.<br>(પેજ ૨૦૪) | અનુ = પશ્ચાત્; કંપ = સંવેદન. દુખીને જોયા પછી અંદરમાં જે કરુણાના સ્પંદનો થાય તેને અનુકંપા કહે છે. અનુકંપા બે પ્રકારની છે.<br>(૧) દ્રવ્ય અનુકંપા. દ્રવ્યથી દુઃખીનું દુઃખ દૂર કરવાનો ભાવ<br>(૨) ભાવ અનુકંપા. ધર્મરહિત જીવો ધર્મ પામે તેવો ભાવ. જે પોતે ધર્મ પામ્યો હોય તે ભાવ અનુકંપા કરી શકે.<br>(પેજ ૨૦૪) | આસ્થા એટલે શ્રધ્ધા-જિનેશ્વર દેવે જે કહ્યું તે અન્યથા નથી એવી શ્રધ્ધા, એવો ધર્મ એ જીવનનું પરમ બળ છે એમ માને. (પેજ ૨૦૬) |

**પ્ર.-૪૨૨ ધર્મથી શું લાભ થાય?**

ઉ.-૪૨૨

| | | | |
|---|---|---|---|
| ૧. | આ લોકની નીતિમય સાધના ધર્મથી થાય છે. | ૨. | જીવનની શાંતિ ધર્મથી થાય છે. |
| ૩. | મૃત્યુ વખતની સમાધિ ધર્મથી થાય છે. | ૪. | પરલોકનું સુંદર સર્જન ધર્મથી થાય છે. |
| ૫. | પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ પણ ધર્મથી થાય છે. | | (પેજ નં. ૨૦૫) |

# વિભાગ – ૪

## પારિભાષિક શબ્દો : સંદર્ભ સહ

સમ્યગ્દર્શનની ઘટનામાં શ્રવણ-વાંચન-ચિંતન-મનન-નિદિધ્યાસન-ધારણા અને સમાધિની પ્રક્રિયાઓ સમાયેલી હોવાથી તેના પ્રયોગોમાં ઢળવું પડે એમ ગુરુજીએ સમજાવ્યું છે. આ બધી પ્રક્રિયાઓ શ્રવણથી શરૂ થાય છે અને પછી વાંચનના પ્રયોગથી વિષયને પરિપૂર્ણ રીતે સમજી શકાય છે તે નિયમ મુજબ આ વિષયનો શ્રવણનો પ્રયોગ વિભાગ-૧માં આપેલી સી.ડી. દ્વારા, આ વિષયના વાંચનનો પ્રયોગ વિભાગ-૨માં આપેલા લખાણ દ્વારા અને આ વિષયના નિદિધ્યાસનનો પ્રયોગ પ્રશ્નોત્તર વિભાગ-૩ દ્વારા થયો. તથા વિશેષ અભ્યાસ માટે પારિભાષિક શબ્દો સંદર્ભ સહ વિભાગ-૪માં આપ્યા.

| વિષય | પાના નં. |
|---|---|
| પારિભાષિક શબ્દો - સંદર્ભ સહ : A-B-C મુજબ | ૩૦૭ |

## A = અ

| | | |
|---|---|---|
| **આશ્રવ** | : | કર્મો (શુભ કે અશુભ) ની આવક |
| **અબંધ દશા** | : | તે પ્રાપ્ત કરવા સમ્યગ્ દર્શનમાં ઢળવું પડશે અને તેનો પ્રારંભ સમ્યગદર્શનથી થાય છે. (પેજ-૨૪) |
| **અકામ નિર્જરા** | : | જેમાં જીવની જાગૃતિ-પુરુષાર્થ ભળ્યા નથી એ અવસ્થામાં કર્મોનું ખરી પડવું. તેનાથી આત્માની શુદ્ધિ થતી નથી. (પેજ-૨૪) |
| **અનંતાનુબંધી** | : | અનંત + અનુબંધ, એક કર્મ ભોગવતી વખતે જે બીજા બાંધવા, આવો જે પ્રવાહ ચાલ્યો આવે છે તે અનંતાનુબંધી. (પેજ-૭૧) |
| **અનુબંધ** | : | એને કહેવાય કે કર્મો બદલાય છે પણ કર્મોનો પ્રવાહ બદલાતો નથી. (પેજ-૭૦) |
| **અનુબંધ** | : | કર્મો ભોગવ્યા પછી પણ જે કર્મો રહે છે તે પ્રવાહમાં રહે છે અને આવો પ્રવાહ તેને સંતતિ કહેવામાં આવે છે. ભગવાન બુદ્ધે સંતતિ શબ્દ વાપર્યો છે. (પેજ-૭૦) |
| **અનંતાનુબંધી કષાય** | : | એને કહેવાય છે જેના કારણે દુઃખમાં અણગમો અને સંસાર સુખમાં પ્રગાઢ રસ છે. (પેજ-૭૭) |
| **અનંતાનુબંધી કષાય** | : | એક માત્ર પરમાર્થની ભ્રાંતિને કારણે અપરમાર્થને પરમાર્થ જાણીને તેને આગ્રહે જીવ ભજયા કરે તેને અનંતાનુબંધી કષાય કહે છે. (પેજ-૯૨) |
| **આત્મા** | : | આત્મા બે કામ કરે છે. જોવું અને જાણવું. જોવું એટલે દર્શન. સામાન્ય ધર્મનો બોધ, અને જાણવું એટલે જ્ઞાન. વિશેષ ધર્મનો બોધ. (પેજ-૯૬) |
| **આત્મા** | : | આત્માને બે શક્તિઓ છે. (૧) કર્મ બાંધી પણ શકે છે. (૨) કર્મ તોડી પણ શકે છે. (પેજ-૯૭) |
| **અવિચાર** | : | એટલે વિચાર ન કરવો એમ નહીં પણ વિવેક રહિત વિચાર કરવો એમ છે. (પેજ-૧૭૨) |
| **અવિચાર** | : | એ સર્વકલેશ-મોહ-માઠી ગતિનું કારણ છે. (પેજ-૧૭૨) |
| **અપૂર્વકરણ** | : | દેશના લબ્ધિમાં જે શુદ્ધાત્માની વાત સાંભળી-ઘડ કરી-એ સહજાત્મ શુદ્ધ સ્વરૂપની નિર્વિકલ્પ અનુભૂતિ માટે અંદરમાં રોમેરોમમાં જે પરમ ઉલ્લાસ અને પરમ ઉત્સાહ પ્રગટ થવો તેને કહેવાય છે અપૂર્વકરણ. (પેજ-૧૭૮) |
| **અપૂર્વકરણ** | : | જેટલા ઉત્સાહથી ધન મેળવવા જાવ છો તેના કરતાં અનંતગણો ઉત્સાહ ગ્રંથીનો ભેદ કરવામાં જે પ્રગટ થયો છે તેને કહેવાય છે અપૂર્વકરણ. (પેજ-૧૭૮, ૧૭૯) |

**અપૂર્વકરણ** : સહજાત્મ સ્વરૂપની નિર્વિકલ્પ અનુભૂતિ માટે અંદરમાં જે પરમ ઉલ્લાસ/ઉત્સાહ પ્રગટ થવો તેને અપૂર્વકરણ કહે છે. (પેજ-૧૭૮)

**અપૂર્વકરણ** : શૂરાતન વગર નહીં થાય. જાડો ઘાંચી અને ટેંટો ગરાસિયો-બુંગિયાવાળી વાર્તા (પેજ-૧૭૯)

**અપૂર્વકરણ** : દેહાત્મ બુદ્ધિ તોડવી જ છે, તોડવી જ છે, એવો અતૂટ નિશ્ચય કરીને જેણે પોતાની અધ્યાત્મશક્તિ વાપરવાનો સંકલ્પ કર્યો છે ને તે માટે પુરુષાર્થ તેને કહેવાય છે અપૂર્વકરણ. (પેજ-૧૮૦)

**અપૂર્વકરણ** : અપૂર્વકરણ થયા પછી ગ્રંથિભેદ થાય છે.

**અનિવૃત્તિકરણ** : આવી ગ્રંથિભેદની ઘટના (રાગ દ્વેષનો રસ તૂટી જવો) થયા પછી ત્રીજી ઘટના થાય છે અનિવૃત્તિકરણ.

**અંતરકરણ** : અનિવૃત્તિકરણની પ્રક્રિયાનો જ્યારે પ્રારંભ થાય છે ત્યારે અંદરમાં અંતરકરણની એક પ્રક્રિયા થાય છે. તેને સમજવા માટેનું ઉદાહરણ આપે છે કે ૧૦'ના પટ્ટામાં ઘાસ કાઢી નાખવાથી જંગલની આગ ઓલવાય છે. (પેજ-૧૮૨)

## B & BH = બ અને ભ

**(પ્રકૃતિ) બંધ** : પ્રકૃતિબંધ એટલે કે કયા પ્રકારના પરિણામ આપશે : જ્ઞાનને રોકશે - દર્શનને રોકશે કે વીર્યને રોકશે ? આ કર્મ કેવું શરીર વગેરે આપશે તે નક્કી થઇ જાય એટલે કે પ્રકૃતિ નક્કી થઇ જાય. (પેજ-૧૩૮)

**(સ્થિતિ) બંધ** : સ્થિતિબંધ એટલે કર્મ કેટલો કાળ આત્મા સાથે રહેશે ને તે ક્યારે ઉદયમાં આવશે અને ક્યાં સુધી અબાધાકાળમાં રહેશે. (પેજ-૧૩૮)

**(રસ) બંધ** : રસબંધ એટલે કર્મમાં કેવી ચિકાશ હશે ? તે ચિકાશ લોટમાં લોટ નાખીએ તેવી હશે કે તે ચિકાશ લોટમાં પાણી નાખીએ તેવી હશે કે તે ચિકાશ લોટમાં ઘી નાખીએ તેવી હશે? (પેજ-૧૩૮)

**(રસ) બંધ** : કર્મના પરમાણુઓમાં જેટલા પ્રમાણમાં ચિકાશ એટલા આપણા જીવનમાં અવરોધ ઉત્પન્ન કરે છે અને આ અવરોધ હોવાને લીધે આપણા જીવનમાં જે સાચી પ્રક્રિયા ચાલવી જોઇએ તે આવતી નથી. (પેજ-૧૪૦)

**(પ્રદેશ) બંધ** : પ્રદેશબંધ એટલે કર્મના પરમાણુઓનો જથ્થો. (પેજ-૧૩૯)

**ભાવોના પ્રકાર પાંચ છે :**

**૧. ઔદયિક** : જીવ પ્રત્યેક ક્ષણે આમાંથી પસાર થઇ રહ્યો છે. કર્મનો ઉદય વર્તતો જ હોય છે અને તેમાં આત્મા અજ્ઞાનપૂર્વક જોડાતો હોય છે. (પેજ-૨૨)

૨. ઉપશમ : મોહનીય કર્મ સિવાય બીજા કોઇ કર્મનો ઉપશમ થતો નથી. આ ભાવ એટલે મહત્ત્વનો છે. સૌથી પ્રથમ ઉપશમ સમકિત પ્રાપ્ત થાય છે. (પેજ-૨૩)

૩. ક્ષયોપશમ : એ અજ્ઞાન દશામાં પણ થાય છે. (પેજ-૨૩)

૪. પારિણામિક : આ ભાવ સ્વાભાવિક છે. પ્રાપ્ત કરવાનો નથી - સિદ્ધ જ છે. સહજ છે - ત્રિકાળ છે - નૈસર્ગિક છે. (પેજ-૨૨)

૫. ક્ષાયિક ભાવ : ક્ષાયિક ભાવનો પ્રારંભ ઉપશમ ભાવ (સમતા) વગર થઇ શકતો નથી. (પેજ-૨૩)

## D = દ

દ્રવ્ય : દ્રવ્યમાં ભેદ કે પ્રકાર નથી. તે અખંડ છે અને સામાન્ય મહાસતા છે. (પેજ-૫૨)

દુઃખ : એ સંસાર સુખના રાગમાંથી આવે છે પણ મિથ્યાત્વ એ સમજવા દેતું નથી.

દેશના લબ્ધિ : વિચારોનો વિષય બદલાઇ જવો તેને કહેવાય દેશના લબ્ધિ. (પેજ-૧૫૨)

દેશના લબ્ધિ : જેના વિચારના વિષયમાં તત્ત્વ આવ્યું છે તેને કહેવાય છે દેશના લબ્ધિ. (પેજ-૧૫૨)

દેશના લબ્ધિ : જ્ઞાનીપુરુષના ચરણોમાં બેસવાની આકાંક્ષાને ઉપચારથી દેશના લબ્ધિ કહેવાય. (પેજ-૧૫૬)

દેશના લબ્ધિ : તત્ત્વનો જ્ઞાતા બને એવી અભિલાષા જ્યારે જાગે એને કહેવાય દેશના લબ્ધિ.

દેશના લબ્ધિ : જેમાં છ દ્રવ્યો અને નવ તત્ત્વોની પ્રરૂપણા થતી હોય એને કહેવાય દેશના લબ્ધિ. (પેજ-૧૬૪)

દેશના લબ્ધિ : જ્યાં ઉપદેશ આપનારા નથી ત્યાં પૂર્વભવમાં ધારણ કરેલા તત્ત્વાર્થના સંસ્કારના બળથી વિચારણા થવી તેને દેશના લબ્ધિ કહે છે. (પેજ-૧૬૪)

દેશના લબ્ધિ : અજ્ઞાનીનો સંગ ન કરે તેવી અવસ્થા થવી તેને દેશના લબ્ધિ કહે છે. (પેજ-૧૬૫)

## G = ગ

ગ્રંથિભેદ : અપૂર્વકરણ થાય પછી ગ્રંથિભેદ થાય તેમ સામાન્ય રીતે શાસ્ત્રોમાં વર્ણન છે. અપૂર્વકરણના તીવ્ર પરિણામોથી ગ્રંથિભેદ થાય. (પેજ-૧૮૦)

ગ્રંથિભેદ : વિભાવ જે મારામાં થાય છે તે મારી પોતાની અજાગૃતિને કારણે અને પુરુષાર્થની મંદતાને કારણે થાય છે. આવો સ્વીકાર કરીને રાગદ્વેષનો રસ તૂટી જવો તેને કહે છે ગ્રંથિભેદ. (પેજ-૧૮૧)

## K = ક

| | |
|---|---|
| **(અનંતાનુબંધી) કષાય** | : મિથ્યાત્વને સાથ-સહકાર આપનાર પરિબળને અનંતાનુબંધી કષાય કહે છે. (પેજ-૭૨) |
| **કરણ લબ્ધિ** | : જ્યાં સુધી કર્મની સ્થિતિ એક ક્રોડાક્રોડી સાગરોપમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો થતો નથી ત્યાં સુધી કરણ લબ્ધિની પ્રક્રિયાનો આરંભ થતો નથી. |
| **કરણ લબ્ધિ** | : મુમુક્ષુ જ્યારે (૧) તત્ત્વ વિચારમાં ઉપયોગ તદ્રૂપ થઇને લગાડે (૨) સાંભળેલા તત્ત્વ ઉપદેશનો વિચાર એવો ગહન, તીક્ષ્ણ અને નિર્મળ થવા લાગે છે કે જેથી એને શીઘ્ર શ્રદ્ધાન થાય. આવી ઘટના જ્યાં ઘટવાની છે તેને કહેવાય છે કરણલબ્ધિ. (પેજ-૧૭૬) |
| **કરણ** | : કરણ એટલે પરિણામ; ભાવ; આત્મામાં ઊઠતી સંવેદનાઓ/લાગણીઓ. (પેજ-૧૭૩) |
| **કરણલબ્ધિ** | : શુદ્ધ આત્માનુભૂતિ અને તેને અનુકૂળ પરિણામ જેમાં થાય તેવી પ્રક્રિયા. (પેજ-૧૭૩) |
| **કરણલબ્ધિ** | : કરણલબ્ધિની શરુઆત પ્રાયોગ્ય લબ્ધિ થયા પછી થાય છે. |

**કષાયો :**

(૧) સંજ્વલન કષાય : જે કષાયોની મર્યાદા વધુમાં વધુ ૧૫ દિવસ સુધી હોય, (પેજ-૭૨)

(૨) પ્રત્યાખ્યાનીય : જે કષાયોની મર્યાદા વધુમાં વધુ ૪ માસ સુધી હોય, (પેજ-૭૨)

(૩) અપ્રત્યાખ્યાનીય : જે કષાયોની મર્યાદા વધુમાં વધુ ૧૨ માસ સુધી હોય, (પેજ-૭૨)

(૪) અનંતાનુબંધી : જે કષાયોની મર્યાદા ૧૨ માસ ઉપરની હોય. (પેજ-૭૨)

**કરણલબ્ધિના ત્રણ પ્રકારો છે.**

(૧) અધઃકરણ અથવા યથાપ્રવૃત્તિકરણ. (પેજ-૧૭૭)

(૨) અપૂર્વકરણ (પેજ-૧૭૭)

(૩) અનિવૃત્તિકરણ (પેજ-૧૭૭)

**કર્મના ૮ પ્રકારો :**

(૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) વેદનીય (૪) મોહનીય (૫) નામ (૬) ગોત્ર (૭) અંતરાય (૮) આયુષ્ય. આ કર્મ બંધ થતી વખતે જે ચાર ઘટના બને છે તે આગળ દર્શાવી છે. (પેજ-૧૨)

## L = લ

**લબ્ધિના પ્રકારો પાંચ છે :** (૧) ક્ષયોપશમ (૨) વિશુદ્ધિ (૩) દેશના (૪) પ્રાયોગ્ય (૫) કરણલબ્ધિ : (અ) અધઃકરણ અથવા યથાપ્રવૃત્તિકરણ (બ) અપૂર્વકરણ (ક) અનિવૃત્તિકરણ. (પેજ-૧૨૪)

**લબ્ધિ** : કર્મતંત્રમાં ફેરફાર થવાને પરિણામે અંદરમાં પ્રગટ થતી આત્માની એક અવસ્થા. લબ્ધિને કહેવાય છે ક્ષમતા, લબ્ધિને કહેવાય છે કાર્ય. (પેજ-૧૪૧)

**લેશ્યા** : બે લાદીને જોડનાર રસાયણની જેમ આત્મા તથા કર્મને જોડનાર રસાયણ. (પેજ-૧૨૮)

**લેશ્યા** : કષાયથી અનુરંજિત જે પરિણામ તેને લેશ્યા કહેવાય છે. (પેજ-૧૨૮)

## M = મ

**મિથ્યાત્વ** : સંસારસુખમાં પ્રગાઢ રસ અને દુઃખમાં કાયરતા તેને મિથ્યાત્વ કહે છે. (પેજ-૮૦)

**મન** :

(૧) **દ્રવ્યમન** : શરીર જેમ સાધન છે - વાણી જેમ સાધન છે - તેમ મન પણ વિચાર કરવાનું સાધન છે. મન ખુદ વિચાર કરતું નથી, તે મનોવર્ગણામાંથી બનેલું છે, તેને દ્રવ્યમન કહે છે. (પેજ-૯૯-૧૦૦)

(૨) **ભાવમન અને તેનું કાર્ય** : એ આત્માનું સ્પંદન છે. મનોવર્ગણામાંથી નથી બનેલું, મન વગર શાસ્ત્ર ચિંતન નહીં થઇ શકે, મન વગર મનન નહીં થઇ શકે, મનન વગર નિદિધ્યાસન નહીં થઇ શકે, નિદિધ્યાસન વગર ધ્યાન નહીં થઇ શકે, ધ્યાન વગર સમાધિ નહીં થઇ શકે, સમાધિ વગર નિર્વિકલ્પ અવસ્થા પ્રાપ્ત નહીં થઇ શકે, નિર્વિકલ્પ અવસ્થા વગર આત્મ અનુભવ નહીં થઇ શકે. (પેજ-૧૦૦)

**મનની ક્ષમતા** : મનની પાસે વર્તમાન કાળમાં સંકલન કરવાની ક્ષમતા છે, મનની પાસે અનેક જન્મોની સ્મૃતિ રાખવાની ક્ષમતા છે, મનની પાસે ભવિષ્યકાળમાં ડોકિયું કરવાની ક્ષમતા છે. (પેજ-૧૨૬)

**મન** : સંશય વગરની વાત છે કે મન ચંચળ છે પણ અભ્યાસથી અને વૈરાગ્યથી મનને સ્થિર કરી શકાય છે. (પેજ-૧૨૬-૧૨૭)

## N = ન

**નિર્જરા** : નિર્જરા પ્રાચીન કર્મોને ખાલી કરવાની અદ્‌ભુત રીત છે. (પેજ-૧૩)

**નિમિત્ત-નૈમિત્તિક સંબંધ** : આત્માનો ભાવ એ નિમિત્ત અને કર્મતંત્રમાં ફેરફાર એ નૈમિત્તિક કહેવાય. (પેજ-૧૬૬)

કર્મતંત્રમાં ફેરફાર એ નિમિત્ત અને આત્માના ભાવમાં ફેરફાર એ નૈમિત્તિક કહેવાય. (પેજ-૧૬૭)

## P = પ

**પ્રાયોગ્ય લબ્ધિ** : આ પોચા થઇ ગયેલા કર્મોને ખતમ કરવામાં બહુ જોર લાગતું નથી. અને એ જ પ્રમાણે જે અઘાતી કર્યો છે તે અઘાતી કર્મોનો રસ-અશુભ રસ-ઓછો થઇ જાય છે. આવી અવસ્થા જીવનમાં પ્રાપ્ત થવી અને એક કોડા કોડી સાગરોપમમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન કર્મોની સ્થિતિ રહેવી, એવી પ્રક્રિયા જેમાં થાય છે તેને કહેવાય છે પ્રાયોગ્ય લબ્ધિ. (પેજ-૧૭૦)

## S = સ

**સમ્યગ્દર્શનની જુદી જુદી વ્યાખ્યાઓ તથા સમ્યગ્દર્શન વિશે મહત્ત્વના મુદ્દાઓ :**

સમ્યગ્દર્શન થયા પછી જ અબંધક દશાનો પ્રારંભ થઇ શકે છે.

સમ્યગ્દર્શન માં એવી શક્તિ છે એની પ્રાપ્તિ પછી મૂળમાંથી પ્રકૃતિનો નાશ કરી શકાય છે.(પેજ-૨૪)

સમ્યગ્દર્શન થયા પછી શું ફેરફારો થાય છે, તેની વિગતો :

**સૂત્ર-૧** : બહોળું જ્ઞાન હોવા છતાં મિથ્યાત્વના અંધાપાને લીધે અસ્તિત્વ ભાસતું નથી. સમ્યકત્વ થવાથી અસ્તિત્વનો ભાસ થાય છે (પેજ-૨૭) અને અસ્તિત્વ નજરમાં આવી ગયા પછી આ જીવ આત્માને મૂકીને બીજે કયાંય જતો નથી. અંદર વમળો ઊભા થાય છે ખરા પણ પ્રકૃતિનું જોર ન ચાલે તેવી સમ્યક્ત્વની તાકાત છે. (પેજ-૨૭ તથા પેજ-૨૮)

**સૂત્ર-૨** : તે (સમ્યક્ત્વ) પવિત્ર દર્શન થયા પછી તેનું ગમે તે વર્તન હો પણ તીવ્ર બંધ નથી.(પેજ-૩૦)

સમ્યગ્દર્શન થયા પછી વહેલામાં વહેલો મુહૂર્તમાં-બે ઘડીમાં અને મોડામાં મોડો અર્ધપુદ્‌ગલ પરાવર્ત કાળમાં તેને મોક્ષ મળે જ છે.(પેજ-૩૦)

**સૂત્ર-૩** : અભ્યંતર દુઃખો નથી પછી ભલે તે નરકમાં હોય - પછી ભલે તે પશુગતિમાં હોય - પછી ભલે તે ચક્રવર્તીની સંપત્તિ ખોઇ બેઠો હોય - પછી ભલે તેના શરીરમાં ભયંકર વ્યાધિ હોય-પછી ભલે તેના સ્વજનો મૂકી ગયા હોય અને તે સુખમાં હોય તો પણ તેના પ્રત્યે આસક્તિ ન થાય.(પેજ-૩૧)

સમ્યગ્દર્શન થયા પછી નરકગતિ-પશુગતિ-સ્ત્રીવેદ-નપુંસકવેદ આદિ ૪૧ પ્રકૃતિનો બંધ ન થાય.(પેજ-૨૯)

સમ્યગ્દર્શન થયા પછી ચેતનાની અવસ્થાઓનું વર્ણન.

(૧) સમ્યગ્દષ્ટિ જીવ કદી પણ સંસારમાં રસપૂર્વક ડૂબતો નથી. (પેજ-૩૬)

(૨) સંસારનો-મોહનો અને વૃત્તિઓનો થઇને એ રહેતો નથી. (પેજ-૪૨)

(૩) સંસારમાં રહેવા છતાં સંસારનો રસ તૂટી ગયો છે. (પેજ-૪૨)

(૪) આવી આંતરિક તાકાત-ઠંડી તાકાત હોવા છતાં એનામાં અહંકાર નથી હોતો. (પેજ-૪૫)

સમ્યગ્દર્શન થયા પછીના બહારનાં લક્ષણો :

(૧) તે સંસારનું બહુમાન કરે નહીં. (પેજ-૪૬)

(૨) ભોગ-પરિગ્રહ અસુંદર લાગે. (પેજ-૪૭)

(૩) અનાસક્ત હોય. (પેજ-૪૭)

(૪) સ્વરૂપનો શોધક બને. (પેજ-૪૭)

(૫) સત-દેવ, સત-ધર્મ અને સત-ગુરુનો પરમ સેવક બને. (પેજ-૪૭)

**સમ્યગ્દષ્ટિ** : એટલે પર્યાય પરથી જેની દૃષ્ટિ ઊઠી ગઇ છે એવી દ્રવ્ય દૃષ્ટિ જેને થાય છે તેને સ.દૃષ્ટિ કહેવાય છે. (પેજ-૫૨)

**સમ્યગ્દષ્ટિના પરિણામો** :

(૧) અહમ્ અને મમનો લય (એટલે કે ઓછા થવાની શરૂઆત) થાય છે. હજુ સંપૂર્ણ નાશ નથી થયા.(પેજ-૫૨)

(૨) એ કર્તા-ભોક્તા મટે છે. (પેજ-૫૨)

(૩) એ જ્ઞાતા-દ્રષ્ટા બને છે. (પેજ-૫૨)

(૪) સ્વામી ભાવ જાય છે અને સાક્ષી ભાવ પ્રાપ્ત થાય છે. (પેજ-૫૨)

**સમ્યગ્દર્શન** : અજ્ઞાન દશામાં જડ-ચેતન જુદા હોવા છતાં મિથ્યાત્વને કારણે એ સ્વીકારતો નથી, એના કારણે એને એકતાનો અનુભવ થાય છે. એવી એકતા સમ્યગ્દર્શન થતાંની સાથે તૂટે છે. (પેજ-૫૮)

**સમ્યગ્દર્શન** : કોઇ પણ ક્રિયા થાય તે પ્રારબ્ધના બળથી અને રસ ઉત્પન્ન ન થયો એ સમ્યગ્દર્શનના બળથી. બન્ને પાટા (એક પ્રારબ્ધનો પાટો અને બીજો સમ્યગ્દર્શનનો પાટો) પર રેલગાડી ચાલે છે. પણ સમ્યગ્દર્શન વગર રસ હીનતા નહીં આવે.(પેજ-૬૭)

**સમ્યગ્દર્શન** : સંસાર સુખની પ્રાપ્તિમાં કાયરપણું - અણગમવાપણું - નિરસપણું આવવું એનું નામ સમ્યગ્દર્શન છે અને દુઃખનો સ્વીકાર એને પણ સમ્યગ્દર્શન કહે છે.(પેજ-૮૦)

**સમ્યગ્દર્શન** : જ્ઞાન (ઉપયોગ) ની ધારામાં જે બીજું ભળે છે તેને ભળવા ન દેવું અને જે ભળી ગયું છે તે દૂર કરવું. આ આધ્યાત્મિક-આંતરિક-અતીન્દ્રિય ઘટના છે તેને સમ્યગ્દર્શન કહે છે.(પેજ-૯૭)

**સમ્યગ્દર્શનની પૂર્વ તૈયારીના કામની યાદી** :

(૧) સમ્યગ્દર્શન વિશે પ્રેમ-ભક્તિ-એકાગ્રતા પૂર્વક શ્રવણ કરવું. (પેજ-૯૮)

(૨) સમ્યગ્દર્શન મેળવવાની અભિપ્સા જાગે. (પેજ-૯૯)

(૩) અંતઃકરણ શુદ્ધ કરવાનો નિર્ણય કરે. (પેજ-૯૯)

(૪) ઉપયોગને શુદ્ધ બનાવવાનો નિર્ણય કરે. તેના ચાર ઉપાયો છે. (પેજ-૧૦૧)

(૧) વિષયનો વૈરાગ્ય કરે (પેજ-૧૦૨), (૨) મંદ કષાય કરે (પેજ-૧૦૨), (૩) ગુણાનુરાગ કરે (પેજ-૧૦૬), (૪) જ્ઞાનીપુરુષોએ કહેલી શુભ પ્રવૃત્તિમાં પ્રમાદ કરે. (પેજ-૧૦૬)

(૫) નીચેના ૧૪ સૂત્રોથી પાત્રતા કેળવશે. (પેજ-૧૦૬-૧૦૭)

(૧) નીતિ (૨) સંતોષ (૩) શીલ (૪) પાપભીરુતા (૫) ઇન્દ્રિયોનો જય (૬) સરળતા (૭) ગ્રહણશીલતા (૮) સંવેદનશીલતા (૯) તત્ત્વજીજ્ઞાસા (૧૦) વિનયભાવ (૧૧) સુખે સમજવાપણું (૧૨) કામ-ક્રોધ-લોભ આદિના વેગોને આધિન થયા વગર સહેવા (૧૩) સત્સંગ રુચિ (૧૪) તત્ત્વ શ્રવણની તીવ્ર ઇચ્છા

(૬) ત્રણ રીતે પાયો મજબૂત બનાવવો પડશે. (૧) વ્યવહાર શુદ્ધિ (૨) જીવન શુદ્ધિ (૩) અંતઃકરણ શુદ્ધિ.(પેજ-૧૦૮)

**સમ્યગ્દર્શનમાં ત્રણ કરણો હોય છે.** (૧) યથાપ્રવૃતિ કરણ (૨) અપૂર્વકરણ (૩) અનિવૃત્તિ કરણ.

સમ્યગ્દર્શનના અનુભવનું વર્ણન નથી થઇ શકતું છતાં પાંચ લબ્ધિઓથી વર્ણન કરવાનો પ્રયત્ન કર્યો છે.(પેજ-૧૨૪)

(૧) ક્ષયોપશમ લબ્ધિ (૨) વિશુદ્ધિ લબ્ધિ (૩) દેશના લબ્ધિ (૪) પ્રાયોગ્ય લબ્ધિ (૫) કરણ લબ્ધિ.

**સમ્યગ્દર્શન કોને પ્રાપ્ત થઇ શકે તે માટેના લક્ષણોની યાદી :**

(૧) સંજ્ઞીને (૨) પાંચ ઇન્દ્રિયવાળાને (૩) છ પર્યાપ્તિ પૂરી કરેલાને (૪) ભવ્યને (૫) અર્ધપુદ્ગલ પરાવર્તન કાળથી ઓછા સંસારવાળાને (૬) ત્રણ શુભ લેશ્યાવાળાને (૭) સાકાર ઉપયોગવાળાને (૮) ગુણ-દોષની વિચાર શક્તિવાળાને (૯) સમ્યગ્દર્શન તરફ સન્મુખતાવાળાને. આટલું હોય પછી હવે પાંચ લબ્ધિની પ્રક્રિયા ચાલુ થશે. (પેજ-૧૨૪)

સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની વિગતો વચનામૃતના જે જે પત્ર ક્રમાંકમાં છે તેની યાદી.

વચનામૃત ૧૬૬-૧૯૯-૨૦૦-૪૬૦-૪૬૬-૪૯૧-૫૦૬-૬૪૪-૬૪૬-૬૪૭-૬૪૮-૬૫૦..... (પેજ-૧૨૨)

**તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં ભગવાન ઉમાસ્વાતિએ આપેલી સમ્યગ્દર્શનની વ્યાખ્યા :**

''તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્'' એટલે કે પ્રયોજનભૂત તત્ત્વ અને તેનો યથાર્થ અર્થ - એને સમ્યક્પણે જાણે છે - એને સમ્યક્પણે અનુભવે છે - એને સમ્યક્પણે સ્વીકારે છે - એને સમ્યક્પણે શ્રદ્ધે છે તેને કહેવાય છે સમ્યગ્ દર્શન. (પેજ-૧૫૬)

**સમ્યગ્દર્શન** : અંતર્મુહૂર્તનો ગાળો પડી ગયો છે કે તેમાં દર્શનમોહનીય કર્મના દલિકો હાજર નથી. બાકી સામે મોટો જથ્થો પડ્યો છે (૧૦'નો ઘાસનો ગાળો ચૂંટીને સાફ કરી દીધો છે) પણ એ બધો સ્ટોક દબાઇ ગયેલો પડ્યો છે અને એ પરિણામ આપી શકે તેમ નથી. અગાઉ અંતર્મુહૂર્તનો જે જથ્થો હતો તે ભોગવાઇ ગયો છે, વચમાં ખાલી પડેલી જગ્યામાં જે અનુભવ થાય તેને કહેવાય છે સમ્યગ્દર્શન, આ ઉપશમ સમ્યગ્દર્શન છે.(પેજ-૧૮૩)

**સમ્યગ્દર્શન** : પોતાના આત્માને અન્ય દ્રવ્યોથી - અન્ય દ્રવ્યોના ગુણથી - અન્ય દ્રવ્યોની પર્યાયોથી તદ્દન જુદો દેખવો, અનુભવવો એવી જે અવસ્થા છે તે સમ્યગ્દર્શન છે. (પેજ-૧૮૫)

**સમ્યગ્દર્શનના અનુભવ પછી** : દર્શન મોહનીય કર્મના ત્રણ ભાગ પડે છે.(પેજ-૧૮૬)

**(૧) મિથ્યાત્વ મોહનીય** : જો આ ઉદયમાં આવે તો સમકિત વમી નાંખે છે.

**(૨) મિશ્ર મોહનીય** : જો આ ઉદયમાં આવે તો જીવ ત્રીજા ગુણસ્થાને ચાલ્યો જાય.

**(૩) સમકિત મોહનીય** : જો આ ઉદયમાં આવે તો ક્ષયોપશમ સમકિત પ્રાપ્ત કરે.

**સમ્યગ્દર્શન** : માખણનો પિંડો છાશની ગોળીમાં રહેવા છતાં છાશમાં ભળતો નથી. એવું નહીં ભળવાનું સામર્થ્ય જેનાથી પ્રાપ્ત થાય છે તેને કહેવાય છે સમકિતની અનુભૂતિ.(પેજ-૧૮૯)

**સમ્યગ્દર્શન** : સંસારની કાચલીમાં સમ્યગ્દર્શન આત્મા રહેતો હોવા છતાં સંસારને અડતો નથી (પેજ-૧૯૦)

**''ષટસ્થાનક સમજાવીને ભિન્ન બતાવ્યો આપ,**
**મ્યાન થકી તલવાર વત્, એ ઉપકાર અમાપ.''**
**''ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન,**
**પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે જાણ.''**
**''ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન,**
**પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન.''**

**સમ્યગ્દર્શન** : અંદરમાંથી મિથ્યાત્વનું ઝેર દૂર થવાને પરિણામે પરમાત્માનું તત્ત્વ જેને રુચે છે તેને કહેવાય છે સમ્યગ્દર્શન. (પેજ-૧૯૭)

**સમ્યગ્દર્શનના લક્ષણો** :

(૧) વીતરાગ પરમાત્માએ પરમ તત્ત્વો, જે રીતે કહ્યા છે તે રીતે, પ્રયોજનભૂત રીતે, અપ્રયોજનભૂત રીતે, હેય રીતે, ઉપાદેય રીતે, જ્ઞેય રીતે (ત્યાગવા જેવા કહ્યા - આદરવા જેવા કહ્યા - જાણવા જેવા કહ્યા) એ તમામ સ્પષ્ટતાની સાથે જેના અંદરમાં શ્રદ્ધા થઇ છે તેને કહેવાય છે સમ્યગ્દર્શન(પેજ-૧૯૪)

(૨) સર્વ જિનેશ્વરોએ જે તત્ત્વનું ભાસન કર્યું છે - જેની પ્રરૂપણા કરી છે તે પરમ સત્ય છે એવી અનુભૂતિનું નામ સમ્યગ્દર્શન છે.(પેજ-૧૯૪)

(૩) જીવ આદિ નવ પદાર્થોને સમ્યક્ પ્રકારે અને યથાર્થ પ્રકારે જાણે છે - સ્વીકારે છે અને અનુભવે છે તેને કહે છે સમ્યગ્દર્શન. (પેજ-૧૯૪)

(૪) જિનેશ્વર પરમાત્માએ કહેલું તત્ત્વ એ જ પરમધર્મ છે એવો જેને નિશ્ચય થાય છે તેને કહે છે સમ્યગ્દર્શન.

**સમ્યગ્દર્શન** : જગતમાં રહેલા તમામ પદાર્થો - તેની અખિલાઇમાં - તેની **totality** માં - જેમ છે તેમ - એમની સર્વજ્ઞતામાં દેખાય છે, આવું તેમણે જોયું અને ત્યાર પછી કહ્યું, માટે એની પ્રતીતિ થવી એને સમ્યગ્દર્શન કહેવાય. (પેજ-૧૯૬)

**સમ્યગ્દર્શન** : પોતાનું સ્વરૂપ સમજે તેને કહેવાય છે સમકિત અથવા સ્વછંદ તથા પોતાના મતના આગ્રહને તજીને જે સદ્‌ગુરુના લક્ષે ચાલે તેને પ્રત્યક્ષ કારણ ગણીને વીતરાગ પરમાત્માએ તેને પણ સમકિત કહ્યું છે.(પેજ-૧૯૯)

**સ્વચ્છંદ મત આગ્રહ તજી-વર્તે સદ્‌ગુરુ લક્ષ,**
**સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ.**

**સમકિતના પાંચ લક્ષણો :**

૧. **લક્ષણ - શમ** : જેણે અપરાધ કર્યો છે તેને શિક્ષા આપવાની વાત તો નહીં પણ તેનું બૂરું થાય એવો પણ વિચાર જેને આવતો નથી. (પેજ-૨૦૧)

૨. **લક્ષણ - સંવેગ** : અનુત્તર વિમાન સુધીના બધા દેવોના સુખનો ઢગલો મૂકવામાં આવે તો પણ તે સુખ ન ઇચ્છે પણ માત્ર મોક્ષની અભિલાષા રાખે. (પેજ-૨૦૩)

૩. **લક્ષણ - નિર્વેદ** : પાંજરામાંના કેદીને બહાર નીકળવાની ઝંખના હોય એવી સંસારમાંથી નીકળવાની ઝંખના. (પેજ-૨૦૪)

૪. **લક્ષણ-અનુકંપા** : દુઃખીને જોયા પછી (અનુ) અંદર કરુણાનાં સ્પંદનો (કંપો) થાય તેને અનુકંપા કહે છે.(પેજ-૨૦૪)

૫. **લક્ષણ - આસ્થા** : શ્રદ્ધા, કાપીને કટકા કરો તો યે અંદરથી ધર્મ જ બોલે એવી જેની આસ્થા છે.(પેજ-૨૦૬)

**સંકલિષ્ટ પરિણામ** : મહાપુરુષો કહે છે કે પ્રવૃતિ ના જોશો પણ એ પ્રવૃતિ કરતી વખતે અંદરમાં તમારો કષાય કેવો છે તે બરાબર જોશો. એ કષાય બહુ તીવ્ર હોય તેને કહેવાય છે સંકલિષ્ટ પરિણામ.....

**સંસાર** : આજે સુખની ચાવી તમારા હાથમાં નથી. આજે દુઃખની ચાવી તમારા હાથમાં નથી પણ બીજાનાં હાથમાં છે. બીજો ધારે ત્યારે મને દુઃખી કરી શકે અને બીજો મને સુખી કરી શકે તેમ અપેક્ષા રાખીને સુખની ચાવી એને સોંપી દીધી છે અને જેને સુખની ચાવી સોંપી દીધી છે એ આપણને સુખી રાખ્યા કરે એ માટેની પળોજણમાંથી બહાર નથી આવતા- આને કહેવાય છે સંસાર - આને કહેવાય છે માયા આને કહેવાય સંસાર. (પેજ-૧૮૮)

**સંવર** : નવા કર્મો (પાપના કે પુન્યના, શુભના કે અશુભના) ની આવક બંધ કરવી તેને સંવર કહે છે.(પેજ-૧૨)

**સંવર** : કર્મોની પરંપરાને લીંકને તોડવી તેને સંવર કહે છે. (પેજ-૧૩)

## T = ત

**તત્ત્વો નવ છે** : (૧) જીવ (૨) અજીવ (૩) પુણ્ય (૪) પાપ (૫) આશ્રવ (૬) સંવર (૭) બંધ (૮) નિર્જરા (૯) મોક્ષ. (પેજ-૧૫૬)

## U = ઉ

**ઉપશમ ભાવ** : વૈરાગ્ય જ્યારે પ્રાપ્ત થાય ત્યારે પ્રાપ્તિ/અપ્રાપ્તિમાં, અનુકૂળતા/પ્રતિકૂળતામાં, ઇષ્ટ/અનિષ્ટમાં, ગમા કે અણગમાનો ભાવ ઉત્પન્ન ન થાય અને પ્રતિકૂળ હોય કે અનુકૂળ હોય એના વચ્ચે વિષમભાવ ઉત્પન્ન ના થાય તેને ઉપશમ ભાવ કહેવાય. (પેજ-૪૯)

**ઉદાસીન ભાવ** : ઉદાસીન ભાવના ૪ લક્ષણો છે.

(૧) આસક્તિ નહીં (૨) અણગમો નહીં (૩) કર્તાભાવ નહીં (૪) કર્મફળની આકાંક્ષા નહીં.(પેજ-૬૩-૬૪)

**ઉપયોગ** : ઉપયોગ એટલે જ્ઞાન/જ્ઞાનની ધારા (પેજ-૯૬)

ઉપયોગના ૪ પ્રકારો છે. (૧) શુદ્ધ ઉપયોગ (૨) અશુભ ઉપયોગ (૩) અશુદ્ધ ઉપયોગ (૪) શુભ ઉપયોગ

**(૧) શુદ્ધ ઉપયોગ :**

ઉપયોગ શુદ્ધ કરવાના ઉપાયો : (૧) વિષય વૈરાગ્ય (૨) મંદ કષાય (૩) ગુણાનુરાગ (૪) શુભ કર્મોની પ્રવૃત્તિમાં અપ્રમાદ. (પેજ-૧૦૨)

**(૨) અશુભ ઉપયોગ :**

૧. હિંસા-અસત્ય-ચોરી આદિના મધ્યમ કોટિના વિચારોને અશુભ ઉપયોગ કહે છે. (પેજ-૧૦૧)

૨. અહીં રાગ-દ્વેષની મધ્યમ કોટીની તીવ્રતા છે. દા.ત. આર્તધ્યાન. (પેજ-૧ ૦૧)

૩. વેરનો બદલો લેવા તો જાય પણ પછી વેરનો બદલો ન લે અને પાછો વળે. (પેજ-૧૦૧)

૪. બે કેરી ખાવા માટે મોટું ડાળું તોડે પણ આખું ઝાડ ન તોડે. (પેજ-૧૦૧)

ઉપાય : અશુભ ઉપયોગ કરવો હિતમાં નથી, તેનાથી તિર્યંચગતિનો બંધ થાય માટે તેનો ત્યાગ કરવો.

**(૩) અશુદ્ધ ઉપયોગ :**

૧. હિંસા-અસત્ય-ચોરી આદિના તીવ્રતમ કોટિનાં વિચારોને અશુદ્ધ ઉપયોગ કહે છે. (પેજ-૧૦૧)

૨. અહીં રાગ-દ્વેષની પ્રગાઢ કોટીની તીવ્રતા છે. દા.ત. રૌદ્ર ધ્યાન. (પેજ-૧૦૧)

૩. વેરનો બદલો લીધા વગર પાછો જ ન વળે. (પેજ-૧૦૧)

૪. બે કેરી ખાવા માટે આખું ઝાડ તોડી પાડે. (પેજ-૧૦૧)

ઉપાય : અશુદ્ધ ઉપયોગ કરવો હિતમાં નથી. તેનાથી નરકગતિનો બંધ થાય માટે તેનો ત્યાગ કરવો.

**(૪) શુભ ઉપયોગ (લખાણમાં નથી.)**

૧. અહિંસા, સત્ય, અચૌર્ય, સદાચાર, ક્ષમા, નમ્રતા, સરળતા સંતોષ આદિના શુભ વિચારોને શુભ ઉપયોગ કહે છે.

૨. રાગ-દ્વેષ મંદ કોટિના હોય છે.

૩. વેરનો બદલો લેવાની ભાવના નથી હોતી.

૪. પોતાના સુખ માટે બીજાને નુકશાન નથી કરતો.

ઉપયોગ શુભ કરવાના ઉપાયો માટે વિષય તરફનું આકર્ષણ ટાળો તો ઉપયોગ શુભ થાય.(પેજ-૧૦૫)

નીચેનું ન કરવું જોઇએ, કારણ કે.....

વિષયનું ધ્યાન કરે છે તેને આસક્તિ ઉત્પન્ન થાય છે. (પેજ-૧૦૪)

આસક્તિ ઉત્પન્ન થાય તેને સંકલ્પ ઉત્પન્ન થાય છે.

સંકલ્પ ઉત્પન્ન થાય તેને ક્રોધ ઉત્પન્ન થાય છે. (જો અવરોધ નડે તો). (પેજ-૧૦૪)

ક્રોધ ઉત્પન્ન થાય તેને સંમોહ (અવિવેક) ઉત્પન્ન થાય છે. (પેજ-૧૦૫)

સંમોહ ઉત્પન્ન થાય તેને સ્મૃતિભ્રંશ થાય છે. (પેજ-૧૦૫)

સ્મૃતિભ્રંશ થાય તેને બુદ્ધિનો નાશ થાય છે. (પેજ-૧૦૫)

**ઉદય** : ક્ષયની પ્રક્રિયા તથા ઉપશમની પ્રક્રિયા જ્યારે ચાલતી હોય તે વખતે અંદર બહુ બાધા અને બહુ વિરોધ ઉત્પન્ન ન કરે એવા કર્મના ઉદયનો પ્રવાહ ચાલુ હોય તેને કહેવાય છે ઉદય. (પેજ-૧૪૨)

**ઉપશમ** : અનિવૃત્તિકરણના અંતર્ગત એક અંતરકરણ પ્રક્રિયા થાય છે. એમાં એક એવો કાળ પ્રાપ્ત થાય છે જે કાળમાં દર્શન મોહનીય + અનંતાનુબંધીના ચાર કષાય બિલકુલ અનુદય અવસ્થામાં હોય છે. જેનો ઉદય હોતો નથી - **in working** એટલે કે સક્રિય હોતા નથી - એમનું કામ ચાલુ હોતું નથી - કામ ન કરી શકે તેવી સ્થિતિમાં એ મુકાઇ ગયા છે. એવી સ્થિતિમાં કર્મોનું જે મુકાઇ જવું તેને શાસ્ત્રીય ભાષામાં ઉપશમ કહે છે. (પેજ-૧૩૫)

**ઉપશમ** : કર્મો અંદરમાં છે છતાં અમુક કાળ સુધીમાં કાંઇ પરિણામ ન આપી શકે તેવી પરિસ્થિતિમાં મુકાઇ જવું તેને ઉપશમ કહે છે. (પેજ-૧૪૧)

**ઉપશમ સમ્યક્ત્વ** : **Maximum** અંતર્મુહૂર્ત (૪૮ મિનિટની અંદરનો કાળ) સુધી રહે છે અને તે અવસ્થામાં જે અનુભવ થાય એ અનાદિ કાળ પછી અનાદિ મિથ્યાદષ્ટિને સૌથી પ્રથમ એ સ્વરૂપનો અનુભવ થાય છે અને આ અનુભવ જેવો ક્ષાયિક સમ્યક્દષ્ટિને થાય છે - જેવો ક્ષયોપશમ સમ્યક્દષ્ટિને થાય છે - તેવો જ અનુભવ ઉપશમ સમ્યગ્દષ્ટિને જે થાય છે તેને ઉપશમ સમ્યક્ત્વ કહે છે. આ અનુભવ થાય છે તે પ્રક્રિયાનો પ્રારંભ ક્ષયોપશમ લબ્ધિમાં થાય છે. (પેજ-૧૩૫)

## V = વ

**વૈરાગ્ય** : બાહ્ય પદાર્થોના સંજોગોમાં અનુકૂળતાનો આરોપ કરીને જીવ જે સુખની કલ્પના કરે છે, એ સુખની કલ્પના સદંતર મટી જાય અને એ અવસ્થામાં અંદરની ભાવની જે ધારા પ્રગટ થાય તેને વૈરાગ્ય કહે છે.(પેજ-૪૯)

**વિશુદ્ધિ લબ્ધિની એક પ્રક્રિયા** : જીવ પ્રત્યેક ક્ષણે વિશુદ્ધતાની વૃદ્ધિ કરે અને આયુષ્ય કર્મ સિવાયના બધા કર્મોની સ્થિતિ અંતઃ ક્રોડા ક્રોડી સાગરોપમની કરે તેને વિશુદ્ધિ લબ્ધિની એક પ્રક્રિયા કહેવાય છે.(પેજ-૧૬૭)

**વિશુદ્ધિ લબ્ધિ** : મંદ કષાયરૂપ ભાવ અંદર હોય અને તે વખતે અંદરમાં જે શુભ પરિણામોની ધારા વહેવાનો જે પ્રારંભ થાય તેને કહેવાય છે વિશુદ્ધિ લબ્ધિ. (પેજ-૧૪૬)

**વિશુદ્ધિ લબ્ધિ** : એક ટાઇમ એવો આવશે કે અંદરથી સંક્લિષ્ટતા ઘટતી જાય-ઘટતી જાય-ઘટતી જાય અને તે વખતે અંદરમાં જે પરિણામ આવે તેને કહેવાય છે શુભ પરિણામ. આવા શુભ પરિણામ થઇ શકે તેવી

સ્થિતિમાં કર્મોનું મુકાઇ જવું એને કહેવાય છે વિશુદ્ધિ લબ્ધિ. (પેજ-૧૪૬)

**વિશુદ્ધિ લબ્ધિ** : વિશુદ્ધિ લબ્ધિમાં મોહનીય કર્મનો ઉદય મંદ થાય છે. અર્થાત્ મોહનું - અહંકારનું - મમત્વનું - આસક્તિનું - વાસનાનું - મૂર્છાનું જોર ઘટે છે.(પેજ-૧૪૬)

**વિશુદ્ધિ લબ્ધિ** : બધો રાગ મંદ પડે અને ધર્મનો રાગ જ્યારે પ્રાપ્ત થાય તે અવસ્થાને કહેવાય છે વિશુદ્ધિ લબ્ધિ.(પેજ-૧૪૬)

## X = ક્ષ

**ક્ષયોપશમ** :

ક્ષય - ઉદયમાં આવતાં કર્મોનું ખરી પડવું. (પેજ-૧૪૧)

ઉપશમ - અમુક કાળ સુધીમાં કાંઇ પરિણામ આપી ન શકે તેવી સ્થિતિમાં કર્મોનું મુકાવું. (પેજ-૧૪૧-૧૪૨)

ઉદય - ક્ષય અને ઉપશમ ચાલતા હોય ત્યારે અંદર બાધા ઉત્પન્ન ન કરે તેવા કર્મનો ઉદય. (પેજ-૧૪૨)

ઉપરના ત્રણે મળીને જે પ્રક્રિયા થાય તેને ક્ષયોપશમ કહેવાય.

**ક્ષયોપશમ લબ્ધિ** : એ ક્ષય અને ઉપશમ બન્ને મળીને આ બાંધેલા કર્મોમાંથી રસ તૂટી જતાં તત્ત્વવિચાર કરી શકે એવી અવસ્થા અંદર જે પ્રાપ્ત થવી તેને કહેવાય છે ક્ષયોપશમ લબ્ધિ. (પેજ-૧૪૩)

માત્ર ''ક્ષયોપશમ'' શબ્દનો અર્થ અને ''ક્ષયોપશમ લબ્ધિ''ના અર્થ વચ્ચેનો તફાવત ખાસ નોંધવો.

**ક્ષયોપશમ લબ્ધિ** : જ્યારે ગ્રહણ કરેલા જ્ઞાનાવરણીય આદિ કર્મોમાં સર્વઘાતી પ્રકૃતિમાં રહેલો તીવ્ર રસ અનંતગુણા ક્રમથી તૂટી ગયેલો હોય ત્યારે એવી હળવાશ થવાનાં પરિણામે તત્ત્વ વિચાર કરવાની તક અંતરમાં ઊભી થાય છે, એવી જે આત્મામાં થતી અવસ્થા તેને કહે છે ક્ષયોપશમ લબ્ધિ. (પેજ-૧૪૪)

**ક્ષયોપશમ લબ્ધિના બે રીઝલ્ટ (પરિણામો)** :

(૧) પરિણામ : અનંતકાળ પછી પ્રથમ વખતે તત્ત્વ વિચારનું બીજ પ્રાપ્ત થાય છે. (પેજ-૧૪૪)

(૨) પરિણામ : આ ક્ષયોપશમ લબ્ધિના પ્રતાપથી અશુભ કર્મોનો રસોદય ઘટે છે. તેથી શું થાય છે? બીજું પરિણામ એ આવે છે કે આત્મામાં તીવ્ર કષાયોથી પ્રેરિત જે સંક્લિષ્ટ પરિણામો (ઘાયલ માંદા હરણને તથા તેના તરફડતાં બચ્ચાને જોઇ શ્રેણિક મહારાજે કહ્યું હતું કે જોયું મારું બાણ ? એવો ભાવ થાય છે તેનું બળ ઘટે છે. (પેજ-૧૪૪)

## Y = ય

**યથાપ્રવૃત્તિકરણ** : નો સામાન્ય અર્થ એમ થાય છે કે સામાન્ય વૈરાગ્યના પરિણામ (થવા). આવું યથાપ્રવૃત્તિકરણ અનંતવાર થયું છે. અભવ્ય પણ યથાપ્રવૃત્તિ કરણ કરે છે. છેલ્લાં યથાપ્રવૃત્તિકરણને ચરમ યથાપ્રવૃત્તિકરણ કહે છે. તેમાં શુભભાવનો પ્રકર્ષ ટોચે પહોંચી જાય છે. (એટલે સામાન્ય વૈરાગ્યના પરિણામથી હરખાવું નહીં અને તેનાથી આગળ જવાનું છે તેથી ત્યાં અટકવું નહીં.) (પેજ-૧૭૫)

## ઃ આ સી.ડી. (સમ્યગ્દર્શન)માં રીફર થયેલા વિષયોની આંકડા લક્ષી યાદી ઃ

**બે પ્રકારના મન** :

**૧. દ્રવ્ય મન** : વાણી જેમ સાધન છે તેમ મન પણ સાધન છે, મનોવર્ગણામાંથી બનેલું સાધન છે.

**૨. ભાવ મન** : એ આત્માનું/જ્ઞાનનું સ્પંદન છે. મનોવર્ગણામાંથી બનેલું સાધન નથી.

**બે પ્રકારનો બોધ** :

**૧. સિદ્ધાંત બોધ** : પરિપૂર્ણ જ્ઞાનીઓએ પોતાના જ્ઞાનમાં સતને-તત્ત્વને-જેવું જોયું અને તેમાં કોઇ મતિકલ્પના-કોઇ બુદ્ધિ કલ્પના કર્યા વગર પરમ સત્ય જેવું છે તેવું પ્રગટપણે અનુભવ્યું છે-જાણ્યું છે-જોયું છે અને તે પ્રમાણે કહી શકાય તેટલું કહ્યું છે. તે ત્રણે કાળમાં એક જ હોય છે. આ બોધ ઉપદેશ બોધ વગર પરિણમતો નથી.

**૨. ઉપદેશ બોધ** : ઉપદેશ બોધથી વૈરાગ્ય ઉપશમ બળવાન થાય છે. વૈરાગ્ય ઉપશમ બળવાન થવાથી વિપર્યાસ બુદ્ધિ ટળી જાય. વિપર્યાસ બુદ્ધિ ટળવાથી સિદ્ધાંત બોધ સમજી શકાય અને ખાસ કરીને પરિણમી શકે.

**દર્શન પંચક** : (૧) મિથ્યાત્વ મોહનીય (૨ થી ૫) અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ.

**૪ પ્રકારે મિથ્યાત્વના ભાવ થાય છે.** : (૧) પુદ્ગલને હું કરું છું, તે ભાવને અહં ભાવ કહેવાય. (૨) પુદ્ગલમાં હું ફેરફાર કરું છું તે ભાવને કર્તાભાવ કહેવાય. (૩) પુદ્ગલને હું ભોગવું છું તે ભાવને ભોક્તા ભાવ કહેવાય. (૪) પુદ્ગલનો હું સ્વામી છું તે ભાવને મમત્વ ભાવ કહેવાય.

**સમકિતના પાંચ લક્ષણો** : (૧) શમ (૨) સંવેગ (૩) નિર્વેદ (૪) અનુકંપા (૫) આસ્થા.

**૫ પ્રકારે સમ્યગ્દર્શનના અનુભવનું વર્ણન થઇ શકે છે તેને લબ્ધિ કહે છે.** : (૧) ક્ષયોપશમ લબ્ધિ (૨) વિશુદ્ધિ લબ્ધિ (૩) દેશના લબ્ધિ (૪) પ્રાયોગ્ય લબ્ધિ (૫) કરણ લબ્ધિ.

**૫ લક્ષણો સમ્યગ્દર્શન થયા પછી બહાર દેખાય છે.** : (૧) પર્યાયને નથી જોતો પણ અખંડ દ્રવ્યને જોવે છે. (૨) ભોગ-પરિગ્રહ અસુંદર લાગે છે. (૩) અનાસક્ત હોય છે. (૪) સ્વરૂપનો શોધક હોય છે/બને છે. (૫) સતદેવ-સતધર્મ-સતગુરુનો પરમ સેવક બને છે.

**૬ દ્રવ્યો છે.** : (૧) જીવ (૨) પુદ્ગલ (૩) ધર્માસ્તિકાય (૪) અધર્માસ્તિકાય (૫) આકાશાસ્તિકાય (૬) કાળ.

**૬ પર્યાપ્તિ પૂર્ણ કરી હોય તેને સમ્યગ્દર્શન થાય છે.** (૧) આહાર (૨) શરીર (૩) ઇન્દ્રિય (૪) ભાષા (૫) શ્વાસોચ્છ્વાસ (૬) મન.

**૮ પ્રકારના કર્મો છે.** : (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) વેદનીય (૪) મોહનીય (૫) નામ (૬) આયુષ્ય (૭) ગોત્ર (૮) અંતરાય.

**૯ પ્રકારના તત્ત્વો છે.** : (૧) જીવ (૨) અજીવ (૩) પુણ્ય (૪) પાપ (૫) આશ્રવ (૬) સંવર (૭) બંધ (૮) નિર્જરા (૯) મોક્ષ

**૧૮ પ્રકારના પાપો છે.** : (૧) પ્રાણાતિપાત (૨) મૃષાવાદ (૩) અદત્તાદાન (૪) મૈથુન (૫) પરિગ્રહ (૬) ક્રોધ (૭) માન (૮) માયા (૯) લોભ (૧૦) રાગ (૧૧) દ્વેષ (૧૨) કલહ (૧૩) અભ્યાખ્યાન (૧૪) પૈશુન્ય (૧૫) રતિ-અરતિ (૧૬) પરપરિવાદ (૧૭) માયામૃષાવાદ (૧૮) મિથ્યાત્વશલ્ય.

# પરિશિષ્ટ

## -:: ગ્રંથ સંપાદન સમિતિ ::-

| | | |
|---|---|---|
| ● પ.પૂ. સાધ્વીજી પ્રિયદર્શનાશ્રીજી મહારાજ સાહેબ | | |
| ● શ્રી ડૉ. મહેન્દ્રભાઈ ચંદુલાલ શાહ | એમ.બી.બી.એસ. | અમદાવાદ |
| ● શ્રી મધુસૂદન કૃષ્ણાલાલ સોની | વ્યાપારી | પાટણ |
| ● શ્રી કનુભાઈ મૂળશંકર રાવલ | નિવૃત્ત | પાટણ |
| ● શ્રી રમીલાબહેન મટુલાલ ગાંધી | નિવૃત્ત આચાર્યા | સિધ્ધપુર |
| ● શ્રી શરદભાઈ પી. શાહ | એડવોકેટ | મહેસાણા |
| ● શ્રી મુકુંદભાઈ પી. બ્રહ્મક્ષત્રિય | નિવૃત્ત આચાર્ય | પાટણ |
| ● શ્રી ડૉ. શોભરાજભાઈ તારાચંદ કોટક | એમ.એસ. (ગાયનેક) | ડીસા |
| ● શ્રી ડૉ. વિપુલભાઈ પી. પ્રજાપતિ | M.Sc., Ph.D., M.Ed. | પાટણ |
| ● શ્રી હસમુખભાઈ ગાંધી | અગ્રગણ્ય વ્યાપારી | પાટણ |
| ● શ્રી વિનોદભાઈ પરડવા | હેમ.ઉ.ગુ.યુનિર્સિટી, | પાટણ |

## -:: સર્વમંગલમ્ આશ્રમ - સાગોડિયાનું મુખપત્ર ::-

# પરમ તત્ત્વ

**તેનું કોઈ લવાજમ નથી. તે નીચેની રીતે મળી શકે છે.**

(૧) રૂા. ૫૦૦૧/- આપી કોઈ પણ એક અંકના સ્પોન્સરર થવાથી 'પરમ તત્ત્વ'ના અંકો અને આશ્રમ પ્રકાશિત પુસ્તકો આજીવન ભેટ મેળવી શકાય છે. તેને માટે 'સર્વમંગલમ્ આશ્રમ'એ નામનો પાટણની બેંકનો ડ્રાફ્ટ મોકલવો.

(૨) રૂા. ૧૦૧/- કે તેથી વધુ રકમ અંકને ભેટ મોકલવાથી આપનારનું નામ એક અંકમાં છપાય છે અને તે અંક તેમને ભેટ મોકલાય છે.

(૩) 'સર્વમંગલમ્ આશ્રમ'-સાગોડિયાની 'સમ્યગ્ જ્ઞાન પ્રસારણ યોજના'માં રૂા. ૧૦૦૧/- આપી સભ્ય થવાથી ભારતમાં અને રૂા. ૫૦૦૧/- આપી સભ્ય થવાથી પરદેશમાં આ અંકો અને આશ્રમ પ્રકાશિત પુસ્તકો ભેટ મેળવી શકાય છે. તેને માટે 'સર્વમંગલમ્ આશ્રમ'એ નામનો પાટણની બેંકનો ડ્રાફ્ટ મોલકવો.

(૪) 'સર્વમંગલમ્ પરિવાર આશ્રમ'-પાટણમાં રૂા. ૧૦૦૧/- આપી આજીવન સભ્ય થઈને ભારતમાં અને રૂા. ૫૦૦૧/- આપી સભ્ય થવાથી પરદેશમાં આ અંકો તથા આશ્રમ પ્રકાશિત પુસ્તકો ભેટ મેળવી શકાય છે. તેને માટે 'સર્વમંગલમ્ પરિવાર આશ્રમ'એ નામનો પાટણની બેંકનો ડ્રાફ્ટ મોકલવો.

ખાસ : આ તમામ યોજનાઓના લાભ લેવાના પરિણામે આશ્રમના આજીવન સભ્યોને આશ્રમ પ્રકાશિત પુસ્તકો અને અંકો વિના મૂલ્યે ભેટ અપાય છે. ઉપરાંત આશ્રમમાં આવતા પ્રત્યેક મુમુક્ષુઓને આશ્રમ પ્રકાશિત પુસ્તકો માત્ર અરધી કિંમતે વેચાતાં અપાય છે.

● સંપર્ક ●

મધુસૂદન કૃ. સોની "ગોકુલ" સોનીવાડો, પાટણ-૩૮૪૨૬૫. ● ફોન : ૦૨૭૬૬-૨૨૦૫૫૮

**: આશ્રમની પ્રવૃત્તિઓ :**

# સર્વમંગલમ્ આશ્રમ

ઈ. ટેક્સ માફી સર્ટી. નં. EXEMO-HQ-133 (190)
૯૩/૯૪ તા. ૫-૧૦-૯૪ સોસાયટી એક્ટ રજિ. નં. EGUJ / IMEH
ટ્રસ્ટ રજિ. નં. એફ-૮૭ મહેસાણા

- શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક ધ્યાન કેન્દ્ર : ધ્યાન, સ્વાધ્યાય અને સંશોધન
- શ્રી વીતરાગ ઉપાસના કેન્દ્ર : (ધ્યાન મંદિર) ભગવાન પાર્શ્વનાથનું મંદિર
- વીતરાગ વિજ્ઞાન કેન્દ્ર અને શ્રીમદ્ રાજચંદ્ર જીવન દર્શન (મ્યુઝીયમ) ● કેશર ધ્યાનકક્ષ
- ઓડિટોરીયમ (થીએટર) સાધકોના આધ્યાત્મિક વિકાસ માટે ● આત્મ આરાધના કેન્દ્ર
- સમ્યગ્ જ્ઞાન પ્રસારણ યોજના : આધ્યાત્મિક પુસ્તક પ્રકાશન
- ભારતીય તત્વજ્ઞાન કેન્દ્ર : આશ્રમ મુખપત્ર 'પરમતત્ત્વ' પ્રકાશન
- સત્શ્રુત અભ્યાસ વર્તુળ : પૂ. ગુરુજીની વાણીનું પુસ્તક દ્વારા પ્રકાશન, ધ્યાન શિબિરોનું આયોજન
- શ્રી ગુરુવાણી : પૂ. ગુરુજીની વાણીનું પ્રસારણ (ઓડિયો તથા વીડીયો)
- બુનિયાદી માધ્યમિક તાલીમ શાળા, કોમ્પ્યુર શિક્ષણ કેન્દ્ર, છાત્રાલય, પુસ્તકાલય, પાઠ્યપુસ્તક ભંડાર, સ્વનિર્ભર પ્રાથમિક શાળા. ● નૂતન કુમુદ ગૌશાળા ● પક્ષીઘર
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ● શ્રી એમ. વસા પરિવાર મોબાઈલ મેડિકલ યુનિટ.
- આત્મ આરાધના કેન્દ્ર : સાધુ,સંતો આદિને રહેવાની તથા આરાધનાની સગવડ
- સાધક કુટીર : સાધકોને રહેવાની સગવડ અને માર્ગદર્શન ● અતિથિગૃહ
- વાનપ્રસ્થ આરાધના કેન્દ્ર : વૃધ્ધો અને સાધકોને આરાધના કરવાની અને રહેવાની સગવડ
- પૂ. પિતાશ્રી ચિમનલાલ છગનલાલ શાહ અને પૂ. માતુશ્રી નિર્મળાબેન ચિમનલાલ શાહ ભોજનાલય
- હરિઓમ્ સહાય યોજના : મધ્યમ અને નિરાધારોને સહાય ● મંદ બુધ્ધિ અપંગ સહાય યોજના
- શિક્ષણ, વિધવા સહાય યોજના : તેજસ્વી વિદ્યાર્થીઓને અને નિરાધાર વિધવાઓને સહાય

● સંપર્ક ●

**સર્વમંગલમ્ આશ્રમ**

**સાગોડિયા, તા. જિ. પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫. ફોન : (૦૨૭૬૬) ૨૭૭૫૯૪**

# સર્વમંગલમ્ પરિવાર આશ્રમ

ટ્રસ્ટ રજિ. નં. ૩૬૮૫, મહેસાણા. તા. ૨૨-૯-૧૯૯૪
ટ્રસ્ટ રજી. નં. ઈ-૧૨૩૦, પાટણ

- દર રવિવારે પ.પૂ. ગુરુજી મુનિશ્રી ભાનુવિજયજી મહારાજ અને ડૉ. મહેન્દ્રભાઈ શાહના આધ્યાત્મિક પ્રવચનો.
- દર બુધવારે આધ્યાત્મિક પુસ્તક ઉપર ડૉ. શ્રી મહેન્દ્રભાઈ શાહનો સ્વાધ્યાય
- અષાઢ સુદ-૧૧થી શરૂ થતી પૂ. ગુરુજીની તથા ડૉ. શ્રી મહેન્દ્રભાઈ શાહની આધ્યાત્મિક ચાતુર્માસ પ્રવચનમાળા
- વિવિધ ઉત્સવોનું આયોજન
- આજીવન સભ્યોને ભેટ પુસ્તકોનું આયોજન
- સંતો અને વિદ્વાનોના પ્રવચનોનું અને રેકોર્ડીંગનું આયોજન
- આધ્યાત્મિક પુસ્તક પ્રકાશન, વિતરણ તથા વેચાણ આયોજન
- સાધકોને રહેવાની સગવડ અને પ.પૂ. ગુરુજીનું માર્ગદર્શન.

● સંપર્ક ●

**સર્વમંગલમ્ પરિવાર આશ્રમ**

**વેરાઈ ચકલા, પાટણ (ઉ.ગુ.) તા. જિ. પાટણ. ૩૮૪૨૬૫. ફોન : (૦૨૭૬૬) ૨૨૦૨૩૭**

## OOOOOOO જ્ઞાનયજ્ઞ OOOOOOO

**મહારાજશ્રીએ સર્વમંગલમ્ પરિવાર આશ્રમ-પાટણમાં આપેલી ચાતુર્માસ**

**દર વર્ષે અષાઢ સુદ- ૧૧ થી ભાદરવા સુદ-૧૫ સુધી ચાલતી ધાર્મિક વ્યાખ્યાનમાળા.**

| | | |
|---|---|---|
| ૧ | ૧૯૬૯ | સ્થિતપ્રજ્ઞ |
| ૨ | ૧૯૭૦ | કઠોપનિષદ |
| ૩ | ૧૯૭૧ | ઇશાવાસ્યોપનિષદ |
| ૪ | ૧૯૭૨ | અષ્ટાવક્ર ગીતા |
| ૫ | ૧૯૭૩ | વેદમંત્રો |
| ૬ | ૧૯૭૪ | યોગવાશિષ્ટ મહારામાયણ |
| ૭ | ૧૯૭૫ | શિવસૂત્ર |
| ૮ | ૧૯૭૬ | તાઓ ઉપનિષદ-તાઓ તેહ કિંગ |
| * | ૧૯૭૭ થી ૧૯૭૯ | પ.પૂ. મુનિશ્રી સાધનામાં |
| ૯ | ૧૯૮૦ | શાંડિલ્ય ભક્તિસૂત્ર |
| * | ૧૯૮૧ | બંધ |
| ૧૦ | ૧૯૮૨ | ભગવદ્ ગીતાનો કર્મયોગ |
| ૧૧ | ૧૯૮૩ | ભાગવત - ૧૧ મો સ્કંધ |
| ૧૨ | ૧૯૮૪ | ભક્તામર -સ્તોત્ર |
| ૧૩ | ૧૯૮૫ | ઉત્તરાધ્યયન સૂત્ર |
| ૧૪ | ૧૯૮૬ | મહાભારત- શાંતિપર્વ |
| ૧૫ | ૧૯૮૭ | ઉપદેશમાળા |
| ૧૬ | ૧૯૮૮ | ષોડશગ્રંથો |
| ૧૭ | ૧૯૮૯ | કબીરવાણી |
| ૧૮ | ૧૯૯૦ | ગોરખવાણી |
| ૧૯ | ૧૯૯૧ | ભક્તમાળ |
| ૨૦ | ૧૯૯૨ | કીર્તન ઘોષા |
| ૨૧ | ૧૯૯૩ | ભર્તૃહરિ શતક |
| ૨૨ | ૧૯૯૪ | સુંદરવાણી |
| ૨૩ | ૧૯૯૫ | સંતશ્રી જ્ઞાનેશ્વરજીના અભંગો |
| ૨૪ | ૧૯૯૬ | રામાયણમાં ભારતીય સંસ્કૃતિનું દર્શન |
| ૨૫ | ૧૯૯૭ | પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચનામૃતો |
| ૨૬ | ૧૯૯૮ | પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચનામૃતો |
| * | ૧૯૯૯ અને ૨૦૦૦ | મહારાજશ્રીની નાદુરસ્ત તબિયતના કારણે બંધ |
| ૨૭ | ૨૦૦૧ | પુરુષોત્તમ યોગ- ભ. ગીતાનો ૧૫ મો અધ્યાય |
| * | ૨૦૦૨ | મહારાજશ્રીની નાદુરસ્ત તબિયતના કારણે બંધ |
| ૨૮ | ૨૦૦૩ | સંત રહીમની વાણી |
| ૨૯ | ૨૦૦૪ | સંત ચિદાનંદજી ને સંત દાદૂની વાણી |
| ૩૦ | ૨૦૦૫ | ગંગાસતીનું અધ્યાત્મદર્શન |
| ૩૧ | ૨૦૦૬ | ભાગવતનો સંદેશ |
| ૩૨ | ૨૦૦૭ | માખન થા સો વીરલા પાયા |
| ૩૩ | ૨૦૦૮ | જાગીને જોઉં તો જગત દીસે નહીં, ઊંઘમાં અટપટા ભોગ ભાસે |

## મહારાજશ્રીએ સર્વમંગલમ્ પરિવાર આશ્રમ-પાટણમાં આપેલા પ્રવચનો

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રીમદ્ ભગવદ્ગીતા | ✻ | **જગદ્ગુરુ શંકરાચાર્યજી કૃત** |
| ૨ | પાતંજલ યોગસૂત્રો | | અષ્ટાદશ રત્નો |
| ૩ | નારદભક્તિ સૂત્ર | ૧૮ | ઉમાસ્વાતિઃ પ્રશમરતિ પ્રકરણ |
| ૪ | જ્ઞાનેશ્વરી ગીતા | ૧૯ | શ્રમણસૂત્ર (જૈનદર્શન) |
| ૫ | ષોડશગ્રંથો | ૨૦ | ધમ્મપદ (બૌદ્ધ દર્શન) |
| ૬ | ભર્તૃહરિના નીતિ અને વૈરાગ્યશતક | ૨૧ | અખેગીતા |
| ૭ | યોગશાસ્ત્ર-હેમચંદ્રાચાર્યજી કૃત | ૨૨ | ઉપનિષદો |
| ✻ | **શ્રી હરિભદ્રસૂરિજી કૃત** | ૨૩ | સંત ભજનો |
| ૮ | ષોડશક્ પ્રકરણ | ૨૪ | આનંદઘનજીનાં પદો |
| ૯ | યોગબિંદુ | ૨૫ | યોગવાશિષ્ટ મહારામાયણ |
| ૧૦ | યોગદષ્ટિ સમુચ્ચય | ૨૬ | વિષ્ણુ સહસ્રનામ |
| ૧૧ | ધર્મબિંદુ | ૨૭ | જ્ઞાનાર્ણવ (જૈન દર્શન) |
| ✻ | **શ્રી ઉપા.યશોવિજયજી કૃત** | ૨૮ | અષ્ટ પ્રાભૃત (જૈન દર્શન) |
| ૧૨ | જ્ઞાનસાર | ૨૯ | પ્રાર્થના અને ધ્યાન (શ્રીમાતાજી) |
| ૧૩ | અધ્યાત્મસાર | ૩૦ | અંતરગોષ્ટિ |
| ✻ | **કવિ બનારસીદાસ કૃત** | ૩૧ | ભગવાન મહાવીરના ૨૭ જન્મો |
| ૧૪ | સમયસાર | ✻ | **દત્ત મંદિર-પાટણમાં પ્રવચનો** |
| ✻ | **પંડિત રામ શર્માકૃત** | ૩૨ | ગુરુ લીલામૃત-રંગ અવધૂત કૃત |
| ૧૫ | ગાયત્રી મહાવિજ્ઞાન | ✻ | **ભટ્ટારક જ્ઞાનભૂષણ આચાર્ય કૃત** |
| ✻ | **યોગેન્દ્ર દવે કૃત** | ૩૩ | તત્ત્વજ્ઞાન તરંગિણી. |
| ૧૬ | પરમાત્મ પ્રકાશ | ૩૪ | ચાણક્ય નીતિ |
| ✻ | **શ્રીમદ્ રાજચંદ્રજી કૃત** | ૩૫ | ગંગાસતીનું અધ્યાત્મદર્શન |
| ૧૭ | આત્મસિદ્ધિ શાસ્ત્ર | ૩૬ | સંતવાણી-યશોવિજયજીમ.નાં પદો - |
| | | ૩૭ | આનંદઘનજી મ.નાં પદો |

## મહારાજશ્રીએ સર્વમંગલમ્ આશ્રમ-સાગોડિયામાં આપેલા પ્રવચનો

| | | | |
|---|---|---|---|
| ૧ | સમતાશતક - યશોવિજયજી મહારાજ | ૯ | ગંગાસતીનાં ભજનો |
| ૨ | સમયસારનાટક - બનારસીદાસ | ૧૦ | અધ્યાત્મસાર |
| ૩ | તત્ત્વવિચારમાળા - અનાથ | ૧૧ | શ્રમણસૂત્ર |
| ૪ | પ્રશમરતિ પ્રકરણ - ઉમાસ્વાતિ મ. | ૧૨ | ધર્મ સંગ્રહ ભાગ-૧ |
| ૫ | આત્મસિદ્ધિ શાસ્ત્ર - શ્રીમદ્ રાજચંદ્ર | ૧૩ | સમયસાર-શ્રી કુંદકુંદાચાર્યજી કૃત |
| ૬ | યોગદષ્ટિ સમુચ્ચય - આ. હરિભદ્રસૂરી | ૧૪ | યોગ શાસ્ત્ર |
| ૭ | મણિરત્ન પ્રશ્નોત્તરમાળા | ૧૫ | યોગસાર |
| ૮ | શ્રીમદ્ રાજચંદ્રજીના વચનામૃતો | ૧૬ | યોગશતક |
| | | ૧૭ | પ્રવચન સાર -શ્રી કુંદકુંદાચાર્યજી કૃત |

## મહારાજશ્રીએ મહેસાણા જ્ઞાન શિબિરમાં આપેલી પ્રવચનમાળાઓ

| | | | |
|---|---|---|---|
| ૧ | ગીતાનો ભક્તિયોગ | ૧૩ | જીવન જીવતાં આવડે તો જિંદગી મહેફીલ છે |
| ૨ | ઈશાવાસ્ય ઉપનિષદ (બે વર્ષ) | ૧૪ | હસતાં હસતાં હરિ મળે |
| ૩ | નારદ ભક્તિસૂત્ર | ૧૫ | આંખમાંથી અમૃત વરસે ત્યારે પૃથ્વી ઉપર સ્વર્ગ વરસે |
| ૪ | યક્ષ યુધિષ્ઠિર સંવાદ | | |
| ૫ | ભક્તિવર્ધિની અને ચતુઃશ્લોકી (શ્રીમદ્ વલ્લભાચાર્યજી કૃત) | ૧૬ | સુખનું સાચું સરનામું |
| | | ૧૭ | હરિના હોય તેને હરિ મળે |
| ૬ | મીરાંની વાણી | ૧૮ | આરસ તો મળ્યો-મૂર્તિ કેવી ઘડશું? |
| ૭ | ભર્તૃહરિ શતક | ૧૯ | ચાલો સર્જન કરીએ સુખ શાંતિનું |
| ૮ | કબીરની વાણી | ૨૦ | ગંગાસતીનું અધ્યાત્મદર્શન. |
| ૯ | વેનીશીયનનાં ત્રીસ ધર્મસૂત્રો | ૨૧ | ધરતીનો શણગાર |
| ૧૦ | ભક્તમાળ | ૨૨ | સો હિ સાહિબકુ પ્યારા |
| ૧૧ | ભગવાન મહાવીર અને ગૌતમસ્વામીનો સંવાદ | ૨૩ | સંત રૈદાસની વાણી (૨૦૦૯) |
| ૧૨ | ઉપદેશ સાર - રમણમહર્ષિકૃત | ૨૪ | હું માનવ બનું (૨૦૧૦) |

## મહારાજશ્રીએ પાલનપુર જ્ઞાન શિબિરમાં આપેલી પ્રવચનમાળાઓ

| | | | |
|---|---|---|---|
| ૧ | પાતંજલ યોગદર્શન | ૬ | મહાભારતનો મર્મ |
| ૨ | ઈશાવાસ્ય ઉપનિષદ | ૭ | યક્ષ-યુધિષ્ઠિર સંવાદ |
| ૩ | ધર્મતત્ત્વ દર્શન (વૈદિક, જૈન, બૌદ્ધ) | ૮ | પ્રશ્નોત્તરમાળા |
| ૪ | વિવેક ચૂડામણિ - શંકરાચાર્યજી કૃત | ૯ | દૈવી પ્રકૃતિ અને આસુરી પ્રકૃતિ |
| ૫ | નારદભક્તિ સૂત્ર | | |

## મહારાજશ્રીએ ડીસા જ્ઞાન શિબિરમાં આપેલી પ્રવચનમાળાઓ

| | | | |
|---|---|---|---|
| ૧ | ભગવદ્ગીતાનો જ્ઞાનયોગ, ભક્તિયોગ-કર્મયોગ - ૧૯૮૯ | ૧૦ | ગૌતમ કુલક સંવાદ - ૧૯૯૮ |
| | | ૧૧ | જીવન જીવતાં આવડે તો જિંદગી મહેફિલ છે |
| ૨ | અધ્યાત્મ અને ધર્મ - ૧૯૯૦ | ૧૨ | ઉઘડે છે દ્વાર અંતરના - ૧૯૯૯ |
| ૩ | અધ્યાત્મ દર્શન- ૧૯૯૧ | ૧૩ | હસિબા ઘરિબા ખેલિબા ધ્યાનમ્-૨૦૦૩ |
| ૪ | અધ્યાત્મ દર્શન-૧૯૯૨ | ૧૪ | પાંચ કલ્પવૃક્ષો - ૨૦૦૪ |
| ૫ | અધ્યાત્મ દર્શન-૧૯૯૩ | ૧૫ | જીવન જીવવાના છ સિદ્ધાંતો-૨૦૦૫ |
| ૬ | શ્રીમદ્ રાજચંદ્રજી વાણી - ૧૯૯૪ | ૧૬ | યશોવાણી-યશોવિજયજી મ.ના પદો- ૨૦૦૬ |
| ૭ | યક્ષ-યુધિષ્ઠિર સંવાદ - ૧૯૯૫ | ૧૭ | આઠે પહોર આનંદમાં રહીએ ૨૦૦૭ |
| ૮ | મનની શાંતિના ઉપાયો - ૧૯૯૬ | ૧૮ | ભજ ગોવિન્દ મૂઢ મતે ૨૦૦૮ |
| ૯ | ઈશાવાસ્ય ઉપનિષદ - ૧૯૯૭ | | |

## મહારાજશ્રીએ અમદાવાદ જ્ઞાન શિબિરમાં આપેલી પ્રવચનમાળાઓ

(૧) જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતો, (૨) અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ૧ થી ૬ ગાથા, (૩) અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ૭ થી ૧૩ ગાથા, (૪) અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ૧૪ થી ૨૧ ગાથા, (૫) બીના નયન પામે નહિ (પાલડીમાં આપેલા પ્રવચનો), (૬) આત્મસિદ્ધિ (૭) મૂળ મારગ સાંભળો જિનનો રે

## મહારાજશ્રીએ અન્ય શહેરોમાં આપેલાં પ્રવચનો

| | | | |
|---|---|---|---|
| ૧ | **મુંબઈ :** (૧) ઈશ્વર પરાયણતા (૨) જીવનમાં ધર્મની જરૂર (૩) અપૂર્વ અવસર (૪) મૂળ મારગ (૫) ભક્તિના ૨૦ દોહરા (૬) અંતિમ સંદેશ (૭) આત્મ સિદ્ધિ (૮) ઇડરની સિદ્ધ શીલા દ્રવ્ય સંગ્રહ | ૯ | **મોરબી :** (૧)ભક્તિ માર્ગની સર્વોપરિતા (૨) અપૂર્વ અવસર (૩) અભ્યંતર પરિણામ અવલોકન (૪) વૈરાગ્ય અને ઉપશમ (૫) શ્રીમદ્જીનો અંતિમ સંદેશ ઉપદેશ (૬) શ્રીમદ્જીનાં વચનામૃતો (૭) સમ્યગ્દર્શન અને શ્રાવકનાં કર્તવ્યો |
| ૨ | **ઈન્દોર :** (૧) જીવન કા સ્વરૂપ (૨) ધ્યાન સાધના | ૧૦ | **વવાણીયા :** પ્રાથમિક સાધના |
| ૩ | **ભોપાલ:** (૧) ધર્મકા સ્વરૂપ | ૧૧ | **કોબા :** (૧)જૈન દર્શન (૨) સમાધિ કે સપ્તદ્વાર (૩) ગૌતમકુલક સંવાદ (૪) સાચાસુખની પ્રાપ્તિનો માર્ગ (૫) સમ્યક્ દૃષ્ટિની અવસ્થા |
| ૪ | **ઉજ્જૈન:** (૧) અચિંત્યકા ચિંતન | ૧૨ | **રાજકોટ :** (૧) મૂળમાર્ગ (૨) સમ્યગ્ દર્શન, (૩) વૈરાગ્ય ઉપશમ (૪) સમાધિમરણ (૫) ધ્યાન કોને કહેવાય (૬) શ્રીમદ્જીનો જગત ઉપર ઉપકાર (૭) શ્રીમદ્જીનાં વચનામૃતો (૮) ભક્તિમાર્ગનાં સૂત્રો |
| ૫ | **શિવપુર :** (૧) યોગ કે દ્વાર | ૧૩ | **ધરમપુર :** (૧) શ્રીમદ્જીનાં વચનામૃતો (૨) જ્ઞાનસાર (૩) શ્રીમદ્ રાજચંદ્રનાં વચનામૃતો તથા આનંદઘનજી મહારાજનું શાંતિનાથનું સ્તવન (૪) હૃદય પ્રદીપ (૫) ગંગાસતીનાં ભજનો |
| ૬ | **શાજાપુર :** (૧) ધ્યાન સાધના (૨) મન કી શાંતિ (૩) પાંચ યોગ | ૧૪ | **બેંગ્લોર :** શ્રીમદ્જીનો અંતિમ સંદેશ. |
| ૭ | **ખેરવા :** (૧) મણિરત્નમાળા-પ્રશ્નોત્તરમાળા (૨) ભજગોવિંદમ્ | | |
| ૮ | **જોટાણા :** (૧) નારદ ભક્તિસૂત્ર (૨) શિવસૂત્ર (૩) રામાયણ (૪) ભગવદ્‌નામકીર્તન (૫) પરમાત્મ-પ્રાપ્તિના ઉપાયો (રામાયણ અંતર્ગત) (૬)ભજગોવિન્દમ્- આદ્યશંકરા-ચાર્યકૃત | | |

## આશ્રમ દ્વારા પ્રકાશિત થયેલાં પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| ૧ | પાતંજલ યોગસૂત્રો | ૨૧ | શ્રી કૃષ્ણ : શરણં મમ |
| ૨ | સ્થિતપ્રજ્ઞ - ત્રણ આવૃત્તિઓ | ૨૨ | જીવન એક સંગ્રામ |
| ૩ | પ્રાર્થના પુસ્તક - પાંચ આવૃત્તિઓ | ૨૩ | રામાયણમાં ભારતીય સંસ્કૃતિનું દર્શન |
| ૪ | નારદભક્તિસૂત્ર - નાનું | ૨૪ | ઉત્તરાધ્યયન સૂત્ર ભા. ૧ |
| ૫ | મૌનનો મહિમા | ૨૫ | ધ્યાન |
| ૬ | ભગવદ્ગીતાનો ભક્તિયોગ ✻ | ૨૬ | નારદભક્તિ સૂત્ર મોટું-બીજી આવૃત્તિ |
| ૭ | તત્ત્વ ચિંતન | ૨૭ | ચૈતન્ય યાત્રા ભા.૧ (પૂ. ગુરુજીએ લખેલ પત્રો) |
| ૮ | ઈશાવાસ્ય ઉપનિષદ ✻ | ૨૮ | ચૈતન્ય યાત્રા ભા.૨ (પૂ. ગુરુજીએ લખેલ પત્રો) |
| ૯ | નારદભક્તિ સૂત્ર - મોટું ✻ | ૨૯ | આતમનું ઝરણું. |
| ૧૦ | ભગવાન શ્રી કૃષ્ણ | ૩૦ | તત્ત્વજ્ઞાન તરંગિણી |
| ૧૧ | ધર્મબિંદુ - બે આવૃત્તિઓ | ૩૧ | ભાગવતનો સંદેશ |
| ૧૨ | જીવન અને જિંદગી | ૩૨ | ચૈતન્ય યાત્રા ભાગ-૩ |
| ૧૩ | શ્રી ગુરુ ચરણે | ૩૩ | માખણ થા સો વિરલા પાયા |
| ૧૪ | સાધનાનાં સૂત્રો | ૩૪ | ધ્યાન પથ |
| ૧૫ | મહારાજશ્રીની સાથે ૨૧ વર્ષ | ૩૫ | આત્મસિદ્ધિ શાસ્ત્ર ભાગ-૧-૨-૩ |
| ૧૬ | મીરાંની વાણી | ૩૬ | ભગવદ્ગીતાનો કર્મયોગ ભાગ-૧ |
| ૧૭ | સાચો માનવ | ૩૭ | ભગવદ્ગીતાનો કર્મયોગ ભાગ-૨ |
| ૧૮ | પ્રેમ લક્ષણા ભક્તિ | ૩૮ | શિવસૂત્ર |
| ૧૯ | ધન્યો ગૃહસ્થાશ્રમ : બે આવૃત્તિઓ | ૩૯ | શ્રીકૃષ્ણઃ શરણં મમ - બીજી આવૃત્તિ |
| ૨૦ | ઈશાવાસ્ય ઉપનિષદ (બીજી આવૃત્તિ) | | |

નોંધ : ✻ આ નિશાનવાળાં પુસ્તકો મહેસાણા રોટરી કલબના સૌજન્યથી પ્રકાશિત થયેલાં છે.

* મત અને સત પાસે છે, મતને ખસેડો તો સતના દર્શન થાય.
* સમ્યગ્દર્શનનો સ્પર્શ વ્યક્તિની ચેતનામાં આમૂલાગ્ર પરિવર્તન લાવે છે.
* સમ્યગ્દર્શન પોતે સુંદર છે એટલે તે જ્ઞાનને, ચારિત્રને, તપને, ધ્યાનને, સદ્‌ગુણને અને ભક્તિને સુંદર બનાવે છે.
* સમ્યક્ત્વ દર્શન તો શ્રદ્ધાગુણની પર્યાય છે પણ તેની તાકાત એવી છે કે તે આખા દ્રવ્યના સાગરને પી જાય છે.
* સમ્યગ્દર્શન અમૃતનો કુંભ છે તે મળતા પરમ નિરાકુળતા આવી જાય છે.
* સુખ તો નિરાકુળતામાં છે, જ્યાં આકુળતા છે ત્યાં અશાંતિ, ટેન્શન, ડીપ્રેશન, અનિદ્રા છે.
* પૃથ્વી જેમ જગ નો આધાર છે તેમ સમકિત શમદમરૂપ આત્મધર્મનો આધાર છે.
* સુખના સાધનોમાં આસકત બનવા ન દે અને દુઃખના સંજોગોમાં દુઃખી બનવા ન દે એવી તાકાત સમ્યગ્દર્શનમાં છે.
* પોતાની સ્વતંત્રતાનો સમ્યગ્ ઉપયોગ કરવાની કળાને કહેવાય છે વિવેક.
* જેમ ખાટલાના ચાર પાયા છે તેમ અહંભાવ, કર્તાભાવ, ભોકતાભાવ અને મમત્વભાવ એ સંસારના ચાર પાયા છે. પ્રથમ ત્રણે ભાવોને મજબૂત કરનાર માત્ર મમત્વભાવ છે.
* વિભાવ જે મારામાં થાય છે તે મારી પોતાની અજાગૃતિ અને પુરુષાર્થની મંદતાના કારણે થાય છે. આવો સ્વીકાર કરીને રાગ-દ્વેષનો રસ તૂટી જવો એને કહે છે ગ્રંથિભેદ.

Vinod Printerty(Mahagujarat)
Mo. 9898576011